સ્યાવશ નામું.

ગુજરાતી કવિતામાં.

(સંવત ૧૭૩૬ માં)

બનાવનાર,

મરહુમ મોબેદ રૂસ્તમ પેશુતન હમજીઆર સુરતી.

પ્રગટ કરનાર,

(ટીકા અને કોષ સાથે)

એરવદ તેહમુરસ દીનશાહ અંકલેશવરીઆ

તે

મર્હુમ સર જમશેદજી જીજીભાઈ જરથોશ્તી મદરેસાનો વિદ્યાર્થી.

"પુણ્યાત્મા પુરૂષનો ઇતિહાસ વાંચવો એ એક પ્રવીણ ગુરૂનીપાશે ઊત્તમ વિષયનો અભ્યાસ કર્યા બરાબરછે;—કેમકે તે સજ્જનના પુણ્ય કામો તથા તેના સદાચરણની આપણ નકલ કરવા શિખ્યે છયે."

મુંબાઈ,

ધી રીપોર્ટર્સ પ્રેસ મધે

મેરવાંનજી નવરોજી ડાબુએ છાપ્યુંછે.

કોટ:—નં૦ ૨૬, પારસી બઝાર ઈસતરીટ.

૧૨૪૨ યઝદજરદી,

૧૮૭૩ ઈસવી.

કિંમત રૂપીઆ ૨॥.

જેઓએ જરથોશ્તી ધર્મના ઉપાધ્યાઓની કેલવણી અને દરજજો
વધારવામાં, પોતાનાં બીજાં ઘણાં સખાવતનાં કામો સાથે
મર્હુમ સર જમશેદજી જીજીભાઈ જરથોશ્તી મદરે-
સાની ઉપર ખાસ ઉલટથી પુષ્કળ જેહમત
તથા જર ખરચ્યું,

તે આલીજાહ અનોશેહરવાન,

શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈ

કે જેઓનાં દુઃખદાયક મરણથી સર્વે જરથોશ્તીઓને,
તેમાં અગત્ય કરીને અથ્રોરનાન ટોલાને, અતિશે
તોટો ગયોછે તેઓની
માન ભરેલી

યાદગારીને

આ પુસ્તક

ઉપલી મદરેસામાં કેલવણી લેનાર એના પ્રગટ કર્તાએ
મોટાં માન સાથે

અર્પણ કર્યુંછે.

મુંબઈ, તારીખ ૧ લી માર્ચ સને ૧૮૭૩

બનામે યજદ. બક્ષાયનદહે બક્ષાયશગરે મેહરબાન.

પ્રસ્તાવના.

કવોઇશિ્ સ્યાવર્ષાનહે અષઓનો ફ્રવષીમ્ યજમઇદે.

"ક્યાની અશો સ્યાવશનાં ફ્રોહરને હમો વખાનીએચ."

ફ્રવષી, કરદો ૨૯ મો, ફકરો ૧૩૨ મો.)

સ્વર્ગવાસી મોબેદ રૂસ્તમ પેશુતને રચેલું, આ મજકૂર, આસરે ૪૦૦૦ વર્ષો પૂર્વે થઈ ગયલા, પરહેજગાર શાહજાદાનું નામુ, આજ પાંચ છ વર્ષની આગમજ મારા વાચવામાં આવ્યું હતું. એ વાચી જોતાં મને એવું લાગ્યું કે એ પુસ્તક એક જુનાં લખાન તરીકે તથા એના રચનારનું, હાલ સુધી નહી જણાયલું, નામ સજીવન કરવાને અર્થે પ્રગટ કરવાને યોગ્ય છે. એ વિચાર ઉપરથી એ નામાની અસલ નકલની સોધ કરવા છતાં નહી મલવાથી તેની જુદી જુદી ૪ નકલો મેલવી તેમની એક બીજા સાથે સરખામની કરી. એ પછી એ પુસ્તક પ્રગટ કરવાને પાત્ર છે કે નહી તે જાણવાને અર્થે એ મધેથી નમુના તરીકે થોડીએક કવિતા, તેના ખુલાસાના પત્ર સાથે, અમદાવાદવાલા કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ ઉપર તથા શેઠ શોહરાબજી શાપુરજી બંગાલીની મારફ્તે, રાવસાહેબ મહીપતરામ રૂપરામની ઉપર, મોકલી. મજકૂર બંધે સાહેબોએ એ કવિતા પસંદ કરી છપાવવાને યોગ્યની જણાવી તથા એ કવિનાં વખાન કર્યાં અને તે સાથે મજકૂર વિદ્યા ઉત્તેજક સખી શેઠે એ પુસ્તક છપાવવાને આશરો આપવાને ખુશી જણાવી તેથી એ પુસ્તક પ્રસીદ્ધ કરવાને બની આવ્યું છે.

ઉપર કહેલી જુદી જુદી ચેહારે નકલોના સને, તેઓના લખનારાઓનાં નામો અને જે ગ્રહસ્થો પાશેથી તે મલી આવીચ તેમનાં નામો એ કેતાબની સેવટે સફે ૨૨૫ મેથી, વાચનારને માલૂમ પડસે.

એ મજકૂર નકલો મધેની પેહલી જે મારા મિત્ર દસ્તૂર રૂસ્તમજી બેહશ્તનશીન દસ્તૂર જમશેદજી સુરતવાલાનાં કેતાબખાના મધેથી મલી છે તે બીજી ત્રણ નકલો કરતાં ઘણી જુની, કેટલેએક દરજજે શુદ્ધ અને ઘણી ખરી બાલબોધ અક્ષરે લખેલીછે. તે સંવત ૧૭૮૧ અને યજદજર્દી સને ૧૦૯૪ માં, એટલે આજથી ૧૪૮ વર્ષેઉપર ઇસ્વી સને ૧૭૨૫ માં, અસલ પુસ્તક પછી ૪૫ વર્ષે, લખાએલી છે. જો કે એની વર્ણયોજના ઘણીગમ અશુદ્ધ છે તે સાથે નકલ કરનારની બીજીબી ઘણી ભુલો છે તોપણ બીજીઓ સાથે સરખાવતાં એ નકલ ચહડતી હોવાથી એનેજ **મુખ્ય** ગણી, બીજી નકલોમાં જેબી વધારે હતું તે એમાં દાખલ કરી, એનેજ આધારે એ પુસ્તક છપાવ્યું છે. એ પુસ્તકમાં સંસ્કૃત ફારસી ઈત્યાદિ ભાષાના શબ્દો ઘણા વાપરેલા છે તે એ પેહલી નકલ કરનારે જેમના તેમ રાખ્યા છે; પણ પાછલી નકલ કરનારાઓએ ઘણા સંસ્કૃત શબ્દોને બદલે ગુજરાતી શબ્દો લખ્યા છે. જેમકે–**હસ્ત**, અને **કર**ને બદલે **હાથ**, **હસ્તી**ને બદલે **હાથી** ઇત્યાદિ; પણ આ પુસ્તકમાં પેહલી જુની નકલ પ્રમાણે જુના શબ્દોજ રાખવામાં આવ્યાછે.

પાછલી ત્રણ નકલ કરનારાઓએ, ચોકસ શબ્દોના અર્થો જાણવાને તેમજ કેટલેએક ઠેકાણે અસલ કાફીઆની મતલબ સહમજવાને અશક્ત અને નાવાકેફ હોવાથી, અથવા તે નહી સહમજવાથી સુધારવા જવાથી, ઘણી ભુલો કીધી છે, જેના થોરાજ દાખલા અત્રે આપવાથી વાચનારને ખુલાસો થસે. જેમકે; 'થરે' એ અવસ્તાનો શબ્દ છે અને એનો અર્થ 'ત્રણ' કરી છે. પણ પાછલી નકલ કરનારાઓએ ભુલથી સુધારીને કેથે 'થોરૂ', કેથે 'થોરા' કર્યો છે. તેમજ અરબી શબ્દ 'શબીહ'(=ચેહરો) ને સંસ્કૃત 'સર્વ' ઉપરથી ઉત્પન્ન થએલો હિન્દુસ્તાની 'સબી' (સઘલું) સહમજી 'સવ' લખ્યોછે; અને 'ખુબસીરત'(=સારો સ્વભાવ, સારા સ્વભાવનો), એને બદલે 'ખુબસુરત' લખ્યો છે ઇત્યાદિ. પણ મજકૂર ગલતીઓથી પેહલી નકલ ખાલી છે.

એ પેહલી નકલમાં જે શબ્દોની વર્ણયોજના ખોટી છે તે, હ્રસ્વ અને દીર્ઘ સ્વરોના નિયમ આખી નકલમાં ભુલ ભરેલા છે તે, તથા ચોકસ અક્ષરો જુની રીતી પ્રમાણે લખેલા છે તે, સઘલું સુધારી આ પુસ્તક છપા-

વવાનો મેં ઠરાવ કર્યો હતો. પણ કેટલાએક ગ્રહસ્થો તથા મારા મિત્રો તરફથી એવી ભલામણ કરવામાં આવી કે એ પુસ્તક જુની નકલ પ્રમાણેજ જેમ હોય તેમજ છપાવવું—તેથી મે પોતા તરફનો કંઈબી સુધારો કર્યો નથી., પણ કેટલીએક ઉપર ઈશારો કરવા મૂજેબની જુની રીતી જે ઘણાંખરાં જુનાં પુસ્તકોમાં જોવામાં આવેછે અને હાલના વાચનારાઓને ગુચવાડામાં નાખે એવી છે તેજ માત્ર મેં સુધારી છે. માટે તેનો ખુલાસો કરવાની અગત્યછે. ઘણાં ખરાં જુનાં હાથનાં લખેલાં પુસ્તકોમાં ે માત્રાને બદલે હ્રસ્વ અજજુ, ો કાનો માત્રાને બદલે હ્રસ્વ વરડું, ઘણી જગોએ 'ખ' ને બદલે 'ષ'* અને 'ઉ' ને બદલે 'ઝુ' અથવા 'ઝું' લખવામાં આવેલા છે તેમજ આ જુનાં પુસ્તકમાંબી છે તેમને મે હાલની ચાલુ રીત પ્રમાણે સુધાર્યા છે. જેમકે—'મે' ને બદલે મિ, 'તે'નુ તિ, 'ભણે' નું ભણિ અને 'હરખે'નુ હરખિ ઈત્યાદિ. 'પોહોચવું' ને બદલે પુહુચવું, 'જોવુ' નું જુવું ઈત્યાદિ. 'ખરદ' નું ષરદ, 'ખર' નું ષર, 'રાખવું' નું રાષવું ઇત્યાદિ; અને 'ઉપનેઉ' નું ઉપનેઝું, 'આએઉ' નું આએઝું ઈત્યાદિ. તેમજ એ જુની નકલમાનું ઘણું ખરૂં લખાન બાળબોધ અક્ષરે લખેલુંછે ત્યાંબી સઘલા વાચનારાઓને સવલ પડવા મેં ગુજરાતી હરફોજ વાપડયાછે. સંસ્કૃત ઉપરથી આવેલા જે ગુજરાતી શબ્દોમાં **ષ** અને **ખ** એ બંધે અક્ષરો રહી શકેછે તેવા શબ્દો જેમ મૂળ પુસ્તકમાં મલ્યાચ તેમજ રાખ્યા છે. જેમકે; **ભાષા, વરષ, મેષ, હરષ** ઈત્યાદિ શબ્દો કેટલેક ઠેકાણે ઉપર પ્રમાણે તથા કેટલેક ઠેકાણે **ભાખા, વરખ, મેખ** અને **હરખ** એ પ્રમાણે મલ્યા છે તેઓને જેમના તેમજ રાખ્યા છે.

---

* આગલાં જુનાં લખાનોમાં 'ષ' એ રૂપ 'ખ' અક્ષરને બદલે ચોકસ ઠેકાણે લખવાનો ચાલ હતો. પારસીઓને હાથની લખેલી પારસી ધરમને લગતી જુ.ી રવાયતોનાં પુસતકોમાં, એટલુજ નહી પણ મીનોખેરદના સંસકરૂત તરજુમામાંબી 'ખ' ને બદલે 'ષ' લખેલો મલેછે. અને તેને કેટલાએકો મુરધની 'ષ' વાંચેછે, તે ભુલ છે. કારણ કે તેમ વાંચવુ સંસકરૂત ભાષા ઊપરથી ગુજરાતી માં દાખલ થયલા શબદોમાં ચાલી શકે પણ ફારસીમાંથી ગુજરાતીમા આવેલા શબદોમાં તેમ વંચાય નહી. 'ભાષા', 'મેષ', 'વરષ', 'હરષ', ઈતીયાદી શબદો ગુજરાતીમાં 'ભાખા', 'મેખ', 'વરખ', અને 'હરખ' એ પ્રમાણે વપરાઈ શકેચ પણ ફારસી 'ખેરદ', 'ખર', 'ખાર', ઈતીયાદી શબદો ગુજરાતીમાં આવતાં ષરદ 'ષર', અને 'ષાર' નહી થાએ એટલે કે એ ફારસી શબદોમાં મુરધની ઊષમાન નહી વાંચી શકાય.

એ નામું લખનાર કવી મર્હૂમ મોબેદ રૂસ્તમ પેશુતન બસો વર્ષ પૂર્વે થઇ ગયો છે–એવું તેણે કવિતામાં રચેલાં પુસ્તકો ઉપરથી જણાયછે. એ કવિએ લખેલાં ૪ પુસ્તકો હાલસુધી જાણવામાં આવ્યાંછે. સ્યાવક્ષનામું, જરથોશ્તનામું, વીરાફ્નામું અને અસ્પંધાર નામું. એઓ મધેનું પેહલું આ સ્યાવક્ષનામું સંવંત ૧૭૩૬ માં, એટલે યજદજરદી સને ૧૦૪૯ અને ઇસ્વી સને ૧૬૮૦ માં લખ્યું છે. અને બીજું, જરથોશ્તનામું યજદજરદી સને ૧૦૪૪ માં, આ નામાને મલતી ઘપની કવિતામાં રચ્યું છે. ત્રીજું, વીરાફ્નામું હાલ મારી પાશે મોજૂદ નહી હોવાથી તેનો સને હું આપી શકતો નથી. અને ચોથું, અસ્પંધાર નામું તદન મારા જોવામાં આવ્યું નથી, તોપણ એક કાબેલ મિત્રથી શાંભલવા પ્રમાણે તે એજ કવિએ લખેલું છે.

એ કવિ સુરત નગરીનો રેહવાસી હતો એવું એણે લખેલાં, મારા જોવામાં આવેલાં, પુસ્તકો ઉપરથી તથા એરવદ ખુરશેદજી દસ્તૂર જમશેદજી જામાસ્પ આસાનાએ યજદજરદી સને ૧૨૪૦ માં છપાવેલી **પેહેરેસ્ત**માં એના છોકરા ખુરશેદને સંવત ૧૭૨૮ માં રોજ ૧૦ મે માહા ૭ મે, પોતાના બાપ (મજકૂર કવિ) નીજ નર્યંતે નાવર થવાની નોધ આપેલી છે; તેપરથી જણાય છે. મજકૂર **પેહેરેસ્ત**માં એ કવિને એરવદ **રૂસ્તમ** એરવદ **પેશીતન હમજીઆર સુરતી** કરી લખેલો છે.

એ કવિનો જન્મ કયા સનેમાં અને કયાં થયો હતો તથા એનાં લખેલાં કંઇ બીજાં પુસ્તકો છે કે નહી, તે વિષેની સોધ કરવા છતાં, હમણાં સુધી, કંઇબી ખબર મલી નથી. પણ એણે પોતાનાં પુસ્તકો કયારે અને કયાં લખ્યાં તેનો સને તથા જગો એનાં પુસ્તકો ઉપરથીજ મલી આવેછે તે ઉપર જણાવ્યું છે.

એ કવિ તેના વખત સાથે સરખાવતાં એનાં **મોબેદ** અથવા **એરવદ** નામને જેબ આપે એવું પોતાના ધર્મ સંબંધી સારૂં જ્ઞાન ધરાવતો હતો, એટલુંજ નહી પણ હાલના સુધરેલા વખતમાં જેઓ પોતાના ધર્મથી ના વાકેફ તથા વિદ્યાહીન રહી **અથોરનાન** અથવા **મોબેદ**નું નામ ધારણ કરેછે તેઓને શરમમાં નાખે એવું જ્ઞાન તે પોતાના વખ-

તમાં ધરાવતો હતો—એવું તેનાં પુસ્તકોનાં લખાણો ઉપરથી ખુલ્લું જણાયછે. એ કવિને ફારસી ભાષાનું જ્ઞાન હતું, એ વાત તો એણે સ્વર્ગવાસી ફિરદોસી તુસીનાં શાહનામા ઉપરથી, આ સ્યાવક્ષનામું અને અસ્પંદ્યાર નામું, તથા મર્હૂમ જરથોશ્ત બેહરામે ફારસી ભાષાની બએતોમાં રચેલાં જરથોશ્તનામાં ઉપરથી જરથોશ્તનામું, તથા એજ ધનીના રચેલાં વીરાફ નામાં ઉપરથી વીરાફ નામું, એ પુસ્તકો લખ્યાં છે—એ ઉપરથી સાબેત થાયછે. તે સાથે એ પુસ્તકોમાં કેટલેએક ઠેકાણે અવસ્તાના શબ્દો વાપરેલા છે તે ઉપરથી, તથા ચોકસ જગોએ અવસ્તા મધેના દાખલાઓ આપેલા છે તે ઉપરથી જણાય છે કે તે અવસ્તાનું, તેના વખત પ્રમાણે સારૂં જ્ઞાન ધરાવતો હતો.* બીજા કેટલાએક દાખલાઓ ઉપરથી જણાયછે કે એ ધનીએ પેહલવી, પાજંદ અને ફારસીમાં લખાયલી રવાયતો પુષ્કલ વાંચેલી હતી. તે સાથે એણે લખેલાં પુસ્તકોમાં ઘણા સંસ્કૃત શબ્દો, રૂઢીઓ અને એ ભાષાના કાયદા પ્રમાણેના બહુ સમાસો વાપરેલા છે તે ઉપરથી જણાયછે કે એ કવિ એ પુરાણી ભાષાનીબી માહીતી ધરાવતો હોય. વળી કેટલેએક ઠેકાણે એણે ગ્રહો અને નક્ષત્રોનાં દાખલા આપેલા છે તે જોતાં એને જોશીપણાનુંબી કંઇક જ્ઞાન હોય એવું લાગે છે.

એ કવિએ આ નામુ લખવામા કેવલ શાહનામાનોજ નહિ પણ ધર્મ સંબંધી લખાયલી રવાયતોનો તથા કેટલેએક ઠેકાણે પારસીઓમાં ભેલાયલી હિંદુ રસમોનો અને સ્યાવક્ષની માતાનું વર્ણન કરતાં સંસ્કૃતમાં આવેલી કોઈ દંત કથાનો આધાર ધર્યો છે.

એ કવિએ પોતે રચેલાં **જરથોશત નામા**ની શરૂઆતમાં પોતાના સમકાળીક સુરતમાં વસનારા બે જરથોશ્તી ગ્રહસ્થોની વખાન કરી છે. જેમાં પેહલી વખાન કુવરજી નાનાભાઈ પુજીઆની અને બીજી ગાંધી હીરજી વાછાની છે. એ બંધે સ્વર્ગવાસી સજ્જનોની વખાન તેઓએ પોતાના વખતમાં કીધેલાં નેક કામોની યાદગારી તાજી કરવાને અત્રે દાખલ કીધી છે.

---

* જરથોશત નામાની શરૂઆતમાં એ કવીના પોતાનાજ લખવા પ્રમાણે એને 'અવસતાઓ જંદ' ની વાકેફી હોય એહવું લાગેછે. તાંહાં તે લખેચ કે:—

એ જંદ ફરસ સરસ્તી અમ મુખ દેઇ તમ પોહોચવી આશ ।
એ સર્વ પત કહેઉ સોહામની સુરંત નગરીને વાસ ॥
યજદગરી સને એક હજાર ચેહેલ ને ચેહાર ।
તે દન ફરઅરદીન મામ્ર ખોરદાદ રોજ એ પત કીધું તયાર ॥

મરહુમ કુવરજી નાનાભાઈ પુજીઆની વખાન.

પ્રથમ પુસ્તક પ્રકાશી આમ વાંચુ કાગલ ।
સકર્મી સવધેઆન કુવરજી નાનાભાઈ પુજીઆ આગલ ॥
ધન ધન નાનાભાઇ પુજીઆ સૂત પયા* પુણા નામ ।
એ સુરત નગરીમાં તમ દુખમું બાંધી કીધું તમામ ॥
એ ધની દીધો જશ તમ એ પરથ્વીપર પાયો ।
એ દુખમું કીધે બેબાહ તાંહાં તું ગરોથમાની થાયો ॥
આપ કીર્તારે તમ તન મન એ પુણ ઉપાઈ વાત ।
એ દુખમું કીધે યજદ અમેશાસ્પંદ ઘણું થાયા રલિયાત ॥
તું ધરમ આધારી શુધ આચારી વચન સલોચન પરોપકારી ।
એ માજદયસની મારગ તમ આપ સમારી સારી ॥
ધંન ધરમ આત્મા ભવ ધરમની તમ આંહાં બાંધી પાલ ।
તું વંશ રખણી શ્રી હોરમજદ થયાં સેહેજ સાલ ॥
એ સોભાગી અત અતિ મહા મોટાં પુણ તમ એ કીધાં કામ ।
આંહાં ચંદ્રોકાલી તહારૂં રહેશે નેક રોશન નામ ॥
એ ઉપમા તમને પ્રભુએ દીધો આપે આપ ।
પ્રભાત પોહોર તારૂં નામ લીધે તન ઉલીજન જાએ પાપ ॥
એ અનોશેહ-રવાની ગરોથમાની તું નર રાદાન રાદ ।
સદ હજાર આફરીન તો ફરજંદ જાઈ મારા બાદ ॥
એ સપુત કુઅર શાભલી હરખે ઘણુ થાયો રલિયાત ।
હવે એરવદ રૂસ્તમ હીરજી વાછાની ચલાઊ વાત ॥

મરહુમ હીરજી વાછા ગાંધીની વખાન.

એ ઉત્તમ કુલ ઉપન્યો ગાંધી હીરજી વાછા રામ ।
ધન કુખ કહું માતા જે એ સપુત જનમ ધર્યું નામ ॥
એ શુભ ગરહે સનએતર ધન માતા જે એ પુતર જાયો ।
.... ॥ †
તે દન યજદ અમેશાસ્પંદે ઘણુ કીધો નાદ ।
ધન વાછા રામ તમને પ્રભુએ એ પુતર દીધો સહાદ ॥

---

* 'પયા' એ મરહુમ શેઠનો લકબ હતો—એવું એરવદ ખુ૦ દસતુર જ૦ જામાસપ આસાનાએ છપાવેલી 'ફેહેરેસત' ઊપરથી જણાયછે. તેમાં એ ધણીનું નામ એવણની નયતે, સંવત ૧૭૨૨ માં રે:જ ૧૦ મે માહ ૮ મે, નાવર થએલા એરવદ નવરોજ એરવદ ખુરશેદ મેહરજીની નોધ આપતાં, બેહેદીન 'કુવરજી પુજીઆ પઈઆ ગાંધી સુરતી' કરી લખેલું છે.

† એનો એક કાફચો નથી.

એ સહાદ નેત ભણે મુખ્ય જંદ અવસ્તા વાણી ।
એ માજદયસની મારગ સાચવે ઘણું હરખજ આણી ॥
એ નામ ભાવ તમ મુખ્ય ગુર નંદેઆ આપ નહીજ કીધી ભાલી ।
તમ તન પવિત્ર ધરમ મિત્ર કધી પારકી નારપર નહી જોયું નેહાલી ॥
આપ પ્રભુએ તમ તન એ શોભાગ અત અતિ એ મોટો દીધો ।
ધન હીરજી વાછા એક કીર્તારે તમને આંહાં નકલંકી કીધો ॥
પંચ સંધ્યા નેત આતશ દર્શન તમ દયાજ પાલી ।
એ સાચ જંદ અવસ્તા પુણ તમને આગલ આવ્યું ચાલી ॥
એ પુણે પ્રભુએ તમને અત અતિ પિયારો કીધો ।
જે મુંબઇ બંદર પંથક બુલંદ મરતબજ દીધો ॥
એ સાચ જંદ અવસ્તા અર્થે એરવદ એમજ બોલે ।
આંહાં દુખમું દરેમેહર* કીધે તું થયો ધની જનને તોલે ॥
એ આદ પુરબ પુણથી તમ અત અતિ મોટો મરતબજ પાયો ।
ધન હીરજી વાછા તું આંહાં બેબાહ નર ગરોથમાની થાયો ॥
એ પુણે જીંદગાને નેઆગાન ગરોથમાની વાસ ।
તારી હફત કુરસીના એ પુણથી થયાં ખલાસ ॥
એ મહા મોટુ પુણ તાહારા વંશને આગલ આવસે કામ ।
આંહાં ચંદ્રોકાલી તાહારૂ રહેઉ નેક રોશન નામ ॥
એ સોભાગી તમપર પ્રભુ તરૂષ્ટમાન આપેઆપ ।
તાહારૂ દર્શન દીઠે તન ઊલીજન મીટી જાએ પાપ ॥

---

* એ મરહુમ બેહેદીને મુંબઈમાં પ્રથમ એક દરેમેહર તથા દખમું બાંધયું હતું. એ દરેમેહર, એ શેઠના ખાનદાનનાં એક ગરહશતથી ખબર મલવા પ્રમાણે, મોદીખાને મોદી સોરાબજી વાછા ગાંધીની સાંભે હાલ જયાં નવરોજી જમશેદજી વાડીઆ તથા બાઈ હીરાબાઈ તે શોરાબજી વાછા ગાંધીની બેટીનું ઘર છે તાંહાં હતી. મુંબઈમાં પેહલવેહલું દખમુ એજ ગરહસથે બાંધીઊં હોય એવું લાગેછે. એ દખમું બાંધયાનો સને એ ગરહશથના વંશમાના કોઈથી અથવા બીજી કોઈ રીતે મલતો નથી. પણ આ કવીના મજકુર લખાન ઊપરથી તથા ઈસવી સને ૧૬૯૮ મા ડાકટર જાન ફ્રરાયરે છપાવેલા હીંદુસતાન અને ઈરાણની મુશાફરીના એહવાલમાં આવેલા એક ફકરા ઊપરથી જણાયચ કે એ દખમું બંધાયાને આસરે ૨૦૦ વરષ થયાં છે. આ કવીએ જયારે યજદજરદી ૧૦૪૪ માં, જરથોશતનામું લખીઊં તેઆરે, તથા મજકુર વંઈદ જયારે મુંબઈમાં આવેઓ હતો તેઆરે તેના કેહવા પ્રમાણેબી એ દખમું તરતનું બંધાયલું હતું. એ વંઈદે મુંબાઈનો અહવાલ લખતાં એ દખમા વીષે નીચે મુજેબ લખેલું છે:—

On the other side of the great Inlet, to the sea, is a great Point abutting against Old-Woman's Island, and is called Malabar hill, a rocky, woody mountain, yet sends forth long grass, A-top of all is a *Parsee Tomb lately reared;* on its doclivity towards the sea, the remains of a stupendious Pagod, near a tank of fresh water, which the Malabars visited it mostly for. (A New Account of East India and Persia, In Eight letters, from 1672—1681, By John Fryer M. D., F. R. S. In 1698.—Letter II page 67th.)

મનસા વાચા કરમના એમ ઉમેદ રાખુંછું ધણી ।
તાહારૂ દર્શન દેખાડે અમને એક સાહેબ ધની ॥
જે આદ નાંનાંભાઇ હીરજી બાલમીત હમશરીકજ થયા ।
એ નરધાર નરધાર શ્રી એકે કર મુખ વોઇ ઉપાયા ॥
એ બેહુ બંધમ બેબાહ સરીખી જોડ હુઆ ખાસ ।
શ્રી અહુરમજદે એક જાએ કીધોછે ગરોથમાનમાં વાસ ॥
હવે એરવદ સવસરસ્તી એમ બહરમાએ ।
આપ ધની તમ કુદરતથી આંહાં દરેમેહરજ થાએ ॥
એ હીરજી વાછા સાંભલી મનમાં હરખે થાયો ઉહુલાસ ।
સપુત કુઅર સાંભલી હરખ ધરી એ મન કીધું સાફ ॥
એક ધની તમ એરવદ રૂસ્તમની પોહોચવો આશ ।
દરેમેહેર દર્શન દીઠે ગરોથમાનમાં હોએ વાસ ॥

એ કવિની કવિતા તથા લખાન કેહવું છે તે વિષેનું ઘટતું મત મેલવવાને એ પુસ્તક છપાંઈ તયાર થવા પછે આપણને જાણીતા કવિ દલપતરામ ડાહ્યાભાઈ, રાજેશ્રી મનસુખરામ સૂર્યરામ તથા કવિ નર્મદાશંકર લાલશંકર એ ગ્રહસ્થોપર છુટી છુટી નકલો મોકલવામાં આવી હતી. તે સાહેબોએ એ પુસ્તક વિષે જે મતો આપ્યાં છે તે સદાખરા વાંચનારા સાહેબોની જાણને માટે નીચે પ્રગટ કર્યાં છે.

કવિ દલપતરામ ડાહ્યાભાઈનો અભિપ્રાય.

કેટલાએક પારશીઓની રચેલી કવિતા છેક તાળભંગ હોય છે. તે કરતાં આ કવિતા કાંઈક તાળમાં છે. અને શબ્દો પણ બની શકે તેટલાંસુધી સાફ ગુજરાતી વાપડેલા છે. માટે આ કવિ હુશિયાર જણાય છે. આ કવિતા નળાખ્યાનના રાગમાં અથવા લાવણીના રાગમાં ગાઈ શકાય.

જેમ કે સફે ૨ જે.

"એ કએઆંની ગુણ ગાઊં, મન હરખજ આંણી,"

"ફરૂસ શાહાસ્તરથી તે, અમ પરગટ જાણી."

જે અક્ષરો ઉપર । નીશાણીઓ મુકીછે તે અક્ષરો ઉપર તાળ આવેછે, એમ મારી નજરમાં આવેછે. આજથી અગાઉ ૧૯૩ વર્ષ ઉપર આવો પારશી કવિ થઈ ગયોછે તે અજાયબ જેવી વાત છે.

તારીખ ૨૧ મી અકટોબર સન ૧૮૭૨

લા૦ દલપતરામ ડાહ્યાભાઈ.

રાજેશ્રી મનશુખરામ શુરીઅરામનું મત.

શેઠ તેહેમુરસ દીનશાહજી,

આપે **સ્યાવખશ નામાનું** પુસ્તક મારા અભિપ્રાય સારૂ મોકલેલું તે ઉપર ઉપરથી હું જોઈ ગયોછું. એના કર્ત્તા "રૂસ્તમ પેશુતન" આશરે ખસો વર્ષ ઉપર થયા એમ જણાય છે. એકંદર જોતાં એ પુસ્તકની ભાષા ઊંચી પંક્તિની છે. હાલના ઘણા ખરા પારશી લખનારા જે નીચા વર્ગના ગુજરાતની સીમા ઉપર વસનારા લોકના જેવી ભાષા લખેછે અને તેમાં પછી ફારશી લબ્ઝો ભેલી ગુજરાતના સાધારણ લોકો ના સમજી શકે એવું લખાણ કરેછે તેના કરતાં આ જુના લખનારે આરંભના પ્રયત્નમાં બહુ ઉંચી પ્રતિની ગુજરાતી ભાષા લખી છે એમાં મને સંશય લાગતો નથી. અલબત જોડણીમાં બહુજ ભુલ્યોછે પણ તે તો આરંભમાં સર્વ દેશની ભાષાઓમાં જોવામાં આવેછે. એ પુસ્તકની જોડણી શુદ્ધ કરીને નવા આકારમાં લખ્યું હોય તો કોઈ એમ કહી શકે નહિ કે તે હાલના પારશીઓના કોઈ પૂર્વજે લખ્યું છે. તેનો વિષય ફારશી ઉપરથી છે તેથી કેટલુંક ફારશી સ્વાભાવિક રીતે આવે તે બાદ કરતાં તે કોઈ શુદ્ધ ગુજરાતી લખનારાએ લખ્યું હોય એવું દેખાય એવી તેની શૈલી છે. આ વાત પારશીઓમાં હાલ શુદ્ધ લખવાનો યત્ન કરેછે તેમને ઓછી ઉત્તેજક અને ઓછી અભિમાનદાયક નથી. ગુજરાતી ભાષા એ જગત માન્ય સર્વોપરી સંસ્કૃત ભાષાની એક પુત્રી છે. તેનામાં સર્વઅંશ સંસ્કૃતનાજ છે એટલે આજ સુધી જે ગુજરાતી ભાષા લખાઇ છે તેમાં તેની માતાનુંજ લોહી ફરતું રહ્યું છે. ઉદ્યોગી, વિદ્યાને ઇચ્છનારા અને અગ્રેસર પારશી લોકોએ ગુજરાતી ભાષાને પોતાની માતા કરી માન આપ્યું તેથી તેને લાભની આશા સ્વાભાવિકજ હોય તો પણ ગુજરાતી ભાષાને વિરૂપ કરે એવા શબ્દોનું ખાન પાન આપેથી તેને રોગીષ્ટ જેવી કરી મૂકી છે. પણ આશા છે કે તેઓ પોતાના વર્ગમાંથીજ પૂર્વે થયેલા "રૂસ્તમ પેશુતન" જેવાને અનુસરી ગુજરાતી ભાષાને પુષ્ટિદાયક એવું સ્વાભાવિક ખાન પાન આપી તેને એક પ્રતાપી માતા બનાવી દેશે. અક્ષર શત્રુ મુસલમાનોએ આ દેશની બહુ ખરાબી કરી તેમાં ભાષાને ભુખે મરવું થયું એતો સ્વાભાવિક હતું. પરંતુ તેમના વારામાં તે ભુખે દુર્બલ થઈ ગઈ હતી પણ તેઓ તેને અખાજ ખવરાવી કુરૂપ કરી શકયા નોહોતા. પણ ખેદકારક વાત એછે કે, જે શત્રુ મુસલમાનો કરી શકયા નોહોતા, તે તેજ ભાષાના પારશીઓ જેવા સારા અને ઉદ્યોગી પુત્રોએ અજાણે કર્યું છે. પણ મને આશાછે કે તેઓ, તમે પ્રશિદ્ધ કરવાનો આરંભ કરયો છે એવાં પુસ્તક વાંચી, પોતાની ભુલ સુધા-

રી લઇ તેને પુષ્ટીકારક **અન્નપાન આપશે.** ઇતિહાસ ઉપરથી જણાય છે કે જે ભાષા આરંભમાં પ્રથમ કવિયોએ લખી હોયછે તેજ ભાષા સુંદર અને જીવદ ગણાય છે. આપણા રાજ કર્ત્તા ઇંગ્રેજોમાં પણ જેવી સાક્સન (Saxon) ભાષા મનોરંજક ગણાય છે તેવી નાર્મન (Norman) નામથી ઓલખાતી ભાષા સારી ગણાતી નથી. જેમ "નાર્મન" લોકોની જીત પછી "નાર્મન" નામથી ઓળખાતી ઈંગ્રેજી લખાવા માંડી તેમ મુસલમાનોની જીત પછી સરકારી કામકાજમાં ફારસી-ગુજરાતી ભાષા લખવાની દુ:ખી લોકોને અગત્ય પડી હતી. પણ અંતે સંસ્કૃત-મિશ્રિત ગુજરાતી જે શુદ્ધ ગુજરાતી કેહેવાય છે અને જે ઈંગ્રેજી "સાક્સન" જેવી ગણાયછે તે ભાષાજ રેહેશે એવાં ચિન્હ દેખાયછે. માટે આતમારા પ્રયત્નથી સમજુ પારશીઓ સવળે માર્ગે વળશે એવો હું ભરૂસો રાખું છું.

તમો એક પારશી છતાં ભાષાનું સારૂ જ્ઞાન બતાવી અંતે કોષ આદિ આપ્યું છે એ તથા બહુ સંભાળથી એવા જીના ગ્રંથ છપાવવાની રૂચી બતાવી છે એ સંતોષકારક છે.

લિ૦ મનસુખરામ સુરીઅરામ.

તારીખ ૭ મી ફેબ્રુઆરી ૧૮૭૩.

કવિ નર્મદાશંકર, પોતે ગુજરાતી કોષ કરવામાં રોકાયલા હોવાથી આ પુસ્તકની તપાસ બરોબર લઈ શકયા નથી તોબી તેવણે એ પુસ્તકને ઉપરટપકેથી જોઇને જે વિચાર આપ્યોછે તેનો ખુલાસો નીચે મૂજેબછે:—

એ ચોપડી વાંચી તે ઉપર વિચાર આપવો તેમજ એને કયે રાગે વાંચવી તે જણાવવું હાલ રોકાણને લીધે નહી બને એહવુંછે. એ ચોપડી અમારા સારા કવિઓના વખતમાં બનીછે તો તે વખતની ભાષા સંબંધી પણ કેટલુંએક જણાવવાનું છે. એ પુસ્તક મધેથી કંઈ કંઈ વાંચતાં એવું જણાય છે કે અમારા જુના કવિઓના રાગને મલતા રાગમાં એ મોબેદ લખ્યું હશે. પણ એ સઘલું નક્કી કરવાનું છે. તમોએ **એડીટર** દાખલ જે કામ કર્યુંછે તે જેમ કરવું ઘટતું હતું તેમજ કર્યુંછે. સહુથી જુની નકલને પસંદ કરી છે અને છપાવતાં વર્ણ યોજના તેનીજ કાયમ રાખી છે એ બહુ સારૂ કર્યુંછે. બાકી એટલુંજ રેહેલું છે કે જ્યાં જ્યાં જુની નકલ બીજી નકલોથી જુદી મડેલીછે ત્યાં ત્યાં તે નકલોનાં વાકયો નોટમાં ટાંકી જણાવ્યાં નથી—એટલું જો કરવામાં આવ્યું હોતે તો **એડીટર** દાખલ કામ કરવામાં કંઈ બાકી રાખેલું છે એમ કેહવાતે નહીં. તોપણ એ ચોપડી બાહેર પાડવામાં અને અર્થની સહમજણ આપવામાં મેહનત લીધી છે એતો ખુલ્લું

જણાઈ આવેછે. એ ચોપડી સંવત ૧૭૩૬ માં બની છે એ વાત પારસી ગ્રંથકારોની તવારીખમાં નોધવા જેવી થઈ છે.

રાવસાહેબ મહિપતરામ રૂપરામે આ પુસ્તક છપાયા આગમજ આ પેલાં મતનો સાર:—

તમોએ મોકલેલું "મેન્યુસ્ક્રિપ્ટ" (હાથનું લખેલું પુસ્તક) વાંચી હું ઘણો આનંદ પામ્યો છું. અને હું, એ આસરે બસો વર્ષ ઉપર લખાયલાં એક મોબેદનાં લખાણને, ઘણું કિમતી ગણું છું. અને એના લખનારને સ્વભાષાનું ઘણું સારૂ જ્ઞાન હતું એવું માનું છું. એ મોબેદે એ કવિતામાં વાપરેલી ભાષા હાલના સઘલા પારસી લખનારાઓને શરમમાં નાખે એવી છે, અને તે ઘણાં કારણોને માંટે પ્રગટ કરવા યોગ્ય છે. એ કવિના હાથની અસલ નકલની સોધ કરવાને હું તમોને ભલામણ કરૂંછું. કેમકે અસલ નકલ બીજાઓએ કીધેલી નકલોના કરતાં ઘણી કિમતી થઇ પડસે. જો એ પુસ્તક પ્રગટ કરવામાં આવસેતો ગુજરાતી ભાષા-જ્ઞાનમાં તે એક કિંમતી ઉમેરો થસે અને પારસી લખનારાઓને એક મોટો ધડો થઈ પડસે.

ઉપર જણાવેલા ગ્રહસ્થોએ એ પુસ્તક વિષે આપેલાં મતો ઉપરથી તે સાથે એને બારીકીથી વાંચવાથી વાંચનારા સાહેબોને એ કવિનાં જ્ઞાન વિષેનો પુરતો વિચાર કરવાને બની આવસે. એ પુસ્તકમાં જે વર્ણયોજના અશુદ્ધ છે તેનો તથા જ્યાં કવિતાની તાળ બરાબર નહી બેશ્તી હોય તેનો દોષ, જ્યાં સુધી એ કવિના પોતાના હાથની લખેલી નકલ નહી મલે ત્યાં સુધી, એ કવિને માથે નહી મુકવો પણ નકલ કરનારાઓની ભુલ સહમજવી.

એ પુસ્તકમાં ધર્મસંબંધી ટીકા ઈત્યાદિ આપવામાં, અનોશેહરવાંન સર જમશેદજી જીજીભાઇ પેહેલા બારોનેટની યાદગારીને માટે ઉભી કરેલી **જરથોશ્તી મદરેસા**માં લીધેલી કેલવણીનો તથા શેઠ ખુ૦ રૂ૦ કામાજી પાશે કીધેલા અભ્યાસનો લાભ મેં લીધો છે. માટે મજકૂર મદરેસા સ્થાપનારાઓનો તથા મજકૂર વિદ્વાનગ્રહસ્થનો મોટાં માન સાથે આ જગોએ ઉપકાર માનુંછું. તે સાથે આ પુસ્તકમાં નોટ આપતાં જે ગ્રંથકારોનાં પુસ્તકો મે વાપર્યાં છે અને જેઓનાં ઘટતી જગોએ નામો આપ્યાં છે તેઓ નોખી આભાર માનુંછું. તવારીખ સંબંધી બાબદમાં **નાસેખ ઊત તવારીખ**નો મે ઘણો ઉપયોગ કર્યો છે.

એ તવારીખ લખવાનો પાયો રૂહશાદ જીન્નત આસ્યાની મહમ્મદ શાહ ફતેહઅલીશાહ કાજારના વખતમાં તેનાજ ફરમાનથી નખાયો છે.

અને હાલ તે નેક શાહના પુત્ર નાસેરઉદ્દીનના નામ તથા ખરચથી છપાયછે. હમનાં સુધી તેની છ જલદો છપાઇ ચુકીછે અને બીજી છ જલદો બાકીછે. એનો લખનાર મીરજા મહમ્મદ તકી કાશાની મુસ્તઓફી લકબે લેસાનુલમુલ્ક, હાલ જમાનાનો શાએરે શાએરાંનછે. એ તવારીખ મહાઆબાદથી તે હાલસુધીની આખી દુન્યાની કાલક્રમ-ઇતિહાસના રૂપમાં, નજદીક ૨૦૦૦ તવારીખો, જુનાની રૂમી વગેરે, ઉપરથી છપાયછે. આ ૧૦૦ વર્ષનો જુનો તવારીખ નવેસ ઘણો પ્રમાણીક દીસે છે. પોતે મહમદી છતાં, બીજા તેના જાતભાઇ લખનારાઓની માફક, કોઇનાબી ધર્મ ઉપર, અથવા તેના ફેલાવનારા વિષે એણે કસુ બુરૂ લખાન કર્યું નથી. એણે હજરત જરથોસ્તની તવારીખ ઘણીજ સરસ રીતે તથા માન સહિત લખીછે. એ તવારીખ મને અત્રેનાં એક મોગલ વેપારી હાજી મહમ્મદ ઇસ્માયલ કીરમાનીથી મલી હતી.*

આજસુધી ગુજરાતીમાં નહીં છપાયલાં આ પુસ્તકને પ્રજા તરફથી તેમાં અગત્ય કરીને પારસી ભાયો તરફથી સારો આંરારો મલસે અને જેથી એ કવિનાં બીજાં પુસ્તકો પ્રગટ કરવાનું કામ માથે લીધું છે તે જલદીથી તેમ કરવાને બની આવસે એવી હું ઉમેદ રાખુંછું.

આ પુસ્તકને, જુનાલખાન તરીકે પ્રગટ કરવાને સારૂં આસરો આપવાને તથા બીજી ઉપયોગી સુચનાઓ કરવાને લીધે સખી અને વિદ્યાની બાબદમાં ઉત્તેજન આપનાર શેઠ શેરાબજી શાપુરજી બંગાલીનું મોટા માન સહિત અહેસાન માનુંછું.

સેવટે આ પુસ્તક તપાસી તે વિષે મત આપનારા મજકૂર કવિ ગ્રહસ્થોનો, એ પુસ્તકોની નકલો આપનાર મિત્રોનો અને એ પુસ્તક છાપતી વખતે મને મદદ કરનાર તથા એ મધેનાં કઠણ શબ્દો છુટા પાડી આપનાર મારા ગુરૂબંધુ એરવદ જમાસજી એદલજી દાદાચાનજીનો મોટો ઉપકારી થયોછું.

આ પુસ્તકની કવિતાઓ અસલ પ્રમાણેજ ઘણી સંભાલથી છપાવીછે. પણ સફે ૪૧ મે, ૧ લી સતરમાં "બજમતગહરને હરએક" છે તેમાંનાં "ને" ને બદલે "તે" વાંચવો. એ સિવાય મારી તરફની આપેલી ટીકાઓ (નોટો) મા કઇ ગલતીઓ હોય તે વાચનારે સુધારીને વાંચવું— એવી મારી યાચના છે

સફે ૬૭ મેની નોટમાં "હિંદુઓના રામાયણ" લખ્યું છે તેને બદલે **મહાભારત** વાંચવું.

---

* એ પુસતકોની દરેક જલ્દની કીમત રૂ૦ ૪૦ છે, અને તે તેહરાનથી મંગાવી જાહેર કેતાબખાનાઓમાં રાખવાને લાયકની છે.

મરહુમ એરવદ રૂસતમ પેશુતન લકબે મોબેદ હોરમજદીઆર એરવદ રામીઆરનું કવિતામાં રચેલું સ્યાવખશનામું.

દીબાચો—અસલ કેતાબ લખનાર તરફનો.

પનાંમે ઈઅજદાન પાક પરવરદેગાર[1] ।
સરવ સરસ્તી[2] અમ મૂખ દેણી દાદાર ॥
સોઆમી સવ સાચ સરસ્તી કેહવું સાર ।
ધરમ ધિઆન ધરૂ ધરમ રખણી તાહારે આધાર ॥
નેત આબાં દરસણ જાણી મંન હરખજ આંણી ।
શાચ જંદ અવસ્તા ભણું આપ મૂખજ વાંણી ॥
એ જંદ વાંણી ભણે મંન હરખે હોએ ઉહુલાશ ।
નેત આબાં દરસણ કીધે અમ મન પોહોતી આશ ॥
તંન મન પવીતર હરખે અમ દરસણ કીધું ।
મનશા સીધે ચીતેળી ફલ અમને પરભોએ દીધું ॥ ૫

---

[1] અર્થ: પવિત્ર અને રક્ષણ કરનાર ખોદાનાં નામથી (આ પુસ્તક શરૂ કરૂ છુ). [2] સરસ્વતી; એ અને બીજા એ પુસ્તકમાં આવેલા કઠણ શબ્દોનાં અર્થ તથા તેમનો ખુલાસો એ પોથીની સેવટે આંપેલા શબ્દ કોષમાં જોવો.

શોઆમી આવાં દીન અરદ[1] અમને તરૂષ્ટમાનજ થાઈ ।
અરદ કર સરસ્તી તે અમને આપ ઊપાઈ ॥
દીન અરદ[2] ધરમ ધેઆંન ગેઆંન અમને દીધું ।
"મરોદ અહુર મજદાઓ[3]" નામ અંમ પરગટજ કીધું ॥
"અરદી સૂરાંમ અનાહેતાંમ" હરખે હોએ ઉહુલાશ ।
સવ સરસ્તી કેહવુ સૂરત નગરીને વાશ ॥
તાંહાં આબાં દરસણ પરગટ તપે શાર ।
આબાં દાસ એરવદ રૂસતમ પેસૂતન સૂત હોરમજદીઆર ॥
નસલે મોબેદ હોરમજદીઆર એરવદ રામીઆર ।
અમ વરણ રખણી તે આપ ધની પરવરદેગાર ॥
હોશેદર દરશણનાં અમ છેઊ આંહાં ઊમેદવાર ।
એ ઊમેદ આશ તમ પુરવી દેવ પાક પરવરદેગાર ॥

કએકાવુસ તથા તેની કારકીરતી.

શોઆમી માહાગનેઆંની પરબો તમ ।
ધરમ આતમા સૂરસૂ ઊપાએઆ તમ ઓતમ ॥
એ કએઆંની ગૂણ ગાઊં મંન હરખજ આંહાંણી ।
ફરૂસ[4] સાહાસ્તરથી તે અમ પરગટજ જાંણી ॥
એ કએઆંણી નીશાંણી તંમ દીધી આપે આપ ।
કએકાઉશ તંમ જમણી બાંહાંએ કુકુ કેસર દીધો છાપ[5] ॥

---

[1] એ તરણડે 'આંવાં' 'દીન' અને 'અશિશ્વંધ' ફરેશતાઓના નાંમોછે. જુઓ શબ્દ કોષ. [2] 'દીન અને 'અરદ' એ બંધે બેહેનોછે; અને 'દીન' એ ફરેશતો ધર્મ ઉપર અને 'અરદ' એટલે અશિશવંધ એ વિદ્યા તથા માન અને દોલત ઉપર મુવક્કલ છે. [3] અવસ્તા મધેનાં કોઈબી ભાગને તેનાં પેહલા શબ્દથી ઓલખવામાં અથવા નાંમ આપવા માં આવેછે; માટે "મરોદ અહુરો મજદાઓ" થી મતલબ "આવાં અર્દ્દી સૂર યષ્ટ અથવા ન્યાયેશ" સમજવી. એ યષ્ટમાં 'અર્દ્દી સૂર' નાંમની નદીની વખાંણ, તથા પાણીના ગુણો અનેતેની ખુબીઓનું વર્ણન કરેલુ છે. [4] ફારસી ભાષા. [5] એહેવું કહેછે કે કએકોબાદનાં વખતથી સઘલા કેઆંની પાદશાહોની બાજુ ઉપર કાલો તલ બાદશાહીની નીશાંણી તરીકે હતો. તે વાતને આ નાંમું રચનારે કંકુ અને કેસરનાં છાપ સાથે સરખાવીછે.

માહાગનેઆંની પરભો તમ આપ આપી રતી ।
કએઆંની તંન તમ આપ કીધા છતરપતી ॥ ૧૫
તમ પરથવી નાભ ઇરાંન કીધુ તે એ કએઆંની કાજ ।
એ સીશ નવ ખંડ પરથવીનાં તમ આંહાં કીધાં રાજ ॥
વાછ કાછ સમરત શાંઈ આંહાં તમ ઉપમા દીધા ।
એ કેઆંની કુલને તમ આપ નકલંકી કીધા ॥
એ ધરમ શાચવી બોહોતેર તારી[1] તંન નાભજ બાંધે ।
પાક ઇઝદાં નાંમની પંચ ધાહા તે શંધેઆ વાંધે ॥
એ સત વચન કોલ બોલ બંધી પાલે એક મારગથી ચાલે ।
પોરીઓદકેશી[2] ધરમ શાચવી નેક નજરસુ ભાલે ॥
આદેલ ઇનશાફનેજ કરીને દીએ દએઆ દાંન ।
તાંહા ગૂર બેટાને[3] આપ દીએ અત ઘણું માંન ॥ ૨૦
એ ધરમ શાહાસ્તર ગૂરને પૂછી સરવ ખલકની તે દીએ દાદ ।
તે રાએ રાએઆં છતરપની કએકાઉસ બીન કએકોબાદ ॥
તે પરદુખ ભંજણ સરવ પરજાને દીએ સુખ ।
નવ ખંડ પરથવી પરજાની એ આંહાં ભાંજે ભૂખ ॥
પરજા સૂખ દીઠે આપ તંન સૂખ મનમાં હોએ રલીઆત ।
પરજા દૂખ દીઠે આપ તંન મંન તે દૂખથી મૂખ ઘાલે હાત ॥
એ ધરમ રાજ ધરમી દએઆ દાંનજ દીએ ।
તાંહાં સરવ દએઆવંત લોક કોએ દાંન નહીજ લીએ ॥
બાલ તંન દુખ સુખણું માંને જો નહી હોએ ધાહાત ।
પણ નવખંડ પરથવીમાં કોઇ જવલો તલે નહી ધરે હાત ॥ ૨૫
જો કોઈ આપ તંન દુખ સુખ સુખણું સુખાએ ।
શેર ચાર પાંચ હેમ લઇ સોની ઘરે જાએ ॥
ચેહાર બદ નાલ તે આપ ઘડાવીનં લાવે ।
તે આપ અશ્વ ઘોડાને ચેઆર પાગે જડાવે ॥

---

[1] "બોહોતેરતારી" જેમાં બોહોતેર તાર આવેછે તે—કુસ્તી, જરથોશતીઓ પોતાની કમરપર બાંધેછે તે. [2] જરથોસ્ત પેગંબરની આગમજનાં ધર્મને "પોરીઓદકેશી" ધર્મ કહેછે. જુવો ખ૦ ૩૦ કાંમાં જીનું જરથોસ્તનામું સફે ૧૪૨. [3] ગુરનો બેટો—ધર્મગુરૂ, દસ્તુર.

તે અશ્વને ચેઆર પાગે તે અલગ અલગજ જડે ।
ડગ સો પચાસમાં ખરી ખરીને પડે ॥
તે નાલ પડેઆં દેખી સરવ ચાલી ભાલી ભાલીને જાએ ।
પણ તે હેમનાલ નીચેથી કોઈ હાંત નહીજ શાહે ॥
કોઇ ધરમી હેમ જાંણી સીશ ચઢાવી લાગે પાએ ।
દોરી લેઇ તાંહાંનું તાંહાં ઊંચે બાંધીને જાએ ॥ ૩૦
સરવ દએઆવંત લોક ધરમી કોઇ ધર નહી લેઇને જાએ ।
રાએ રાએઆં શાંભલી દેખી મંન રલીઆએત થાએ ॥
સરવ સૂખ પરજા ઘેરેઘેર અસ્વ વેંહેલજ પાલે ।
એ સુખ રાજમાં જવલો કોઇ પાગે નહીજ ચાલે ॥
એ રાએ રાએઆંજી પરજા સૂખની એ શાંભલે વાત ।
ઘણુ હરખ ધરીને મન હોએ ખૂશ રલીઆત ॥
રાએ ગૂણ મીથા મૂખ વશે અમરતજ વાણી ।
પરજાસૂ સંમૂખ ગોષ્ટ કરે આપ મન હરખજ આણી ॥
રાત દંન એ સરવ પરજાનો આપ લીએ તપાશ ।
ભર સભા વંચ બેશાડે આપ તખતને પાશ ॥ ૩૫
કએઆની શાહાંનશાહ ઢોલ વજાડી ઈરાંણનગરી ફેરવે આંણ ।
જે માહારી પરજાને કોઇ કાંઇ દૂખ દીએ તેહેના જીવને કરાવું હાંણ ॥
કોઇ અબોધ અજાંણેઆં નંદેઆ કરવા આવે રાજદોઆર ।
તેહેને ધકા દેઇ શેહેર નીકાલો દેવડાવે ભાગલ બાહાર ॥
કોઇ અબોધ અધમ વાટ શેરીએ એમ લટકતા ચાલે ।
ડાહાવી જમણી કજ નજર પારકી વોહુ બેટીપર ભાલે ॥
તેને દમાવંદ[1] પર હાત ધરી બેચી લીએ તાંણી ।
તેને ખાંણુ એક નાંન પીવા કૂજે અપાવે પાણી ॥
તાંહાં દીશનું ટકુ અને રાતનો તે થાહારંજ ખાએ ।
શાસ્ત્ર મરજાદ તેહેની તજારક સમા પૂરજ થાએ ॥ ૪૦
ગુરૂને પુછી રાએ રાએઆં તેહેન બોલાવે પાશ ।
શાહાસતર મરજાદ તેને સજા દેઇ કરે ખલાશ ॥

---

1 'દમાવંદ' એક પાહડનું નાંમ છે.

જેહાંપેહલવાંન રૂસતમની તારીફમાં.

રાએ રાએઆં કએકાઉશ હુઆ આપ દએઆપાલ ।
તાંહાં તેહેનાં રાજ તાજે રખણી હુઆ રૂસતમ ને જાલ ॥
તે નરને બલ બૂધ આપ કેરતારે અધીકજ દીધી ।
નવખંડ પરથ્વી તેણે પવીતર નકાશલ કીધી ॥
દએત રાખસ તેણે સરવ મારેઆ થાંમ ।
વાહાધ વરૂ અજદા ભૂત બલાનુ નહી રાહેઉ નાંમ ॥
તેથી નવખંડ પરથ્વી સૂખ પાંમેચ આજ ।
તું કએકાઉશ તાજ ધરાવી સુખ પાંમેચ રાજ ॥ ૪૫

કએકાવુસે ગોદરજ તથા તુસને નવો મોહલ બંધાવવા ફરમાવેઊ તે વીશે.

એ રાએજી ઘર ગોદરજ તૂસ ચતુર પરધાંન[1] ।
રાએ રાએઆંજી તે ચતુરને ઘણુ દેતાતા માંન ॥
તે રણ જીહીતને ઇજત હોરમતને ઘણું માંન દેતા ખાશ ।
ભર સભામાં માંન દેઈ આપ બેશાડતા તખતને પાશ ॥
એક દંન રાએ રાએઆંજી મન મનસા તે એમ ઉપની આવી ।
પરથમ જમની જોઈ વલતી બાલેઉ ડાહાવી ॥
તાંહાં રાએ રાએઆંજીએ એ બેહુ પરધાનપર જોએઉ ભાલી ।
તેહારે એ બેહુ ચતૂર ઉભા આપ સંનમૂખ આગલ ચાલી ॥
તાંહાં સજદો સલાંમ કરીને આપ જોડેઆ હાત ।
એ રાએજીએ શાબાશી દેઈને એમ કીધી વાત ॥ ૫૦
તમ બેહુ ચતુર પરધાંન અમ મન ઘણાંજ પીઆરા ।
અમ રાજ સભામાં શરઅવશરે તમ છેઓજ શારા ॥
તમ એક મંન એક સંક થાઇ એમ કરવુ કાંમ ।
એ મોહાલ સંનમૂખ પરથવીછે અમ આદ વડાનું થાંમ ॥

---

[1] આ ઠેકાંણે ગોદરજ તથા તૂસને કએકાવુસનાં પ્રધાન કહેલાછે; પણ શાહાનામામાં એ બંધેને સરદાર કહેલાંછે.

તમ એ પરથવીપર એક મહોલ બનાવો અત સુંદર શાર ।
બેહસ્તગેહાંનથી તે પસંમ અખુઆંન દેઆર ॥
નવ ચોકીઆ મોહોલ તાંહાં નવજ થાંમ ।
રોશન ચોક કુશાદે કરવા નવજ વાંમ ॥
સોવણુ થાંમ તેહેને જડત જડાવનાં તે કરાવવાં કાંમ ।
શાત મોહોલ મરતબ મરતબ તેહનાં જુજવાં નાંમ ॥
તે દરબાર રૂખ મૂખ કરવું તે દશા જાંમ ।
પુરબ ડાહાવી દેઆર બેસતાં લેવું ધનીનુ નાંમ ॥
હર હર ચોકે સંનમૂખ સંનમૂખ જરૂખા ચેઆર ।
તાંહાં તરભોઇઆ વાશ સંનમુખ ગુખ કરાવવા તેઆર ॥
તાંહાં હર હર મોહોલપર તે એક ઊંચી માડી ।
તે ચોક વચ એકેક કરવી તાંહાં ગુલ ગુલજારજ વાડી ॥
તે વાડી વંચે ચભુચા એમ કરાવજો તેઆર ।
તેહેમાં ગુલ ગોલાબ અત ભરાવજો અતજ શાર ॥
નેત ગોલાબ તાંહાંથી મશક એમ ભરી ભરી ।
નેત તે દરબાર આગલ છટકાવ તાંહાં કરાવજો ફરી ફરી ॥
તમ ચતુર પરધાંન એ અશારત સહુજી ચેજો વાત ।
પજંમ[1] ફરેદૂની મીનોચેહેરી ભંડાર મુકેઆચ તમારે હાત ॥
એ ખરચતાં કસી વાંણુ તાંન મો કરતા તહ્મે ।
એ મોહોલ એહેવો બનાવો જે સરવ શરેસ્ટ લોકને ગમે ॥
તાંહાં હેમ રૂપ પરથ્વી એમ કરાવજો ખરી ।
તાંહાં હેમ રૂપ ભીતે લાજવરદી મીને ભરી ॥
ઉપર છત્ર સાજ કરાવજો જડત જડાવનાં કાજ ।
જાંણે કએઆંની તખતપર ધરાવેચ તાજ ॥
પજમ ઘહવેર જહવેરછે પુનમ ચંદ ને અમાસી સૂર ।
તે તાજ રાજ મોહોલ ઉપર જડાવજો તેથી વરશે નૂર ॥
બૂધ વરેહસપત શુકર આકારનાં છે બેશુમાર ।
હર જાએ જાએ ભીતે ભીત જડાવજો હોએ શાર ॥
સબચેરાગી તાંહાં જડાવજો ગોખે ગોખજ ચેઆર ।
અંમ તખત જાએ સમરાવજો મેહેરગાંન વેહે એકજ આહાર ॥

---

1 જમશેદ પાદશાહ.

તે તખત જાએ બેઠક અમ આદ વડાનુ થાંમ ।
એ નવખંડ પરથ્વીની અમદાદ દેઉ એને થાંમ ॥
એ તખત જાંએ સમારજો તમ અત સૂંદર સારી ।
એ પૂરબ સંનમૂખ મેહેરગાંન વેહેચ એકજ આહારી ॥
એકને જાએ તંમ ખરચજો આંહાં બેવરજ હજાર ।
વચ મોહોલ બનાવજો જાંણે ગરોથમાંનજ દોઆર ॥ ૭૦

કએકાવુસે ગોદરજ તથા તુસને સરપાવ આપેઆ તે વીશે.

રાએ જરજરી કપરાં ને અસ્વ આપ મંગાવી લીધા !
તે બેહું પરધાંનને જોડ જોડ સરપાવજ દીધા ॥
રાએ જર જરી જરતાર આપ મંગાવી લીધા ।
તે જરતાર દસ્તાર તે ગોદરેજ તૂસને શીસજ દીધા ॥
તાંહાં શાહે જરી જાંમાં દીધા જાંણે પાદશાહાવાર ।
તાંહાં જર જરી પટકા દીધા જાંણે બેવરહજાર ॥
તાંહાં રાએ ગોહરબફ્તા થૂરમાં શાલ આપ મંગાવી લીધી ।
તે જોડ જોડ થૂરમાં ગોદરજ તૂસને ઓરાડી દીધી ॥
તાંહાં અસ્વ જોડ મંગાવેઆ રાએ સાહાંનસાહી ।
તેહેને શાજ જડત જડાવનાં સમેત મંગાવેઆ ધાઈ ॥ ૭૫
તે અસ્વને જીન મૂખ લગાંમ જડત જડાવની સાજ ।
તે તેજી[1] લાવી દરબાર ઉભા રાખેઆ બેહુ પરધાનને કાજ ॥
તે અસ્વ જોડ તે બેહું ચતૂર પરધાનને દીધા ।
તે ગોદરજ તૂસે સજદો સલાંમ કરીને લીધા ॥
ભૂંમી સીશ સજદો ગલે ઘાલી લગાંમ ।
ઉંથી સંનમૂખ રહી રાએજીને એમ કીધી સલાંમ ॥
તાંહાં રાએ રાએઆંજીએ સીને કર લાઈ ઘણુ દીધું માંન ।
રાએ કર કરીને બેહુને એમ બીડાં દીધાં પાંન ॥
એ બેહુ અસ્વાર થાઈ ઊભા પવીતર પરથ્વી જાય ।
નવ ચોકીઆ મોહલની તાંહાં એમ કીધી સજાઈ ॥ ૮૦

---

[1] ઘોડા.

ગોદરજ તથા તુસે મોહલ બાંધવાનું કાંમ શરૂ કીધું તે વીશે.

તાંહાં શોવન થાલ ભરી શગબોર મોતી ।
મોબેદ જોસીની તાંહાં એમ વધાવી પોથી ॥
અસ્પેંદારમદ માહ ને અરદ રોજ નાંમ ।
પુસ નખેતર મૂરતે એમ માંડેઊ કાંમ ॥
રાજ ગજદર તાંહાં બોલાવેઆ હજદર હજાર ।
તેહને જનસા જનસી સરપાવ દીધા અતજ શાર ॥
જડીઆ જહવેરી તે તાંહાં આપ બોલાવી લીધા ।
પજંમ ફરેદુની ભંડાર તેહેને તાંહાં ઊઘાડી દીધા ॥
મીનોચેહેરી ભંડાર તાંહાં એમ હુતા શાત ।
તેબી શોધી દીધા જડીઆ જહવેરી હાત ॥ ૮૫

જહવેર ધહવેર હીરા લાલ રતન માણુક ને મોત ।
તેહમાં પીરોજ પરવાલી જરદ કાલી દીવા જોત ॥
જે જોઇએ તે તરત આપ મંગાવીને લીધાં ।
તે મોહોલમાં જડત જડાવનાં તે કામજ કીધાં ॥
પરથમ થરે[1] જમણી કરીને થરે કીધાં ડાહાવી ।
તે વંચે મોહોલ બનાવેઓ જાંણે ગરોથમાંનજ લાવી ॥
તે વચ મોહોલપર સરવસરે એમ બનાવી માડી ।
તેને ગેરદનવાઇ બનાવી ગુલ ગુલજારજ વાડી ॥
તેહેને પુરબ સંનમૂખ જડેઆ પૂનમ ચંદ ને અમાસી સૂર ।
તેથી સરવ ઇરાંનમાં ઘણું વરસવા લાગુ નૂર ॥ ૯૦
પુસમ દેવાલ જડેઆ જાંણે મેહેર માહ ।
ઇરાંણમાં રોનક રોશનાઈ ઘણી થઇ મબાહ ॥
શસીઅર દીનર જડેઆ તે દશા જાંમ ।
તેથી અંધારી રાત રોસ્નાઈ સરવે કરે કાંમ ॥
ખુરશેદ મોહોર તે દશા ઉતરજ કીધા ।
તે રોસ્નાઇથી આહારેમન દઇત ઘહણુજ બીધા ॥

---

1 ત્રણ (મોહોલ).

એમ શાતે મોહોલ તે તાંહાં એહેવા બનાવેઆ બાશ ।
વચ મોહોલ હોએ જાંણે ગરોથમાંનનું વાશ ॥
નવ ખંડ પરથ્વી તે તાંહાં સરવ જોવા આએઆ ।
રાજા પરજા સરવે ઘણું રલીઆતજ થાએઆ ॥ ૯૫
રાએ રાએઆંજીએ હરખે એમ આપ વાતજ કીધી । //
મન પેઆરા પરધાનને એમ ઘણી સાબાશી દીધી ॥
હવે જહત કરીને તંમ મોહોલ સણગારજ કરો ।
જનાંની તાજ તખત તે ઊંચ મોહોલમા ધરો ॥
બાશ પખવાડીએ એ સરવ સીધ કરજો કાંમ ।
પલંગ બીછાઈ હીદોલા બાંધજો હર ઠાંમે ઠાંમ ॥
હરજાએ જરી ગલીચા બીછાવજો શાર ।
જરબફતી તકીઆ તાંહાં હારે કતાર ॥
હેમ કુરશી માંચી જડત જડાવજ જડી ।
તખત પાટ કરાવજો માહીદાંત[1] ઘાતજ ઘડી ॥ ૧૦૦
હેમ રૂપ વાશણ ઘહડાવજો પાદશાહાવાર ।
મદ પજ વાસણ કરાવજો સરવે નવાં તેઆર ॥
સરવ શાજનો નવો ઘાહાટ ઘહડાવજો શહી ।
એમ રાએ રાએઆંજીએ તે શરવ સહમજાવી પરધાંનને કહી ॥
એ એમ બોલ બોલતાં મોહોલ સરવે કીધો તેઆર ।
એકંત પવીતર જાએ તાંહાં મદ પજ કીધો થાર ॥

કએકાવુસની રજા લેઈ ગોદરજ તથા તુસનું શેકારે જવું.

તે બેહુ પરધાંન સીધ કારજ કરી નચીંતજ થાઈ ।
સેકાર રજા માંગી રાએ રાએઆં આગલ જાઈ ॥
અસપેંદારમદ માહ ને અરદ રોજ નાંમ ।
પરભાત પોહોરે સેકાર શાજ કીધો તમાંમ ॥ ૧૦૫
બેહુ પરધાંન સંમૂખજ થાઇ કોલ કીધો કરાર ।
આજ દંન સેકાર જડે તે આપણ વેહેચી કરીએ આહાર ॥
એ બેહુ મંન હરખે હરખે એમ કીધી વાત ।
એ કોલ કીધો તે એક એકનાં હાતપર મારેઓ હાત ॥

---

[1] માછલીદાંત, મચ્છીનાં દાંત.

હરખ ધરી શ્રી એકને તે રાખેઆ શાખી ।
એ બેહુ પવીતર નરે તે નેક નઈઅતજ રાખી ॥
સરવ શેકાર સાજ પેહેરી થાએઆ તેઆર ।
તે બેહુ જુલા હાત ધરી આએઆ દરબારજ બાહાર ॥
તાંહાં અસ્વપર તે બેહુ અસ્વારજ થાઈ ।
તે બેહુ પેહેલવાંન સરખી જોડ જાંણે જુલા ભાઈ ॥ ૧૧૦
કેસ્વાદી તબર તે ગોદરજે હાતજ લીધી ।
કએઆંની કમાંન તે તૂસે કશીસજ કીધી ॥
તે બેહુ નરે ચાબક લીધા તે આંપણે હાત ।
તેહેનાં અસ્વ તે તાંહાં એમ વાસે કરતા વાત ॥
જાઇ ઉભા તે બેહુ વેરાંન નગરીને રાંન ।
તાંહાં જાઇ જંગલ જાલમાં તે એમ દેવા લાગા કાંન ॥
એક જલ જાગ્એ જાઈ ઉભા જૂએ એમ ભાલી ભાલી ।
જે એ જલ પીવા સેકાર તે આંહાં આવસે ચાલી ॥
તે જલ જાગ્એ એક વડ તે તાંહાં છતર છાએઆ દીથો ।
તાંહાં આપ જાઇ ઉભા એક વા તે આએઓ મીથો ॥ ૧૧૫
તાંહાં બેહુ પરધાંનને હરખ ઉપની આએઓ આંમ ।
તાંહાં અસ્વથી ઉતરતાં પાક ઈઅજદાંનું લીધું નાંમ ॥
તાંહાં બેહુએ બાગદોર છોડી અસ્વ હાતમાં જાહાલી ।
તાંહાં સંનમૂખ બેથા એમ આસણ વાલી ॥

ગોદરજ તથા તુસની એક સુંદરીપર નજર પડી.

તાંહાં બેહુ મંન એમ હરખ ઉંપની ઉંપની આવે ।
મન રલીઆત કરી હરખ ઉહુલાશજ લાવે ॥
તાંહાં જાઇ જૂઇ[1] દીથી તે સરીખી જોડ ।
તાંહાં અગર ચંદન મોધર દીથા ચંપા છોડ ॥
ગૂલ ગૂલજાર વાડી તાંહાં એમ રંગ બેરંગ દીથી ।
તાંહાં તખત રવાંપર એક પાક સુંદરી બેથી દીથી ॥ ૧૨૦
તે સુંદરી દીથી બેહુ નર તાંહાં હેરાંનજ થાએઆ ।
તે બેહુ ચતૂર પરધાંન મોરચાંગ ખાઈ ભૂમીપર ધાએઆ ॥

---

1 જાઇ જૂઇ=ચંપેલીનાં ફુલ.

તે બેહુ સાવધાંન થઇને શ્રી એકનો શુકરાનો કીધો ।
આપ જમનો કર તે તાંહાં મૂખમાં લીધો ॥
ધણી કુદરતનાં તાંહાં શુકરાંનાં કીધા ।
તે બેહુ અસ્વને તે જાહાડસુ બાંધી લીધા ॥
એ બેહુ ચતુર નર તાંહાં તખ્ત આગલ ગીઆ ચાલી ।
એક ડાહાવી બીજો જમની જોવાલાગા ભાલી ભાલી ॥
શર તા પાવ તે માહા સતવંતીને જોઈ ।
તે બેહુ ચતુર તેનાં દરસણ દેખી રહેઆ મોહી ॥ ૧૨૫
તે સુંદરી અભરણનો ધણો કીધો હુતો શાજ ।
તખ્ત રવાંપર બેથી કએઆંની ધરાવીઉ તાજ ॥
તાંહાં બેથાંચ કર જમણે તે જાુહુમન શાહી ।
તેહેને બેહુ નર દેખી રહેઆ અચંગજ થાઈ ॥
તે માહા લખ્મીની બેહુ પરધાંને જોતજ ભાલી ।
વેગલા ગએઆ પાછે પાછે પગે ચાલી ॥
તાંહાં વેગલા બેસી મંન વમાસન એમ કરે વાત ।
તે સુંદરી દરસણ શંભરી આપ હોટસે લગાડે હાત ॥
તે તૂસ કેહવા લાગા એ અણદીથી અણસાંભલી નજરે દીથી ।
એ સુંદરી તખ્તરવાં બેઠી તે આપણ બેહુમંન ધણી લાગી મીથી॥ ૧૩૦
તેહારે ગોદરજે તૂસ નજરમાં કાંઈ જેહેરજ ભાલી ।
તાંહાં તુસને તે પડઉતર એમ આપેઓ વાલી ॥
શાંભલો તૂસ આપણ બોલ બંધી કીધી એક ધણીને નાંમ ।
આપણ ધરમ ધીરજ રાખવોછે આજ એણે ઠાંમ ॥
જો આપણ એશું કાંઈ કશી બદ કરીએ આલ ।
આપણ બેહુનો એ આએઓછે કીટણ કાલ ॥
શ્રી હોરમજદ આગલ આપણ પડસુ જૂઠા ।
વાલી સરવ ખલકમાં ફીટ ફીટકારસુ પડસુ એઠા ॥
જો આપણ આંહાં કાંઈ કશી બહોસ કરસુ આજ ।
તો એ કેસવાદગાં કેઆંની કુલને આપણ લાગે લાજ ॥ ૧૩૫
તૂસે શાંભલી તાંહાં એમ પડઉતર તે એમ દીધો વાલી ।
મનશા વાચા કરમના આપણ બોલ બંધી પાલી ॥
શાંભલો ગોદરજ કેશવાદગાં તમ કેઆંની કુલની વાત ।
આપણ બેહુ અતઅતી સનેહમાં સેતાંન નહી કરી સકે ઘાહાત ॥
બહને ચતૂર ઉઠી જલ કેનારે આપ જાઇ ઉભા તેણે ઠાંમ ।
તાંહાં કર મૂખ પાએ પખાલી લીધૂ હોરમજદનુ નાંમ ॥

શુરજ સંનમૂખ થાઇને કૂસતી[1] બાંધી તેણે ઠાંમ ।
તે બેહુ ચતૂર એક શંક થાઇને એમ કીધુ કાંમ ॥

ગોદરજ તથા તુસે તે સુંદરી સાથે ગોફતેગો કીધી.

તાંહાં એ બહને શાદ એકમંન એક સંકજ થાઇ ।
એક ડાહાવો બીજો જમણી તે સૂંદરી આગલ ઉભા જાઇ ॥ ૧૪૦
તાંહાં બહને શાવધાન થાઇ તેહેને એમ પૂછી વાત ।
કહો સૂંદરી એ અભરણ સંણગાર પેહેરી બેઠાં મન રલીઆત ॥
આંહાં એ તખત તાજ તે તંમ કંએઆંની શાહનું ધરી ।
અમ આંહાં આશપાશ તપાશ કીધો ફરી ફરી ॥
પણ કોઇ નર નારી નહી દીથાં એ વેરાંન રાંનને ઠાંમ ।
કહો સૂંદરી તમ એ સૂરૂપ ધરાવોચ તહ્માર સૂછે નાંમ ॥
એ સૂંદરી એ અભરણ સણગાર તે તમને આંહાં કોણે કીધો ।
કોણ શોણીએ ઘડી કોણ જડીઆએ જડાવ જડીને દીધો ॥
એ અભરણ ઘાટ એ પરથવી મધે કોઇએ નથી દીથો ।
એ તખત તાજ શાજ અમોને ઘણોજ લાગેચ મીથો ॥ ૧૪૫
પજંમ ફરેદુની મીનોચેહેરી ભંડાર તે અહ્માર હાત ।
તંમ અભરણ જહવેરની સી વખાંણ કરૂ વાત ॥
તે સરવ જહવેર અંમ મંનશુ જોઉંચ ઘણુ કથી કથી ।
તે સરવ જહવેર એકને તમ અભરણની એકજ રતી ॥
તમ સીશ ફુલ પૂનંમ ચંદને અમાશી સૂર ।
એ વેરાંન રાંણમાં એથી ઘણું વરશેછે નૂર ॥
તંમ નીડાળ ટીક બુધ વહરેસ્પત શુકર જડી ।
તમ નાશકા નથ તે સબચેરાગ કોણે ઘડી ॥
તમ કાંન કૂંડલ જડેઆ જાણે માંણક ને મોતે ।
કોટ અભરણ પેહેરાવેઆં આપ ઘણીએ પોતે ॥ ૧૫૦

---

[1] જરથોશતીઓમાં કૂસ્તીનાં વખત વિષે બે જુદાં મતો ચાલે લાંછે. કેટલાએકો કહેછે કે કૂસ્તી જમશેદનાં વખતથી છે; તથા કેટલા એકો કહેછે કે હજરત જરથોશત પેગાંમબરનાં વખતથી છે. આ નાંમુ લખનારનું મત પેહેલાં મતને મલતુંછે. આશરે ૧૦૦૦ વર્ષપર ઇરાંણ માં લખાએલી એક પેહલવી કેતાબમો તથા બીજી કેટલીએક ફારસી કેતાબોમાં પણ કૂસ્તી જમશેદ પાદશાહના વખતથી કહેલીછે.

કર ચૂડ પોહોંચી જાંણે વીજ ચમક ચમકીને જાએ ।
પાએ પેજણુ તે નેવરનો જહ્મકારજ થાએ ॥
કહો સૂંદરી તમો કોણ છો ને આંહાં તહ્મારૂં સુંછે નાંમ ।
એ વેરાંન રાંણમાં આહાં બેઠાં શું છે તહ્મારૂ કાંમ ॥
એ સૂંદરી તમ દરશણથી અમ ઘણુ પાંમૂચ સૂખ ।
તંમ દીઠે અમ બહનેની આંહાં ભાગીછે ભૂખ ॥
એ સતવંતી અમોને તપ કાંએ કરાવોચ આજ ।
તમો મનની બોલી કહો એ સૂંછે તખત ને તાજ ॥
તંમને એ રંગ રૂપ તપ તે આપ કેરતારે દીધું ।
પણ એ અભરણ તાજ તખત તે આંહાં કોણે કીધું ॥
એ તખ્તરવાં રચનાછે જાંણે શાહ જમશેદ ।
એ સતવંતી તમ તપનો અમને સરવ સહ્મજાવો ભેદ ॥

ગોદરજ તથા તુસને શુંદરીએ પ્રત્યુત્તર વાલયો.

તાંહાં શુંદરી મૂખ મરકલીએ એમ હરખજ આંહાંણી ।
તે ગૂણવંતી આપ મૂખ બોચરી એમ અમરત વાંણી ॥
પરથંમ સ્વામી માહા ગનેઆનીનૂં નાંમ એમ સમરણ કીધૂં ।
"અહોરમજદાંમ અહોરમજદનૂં" તાંહાં નાંમજ લીધું ॥
એ બેહુ પરધાંન તમ આંહાં જુઓ ગનેઆંન કથી કથી ।
આપ ધણી કુદરતમાં કાંઇ ઓછ નથી નથી ॥
પરથમ ધરમ ગૂણ તે આપે આપજ કીધા ।
એક શબ્દે એ બેહુ શેહેશાર આપ ઉપાઇ દીધા ॥
એ ધણી કૂદરતનો કોઇનો નહી લાગે થાગ ।
ધરમ શાહાસ્ત્ર તમ ગૂરને જાઇ લાગો પાગ ॥
શાંભલો ચતૂર પરધાંન તમ બેહૂ નર શારા ।
અમ રાએ રાએઆંજી મન તંમ ઘણુંજ પીઆરા ॥
પરથમ રાએ રાએઆંજી મંન એમ ઉપની આવી ।
આપ જમણું જોઈ વલતુ જોએઉ ડાહાવી ॥
તમોએ આગલ જાઇને સજદો કીધો સલાંમ ।
તમોને રાએજીએ તે મોહોલના ફરમાએઆં કામ ॥
તાંહાં મોહોલ મેર બનાવેઓ વલી તખત ને તાજ ।
તમો તે મોહોલ શાજ બનાવી આવેઆચ અહ્મારે કાજ ॥

તે મોહોલ અંદર અમો ગલેઆં મીઠાં કરસુ રાજ ।
તમો રાએ રજા લેઈ અમોને લેવા આવેઆચ આજ ॥
તમ બોલબંદી પાલી આપ મનસા રાખી ઠાંમ ।
બેહુ જેહાંનમાં રોસન પરગટ તહ્માર્ નાંમ ॥
એ ગોદરજ કેસ્વાદગાં તહમો પરધાંનજ શારા ।
એ કેઆંની તૂસજીછે દેવર અહ્મારા ।
તમ સદા અમ રાએ રાએઆં પરધાંનજ થાએઆ ।
જે અમોને આંહાંણે પીણે તમ આંહાં લેવા આએઆ ॥

સુંદરીએ તે બંધેનીમેહેમાંની કરીને સરપાવ આપયો.

તાંહાં અસ્તાવા ચલમચી તે ભરી હુતી તેઆર ।
તમ ઉઠો બેહુ પરધાંન મૂખ કર પાએ પંખાલી કરો ધરમ આચાર ॥ ૧૭૦
પરથમ અસ્વને જવ હરી ચણાં નીરેઆં ચાર ।
જલ પાઇને તેજી બાંધેઆ ઠારનાં ઠાર ॥
મવેઆંન નમે દીન પોહોર રહેઓછેજ ખરો ।
ઉઠો અમ પરધાંન દેવરજી તમો આંહાં ભોજન કરો ॥
ખાજાં લાડુ જલેબી ઘેવરછેજ શાર[1] ।
મેવા મીઠાઇ ખુઆન ભરી ભરી મેલેઆં તેઆર ॥
એકસેટ શારણ તાંહાં બાહાસેટ હુઆ પલેવ ।
માંખણ ઘીહી તાવેઆં તાંહાં ખાંણમાં ઓશાઈ જીણી શેવ ॥
શાલ દાલ પરીશી તાંહાં ઉપર ઘીહીની નાલજ દીધી ।
જનશા જનશી આચાર તેહેની એમ વેવખજ કીધી ॥ ૧૭૫
તાંહાં એ સુંદરીએ સરવ ભોજન સંજોગ કીધી સજાઈ ।
રંગ બેરંગ મએ તે પેઆલે ભરી ભરીને પાઈ ॥
તાંહાં સરવ ભોજન એમ શંજોગ કીધી ।
ખુઆંન ભરી ભરી બેહું વંચે એમ મેહેલી દીધી ॥
તે બેહુએ સુકરાંનો કીધો પાક પરવરદેગાર ।
એ બેહુએ એ શેકાર પરઠીએ અરધોઅરધ તે કીધો આહાર ॥
સરવ આહાર કરી મુખ પંખાલી રોમાલે લુછેઆ હાત ।
શ્રી હોરમજદ આગલ સુકરાંનો કરી એમ કરવા લાગા વાત ॥

---

[1] હિયાં જે પકવાંનનું વર્ણન કરવામાં આવ્યું છે તે ઇરાંનીઓનાં ખાંનાંને મલતુ નથી; પણ હિંદુઓનાં ભોજનને મલતુ છે.

તે શૂંદરીએ ભોજન સંજોગી જમાડી તંદરૂસ્ત કીધા ।
તે આપ સુંદરીએ તેહેને જોડ જોડ સરપાવજ દીધા ॥
તાંહાં તે પાક સુંદરીએ બે દસ્તાર જોડ કાહાડીને દીધા ।
તે બેમૂલ દસ્તાર ગોદરજ તુશને સીસપર બાંધી લીધા ॥
તેશીશ દસ્તાર જરતાર જાંણે ગોહરે ઘહડી ।
તે દસ્તાર વચ એક એક કલગી ઓશી જડત જડાવજ જડી ॥
વાલી એક એક ગોશપેચ દીધા બેબાહા શાર ।
તે પાક શુંદરીએ દીધા જાંણે પાદશાહાવાર ॥
જરજરી જરબફતી જાંમાં દીધા સૂર ચંદ જોતજ જોતે ।
જરજરી જરબફતી પટકા દીધા તે આપ સુંદરીએ પોતે ॥
ગોહરબફત થૂરમાં શાલ તે જોડ જોડજ દીધી ।
આપ ચતુર બેહુ પરધાંનને તાંહાં ઓહોરાડી લીધી ॥
દોશાલા જોડ ઓહોડી ગોશપેચ તે બાંધેઆ હોસી ।
બેહુ સીસ કલગી તે બેવર લખ ગહવેરની ઓસી ॥
જડત જડાવનાં ખંજર જોડ દીધાં જાંણે જાબુલી ।
તે બેહુકર એકએક અંગોસ્તરી દીધી જાંણે કાબુલી ॥
એકએક ગરૂજ તે કર દીધા જડત જડાવનાં શાજ ।
તે બેહુ ચતૂર પરધાંન મનમાં ઘણો એમ કરે નાજ ॥
ગુલ ગોલાબ અગર ખુસબો લગાડી ખાસ ।
મુશક અંબર અતર મજમરનો તાંહાં એમ કીધો વાશ ॥
ગુલ ગોલાબ મોઘર ફૂલ દડા તે દીધા હાત ।
એ બેહુ ચતૂર પરધાંન ઘણુ થાએઆ રલીઆત ॥
તાંહાં બહને ઘોહોડાને તે એમ સણગારજ કીધા ।
જીન શાજ જડત જડાવનાં તે કુદરતી દીધા ॥
તે બને અસ્વ સીસ કલગી દીધી જાંણે બેવર હજાર ।
તે બેહુ અસ્વ સણગારેઆ જાંણે પાદશાહાવાર ॥

ગોદરજ તથા તુસ સુંદરીની મેહેમાંનીથી ખુશી થયા અને ઈરાંણ જવાની તઈઆરી કીધી.

તાંહાં બેહુ પરધાન મન હરખે ઘણું થએઆ રલીઆત ।
તાંહાં સજદો સલાંમ કરીને આપ એમ જોડેઆ હાત ॥
એક ધણી નામ શાંભરીને આપ ઘણુંજ. વખાંણી ।
તુ બહુ ગુણવંતી આંહાં સતની ધનીઆંણી ॥

એ સતવંતી અમ તહમારો આંહાં હોકમજ પાલું ।
તમો ફરમાઓતો એ તખ્તરવાં અમો બને ઊચલી ચાલૂ ॥૧૯૫
તાંહાં સુંદરી તે મૂખ મરકલીજી કરી મનમાં થાઈ રલીઆત ।
ધર પરધાંન દેવર તખ્ત ઉચલે એ કાહાં શરજી છે વાત ॥
શાબાશ તમો ચતૂર પરધાંન જે અમને આંહાં દીધું માંન ।
તાહાં આપ શરવ શાચવી બેહુને દીધા બીડા પાંન ॥
હોકમ કીધો હવે આંહાં તમો વેલમ મો કરો કાર ।
તંમ બેહુ ચતૂર પરધાન જુલા થાંઓ અશવાર ॥
તાંહાં તે સુંદરી સતવંતીએ એમ હોકમ રજા દીધી ।
તાંહાં તે બેહુ પરધાંને તરત અસ્વારી કીધી ॥
એક થનક થનક કરતો કુમેદ અસ્વ આગલ આએઓ ।
તે અસ્વ સીહાને કોએ નથી ધરેઓ ને નથી શાહેઓ ॥ ૨૦૦
તે અસ્વ શાજ દેખી બેહુ ચતૂર હેરાંનજ થાએઆ ।
હોટ મુખમા લેઈ કર સલાંમ સીસસુ લાએઆ ॥
તે અસ્વ શાજ કલગી અમો બેહબાહા કરીને જાણું ।
નવ અબજગ નવ કરોડ નવ લાખ નવ હજાર નવશેહે નેવાણું ॥
તે અસ્વ સીહા થનક થનક તખ્ત આગલ કોતલ થાએઓ સહી ।
તખ્તરવાં તે અતરંગ ચાલે હેરાંનજ રહેઆ અમ જોઈ ॥
તે બેહુ પરધાન તખ્તરવાંને પાશે આવી ।
એક રહેઓ જમણી ને બીજો રહેઓ ડાહાવી ॥
તખ્તરવાં આગલ કોતલ ઇરાન શેહેરપર ચાલે ।
એ બેહુ પરધાન હેરાન થાઈ એ તખ્તરવાંપર ભાલે ॥ ૨૦૫

ઇરાંન શેહેરનાં કોટનાં બુર્જ ઊપરથી પાસબાંને ગોદરજ તુસ તથા સુંદરીને આવતાં જોઈ કએકાવુસને ખબર પોંહોંચાડી.

ઇરાન નગરી ચોકીબાંને શાહા બરૂજથી જોએણ ભાલી ।
સોઆર જોડ કુમેદ કોતલ તખ્તરવાં અતરંગ આવેચ ચાલી ॥
તે દેખી સરવ અચરત હેરાંનજ થાએઓ ।
ચોકીબાંન તે શાહાંનશાહા આગલ ખબરેજ આએઓ ॥
તાંહાં શાહા આગલ સજદો સલામ કરીને જોડેઆ હાત ।
તે તખ્તરવાંની શરવ સહ્મજાવીને કહી વાત ॥
એ રાએજી એ અસ્વ કૂમેદ તખ્તરવાં આગલ કોતલ થાએઓ ।
તે અસ્વ શીહાને કોએ નથી ધરેઓ ને નથી શાહાએઓ ॥

તે અસ્પ સીહાનો સાજ દેખી શરવ હેરાંનજ થાએ ।
તે શીસ કલગી સંનમૂખ કોઇથી નહી જોવાએ ॥ ૨૧૦
તે તખ્તરવાંને જડત જડાવનો એમ કીધોછે શાજ ।
તેણે કેઆંનીનાં શીસપર એમ ધરાવેઉછે તાજ ॥
તે તખ્તરવાંપર એક નાર અત સુંદર શારજ દીઠી ।
જમણે કર તે જુહુમણુ શાહી બેઠી દીઠી ॥
એ રાએજી તે તખ્તરવાં તે અતરંગ ચાલતું દીઠુ અહમે ।
એ રાજસભા સરવ શાચ તે માંનજો તહમે ॥
એ વાત તંમ સરવ સભા મંનને સાચી લાવી ।
બે સોઆર એક જમણો ને બીજો આવેચ ડાહાવી ॥
ચોકીબાંને તે સરવ શબદ સહમજાવીને કહેઆ ।
રાએ સભા શાંભલીને સરવ હેરાંનજ થએઆ ॥ ૨૧૫

કએકાવુસ તથા તેનાં દરબારીઓ તે સુન્દરીને ઇસતેકબાલ ગયા તથા નવા શજમોહોલમાં ઊતારો આપયો,

રાએ મંન હરખ ઉપનેઓ એ શાંભલેઉ કાંન ।
સરવ સભા સનમૂખ જાઇ હરખે ઘહણું દેજો માંન ॥
સરવ રાએ સભા ઇરાંન પાદર તાંહાં ઊભા જાઇ ।
સરવ ઈરાંન નર નારી તમાશો જોવા આવેઆં ધાઈ ॥
રૂસતમ જાલ શરવ સભા સંનમૂખ આગલજ થએઆ ।
એ નવી અજબ અચરત વાત તે શરવ જોવા આએઆ ।
તખ્તરવાં આગલ એક કૂમેદ કોતલ તે દીઠો દૂર ।
તેહેની સીશ કલગીથી એમ વરશવા લાગુ નૂર ॥
તે અસ્વ સીહાની ઘુઘટ ઇઆલ થનક.થનક દીઠી ચાલ ।
સરવ ખલક અજબ થાઈ કર લગાડેઓ જમને ગાલ ॥ ૨૨૦
શોલે સણગારમાંહાં શોહીએ જેમ સીસજ ટીકી[1] ।
એ તખ્તરવાં આગલ કૂમેદ શોહીએ જેમ નેનમાં કાજલ કીકી ॥
તે તખ્તરવાં અતરંગ લેહેરે લેહરજ આવે ।
ઇરાંની નર નારીને તે તખ્તરવાં એમ જોવા ભાવે ॥

---

[1] બીજી નકલમાં એ શ્લોકનાં પ્રાસ તથા અનુપ્રાસ 'ટીકી' ને બદલે 'કીટી' અને 'કીકી' ને બદલે 'શીટી' છે.

તે તખ્તરવાંપર એક માહા લખ્મી બેઠાં જુહુમણુ શાહી ।
તે દેખી સરવ નર નારી રહેઆં અજબ હેરાનજ થાઈ ॥
તે દેખી રૂસતમ જાલે શ્રી એકનો શુકરાંનો કીધો ।
જમણો કર તે તાંહાં આપ એમ મુખપર લીધો ॥
તાંહાં ભર સભામાંહાં તે આપ એમ ગનેઆંનજ કહી ।
જે આપ ધણી કુદરતમાંહાં કઇ ઓછ નથી રહી ॥ ૨૨૫
જેમ નવખંડ પરથવીમાં તે જમશેદ તખત ચાલતૂ ખાશ[1] ।
હફત કેશવર જમીનનો તે તાંહાં આપ લેતા તપાશ ॥
જેમ ફરેદૂન બંધમે કુટ કરી ડુંગરપરથી એક સલેઆ નાંખી[2] ।
તે મણનાં શેહશ સલેઆ આપ હોરમજદે એમ અતરંગજ રાખી ॥
તે આજ તાંઈ અતરંગ સરવ જાઇ જૂએચ શાખી ।
એ આપ ધણીએ આપ કુદરતમાં કાંઇ ઓછ નથી રાખી ॥
તે તખ્તરવાં અતરંગ ઇરાંન આગલ આવી ।
તાંહાં તુસ જમણી ને ગોદરજ હૂતા ડાહાવી ॥
તે શરવ ઇરાંનીએ માહા લખ્મીને માંન ઇજત દીધી ખાશ ।
સરવ સજદો કરી હાત જોડી ઉભા તે તખ્તને પાશ ॥ ૨૩૦
શરવ ઇરાંની તે તખ્ત આગલ થાએઆ ।
સરવ હરખ ઉલટે તે રાએ દરબારજ આએઆ ॥
તાંહાં રાએ રાએઆંએ નવો મોહોલ ઉઘડાવેઓ ખાસ ।
તે નવા મોહોલમાં તખ્તરવાં સુંદરીને દીધો વાસ ॥

---

1 મહૂમ ફિરદોસી તૂસીનાં બનાવેલા શાહનામાંમાં પણ એહેવું બે-યાંન છે કે શાહા જમશીદે એક ઉમદા તખ્ત બનાવ્યું હતું અને જ્યારે તેની ઇચ્છા થતી ત્યારે તે દેવો પાશે ઉચકાવીને હવામાં પોતે મુસાફરી કરતો હતો. 2 પાદશાહ ફરેદુન જ્યારે જુહાક શાથે લડાઈ કરવા ગયો ત્યારે એક દીવસે પાહડની કઢણમાં પોતાનાં લશકર સાથે મંજેલ કીધી. રાતનાં ખાંનું ખાઇને શુતા પછી સરોશ ફરેશતો ખોદા તરફથી ફરેદુનને કંઈ પેગાંમ કેહવા આવ્યો અને તે તેને કહીને ગેબ થઇ ગયો. આ બનાવ જોવાથી ફરેદુનનાં વડા બે ભાઇઓને તેનો દરજ્જો પોતાનાં કરતાં ઘણો ચડતો જોવાથી અદેખી ઊતપન્ન થઈ; તેથી તે બંધે જણાંએ સાથે વિચાર કરીને પાહડ ઉપર જઇને ત્યાંથી એક ભારી પથ્થર જ્યાં ફરેદુન શુતેલો હતો ત્યાં નાખ્યો કે તેથી તે દબાઈ મરે પણ પથ્થરનાં ગગરાટથી ફરેદુન જાગી ઊઠયો અને તુરતજ પેલા ખોદાઈ પેગાંમ લાવનારે શિખવેલું મંત્ર ભણ્યો જેથી પેલો ગગરતો પથ્થર અટકી પડયો અને શાહ ફરેદૂનને કસું નુકસાંન નહી થયું.

તે ફૂમેદ દીઠે રાએ મન ઘણું હરખ ઉપની આએઓ ।
જે એ રણજીત અસપ અંમ ઘર ચાલીને આએઓ ॥
રાએ તખતરવાં એમ અતરંગ ચાલતૂ દીઠુ ।
તેહારે "અહુરમજદાંમ અહુરમજદ" નાંમ લીધું મીઠુ ॥
આપે આપ જહરૂએથી એમ અતમાંમજ કીધો ।
નોરાજ મોહોલમાં સુંદરીને મોકાંમજ દીધો ॥
તાંહાં મુહૂરત પૂછવા મંગાવેઆં માંણક ને મોતી ।
મોબેદાંન મોબેદની તે આપ વધાવી પોથી ॥
અસપંદારમદ માહા ને અરદ રોજ નાંમ ।
લગન વેલા આપ સૂંદરીએ તાંહાં એમ કીધો મોકાંમ ॥
રાએ આપ બેહુ બેહેનને મોકલી તે સુંદરીને પાશ ।
તમ તાંહાં હાજર રહી રાત દંન તેહેનો લેજો તપાશ ॥
ગોદરજ તુસ તહ્મારી ઘર નારને મોકલો તે સુંદરીને પાશે ।
ચંદરોજ તેહેની શાથે રાખો તહ્મે તે મંદર મોહોલને વાશે ॥
તમ કર શરવ ભંડાર તે તમ સરવ ઉઘાડીને લેજો ।
જે જોઇએ તે તમ તાંહાં સરવ મોકલીને દેજો ॥
રાએ શોહો પચાશ દાશી મોકલી તે મોહોલને ઠાંમ ।
જાઓ દાનાવ દાસી તે ફરમાએ તે તંમ કરજો કાંમ ॥
ગોદરજ કેશવાદને તે એમ હોકમ કીધો ખરો ।
હોશીઆર થાઈ એ મોહોલને આસપાશ તે તંમ ચોકી કરો ॥
શરવ ઈરાંની તે ઘર ઘર જાઇને હરખે એમ કરેછે વાત ।
એ સુંદરી સખી મનને લાવી હરખે ઘણાં થાએ રલીઆત ॥
એ તખતરવાં અતરંગનું તે સૂં કહીએ ભાઈ ।
એ અસ્વ ફૂમેદ તે કોણે કીધો હોશે ઉપાઈ ॥
એ અભરણ સણગાર તે કોણ શોનીએ કીધો હોશે ઘડી ।
એ જડત જડાવ તે કોણ જડીઆએ દીધો હોશે જડી ॥
એ અણશાંભલી અણદીઠી અમ મંન અજબજ લાગે ।
એ આપણ ઉમી અજાંણ લોકની ભરાંત તે કેમજ ભાગે ॥

કએકાવુસે ઈરાંન શેહેરમાં તે સુંદરી વિષે ધંધેરો ફેરવ્યો.

એ ખલક મૂખ વાત તે રાએ રાએઆંજીને ખબરજ થાઇ ।
રાએ મંન ખેરી એ વાત ચીતમાં વશી જાઈ ॥
રાએ રાએઆંજીએ તે શપરભાતે કચેરી જોડી ।
તાંહાં દલેર ગેવ ગોદરજને તે તાંહાં આપ બોલાવેઆ તેડી ॥

શાંભલો ગેવ તમ ઢોલ વજાઈ ઈરાંન નગરીમાં તે ફેરવો આંણ ।
હર રસતે રસતે ઘર ઘર તે તમ કરાવો જાણ ॥
કોઈની વોહુ બેટી કોઈ લેઈ ગએઓ હોશે શાહી ।
એ અભરણ શણગાર પેહેરાવીને રાખી હોશે વાહી ॥ ૨૫૦
ગોદરજ તૂસને દેખી તે ગએઓ હોશે નાહાશી ।
તમ તહ્મારી વોહુ બેટીને લેઇ જાઓ તપાશી ॥
નોરાજ નવા મોહોલમાંહે અનાંમત રાખી છેઉ અહ્મે ।
તમો માત પીતા સાસુ શશરા તપાશી લઇ જાઓ તહ્મે ॥
ગેવ ગોદરજ તે ઢોલ વજડાવીને ફેરવી આંણ ।
શરવ ઇરાંણ ઘર ઘર તે શંભલાવી એમ કીધી જાંણ ॥
સરવ શાહાનશાહાની કરવા લાગા વખાંણ ।
વાલી અણસોહાત મનને તે ઘહનીજ હાંણ ॥

કએકાવુસે બીજા શોહેરોમાં એ સુંદરી વિષે એલચીઓની મારફતે તલાશ કરાવી.

રાએ મોબેદાંન મોબેદ તે બોલાંવેઆ પોતાની આગલ ।
નવખંડ પરથ્વીમાં ફરમાંન લખાવેઆં કાગલ ॥ ૨૫૫
પરથમ લખો તંમ એક અહોરમજદનું નાંમ ।
વલતી ફરમાંન તે આપ લખાવેઉ આંમ ॥
ગોદરજ તૂસ બહને આપ ઇઆરજ થાએઆ ।
તે બોલબંદી કરી આપ શેકાર જંગલ જાલજ ગએઆ ॥
તે બોલબંધી માફેક એમ કીધો હુતોજ કરાર ।
જે શેકાર જડે તે આપણ એમ અરધોઅરધ તે કરવો આહાર ॥
એ પરઠણ કરી ગએઆ આપ સેકાર ગઃહા ।
તાંહાં જાઈ બેહુ જણ આપ એમ કરવા લાગા નેગાહા ॥
તે ઇરાંન જંગલ જાલમાંહાં એક ગુલજાર બાગજ દીઠી ।
તાંહાં તખતરવાંપર એક સુંદરી બેઠી દીઠી ॥ ૨૬૦
તેણે શોલ સણગાર અભરણ પેહેરેઓછે ખાશ ।
તાંહાં ગોદરજ તૂસ જાઇ ઉભા તે તખતરવાંને પાશ ॥
તે તખતરવાંની મજમૂન સરવ લખી લીધી શહી ।
રાએ એહેદી એલચીને તે આપ બોલાવી લીધા કહી ॥
રાએ એહેદી એલચી બોલાવેઆ પોતાની આગલ ।
અસ્પ શાંહાંડ પલાંની તરત ચલાવેઆં કાગલ ॥

ફરમાંન આપેઆં એહેદી એલચીને હાત ।
તેહેને તરત ચલાવેઆ સરવ સહ્રજાવી વાત ॥
હર નગર નગરી સરવને જાંણજ થાઈ ।
ફરમાંન લાવેઆ એહેદી એલચીની આગલ જાઇ ॥ ૨૬૫
હર હર નગર નગરીનાં રાએ રાણાં ફરમાંન સાંમણાં આએઆ ।
એહેદી એલચીને માંન દેઇને શેહેર નગરીમાં લાએઆ ॥
તાંહાં શરવે શલાંમ કરી ફરમાંન શીશપર તે બાંધેઆ ઠાંમ ।
તાંહાં ચોરે બેશી ઇજત માંનસુ વાંચે આંમ ॥
તે ચોરે બેશી સરવે ફરમાંનનાં વાંચેઆં કાગલ ।
તે ફરમાંન મજમુન વાંચી તાંહાં શરવની આગલ ॥
જે ગોદરજ તૂસ તે બહને ઇઆરજ થાઇ ।
ઇરાંન નગરી તે શેકાર ગએઆ ધાઇ ॥
તે શેકાર ગાહામાહાં તાંહાં એક ગુલજાર બાગજ દીઠી ।
તાંહાં તખતરવાંપર એક સુંદરી બેઠી દીઠી ॥ ૨૭૦
તે ગોદરજ તૂસે તે તખતરવાંપર જોએઉ ભાલી ।
તે બેહુ ચતૂર ગએઆ તે તખતની આગલ ચાલી ॥
તાંહાં બેહુ પરધાંન ઘણું થાએઆ રલીઆત ।
હંશમૂખ કરી તેહેને તાંહાં શરવ એમ પુછી વાત ॥
તેણે વગત વાત તે શરવે સહ્રજાવી કહી ।
તાંહાં બેહુ પરધાંન ઘણુ રલીઆત થાએઆ શહી ॥
તે ગોદરજ તૂસ તાંહાં ઘણુ રલીઆએતજ થાએઆ ।
તે તખતરવાં સૂંદરીને ઇરાંન શેહેરમાં લાએઆ ॥
તેહેને નોરાજ મોહોલમાં અમ મોકામજ દીધો ।
તાંહાં તે સુંદરીએ રાજમોહોલમાં વાસજ કીધો ॥ ૨૭૫
અમ આંહાં ઇરાંન નગરીમાં તે ફેરવીછેજ આંણ ।
શરવ ઘરઘર અમ આંહાં કીધીછે જાણ ॥
વાલી નવખંડ પરથવીમાં તે અમ ફેરવાવીચ આંણ ।
તે શૂંદરીની અમ ઘર ઘર કીધીછે જાંણ ॥
એહેનાં માતા પેતા સાસૂ શશરો ને હોએજ માશી ।
આંહાં આવી તમ તહ્માંરી વોહૂ બેટીને લઇ જાઓ તપાશી ॥
નોરાજ મોહોલમાં અનામત રાખીછેઉંજ અહ્મે ।
એહેના માતા પીતા આંહાં આવી તપાશી લેઈ જાઓ તહ્મે ॥
એ ફરમાંન મજમૂન સરવે શાંભલી સારી ।
એ તખતરવાં સૂંદરી લાગી ઘણું પેઆરી ॥ ૨૮૦

એ ફરમાંન મજમૂન સરવે પરછવીને લીધાં ।
ઇરાંન સંનમૂખ્ય રહી સરવે કએઆંની શાહાને સલાંમજ કીધી ॥

શાહા કએકાવુસે તે સુંદરી વિષે પોતાની દરબારમાં વાત ચલાવી.

હવે કએઆંની કાઉશ ભર સભામાં એમ આપ ચલાવી વાત ।
એક કર સીને બીજો આપ લંબાવેઓ હાત ॥
સાંભલો સભા શરવે એક ગોસ્ટ અહમારી ।
જો અમ એ સાચ વાત તે ખાતર આવે તહ્મારી ॥
અમ આપ મનસુ એ એક ગોસટ તે કથી કથી ।
એ આંહાં જાંણુ કીધાની કાંઇ ફીકર નથી નથી ॥
અમ નવખંડ પરથવી જાંણુ કીધીચ તે એટલા કાજ ।
આખર કએઆંની કુલને ખાંપણ નહી લાગે લાજ ॥
કાંએજે અણદીઠી અણશાંભલી કોએ મનને સૂજ આહાંણે ।
અજાંણેઆં લોક તે એ ગેબીને શું કરીને જાંણે ॥
ચતૂર ધરમી ધણી કુદરતને તે શાચ કરીને જાંણે ।
સૂકર કરીને મંનને હરખ ઉલટ ઘણુંજ આંહાંણે ॥
અકરમી અભાગીઓ તે મનને ગેરજ આહાંણે ।
નઇનાં ધોલી મોહ મચકોડી હોટજ તાંણે ॥
અણસોહાંત તે પીઠ પાદશાહાની એમ કરે વાત ।
કે ગોદરજ તૂસે કએઆંની પાદશાહને દીધી ધ્રાહાત ॥
કોએની વોહૂ બેટીને આપ લેઈ ગએઆ શાહી ।
તાંહાં આપ અભરણ પેહેરાવીને તે રાખી વાહી ॥
એ તલેશમગારા એ તખતરવાં તે એમ અતરંગજ લાવે ।
એક અસપ સીહા તે થનક થનક કોતલ ચલાવે ॥
ભોલા રાએ તે ખૂબસૂરત મૂહુરતને જાંણી
તે આપ મોહોલ અંદર તે એમ લીએચજ તાંણી ॥
નવા મોહોલમાં એકંત રાખીછે તે એટલાજ કાજ ।
જે કોએ પશ ગેબત કએઆંનીને લછંણુ નહી લાગે લાજ ॥
હર નગર નગરીમાં ઢોલ વજડાવીને ફેરવુંચ આંણુ ।
જેહેની હોએ તે લેઇ જાઓ એ ખબર કરાવુચ જાંણુ ॥
જો એહેને હૂ મોહોલ અંદર મોકાંમ દેત ન આજ ।
તો કએઆંની કુલને ખાંપણ લાગે લાજ ॥
સનમૂખ મારે તેહેનાં ધસી હાત સહવાએ ।
પણ પસ ગેબત બોલે તેહેની કોઇથી જીભ નહી ધરાએ ॥

અધમ ઈતર પીઠ પાદશાહાની ગેબત બોલે ।
તે અધરમી આહારેમન જેઆંગારને તોલે ॥
અશો અરજાંનીઆં કોએની ગિબત તે મનને નહીજ આહાંણે ॥
તે ધણી ધરનો ધરમ શાહાસ્તર શાચ કરીને જાંણે ॥
રાએ ગુણ એ જે સરવ સીલે સભાવ સરવ કરે કાંમ ।
આંહાં ઉતાવલ કીધે એ કએઆંની નાંમ હોએ બદનાંમ ॥
કાલ કદાચ એહેનાં માતા પિવા કોઇ આંહાં ઉલટીને આવે ।
એહેના શાસુ શશરા અમોપર એમ દાવો લાવે ॥
જો અમે તેહની તરતની આંહાં દાદ ન દેઉં આજ ।
તો અમ કએઆંની કુલને આંપણ લાગે લાજ ॥
જો તરતની તરત મોહોલમાંથી કાધી દેઉચ આજ ।
તો કોઇ લોકની હંશી ફીટ ફીટની અમને લાગે લાજ ॥
એ અમને અંધારી અટક કેઆશીલે ।
અમ કએઆંની કાઉશ એ દુખ કોહોણી આગલ કેહે ॥
એમ કએઆંની કાઉશ શરવ સભાને મનની કહી ।
તાંહાં સરવ સભાએ તે એ વાત તે શાચી માની શહી ॥
તાંહાં રૂસતમ જાલે તે હાત જોડીને એમ કીધી વાત ।
એ પાદશાહા તમ દો આતશી ધરાવોચ કરામાત ॥
તાંહાં શરવ સભા એમ કેહેવા લાગા ।
શ્રી હોરમજદે દીધીચ તમને એમ અગમ આધાહા ॥
સરવે શુકરાંનો કરી શ્રી હોરમજદનું તે લીધું નાંમ ।
સરવ શભા ઉઠી રાએ રાંએઆંજીને એમ સજદો કીધો સલાંમ ॥

પરદેશ મોકલેલા એલચીઓ સુંદરીની તલાશ કરી દરબારમાં પાછા આવ્યા.

એહેદી એલચી તે રાએ દોઆર તે ફરી આવેઆ ચાલી ।
અરજ વીનતી તે લખાવી લાવેઆ શહાલી ॥
અરજ વીનતીમાં પરથમ લખેઉં એક ધણીનું નાંમ ।
વલતી પાદશાહાજીને અરજ વીનતી લખી તમાંમ ॥
મોબેદાંન મોબેદ આવેઆ શાહા કાઉશ આગલ ।
અરજ વીનંતીનાં સરવ વાંચી શહમજાવેઆં કાગલ ॥
એ પાદશાહાજી અમ ફરમાંન મજમૂન શાંહાંભલી વાત ।
અમો શરવ મન હરખ ધરી થાએઆ રલીઆત ॥

એઁ રાએ રાએઆંજી એ ઊપમાં તમને કેરતારે એમ દીધી જોઇએઁ ।
એ ગેબી નાર ભાએગવંતી તે તંમ ઘેરજ શોહોઇએ ॥
આપ કેરતાર તમ છતર છાએઆ જોએચ ભાલી.ભાલી ।
એ તમ ઘર માહા લખમી તખત બેઠાં આવેઆં ચાલી ॥
એ કએઆંની રાએ તંમને શ્રીજીએ ઊપમા દીધો ।
એ રણ જીહીત કૂમેદ અસપ તંમ ઘર બેઠાં દીધો ॥
તમપર માહા ગનેઆંની તરૂસટમાંનજ થાએઆ ।
થોરા દાહાડામાં પરથમ તમો નવ ચોકીઆ મોહોલ ઉપાએઆ ॥ ૩૧૫
એ સૂંદરીને તમ નવચોકીઆ મોહોલ મોકામજ દીધો ।
એ રાએ રાએઆંજી તમને આપ કેરનારે એમ પેઆરો કીધો ॥
એ માહા રાજાજી તંમપર એ માહા ગનેઆંની તરૂસ્ટમાંનજથાએઆ ।
આંહાં તમને અગમઆશ્રા દીધી જે નવચોકીઆ મોહોલ ઉપાએઆ ॥
સરવસરે એક મોહોલ કીધો તાંહાંછે તખતને તાજ ।
તે મોહોલ જરી શણગાર એ પવીતર સૂંદરીને કાજ ॥
એ રાએ રાએઆંજી તમ ગનેઆંન શાંભલી અંમ હેરાંનજ થાઉ ।
અમ એક ધણી કૂદરતપર કુરબાંન કુરબાનજ જાઉ ॥
તો કેહેશ એવ ગનેઆનવાંન ભવ । તો સૂરજ એવ પ્રભાવવાંન ભવ[1] ॥
તો ચંદર એવ માહા બુખતાર ભવ । તો શુકીરતવાંન શરવ શેહેશારક વહ ॥

---

[1] એ સંસ્કૃત શ્લોકો સંસ્કૃત આશિર્વાદ મધેથી લીધેલાછે એઓનો અર્થ આ પ્રમાણે છે:—તું કએકાવુસ જેવો માનવાન, સૂર્યનાં જેવો પ્રકાશિત અને ચંદ્રનાં જેવો બખશેશ કરનાર થજે અને નાંમદાર તરીકે રહી સઘલો સંસાર ચલાવનાર થજે.—સંસ્કૃત આશિર્વાદમા છેલ્લો શ્લોક "ચંદ્ર એવ વિભકતા ભવ, જરથુસ્તર એવ સુકીરતવાંનભવ"—એ પ્રમાંણે છે તે પાજંદ આશિર્વાદનો બરોબર તરજુમો છે. અને તેમાં "માહબોખતાર" ને બદલે 'વિભકતા' છે તે બરોબર છે. અને તેનો અર્થ મેં ચંદ્રનાં જેવો બખશેશ કરનાર કર્યોછે; કેમકે તે વિષે એહેવી એક દંતકથા છે કે આગલા ઇરાંણીઓનો એહવો વિચાર હતો કે અમાસને દાહડે ચંદ્રમાહ દેખાતો નથી તેનું કારણ એ છે કે આદમીઓને આખા મહીના સુધીનો ફાયદો પોહોચાડવાને શારૂ તે ખોદાતાલાની દરગાહમાં તે લેવા જાએછે અને તાંહાંથી તે લાવીને ચાંદરાતને દીવસે લોકોને બક્ષેછે. એટલાજ માટે માંણસો ચંદ્રને દીવસે તેને જોવાને ઘણાં આતુર રહેછે કે તેનાં જોવાથી તેઓ આખા માસની રોજી તથા ફાયદો મેલવે. હિંદુઓ પણ એહવું માંણેછે કે દેવતાઓ જે અમૃત ખાએછે તે અમાસને દીવસે ચંદ્ર જઇને તેમને લાવી આપેછે. ●

તંમ ધરમ આધારી સૂધ આચારી પરોપકારી ।
સરવ સેહેશાર સુકીરતવાંન બોલે તાહારી ॥
તમ પર દૂખ ભંજણ શરવ શેહેશારને દીધુ સૂખ ।
તમથી નવખંડ પરથવીનાં સૂખ પામેછે રૂખ ॥
શરવ જંગલી ચરંદાં પરંદાં જવ હરી ચણાં ચરે ચાર ।
તે શરવ પરથ્વી રાંન હરી દાંણાં મીઠાઇ વીખરેચ ઠારેઠાર ॥
તે શરવ પંખેરૂ પરંદાં ચરી ચરીને એમ કરે વખાંણ ।
હર હર જંગલ જાએ તંમ મીઠાઈ મૂકાવેચ ખૂરાખાંણ ॥ ૩૨૫
આમ ફૂરખાંન ફૂરખાંન છઉં તમ શાહાનશાહી ।
તમથી શરવ શેહેશાર શમંદર સૂખ થાએ મછ કછ ને માહી ॥
તમ કએઆંની રાએ ગુણ એજે આપ દએઆપાલ ।
તહ્મારા રાજ તાજ રખણીછે રૂસ્તમ નેં જાલ ॥
તે જેહાં પેહેલવાંન આપછે તે જેહાંન બખશ ।
એ જેહાંનમાં આપ આપનો રાએ એ નખશ ॥
શી હોરમજદે તેને મરતબો ઘણો મોહટોજ દીધો ।
એ જેહાંનમાં તેને આપ જેહાંન પેહલવાંનજ કીધો ॥
તેહેને આપ કેરતારે બલ બાજૂ બાંહે દીધી ।
નવખંડ પરથવી તેણે પાક પવીતરજ કીધી ॥ ૩૩૦
તેણે રાખશ દઇત તે શરવ મારેઆ ઠાંમ ।
વાહધ વરૂ અજદાહાનૂં નહી રાખેઉં નાંમ ॥
તે શીશ કર આપેઆપ એક કીરતારે થાપી ।
આપ કીરતારે તંમ તન બલ બૂધ અત ઘણી આપી ॥
શરવસરે શેહેશારમાંહાં તે કર આપ ધણીએ દીધી જીહીત ।
શરવ મનીશ ચરંદા પરંદાં જંગલી જાહડ છેજ નંચીંત ॥
શરવશરે આપ કેરતારે બુલંદ મરતબજ દીધો ।
તે બલવંત નરને તે પરથ્વીનો રખણીજ કીધો ॥
“ તે ખોદાવંદ સમશેર ગોપાલો રખશ[1] ” ।
“ જેહાં પેહલવાંન રૂસતમે તાજબખશ ” ॥ ૩૩૫

---

[1] એ ફારસી બેત શાહાનામાં ઉપરથી લીધેલી લાગેછે. અર્થઃ— તે જેહાંનનો પેહલવાંન તાજનો બખશનાર રૂસ્તમ તલવાર ગુર્જ અને રખશનો સાહેબ છે.

એ રખશ ગરૂજ ને તરવારનો એ મરતબો દીધો એક ધણી
તાંહાં કએઆંની સીશ તાજ ધરાવે તાંહાં એકે રખણી ॥
પંચરથી ફૂઆદો તે શેહાઇ તલાવ ભૂમી કાગલજ થાએ ।
ઈરાંન રાંને કાસ્ટ લેખણ કરોતો કેઆંની પેહલવાંન ગુણ નહી લખાએ ॥
એ રાએજી તંમ અમપર મેહરબાંની તે એમ કીધી જોઇએ ।
લગન વેલા તંમ માહા લખ્મી દરશણ અમ જોઈ મોહીએ ॥
શ્રીફલ ફોફલ અંમ તંમ દરસણ પાએ લાગુ આપેઆપ ।
એ માહા લખમી દરશણ કીધે પૂન લાભ હોએ ને મીટે પાપ ॥
એ અરજ વીનતી વાંચી શરવ સભા બેઠી તાંહાં રૂસતમ ને જાલ ।
તાંહાં રાએ પેહલવાંન બેહૂ હોટ વલા થાએઆ ગાલ ॥ ૩૪૦
એ વીનતી શાંભલીને સરવ સભા રલીઆએતજ થાઈ ।
રાએ રાએઆંજીએ ફરમાઈઉ જે તમ વેહેવાહાની માંડો સજાઈ ॥

કએકાવુસે તે સુંદરી સાથે શાદી કરવી.

એ શાંભલી રાએ રાએઆંની તાંહાં એમ મૂખજ વાંણી ।
તાંહાં રૂસતમ જાલે મનને ઘણુ હરખજ આહાંણી ॥
તેહારે રૂસતમ બોલેઆ એ શાંભલો તમ તૂસજ ભાઇ ।
તંમ એ સૂંદરીને લેઇ આવેઆ ઈરાંન જંગલ જાઈ ॥
એ તૂસજી તમ એહેનાં આંહાં માતાને પીતા થાઇ ।
એ રાજ મોહોલમાંહાં એહેનાં વેહેવાની તમ કરો શજાઇ ॥
અરદીબેહેશત માશને અરદ રોજ છે આજ ।
તમ કએઆંનીએ કએઆંની "બેતીઓદથંમ"નાં તે કરવાં કાજ ॥ ૩૪૫
મોબેદાંન મોબેદને તે વધાવેઆ માંણક હીરાને મોત ।
રાશે રાશ તોલ મેલવી લીધો આવી દીવા જોત ॥
શ્રી "અહુરમજદાંમ અહુરમજદ"નું તાંહાં નાંમજ લીધૂં ।
રાએજીએ તૂસ ઘર વેહેવાંનૂં તાંહાં મૂહૂરતજ કીધું ॥
હર જનશા જનશી મેવા મીઠાઇનો એમ કીધો સાજ ।
સનમૂખ સનમૂખ મોહોલમાં હરખ ઊલટે કરેનાજ ॥
રાએ જનશા જનશી ચીર પટુલાં પીતાંબર વસાએઆં શાર ।
સૂર ચંદ વહરેશપત શુકરં જડત ટીકી જડી હાર ઠારે ઠાર ॥
શવાગા સીવાડેઆ હજદર હજાર શાહાનશાહી ।
હેમ રૂપ થાલ હર જનશા જનશી ભરી મેવા મીઠાઈ ॥ ૩૫૦
મેલી બૂરા ખાંડ ભેલી ઇરાંન નવખંડ પરથ્વી ઘર ઘર લાહી ।
નવ ખંડ પરથ્વીમાંહાં એ વેહેવાની શરવને જાંણજ થાય ॥

હર નગર નગરી નોતર દીધાં અસ્પ મોકલેઆ હજદર હજાર ।
ઓરદાદ માશ ને અરદ રોજ લગન તમ પધારો રાએ ઘર દોઆર ॥
ઇરાંન નગરીમાંહાં શરવે ઘર ઘર માંડવા કીધા ।
તે માંડવામાં ઘરેઘર અસવારીને ઊતારા દીધા ॥
રાએ ઘર ઢોલ ડલાંમાં ને સરનાઈ વાજ ગાજ દરદડી ।
સરવ ઇરાંન નગરી રહી એમ ગાજ ગરગડી ॥
પરથમ દને વરણી અભરણ ચીર પટોલાં મોકલેઆં ફરી ।
નૂસ ઘર લેઇ જાઇ સુંદરીને પરભાતે રોશજ ભરી ॥ ૩૫૫
બીજે દંન હીરા પરવાલીમાં દાલ શાલ બીચ મેલવેઆં નરને નારી ।
રાએ ઘર થઈ થઇ થાઇ રહી સુખ સંભારી ઘેર મેહેલેઆં વીશારી ॥
ચરે દંન વરધ વધાવી મૂક્તાતમાં હરખ ઉલટે રાએ ઘર આવી ।
રાએ ઘર રંગ રાગ જોઈ મંનને ઘણુ હરખજ લાવી ॥
ચથરે દને લગન લાઈ રાએ કનેઆ ઘરજ લાએઆ ।
સાજન માહાજંન તે મલપતા ઘરજ આએઆ ॥
પંચમીએ શાજન નવ નર નારી શરવ શાજ મદ માશ જમાડી ।
તાહાં રાએ જશન કરી હરહર રામેશગર રમાડી ॥
તાંહાં રામેશગર એમ રંગ રાંગ કરે ને ગીતજ ગાએ ।
તાંહાં સરવ સભા મલી રલીઆએત થાએઆ કએઆંની રાએ ॥ ૩૬૦
તે કએઆંની રાએ રામેશગરને તે એમ દેશજ દીધી ।
તાંહાં શરવ સભા રલીઆત થાઇ એમ વાતજ કીધી ॥
ખશટમીએ તુશ ઘર પરાંણાં જમેઆં શરવ નરને નારી ।
હર જનશા જનશી મેવા મીઠાઇ સરવે જમીઆં શારી ॥
તાંહાં સાતમીએ મુથીએ પૂન અન દાંન જમણ કીધાં ખાશ ।
સરવ શાહાજન માહાજનને મદ મીઠાઈ મેવા જમાડેઆ ખાસ ॥
અસ્ટમીએ વર કનેઆ વહુઅર સાજનસૂ અંઘોલજ નાહે ।
નવમીએ સમધણ સમધી ભોજન કરી પેહેરી ઓહોડી ઘર કનેઆને લેઇ જાએ ॥
નવદંન નવચોકીએ વેહવાની પરઠણ કરીને લીધી ।
દશમીએ દેશને પેહેરાંમણી શરવને પેહરાની દીધી ॥ ૩૬૫
પરથમ અથોરનાંન ગોરાંણીને ચીર કમખા સૂર ટીક શીસજ કીધી ।
ગુરને જરી દસ્તાર જરી કમખાએ પટકા થુરમાં પાંમરી જોડજોડજ દીધી ॥
અરથેસ્તારાં નારને પટુલી કમખા ચંદ ટીકી દીધી નીદાલ ।
સરવ પેહલવાંનને તે જોડજોડજ સરપાવજ દીધા રૂસતમ ને જાલ ॥
વાસ્તરીઓશાંન નારીને પલાં પીતાંબર કમખા શુકર ટીકીજ સાર ।
સરવ બૂજીગુરને મસરૂ વાગા કર અંગોસ્તરી સૂકર સાર ॥

હતુખ્શાંન નારને દીધી કમખ્વા રેસ્મી શાડી ।
વહરસપત ટીકી નીદાલ દીધી વરાડજ પાંડી ॥
એમ સરવને પેહેરાવી ઓરાડી માંન દીધું ખાશ ।
એ માશ તાંઈ મેહેમાંની કીધી બેશાડેઆ પોતાને પાશ ॥
વલી સરવને પેહેરાવી ઓરાડી ઘણું દીધું માંન ।
વેહેલ ઘોડે વદા કીધા બીડાં દીધાં પાંન ॥
રાએ રાએઆંજીએ રૂસ્તમ જાલને માંન દેઈ બીડાં દીધાં પાંન ।
કતંમ પરવારસૂ વદા થએઆ પોહોતા જાબુલસ્તાંન ॥
તે દન રાએ રાએઆંજીએ રાજ મોહોલમાં મોકાંમજ કીધો ।
"સરતાજ મોહોલ[1]" શીશ મરતબ મદારજ દીધો ॥
"સર તાજ મોહલ" તે સુંદરીનું એમ ધરેઊ નાંમ ।
તેહેનાં હોકમમાં શરવ ઈરાંની કરે કાંમ ॥
જનાંની તખ્ત અંદર સીસપર ધરાવેઊ તાજ ।
રાએ રાએઆંજીએ તે મોહોલ ગલેઆં મીઠાં કીધાં રાજ ॥
પરભાતે સ્નાન કરી તખ્ત જાએ બેઠા આદ ।
મન હરખ ધરીને તાંહાં સરવ ખલકની એમ દીધી દાદ ॥

"સર તાજ મોહલ"ને પેટે અશો સ્યાવખશનું જનમવું.

હવે શ્રી હોરમજદે એમ કીધોછેજ વાહાર ।
કએકાઉસ ઘર આવી એ પાક સૂંદરી નાર ॥
તે પાક સુંદરી પેટ ઘહરભ હમેલ રહેઓ ખાશ ।
તે પવીતર નારને સમાપૂર થએઆ નવજ માશ ॥
તે પાક સુંદરીને નવ માશ ઘરભ સમાપૂરજ થએઓ ।
તેહારે તે સૂંદરીને મંન હરખ ઉપની આએઓ ॥
જે દંન ફરૂઅરદીન માશ ને ઓરદાદ[2] રોજ આએઓ ।
તે દંન એ પાક સૂંદરીએ સપૂત પૂત કુઅર જાએઓ ॥
તાંહાં કએકાઉશે મનમાં આપ ધણીનો શૂકરાંનો કીધો ।
ફરૂઅરદીન માસ ઓરદાદ રોજે શ્રી હોરમજદે એ સપૂત જનમજ દીધો ॥

---

[1] આ કવિએ એ શેકારગાહમાંથી મલેલી સુંદરીનું નાંમ 'સરતાજ મોહલ' કરી રાખ્યુંછે; પણ એનું ખરૂં નાંમ શું હતું તે જણાતું નથી.
[2] એ ફરવરદીન માસનાં ઓરદાદ રોજને ઘણો ઉત્તમ દીવસ ગણેલો છે; કારણ કે એક પેહલવી રવાએતમાં જણાવ્યા મુજબ એ દીવસે ઘણાંએક પ્રખ્યાત પુરૂષોનો જન્મ થયો હતો તથા એજ દીવસે તેઓને હાતે આ દુનીઆમાં ઘણાંએક ઉત્તમ કાંમો થયાં હતાં.

આપ કેરતારે કેરપા કીધી એમ આપે આપ ।
એ કુએઆંની સપૂતને જમની બાંહે કુંકું કેશર દીધો છાપ ॥
એકતાલીશમે દંન[1] સપુત કૂઅરને શાહે ગોદમાં લીધો ।
તાંહાં આપ તખત લેઇ બેઠા શરવ ઈરાંનીએ સૂકરાંનો કીધો ॥
તાંહાં મોબેદાંન મોબેદને આપ બોલાવેઆ આજ ।
જરી કૂરસી સનમૂખ માંડી તે મોબેદજીને કાજ ॥
તે કૂરસીપર મોબેદ બેઠક એમ કીધી અતજ ખાશ ।
તાંહાં કએકાઉશ સંનમૂખ લેઈ બેઠા પોતાંને પાશ ॥ ૩૮૫
તાંહાં શાહાનશાહે મંગાવેઆં માંણક હીરા ને મોતી ।
મોબેદાંન મોબેદ જોશીની આપ તાંહાં વધાવી પોથી ॥
તે દસ્તુરે સપૂત કૂઅર ચેહેરો દીઠો આંમ ।
તે શાહા આગલ શેઆવખશ તે ધરેઊં નાંમ ॥
શરવ ઈરાંન નગર નગરીમાં એ જાંણુજ થાઈ ।
નવ ખંડ પરથવીમાંહાં ઘર ઘર વેહેચી વધાઈ ॥
હર હર જનશા જનશી મેવા ને મીઠાઇ કીધી ।
જશંન કરતાં રંગ બેરંગી મએ પેઆલે ભરી ભરીને પીધી ॥
નવ દંન નવ રાત સરવે એમ જંસંનજ કીધાં ।
ઘરઘર ઢોલ ડલાંમાં જશંન તાંહાં મદહેમ પેઆલે ભરીને પીધાં ॥ ૩૯૦
રાએ રાએઆંજી ઘર નોબત ગરજે જાણે આખાડી મેહે ।
બાર કોશ તાંઈ આવાજ જાએ હરખ ઉપનેઓ બહુ શનેહે ॥
જોહાલી પાલણાં સેજ તલાઇ હીંદાલે સીઆવખશ હીચજ ખાએ ।
નેતે ઈરાંન નગરના નર નારી સરવ દરસણ જોવાને જાએ ॥
તેમ તેમ શાહા કએઆંની કાઉસ તૂસ મન હરખજ થાએ ।
શર તાજ મોહોલ તાંહાં ઘણાં ઘણુ નાજજ પાએ ॥
સરવ ઇરાંન નર નારી સીઆવખસ દરસણ જોવાને જાએ ।
"સર તાજ મોહોલ" મેવા મીઠાંઇ સરવશેહે વેચીને ખાએ ॥
હર એક મેવા આપ ખાએ ને સરવને ખવાડી ।
એમ સરવ ઇરાંનીને માએઆ તે ઘહણી લગાડી ॥ ૩૯૫
સરવ ઇરાંન નારને આપ અતલગ કરીને જાંણે ।
શરવે નાર ઘણુ હેત ધરીને મનને મેહેરજ આંહાંણે ॥

---

[1] આ ઠેકાંણે તેમજ બીજી ઘણી જગોએ આ કવિએ પોતાનાં વખતનાં વિચારો તથા રવાજોને છેક જુનાં વખતમાં લઈ જઇને મુકયાછે.

શરવને આદર ભાવ કરી હેત ધરી ઘણું દીએ માંન ।
રાજ મરતબ જાંણી કોઇશે નહી કરે અભિમાંન ॥
તૂસ બાંનોને તે માએ અતલગ કરીને જાંણે ।
રાએ રાએઆંજી આગલ તે સોહોજ ઘણુ વખાંણે ॥
સરવ ઇરાંની આ "તાજ મોહોલ"ને તે એમજ જાંણે ।
એ ઇજદ ધરની અવતરી નરધાર મનને આંહાંણે ॥
તે સુંદરીએ રાએજીને ઘણું સુખજ દીધું ।
તે રાએજી કાજ નેત નવુ નવુ ભોજન કીધુ ॥ ૪૦૦
રાએ સુંદરીસુ તે આપમંન તાંહાં એમજ બાધુ ।
સુકર શ્રીજી અમ જીવેઆંનૂ આંહાં ફલજ ખાધુ ॥
સરવ કૂંટુંબ પરીવારને તે સુંદરીએ શંતોકેઆં ખાશ ।
રાત દંન તે સુંદરી સરવનો આપ લેતાં તપાસ ॥
સરવ દાસ દાસીને તે જનશા જનશી મેવા ખવાડી ।
રંગ બેરંગી મદ પાઈને આપ લાડ લડાવી ॥
પેહેરણ ઓરણ દેઇને આપ માંન દેતાંજ ખાશ ।
સરવ કાંમકાજ કરાવી બેશાડતા આપ પોતાંને પાશ ॥
એ દુખ ભંજણ નારે સરવને ઘણું દીધું સૂખ ।
એણે શરવ ચરંદા પરંદાં જંગલીની તે ભાંજી ભૂખ ॥ ૪૦૫
એ શૂંદરી નારે સરવસૂ નેકી કીધી રલીઆએત થાઇ ।
જે ઇજદી સૂંદરી ગેબી અજ ગેબી પેદા થાઈ ॥

"સર તાજ મોહલ" જયાંહાં ઊપની હુતી ત્યાંહાં સ્યાવખશનું અંધોલ કરવું તથા સુંદર "સર તાજ મોહોલ"નું પાછું ત્યાં ગેબ થવું.

જેહારે સાત વરસનાં તે સીઆવખસ થાએઆ ।
તેહારે સૂંદરીએ આપ મનથી મેહેલી *માએઆ ॥
આપ છાંની છાંની રાએજીસૂ એમ ગોસ્ટજ કીધી ।
રાએજીને રીહીજ કરીને એમ પરછવી લીધી ॥
રાએજી આગલ સનમૂખ રહી એમ જોડેઆ હાત ।
એમ પરછવી પરછવી સહ્મજાવીને કહી વાત ॥
શાંભલો રાએજી મે સીઆવખસ સૂખણુ સૂબેઉતુ આંમ ।
જાંહાં ઊપની તાંહાં પંચ ઘહમબાર કરીએ તેણે ઠાંમ ॥ ૪૧૦
તે પંચ દંન નેત નવાં નવાં ભોજન સંજોગ કરીને જમાડૂ ।
નર નારીને અન પૂરણ કરીને માહારા સીઆવખશજીને તાંહાં નહવાડુ ॥

રાએ મૂખ વાંણી ઓચરી હરખે હરખે શીને લાએઓ હાત ।
એ મંન પેઆરી સૂંદરી એ કોણ આશરે લાગે વાત ॥
નવ દંન નવ રાત તે નેત નેત નવાં ભોજન કરો ।
હેમ રૂપ થાલ ગજ જહવેર મોતીએ શેશજ ભરો ॥
મારા સીઆવખશજીને નરમલ નીરે અંઘોલજ કરો ।
સીશ જલ લેઇ અંઘોલ કરી જહવેર મોતીની સેશજ ભરો ॥
વાલી ચીર પટોલાં પીતાંબર ઓહોરો રેશમી સાડી ।
જનશા જનસી કમખા દેઉ સરવ નારને વરાડજ પાડી ॥ ૪૧૫
હરએક નારને હેમ ટીકી ઘાહાટજ ઘહડાવૂં ।
સૂર ચંદ બુધ વહરેસપત શુકર ટીકે જડાવૂ ॥
પરથમ શરવ નરને સવાગા સીવડાવીને દેઉં ।
વાલી એક એક અંગોસ્તરી જડત જડાવની ઘડાવીને દેઉં ॥
એ શરવ શાજ નાજ સૂંદરીજી કરી દેઉ અહે ।
નવ દંન નવ રાત પેહેરાવ ઓહોડાવ કરો તહે ॥
રાએ બોલ બોલતાં શામાંન સરવ તે કીધો તેઆર ।
ફરૂઅરદીન માસ ને હોરમજદ રોજથી તે દંન રહેઆ છતરીશને ચેઆર॥
પરથમ શ્રી "અહુરમજદાંમ અહુરમજદનું" તે લેવું નાંમ ।
રાએ હર જાએ જાએ દેહેરાં તંબુ તણાવેઆ જાંહાં સુંદરી ઉપનેઆં
તેણે ઠાંમ॥ ૪૨૦
ગેવ ગોદરજ તૂસને આપ એમ હોકમજ કીધો ।
સરવ શામાંન તે તાંહાં સરવ એમ કરીને લીધો ॥
રાએ રૂસ્તમ જાલ આગલ એમ કહેવા લાગા ।
અંમ મંન સૂહુજી એમ આવેચ આઘા ॥
અંમ મંન ઘણી ફેકર ચંતા ઊપની આવેચ આજ ।
અંમ મંન સુહુજ નથી પડતી જે શૂ થાસે ને એ શાંને કાજ ॥
રેસ્તમ જાલ બોલેઆ તંમ શ્રી એક નાંમ સમરણ કરી ।
પરથમ એ કાંમ ચાલતૂ કરો તંમ એ પૂન વાત હાતજ ધરી ॥
નગારૂ દમાંમૂ દીધુ શ્રી હોરમજદનુ લીધું નાંમ । [૪૨૫
સરવ ઇરાંણી આવેઆ મોકાંમ દીધો જાંહાં સૂંદરી ઊપની તેણે ઠાંમ ॥
તાંહાં નવ દન નવ રાત નર નારીને ભોજનજ દીધાં ।
સરવે હર હર જાએ રંગ રાગ જશનજ કીધાં ॥
તે સૂંદરી સરવ નર નારીમાંહાં આપેઆપ પરગટજ થાઇ ।
આપ પેહેરાવ ઓહોડાવ કીધા તાંહાં સરવ સજાઇ ॥
તાંહા સુંદરીએ આપ સેઆવખશજીને અંઘોલજ કીધી ।
હેમ રૂપ થાલ સગ મોતીએ ભરી સરવ મોબેદાંન મોબેદને દીધી ॥

સીઆવખશજી ને રૂસતમ જાલ આગલ કીધો ।
રૂસ્તમ જાલે સીઆવખશનો કર લેઇને એમ બોસો દીધો ॥
એ ઇરાંની શાહાંનશાહ અમને લાધોચ શારો ।
એહેને અહમારો જીવ જાણી ઘણો રાખૂચ પેઆરો ॥ ૪૩૦
સૂંદરીએ શરવ ઇરાંનીનાં લેહેલાસીઆં કીધાં ।
સરવે શહીઆંસુ આપ શાઇઆં સાઇઆં લીધાં ॥
સુંદરી શરવ કૂટુંબ પરવારને તે પાગે પડી ।
સરવ દાસી આગલ આવી ઉભી ખડી ॥
સરવ દાસીસુ શીખામણની એમ કીધી વાત ।
સરવ દેશ દેઇને સીશપર મેલેઆ હાત ॥
સરવ એમ સહમજે જે સીઆવખશ અંઘોલ એમ કરેચ નાજ ।
એ સરવ શેહેરસે ભેટ ઘાટ કરેચજ એટલા કાજ ॥
એ સુંદરી મૂખપર રૂપ ઘણીનુ વરશેચજ નૂર ।
નીદાલ વટી તપે જેમ પૂનમ ચંદને અમાશી સૂર ॥ ૪૩૫
સુંદરીએ સીઆવખશજીની દીદવાંની જોઇ ભાલી ખાસ ।
મૂખ નીડાલ કરપર ચૂમાં દીધા સોહો ને પચાશ ॥
શીઆવખશજીને તે રાએ આગલ લાવી ચાલી ।
શેઆવખશજીને તે રાએની ગોદમાં ઘાલી ॥
રાએ સંનમૂખ ઉભા તાંહાં સૂંદરીએ જોડેઆ હાત ।
રાએસુ મૂખ મરકલીઉ કરી મીઠી મીઠી એમ કીધી વાત ॥
તસ બાંનો કર શીઆવખસજીને તે સોફી દીધો ।
આપ સુંદરીએ તે સરવ નર નારીને તે નાંમ ઇજદ કીધો ॥
સરવ દેખતે દેખતાં સુંદર સુંદરી ગેબજ થાઈ ।
કએકાઉશ શીઆવખશને તે ધરી રહેઆ આપ સીનાસુ લાઇ ॥ ૪૪૦
સરવ નર નારી જોઈ અજબ હેરાંનજ થએઆં ।
જે એ સુંદરી એકાએક આંહાં ગેબજ થએઆં ॥
તાંહાં રૂસ્તમ જાલ રાએજીએ એમ વીચારજ કીધો ।
જાંહાં સુંદરી ઊપનેઆં તાંહાં સમાસજ કીધો ॥
ગોદરજ તૂસ રાએ આગલ આવી તાંહાં જોડેઆ હાત ।
એ રાએ રાએઆંને રૂસ્તમ જાલે સરવ સહમજાવી કહી વાત ॥
રાએ રાએઆં તે સુંદરીનાં ગૂણ શાંભરી જાર જારજ રડે ।
રાએ આંખ આંજૂ તે શેઆવખસ શીસપર ખરી ખરીને પડે ॥
શેઆવખશ મૂખપર રાએ એમ જોએઉ ભાલી ।
તેમ તેમ તે રાએ આંખથી તે આંજૂ ઘણાં આવે ચાલી ॥ ૪૪૫

માહા ગનેઆંનીજી તંમ સૂભ ઘરથી અમને સૂખજ દીધૂ ।
ગેરદ આશમાંન બદ ગરહે અમને દૂખજ કીધૂ ॥
ભલૂ ગેરદ આશમાંન હોણી હોએ તે હોએ આજ ।
અમને શેઆવખશ દીદવાંનીની ઘણી લાગેચ દાહાજ ॥
તાંહાં રૂસ્તમ જાલ તે શાંહાંનશાહાને એમ કેહેવા લાગા ।
એ રાએ રાએઆંજી તમને અગમ આશાહા સૂહુજીતી આગાહા ॥
ભલુ આશમાંની ગરેહમાં જે હોણી હોએ તે હોએજ ભલ ।
શ્રી હોરમેજદે તમને શેઆવખશ જેહવુ દીધું ફલ ॥
શબર સુકર કરી લેઓ શ્રી હોરમેજદનુ નાંમ ।
ઉઠો ઈરાંન નગરી જાઈ મોહોલમાં કરીએ મોકાંમ ॥ ૪૫૦
સેઆવખશ રૂસ્તમ જાલ સામી સનમૂખજ જોએ ।
રૂસતમ જાલ શેઆવખશ સામી જોઇ મંનસૂ રોએ ॥
સરવ ઇરાંની એ સૂંદરી ગુણને જાર જારજ રૂએ ।
સેઆવખશ સરવનાં મૂખપર નેન ફાડીને જુએ ॥
શરવ ઇરાંન નર નારી આપ મસ્તક રહેઆં શાહી ।
એ પાક સૂંદરી તંમ અમને કાંએ માએઆ લાઇ ॥
અમને માએઆ લાઇ તંમ કાંએ ગએઆં વાહાઇ ।
હવે તંમ બગર શેઆવખસને કોણ લેશે નભાઈ ॥
એ કોણ મતરઇ માએને વશ પડશે ને કોણ પાલશે પોશે ।
ભલુ બાપનૂં સૂખ છે પણ માએનાં દૂખને રોશે ॥ ૪૫૫
તૂશ બાંનો રોતાં મૂખ શીને લગાડેઆ હાત ।
દૂહા કરી કરી પુતરી ગુણની તે એમ કરે વાત ॥
શરવ કૂટમ પરવાર તે એમ જાર જાર રડે ।
શરવ દાશી શીને તે એમ ઘણી દદડી પડે ॥
સેઆવશજી કેહે રાએજી હૂં એ કુઇસુ જાશ ।
તેણે સેઇન બોશા દીધા શો ને પંચાશ ॥
તૂશ બાંનોએ કુઇ પાશથી આપ લીધો જાઇ ।
તે મમાઇન તે મેહેરબાંની ઘણી આવી ધાઈ ॥
હવે કએકાઊશ કહે રૂસ્તમ મહને ઘણી લાગેછેજ દાહાજ ।
તાંહાં ચરત્રાદારે આવી કહી અસ્વ કૂમેદ ગેબ થાએઓ હાતમાં
રહી દોરબાગ ॥ ૪૬૦

કએકાવુસનુ પેતાનાં રેસાલા સાથે ઈરાંણ જવું.

ભલૂ રાએ રૂસ્તમ એ એમ શહાજીને રહેઆ ।
સરવે અસ્વારી સંગાતી ઇરાંન નગરીપર ગએઆ ॥

તાંહાં ગેવને ફરમાએઉ જે તમ શરવ ઇરાનીને સહમાલીને લાવો ।
એ તુશ તમો આપણુ કટંમ પરવાર મલપતા આવો ॥
રાએ રાએઆં આપ અસ્વપર અસ્વારજ થાએઆ ।
શીઆવખશજીને તે આપ સીનાસૂ લાએઆ ॥
શીઆવખશ ઘોડેથી ઊતરી ગએઓ મોહોલમાં ધાઇ ।
ભાલી ભાલી જોએ પણુ નહી દેખી આપ આપણી માઇ ॥
તાંહાં કએકાઉસ મનને તે એમ મેહેરબાંની ધાઇ ।
આપ દરોડીને ગલે સીનાંસૂ લાએઓ જાઇ ॥
જાૂઠ મૂઠ સંતોકીને આપ રાએઓ વાહાઇ ।
વાએ હીંદોલે બેશાડી હીચ ધાહાલી શાંકલ શાણી ॥
શરવ ઇરાંનમાં તે એમ ધણી માતમજ પડી ।
શીઆવખશ દુખને તે સરવ ઇરાંનજ રડી ॥
સરવ પંચને તે અગમ આધાહા એમ સૂહુજી ભલ ।
આશમાંની ગરહે જે લખેઊ હોએ તે લાભે ફલ ॥

રૂસ્તમે સ્યાવખશને કેલવણી આપવા જાબુલસ્તાંન વઈ જવો.

રૂસ્તમ જાલે તાંહાંથી એમ વદા માંગી લીધી ।
આપ શાહાનશાહા આગલ ફરી એમ વીનંતી કીધી ॥
રાએ રાએઆં તખત આગલ આપ ગએઆ ચાલી ।
એ રાએજી અંમ ગોએઆ તંમ આંહાં ન કરવી ખાલી ॥
અંમ એ માંગણુ માંગૂચ તે તમને ભલુ કાજ ।
તંમ જાૂગજાૂગ જીવો એ શકરમી ઇરાંન નગરી કરે રાજ ॥
તેહારે શાહાંનશાહા તે પડઉતર એમ દીધો વાલી ।
અંમ તંમપર નચીંત છઊ તમ અમૂને હરજાએ રાખોચ શહંભાલી ॥
અમ અખતેઆર છે તે શરવ તહ્મારે હાત ।
તંમ માંગો ને અંમ ન દેઉ તે કાંહાંની વાત ॥
તમ જાૂઓ આપ મંન એમ ગનેઆંનજ કથી કથી ।
અંમ તમમાંહાં આંહાં કાંઈ અંતરજ નથી નથી ॥
તંમ અંમ શર રાજ-તાજ આપ દેઓચ તહમે ।
તો અંમ આંહાં શચરાચર રાજ કરૂચ અહ્મે ॥
તેહારે રૂસ્તમ જાલ તે આપ એમ કેહેવા લાગા ।
એ રાએ રાએઆંજી તમને આપ કેરતારે દીધીચ આધાહા ॥
તમને આપે આપ "આતશ નેરીઓશંગની" દીધીચ રતી ।
તમ કેઆંની તંનને તે આપ કેરતારે કીધા છતરપતી ॥

અમ એ તખત આગલ ઉભા રહુછુ તહ્મારા. છઔં દાશાંતદાશ ।
તમ અંમ પરવારનાં તે નેત આંહાં દેઓછો તપાશ ॥
તંમ હોકમમાંહાં અંમ હાત જોડી ઉભા રહુછઔં એણે ઠાંમ ।
તમ ફરમાઓચ તે અંમ આંહાં કરૂછું કાંમ ॥
એ થોડે ઘણું હવે તમ પરછવી લેજો વાત । [૪૮૦
તમ અમને હોકંમ દેઓતો એ શીઆવખસજીને લેઇ જાઉ માહારી શાથ ॥
પાદશાહી હોનર શરવ સહમજાવી શીખાડી દેઔં ।
પેહેલવાંની કલ બૂધ શરવ શહમજાવીને કેહુ ॥
એ શકરમી શવધેઆંનને કાગલ લેખણ આપૂ હાત ।
અમ શેકારગાહાંમાં લેઇ જાઉ અહ્મારી શાથ ॥
શરવ રાજ હુનર શીખાડુ એ દંન છે એહનો આજ ।
એ શકરમી શવધેઆંન ધણીએ કીધોચ આપ સ્વારથ કાજ ॥
એહેની ગેબી માએ અમ બોલે દીધોચ પીઆરો ।
એહેને જાબુલસ્તાંન લેઈ જાઔં જો હોકમ હોએ તહ્મારો ॥
એ રીતે સરવ રૂશતમ જાલે વાતજ કીધી ।
અવલથી તે આખર સુધી કએઆની કએકાવુસે પરછી લીધી ॥ ૪૮૫

તાંહાં શાહાંનશાહે તરૂત હોકમ કીધો એટલા કાજ ।
જે એહેને હોનર શીખાડેઆનો એ દંન છેજ આજ ॥
રૂસ્તમ જાલે શીઆવખશજીને તે આપ ખાંધે ઘાલી ।
તાંહાં રાએને આપ સજદો સલાંમ એમ કીધો શહમાલી ॥
શેઆવશજીને લેઈ ચાલેઆ આપ દરબારજ બાહાર ।
રખશ મંગાવી તે પર આપ કીધો અસવાર ॥
વલતી રખશપર તે આપ અસવારી કીધી ।
રખંશ લગાંમ તે શીઆવખશજીનાં હાતંમાં દીધી ॥
સરવ ઇરાંની નર નારી તાંહાં એમ જોવા આએઆ ।
સરવ નર નારી તાંહાં કૂરબાંન કૂરબાંનજ થાએઆ ॥ ૪૯૦
રૂસતમ અસપ અસવાર થાઇ ચાબક તે લીધો હાત ।
રખસને અશારત કીધી તે વાસુ કરવા લાગો વાત ॥
રખસ દરોડ દરોડ કરે દમાંનક રાહા કાહાડી સંભાલી ।
રૂસ્તમ સેઆવખશનુ મોહો જોએચ એમ ભાલી ભાલી ॥
સીઆવખશ મંન હરખ ધરે રખસ લગાંમજ શાહે ।
તેમ તેમ રૂસતમ શીઆવખશને આપ સીનાસૂ લાએ ॥

રૂસ્તમ પુછે સીઆવખશને તમ પાંણી પીસો ભાઇ ।
ભૂખ લાગે તો અમને કેહેજો આંહાં તઇઆર છે સરવ સજાઇ ॥
સેઆવખશ બોલેઆ તંમ તરસ તે અમ તરસજ લાગે ।
તમ પરસાધ કરો તેહારે અમને ભુખજ લાગે ॥ ૪૯૫
અહ્યારો અખતીઆર છે તે તહ્યારે હાત ।
એમ સીઆવખસે રૂસ્તમશે કીધી મીઠી મીઠી વાત ॥
શાંભલો રૂસતમ તંમ અહ્યારો પરવરદેગાર ।
અમ રખણીછે આપ મોટો કેરતાર ॥
રૂસતમ જાણે એ ગોએઆ શરવ પરછીને લીધૂં ।
આપ ઘણું સૂકર કરી નાંમ પરવરનૂં લીધૂં ॥
જાબુલસ્તાંન જાઈ આપ મોકાંમજ કીધો ।
ફરાંમરજે આવી રખસથી સીઆવખશને ઉચલી લીધો ॥
તાંહાં સરવ કુટુંમ પરવારે સીઆવખશજીને દીઠા ખાશ ।
કેકબાદજાદીએ હેત ધરી બોશા દીધા સોહો પચાસ ॥ ૫૦૦
સરવ કુટુંમ પરવાર તે સેઆવખશજી સેઆવખશજી કરે ।
સરવ નાહાંનાં મોહટાં તે વીટલાઈ વીટલાતાં ફરે ॥
રૂસતમ રાત દંન આપ તેહેનો એમ લીએ તપાશ ।
પણ રાતનાં પોહોઢણુ દીએ તે આપ પોતાને પાશ ॥
શેઆવખશનો તે આપ થએઓ માતા પીતાને જાએ ।
તેહેને નેત નહવાડી જમાડી આપ જમવા જાએ ॥
તેહેને શાહાંનશાહી રીત શરવે આપ દેખાડી દીધા ।
પેહેલવાંની કલ બુધ હુનર શરવ આપ દેખાડી દીધા ॥
વજીરાઈ ચતુરાઈ સરવ સહમજાવી લીધો ।
જવાબ સવાલ પુરસેશ પાશોખ સરવ સહમજાવી દીધો ॥ ૫૦૫
પેહલવાંની કુશતી બાજી એ શરવ દેખાડી દીધી ।
શીકારગાહમાં શીકારબાજી શરવ દેખાડી દીધી ॥
કાગલ લેખણુ તે આપ આપી સેઆવખશજીને હાત ।
વરતાર વરતી રમલ શીખાડી દીધા શરવ વાત ॥
સેકારગાહમાં શેકાર કાર શરવે શીખાડે ।
તાંહાં કુસતીબાજી કલ કરી ફરાંમરજને પછાડે ॥
ઘણુ પરવરસ કરી રૂસતમે શેર દલેર જુઆંનજ કીધો ।
તે નાશેર નવજુઆંનને તે મરદાંન મરદજ કીધો ॥

કએકાવુસનું હમાવરાંનનાં પાદશાહની બેટીસોદાબેહની માંગણીએ જવુ, તાંહાં તેનું કેદ પકડાવુ, રૂસતમને તે વિષેની ખબર પોહોચવી, „ તેનો છુટકારો થવો તથા સોદાબેહ સાથે તેનું પરણવું.

કએઆંની કએકાવુસે આપ મન વિચારજ કીધો ।
હમાવરાંન જાવાનો સરવ સામાંન તઈઆર કીધો ॥
કએકાઉશ તે હાવરાંન[1] શોદાબેને[1] લેવા ગએઆ ।
તાંહાંના પાદશાહા લોક તે એમ રખોતે રાખી રહેઆ ॥
તેહારે રૂસતમ જાલને તે જાબુલસતાંન ખબરજ થાઇ ।
તેહેને આપ કાગલ લખેઊં હું આવુંચ તમ જુધની કરજો શજાઇ ॥
નહીતો તંમ શોદાબેહેને આંહાં મેલીને જાઓ ધાઇ ।
નહીતો હું આવેઓ જાંણી તંમ જૂધ કરજો શજાઇ ॥
હૂં આંહાં આવેથી હાવરાંન સરવ ઉજાડજ થાશે ।
તમ શાહા શોદાબેહે સૂ કાંહાં નાહાસીને જાશે ॥
ભલા હોએ તો માહારા શાહને શોદાબેહસૂ વદા દેજો ।
નહીતો તંમ તહ્મારા જૂધ સામાંનની તઇઆરીમાં રેહેજો ॥
હમાવરાંન શાહાએ તે કાગલ વાંચી દેહેસક ખાવી હાએ ।
જો કાઊંસ ખલાશી નહી કરીએતો હાવરાંન ઉજાડજ થાએ ॥
તે રાએ સોદાબેહ દેવાની શરવ શજાઇ કીધી ।
શાંહાંનશાહા કએકાઊસને પરણાવી દેજજ દીધી ॥
વાજતે ગાજતે શાહા સોદાબેહને પરણી આએઆ ।
હાવરાંનથી તે ભલો સોદો શાહા વશાઇ લાએઆ ॥
સોદાબેહેની ગુણ વખાંણ તે તાંહાં એમજ થાએ ।
ખુબ સૂરત ખૂબસીરત ખૂશ રંગ ખૂબ ખુશબો તન ખૂદ સુધાએ ॥
નેત નોખીકરને તને તંન તેહેને ભાલી ભાલી જાએ ।
ગાલ રશ ગલે ઉતરે જેહારે તે પાંનજ ખાએ ॥

---

[1] શાહાનામુ તથા બીજી કેટલીએક તવારીખોમાં લખવા મુજેબ શાહ કએકાવુસે સ્યાવશનાં જન્મ આગમજ સોદાબેહ સાથ નેકાહ કર્યો હતા. બાજુ, શાહનામુ તથા ફુરહાંનેકાતે તથા બીજી તવારીખોમાં જણાવવા પ્રમાણે સોદાબેહ હામાવરાંનનાં પાદશાહની બેટી હતી પણ રોજેત્રુસ્સફા તથા નાસેખ્-ઉલ-તવારીખમાં લખવા મુજેબ તે યમન (આરેબીઆ ફિલિક્ષ) નાં શાહની છોકરી હતી.

શાંહાંનશાહાને સોહાબેહેસૂ હૂઓ અતઅંતી સનેહે ।
રાત દંન રાજ મોહોલમાંહાં જોક શોક કરે તન બહને ॥

સોહાબેહને સ્યાવશનાં જાબુલિસ્તાંન હોવાની ખબર પડવાથી તેને જોવાની ખાહેશ થવી, તે વિષે શાહા કાવુસને જણાવવાથી ત્યાંહાંથી તેને બોલાવી મંગાવવા સારૂ રૂસતમપર નામું લખવુ તથા રૂસતમ જાલ વગેરેને માંટે ભેટ મોકલવી.

હવે શેઆવખસ હોનરની શરવ ઈરાંનીએ સાંભલી વાત ।
સરવ ઈરાંન નર નારી ઘણુ થએઆં મન રલીઆત ॥
તે સોહાબેહને એ સીઆવખશજીની તે થાઇ જાંણ ।
શાહાનશાહે તે સોહાબેહેની આગલ એમ કીધી વખાંણ ॥
શોહાબેહે કેહે જે એ શાહનશાહાજી સેઆવખશજીને આંહાં બોલાવે ।
તે સપૂત કૂઅરને દેખી અમ મન હરખ ઊલટ ઘણુજ આવે ॥
રાત દંન શાહાંનશાહાજીનો આપ બેઆલજ લીધો ।
કએઆંની શાહે શીઆવખશજીને બોલાવાનો હોકમજ કીધો ॥
તાંહાં તૂસ નોદરને એમ સુબેહશાલારી દીધી ।
જાબુલસ્તાંન મોકલાવાની એમ સજાઇ કીધાં ॥
બેવર હજાર અસપ આપ સણગારજ કરી ।
જડત જડાવ જીન શાજ કલગી તે એમ દીધી ખરી ॥
એક એક અસપ સનગાર તે બેવર બેવર હજાર ।
જર જરી જડત જડાવ સહલે બખતરી તે એમ કીધી તેઆર ॥
રૂસતમ કૂટંમ પરવાર જરી જરી જરીનાં તે કીધા તેઆર ।
એક એકને થરે થરે તૂમાંન બેવર બેવર હજાર ॥
રૂસતમ બંધમ જવારે જોગ સરપાવ શીસ કલગી કીધી તેઆર ।
એક એકને થરે ચેહાર તૂમન ને બેવર હજાર ॥
હરએક સામાંન તે સરવ એમ તેઆરજ કીધો ।
ગોદરજ કેસવાદને એ સરવ સોશી દીધો ॥
શાહાનશાહે રૂસતમ જાલને એમ ઘણું દીધૂં માંન ।
મોબેદ બોલાવી આપ હોકમ કીધો તમ એમ લખજો ફરમાંન ॥
કએઆની શાહે મોબેદ બોલાવીઆ પોતાને પાશ ।
હમો ફરમાંન લખાવુંછુ તેની તમોં કરજો તપાસ ॥
પરથમ લખો એક ઇઅજદાં પાક પરવરદેગાર ।
સ્વસ્તી શ્રી લખો તંમ એ પૂરબી વાંચે શાર ॥

વાલી એમ લખો તમથી ધરાવુઅ અમ તખતને^ તાજ । [૫૩૫
હર જાએ જાએ તમ અહ્મારી ખલાશી કરોઅ અમ તમપર કરૂં નાજ ॥
અમ તમ ઊફરા થાઇ ગએઆતા માજંદરાંન ।
સફેદ દેવે કેદ કરી અમને કીધા હેરાંન ॥
તમ હફતખાંનની વાટે ઘણી રંજ ખેચી ।
તંમ આપ તંનપર તે દૂખ લીધું વેહેચી ॥
તંમ માજંદરાંન આવી સફેદ દેવને તે મારેઓ ઠાંમ ।
અમ લશકરની આંખ માજૂર કરી બંદ કીધો તો આંમ ॥
વાલી બીજા દેવ મારી અમને તાંહાંથી કીધા ખલાશ ।
અમને તંમ દેખતા કરી મંનની પોહોચવી દીધી આશ ॥
વાલી હ્માવરાંન ગએઆતા શોદાએહેને કાજ ।
તે શાહે અંમને મારવાનો પરઠી કીધોતો એલાજ ॥ ૫૪૦
એ પેહેલવાંન તાંહાં તહ્માર કાગલ લેઇ એલચી આએઓ ।
તે શાહે કાગલ વાંચીને ગાલ ગલાથો શાહેઓ ॥
તહ્માર કાગલ વાંચેઆથી તે તંન તાવ શીસ કજ થાઈ ।
તાંહાંથી તરત અહમારી તમથી ખલાશી થાઇ ॥
તમથી હફત કેશવર જમીનમાંહાં અહમારી આંણુજ પાલી ।
શાતે દીપની સલાંમી અમ ઘેર બેઠાં આવેઅ ચાલી ॥
તંમ પેતા જાલ ગુણ અમથી લખેઆ નહી જાએ ।
તે પાક દીદવાંની દીઠે અંમ તંન મંન ઘણુ શંતોકજ થાએ ॥
"તો ખોદાવંદ સમસેરો ગોપાલ રા"[1] ।
"હ્માં દોઆ જેહાં પેહેલવાં રૂસ્તમે જાલ રા" ॥ ૫૪૫
અમ સેઆવખસને તંમ બુલંદ મરતબજ કીધા ।
સરવ હોનર અદબ મરતબ દેખાડીને દીધા ॥
હવે સેઆવખશ શુબેહશાલાર ને રૂસ્તમ રણુ જીહીત ।
હવે તમ હરદોથી અંમ આંહાં બેઠા છઊં નચીત ॥
અમ સેઆવખસને તંમ કૂટંબ પરવાર ઘણુ રાખેઅ મીઠા ।
પણુ ઘણાં દીવસ થાએઆ અમ શેઆવખશ દીદાર નથી દીઠા ॥
એહેની મતરઈ માએ સોદાબેહે એહેનાં દીદારને કાજ ।
એ સેઆવખસ દીદારથી સરવ ઇરાંન ઘણુ પાંમે નાજ ॥
એમ ફરમાંન લખીને સરવ તઇઆર કીધો ।
તે સેપેહસાલાર તૂસ નોદરને એમ સોશી દીધો ॥ ૫૫૦

---

[1] અર્થઃ—તું શમશેર અને ગુર્જ ધરાવનાર જેહાંન પેહલવાંન રૂસ્તમ જાલને સઘલા (ઈરાંણીઓ તરફથી) દોઆ (પોહોચજો).

હવે સુપેશાલાર તુસ તમ જાબુલસ્તાંન શધારો ।
રૂસ્તમ જાલ શેઆવખશને લેઈ તમ આંહાં વેહેલા પધારો ॥
કેસમીર શેહેર ફરાંમરજને દીધી અનાંમ ।
કાબુલ બખસી જહવારે જાલ ફરજદનું નાંમ ॥
તૂસને શાહાનશાહે માંન દેઈને એમ વદા દીધી ।
તે સુપેશાલારે નગારૂ દેઈને કુચજ કીધી ॥
તુસ સેપેહશાલાર જાબુલસ્તાંન જાએચ ધાઈ ।
તાંહાં જાબુલસતાંનમાં ઘેર ઘેર એમ ખબરજ થાઈ ॥

તુસનું જાબુલ જઈ પોહોચવું, સવલાઓએ તેને ઈસ્તેકબાલ જવું તથા જેહાંપેહલવાંન રૂસતમે તેની મેહમાંની કરવી.

સરવ જાબૂલી તાંહાં તૂસને શાંહાંમણાં આએઆ ।
ઘણુ માંન ઇજત દેઇને શેહર નગરીમાં લાએઆ ॥ ૫૫૫
સેપેહસાલાર તુસને તે જાબુલસતાંનમાં લાએઆ ।
તૂસને દેખી સરવ જાબુલી ઘણાં રલીઆતજ થાએઆ ॥
જાબુલસ્તાંન જાઇને તાંહાં આપ એમ કીધો મોકાંમ ।
શાહા હોકમથી શાહાજાદે એમ કીધો શલાંમ ॥
શરવ અસ્વ શાજ તે રૂસ્તંમને અનાંમજ દીધું ।
રૂસ્તંમે શાહાને સલાંમ કરી ફરમાંન સીશ ચઢાવી લીધુ ॥
શરવ સંનગાર શાજ તે ઘર કુટંમ પરવારને દીધો ।
શાહાનશાહાજીને શરવ નર નારીએ એમ આસીશજ દીધો ॥
ફરમાંન મજમૂન સરવે વાંચેઆં કાગલ ।
સરવ જાબુલી હાત જોડી ઉભા ફરમાંનજ આગલ ॥ ૫૬૦
રૂસતંમ જાલ જહવારે ફરાંમરજ ગલે ઘાલી લગામ ।
ઈરાંન સંનમૂખ રહીને શહાને કીધો શલાંમ ॥
શરવે શરપાવ પેહેરી ઓઢોડીને ધરેઓ નાજ ।
વલતી શરવ ઘર પરવારને અભરણ કીધો શાજ ॥
કેશમીર દીધેથી ફરાંમરજ ઘણું રલીઆએત થાએઓ ।
કાબુલ દીધેથી જહવારે ઘણું હરખ ઉંળટજ પાએઓ ॥
એ રાએ સરવ અનાંમ જાબુલીને વેહેચી દીધી ।
તાંહાં કએ સીઆવખસેની ઘણી બખશેશજ કીધી ॥
સૂપેશાલાર તૂસની રૂસતંમે મેહેમાંની કીધી ।
હરજનશા જનશી મેવા મીઠાઇ સરવને વેહેચી દીધી ॥ ૫૬૫

તાંહાં હરએક ખજમતગાર ને હરએક સેપાહને શાત ।
રંગ બેરંગી શીશા સૂરાઈ હરએક હરએકને હાત ॥
કવાબ તબાક ખુઆંન ભરી ભરી મેલીઓ હરએકની આગલ ।
નાંન પનીર પોલાબ નંગરી ભરી ભરી ગેરદનવાઈ મેહેલી
આગલ પાછલ ॥
તાંહાં એ શરવે ખાઇ પીને તંનદરૂસ્તજ થાએઆ ।
લવંગ એલચી પાંન શોપારી સરવે શંજોગ પાએઆ ॥
તાંહાં ગૂલ ગોલાબ મૂશ્ક અંબર અતર મજમરની હૂઈ સજાઈ ।
ચૂહા ચંદન અગર કસ્તૂરી ખશબો હૂઇ શાહાંનશાહી ॥
ગૂલે ગોલાબ જાઇ જૂઇ ખૂશ ખુશબો મીઠી શાર ।
શરવ ગૂલ વેહેચણ કરી મોઘર ચંપા કેવડ કીધા હાર ॥ ૫૭૦
હરએકને જોડ જોડ ગૂલ હારજ દીધા ।
પલંગ તલાઇ તકીઆ હરએકને જૂજવા પોહોઢણ ઓહોઢણ દીધા ॥
થરે માશ તાંહાં રૂસ્તમે સરવની મેહેમાંની કીધી ।
નેત નવાં નવાં પકવાંન નેત રંગ બેરંગી મએજ પીધી ॥

રૂસ્તમે તુસ તથા બીજાઓને સરોપાવ બખશાવો તથા કએકાવુસને માંટે ભેટ તયાર કરી શાહાજાદા સ્યાવશ સાથે તેનું ઈરાંણ જવું.

હરએક શેપાહાને જરજરી સરપાવ ને જોડ જોડ તૂરમાં દીધા ।
હરએકના અસ્વને જડત જડાવનાં શાજ કરીને દીધા ॥
હરએક શીસ કલગી દીધી બેવર હજાર ।
હરએકને જડત જડાવનાં જાબૂલી ખંજર આપ દીધા શાર ॥
હજાર હસ્તી સંણગારેઆ હેમ જહવેરજ જડી જડી ।
હજાર હસ્તી સંણગારેઆ રૂપ લાલ પીરોજે જડી ॥ ૫૭૫
હજાર સંણગારેઆ જર જરી સહલા કરી કરી ।
હજાર પર તે સૂક શેકલાતનાં શાજ કીધા ફરી ફરી ॥
હજાર અસપ સંણગારેઆ લાલ માંણક મોતીએ જડી ।
હજાર અસપને તે પાખર નાંખી તેહને હૂતી કડી ॥
હજાર અસપ સણગારેઆ તેહેને જડત જડાવનાં જીનજ શાર ।
હજાર અસપ કોતલ તેજી શીશ કલગી કીધી તેઆર ॥
હજાર ખવાસ સણગારેઆ તેહેને જર જરી સરપાવનાં કીધા શાજ ।
તે હજાર ખવાસ તઇઆર કીધા એ કએઆંની શાહાને કાજ ॥
હજાર દાસી કનીજક સંણગારી સીસ તંન ગજ મોતી ભરી ।
શરવ સાજ સંણગાર કીધો તે આપ મન હરખજ ધરી ॥ ૫૮૦

એક હસ્તી મકનાંપર અમારી સમારી જહવેર ઘહવેરની ઘડી ।
તેપર ચંદ સૂરજ બૂધ સુકર ભરસપત જડેઆ જડાવજ જડી ॥
તેપર સૂખતખત બનાવેઊંચ સીસ કએઆંની તાજ ।
તે અમારી સમારી કએઆંની સીઆવખશજીને કાજ ॥
તે ફરેસ્તા ખસલતને શોહોહીએ ઇરાંન નગરીનું રાજ ।
એ પાક સેઆવખસજીને સોહોઇએ કેઆંની તખત ને તાજ ॥
સૂખપાલ તખતરવાં શાજ તે સીઆવખશજીને દીધો ।
તાંહાં જેહાંપેહલવાંન રૂસ્તમે એ સરવ શાજ કરીને દીધો ॥
તાંહાં કએ સીઆવખશજીએ આપ મનમાં તે એમ સમજી લીધી ।
એ તખતરવાં અશવારી તે આપ મને કીધી ॥ ૫૮૫
રૂસતમ જાલ તે સેઆવખશજી આગલ જાઈ ।
તમે મન ઉચાત કીધુ તેનો શુ અરથ મને કેહો ભાઇ ॥
રૂસતમે એમ પુછેઉ એ મને કીધુ શાને કાજ ।
સેઆવખસે પડઉતર દીધો તાંહાં એમ આજનો આજ ॥
મનીસ ઉચલી ચાલે અમ બેસૂ અમ મન લાગે દાહાજ ।
એ માજુર બેઠકની લોક હંસી કરે ને પંચમાંહાં પડે લાજ ॥
લોક વગોવાત આપણુ કરીએ તે શાંને કાજ ।
અમ નોજવાંન બેસૂ ને તે ઉચલી ચાલે તેહેની અમને લાગે દાહાજ ॥
રૂસ્તમ મન એ વાત તે નરધાર સાચ આવી ખરી ।
તે ચતૂર રાએપર તે આપ પરદખણા કીધી ફરી ફરી ॥ ૫૯૦
ફરૂઅરદીન માશ ને હોરમેજદ રોજ તાંહાં શાહે નોરોજ કીધા ।
તાંહાંથી ઓરદાદ રોજે ચાદર દેહેરા બાહેરજ દીધા ॥
તાંહાં સીઆવખશજી મનમાં ઘણાં થાએઆ ખુશાલ ।
જાબુલસતાંનથી ચાલતી કીધી સરવ રશાલ ॥
જાબુલસતાંનથી સેઆવખસજી આપ ઇરાંનપર આવે ।
તાંહાં કએઆંની સેઆવખશ મનને ઘણુ હરખ ઉલટજ લાવે ॥
જેહાં પેહલવાંન રૂસ્તંમ જાલ તે આપ બરાબરજ. આએઆ ।
એ સરવે સોગાદ શાહાંનશાહા જોગજ લાએઆ ॥
સરવ હસ્તી અશ્પ ખવાશ એ લાવેઆ દાસી ।
સરવને સણગાર કરીને લાવેઆ તપાસી ॥ ૫૯૫
તેહેની ઇરાંન શેહેરમાં તે એમ ખબરજ થાઇ ।
જાબુલસ્તાંનથી તે કએઆંની સીઆવસ આવેચ ધાઇ ॥

શાહ કાવુસને સ્યાવશનાં આવી પોહચવાની ખબર થવી, સર્વેએ તેને ઈસ્તેકબાલ જવું તથા શાહબાગમાં તેને ઊતારો આપવો.

તાંહાં શાહાંનસાહા કાઉશને એમ ખબરજ થાઇ ।
આપ મંન હરખ ધરીને ઘણી વેહેચી વધાઈ ॥
તમાંમ ઇરાંન તે શાહાને શાંહાંમણે આવી ।
જહવેર ધહવેર માંણક મોતીએ લીધો વધાવી ॥
શાહાજાદે મોકાંમ કીધો ઇરાંન નગરી શાહાબાગ ।
સરવ ઇરાંનમાં જસન થાએ ઘર ઘર કરે રંગને રાગ ॥
શાહે રંગ ચોકીઆ મોહોલમાંહાં જાએ સમરાવેઓ સેઆવસજીનેકાજ ।
સરવ શાંમાંન તઇઆર કરી દીધો તરત આજનો આજ ॥ ૧૦૦
તાંહાં કએઆની સીઆવખશજી ઘણાં રલીઆતજ થાએઆ ।
આપ હરખં ધરી ઊલટ કરી નાજ કરતે કરતે ઇરાંણમાં આએઆ ॥
રાએ રાએઆં તે દરબાર આગલ આવેઆ ધાઈ ।
ધસીને સેઆવખસજીને આપ શાઇ સીનાસુ લાઇ ॥
સીઆવખસ દીદવાંની જોઇ ખુશહાલ થએઆ ખાશ ।
ગરદંન બાજૂ આપ બોશા દીધા એકસો ને પંચાશ ॥
રૂસ્તંમ જાલને તાંહાં આપ ધરી સાંઇ લાઈ ।
આંપણુ તમ એક કૂટંમપરવાર અમ તમમાં કાંઇ નથી જૂદાઈ ॥
અમ શેઆવખસનો તૂં પરવરદેગારજ થાએઓ ।
પરવરશ કરીને સરવ હુંનર સીખાડીને અંમ ઘેરજ લાએઓ ॥ ૧૦૫
એહેની માએ સમાસજ કીધો તહમારી ગોદજ ઘાલી ।
તમ પરવરસ કરીને હુનર સીખાડી લાએઆ સહાલી ॥
અમ તેહેજ દંનથી સોપી દીધોચ તહમારે પાશ ।
વલી આજ દંનથીભી તમ એહેનો લેજો તપાશ ॥
એમ શાહાંનશાહે હોકમ ખૂસ રજા દીધી ।
સુમેશાલારી કૂલ મદાર સેઆવખસ શીસજ દીધી ॥
અમ તંમને એહેને સોપી દીધો એ રૂસ્તમ રણજીતત ।
હવે અમ તમ બહનેપર થાઈ રહેઆ છઊં નચીંત ॥
એટલુ કહી ફરાંમરજને શાંઇ લાઈ એમ બોલેઆ શાર ।
સીઆવખસસૂ સરીખી જોડ બેહૂ તે કીધા ઇઆર ॥ ૧૧૦

સોદાબેહનું ઝરૂખેથી સ્યાવશને જોવું તથા કુરબાંની લેવી.

જહરૂખેથી સોદાબેહે તે જાંહાંખી જાંહાંખી જોઇ ।
શીઆવખ્સ દીદવાંની દેખી દેખીને હરખે રહી મોહી ॥
રાએ રાએઆંએ સભા સરવ વદા દીધી તાંહાં લંબાવેઓ હાત ।
રાએ શેઆવખ્સ ગરદંન બાજૂ હાત ધાહાલી કરતા કરતા
ગીઆ વાત ॥
સોદાબેહે સીઆવખ્સ દેખીને ઘણુ થાઈ રલીઆત ।
તાંહાં કૂરબાંની લીધી કાંન કનોટી લગાડીઆ બહને હાત ॥
એ શાહાંનશાહાજી તંમ એ પૂત સકરમી જુગાંન જુગજ જીવો ।
એ કએઆંની સકરમી સ્વધેઆંન જાંણે રોશન દીવો ॥
વાલી સોદાબેહે શાહાજાદાને ઘણુ આશીશજ કરી ।
વાલી ફરી કૂરબાંની લીધી તંનથી ફરી ફરી ॥ ૬૧૫
એ શાહાંનશાહા સોદાબેહે દેખી ઘણુ રલીઆગોતજ થાએ ।
એહેની ગેબી માએ હૂતી તે હવે તંમ છઓ એહેની માએ ॥
તે સોદાબેહે રાએ મૂખથી શાંભલી ઘણું થાઈ રલીઆત ।
તમને તે એવડી સાંને કરવી પડીજ વાત ॥
એ સીઆવખ્સ તે અમ મન ઘહણો છેજ પેઆરો ।
અંમને એ સપૂત પેઆરો કૂઅર આંહાં લાધોછેજ શારો ॥
રાએજી અંમ એક કેરતારને એમ વચે આંહાંણુ ।
અંમ શેઆવખ્સસે કસો અંતર નહીજ જાંણુ ॥
એ શાહાંનશાહાજી આજ દંનેથી હુ આંહાં એમજ પાલૂ । [૬૨૦
સીઆવખ્શજી અંન પરશાધ કીધા પછી હું મૂખમાં અંન પાંણી ઘાલૂ ॥
રાએ શાંભલી મંન હરખ ધરી ઘણુ થાએઆ રલીઆત ।
એ સોદાબેહે મૂખની ભોલે રાએ શાચ માંની વાત ॥
શીઆવખ્સજીને આપ રાજ મોહોલમાં મોકાંમજ દીધો ।
આપ જાઇ શીઆવખ્સે તાંહાં આશાએશજ કીધો ॥

સ્યાવખશે જેહાંનપેહલવાંન રૂસતમની મેહમાની કરવી.

સીઆવખ્સે રૂસ્તમની મેહેમાંની કીધી તાંહાં પાંચજ માશ ।
સરવ શાંમાંન તે પાદશાહી એમ કીધો ખાશ ॥
માસ પાંચે જેહાં પેહેલવાંન રૂસ્તમને તે વદા કીધી ।
પાદશાહી રશાલ કએઆંનીએ બેસુમારજ દીધી ॥

ફરાંમરજને શીઆવખશે ઘણો મરાતબજ દીધો ।
ફૂઇઆઇ હતો તે આપ અતલગ કરીને લીધો ॥ ૬૨૫

શાહ કએકાવુસનું શેકારે જવું

માશ દસ અગીઆર તે એમ આસરે થાએઆ ।
સાહાનશાહાજી તે આપ સેકાર રમવા કારણ ગએઆ ॥
શેકાર ગાહા તે ઇરાંન આબાદથી એમ વેગલા જાતા ।
દંન વીસ પંચીસ તે સેકારગાહામાં રેહેતા ॥

સ્યાવશે પોતાના દોસ્તો સાથે ચોગાંન રમવી, તેની દડી ઊછલી ને કાવુસના મેહલમાં જઈ પડવી, તેનું તે લેવા જવું અને સોદાબેહે તેની દામાંન પકડી તેને ફુસલાવવો તથા સ્યાવશે તેને નાપાડવી.

તાંહાં સીઆવખશ ખૂબસૂરત ખૂબસીરત નોજોઆંન ।
આપ મોહોલ મેદાંનમાં તે આપ પોતે રમે ચોગાંન ॥
તે મોહોલ આગલ પંચ હફ્ત ઇઆર તે એખઠા થાઇ ।
તાંહાં ચોગાંન રમે તે આપ હાત ગેંડા શાહી ॥
શોદાબેહે શીઆવખસ દીઠેથી ઘણુ નીશાસજ ખાઈ ।
નેત જહરૂખે ચક નાખી ભાલી ભાલી જૂએ ઉભી થાઈ ॥ ૬૩૦
સેઆવખસ મેદાંનમાં નેત ગેંડી દડી લાવે ।
સરવ ઇરાંણુ પેહેલવાંન તાંહાં નીત જોવાને આવે ॥
શેઆવખસે ગેંડી મારી તે દડી ઊંચી ઉડી ।
તે પાદશાહી હેસ્તગાંન મોહોલમાં જાઇને પડી ॥
તાંહાં શેઆવખશે ચોગાંન જીહીતી દડી ।
તાંહાં ભીલૂ ભીલૂ કરીને એમ રડચી ખાઇ પડેઆ રડી ॥
સેઆવખસ દડી જીહીતી તો તેહેજ દાવ ।
એ દાવ જીહીતે તો જો એ દડીની દડી લાવ ॥
હમેસ્તગેહાંન મોહોલ ખાલી એહેની કૂચી મંગાવૂ ।
એ મોહોલ અંદર અમ જાઈ એ દડીની દડી લાવૂ ॥ ૬૩૫
તેહારે સીઆવખશ મોહોલ અંદર જઇને આપ ખોલે દડી ।
તાંહાં શોદાબેહે દાવ પાએઓ તેવારે જહરૂખેથી ઉતરી પડી ॥
તે મકરજનાં હરખ ધરી ગઈ પાક શેઆવખસજીને પાશે ।
એ માહારા મંન પેઆરાજી તમ મોહોલમાં આવી સૂ તપાશે ॥

તે પાક અશો આગલ જઇ મકરજના મોહથી મીઠી મીઠી કરે વાત ।
તાંહાં આગલ જાઇ દાંમણુ શાઇ તેહારે શેઆવખશે અજાડી નાખે-
ઓ હાત ।।
તે સેઆવખશ ગુસો ખાઇ કરીને ઉતાપી થાએઆ ।
આપ મૂખ ફેરવીને બાર ઉઘાડવાને આએઆ ।।
બાર ધરી તાંણે પણ બાહેરથી કોએ શાંકલજ દીધી ।
શેઆવખશ ઊભા રહી તાંહાં એમ ફકરજ કીધી ।। ૬૪૦
તાંહાં સોદાએહે સલાંમ કરતી કરતી આવી ઉભી આગલ ।
એ મન પેઆરા જોઆંન આંહાં નથી કોએ આગલ ને પાછલ ।।
એ નોજુઆંન હું ઘણી આશક છઉં તાહારી ।
તૂ માશૂક માહારો મનથી મને જાંણુ પેઆરી ।।
તેહારે શેઆવખસજીએ એમ પડઊતર દીધો તાંહાં આપેઆપ ।
એ માએજી તંમ મૂખ વેણથી અમને ઘણુ લાગે પાપ ।।
અમ પેતાએ તમને આહાંણી અમ માંએથી અધીકજ જાંણુ ।
અમ કોએ પરલોકને દીઠે મંનને ગેરીઅત નહીજ આહાંણુ ।।
એ અણુસરજેઉં અણશાંભલેઉ કેમ હોએ એ માહારી માએ ।
આપ તાંહાં આંખ મીચી રહેઆ તાહારૂ મૂખ જોઉં તો
ધરથીકંપજ થાએ ।। ૬૪૫
તેહારે સોદાએહે તે એમ પડઊતર તે આપેઓ વાલી ।
હું વરહે ભરાઇ દેવાંની શોખ થાઇને આગલ આવી ચાલી ।।
હવે તહમે મહને આંહાં લેઓ શહંભાલી ।
તમ આગલ માહારો ગોએઆ તે નહી જાએ ખાલી ।।
તૂ એમ જાંણજે જે તાહારા જીવની આંહાં આવીછેજ હાંણુ ।
હૂ રાએ રાએઆંને કહી તાહારા કહડાવસ પરાંણુ ।।
હું હમનાં આંહાં તૂને તરત રોસ્વા કરશ જોર ।
હું આંહાં તતડાવીને ઘણું પાડશ સોહોર ।।
એ માએજી હું તાહારો પૂત ઘણો પીઆરો તૂ રશવા કરે આજ ।
એ માએજી વગુઅપરાધ કાંએ કએઆંની કુલને ખાંપણ લગાડોચ લાજ ।।
એ માએજી તમને એહવું કીધુ ઘટારત નથી । [૬૫૦
તમારા અપરાધ ભરેલા સખુન શાંભલી હું કઇ ડરતો નથી ।।
એ શેઆવખશ એકવાર તૂ મહને ધશીને શાંઈ લાએ ।
તૂ સનમૂખ કરી ભાલી જોએ તોખી માહારૂ વખ ઉતરીને જાએ ।।
એ શેઆવખશજી હવે એકવાર તૂ તાહારી આંખ વકાશ ।
તુ માહારી વરહે વખ ભાગે ને માહારા મંનની પોહોચે આશ ।।

એ માએજી હવે જો હૂ આંહાં આંખ ઉઘાડુ હેરતગેહાંનને વાશ ।
તાં આંહાં તરૂત ગરગડીને પડશે સાતે આશમાંન આકાસ ॥
અમ આંખ ઊઘાડી તમ મૂખ દીઠે ધરતીકંપજ થાએ ।
આ નવખંડ પરથવી સરવે ગેરકજ જાએ ॥ ૬૫૫
એ શેઆવખસજી હૂ આશક તાહારી તૂં માશૂક માહરો શારો ।
હૂ તાહારી કાંહાંની માએ તૂ માહારો કાંહાંનો પૂત પેઆરો ॥
તાહારી માતા તો ગેબી આવીને વાલી ગેબજ થાઈ ।
હૂ તો હ્માવરાંન શાહાજાદી કાંહાંથી થાઇ તાહારી માઇ ॥
એ શેઆવખશજી હૂં તમપર કૂરબાંન કૂરબાંનજ થાઉં ।
તમ એકવાર આંખ ઉઘાડી જોએઆ બગર તાહારો
પલો મૂકી નહી જાઉં ॥
તાંહાં સોદાબેહ એહવું બોલી વારેવાર ।
ને પોતાના બોલનો લાગ નહી લાગો પાર ॥
તેહારે પાક સેઆવખસ મૂખથી તે એમ બોલેઆ વાલી ।
એ માએજી માહારૂ વેણુ વચન તે તંમ નહી કરવુ ખાલી ॥ ૬૬૦
તો હૂં આંહાં ઘણુ હેત હરખે તમારૂ મૂખ જોઉ ભાલી ।
એ મોહોલ એવાંન અંદર આંપણ બેહુ જન જાઇએ ચાલી ॥
તમ શોદાબેહ જાઓ જલ લેઈ કર મૂખ પાએ પંખાલી ।
સૂરજ સંનમૂખ રહી કંમર કૂસતી બાંધો વાલી ॥
"મનેશ ગવેશ કુનેશથી[1]" તંમ આપ ધરમ શહંભાલી ।
"દુસમતે દુજૂખતે દુજૂઅરેસતથી" તહમારૂ તન મન થાએ ખાલી ॥

---

1 "મનેશ, ગવેશ અને કુનેશ," અથવા 'હુમત' (સારૂં વિચારવું), 'હૂખ્ત' (સારૂ બોલવું) અને હ્વર્શ્ત (સારાં કામો કરવાં) એ ત્રણ જરથોસ્તી ધર્મનાં મુખ્ય અને સઉથી સરસ ફરમાંનોછે અને જરથોશતી ધર્મનાં પુસ્તકોમાં જાબજા એમની વખાન કરવાને તથા તે મૂજેબ ચાલવાને, અને 'દુઝ્મત' (બુરૂ વિચારવું), 'દુજૂખ્ત' (બુરૂ બોલવું) અને દુઝ્વર્શ્ત (બુરાં કામો કરવાં)થી દૂર રહેવાને તથા તેમનો તિરસ્કાર કરવાને ફરમાવેલુછે; અને જરથોસ્તીઓમાં એક બીજાને કોઇ બાબદ ઉપર સોગંદ આપતી વખતે, મજકૂર શબ્દોની તેમને ઇઆદ આપવામાં આવેછે કે "મનશની, ગવશની, અને કુનશની" જે આપણાં ધર્મનાં મુખ્ય ફરમાંનો છે તેમનો વિચાર લાવીને તેણે આ વાત કેહવી. તેમજ કોઇબી જરથોશતી કોઇ ચોકસ વિષયનો ઇકરાર કરતી વખતે મજકૂર શબ્દો ઇઆદ કરેછે કે જેબી તે કેહેચ તે "મનશની ગવશની અને કુનશનીથી" કેહેછે.

નાપાક આહારેમંન સેહેતાંન તમથી દૂર દફે થાએ ।
તેહારે હું તારૂં મૂખ જોઊં તુ માહારી અતલગ અંગની માએ ॥
અમ અંગની માએ ગેબી અમને મેહેલો ગેબજ થાઈ ।
તે માએ ફોક તૂ રોક તૂ માહારી અતલગ અંગની માઈ ॥ ૬૬૫
હૂ તાહરો અંતલગ પેઆરો પૂત તૂ માહરી અંગની માએ ।
એ એહેવું શેહેશારમાં નથી સરજીઊં અમથી એ કેમ બોલાએ ॥
તમ માહારો કર લેઈ આંખ હોટસૂ લગાડો ખાસ ।
માહારા કર પોહોચને તંમ ચૂમાં દેઓ સોહો પંચાશ ॥
એ તૂ માએ માહારી આપણ બેહુ આંહાં શાચવીએ ધરમ ।
શ્રી એક પાક પરવરદેગાર આંપણ બેહુની આંહાં રાખે સરંમ ॥
એ માએજી માહારી એ વાત નરધાર નરધાર તંમ મનને લાવો ।
એ કોએ નથી દીઠૂ નથી શાંભલેઊં તંમ મનને મેલ મો લાવો ॥
એ માએજી તહમ તહ્માારા મંનને એમ શહમજાવો ।
હવે તંમ મન વાલીને શેહેતાંન નાપાકને તે એમ કરવો દાવો ॥ ૬૭૦
તેહારે સોદાબેહે દાંમન મૂકીને એમ હાતજ શાહી ।
એ સેઆવખશજી તૂ હૂથી દાહેઓ તુ મહને જાએચ વાહી ॥
એટલે હું આગલ સેઆવખશજી થાએઆ ડાહાએઆ પીર ।
વાલી અંમ તન જગરને ખાકી કાહાડી મારેચ તીર ॥
તૂ આપ ચતૂરાઈ જાહેર કરી તૂ મહને જાએચ વાહી ।
એ આણસરજેઊં કેમ હોએ જે તું અમથી જાએચ ઉફરો થાઈ ॥
શાંભલો સેઆવખશ હું મન મેહેલીને કરૂચ વાત ।
તમ માહારૂ મકર ચકર લોપસો તો પસ્તાઇ ઘસસો હાત ॥
હું તંમ આગલ માથે છેહેડો બેશરમ બેહએઆ થાઇ છેઊં આજ ।
જો આજ અમ વેણ તંમ ખાલી કરી જાઓ તો અમને
ઘણુ લાગે દાહાજ ॥ ૬૭૫
તંમ હાતે કરી જેઆંન કરસો ને કએઆંની કુલને ખાંપણ લાગશે લાજ ।
હવે આપ જીવક શરમ આંહાં એ કરવો એલાજ ॥
આંહાં કોણ જોએચ ને કોણ શાંભલેચ આંપણ તમો કરીએ ભોગ ।
હવે તંમ માહા વારતા મેહેલી દેઓ અંમ તંમ મનનો એ જાએ રોગ ॥
એ વેણ શેઆવખસજી શાંભલી શમાવ કરીને રહેઆ ।
તેહારે શોદાબેહેને તાહાઢા મીઠા બે બોલજ કહએઆ ॥
એ માએ તૂ માહારી તંમને આહારેમન દીએછે ધાહાત ।
અહ્મારૂં જીવક શરમ સહ્માલી રાખો આંહાં તહ્મારે હાત ॥
આખર હોણી હોશે તે મીટાવી નહી સકે કોએ ।
ભવેસટ અણહોણી હોએ તે નહી હોઇ હોએ ॥ ૬૮૦

શાંભલો સબ કોઇ સૂરજપરં નાંખેચ ખાક ।
નાંખનાર ઉપર પડેછે ખાક સૂરજ તો ઉપરનો ઉપર છેજ પાક ॥
આખર આપ રસ્વા થાઇ અમને કરશો હલાક ।
હવે એટલેથી સમાવ કરીએતો આંપણ બેહુને નહી હોએચ બાક ॥
એ સીઆવખશજી તંમને રૂસ્તમ જાલે સરવ શીખાડેઆચ છલ ને ભેદ ।
આખર અસ્તરી ચરતમાંહાં નથી જીહીતી ગએઆ પાદશાહા જમશેદ ॥
અરતરી ચરતમાં કોએ નથી જીહીતી ગએઆ આદ અગાઊ આગે ।
એ શેઆવખશજી તંમ ચતૂરાઈ તે કોણ આશરે લાગે ॥
એ સીઆવખશજી તમ અસતરી ચરીતર તે નજરે જોશો ।
હવડાં અમારૂ કેહવું તમો નથી માનતા પણ તે વખતે રોશો ॥ ૬૮૫
આખર શેઆવખસે તે આહે નીશાશ નાંખી તે મંનને ગેરજ આહાંણી ।
અંમ પેતાએ એ એહવી વરખી પાડવી તે કાહાંની કાંહાંજ આહાંણી ॥
જે અમ કએઆંની કૂલને ખાંપણ લાજ ભવની રાખશે કાંહાંની ।
જે કએઆંની કૂલને લછણ લગાડશે એ પાપણી જાંણી ॥
આખર ધરમ જાલવે તે હોએ અધીક અધીકજ જએ ।
પાપ કીધે ચંદરોકાલ નરકજ રહે ॥
આદ વડા વેણ એજે જાગે પૂનને શોવે પાપ ।
સત ધરમ રખણીછે. નરંજન આપે આપ ॥
શોદાબેહે સરવ શાંભલી સહજી લીધી વાત ।
એ શેઆવખસજી તમ જીવેઆથી એ મરણછે માહારે હાત ॥ ૬૯૦
તમને આજ દનેની નહી જાવાદેઊ એમજ આડી રાત ।
એ અમ અસ્તરી વેણ લોપે તે જાંણી જોઇ ખાએ ધાત ॥
પાક શેઆવખસજી બોલેઆ એ "બદ જંદગાંની મૂરદે બેહે" ।
બદ નાપાક તે જે પારકી નારસૂ કરે સનેહે ॥
એહવા ઘણાં ઘણાં સખુન સીઆવખશજી બોલેઆ સહી ।
પણ સોદાબેહ મન સાચી વાત આવી નહી ॥
તેહારે શોદાબેહે અંદરથી એમ દસ્તકજ પાડી ।
તેહારે બાહેરથી દાસીએ સાંકલ મૂકી ઉઘાડી ॥
તેહારે શેઆવખસ મોહોલ અંદરથી બાહારજ ગએઆ ।
તે તંન મંનસૂ આપ તાંહાં એમ ઘણાં દોહેલા થએઆ ॥ ૬૯૫
તાંહાંથી જાઇ આપ ઇઆરોને એમ રજા દીધી ।
એ ગુપત વાત આપ કોહોની આગલ તે નહીજ કીધી ॥
આપ મોહોલ અંદર જાઇ શોથરી ઓહોડીને રહેઆ શોઇ ।
આપ માએ દૂખ સાંભરીને મનનાં મનસુ રહેઆ રોઇ ॥

સોદાબેહ. પોતાની બુરી મતલબમાં નિષ્ફલ થવાથી સ્યાવશ ઊપર જુઠુ તોહમત મુકવું તથા કાવુસને ફરેબ આપવાથી તેને કતલ કરાવા મોકલવો, હોમા વજીરે તેનો જાંન બચાવવો તથા સ્યાવશે પોતા ઊપરનું તોહમત રદ કરવાને આતશની ચેહમાંથી પસાર થવું.

તાંહાં મકર જનાંએ કોપ ધરીને આપ મૂખપર તે મેસજ લાઇ ।
આપ દાસીને મોકલી એક બોલાવી દાંનાવ દાઇ ॥
તે દાઈ સોદાબેહે આગલ આવીને તાંહાં ઊભી ધાઇ ।
દાશી ખબર લાવી જે આજ શાહા આવે ને તમ દેઓ વધાઇ ॥
તેહારે શોદાબેહે એક અતલગ દાઇને આપ બોલાવી લીધી ।
અશરફી શોહો બે ચેઆર તેહેનો ખોલો ભરીને દીધી ॥
જાઓ એ લેઇ તંમ કોએનુ માશ તરણ ચેઆરનૂ ગેલવા લાવો બાલ ।
આજદંન રાએ આવવાનાંછે તમ જાઈ લાવો તરતજ કાલ ॥
દાઈ જાઇને કોએને એ જર જેહેર આપદી દીધૂ ।
કોએ લોભાલને એ જર દેઇ તેહેનૂ બાલ ગેલવી લીધુ[1] ॥
કાંઈ કલબૂધ કરી તે ચંડાલીએ મોહોલ અંદર આંહાંણી દીધુ ।
તાંહાં એ શોદાબેહે મોહોલ અંદર એહેવું તોફાંનજ કીધૂ ॥

---

[1] જરથોસ્તી ધર્મમાં કોઇનોબી હમેલ, દવા અથવા કોઈબી ઉપાયથી, તોડી પાડવાની સખત મનાઈ તથા મોટો ગુનાહ જાહેર કરેલોછે. વંદીદાદ (નીતિ તથા પવિત્રાઇનાં કાયદાઓનું પુસ્તક)ની ૧૫ મી ફર્ગરતમાં ખુલ્લુ લખાંન છે કે જો કોઈ કન્યાને કાયદાથી ઉલટી રીતે હમેલ રહેયા હોએતો લોકની શરમને ખાતેર તેણે આપઘાત કરવો નહી અથવા પોતાનાં હમેલને કઈ દવા ખાઇ તોડી પાડવો નહી પણ જે શખસથી તેને હમેલ રહેઆ હોએ તે શખસે તેનાં હમેલ છુટવાસુદી તે ઓરતનું પાલણ પોષણ કરવું. અગરજો તે હમેલને તોડી પાડેતો તેમાં તે ઓરત મરદ તથા તોડી પાડવાની દવા આપનાર અથવા એવાજ બતાવનાર વગેરે મોટાં ગુનેહગાર થાએછે. એહવુંજ લખાંન બીજાં પાછલા વખતનાં પેહલવી ભાષામાં લખાએલાં પુસ્તકોમાં પણ આવેલુંછે. એટલું છતાં આજ ૨૯ વર્ષની વાત ઉપર ડાકટર વીલસને જરથોસ્તી ધર્મ ઉપર 'બાલ હત્યાનું તોહમત મુક્યું હતું (જુઓ એ વિદ્વાને વંદીદાદ ઉપર કરેલા ટીકાનાં ચોપાનીઆનો સફો ૩૩ મો તથા "ધી પારસી રીલીજ્યંન" નો સફો ૭૯), જેનો રદીઓ તેજ વખતમાં કેટલાએક સાહેબોએ આપેઓ હતો (જુઓ "તાલીમે જરથોસ્તી" સફો ૧૦૧—૧૦૩ તથા "હાદીએ ગુમરાહાન" સફે ૨૧૧—૨૨૨) તે છતાં હાલનાં યુરોપ્યંન વિદ્વાનોએબી એ બીનાં ખોટી પાડી જરથોસ્તીઓને આ તોહમતથી મોકલા

તે દેખી દાઇપર ઘણુ થાઈ રલીઆત ।
વલતી તેસૂ એ છાંની છાંની એમ ઘણી કીધી વાત ॥
જેહારે રાએ રાએઆં આવેઆની એ વેલા થાઇ ।
તેહારે મકર જનાંએ અસ્તરી ચરતની કીવી શજાઈ ॥ ૭૦૫
પરથમ તે દાઈ પાશ ઘણાં ઊંડા દાંત દેઇને કરડાવેઆ ગાલ ।
પછે આપ કાંન તરોડીને ઊંરાડી નાંખી જાહાલ ॥
વલતી આપ ચૂથી પીખી નાંખી શીના ચોલી ફાડી ।
વલતી દાઈ પાસે થાંન લાલ કરાવી નખરાં દેવાડી ॥
વલતૂ દાઇ પાશ પીડૂ છૂદાવીને કીધુ લાલ ।
વલતી ખજરાંને કોતરાવી કાએઆ કીધી લાલ ગુલાલ ॥
વલતી તે જાંગ વચાલે મેલાવેઊં જાંણે ગલેઊંક્રેજ બાલ ।
તે મકરજનાં દાઇએ એ શરવ કરીને દીધુ તરતજ કાલ ॥
એમ મકર કરીને સૂતી બોહોથાંનજ જોડી ।
તાંહાંથી દાઇને વદા કીધી સૂતી સૂથરી ઓહોડી ॥ ૭૧૦
રાએ મોહોલ અંદર આવી શોદાબેહે શોદાબેહે એમ વચારી ।
જાંણે એ લાડમાં સૂતી હોશે ચાબકફૂમતી કાહાડી મારી ॥
માંહાંણુ મકરજનાં જહબકી ઉઠી મોહો ઢાંકીને કીધો શોહોર ।
એ રાએ રાએઆંજી તાહારા શેઆવખશે હૂપર ઘણો કીધો જોર ॥
તાંહાં રાએ બોલેઆ તૂને આંહાં શેઆવખસસે કેમ મેલો થાએઓ ।
તે શરવ શહેલીમાં શેઆવખશ તૂ આગલ કેમજ આએઓ ॥
શેઆવખસને શાહાંનશાહે તે એકાંત બોલાવી લીધો ।
શેઆવખશનુ તંન આપ સૂહવીને તેને વદા કીધો ॥
જેહવુ હોએ તેહવું સાચુ કેહજે અમને આજ ।
તમ સાચ છેવ કે જુઠ તેનો કરીએ એલાજ ॥ ૭૧૫
એહવી બે ચાર વાત સોદાબેહને કેઆનીએ પુછી જોઈ ।
કએઆંની મૂખથી વાત શાંભલી ઘણુજ રોઈ ॥
એ શોદાબેહે તમ શાહાજાદાને જૂઠી બોહોથાંન કરોચજ વાત ।
તંમને શેહેતાંન આહારેમંને દીધી હોશે ઘાત ॥
શાંભલો શોદાબેહે તમ તો શેઆવખશની તે થાઓ માએ ।
અમ કએઆંની કૂલથી પારકી નારસૂ બીગાડ નહીજ થાએ ॥
તૂ રૂપવંતી સૂઘડ સુગંધ ધરાવેચ નારી ।
અમ તમસૂ મલુચ તો અમ તંન થાએ સુગંધ રેહેશે શારી ॥

કીધાછે. મજકૂર ભુલ પેહલાં આંકુઇતીલદૂપેરાંથી થઇ હતી; પણ તેમાં તે ભલાં ફેરેચની કસી તકસીર નહી હતી, પણ તે તેનાં ઉસ્તાદ દસ્તુર દારાબની ભૂલથી થયું હોએ; કેમકે જેબી મજકૂર દસ્તૂરે તેને શિખવ્યું હતું તે તેણે પોતાની ફ્રેંચ ભાષામાં જાહેર કર્યું હતું.

મે શેઆવખશને બોલાવી તાંહાં એમ સુંધીને જોઇ ।
હવે બે અખરે જૂઠી પડી તૂ શાંને રહીછે સોઇ ॥
શાંભલો સોદાબેહે તંમ જુઠ કીધે ખલકની ફીટફીટજ થાએ ।
એપર તૂ જૂઠ બોલેચ તો જો એહેની મરી ગેઇ છેજ માએ ॥
હૂ તેપર ઘણોજ પેઆર કરૂચ માટે તૂ અદેખાઈ કરેચ મતરબ ।
એ શેઆવખશને શાવકો જાંણીને તૂ જાએચજ અતરઈ ॥
તેહેને શાહા કએઆંની કાઉસ તે એમ કેહેવા લાગા ।
અમ છતરપતી દેઆતસીને છેજ આધા ॥
અમ જૂઠ ને જાહેર અને સાચને જાંણુ શાહાદ ।
અંમ તખત બેશી જૂઠને જરદર શાચને દેઉ દાદ ॥
તેહારે શોદાબેહે સુથરી મૂખ શીનથી ઉઘાડી ।
આપ મૂખ ગાલ તે રાએ રાએઆંજીને દેખાડી ॥
રાએ રાએઆંએ તેહેનાં બેહુ ગાલ દીઠી દીદાંની ।
શોદાબેહે દીદાંની ગુરબજંન નીશાંની ॥
"તો રૂબરૂહ ઇ જન દંદાં બૂરીદેહ ગાલ ।
"તો ઇ પસ્તાં દરીદ ગૂરબજંદ દીહી ચુંગાલ" ॥
"ઇ એો દહંન કૂશાદ ઈ ન દંદાં સીઆવખશ દેરેર" ।
"બર ઈપિસ્તાં ચુંગાલ દેહે ઊ માંનંદ શેર" ॥
"તો દરોગ દગાબાજ લેઆંનત બર મકરજનાં" ।
"ચૂ ચૂનાં બેઅદબી જેહાંપેહલવાં નસલે કએઆંનાં[1]" ॥
એ મકરેજનાં અંમ અશોપર જૂઠ બોહોથાંન કરેચ વાત ।
અમ તાહારી શીશ ચોટી કાપી દેઊં જમણે ડાહાવે હાત ॥
એ સરવ અભરણ શણગાર અમ તુ પાશથી સરવે ઊતારી લેઉ ।
હમાવરાંન શેહેર તુને તાંહાંની તાંહાં મોકલી દેઊ ॥
શાહાંનશાહે એમ કહેઉ તૂ અંમ મંન જૂઠી બેઠી થાઇ ।
ઉઠ પડી સુથાકી મકરજનાં સૂથરી શાહાઇ ॥
તાંહાં શોદાબેહે આપ મન એમ વીચારજ કીધો ।
કએઆંની કએકાવુશ શીસનો પરદો ખોલી દીધો ॥
તાંહાં શાહાંનશાહા ઉપર સોદાબેહે એમ ઉઠી તરાડી ।
સૂથરી ધાધરો તંનપરથી આપ નાખેઓ ઉરાડી ॥

---

[1] એ ફારસી બેતો એ નાંમુ લખનારે પોતે બનાવી હોએ એહવું લાગેછે. એની મતલબ એછે કે,—કાવુસ સોદાબેહને થપકો આપતાં કેહેછે કે, તુંએ પોતે દાઇ પાસે તારા ગાલ ઇત્યાદિ પીખાવેઆછે અને સ્યાવખશ ઊપર જુઠું તોહમત મુકેચ. તું જૂઠી દગાબાજ મકરે ઓરત છે, આહવી રીતની બેઅદબી કેઆંની ઓલાદનાંથી નહી થાએ.

નાપેકાર શોદાબેહે મેલી શરમ ।
કએકાવુસ સોદાબેહે તન દેખી થાએઆ ગરમ ॥ ૭૩૫
સોદાબેહે આપ તન મનથી ચરીતર કીધાં ।
ભોલા રાએ આપ મન સાચ માની લીધાં ॥
રાએ કઠાર સુહુજેઉ દીઠુ તાંહાં એમ લાલ ગોલાલ ।
વાલી તંનથી કાએઆ બાહાર દીઠી લાલજ લાલ ॥
તે દેખી રાએ રાએઆંનાં ઊઠી ઉભા થાએઆ બાલેબાલ ।
વાલી જાંગ વચાલે તાંહાં એમ ગલેઊં દીઠૂ બાલ ॥
તાંહાં બાલ દેખતાં રાએને ઘણો ચહડેઓ કાલ ।
જે એ આંહાં સેઆવખશ સૂ કરી ગએઓ જવાલ ॥
તે દેખી રાએ તાંહાં તજવીજ તે નહીજ કીધી ।
હાલહાલ હાલાં તાંહાં આપ એમ ફરમાઇ દીધી ॥ ૭૪૦
એહેદી તવાચીને હોકંમપર હોકંમ તે એમં દીધા આંમ ।
જે એ શેઆવખશને તરૂત કાલ મારજો ઠાંમ ॥
એહેનુ શીશ મસ્તક તે તરૂત તમ નાખજો ફાડી ।
એહેનાં દીદાં અંમ આગલ લાવજો કાહાડી ॥
એહેદી તવાચી સેઆવખસ મોહોલ આગલ ઉભા જાઇ ।
એ શાહા હોકમની ખબર તે મોકલી સજાઇ ॥
શેઆવખશ મોહોલ અંદરથી આપ નીશરેઆ ધાઈ ।
હાત જોડી ઉભા એહેદી એલચીની આગલ જાઇ ॥
એ પાદશાહાજીનો હોકંમ કબુલ કરવો અહમે ।
આપ ફરમાએઊં હોએ તે તરૂત કરજો તહમે ॥ ૭૪૫
એહેદી તવાચી ડાહાવી જમની બેહૂ હાતજ શાહેઆ ।
ભાગલ બાહેર ગરદંન મારવાને કાજે લાએઆ ॥
તાંહાં હોમાં[1] વજીર તે આપ એમ દરોડીને ગએઆ ।
તાંહાં એહદી તવાચી સૂ આપ સહ્રજીને રહેઆ ॥
એ અસોપર ફૂલ જૂઠ બોહોથાંન એ જાદૂગરે કીધૂ ।
હોમાં વજીરે એ આપ આંપણે શર શરવ તાંણી લીધૂ ॥
એહેદી તવાચી શહમજી એક મરૂગ તે મારેઓ ઠાંમ ।
તેહેનાં બેહૂ દીદા કાહાડીને લાવેઆ આંમ ॥

---

[1] એજ નામાંની ૪૬ મી બેતમાં ગોદરજ તથા તૂસને કએકાવુસનાં પ્રધાંન કહેલાછે; પણ આ ઠેકાંણે "હોમાં" નાંમનાં શખશને શાહ કાવુસનો વજીર કહેલાછે. એ શખસ વિષે શાહનામું, રોજેતુસ્ સફા, નાસેખ્ ઉલ્ તવારીખ, તારીખે મુઅજ્જમ વગેરેમાં કસુ લખાંન મલતું નથી.

શેઆવખશસૂ હોમાએ એમ ઘણી મસલતજ કીધી ।
તૂરકસ્તાંન જવાની આપ એમ રજા દીધી ॥ ૭૫૦
શેઆવખસ એમ તૂરકસ્તાંનની વાટજ શાહી ।
તાંહાં તેહેની ગેબી માએ તે આવીને પરગટ થાઇ ॥
તે તાંહાં તરૂત આવી શેઆવખશને ધશી સાંઈ લાઈ ।
તંમ તુરકસ્તાંન તે શાંને જાવો એ શેઆવખશ ભાઇ ॥
હમણાં શરવ ઈરાંની આવશે તહ્મારી આગલ ધાઇ ।
હમણાં તૂશબાંનો આવશે આંહાં તહમારી માઇ ॥
તંમ આંહાંજ રેજો આપ મન સંતોકજ વાલી ।
હમનાં સરવ ઇરાંની તે તમ આગલ આવશે ચાલી ॥
તે તમ આગલ આવી સરવ ઇરાંણી મેલો કરશે આંહાં ।
તે સરવ મલી તમને ઇરાંણ નગરી લઈ જાશે તાંહાં ॥ ૭૫૫
તે એટલૂ કહી સહમજાવીને તાંહાં આપ ગેબજ થાઇ ।
તાંહાં પાક શેઆવખશજી રહેઆ એમ હેરાંનજ થાઇ ॥
એહેદી તવાચીંએ દીદા લાવી દીધા રૂમાલ ઉઘાડી ।
શાહે દીદા જોઇને આપ એમ નાંખેઆ ઉરાડી ॥
હોમાં વજીરે તૂસ ગોદરજ ગેવસૂ એમ મસલતજ કીધી ।
એ નાપાક જાદૂગરે એ પાદશાહોને બાજી દીધી ॥
એ ગરીબ અશોપર બોહોથાંન કીધો જોર ।
હવે તંમ સરવ ઇરાંની એકઠા થાઇ કરવો શોહોર ॥
સરવ તઇઆર થાઇ ગીઆ શાહા આગલ ધાઇ ।
સરવ ઊમરાવ પેહલવાંન એ સીઆવખશજી તરફજ થાઇ ॥ ૭૬૦
શરવ ઉમરાવ પેહલવાંન તે ઈઆગીર થએઆ
એ શેઆવખસ તરફ થાઇ શાહા આગલ ગએઆ ॥
એ શાહાનશાહા તમ એ પાક અસોપર કાંએ જોરજ કીધો ।
હ્માવરાંની જાદૂગરાંએ તૂને વાહાઇને વશજ કીધો ॥
હમણાં આંહાં દરોડી આવસે રૂસ્તમ ને જાલ ।
એ જાદૂગર શીસનાં એમ તરોડી નાખસે બાલેબાલ ॥
હાત કરી તખત તાજ શાંને બોહોચ એ કેઆંની રાજ ।
કાઉશ ધાભરા ધાભરા નીસરેઆ એવડૂ કરોચ તે શાંને કાજ ॥
શાહાંનશાહા બોલેઆ અમ તજવીજ કીધુ બોહોથાંન થાએગી જુઠૂ ।
જેહારે એ જાદવીનાં પેટથી અમ બાલ ગલેલી દીઠૂ ॥ ૭૬૫
તે બાલ દેખીને હૂ આપ ઘણો દેવાંનો થાએઓ ।
મહને એ નાપાક જાદૂગરે બાજી દેઇને વાહાએઓ ॥

વલતી મે એમ આપ મનસૂ જોએઉ ગનેઆંન કથી કથી ।
મૂળ એ પેટ માહારે હમેલ તે રહેઓ નથી નથી ॥
એ હોમાંવજીર તંમ આંહાં માહારી આગલજ આવો ।
અમ નોશુ મએ[1] દેઉ માહારા સેઆવખશજીને જીવતો કરી લાવો ॥
હોમાં વજીરે એ શરવ મચકુર તે સમજાવીને કહી ।
સરવ ઇરાંની મનને તે ઘણી નવરતજ થાઈ ॥
તૂસ ઘણીઆંણી દરોડીને ગઇ એ સેઆવખસજીની આગલ ।
સરવ ઈરાંની નર નારી તે દરોડી ગએઆ તેહેની પાછલ ॥ ૭૭૦
જોએ તો સેઆવખસજી ગેબી જાએ એમ બેઠા દીઠા ।
સરવ ઇરાંનીઓને સેઆવખસજી તે ઘણાં લાગા મીઠા ॥
તૂસ ઘણીઆંણી તે કૂરબાંન કૂરબાંનજ થાઈ ।
આપ હંશી હંસી હઇએ હરખ ધરીને શાહી લાઈ ॥
તાંહાં તૂસ કેહવા લાગા જે એ જાદુગરને હું આંહાં મારૂ ઠાંમ ।
તાંહાં ગોદરજ દાંનાવે મને કીધો જે આપણુ નાંમ તે થાસે બદનાંમ ॥
એ જાદુગરનાં બોહોથાંનનો જૂઠો થાએઓચ સોહોર ।
હમણાં મારીએ તો કોએ અણસોહોઆત બોલે જે એપર થાએઓ
જોર ॥
હમણાં આંહાં દરોડી આવસે રૂસ્તમ ને જાલ ।
તે આવેઆથી અદાલત કચેરી જોડીએ આજ ઇઆ કાલ ॥ ૭૭૫
એ તેહેકીક તજવીજ આપણને આંહાં કીધૂ જોઇએ ।
એ ઇરાંની શેહનશાહાને અદલ અનશાફજ સેહોઇએ ॥
એ તુસ તંમ આવો આંપણ સેઆવખશજીની આગલજ જાઇએ ।
રૂસ્તમ આવે તાંહાંવેર તેહેનાં નગહેબાંનજ થાઈએ ॥
તાંહાં જાઇ શરવ નરનારીએ એમ કીધો મોકાંમ ।
વસ્તી ઉજાડ થાઇ ઈરાંન નગરીનુ ઠાંમ ॥
એ પાક અસોને સરવ ઇરાંની તે ઘણુ ચાહે ।
સરવ નર નારી અસો દીદાર તે જોવાને જાએ ॥
એ સેઆવખશ મારેઆની ખબર જાઈ પોહોચી ધૂર જાબુલસ્તાંન ।
મોરચાંગે ખાઈ પડેઆ ફરાંમરોજ રૂસ્તમ જાલ દસ્તાંન ॥ ૭૮૦

---

[1] નોશમએ, નોશદારૂ એક જાતનો શરાબ કેકાવુસ પાશે હતો. શાહનામાંમાં લખાવા મૂજેબ જ્યારે રૂસ્તમને હાતે તેનો બેટો શોરાબ જખમી થયો તે વખતે એ દારૂ ગોદરજની મારફતે કાવુસ પાશેથી મંગાવ્યો હતો પણ તે કાવુસે શોરાબ તરફનાં કીનાંને લીધે નહી આપીઓ હતો.

તાંહાં કેકબાદજાદીઓ સાંભલીને સોહોર કીધો જોર ।
આપ બેતાબ થઇ ઊંધે શીશ પડી રહેઆં નહી દીથી કોર ॥

સીઆવખસ ખબર શાંભલી ફરાંમરજે તે ખાધો દાગ ।
આહે નીસાસ મારી જગર કલેજેથી ઊચ ઉઠી આગ ॥

આપ ઘણી દાહાજ ખાઇને ઘણુ તાકેઊં બલ ।
તાંહાંથી કહરોધ ભરેઓ નીસરેઓ તે નહી પીધૂ જલ ॥

ફરાંમરોજ અસ્વ તે તાંહાં એમ હૂતો તઈઆર'।
દરોડી જઇ થએઓ એ આપ અસપપર અસ્વાર ॥

તાંહાં ઇરાંન જાઇ પોહોચૂં હું એકદંન એકજ રાત એજ ઘડી આજ ।
ઈરાંનને લગાડી દેઉ કાઊસનૂ છીનાવી લેઊં તખત ને તાજ ॥ ૭૮૫

માહારા સેઆવખશજીનો હું આજ કીનો લેઊં ।
ઈરાંન ઊજાડીને તૂરકી શાહાને દેઊં ॥

સોદાબેહેને ઊચલી હલાલખોરને આપૂ આંમ ।
કાઊસ પાદશાહી સરવ તફરગાહા કરૂ તેણે ઠાંમ ॥

ગોદરજ તૂસ ગેવનાં સંધે સંધથી કટકા કરૂ આજ ।
સરવ ઇરાંન ઊજાદ કરૂ માહારા સીઆવખસ કીનાંને કાજ ॥

ઈરાંન હમાવરાંન માજંદરાંનને તારાજ તારાજ કરૂ ।
એટલુ કીધા વનાં હૂ જાબુલસ્તાંન પાછો નહીજ ફરૂ ॥

એ કાઉશ તખત તાજ લેઇને પરાગંદા કરૂ જાંણી ।
સેઆવખસ કીનો લીધા વનાં નહી લેઉ મૂખમાં પાંની ॥ ૭૯૦

એટલુ કહી ફરાંમરજે અસવપર અસ્વારી કીધી ।
ફરાંમરોજ જૂબાંની રૂસતમે પરછવી લીધી ॥

રૂસતમ ફરાંમરોજથી શાંભલી પરછવી રખશ કીધો સાજ ।
હોકમી સેઆવખસજી કીનો ઈરાંનીસૂ લેઉ આજ ॥

એટલુ કહી અસપપર આપ અંસ્વારજ થાએઆ ધોઇ ।
જાબુલસ્તાંનથી તે ઈરાંન આવેઆજ ધાઈ ॥

એક ગોદરજપૂત તે જાબુલસતાંન જાએચ ધાઇ ।
તાંહાં રૂસ્તમ જાલસૂ તેહેને એમ ભેટ મલણુજ થાઇ ॥

---

[1] કેકબાદજાદી—એ કએકોબાદની બેટી તથા કાવુસની બેહેન થાએ. આ નાંમુ લખનારનાં વિચાર પ્રમાંણે એ રૂસ્તમ સાથે પરણેલી હતી અને ફરામરજ એને પેટ જન્મયો હતો (જુઓ બેત'૬૨૫ મી). ફરાંમરજની માએ વિષે જુદી જુદી તવારીખ લખનારાઓનાં જુદાં જુદાં મતો છે.

તાંહાં ગોદરજ પૂતે એ વગતવાત સરવ માંડીને કહી । [૭૯૫
સેઆવખશજી હઇઆત શાંભલેઆ રૂસ્તમ રલીઆએત થાએઆ શહી ॥
તે શાંભલેથી શ્રી એક હોરમેજદનાં શૂકરાંનાં કીધા ।
અસપ આસાએસ કરી આપ આરામેજ કીધા ॥
કએકબાદજાંદી તે તાંહાં સીઆવખશજી આગલ ધાઇને આવી ।
શીઆવખશ મોકાંમપર ગએઆં ઇરાંન મૂકી ડાહાવી ॥
તેણે તરત જાતાં વાર સેઆવખસજીને ધરી ગલે લાઇ ।
તે એહેવી મેહેરબાંન માઇ પૂતર ગલેનાગલે રાખેઓ શાહી ॥
રૂસ્તંમ ફરાંમરોજ એ પાક અશો આગલજ આએઆ ।
સેઆવખશ દીદવાંની જોઇ આપ ઘણુ રલીઆએતજ થાએઆ ॥
માદર મેહેરબાંને તે પૂતર બંને તે મેહેલી રહી હાત ।
વીનતી વીનતી તાંહાં એકંત જાએ બેસી સરવ પૂછી વાત ॥ ૮૦૦
એ મેહરબાંન માએજી હુ શાચ કહૂ તે સરવ આજ એમ માંને જૂઠી ।
પરલોક તે એમજ બોલે જો આપ જનેતાર હોએતો કોએ પાડે એઠી ॥
તે પાક અસોએ તે મેહરબાંન માએને એમ પડઊતર દીધો ।
જે શાવકો થાઇને મતરઇ માએનો વગોવો કીધો ॥
કોઈ શતરૂ થાઇ બોલે તેની જીભ તે કેમ ધરાએ ।
સોહાતનુ પાડવું બોલતાં તે માણશનુ સુ જાએ ॥
કોએ શતરૂ થાઇ મારે તેહેનાં હાત સહવાએ ।
પણ કોએ અણસોહાત બોલે તેહેની જીભ તે કેમ ધરાએ ॥
અણસોહાતનુ પાડવું બોલતાં તે સુજ જાએ ।
આંપણ લગતા સોહોઆતને તે રૂડે બોલવે તે સૂજ થાએ ॥ ૮૦૫
એ માએજી એક કેરતારસે આંપણને આંહાં સુખવટજ જોઇએ ।
કોએને પાડવે ભલે કેહે રીહીજ કરી નહીજ બોહોઈએ ॥
બેમા ખડક એ સેહેઆં ફલ અંમને આપસે શ્રી દાદાર ।
એ આંહાં સબર કીધેથી અંમ વાહાર કરસે પાક પરવરદેગાર ॥
એ માદર મેહેરબાંને અશો મૂખથી સરવ પરછવી લીધી ।
મંન હરખ ધરી બહને કર કરી કૂરબાંની લીધી ॥
ફરાંમરોજ રૂસ્તમ ગેવ ગોદરજ તૂશ એ સરવ એકઠા થાઇ ।
શરવ નાંમદાર ઇરાંની બેઠા પાક અશો આગલ જાઈ ॥
એ ફરેસ્તા ખસલત તંમ તહમારૂ નેક રોશન રાખેઊં નાંમ ।
તમ ધીરજ તે આપ કેરતારે રાખેઊં એણે ઠાંમ ॥ ૮૧૦
તે નાપાક જાદૂગર નારે તંમપર કીધો જૂઠ બોહોથાંન ।
તમ પાક અશો ધરમ ધીરજ રાખેથી બેહૂ જેહાંનમાં હોએ માંન ॥

કોએ શ્રી સૂરજપર ઉરાડી ઉરાડીને નાંખે ખાક ।
તે શુરજ તો ઊપરનાં ઉપર તે આપ રેહેછેજ પાક ॥
આખર નાંખનારો જરદરૂ ને આપ હોએ હલાક ।
નરધાર નરધાર નાંખનારનાં મૂખપર તે પાછી પડે ખાક ॥
શાહાંનશાહ પાદશાહે આપ તજવીજી કીધી ।
તે આપ મૂખથી જૂઠી બેઠી પડી તે રાએજીથી અંમ પરછી લીધી ॥
તંમ ફરમાસો જે શાહાંનશાહે સૂ એનશાફજ કીધો ।
જે આપ તજવીજી તે નહી કીધી અમને મારવા મોકલી દીધો ॥ ૮૧૫
તે હોકમ કીધાથી આપ પસ્તાઈ પસ્તાઇ ઘસેછે હાત ।
જે નાપાક આહારેમને મહને તાંહાં એમ દીધી વાહાત ॥
સાંભલો સેઆવખશજી ગુઆદ ઇજદને[1] શેતાંને વાહાએઓ ।
તે આંપણ કેરસાસપે[2] એ ગુઆદ ઈજદને શાહેઓ ॥
તે ફરેસ્તા ઇજદ જેહેવાને હેરેમને દીધી વાત ।
તો કેએઆંની કાઊસની સી આસરે લાગે વાત ॥
તાંહાં સરવ પંચ પેહેલવાંન શાહજાદીએ એમ પરછ્વીને કહી ।
તે સરવ મૂખથી એ પાક અશો પરછવીને રહેઆ શહી ॥

---

[1] પાછલા વખતની કેટલીએક રેવાયતોમાં એહવું લખાંન થએલું છે કે એહેરેમને એકવાર "ગુવાદઇજદ" (પવન ઊપર મૂવકલ કીધેલા ફરેસ્તા) ને ફરેબ આપ્યો કે આ દુન્યામાં કોઇબી તેનાં કરતાં વધારે જોરાવર નથી; પણ હાલમાં કેરેશાસ્પ પેહેલવાંન લોકોમાં એહેવી દીંગ મારેચ કે તેનાં જેવુ કોઇ જોરાવર નથી. એહેરેમંનનાં એહેવા ફરેબથી 'ગુવાદઇજદે' ગુસ્સામાં આવી એક સખત પવન ફુકયો તેથી મોટા પાહડો જમીન બરાબર થઈ ગયા તથા તમાંમ મોટા મોટા દરખ્તો બેખથી ઉખડી ગયાં અને એ સિવાય બીજું ઘણું નુકસાંન થયું. તે પછે તે કેરેશાસ્પ આગલ જઇ પુગો. કેરેશાસ્પ એહવા સખત પવનથી પણ જરા હીલ્યો નહી અને "ગુવાદ ઇજદને" પકડીને તેની શાથે ફરીથી આહવો સંખત પવન નહી ફુકવાનો કોલ કરાર કરી તેને છોડી દીધો.

[2] કેરેશાસ્પ એ અસરત (થ્રિત) નો છોકરો હતો. શાહનામાંમાં જણાવેલો રૂસ્તમ, જાલ તથા સામ, એનાં ખાંદાંનનાં હતા. અવસ્તામાં તથા પાછલી રેવાયતોમાં જણાવ્યા મૂજેબ એણે ઘણાં દેવો તથા બદીઓનો નાશ કર્યો હતો, અને માણસોમાં જરથોસ્ત સિવાય, ઘણોજ જોરાવર હતો. પાછલા વખતની રેવાયતોમાં એને વાસ્તે લખેલું છે કે 'ઝ્રવર' અજદહાને મારતી વખતે આતશની ઉપર ગુરૂજ માર્યો હતો તેથી એણે દોજખ ભોગવવું પડયું હતુ; પણ અવસ્તામાંથી એહવું લખાંન મલતું નથી. અવસ્તામાં લખવા પ્રમાણે એણે ઘણાંજ જોહેરી,

તે પાક શેઆવખસે તે પડઉતર એમ દીધો વાલી ।
એ માએજી હૂ ઇરાંનમાં સૂ મોહો લેઇને આવૂ ચાલી ॥ ૮૨૦
અમારી વાત તંમ પરછવી લેજો એ માદર ફરામરોજ રૂસતમ ને જાલ ।
એ હોણી ભવેસટ નહી મીટે જો લખેલી હોએ નીહાલ ॥
અંમને એક કેરતારસૂ શાચ લખેઉછેજ શહી ।
એ રીતે પાક શેઆવખસે સરવ પંચ આગલ કર જોડીને કહી ॥
શાંભલો પંચ અંજૂમન અમ તંમ આગલ તે બોલસૂ ખરૂ ।
અમ આતસ રોશન કરી તેહેમાં એમ પતીજજ કરૂ ॥
તેહારે સરવ પંચ અંજૂમન ઉઠીને જોડેઆ હાત ।
એ પાક અશો તમ શાંને એવડી વધતી વધતી કરોછોજ વાત ॥
એ પાક શેઆવખશજી તંમ ધરમ ધીરજ તે એમ રાખેલી ખરૂ ।
અંમ પંચ તાંહાં તહમારી વતી તે એંમ પતીજજ કરૂ ॥ ૮૨૫
પાક શેઆવખસજી બોલેઆ અંમ ખૂસાંમદી તંમ મો બોલો વાત ।
આંહાં પતીજકરૂ તો અંમ અણુસોહોઆતની મીટી જાએ ધાહાત ॥
રૂસતમ જાલ સરવે કેરવાદગાં સરવ મંનને એ વાત આવી ખરી ।
હેજંમ કાઠી મંગાવી હસ્તી ઉઠ ગાડી ભરી ભરી ॥
ફરસંગ ફરસંગ અરજતૂલ કાઠી શીચીને લીધી ।
મણુ નોહજાર તેલમાં તે સરવ લપેટી દીધી ॥
ઇરાંન નગરીનાં મેદાંનમાંહો કાઠી શીચીને કીધી તઇઆર ।
તે ચેહે ગેરદનવાઇ ભરી જોઇ ગજ એક હજાર છતરીસ ને ચેઆર ॥

માણુસો તથા ગોરપંદોનો ભક્ષ કરનાર 'સ્રુવ' નાંનનાં અજદાને, તથા માણુસોનો નાશ કરવાને ઇછનાર 'ગન્દરેવ' દેવને, તથા નવ મોટા રાહજનોને, તથા 'હિતાસ્પ' અને "વરેશવ" નાંમના દેવોને, તથા ધણાંજ કુવત વાલા, "અરેજો-શમનને" તથા ધણાંજ બુરા 'સ્નાવિધક' ને મારીને પોતાનાં વખતનાં લોકોને મજકૂર પાપીઓનાં દુ:ખથી છોડવ્યાં હતાં. એઓ મધેથી છેલ્લો (સ્નાવિધક) કોઈ ધણોજ બલવાંન હોએ એહવું લાગેછે એ વિષે અત્રે અવસ્તા મધેથી એનાંજ બોલેલા શબ્દો દાખલાં કરવાથી એનો, તથા કેરેશાસ્પનાં બલનો પૂર્તો વિચાર આવસે; તે "સ્નાવિધક" બોલ્યો હતો કે "હૂં બાલક છેઉં, જવાંન નથી; અગરજો હું જવાંન થાઉં તો જમીનને ચક્ર કરૂ, આસ્માનને રથ બનાવું; સ્પેનામીનોને રોશન ગરોથમાંનમાંથી નીચે લાઉ અને ગનામીનોને ગંધાત દોજખમાંથી ઊપર લાવું કે તેઓ બંધેને મારી ગાડીમાં જોરૂ; જો બાહાદુર કેરશાસપ મને નહી મારેતો". પણુ કેરસાસ્પે તેને માર્યો અને તે પોતાની મોરાદમાં નિષ્ફલ થયો.

તાંહાં રૂસતમે શાહાંનશાહાને તખત બેશાડીને હાતજ જોડી ।
તાંહાં મોબેદાંન મોબેદને તે રૂસતક લેઇને બોલાવેઆ તેડી ॥ ૮૩૦

તાંહાં ચક નાંખી શોદાબેહેને તેડી બોલાવી તાંહાં મોબેદની આગલ ।
મોબેદાંન મોબેદ એ બોહોથાંન ગુનાહાનાં તાંહાં વાંચેઆ કાગલ ॥

શાહાંનશાહે મોબેદાંન મોબેદને સહમજાવી કહી ।
શોદાબેહે આપ મૂખ જૂબાંનીથી મોબેદજીને ખબરજ થાઇ ॥

તેહારે શોદાબેહે મોબેદ આગલ એમ જોડેઆ હાત ।
એ શાહાંનશાહા તંમ આગલ એ ગલત કરેછે વાત ॥

આંહાં સરવ ઇરાંની બેખડા થાઇને ભેલા કીધો ।
તેહારે એ શાહા કએઆંની શરવ પેહેલવાંનથી ઘહણુજ બીધો ॥

શરવ શહેલી એમજ બોલે જે હમેલ નથી તંમ પેટજ આજ ।
તમ બાલ બોહોથાંન કીધૂ એ બેશરમ તે નહી કીધી લાજ ॥ ૮૩૫

એ મોબેદાંન મોબેદ અમ મનની તે મનમાં એમ રાખૂચ બાંધી ।
તંમ એ શાહા પેહેલવાંનની કાંઇ લાંચ રૂસવતજ ખાધી ॥

તે બેશરમ બેહએઆથી મોબેદ ખામોસ કરીને રહેઆ ।
તેહારે ભર સભામાં એ મોબેદે સાહાસ્તર બોલજ કહેઆં ॥

જેહારે તૂરી ઓરત બેશરમ ને બાજારણ થાઈ ।
તેહારે તૂરી સોઆર ભરતાર માતા પેતા સૂ કરે અતલગ ભાઈ ॥

"બેસરમ જંન મરગ ચુંન દસ્ત બેશોએદ" ।
"હરચે દર દેલ દારદ બગોએદ" ॥

"અએ બેશરમ બેહએઆ હં મરગ કરદી અખતીઆર" ।
"ઉ મન ચે રૂસ્તમ ચે કાઉશ ચે ગેવ ચે ગોદરજ ઇઆર"[1] ॥ ૮૪૦

તાંહાં રૂસ્તમ ગોશો કરી બોલેઆ જે એ બેશરમ ને હૂ મારૂ ઠાંમ ।
તેહારે મોબેદ બોલેઆ એ જીહીતેઓ જહગડો હારી આપણ થાસૂ બદનાંમ ॥

જે બેશરમ માંથે છેડો લોક ફીટ ફીટની નહી કરે લાજ ।
એ આપ ખતાએ ફજીઅત થાઈ મરશે આંપણુ મારીએ તે સાંને કાજ ॥

એ મોબેદાંન મોબેદ બોલેઆ તે શાહા શરવ પંચને ગમે ।
તાંહાં મોબેદ મૂખથી બોલેઆ શાહા શેઆવખશ શાંભલો તમે ॥

---

[1]'એ બેતોમાંની પેહેલી સેહેજ ફેર શેખ સઆદીની ગુલેસ્તાંન નાંમની ફારસી કેતાબમાં મલેછે. બીજી બેત એ કવિએ પોતે બનાવેલી લાગેછે. એનો સાર એ છે કેઃ—બેશરમ ઓરત જ્યારે પોતાનાં જાનની ઉમેદ છોડે ત્યારે જેબી કઇ તેનાં મનમાં આવે તે બોલે. તું એ મોતની સજાને લાયકનો ગુણાહ કીધોછે તેથી તુને ઘટતી સજા થવી જોઇએ એમાં અમારો કસો ચારો નથી.

અમ પંચ બેસી તજવીજ કીધૂ તમ માંમલો છેજ ખરો ।
એ ચેહે વચે આતશ રોશન કરાવું તમ પતીજજ કરો ॥
તાંહાં રાએ પંચ પેહેલવાંને પરમાંનગી ફરમાઇ દીધી ।
ચેહે ચોમેરી આતશ લગાડી રોસનાઇ કરી લીધી ॥ ૮૪૫
આતસ ભભૂકો જોર રોસન થાએઓ ખાશ ।
તેહેનૂ રોશન અજવાલૂ જાઈ પોહોતુ ધૂર આકાશ ॥
તેહારે શેઆવખશજી એ ચેહે પતીજ સણગારજ કીધો ।
ઈઅક તાર સંમતંગાનો જામો આપ તંન પેહેરી લીધો ॥
ફૂલ હાર હમેલ બાજૂ બાજૂએ આપ શ્રાહાલી લીધો ।
આપ અસપ તેજી સીસ ફૂલ પાખર પાખરી તૈઆરજ કીધો ॥
આપ ચેહે સંનમૂખ જાઇ તાંહાં એમ ઉભા રહેઆ ।
સરવ પંચ પેહેલવાંન શાહા હજૂર એ શબદજ કહેઆ ॥
અમ અમારી એ જનમ મધે કોએની નારપર કજનજર નથી ભાલી ।
કોએ પારકી નાર આગલ બદ નઇઅતે નથી ગએઆ ચાલી ॥ ૮૫૦
એ શોદાબેહે અમ દાંમન જાહાલી અંમ મીચી આંખ નથી ઉઘાડી ।
એ મોહોલ "હમેસ્તગેહાંનમાં" દાંમન પકડી અમને ફરી આડી ॥
એ શોદાબેહેસૂ અમ કસી બૂરાઈ નથી કીધી વાત ।
અમ બદનજર બદનઇઅત તે તંનપર નથી ચલાવેઓ હાત ॥
એ શોદાબેહેસે અમ કશી બૂરાઈ નથી કીધી એ હોરમજદ તમ છેઓ શાખ ।
એ શોદાબેહેસુ અમ કશી બૂરાઇ કીધીં હોએતો એ આતશ અમ તનને બાલી કરજે રાખ ॥
જો અંમ એસૂ કાંઇ બૂરાઇ કીધો હોએ તો એ આતશ અંમને નહીજ શાંખે ।
જો કાંઇ કજનજર કીધી હોએતો એ આતશ અંમ તંનને બાલી નાંખે ॥
જો અંમ મંન શાચ સૂધવટ હોએતો આતશ અંમને નેગાહ રાખી ।
શાચ સુરખરૂ જૂઠ જરદરૂ આંહાં આપ આતશ દીએ શાખી ॥ ૮૫૫
સરવ પંચ પેહેલવાન રાએ હજુર આપ બોલેઆ એમજ જાંણી ।
અમ મન સાચ શુધ હોએતો એ આતશ થાએ મેહરગાંન પાણી ॥
એટલુ કહીને શેઆવખસજીએ આપ અસપ તે ચેહેમાં ધાલી ।
આહેસ્તે આહેસ્તે આપ અસપ તે થંનક થંનક તે લીધો ચલાવી ॥
તાંહાં ચેહે અધવંચ જાઇને શાહા ઊભાજ રહેઆ ।
ધડી બે તરણ ચેહાર શેઆવખશજી અલોપજ થાએઆ ॥

તે ચેહે ગેરદનવાઈ સરવ નરનારી જોવા આવેઆં ધાઇ ।
તે આગ આંચ પરતાપથી અદકોશ વેગલા રહે નહી શકે આગલ જાઇ ॥
ઘડી તરણ ચેઆર થાઈ પણ શેઆવખશજી તે કોઈની નજરે નહીજ આએઆ ।
રૂસ્તંમ જાલ સરવ ઈરાંની બીધા જે શીઆવખસજી બલી ભશમજ થાએઆ ॥ ૮૬૦

શોદાબેહે ઘર સદાંનાં સરનાઇ વાજે કરનાએ ।
શરવ ઈરાંની સીને દરદડી જગર કલેજે વાજે ધાહાએ ॥
શાહાજાદી રૂસ્તંમ મન તે રલીઆએત થાએ ।
વેરી વજંતર રાગ પરછેથી તે વેરી માંન સૂકનજ થાએ ॥
તેહારે શેઆવખશ થંનક થંનક કરતા આએઆ ।
તે પાક અશો દીદાર દેખી સરવ ઘણુ રલીઆએતજ થાએઆ ॥
શેઆવખસજી ઉગમણથી તે ધૂર આથમણ ઉભા જાઈ ।
વલી પાક અશો આપ અસપ ઓતર દશા લેઈ ગએઆ ધાઈ ॥
વાલી ફરી ચેહેપતીજમાં આપ અસપ ધાલેઓ શાહાઇ લગાંમ ।
વલી પતીજ ખરૂ કરીને નીસરેઆ તે દશા જાંમ ॥ ૮૬૫
શરવ ઈરાંનીએ તે સૂકરાંનો કરી શ્રી હોરમેજદનૂ લીધૂ નાંમ ।
એ પાક દાદાર તંમ શેઆવખશજીને નકલંગ તે કીવો આંમ ॥
તે ચેહેપતીજ ખરૂ કરી નીસરેઆ શેઆવખશજી પાક ।
નાપાક શોદાબેહે મૂખપર તે એમ પડીજ ખાક ॥
તાંહાં આપ ધણી કૂદરત તે એમજ થાઈ ।
શોદાબેહે મૂખપર જાંણે કોએ હલદજ લાઇ ॥
સોદાબેહ મુખ સીહા અને થાઇ નીરાશ ।
સીઆવખશજી ચેહપતીજથી નીસરેઆ સોદાબેહ ખાધી ધરાશ ॥
સોદાબેહ ધરાસ ખાઈ નીરાશ થાઈ હાત પાગમાં કૂંપરીજ ધાઈ ।
સીઆવખશજી પતીજ કરી નીસરેઆ સોદાબેહ મુખપર કોઇ જાણે સીહાઇ લાઇ ॥ ૮૭૦

તાંહાં કએકબાદજાદી સેઆવખશજી દીઠે ઘણુ રલીઆએતજ થાઇ ।
માંણક મોતી જહવેર ગહવેરે સીઆવખસજીને લીધો વધાઇ ॥
ધન ધન કાઉસ તંમ સપૂત કૂઅર જૂગ જૂગ જીવો ।
અમ કએઆંની કૂલમાં આપ અજવાલેઓ દીવો ॥
આદ પેહેડી દર પેહેડી અમ એ ખાંપણ નથી લાગી લાજ ।
તંમ એ આજ પતીજ કરી કએઆંની કૂલ રોસન રાખેલી આજ ॥
શાહાંનશાહા રૂસ્તમ જાલ ઘણુ થાએઆ રલીઆત ।
ઘશી હંશીને શેઆવખસજીને પૂછવા લાગા વાત ॥

કેહો શેઆવખશજી તમને એ ચેહેમાં ઘડી એ તરણ ને ચેઆર ।
તાંહાં સૂ સૂખ લાગૂ જે ઉભા રેહેઆ તમ તેણે ઠાર ॥ ૮૭૫
સીઆવખશજીએ પેતા મુખથી શાંભલી વાત ।
રૂસતમ સંમુખ જોઇ પાછો ઉતર દેવાને થાએઆ રલીઆત ॥
તાંહાં પાક અશો શેઆવખસે જવાબ એમ દીધો મીઠો ।
તે ચેહે ગૂલજાર અંદરવંચ મે આદર અરદીબેહસ્તજ દીઠો ॥
તે ઈજદ "અમેશાઓસપંદ" ઉભા અંમ આગલ આવી ।
એક જમણી બાંહે અને બીજો આવીને ઉભો રેહેઓ ડાહાવી ॥
પાક પરવરદેગારે એમ તમપર કુલ મેહરબાંની કીધી ।
એ ચેહ આતશ અમ તમને આંહાં ગુલજાર બાગ કરી દીધી ॥
એક ધની આપ કેરતાર અમ તમની વાહરે આએઆ ।
તો એ આતશ અમ તમને ગુલજારજ થાએઆ ॥ ૮૮૦
અમ તે ચેહ આતશ ગુલજારમાં શ્રી હોરમજદનાં શુકરાંના કીધા ।
તાંહાં પાક કીરતારે અમ વાહરે ફરેસતા મોકલી દીધા ॥
તાંહાં ગૂલજાર બાગમાં તે બહનેએ એમ ધરેઆ હાત ।
બીજી અંગમ આધાહાની અમસૂ આપ એમ કીધી વાત ॥
તે શેઆવખસજી હમેલ અસપ પાખર ફૂલ શરવે તબરૂકજ કીધાં ।
ગોદરજ તુશે તે ફૂલ સરવને વાંટી વેહેચીને દીધાં ॥
તે શેઆવખશજી ફૂલ પાંખડી કરમાઈ નહી દીઠી ।
એ શેઆવખસજી અજમત તે સરવને લાગી મીઠી ॥

મોબેદાંન મોબેદે સોદાબેહને નસીહત કરવી, કાવુસે તેને સંગ-
સાર કરવાનો હોકમ આપવો અને સ્યાવશે સેફારશ કરી
તેને છોડવવી.

તાંહાં મોબેદાંન મોબેદ તે શોદાબેહને ફીટ ફીટ કરીને કીધી શાંન ।
તૂ નાપાક જૂઠી જાદૂગર તે કાંએ જૂઠું કીધૂ બોહોથાંન ॥ ૮૮૫
તૂ નાપાક જાદૂ તોણાંગર તાહારે ગલે ઘલાવું ફાંશી ।
એ બોહોથાંન બોલથી તાહારી જીબ તાલવેથી કહડાવૂ ઠાંશી ॥
અરધી દટાવું ઇરાંન મેદાંનને ચોક વચે ઠાર ।
સરવ ખલકને હોકમ કરૂ જે તૂને કરે શંગશાર ॥
તૂ અમ આગલ શાચ બોલો અને મન કરો શાફ ।
એ પાદફરાહ કીધેથી અમ શેઆવખશજી પાશ કરાવુ માંફ ॥
શોદાબેહે ધાભરી ધાભરી ભર સભામાં આવી ચાલી ।
મોબેદાંન મોબેદનાં મૂખપર એમ જોએચ ભાલી ભાલી ॥

શરવ શભામાં મોબેદ આગલ આપ જોડેઆ હાત ।
શરતાપાવ શરવ પરધાશી પરધાશી એમ કીધી વાત ॥ ૯૯૦
તાંહાં શોદાબેહે આપ કરતુક તે એમ જાહેર કીધાં ।
તાંહાં દાંનાવ મોબેદોએ સરવ શાંભલી પરછી લીધાં ॥
મોબેદાંન મોબેદોએ શોદાબેહ મુખ વાત શાંભલી શહમજી લીધી ।
તે મોબેદોએ "અવખશેપશેમાંન અવખશે પશેમાંન[1]"જ કીધી ॥
વલતી તે તાંહાં દાંનાવ દાઇને એમ બોલાવી લીધી ।
તે દાઇએ આવી જેહેવી આપ કીધીતી તેહેવી સરવ વાતજ કીધી ॥
તે દાઈ એક બાઈનુ મેલવી લાવીતી બાલ ।
તે બાઇને પણ તાંહાં બોલાવી લીધી તરતજ કાલ ॥
તે બાઈ શાથ તેની શાસૂ નણંદજ બરાબર આવી ધાઇ ।
તે બાઇએ આવી ભર સભામાં એમ દીધી ગોહાઇ ॥ ૯૯૫
તાંહાં શોદાબેહે બોલી એ બોહોથાંન અમ કીધુ તે એટલા કાજ ।
હૂ પલો ધરી રહી એ અશોએ ના કહી તેહેની અમને લાગી દાહાજ ॥
ગુનેહગાર પાપણીને ના કહએઆની શરમ પડે લાજ ।
તેથી બેશરમ થાઇને કલંક ચઢાવે તરત આજનૂ આજ ॥
સરવ નારી મૂખ કલૂક કીધૂચ તે એટલા કાજે ।
હર નેક બદ જનાં આપ ભરતાર મૂખપર એમ બોલતાં લાજે ॥
શાહાંનશાહે હોકમ કીધો એને લેઈ જાઓ ઇરાંન મેદાંનને ઠાર ।
અરધી દાઠી અરધી રાખી તાંહાં તમ કરો શંગશાર ॥
તાંહાં શોદાબેહે શાહનશાહ તખત આગલ ગેઈ ચાલી ।
તાંહાં શાહાંનશાહા આગલ આપ વીનતી કીધી વાલી ॥ ૧૦૦૦
શાંભલો રાએજી શેઆવખશ વેણ "જાગે પૂનને શોવે પાપ" ।
"સત ધરમ રખણીકે નરંજન આપેઆપ"[2] ॥
એ પાક મૂખ વેણ આજ અમને ઘણુ લાગેચ મીઠુ ।
જેહેવુ અમ જૂઠ કીધૂ તેહવુ તરત પારખૂ અમ જાહેર દીઠૂ ॥
રાએજીએ એહેદી એલચીને સંગશારની એમ પરમાંનગી દીધી ।
નવરોધી પાક શેઆવખસે ઊઠી એમ અરજજ કીધી ॥

---

[1] 'અવખશ પશેમાંન' કોઇબી બાબદનો તિરસ્કાર કરતી વખતે, અથવા કઇબી બુરાં કાંમથી બોદા દૂર રાખે એહવી મતલબનો વિચાર જણાવતી વખતે, અથવા કોઇથી કંઇ બદી થઇ હોએ તેને માંટે તોબાહ કરવાને, જરથોશતીઓમાં મજકૂર શબ્દો બોલવાની ચાલ છે. અને એનો અર્થ "હૂં તોબાહ કરી પાછો ફરૂછુ" એહવો થાએછે.

[2] જુવો શ્લોક ૬૮૯.

એ શાહાંનશાહાજી તમ મેહેર ધરી દેલ કરવું શાફ ।
એ શોદાબેહેને તમ આંહાં શંગશારી તે કરવી માફ ॥
એ શાહાનશાહાજી એને પરહેજ કરી પહરેરી મૂકો તમે ।
એ માંગણું તમ આગલ આજ માંગી લેઉચજ અમે ॥
એ શાહે શેઆવખશજીનો સખૂન કબુલ કીધો પેહેલો ।
એ મકરજનાં જાદૂગરનુ મૂખ મેદીઠ કરીને મેહેલો ॥
દરબાર અંદર એક જાએ એક દાઇ દીધી સહેલી ।
શાહાંનશાહે તેહેને પરહેજ કરીને પહરેરી મેલી ॥
ભલા ભલાઇનો ગુણ તે સરવ પાકગૂણીથી હોએ ને થાએ ।
બુરાઇ પછે ભલાઇ તે ઇજદ ગૂણુજ કહવાએ[1] ॥
સરવ ધરાંની નર નારીએ ઘણી આશીસજ દીધી ।
કેસ્વાદગાં આજાદગાંએ એમ ઘણી વખાંણુજ કીધી ॥
તાંહાંથી સરવ ધરાંનીઆં આપ આપને ઘરજ જાઇ ।
રંગ રાગ જસંન કરી તાંહાં આપ વેહેચી વધાઇ ॥

કએકબાદજાદીએ કાવુસ ઊપર સ્યાવખશને વગર તહકીક કરવે ગરદંન મારવા મોકલવાના સબબથી ગુસસો કરવો તથા તેને નસીહત કરવી અને સર્વે ઈરાંણીઓનું તેનાંથી બેદલ થવું, અને કાવુસે પશ્ચાતાપ કરી તેઓનુ મન મનાવવું.

કએકબાદજાદી કેકાઉસ મોહોલમાં ગીઆં ધાઇ ।
તાંહાં કૂરસી માંડી સંનમૂખ બેઠાં એમ બહને બેહેન ને ભાઈ ॥

---

1 બુરા માણુસની પક્ષ ખેંચવી એ જરથોસ્તી ધર્મનાં તરીકાથી ઉલટું છે. પેગંબર જરથોસ્ત પોતે અહુરમજદની બંદગી કરતી વખતે ભલાઓને સદા સઘલી રીતનું સુખ અને બુરાઓને તંગી ચાહતો હતો કે જેથી બદીનો અટકાવ થાએ. એજ પરમાણે હાલ દરએક જરથોસ્તી બંદગી કરતી વખતે તેમ કરેછે. (યજશને, હા ૯ મો). સઘલા આફ્રરગાંનોમાં દર વખતે એક ભલા બાદશાહને દાઆ ચાહતી વખતે એક દોઆ એહવી ચાહવામાં આવેછે કેઃ—"તું નેક લોકોનો સંભાલ કરવા અને બુરૂં કાંમ કરનારાઓનો નાશ કરવા (અથવા તેમને ઘટતી સજાએ પોહોચાડવા) લાંબો વખત સુધી અને તંદરોસ્તી સાથે જીવજે". એટલુંજ નહી પણ યજશનેનાં ૭૦ માં હામાં જણાવ્યા પ્રમાંણે જે બુરી કરણીનાં માણુસને ચાહેછે તે પોતે પણ બુરોછે અને જે નેક માણુસને ચાહેછે તે નેકછે. એને મલતોજ વિચાર શેખ સઆદીની ગુલેસ્તાંન કેતાબમાં આવેલોછે કે બુરા સાથે નેકી કરવી તે ગોયા ભલા સાથે બદી કીધા બરાબરછે.

તાંહાં શાહાજાદીએ શાહાંનશાહાસૂ એમ ગોસટજ કીધી ।
એ રાએ તમ સૂ સહમજી શેઆવખસજી મારેઆની પરવાંનગી દીધી ॥
વાલી હોકમ કીધો જે એહેનૂ સીસ તે તંમ નાખો ફાડી ।
એહેનાં બેહૂ દીદા અમ આગલ તમ લાવો કાહાડી ॥
તંમ એહેને બેહૂ એહેદી જમરા ભમરા હાત શોપી દીધો ।
તાંહાં આપ કેરતારે હોમાં વજીરને મોકલી દીધો ॥
એ પાક અશોની વાહાર આપ પાક પરવરે કીધી ।
એ એહેદી જમરા મનને આપ મેહેરબાંની દીધી ॥
એ શાહાજી તંમ એ જાદૂગરનાં કહેઆથી વહવાએઆ ગએઆ ।
એ એમ કીધેથી તંમ કએઆંની આદેલ તે કાંહાંથી થએઆ ॥
અણદીઠુ અણશાંભલેઉ એ રતંન તે ગૂમ કરીએ આજ ।
તંમને ગઆંની લોક અગનેઆંની કહેચ તે અમને લાગેચ દાહાજ ॥
તાંહાં કએકબાદજાદીએ ભાઈ આગલ એમ પહલીઆલો કીધો ।
તાંહાં શાહાંનશાહે આપ બેહેનને એમ જવાબજ દીધો ॥
તંમ શાંભલો બેહેન અમ આગલ કોઈ ખૂનની કરે ફરીઆદ ।
જો હૂં તે ખૂનની તરૂતની તરૂત નહી દેઉં દાદ ॥
શાહાજાદી બોલિઆં તંમને તખત બેશીને તજવીજ કીધી જોઇએ ।
આપખૂદી કીધે કએઆંનીનો મરતબજ ખોહોઇએ ॥
એ અશોને આંહાં નાહક શંતાપી તમ કીધો નાસવાબ ।
તમ મેહેર ઇજદ આગલ એ અશોનો સુ દેશો જવાબ[1] ॥
શાંહાંનશાહે આપ બેહેનથી સરવ પરછી લીધી વાત ।
"અવખશ પશેમાંન અવખશ પશેમાંન" કરી ઘસવા લાગા હાત ॥

---

[1] જરથોસ્તી ધર્મનાં પુસ્તકો પ્રમાણે માણસનાં ગુજરવા પછી ત્રણ રાત સુધી તેનુ રવાંન (જીવ) આ દુન્યામાંજ રેહેછે અને પોતાંની જીંદગીમાં કીધેલાં ભલાં કે બુરાં કાંમોનો તથા પેલી દુન્યામાં તેને કેહેવી જગો મલસે તેનો વિચાર કરેછે. અને ચોથે દીવસની બામદાદમા, નેક રવાંન પોતાનાં અંતઃકરણની શાબાશીનાં સુખથી મંધન થતું તથા બદનું રવાંન તેનાં અંતઃકરણનાં દુઃખભરેલાં દંખથી વિલાપ કરતું "ચીન્વદ પૂલ" તરફ જાએછે જ્યાંહાં મેહર, સ્રોષ તથા રશ્ન રાસ્ત, એ ત્રણુડે ફરેસ્તાઓ, તે મરનારે આ દુન્યામાં કીધેલાં કાંમોનો શોમાર તથા ઇનસાફ કરેછે, તે પછી તેનાં રવાંનને, જો તે સવાબકાર હોએ તો, તેને તેની નેકીનાં પ્રમાણ પ્રમાંણે "હમેસ્તગાંન", 'બેહસ્ત' અથવા 'ગરોથમાંનમાં', મોકલવામાં આવેછે, અને જો તે ગુનેહગાર હોએતો, તેને તેનાં પાપનાં પ્રમાણ પ્રમાણેની સજા દોજખમાં ખમવી પડેછે. એ વિષે ખુલાસાવાર બેયાન હાદોખ્ત-નુસ્કમાં તથા મીનો-ખેરદ વગેરે પુસ્તકોમાં આવેલુછે.

એ શાભલો તંમ રાએજી એક ઘણી કઉઅત ધરૂછઊં આજ ।
માહારા પેઆરા પૂત શેઆવખસજીને આપૂ તખત ને તાજ ॥
જે ભાઇનૂ લેઇને ભતરીજાને દીધૂ પંચમાં અમને પડે લાજ ।
એ તાહારો અશો સાહાદ પૂતની અમને ઘણી લાગેચ દાહાજ ॥
એ રાએ રાએઆં એ સપૂત કૂઅરને આપ કેરતારે નેક નઇઅત દીધી ।
એણે આપ આતશ ચેહેમાં પેશી પતીજ કરી રોશનાઈ લીધી ॥ ૯૨૫
તમ કએઆંની કાઊશ કએકબાદ એ નર પાક પવીતર શાફ ।
આંહાં નેહેજ કરી કરે આપ આદેલને ઇનશાફ ॥
વાલી હજૂ બંન તાંમાશ કએપશીન એ રોશન રાદ ।
વાલી રોશન થાએઆ મીનોચેહર એરચ એ નર શાહાદ ॥
વાલી પાક ફરેદૂનને પએગંબર શાહા જમશેદ[1] ।
એ શેઆવખશ પતીજની સરવને એમ હૂતી ઊમેદ ॥
જેહારે એ પાક શેઆવખસ પતીજ કરી આતશ ચેહેથી બાહેર જ આએઆ ।
તેહારે સરવ પાક એહેસતી ગરોથમાંની ઘણુ રલીઆએતજ થાએઆ ॥

---

[1] વંદીદાદની બીજી પર્ગરદમાં લખવા પ્રમાને જમશેદને માજદયસ્ની દીન શિખવવામાં આવી હતી, તથા લોકોમાં તે દીનનો ફેલાવો કરવાને અહુરમજ્દ તરફથી તેને જણાવવામાં આવ્યું હતું; પણ ધર્મ ફેલાવવાનાં કાંમને તે નાલાયકછે એહવું જણાવવાથી તેને બાદશાહી આપવામાં આવી. એજ પરર્ગદમાં તથા અવસ્તાનાં બીજા ભાગોમાં તેમજ પાછલા વખતની પેહલવી, પાજંદ તથા ફારસીમાં લખાએલી કેતાબોમાં તથા શાહનામાંમાં જણાવ્યા પ્રમાણે એની પાદશાહીનાં વખતમાં માણસોમાંથી સઘલી જાતનાં રોગો તથા મોત દૂર કરવામાં આવ્યાં હતા. અવસ્તા તથા શાહાનામાંમાં જણાવ્યા પ્રમાંણે એને ખુરશેદનાં જેહવું તેજ બક્ષેલુ હતું. વંદીદાદની બીજી પર્ગરદ મુજેબ ૯૦૦ વર્ષ, તથા શાહનામાં પરમાણે ૭૦૦ વર્ષ એણે રાજ કીધુ હતું. આખી વંદીદાદની બીજી પર્ગરદમાં જમશેદની તવારીખ આવીછે અને તે હિંદુઓના રામાયણનાં મત્સ્યોપાખ્યાન ભાગમાં આવેલી મનુ તથા મત્સ્યરૂપે બ્રહ્મા સાથે થએલી વાતચીતને તથા જેનીસીસનાં ૬—૮ માં બાબ સુધી ખોદાએ નોઆહને "આર્ક" બનાવવા કહેઉછે તે વાતને મલતીછે. જમીઆદ યષ્ટમાં જણાવ્યા મૂજેબ જ્યાંહાં સુધી જમશેદે રાસ્તી અખ્ત્યાર કીધી ત્યાંહાં સુધી તેનુ ખોદાએ બખશેલુ નૂર તેની સાથે હતું તથા તેની રયત રોગ અને મોતથી છુટી તથા આબાદ હતી; પણ જ્યારે તે જૂઠું બોલ્યો તેહવુંજ તેનુ નૂર એક પક્ષીનીં મિસાલે ઉડી ગયું અને તે પોતાનાં બુરા વિચારને લીધે દલગીર થઈ પોકાર મારતો અને ધ્રુજતો જમીન ઉપર પડ્યો. જમશેદથી જતુ રહેલુ નૂર મેહર (ખુરશેદ), ફરેદુન આથ્વીઆન તથા સામનાં બાંદાં-

જેહારે શાહાંનશાહા આગલ શેવખશજીએ એમ પતીતજ કીધી । [૯૩૦
તેહારે એહેની શાહાતે પેહેડીએ તાંહાંથી એમ ઘણી આસીસજ દીધી ॥
એથી સાહાતે પેહેડીને એમ રોનક રોસ્નાઈ થાઈ ।
એહેને એ આતસ ચેહેમાં તે ગૂલ ગૂલજાર બાગજ થાઈ ॥
તે ગૂલ ગૂલજાર બાગમાં ઇજદ "અમેશાઓસપંદ" એહેનો ધરેઓ હાત
એ પાક શેઆવખશજીસૂ જૂલા રહીને ધરમ શાહાસ્તરની એમ કીધી॥
વાત ॥
એ શાહાંનશાહાજી તમ ઈઆજદી મરતબનૂ તે સરવ સહમજી લેજો ।
મોબેદાંન મોબેદ આગલ જાઈ તમ પશેમાંની કેહેજો ॥
તમ સરવ પંચ હજુર શેઆવખશજી મન કરજો શાફ ।
તો તંમને મેહેર રસને એ તકશીર તે કરશે માફ ॥
શાહાજાદીએ તે એલચી એહેદીને આપ બોલાવી લીધા ।
ઘણુ માંન ઇજત દેઇને મૂનસફદારજ કીધા ॥ ૯૩૫
દહ હજારી મૂનસફ એક એહેદીને દીધો ।
બાર હજારી મૂનસફ બીજા એલચીને કીધો ॥

નનાં કેરેશાસ્પને મલ્યુ હતું (જુઓ એરવદ મ૦ શા૦ વાછાવાલી "યષ્ટ બા માએની" જમીઆદ યષ્ટ ફકરો ૩૧—૪૪). હવે કેટલાએક આગલનાં તેમજ હાલનાં લખનારાઓ એહવું જણાવવા માંગેછે કે શાહનામાંમાં જે જમશેદે મગરૂરી કીધી તે જમશેદ કોઈ જુદો હોવો જોઇએ પણ મજકૂર યષ્ટમાં જણાવ્યા પ્રમાણે બીજી પર્ગરદમાં જણાવેલો તથા શાહનામાં પ્રમાણે ખોદાઈ દાવો કરનારો જમશેદ એકજ અને એજ હોવો જોઇએ. કેટલાએકોનો વિચાર એહવો છેકે એ જમશેદ પછી તેના વારેસોએબી એજ નાંમ ધારણ કીધુ હોએ અને તેઓનો જમાનોબી સુખાકારી સાથનો ગુજરેઓ હોએ; પણ ગોશ યષ્ટમાં જમશેદ બંદગી કરતી વખતે અહુરમજદની પેદાએશમાંથી દરદ ઈત્યાદી દૂર કરવાનુ ચાહતી વખતે હજાર વર્ષ સુધી તેમને દૂર કરવાની ખાહેશ જણાંવેછે. તેપરથી તથા વંદીદાદની બીજી પરગરદમાં ૯૦૦ વર્ષછે તેપરથી જણાએચકે જમશેદ ૯૦૦ અથવા ૧૦૦૦ વર્ષ સુધી જીવ્યો હોએ. 'દસાતીર' કેતાબ કે જેમાં આગલા પાદશાહાઓ તથા પેગાબરોનું વર્ણન કરેલુછે તેમાં પણ જમશેદને ખોદાનો દોસ્ત તથા પેગાંબર કહેલોછે, અને જમશેદ જૂઠુ બોલ્યો હતો એ વાતને ખોટી પાડેછે એ ઉપરથીબી જણાંએછે કે પારસીઓની સલતનતના વખતમાં, જ્યારે એ કેતાબ પેહેલા સાંસાંને લખીહતી ત્યારે અથવા તેનીબી આગમજ જમશેદ વિષેનાં બે મતો હોવાં જોઇએ. જમશેદ પેગાંબર હતો એ વાતને ઈજિશનેનાં ૩૨ માં હાથી ટેકો મલેછે. ત્યાંહાં લખેછે કે વીવંઘાંનના જમશેદ બ્રુરાઓને (ભલો માર્ગ) સહમજાવ્યો હતો.

હોમાં વજીર તે કુલ ઈરાંનનાં થાએઆ ધણી ।
સાહાજાદીએ શાબાશી દેઈને માંન ઇજત તે દીધી ઘહણી ॥
કએઆંની તૂસ નોદર તે રાએજીનાં ઘણાં હૂતા પેઆરા ।
તે રાએ ઘરનાં તંન દેવાંન તે હૂતાજ શારા ॥
તૂસ નોદરે શાહાંનશાહાને એમ ખબરદારજ કીધા ।
તાંહાં શાહાંનશાએ તે હોમાં વજીરને બોલાવી લીધા ॥
મશલતે બેઠા શાહ હોમાં વજીર ને કએઆંની તૂસ ।
ફરાંમરોજ રૂસ્તમ શેઆવખસ દીઠા મંન તરૂસ ॥
દેલજદા દીઠા ગેવ ગોદરજ કેસવાદગાં ।
અનમનેઆં દીઠા હમાં આજાદગાંન ॥
બદ મનસા દીઠા હમાં ગરદનકશાં ।
દલગીર દેલગેરાં દીઠા હમા પેહેલવાં ॥
ઘણુ મંન અનમનીઆંછે હમા ઇરાંનીઆં ।
એ ખબરથી દલેર થએઆછે હમાં તૂરાંનીઆં ॥
હોમાં વજીર કેહેવા લાગા એ દલગીર છે તે શેઆવખશજીને કાજ ।
એ શાંભલો શાહાંનશાહાજી એહેનો સું આપણ આહાં કરીએ એલાજ ॥
રાએ રાએઆં કેહે રૂસતમ જાલનુ મન અંમ હાતજ લેસૂ ।
વલતી તંમને અંમ સરવ સહમજાવીને કેહેસુ ॥
આપ કએઆંની કાઉસે શાહાંનશાહી પેહેરેઓ શાજ ।
તખત બેસીને આપ સર કએઆંની ધરેઓ તાજ ॥
તખત આગલ સરવ પેહલવાંન આવી ।
સફ બેઠાચ ઉભાચ એમ જમની ને ડાહાવી ॥
તખત આગલ હરદો સફ બેઠાચ ઉભાચ જમણીને ડાહાવી ।
તાંહાં રૂસતંમ શેઆવખશને લેઈ બેઠા એ તખત આગલ આવી ॥
રાએ રૂસ્તમ મુખ દીઠુ બેહુ તેહેડી ચહડાવી ।
કેશવાદગાં બેઠા દીઠા એ મંનને દલગીરી લાવી ॥
તાંહાં રાએ મોબેદાંન મોબેદને બોલાવેઆ પોતાની આગલ ।
ધરમ શાહાસતરનાં તે છોડાવેઆં પુસ્તક ને કાગલ ॥
કહો મોબેદાંન મોબેદ અમથી તકસીર થાઇ આવીચજ આંમ ।
વણ અપરાધ અસો પૂતને હોકમ દીધો અમ મારવાને ઠાંમ ॥
તેહારે મોબેદાંન મોબેદે પડઉતર તે એમ દીધો વાલી ।
તેહારે શાહાંનશાહ તખતથી ઉતરી આપ આગલ ગએઆ ચાલી ॥
એ શાહાંનશાહજી તમ બગર શાહાસ્તરે આપખુદી હોકમજ કીધો ।
એ વણઅપરાધ દોશ આપ તંન શીશ તંમ તાંણી લીધો ॥

પેશ આતસ અનજુમન આગલ "પતેતપશેમાંની"[1] તે કરો આપ ।
તો તંમ તંનથી ઊલીજન મીટી કોહોતા થાએ પાપ ॥
શાહાંનશાહા "પતેતપશેમાંની" કરી દેલ કીધુ શાફ ।
તાંહાં અનજુમન એ શેઆવખશજી તકસીર તમ કરવી માફ ॥ ૯૫૫
સરવ પંચે એ શાહા મુખથી સરવ મજમુન સાંભલી લીધાં ।
તેહારે રૂસ્તમ જાલે શાહાંનશાહાસુ એમ વાતજ કીધી ॥
એ શાહાંનશાહાજી તંમ મોબેદ આગલ "પતેત" કીધી આજ ।
કએઆંની કાંએમ રહેશે તહ્મારૂ તખત ને તાજ ॥
તમાંમ અંજુમને ધની એકનો ઘણો શૂકરાંનો કીધો ।
તેહારે કએઆંની શાહે શેઆવખસજી ફૂલ મરતબો દીધો ॥

તુરાંની અફ્રાસ્યાબને ઈરાંણી પેહલવાનોની કાવુસ સાથની બેદ-લીની ખબર પોહચવી, તેથી તેની સાથે લડાઈ માંગવી અને સ્યાવખશે ઈરાંણી લશકર સાથે તુર્કસતાંન જવું

તૂરકસ્તાંનથી એહેદી એલચી ઇરાંણ લાવેઆ કાગલ ।
શેજદો સલાંમ કરી ઊભા કએઆંની તખતની આગલ ॥
શજદો સલાંમ કરીને તાંહાં એલચીએ જોડેઆ હાત ।
કાગલ દેઈ મૂખજબાંની સરવ સહમજાવી વાત ॥ ૯૬૦
તૂરકી શાહે લસકર જોડેલ઼ા પંચ બેવર લાખ ।
બેવર હજાર જંગી હસ્તી મસ્ત દેવાંન ચાખચાખ ॥
તે બેશોમાર લસકર આવેચ ઇરાંન શેહેરપર ધાઈ ।
તંમ શાહાંનશાહાજી આંહાં જૂધની તે કરવી શજાઇ ॥
તે એલચીંને જંગી તુસ નોદર એમ દીધો જવાબ ।
તે લશકર નહી પણ અમ ઈરાંનીનો શેકાર તેહેનાં અંમ કરૂ કબાબ ॥

---

[1] પતેત પશેમાની—(ગુનાહથી) પાછા ફરવાની પ્રાયશ્ચિત ; પતેતો ત્રણછે ; પતેત પશેમાની, ખુદ પતેત તથા ઇરાંણી પતેત ; એ ત્રણેનો સાર એક સરખોજછે, માતર ભાષા જુદીછે. પેહેલી પાજંદમાં, બીજી પેહેલવીમાં અને તરીજી ફારસીમાંછે. એ પતેતો મરહુમ દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારેસ્પંદે, પોતા તરફની કેટલીએક શરેહ સાથે યજશનેનાં ૧૨ માં હા ઉપરથી ઉપજાવી કાહડીછે (એ હા દરએક જરથોસ્તીને દરરોજની બંદગી તરીકે, તથા દરએક જરતોશતીની પોતાની ફરજ સમજવાને માટે, પઢવા લાયક છે). પાછલા વખતમાં અવસ્તાની ભાષાની વાકેફી ઘણાંખરા જરથોશતીઓને નહી હોવાને લીધે મજકૂર દસ્તુરે તે વખતની ચાલુ ભાષામાં લોકોને સમજીને પતેત કરવાને બનાવેલી લાગેછે એ પતેતોમાં ઘણી નિતીની બામદો આવેલીછે અને તે સમજીને

ધણાં દંન થાએઆ તંમ તૂરકી કવાબ અંમ નથી કીધા ।
અદ કરોડ સૂ જો હોએ દહ કરોડ તો અંમ ઇરાંણી નહી બીધા ॥
તંમ કીહેદંન આંહાં ઇરાંનપર તે આવતાતા ધાઇ । [૯૬૫
તંમ પાજી લસકરની અંમ પરભા નહી ધરાવતા તંમ કેહેજો જાઇ ॥
અંમ હફત ઇઆ દહ પેહેલવાંન તે આવસૂ આજ ।
તૂરકી શાહાને કેદ કરીને તૂરકસ્તાંન કરૂ તારાજ તારાજ ॥
"દહ કરોડ ગોસપંદ અંદર આંમદ શેરે દલેર" ।
"દરંદ શેરરા દદમાંહાં ગોસપંદ ગૂરેજ ગુરેજ" ॥
"ઇં મશહુર જાહેર દીદો સૂનીદ" ।
ગરીબ ગોસપંદને તમ કાંએ કરોચ નાપદીદ ॥
જાઓ એલચી તૂરકી શાહાને તંમ દેજો જવાબ ।
એ ગરીબ ગોસપંદનાં તમ કાંએ કરોચ કરાવોચ કવાબ ॥
એ તૂસ જંગીએ તે એલચીને જવાબ દીધો વાલી ।
એ મજમૂન શાંભલીને એલચી ગએઓ ચાલી ॥ ૯૭૦
શાહાંનશાહા તખત બેસી આપશીસ ધરાવેઉ તાજ ।
સરવ ઇરાંનીનો મેલો કીધો રોજ હોરમેજદ દંન આજ ॥
કએઆંની શીઆવખસજી શીશ ફૂલ મદારજ દીધો ।
નવખંડ પરથવીનો આપ સૂબેશાલારજ કીધો ॥
શાહાંનશાહે રૂસ્તંમ જાલને એમ સોપીને દીધો ।
તેહારે રૂસ્તમ જાલે શાહાજાદાનો કર ધરી સલાંમજ કીધો ॥
તાંહાં શાહાજાદાને શાહાંનશાહાની એમ ફરમાંનજ થાઇ ।
તંમ તૂરકસ્તાંન જાઓ અફરાસીઆબને લાવો શાહાઇ ॥
એ અંમ ફરમાંન હોકંમ તંમ તરૂત કરવુ કાંમ ।
જો ન હાત આવે તો તંમ તેહેને તાંહાં મારજો ઠાંમ ॥ ૯૭૫

ભણવી ધણી સારીછે—પેહલવી ભાષામાં "આદરબાદ મારેસ્પંદનું પંદ નામુ" છે તે એજ દસ્તુરનું છે જેનો ગુજરાતીમાં તરજુમો એરવદ શે૦ દા૦ ભરચાએ કર્યોછે અને તે "જરથોશતી દીનની ખોલ કરનારી મંડલી" તરફથી સને ૧૨૩૮ યજદજરદીમાં, "ડાકટર હાઉગનાં ઇનાંમનાં રીશાલાને" નામે છપાવ્યામાં આવ્યોછે. તેમાંની નસીહતો ધણીજ ઉમદા ને દરએક જરથોશતીને તથા તેમની ઉધરતી ઓલાદને વાચી અભ્યાસ કરવા લાયકછે. એ સીવાય એ દસ્તુરનું બીજુ કેટલુએક લખાંન પેહલવી પુસતકોમાં વાંચવામાં આવેછે. એ પ્રખ્યાત દસતુર, નાસેખ-ઉલ-તવારીખમાં જણાવ્યા મૂજેબ, અરદેશર બાબકાંનની બાદશાહીનાં ૧૧ મોં વર્ષમાં જન્મ્યો હતો. ઊમરે પુગા પછી તાવેલું કાંસુ પોતાની છાતી ઊપર રેડી મોજેજો કરી બતાવીને જરથોશતી દીનને ફરીથી તાજી કીધી હતી.

જો તમ ડેહેસકથી તે તાંહાંથી જાએ નાહાશી ।
તંમ તૂરકસ્તાંનમાં મોકાંમ કરીને તેહેને કાહાડજો તપાશી ॥

જો તમને તે ન હાત્ર લાગે તો ચંદરોજ દંનજ આજ ।
તો તૂરકસ્તાંન ખાલી તમ કરજો તારાજ તારાજ ॥

તાંહાં સુબેશાલારે સજદો કરીને એમ સલાંમજ કીધો ।
તેહારે શાહાંનશાહે દસ્ત ધરીને આપ બોસો દીધો ॥

તાંહાં રૂસ્તંમ જાલને રાએજીએ ધહણુ દીધૂંજં માંન ।
કર ડાહાવો શીને લાઈ જમણે કર કરી બીડાં દીધાં પાંન ॥

ગેવ ગોદરજ કેસ્વાદગાં આપ બોલાવી લીધા ।
અંમ શાહાજાદાને તમ કર આંહાં સોપી દીધા ॥

હમાં આજાદગાં ગરદંન કશાં તમ તુરકસ્તાંન જાઓ ધાઇ ।
જેમ તેમ કરી તંમ તૂરકી અફરાસીઆબને લાવો શાહી ॥

શુબેસાલારે કુજ નગારૂ દમાંમૂ હોકમજ દીધો ।
શરવ ઇરાંનીઆંએ ઇરાંન મેદાંનમાં મેલો કીધો ॥

સરવ ઇરાંનીઆં તાંહાં એમ થાએઆ તઇઆર ।
ગણતી લીધી તાંહાં થાએઆ બેવર હજાર ॥

રૂસ્તંમ ગોદરજ તાંહાં એમ આપ મસલહત કીધી ।
ઇરાંનની નગેહબાંની કએઆંની તૂસને દીધી ॥

તંમ તૂસ હોમાં આંહાં રેહજો હોસીઆર ।
તમને શેપાહ સોફીઆચ· આંહાં ચેહેલ હજાર ॥

દીગર ગનીમથી તંમ હોશીઆર રેહજો ।
કાંઇ કદાજ ચાંપ હોએ તો જાબુલ જાલને કેહેજો ॥

રૂસ્તમે ફરાંમરોજને લશકરનો પેશરો તે આપજ કીધા ।
જહવારેહ તોખારે મરજબાંન એ બેહુ બંધમ તે શાથે દીધા ॥

કેસવાદગાં ગોદરજ બંધમ કેસ્વાદ ગેવ ।
વેહેરાંમ ધ્રહસ્તંમ આજાદગાં નેવ ॥

એ નવ પેહલવાંન નોજુઆંન ઇરાંની પાંચ હજાર ।
એ પેશરોએ ફોજ તે એમ કીધી તઇઆર ॥

બીજી ફોજ પાંચ હજાર રૂસ્તમ શેઆવખસજી સુબેશાલાર ।
હમાં જંગ શાજ શામાંન કરદી તઈઆર ॥

મંજલ દર મંજલ તાંહાં આપ ગીઆજ ધાઈ ।
તૂરાંન શરહદ ઇરાંની તે પોહોતા જાઈ ॥

એક સદકોસી મેદાંન ચોક જંગ જાએ દીઠો ખાશ ।
ફરાંમરોજે તાંહાં આપ મોકાંમ કીધો દેલ ખલાશ ॥

ફરાંમરજે અફ્રાસ્યાબપર નાંમું લખવું, તેનું લડાઈનાં મેદાંનમાં આવવુ, તેઓ વચે લડાઈ થવી, પીરાંણ, ફરસેવજ તથા અફ્રાસ્યાબનાં બેટાનું ઈરાંનીઓનાં હાતપર પકડાઈ જવું.

તે જાએ ફરાંમરોજે તાંહાં એમ મોકાંમ કીધો મરદ મેદાંન ।
તાંહાં દબીર બોલાવી આપ હોકંમ કરી લખાવેઊં ફરમાંન ॥
પરથંમ એમ લખો એક ઈઆજદાં પાક પરવરંદેગાર ।
વલતી ફરમાંન મજમૂન તે સરવ કીધી તઈઆર ॥
અમ નાંમદાર જેહાં પેહેલવાંન પુત ફરાંમરોજ નાંમ ।
અમ મરદ મેદાંનમાં આવી આંહાં કીધો છેજ મોકાંમ ॥
એ તુરકી તંમ આપ ઇરાંનપર તે આવતાતા ધાઇ ।
હવે તમને આંહાં કોણે ધરી રાખીઆછે શાહાઇ ॥
તંમ અદ કરોડની ગણતી જો બીજા અદકરોડને લાગે વાર ।
અંમ ચંદરોજ એ મેદાંનમાં મોકાંમ કરૂચ તમ કરોડની ગણતી કરીને લાવો તઈઆર ॥
એ તુરકી શાહા તંમ આપ મનને.મો રાખતા કંઈ અરમાંન ।
અમ પાંચ હજાર સેપાહ આવી ઊંભાચ એ મરદ મેદાંન ॥
અમ કએઆની શાહાંનશાહ હોકમ લેઈ આવેઆચ આજ ।
એ તુરકી શાહા તમને પકડી ઇરાંન લઇ જવાને કાજ ॥
તંમ તુરકી ઘણીજવાર નાહાશી નાહાશી ગએઆતા તહમે ।
આજ કએઆંની શાહા આગલ પકડી લેઇ જાઊં અમે ॥
તંમ બેઠાં બેઠાં કાંએ પેટ મલી એમ સૂલજ ઊપાઇ ।
અદકરોડની ગણતી કરી કેહાં રેહા સંતાઈ ॥
અમ પંજ હજાર સેપાહ કીનેકશ ઉભાચ મરદ મેદાંન ।
તંમ તૂરકી શાહનું અંમ આજ આંહાં ઉતારૂ માંન ॥
ગરીબ ગોસપંદનાં મોહોત તે તંમ પદીદજ કીધાં ।
દરંદે શેર દલેરને હાત એ ગોસપંદ તમ ઉચલીને દીધાં ॥
તમ ઘણુ લશંકર મેલવસો કરોડ બેવર હજાર ।
જેમ મરદ મેદાંનમાં પાગ તલે રગડાઇ જાએ ચાર ॥
તેમ તાહારૂ લશકર મારી તારાજ તારાજ કરૂં ।
એ તુરકી તૂહને કેદ કીધા બગર અમ આંહાંથી હરગેજ નહી ફરૂ ॥
ચંદરોજ અંમ વેલમ કરૂંચ તે એટલા કાજ ।
જે તંમ કેહેશો જે અંમ લડાઇનો નથી કીધો શાજ ॥
તંમ પંચ રોજમાં કરી લેજો એમ સરવ સજાઈ ।
નહીતો અમ તૂરકસ્તાંનમાં આવસૂ ધાઇ ॥

અંમ જાણુચ જે તંમતો તરત આંહાંથી નાહાશી જાસો આજનાં આજ ।
તમ તખત મોહોલ શેહર બાલી જાલી કરસુ તારાજ ॥
તંમમાં વડૂ વસીકણુ એજે કુડ કાંમણુ કરીને જાંણો ।
ઈરાંનીસુ જંગ કરતાં મનને હરખ ઊલટજ આહાંણો ॥
દશેરી કરીને તંમ અંમપર આવોચ ધાશી ।
પણુ આખર તો તમ હારીને જાઓચજ નાહાશી ॥ ૧૦૧૦
ન સવારત તંમ કાંએ કરોછો લડાઈ રાહાડ ।
મરવા ફજીત થાઇને તંમ તંન ભંજાવોચ હાડ ॥
અણુદીઠી અણુશાંભલી અણુસરજી જો કોએ કરે તેહેનૂ હોએ અભાગ ।
વાહાઘ્ર છાલીને ખાએચ પણુ છાહાલીએ નથી ખાધો વાહાગ ॥
તંમ આપ સ્વારત વાહાઘ આગલ.છાહાલી મેલોચ આપેઆપ ।
અંમં વાહાઘ્ર એ છાહાલીને મારૂચ તે તંમને લાગેચ પાપ ॥
તમ મરદી દાવો રાખોચ તો આવો એ મરદ મેદાંન ।
તમ બાહાદુર શેર દલેર ચુનંદા થાઇ આવો પેહેલવાંન ॥ [૧૦૧૫
અમ પાંચ હજારપર તમ પંચાવન લાખ ચહડી આવસો આજ ।
ગરીબ ગોસપંદનો સંધારજ કરી નાહાશી જાતાં નહી ધરતા લાજ ॥
એ તુરકી શાહા તંમ નાહીંમતી તહમારૂ ખલક મૂખ જોઇ ।
એ ગરીબ શેપાહાનાં જંન ફરજંદ ઘરમાંના ઘરમાં રેહેચ રોઈ ॥
જો આપ ગરીબ શેપાહ રઈઅતની નહી ખાઇએ દાહાજ ।
એહેવુ રાજ તે શાંને કરીએ એ જીવેઆંનુ સુએ કાજ ॥
જો આપ લશકર મરાવી વલતી નાહાશીને જાએ ।
તો તમ એ તુરકી શાહાને જસ કેહાંથી થાએ ॥
એ સરવ લખાવીને ફરમાંન તે તઇઆરજ કીધૂ ।
એક એહેદી એલચી હાત તૂરકસ્તાંન મોકલી દીધૂં ॥
તે એહેદી એલચી ગએઓ તુરકી શાહાની આગલ ।
સજદો સલાંમ કરીને વલતી આપેઊં ફરમાંનનું કાગલ ॥ ૧૦20
એ કાગલ વાંચતાંવાર તુરકી શાહાને ઘહણી ચહડી રીસ ।
ગએર જૂબાંની આપ બોલેઓ પંનદર ને વીસ ॥
બદ તે બદ જૂબાંની આપ મૂખથી જવાબજ દીધો ।
તાંહાં દલેર એલચી એ તૂરકી શાહાથી નહીજ બીધો ॥
તુરકી શાહે ખોદાએ ખોદાએ કરીને નાંમજ લીધૂ ।
ફોજ નગારૂ આપેઆપ એમ ફરમાઈ દીધૂ ॥
તુરકસતાંનથી આવેઆ આપ અફરાસીઆબ ।
તૂરકી લશકર લાવેઆ જાંણે બેહેસાબ ॥

તૂરકશતાંનમાં થાંણે રાખેઆ આપ બેવર લાખ ।
આપ બેટાને ફરમાઈ દીધૂ તૂરકસ્તાંન નેગાહા રાખ ॥ ૧૦૨૫
તૂરકી શાહે આપ બેટા સેદાને એમ પેસરો કીધા ।
બેવર લાખ તૂરકી પેહલવાંન તેહેને સોપી દીધા ॥
પીરાંન વજીરને તે બેવર લાખ દીધા તમાંમ ।
તંમ બેવર લાખ લસકરસૂં ફરી વલજો તે દશા જાંમ ॥
વલી બેવર લખની ફોજ દીધી તે કરશીવજ તે હતા ભાઈ ।
એ કરશીવજ તંમ ફોજ લેઈને ફરી વલજો ઓતર દશાપર ધાઇ ॥
એ દૂસમેનોને ચોગેરદથી તમ ઘેરી કરી તંમ દેજો માર ।
એછે થોડા આંપણુ લસકરછે અખુટ બેશોમાર ॥
થરે થરે હજાર હસ્તી તરણે ફોજને સોપી દીધા ।
હરએક ફોજદારે થરે હજાર હસ્તી તે મૂખ આગલ કીધા ॥ ૧૦૩૦
એ તરણે ફોજ તે તૂરકી શાહાની એમ તૈઆરજ થાઈ ।
નગારાં દેઇને તૂરકી ફોજદાર તે ચાલેઆ શહી ॥
તૂરકી શાહા પીઠ પાછલ તે બેવર લખસૂ એમ ભારમાં રહેઆ ।
તરણે ફોજની આપ પીઠ તે સહમાલતા રહેઆ ॥
જેહાં પેહેલાં ફરાંમરોજને એ ખબરજ થાઇ ।
તાંહાં આપ પંચ હજાર સેપાહાસૂ એમ કીધી સજાઈ ॥
બે હજાર અસ્વાર તે એમ ગેવ ગોદરજને દીધા ।
બે હજાર અસ્વાર તે વેહેરાંમ ધહસ્તંમને તાબે કીધા ॥
એક હજાર અસ્વારસૂ આપ અખતીઆરી કીધી ।
એ બેહૂ ફોજદારને આપ એમ સીખાંમણુ દીધી ॥ ૧૦૩૫
જે સરદાર સરદાર મૂનશફદારને તંમ મારી લેજો ।
ભારી ભારી ઉમરાવને તંમ કએદજ કરી દેજો ॥
પરથંમ સૂબેશાલારને તંમ કએદજ કરી ।
વલતી ફોજમાં તંમ જીહીપલાવજો ફરી ફરી ॥
દહદવાજદહ હજારીનાં તે લોહી દેખીને એમ રેહેશે વમાસી ।
ન દેખે અલમ નીશાંન ન દેખે સરદાર તાંહાંથી જાએ નાસી ॥
તે મસ્ત હસ્તી લાવશે થરે થરે હજાર ।
તેહેને તંમ એક એક તીર મસ્તકમાં મારી કાહાડજો આરમાર ॥
તંમ તીર કસીસ કરી મારતાં મા લગાડશો વાર ।
તે તરત તાંહાંનો તાંહાં ગરગડી પડસે તેણેજ ઠાર ॥ ૧૦૪૦
પરથમં તે માંન શૂકન દેખી ને હોએ હલાક ।
તે હસતી તેહેનાં પાએ તલે રગડાઇ રગડાઇ થાએ ખાક ॥

એમ મશલત કરી પેહેલવાંનોએ આપ અસ્વારી કીધી ।
નગારચીએ નગારૂ દેઈ નપીરીદારે નપીરી દીધી ॥
ગેવ ગોદરેજ પરથમ બોલેઆ એ પાક પરવરદેગાર ।
અમ ઇરાંણીઆ જીહીતછે તાહરે આધાર ॥
ગેવ ગોદરજ એ બેહ ફોજદાર શરીખી જોડજ થાઇ ।
પીરાંન વજીરપર ગએઆ જાંમ દશાપર ધાઇ ॥
આજાદગાંએ લીધૂ પાક પરવરનૂ નાંમ ।
તે કરશેવસ ફોજપર દરોડી ગએઆ ઓતરદશાપર ઠાંમ ॥ ૧૦૪૫
સરવ ઈરાંની જંગ શાજ શાચવી રહેઆ હોશીઆર ।
સરવે શહલે બખ્તરી પેહેરી અસ્વ પાખરીને કીધા તઈઆર ॥
તે બહને ફોજદાર ગએઆ તૂરકી લશકરમાં ધાઇ ।
આપ ઈરાંનીએ તે તૂરકીસૂ એમ લીધી લડાઇ ॥
પરથંમ ફરાંમરોજે અસ્વ નખાવેઓ મરદ મેદાંનમાં જાઈ ।
તીર તરકસથી કાહાડી કએઆંની કમાંણ આપ હાતમાં શાઈ ॥
તૂરકી શાહાનાં બેટાપર તે આપ ગીઆ ધાઇ ।
શાંમકેરો ગરૂજ ફરાંમરોજે લીધો કરજ શાઇ ॥
આપ સહલે બખ્તરી સીશ ટોપ તે કીધો શાજ ।
એ તૂરકી શાહાનાં બેટાને પકડી લેઉ આજ ॥ ૧૦૫૦
તે તૂરકી શાહાનો બેટો તે આપ અસ્વારજ થાઈ ।
તે આવી ઉભો ફરાંમરોજ મોકાબલે ધાઇ ॥
તે તૂરકી પીઠ રખણી હૂતા પેહેલવાંન શાત ।
તે શાતે એકશપ થાઇ ફરાંમરોજપર તે ચલાવેઆ હાત ॥
તેહારે ફરાંમરોજે તે એક એકપર શાતે નાંખેઆ પછાડી ।
તેહેને મારી નાંખેઆને તેજ સમશેરજ કાહાડી ॥
તે પેહેલવાંનને એક એકનો હાત શાહીને એમ નાંખેઆ દૂર ।
તે શાહાતે શીને ગરૂજ મારી હાડ કીધાં કટકાચૂર ॥
વલતી નોજવાંએ સહલે બખ્તરી તે મારેઆ ઠાંમ ।
તૂરકી શહલેદાર પેહેલવાંનનૂ નહી રાખેઉં નાંમ ॥ ૧૦૫૫
સહલેદાર શેપાહા સરવ આપ મારીને લીધા ।
તૂરકી શાહા એ રંણુ જોતાં મંનમાં ધણુજ ખીધા ॥
જેહાં પેહેલવાંન ફરાંમરોજે હાત દેખાડેઆ જોર ।
તમાંમ તૂરકી લશકરમાં ઘણો પડેઓ શોહોર ॥
કઇ શેપાહા મારીને આપ પરાગંદા કીધા ।
તમાંમ તૂરકી લોક તે ફરાંમરોજ ડેહેસકથી ધણુજ ખીધા ॥

તમાંમ તૂરાંની મારીને બાકીનાં રહેઆ તેને કીધા હેરાંન ।
સરવ શેપાહા મારીને લોહી લોહી કીધૂ મેદાંન ॥
ગોદરજ પીરાંન વજીરને તે લાવેઆ શાહાઈ ।
જેહાં પેહલવાં રૂસતંમને આપ શોધી આવેઆ જાઈ ॥ ૧૦૬૦
ગેવ સહલેદાર પેહેલવાંન તે સરવ કીધા ખલાશ ।
વલતી સરવ પેહેલવાંન આએઆ ફરાંમરોજને પાશ ॥
આજાદગાંએ કરશેવજને તે એમ બાંધેઓ તાંણી ।
જેહાં પેહેલવાંન ફોજમાં તે આપ આપેઓ આણી ॥
તેણે બખતરી પેહેલવાંન મારી ગએબજ કીધા ।
બે સહલેદાર સમશેરે આપ મારી કાપી લીધા ॥
એમ તૂરકી લશકરમાં તે ઘણો થાએઓ શોહોર ।
ઈરાંની પેહેલવાંન તૂરકીપર ઘણો કરી ગીઆ જોર ॥
તાંહાં અફરાસીઆબને તે એ ખબરજ થાઈ ।
તે કીનેખાહા તાંહાંથી આપ દરોડી આવેઓ ધાઇ ॥ ૧૦૬૫
તેણે શરવ સરદાર સેપાહાને ઘણાં દલાશા કીધા આંમ ।
હમણાં ફરાંમરોજ ગેવ ગોદરજને હૂ મારૂ ઠાંમ ॥
કાલ સરવે ફોજે ફોજ તે આંપણ એખઠા થાઇએ ।
જૂજવી ફોજ તે આંપણ તાંહાં નહીજ જાઇએ ॥
જેહાં પેહલવાંન અમશે એમ બાથેબાથજ લાગે ।
તો ફરાંમરોજ અંમ આગલ શે આસરે લાગે ॥
ગેવ ગોદરજ વેહેરાંમને હૂ આંહાં રાખુ શાહાઇ ।
જાંહાં લગે અંમ પૂત ને અંમ બહને આવે ભાઇ ॥
એ બાહાદુરો તમ મરદી અમ અજમાઇ જોઉ આજ ।
તંમ શહલે બખતરીનાં પેહેરી લેજો શાજ ॥ ૧૦૭૦
તંમ અંમ મરદી અજમાઇ જોજો એ મરદ મેદાંન ।
એ ફરાંમરોજ રૂસતમનૂ આજ અંમ ઉતારૂ માંન ॥
સરવ પેહેલવાંન શેપાહાને એમ કીધા શેર ।
દરંદ શેર બાહાદુર અફરાસીઆબ દલેર ॥
એ તૂરકી લસકર એ અચરત દેખી ઘણુંજ બીધા ।
સરવ તૂરકી લશકરને તે માંન સૂકનજ કીધા ॥
પરથંમ ફરાંમરોજ તે તુરકી ફોજમાં એમ પેશરો થાએઆ ।
તાંહાં સૂમેસાલાર આપેઆપ ધશીને આએઆ ॥
એ મરદ મેદાંનમાં આંપણ બહને જૂધ લડાઇ કરીએ આજ ।
ગરીબ સેપાહાને મરાવીએચ તે શાંને કાજ ॥ ૧૦૭૫

તે તૂરકી દલેર ફરાંમરોજને એમ જવાબજ દીધો ।
તૂર અફરાશીઆબનો બેટો તું શગજીઆંથીભી બીધો ॥
તૂ આંહાં ધશી આએઓચ તુરકી અફરાશીઆબ જાણી ।
જીનહાર જીનહાર તૂહને આંહાં તારૂં મોહોત લાવેઉચ તાંણી ॥
તૂ અંમ મેદાંનમાં આવેઓચ તે આજ મરવાને કાજ ।
રૂસ્તમ જાલ શીઆવખશ રોઇ રેહશે આજ ॥
ફરાંમરોજે ગોસો કરીને એક બુલંદ આવાજજ દીધો ।
તેહારે તૂરકી શાહાજાદો આપ મનમાં ઘણોજ બીધો ॥
તેહારે ફરાંમરોજે તૂરકી શાહાજાદાને જવાબ દીધો આંમ ।
આજ તૂને ખાકપર લેટાવું તો ફરાંમરોજ માહારૂ નાંમ ॥ ૧૦૮૦
આજ તાહારી પોહોડણુ શેજ અમ ખાકમાં કરૂ ।
તુને જેર કીધા બગર અમ આંહાંથી સર નહીજ ફરૂ ॥
જેહાં પેહેલવાંનજાદાતે આંહાં છેઊંજ અહ્મે ।
એ તૂરકી સાહાજાદા પેહેલાં પેહલ તે કરવી તહ્મે ॥
શાંભલો ફરાંમરોજ જેહાં પેહલવાંન છો તમે ।
તમ સાથ લડાઇ કરવા આએઆછે અમે ॥
પરથંમ તૂરકીએ પેહેલ તે એમજ કીધીં ।
એક પોકાર કરીને અસ્વને અશારત દીધી ॥
તે આપ તૂરકીએ એમ પોકાર કોવો જાંણે મસત હાથી ।
ગફલત રાખી ભારી નેજો મારેઓ ફરાંમરોજની છાતી ॥ ૧૦૮૫
ફરાંમરોજ એ ઘાતીની ઘાતથી હેરાંનજ થાએઆ ।
આપ તે તૂરકીનો જોર એમ અજમાઈ ગએઆ ॥
આપ તે તૂરકી શાહાજાદાને એમ ફરમાઇ દીધૂ ।
શાબાશ તૂરકી દલેર તાહારૂ જોર અમ અજમાઈ લીધૂ ॥
અમ જેહાં પેહલવાંનજાદાનુ એ ન હોએ કાંમ ।
જે અંમ તૂરકી શાહાજાદાને મારૂ ઠાંમ ॥
અંમ મરદ મેદાંનમાં જૂધ કરીને શંનમૂખ થાઈ ।
તૂહને બંધ કરીને જેહાં પેહલવાંન પાશ મોકલૂ ધાઇ ॥
અમશે જૂધ કરતાં કશો અરમાંન મો રાખતા તહ્મે ।
જેટલી તમ ચોટ મારસો તેતલી ફરી મારસુ અહ્મે ॥ ૧૦૯૦
તે તૂરકી બેટાપર આપ એમ નાંખી ચુંગાલ ।
તેહેનબી એમ ફાંસ નાંખી બાંધી લીધો તરત કાલ ॥
તે શાહાજાદાને તરત તાંહાં એમ મૂસકે બાંધી લીધો ।
હાત બાંધી જેહાં પેહેલવાંન રૂસ્તંમ પાશે મોકલી દીધો ॥

ઇરાંણી તુરાંણી લશકરે એમ લડાઇ કીધી વાત ।
ખુરશેદ અસ્તથી તે તાંહાં પડવા લાગી રાત ॥
તે બેહુ ફોજે આપે આપણે મોકાંમપર જાઇ ।
તાંહાં ઇરાંણી ફોજે આપ મેહમાંનીની એમ કીધી સજાઇ ॥
શરવ ઇરાંણી પેહલવાંન તે એખઠા થાઈ ।
મેહેમાંની બેસ્વાની આપ એમ કીધી શજાઇ ॥ ૧૦૯૫
તાંહાં ફરાંમરોજ ગોદરેજ કેશવાદગાં ને ગેવ ।
વેહેરાંમ ધહસ્તંમ આજાદગાંન નેવ ॥
તમાંમ ગરદંનકશાં હમાં ઇરાંનીઆં ઇઆર ।
આપ આંપણે મેદાંન મેલા કીધા પાંચ હજાર ॥
શરવ ઇરાંનીઆંએ સૂકર કીધો નાંમ એ દાદગર ।
તમાંમ દસ્ત મએ પેઆલાં ઇઆદ કીધો બેહેરાંમ પીરોજગર ॥
"રૂસ્તંમ સર બુલંદ શેઆવખશ શરફરાજ શુદી ।
"અફરાસીઆબ શરનેગૂન તૂરકીઆં જબૂન બુદી ॥
"હમાં શેપાહાં મીઅજદ ખૂરદી ઇ કરદી ઈઆદ ।
"સદ હજાર આફરીન ફરાંમરોજ ઇજાં ઇમા રા બાદ[1]" ॥ ૧૧૦૦
જહવારે તૂખારેહ જાલપૂત બેહુ જોડ શરીખી થાઈ ।
રૂસ્તંમ શેઆવખશને મશલહત પુછી આએઆ એકાંત જાઈ ॥
પરથંમ ફરાંમરોજને કેહેજો જે મરદમેદાંનમાં ઉભા રેહે જાઇ ।
ચલાએક જુબાંન દરાજ કરજો બોલી જંગ શજાઇ ॥
આજ અફરાશીઆબ દલેર કેહાં રેહોચ સંતાઈ ।
જો એખલો તંમપર આવે તે દલેર શેપાહી ॥
તેસૂ સંનમૂખ રહી તમ જૂધ કરજો શાહાંનશાહી ।
બેમાં તે એકને જીહીત દીએ દાદે અલાહી ॥
તંમ ગેવ ગોદરજ વેહેરાંમ ધહસ્તંમ ભાઇ ।
તંમ ચુનંદા ફરી ફરી ઉમરાવને લેજો શાહી ॥ ૧૧૦૫
જો ન હાંત આવે તો તંમ તેહેને એમ દેજો માર ।
એ સુબેશાલાર શેઆવખશજી હોકંમ બજા આર ॥
જે કોએ તંમસૂ સંનમુખ થાએ તેહેને તરત મારજો ઠાંમ ।
ગરીબ ગૂરબાં જાંણી તંમ તેહેને જીવતદાંન દેજો તે ઠાંમ ॥

---

1 એ ફારસી બેતો એ કવિનાંજ જોડેલાં લાગેછે. એની મતલબઃ— રૂસ્તમ અને સ્યાવખશનુ નસીબ ચહડતું થયું, અફરાસ્યાબ તથા તુરકીઓનું નસીબ બરગશતે થયું; સર્વે ઇરાંનીઓએ મીઅજદ ખાઈ ફરાંમરોજને ઘણો આશીર્વાદ દીધો.

એમ જેહાં પેહેલવાં રૂસ્તંમે શીખામણ દીધી ।
તાંહાં બેહુ પેહેલવાંને સરવ વાત પરછી લીધી ॥

તાંહાં બેહુ જોઆંન તે આપ મોકાંમપર આવી ।
તે વાત જેહાં પેહેલવાં ફરાંમરોજને સરવ સહમજાવી ॥

અફ્રાસ્યાબ તથા ફ્રાંમરજ વચેની લડાઈ અને અફ્રાસ્યાબનું નાહસી જવું.

તે દંન રાત થાઈ તેવારે બેહુ ફોજે આપે આપ મોકાંમજ કીધા ।
રાત મીટી ગઇ ફરી બાંમદાદગાહા મૂરગે આવાજજ દીધા ॥ ૧૧૧૦
તાંહાં રાત મીટી બામદાદ સપરભાતજ થાઇ ।
અલબુરૂજ પાહડથી ખુરશેદે સફેદ ચાદ બીછાઇ ॥
પરભાત પોહોરે સરવ સેઆવધાંનજ રહેઆ ।
ખાઇ પીને સરવ તાંહાં તંદરૂસ્તજ થાએઆ ॥
શહલે બખતરી પેહેરી શરવે લીધા શાજ ।
અસવને પાખર પાખરી તરત અસ્વારજ થાઈ મન ધરેઓ નાજ ॥
ફરાંમરજ ગેવ ગોદરજ સરવે એખઠા થાઇ ।
સરવ ફોજદાર તે મરતબ મરતબ મેદાંન ઊભા જાઇ ॥
ગેવ ગોદરેજે જાઈ જોર બુલંદ આવાજ દીધા ।
તૂરકી શાહનૂ લસકર તે મેંનસૂં ઘણુજ બીધા ॥ ૧૧૧૫
તાંહાં અફરાસીઆએ હોકંમ કીધા તંમ થાઓ તઇઆર ।
એ ફોજને તંમ ઘેહેરો કરી વચે આંહાંણી દેજો માર ॥
તૂરકી શેપાઇ તાંહાં સરવે એખઠા થાએઆ ।
ઇરાંની ફોજને તે વચે ઘેહેરો કરીને રહેઆ ॥
તૂરકી તીર તરવાર નેજો તે ઇરાંનીપર ન કરે કાર ।
તુરકી ઇરાંની ને ગરૂજ મારે તે જોઆંન ઉભા રેહે ઠારનાં ઠાર ॥
ઇરાંની સહલે બખતરી મણ ચેઆલીશ પંચાશ ને ચેઆર ।
તે બલવંત બુધવંત તંન પેહેરેઆં જાંણે ફૂલના હાર ॥
તુરકી તંનપર તે સહલે બખતરી મણ ચેઆર પાંચજ કહી ।
તે તુરકી સેપાહાનાં તંનપર ઊંચલતાં મૂશકેલજ થાઇ શહી ॥ ૧૧૨૦
ઇરાંની આગલ તે તૂરકી સોઆર સે આસરે લાગે ।
તેહેને ઇરાંની જીવંત દાંન દીએચ તે તેહેનાં ઓઆને ભાગે ॥
તમ મસ્ત હસ્તીને દસ વીસ મૂકી મારો આંપણે હાત ।
તે ઘહંબીર ગરાડને મંન કાંઇ આસરે લાગે વાત ॥
તમ ઇરાંની તૂરાંની તંમ જોજો મરદી અજમાઇ ।
કોઈ કવતા નંદેઆ મો કરતા તંમ આપ અગનેઆંની થાઇ ॥

તુરકી લસકર લખ દર લખ ને ઇરાંની પાંચ હજાર ।
એ વાછ કાછ ધરમ રખણી પરજાને પાલે શાર ॥
એહેનાં નગેહેબાંન તે છે આપ પરવરદેગાર ।
એહેના રખણી બેહેરાંમઇજદ ઇરાંનીની કરે વાહાર ॥ ૧૧૨૫
ફરાંમરજ ગેવ ગોદરજે એમ સહુજીને મસલત કીધી ।
ચૂનંદા ફરી ફરી ઊંમરાવ મૂનશફદારને મારજ દીધી ॥
તાંહાં સરવં ઇરાંણી પેહેલવાંને તે કર દેખાડેઆ જોરે ।
તમાંમ તૂરાંની લસકરમાં તે ઉઠેઓ શોહોર ॥
જે શંનમૂખ થાએઆ તેહેને તે આપ મારેઆ ઠાંમ ।
જેણે હાત નહી ઉચલેઓ તેહેને દીધૂ તે જીવંત દાંન ॥
ચૂનંદા ચૂનંદા સરવ ઉમરાવ આપ બાંધીને લીધા ।
જેહાં પેહેલવાંન રૂસ્તંમ પાશે મોકલી મોકલી દીધા ॥
વળતી ફરાંમરજ તે તૂરકી શાહા ફોજમાં તે આપ ગીઆ ધાઈ ।
શાહા અફરાશીઆબ આગલ આપ ઊભા જાઈ ॥ ૧૧૩૦
એ તુરકી શાહા તંમ આપ અફરાસીઆબ દલેર ।
હર એક મેદાંનમાં આવી ઊભા રેહેતા જાંણે દરંદેહ શેર ॥
એ ફોજ પેસરો કરી તંમ સંતાઈ ભરાઈ રેહેઆછોજ આજ ।
તંમ શેપાહ મરગ પૂત બંધમની નહી ખાતા દાહજ ॥
આજ ફોજ જંગ લડાઈમાં અંમને અસૂરજ થાઇ ।
હવે ખબરદાર રેહેજો કાલ પરભાતે તૂને લેઈ જાઉં શાહાઈ ॥
તાહારૂ મલૂક સરવ મારી તારાજ તારાજ કરૂ ।
તૂને બંધ કીધા બગર હરગેજ આહાંથી પાછો નહી ફરૂ ॥
તાંહાં અફરાસીઆબ તે ગોશો કરીને બોલેઆ આંમ ।
તંમબી મનસુ જાંણુતા હોસો જે અમબી પેહેલવાંનમાં નાંમ ॥ ૧૧૩૫
અંમ તમને એમ જાંણૂચ જે અમ નખનો તૂ છેજ મેલ ।
અંમ તમશે શંનમૂખ થાઇ એ મેદાંનમાં કરૂ પેહેલ ॥
જેહાં પેહેલવાંનને મે માર દેઇ તેને મુકેઓચ રડાવી ।
તૂ તે આગલ સે આશરે જે અંમ આગલ ઉભો આવી ॥
એ તૂરકી શાહા અંમ તહ્મારૂ હવેથી જાંણુપણું ।
હવે થોડે ઘણું તે અમ મનમાં સહમજીને ભણૂ ॥
એ તૂરકી શાહા તંમ જેહેવા આજ ગાજોચ. તેહેવા કાલ વરશજો શહી ।
એ મોહો લાફ મારી બોલેઆ તોસૂ હોએ અણબોલેઆ કહી ॥
અંમ જેહાં પેહેલવાંન ફૂલને એમ નથી સરજી વાત ।
જો હમણાં પકડૂંચ તો કેહેસો જે કીધો વીસવાસ ઘાહાત ॥ ૧૧૪૦

અંમમાં બલ એજે હમણાં તૂને પકડીને લેઉં ।
અને જેહાં પેહેલવાં રૂસ્તંમ પાશ મોકલીને દેઉં ॥
ફરાંમરજથી એટલૂ સાંભલીને ચુપ રહેઆ તૂરકી શેર ।
મૂખ ફેરવી ગએઆ અફરાસીઆબ દલેર ॥
તે દાંનાવ તૂરકીએ એમ કીધા વીસ્વાસ ને ધાહાત ।
અસ્વ રેકાબથી ફાહાંધ છોડી પોતાને હાત ॥
બોલંમ રાએ આપ અસ્વ તે એમ લીધા ખાંચી ।
તે તૂરકી એશારતથી અસ્વને મારી રાંચી ॥
તે દાંનાવ તૂરકીએ ફરાંમરજપર એમ નાંખી ફાંહાંધ ।
શીશથી કમર બાંધી લીધી બેહૂ પેહેલૂ ખાંધ ॥ ૧૧૪૫
તૂરકી આચકા મારી મારી જોર કરે ને બાલે ।
ફરાંમરજ આપ અસ્વપરથી નહી સસલે નહીજ હાલે ॥
અતઅતી જોર કરતાં ફાંહાંદ દોરજ ટૂટી ।
ફરાંમરજ કમરથી બેહૂ હાત ગએઆ છૂટી ॥
ફરાંમરોજ આપ સૂકર કીધા ઇઅજદાં પાક પરવરદેગાર ।
તાંહાં બેહેરાંમ ઇજદ પીરોજગરે આપ કીધી વાહાર ॥
ફરાંમરજે તૂરકી શાહને વકારીને એમ શાવધાંનજ કીધા ।
સંનમૂખ થાઇ ફાંહાંદ નાંખી કમર હાત તે એમ બાંધી લીધા ॥
આપ ઘણુ બલ કરી કરી એચે ને ઉંપર ભાલે ।
તે અફરાસીઆબ નહી શશલે ને નહીજ હાલે ॥ ૧૧૫૦
તાંહાં એક તૂરકીએ તરત તેજ તરવારજ કાહાડી ।
અફરાશીઆબ ફાંહાંદ દોર તે નાંખી વાહાડી ॥
ફરાંમરજ તે તૂરકોને તાકી ભારી ગરજ તે મારેઓ શૂર ।
તેહેનાં હાડ હાડ ભાગીને કીધા કટકા ચૂર ॥
અફરાસીઆબે ફરાંમરજને ઘણી શાબાસી તે દીધી આંમ ।
તૂ બેહૂ પૂખે પૂરો તે શાહા કએકબાદ જાલ દસતાંનનૂં રાખેઉં નાંમ ॥
શાબાશ નોજોવાં તૂ જે અંમપર આંહાં આવેઓ ધાઇ ।
જો તૂ અમ આગલથી જીવતો જાએચ તો રૂસ્તંમ જાલ વેહેચે વધાઇ ॥
અંમ મેદાંનથી જીવતો જાએચ જેહાં પેહલવાં રૂસ્તંમ ને જાલ । [૧૧૫૫
અંમ મેદાંનથી જીવતો કોએ નથી ગએઓ ધૂર આજ ઇઆ કાલ ॥
એહેવું જાંની તૂ કાલ અંમપર આંહાં આવજે ધાઇ ।
પરથંમ તાહારા મોહોતની તૂ એમ કરજે શજાઇ ॥
આજ દંનતો તંમ મંનને એમ હરખજ આહાંણી ।
કાલ તાહાર મોહોત અમ આગલ તૂહને લાવશે તાંણી ॥

ફરાંમરજે તૂરકી શાહાને એમ જવાબજ દીધો ।
તમ શાને લાફજની કરો તહમારો જોર અહમે અજમાઇ લીધો ॥
મોહોત જીવત તોછે આસ્માંન હફતોરંગને[1] હાત ।
તંમ અંમ આગલ સાચ જૂઠી મીઠી મીઠી શાંને કરોચજ વાત ॥
એ મરદ મેદાંનમાંથી અંમ તંમને પકડી લેઇ જાઊં કાલ । [૧૧૬૦
શીઆવખશજી આગલ લઈ જાઇ ઊભા રાખૂ સલાંમ કરસો રૂસ્તંમ જાલ ॥
અંમ પેહેલવાંન મૂખથી લાફજનીની નહીજ હોએ વાત ।
હમણાંનૂ હમણાં દેખાડૂ પણ પડવા લાગી કાલી રાત ॥
ઊતાવલા ઊછાંછલાનૂ આંહાં આજ એ નથી કાંમ ।
અંમ તંમને પકડી લેઉ પણ શાહને નહી મારૂ ઠાંમ ॥
એટલૂ શાંભલી તૂરકીઓએ મોકૂફ રાખી જંગની વાત ।
મૂખ ફેરવી દેહેરે ગએઆ પડવા લાગી રાત ॥
તાંહાંથી ફરાંમરજ તે આપ મોકાંમપર ગએઆ ધાઇ ।
સરવ પેહેલવાંનસૂ આપ મશલત કીધી શજાઈ ॥
આજ તૂરકી શાહાને ઘણો જેર દસ્તજ કીધો ।
તે તુરકી અફરાસીઆબ આપ મનસૂ ઘહણોજ ખીધો ॥ ૧૧૬૫

---

[1] "આસમાન હપતોરંગ" એ કવિનાં વિચાર પ્રમાણે કદાચ એ નામનુ કોઈ આસમાન હોએ, અથવા "સાતરંગી આસમાંન" એહવી લખનારની મતલબ હોએ. જરથોસ્તી પુસ્તકોમાં લખવા પ્રમાણે "હપ્તોરંગ" તો એક સેતારાનું નામછે. બુન્દહેસ્ને કેતાબમાં લખવા મૂજેબ "હપ્તોરંગ" ઉત્તર તરફનાં સેતારાઓનો સરદારછે ; અને તેનો હરીફ "બેહરાંમ" (મંગલ)છે. "મીનોખેરદ" નામની કેતાબમાં લખવા મૂજેબ એ સિતારાને ૯૯,૯૯૯ ફરોહરોની સાથે દોજખનાં રસતા તથા દરવાજા ઉપર ૯૯,૯૯૯ દેવ, દરૂજ, પરી અને જાદુગરો જેઓ આસમાન તથા રાશીઓનાં હરીફોછે તેઓને દુર રાખવાને રાખવામાં આવ્યોછે તથા તેનુ ફરવું દોજખની આશપાશછે, અને તેનું મુખ્ય કાંમ એ છે કે તે બારે રાશીઓનાં ફરવાને પોતાનાં હાતમાં રાખેચ અને બારે રાશીઓ એ સેતારાની મદદ તથા શક્તિથી પોતાનાં બુરજોમાં આવજાવ કરેચ. અને જારે તેઓમાંની દરએક અલબુરજ પાહાડ ઉપર આવી પુગેચ તારે "હપ્તોરંગથી" મદદ માહેચ. ફરવરદીન યષ્ટમાં જણાવવા મૂજેબ ૯૯,૯૯૯ અશો લોકોનાં ફરોહરો "હપતોરંગની" પાસબાંની કરેછે. "સીરોજામાં" જણાવ્યા મૂજેબ એ "હપતોરંગ" સેતારો તંદરોસ્તી આપનાર તથા જાદુગર અને પરીઓની સાંમે થનારછે. એ સસ્કૃત "સપ્તર્ષિ" (સાત રૂષિઓ) અથવ "સપ્તર્ક્ષ" (સાત રિછ) તથા અંગ્રેજી Ursa Major ને મળતો સાત તારાઓનો જુમખોછે.

જો કાલ અફ્રાસીઆબ આવે જંગ લડાઈ શાંધી ।
તો હોકંમ ધણીનાંથી એ તૂરકી શાહાને લેઊં બાંધી ॥
કાલ બાંધી લેઈને રૂસ્તંમ જાલ આગલ ઊભો રાખૂ જાહાલી ।
કાલ આંપણુ પેહેલવાંનની એ મીઅજદ ખૂસહાલી ॥
તાંહાં સરવે બેહેરાંમ ઈજદની ઇબાદજ કીધી ।
મએ પેઆલે ભરી ભરીને રંગબેરંગી પીધી ॥
તૂરકી શાહા તાંહાંથી આપ દેહેરે જાઈ મોકાંમજ કીધા ।
પાંચ દાંનાવ પીરને આપ બોલાવી લીધા ॥
તે પાંચ દાંનાવસૂ આપ એમ ગનેઆંનજ કથી ।
કાલ આંપણુને આંહાં લડાઇ કીધાની વેલા નથી ॥ ૧૧૭૦
જો કાલ જૂધ કરીને જૂધ કરતાં હુ એહેને આંહાં માર ડાંમ ।
અંમ પૂત બંધમ ઊમરાવનૂ રૂસ્તંમ નહી રાખે નાંમ. ॥
એહેવૂ જાંણી જોઇ આંપણુ મંન વમાસણુ આંહાં કીધી જોઇએ ।
રડી હારી ઘેર રાખીએ પણ જીહીતી હંશી ઘેર નહીજ ખોઇએ ॥
એ પંચ દાનાઓ મંન એ શાચ વસી ગેઈ વાત ।
એ તૂરકી શાહા આંપણો સન તલે તે આવેઓછે હાત ॥
સરવ ચુનંદા દાંનાવ મલીને એમ વાત વમાસી ।
સરવ ફોજને અશારત કરો જે મધેઆંન થાતાં જાઇએ નાહાશી ॥
વીસ કોસ દૂર જાઇ આપણુ મોકાંમ કરીએ કાલ ।
તાંહાં જાઇ કાગલ લખીએ શેઆવખશ રૂસ્તંમ જાલ ॥ ૧૧૭૫
જહવારે ફરાંમરોજે અફ્રાશીઆબ જંગની કીધી વાત ।
રૂસ્તંમ શેઆવખશજી શાંભલી ઘણૂ થાએઆ રલીઆત ॥
એ બેહૂ જૂબાંની બોલી આપ મંનસુ શરવ સહાજી લીધી ।
તે દાંનાવે અ.પ મંનસૂ એમ વમાશણુ કીધી ॥
તે તૂરકી બોલી આપ પાઇ ગીઆ એમ રહેઆ વમાશી ।
એ શેઆવખશજી તંમ નરધાર માંનજો એ આજ તૂરકીજાસે નાહાશી ॥
એણે સરવ જંગ મરદી આપ એમ અજમાઈ જોઇ ।
સરવ સરદાર કએદ આવતાં આપ મંનમાં રહેઓ હોસે રોઇ ॥
એણે ફરાંમરજપર ફાંહાંદ નાંખીને એમ કીધો વીસવાસ ।
જાંણે ફરાંમરજને પકડી લેઉ તો રૂસ્તંમ બંધ કરે ખલાશ ॥ ૧૧૮૦
એટલે જંગ હાર જીહીત સમાશ શમાશજ રેહે ।
રૂસ્તંમ જાલ તે શેઆવખશજીને એમ સહાજાવીને કેહે ॥
શ્રી હોરમેજદ હરજાએ આંપણી આંહાં વાહારજ થાએ ।
તો એ તૂરકી શાહાનૂ ચીંતઊં તે આંહાં કેમજ થાએ ,

શ્રી હોરમેજદનો આપ સૂકરાંનો ઘણો કીધો ।
મરવે મલી બેહેરાંમ ઇજદ ઇઆદ કરીને સરાબજ પીધો ॥
બેહેરાંમ ઇજદ પીરોજગરે આપ જીતજ દીધી ।
ફરાંમરજ ફોજે એમ મએ ઇઆદ કરીને પીધી ॥
એમ સરવ ફોજ તે ખાઇ પીને તંનદરસ્તજ થાએઆ ।
એઆબ ચોકી કરતાં પરભાતે ઉઠી ઉભા થાએઆ ॥ ૧૧૮૫
ઇરાંની ફોજ ભોમીઆં દરોડી લશકરમાં આવેઆ ધાઈ ।
એ તૂરકી ફોજ દર ફોજ નાહાશી ગએઆ કે કેથે રહેઆ સંતાઈ ॥
તંમ સરવ ઇરાંની સાવધાંન હોશીઆરજ થાઇ ।
આંપણુ ઉભા રહીએ મરદ મેદાંનમાં જાઈ ॥
એ નાવીસ્વાશીનો વીસ્વાસ નહી કરીએ આજ ।
એ ઘાતકી તાંકેચ કોએ એકાજૂ માંણીશ બંદ કરવાને કાજ ॥
એમ ગોદરજે શરવને સેઆવધાંનજ કરી ।
મરદ મેદાંન પંજકોશી ગેરદ નવાઇ જોઈ આવેઆ ફરી ॥
રૂસ્તંમ શેઆવખશજીને એ ખબરજ થાઈ ।
તાંહાં સેઆવખશજીએ ઘણી વેહેચી વધાઇ ॥ ૧૧૯૦
શેઆવખસજી રૂસ્તંમને તાંહાં એમ કેહેવા લાગા ।
એ જાલ પૂત તંમને અહુરમેજદે એમ દીધીકે આઘા ॥
એ તૂરકી શાહથી જે એહેવી જાઠી મીઠી બોલી થાએ ।
તેહારે અંમ જાંણુ જે એ તૂરકી નાહાશીને જાએ ॥

અફ્રાસ્યાબે સલાહ કરવાનું નામું લખવું, કાવુસે તેનો ઈનકાર કરવો, તથા સ્યાવખશ તથા રૂસ્તમ ઊપર ગુસ્સો કરવો અને તુસને તેઓ ઊપર સરદારી આપી મોકલવો.

તૂરકી શાહે મોકાંમ કરીને એક કાગલ લખેઉ આંમ ।
પરથંમ લખેઉ એ ઓદાવદ ઓદાવંદ નાંમ ॥
એ કએઆંની કેકાઉશ તંમ હફતકેશવરનાં છેઓ શાહાંનશાહી ।
તંમ ઘેહેર ગેબી દરીઆઇ ચાલી આવેઆં તે દાદ એલાહી ॥
તે પેટ શેઆવખસ સપૂત તંમને અહુરમેજંદે એ ફલજ દીધૂ । [૧૧૯૫
તે શેઆવખસજીએ કએઆંની કુલને પતીજ કરી રોશન કીધૂ ॥
તે આતશ ચાહા એ પાક અશોને ગૂલજાર બાગજ થાઇ ।
ઇઅજદ "અમેશાઓસપંદ" સંનમૂખ આવી ઊભા હાતજ શાઇ ।
તંમને રોસન કીધા કએઆંની કાઉશ બીન કએકોબાદ ।
શદહજાર આફરીન શેઆવખશજી જાઈ માંરા બાદ ॥

એ શાહાંનશાહાજી અંમ સવાઈ સલાંમી મોકલાવી દેઊં આજ ।
પંજ હજાર અસ્પ સંનગારી દેઉ સૂનેરી શાજ ॥
તે અસ્વ દહાંને ગોહર જડી દેઉ લગાંમ ।
હજાર કનીજક શંનગાર કરી હજાર દેઊ ગોલાંમ ॥
દો હજાર અસ્તોર અરમાઇન શરવ કરે વખાંણુ ।
તેહેને કૂદરતી પસંમ જીન છેજ પલાંણુ ॥
હજાર હસ્તી જનશા જંનશી સંનગારજ કરી કરી ।
પંચાવંન લાખ તૂમંન દેઊ હસ્તી ભરી ભરી ॥
એટલીજ સલાંમી અંમ દેઊં શેઆવખસજીને કાજ ।
વાલી એટલી સલાંમી બીજી દેઊં રૂસ્તંમ જાલને આજ ॥
વાલી એલચી મૂખજૂબાંની કેહે તે તંમ મંનને પરછવી રેહેજો ।
એહેનો પડઉતર તમ મૂખજબાંની એહેજ એલચીને કેહેજો ॥
એ શાહાંનશાહાજી તહ્મારો હશબલ હોકંમ હોએ ખાશ ।
અંમ બંધંમ પૂત પરવાંનને શેઆવખસ રૂસ્તંમ કરે ખલાશ ॥
એ તૂરકી શાહે એ કાગજ લખી દીધો એક ચતૂર એલચો હાત ।
તે એલચીને આપ મૂખ જૂબાંની શરવ સહમજાવી વાત ॥
અંમ પાક શેઆવખસજીને ખૂબશીરત પરછવી લીધોછેજ શારો ।
અમ તેસૂં એશી ચાંહાંઊંચ એ અશો અંમ મન ઘણો પેઆરો ॥
તે તૂરકી શાહે એટલૂ કહી તે એલચીને વદા દીધી ।
તે એલચીએ તાંહાં સલાંમ કરીને અસ્વારી કીધી ॥
ઇરાંની ભોમીઓ આવેઓ ઇરાંની લશકરમાં ધાઈ ।
શેઆવખસ રૂસ્તંમને શલાંમ કરી ઊભો આગલ જાઇ ॥
તૂરકી એલચી આવી ઉભો રૂસ્તંમ શેઆવખસજીની આગલ ।
તાંહાં શજદો સલાંમ કરી તે એલચીએ આપેઊં કાગલ ॥
રૂસ્તંમ શેઆવખશે એ મજમૂન સરવ સહમજી લીધી ।
વલતી એલચીએ મૂખજૂબાંની એમ વાતજ કીધી ॥
રૂસ્તંમ શેઆવખશ આપ સહ્મજીને એમ કીધી વાત ।
તે કાગલ આપેઊં તેહેજ એલચીને હાત ॥
એ એલચી તંમ જાઓ શાહાંનશાહા કએકાઉશ આગલ ।
તાંહાં જાઇ શજદો સલાંમ કરી તંમ એજ આપો કાગલ ॥
તે એલચી ઇરાણુ આએઓ કએઆંની શાહાની આગલ ।
શજદો સલાંમ કરીને તે એલચીએ આપેઉ કાગલ ॥
કએકાઊશ હોમાંવજીર કએઆંની તૂશને બોલાવી લીધા ।
એ તૂરકી કાગલ મોબેદાંન મોબેદને હાત વાંચવા દીધા ॥

શાહાંનશાહ કાગલ વાંચી ઘણું થાએઆ રલીઆત ।
હોમાં તૂશસૂ આપ ઘણી મસલત કીધી વાત ॥ ૧૨૧૫,
એ શેઆવખ્સજીપર આપ કેરતારે મેહેરબાંની કીધી ।
લખ્દર લખમાં પાંચ હજારે ફતેહે દીધી ॥
તે શાહા આગલ તૂરકી એલચીએ આપ મૂખ્જાબાંની વાતજ કીધી ।
તૂરકી એલચી મૂખથી કએઆની શાહા ઇરાંનીએ પરછવી લીધી ॥
એ શાંભલી શહમજીને કાગલ નાંખેઊ ઉરાડી ।
તરૂતનો તરૂત તે તુરકી એલચીને દરબાર બાહેર મૂકેઓ કાહાડી ॥
કએઆંની શાહે રૂશતંમ સેઆવખશપર ઘણી રીશજ કીધી ।
તાંહાં તરૂત ને તરૂત કએઆંની તુશને સૂબેશાલારી દીધી ॥
ચેઆલીશ હજાર નોજવાંન સ્વારનો સૂબેશાલારજ કીધો ।
સરવને શહલે બખતરી અસ્વ ને પાખરજ દીધો ॥ ૧૨૨૦
તાંહાં હોમાં વજીરે હાત જોડી શાહા આગલ અરજજ કીધી ।
ભલે તમ કએઆંની તૂશને સૂબેશાલારી દીધી ॥
એ તૂશ રૂસ્તંમ શેઆવખસપર સૂબેશાલાર થઇને જાએ ।
તો એ ઇરાંન શેહેરમાં તે ઘણ જુધજ થાએ ॥
એથી ઘણું દલગીર થાશે ગેવ ગોદરજ કેશવાદગાં ।
દેલજદા થાઇ વેહેરાંમ વહસતંમ ગૂરગીન મેલાદ આજાદગાં ॥
સરવ તૂરકી બંધને ખલાશ કરી રૂસ્તંમ જાશે જાબૂલસ્તાંન ।
સેઆવખસ અફરાશીઆબ બેઠી લેવા જાશે તૂરકસ્તાંન ॥
એ કએઆંની તૂશ તાંહાં જાઈ બેશી રેહેશે વમાશી ।
તૂરકી જોર થાશે ને તૂશ આવશે નાહાશી ॥ ૧૨૨૫
કોઇ ઇરાંની પેહેલવાંન નહી કરશે એ તૂશની વાહાર ।
તમ ઘેર બેઠાં સલાંમી નહી આવે ઇરાંને નગરી ને ઠાર ॥
બેઠાં બેઠાં તૂરકીએ સૂલ ઊપાએઊ તે આંપણને ગમે ।
જેમ તૂરકી પસ્તાએચ તેમ પસ્તાસો તહ્મે ॥
સરવ ફીટ ફીટ અંમને કરશે તેહેની લાગશે દાહાજ ।
તંમ ગરદંન મરાવતા હોએ તો તરૂત મરાવજો આજ ॥
કએઆંની શાહા હોમાં વજીરપર ઘણો ગોશો કીધો ।
તૂશ નોદર સૂબેશાલાર કરીને મોકલી દીધો ॥
રૂસ્તંમ શેઆવખસને એ ખબરજ થાઇ ।
જે તૂશ નોદર તંમપર આવેચ શૂબેશાલારજ થાઇ ॥ ૧૨૩૦
રૂસ્તંમ જાલે આપ મંનસૂ ઘણો ગોશો કીધો ।
તુરકીઓનો બધ તરૂતનો તરૂત ખલાશ કરીને દીધો ॥

કેશવાદગાં આજાદગાંએ એમ મશલત કીધી ।
જે કેઆંની શાહને એ કોણે હેકમત દીધી ॥
આપ ધુર મેલવેઓ ઇરાંન તૂરાંનજ આજ ।
રૂસ્તમ જાબૂલસ્તાંન જાઇ બેશશે આજનાં આજ ॥
સેઆવખ્શ જાશે તૂરકસ્તાંનપર ધાઈ ।
તાંહાં આપ તુરકી શાહની બેટી સાથે વેહેવાની કરશે શજાઇ ॥
એ બેઠાં બેઠાં કેઆંની શાહાને સ સૂહુજી આવેંઉં આજ ।
એમ કીધે ભલુ નહી હોએ પણ સુહુજેઉં તે ભુડાંને કાજ ॥ ૧૨૩૫

રૂસ્તમનું જાબુલિસ્તાંન પાછું ફરવું તથા સ્યાવખશનું તુર્કસતાંન જવું અને અફ્રાસ્યાબની બેટી ફરંગીસનું તેનાં ઊપર મોહી પડવું.

ઊઠી રૂસતંમ જાલ આપેઆપ ગએઆ જાબુલસ્તાંન ।
શેઆવખ્શ રીશાવી ગએઆ આપ તૂરકસતાંન ॥
સરવ ઇરાંની ઘર આવી બેઠા આપ આંપણે મોકાંમ ।
શાહા દરબાર નહી ગએઆ તાંહાં શજદે સલાંમ ॥
તુશ સૂબેસાલાર ફરી આવેઆ ઇરાંન શેહેર ।
સૂબેશાલાર થાઇ આવી બેઠા ઘેરનાં ઘેર ॥
હોમાં વજીર વેણુ તે ભૂમી પડવા નહીજ દીધૂ ।
શાહા પસતાવા લાગા જે એ કાંહાંનુ કાંહાંજ કીધુ ॥
જેહારે પાક શેઆવખસજી તુરકસ્તાંનની તરફજ થાએઆ ।
તેહારે સરવ તૂરકી તે શેઆવખ્શજીને શાંભણે આએઆ ॥ ૧૨૪૦
શરવને તુરકી શાહનો એમ હોકમ હુતો ફરમાંન ।
એ શેઆવખ્શજીને ઇજત હોરમત ઘણૂ દેજો માંન ॥
વજંતર વાજ ગાજ કરતે કરતે તૂરકસ્તાંનમાં લાએઆ ।
તુરકી શાહાબાંનોએ જહવેર ઘહવેર મોતીએ વધાએઆ ॥
તૂરકી શાહે આપ મોહોલ અંદર આપેઓ મોકાંમ ।
તાંહાં પાક અશોએ આપ મંન વાલી એમ કીધો આરાંમ ॥
તુરકી શાહે માંન ઇજત તે ઘણીજ દીધી ।
શેઆવખ્સજીની ઘણૂ હરખ ઉલટે તેહેની મેહેમાંની કીધી ॥
શાહે તુરકી મજાલશ તે તાંહાં એમ જોડી ખાશ ।
તે શેઆવખ્શજીની કૂરશી માંડી આપ તખ્તને પાશ ॥ ૧૨૪૫
શાહબાંનો ફરંગેજ જહરુએથી જાહાંખી જાહાંખી જોઈ ।
શેઆવખ્શજીનુ નૂર મૂખ દેખી રહેઆં મોહોઈ ॥

તાહાં ધણી નાંમ શાંભરી ધણો શુકરાંના કીધો ।
શેઆવખસજીને ધણો દોઆ આશીશજ દીધો ॥
શ્રી એક કેરતારે કાઉસપર તે આપ જોએજી ભાલી ।
જે ગેબી દરીઆઇ પરી તંમ ઘર બેઠાં આવી ચાલી ॥
તેમ અંમપર શ્રી એક ધની તે તરૂસટમાંનજ થાએઆ ।
એ તૂરકસતાંનમાં શીઆવખશજી તે અંમ ઘર બેઠાં આએઆ ॥
સેઆવખશજી દીદાર દીઠે તે બેહુ ઘણજ રલીઆએત થાઇ ।
તૂરકસતાંનમાં શરવ ઘેહેર ઘેહેર વેહેંચી વધાઇ ॥ ૧૨૫૦
તૂરકી શાહ મીજલશમાં શેઆવખશ બેઠા શોહોઇએ માંનંદ માહ ।
હમાં અંજૂમન અસ્તારેગાં સૂકર તારો તૂરકી શાહા ॥
તૂરકી અંમ મેજલશ અંધાર અજવાલુ ચેરાગ સહમજી લેજો ભેદ ।
ચેરાગ વરવન ઘેર તાંહાં બેઠા સેઆવખશજી ખૂરસેદ ॥
જેહારે એ પાક શેઆવખશ અંમ ઘેહેર આએઓ ।
તેહારે સરવ તૂરકસ્તાંનને સંનગારજ થાએઓ ॥
એ સેઆવખશજીની વાલી વાલી વખાંણુ કરે ખાશ ।
તાંહાં ફરંગીસ જાઈ ઊભાં આપ પેતાને પાશ ॥
એ શાહાંનશાહાજી અંમને હોકંમ દેઓ તહ્મે । [૧૨૫૫
એ સેઆવખશ અંમ મંન માંનેઓ વરવરમાલ પેહરાવું અહ્મે ॥
એ ઓતંમ કૂલનો આંહાં આએઓ ન જાએ એ આજને કાલ ।
હરએક હોનરમાં અજમાઈ જોઉ વલતી પેહરાવું વરમાલ ॥
ફેરંગીજ આપ પેતા મૂખથી શાંભલી ગએઆં માતાને પાશે ।
એ માએજી હરકોએને એ વરી બેસશે આંહાં માહારૂ સૂજ થાશે ॥
માતાએ સંતોકી સહ્મજાવી દેલ કીધૂ હાત ।
તાહારા પેતાને હૂ સરવ પરછવીને તુને કહીશ વાત ॥

ફરંગીસે સ્યાવખશ સાથે નેકાહ કરવાની અફ્રાસ્યાબથી રજા માંગવી અને અફ્રાસ્યાબે સ્યાવખશને લડાઈનાં હુનરોમાં તથા શેકારગાહમાં અજમાવી જોવો.

તૂરકી શાહે આપ તખત બેશીને એમ આપે મેજાલસ કીધી ।
શહલેખાંનથી કએઆંની કમાંન તે આપ મંગાવી લીધી ॥
ચેઆર જુઆંન તે કમાંણ ઘહસડીને લાવેઆ આંમ । [૧૨૬૦
તેહેનો, ચેલો સવામણનો એ ઉચલી લાવેઓ એક નોજોવાંન ॥
તૂરકી શાહે શેઆવખશજીને કહેઊં જે એ કમાંણ તમે લેઓ ।
એ કમાંણનો ચેલો તંમ અમને ચહડાવીને દેઓ ॥

શેઆવખસજીએ તે કમાંણ તરૂત આપ ઊંચલી લીધી ।
આપેઆપ બેઠાં બેઠાં ચેલો ચહડાવી કશીશજ કીધી ॥
તીરે ખતંગ તરકસથી આપ એમ લીધો તાંણી ।
ચોમેર જોએઊં કાંઇ નહી દીઠી નાંમ નીશાંણી ॥
તે મજલશ બેઠીતી તાંહાં ચોક હૂતો આગાશ ।
તેહારે શેઆવખસે નીશાંની ભાલી ધૂર આકાશ ॥
પરથંમ તીર ચલાવેઓ ધૂર આકાશપર ઠાંમ ।
તે તીરની નીશાંન તાંકી બીજો મારેઓ તેહેની પેએગાંમ ॥ ૧૨૬૫
તરીજો તીર મારેઓ તે બીજાની નીશાંનજ તાકી ।
તે થરે તીરની પએગાંમ ચથરે મારીઓ બાકી ॥
પંજંમ તીર મારેઓ તે બાકીની પએગાંમ ।
વાલી છટો તીર ચલાવેઓ આપ તાકી નીશાંન ॥
વાલી સાતમો તીર ચલાવેઓ તે એક એકની પીઠે ।
તાંહાં સરવ અચરત હેરાંન રહેઆ એજ દીઠે ॥
એમ તીરપર તીર તે નીશાંન તાકીને મારેઆ શાત ।
અફરાશીઆબ જોઇ મૂખમાં ઘાલી રહેઆ હાત ॥
તે તૂરકી શાહે શેઆવખશજી દેખી હસ્તા કીધા ગાલ । [૧૨૭૦
શાબાશ શાબાશ તંમને એ હોનર શીખાડીઓ તે રૂસ્તમ જાલ ॥
સરવ તૂરકી એ તીર નીશાંન જોઈ અચરત હેરાંનજ થાએઆ ।
મનનાં મનસૂ સહજીને આપ ઘર ઘરજ ગએઆ ॥
બીજે દંન તૂરકી શાહે મેજલશ કીધી મેદાંનજ જાંણી ।
શહેર ખાંનેથી એક ભારી નેજો તે દીધો આંહાંણી ॥
તે નેજેબાજી સરમી સરમી જોર કરીને એમ નાંખેઓ ઊછાલી ।
તે આવતા નેજાણી શેઆવખશજીએ અણી જાહાલી ॥
તે નેજો શરમી સરમી નાંખતાં ઈરાંણ "અશેમ"જ ભણી ।
તે ભારી નેજો આવતાં એ કએઆંનીએ ધરી અણી ॥
અણી ધરી નેજો ફરી નાંખેઓ ધૂર આકાશ ગએઓ ઊંડી ।
આવતો નેજો શાંચવી શેઆવખસજીએ ધરી બૂડી ॥ ૧૨૭૫
તે નેજા બાજી જોઇ જોઈ શરવ તૂરકી રહેઆ ભાલી ।
અફરાસીઆબ હેરાંન થાઇ મૂખમાં આંગલી ઘાલી ॥
ધંન ધંન એ અશો પાક તંન તમ કએઆંની કૂલનૂ રોશન રાખેઉ નાંમ ।
હવે તૂરકી દેઆ રૂસ્તંમ જાલ દસ્તાંન શાંમ ॥
એ તૂરકી શાહે આપ મેજલસમાં એમ હસ્તા કીધા ગાલ ।
એ કમાંણ ને અંમ જોઆંનીમાં ચેલો ચહડાવતા કે બીજો ચહડાવે રૂસ્તંમ જાલ ॥

એ જેહાંનમાં અંમ જોરમંદ બીજો છે રૂસ્તમ જાલ ।
ખોદાએ એ નોજોઆંન આપ પએદા કીધો તરીજો આજ કાલ ॥ "
થરે દંને તે એક શહલેખાંનથી ભારી ગરૂજ લાવીને દીધો ।
શેઆવખસજીએ એક ધણી નાંમ લેઇને હાતમાં લીધો ॥ ૧૨૮૦
તાંહાં એક શંગસીહા મણ ચેઆલીશ પંચાશનો નાંખેઓ તો દૂર ।
તે ગરૂજ શરમી શરમી મારેઓ શંગ કીધો કટકા ચૂર ॥
મોટા કટકા તે એક શોપારી જાંણે ચેઆર ફાડજ થાઇ ।
વચલા તે મરી મરી બાકી થાએઆ રાઈ રાઈ ॥
એ શહલે બાજી તૂરકી શાહે આપ અજમાઇ જોઇ ।
એ કએઆંની કલબુધ જોઇ શાહા રહેઆ મનસૂ મોહોઇ ॥
દંન થરે ચેઆર વલી વંચે વલમજ કીધી ।
સરવ શેકારીઓને તુરકી શાહે એમ હોકંમજ ફરમાઈ દીધી ॥
શેરવાન સરદારને એમ સમજાવી કહી વાત ।
એ શેર કવી તન જોરાવર બાલાબુલંદ રાખજો તમારે હાત ॥ ૧૨૮૫
શેકાર મેદાંન જાલમાં તાંહાં છાંનાં રાખજો લાવી ।
હૂ અશારત કરૂ તેહારે એ કેઆંનીપર મૂકજો એક જમણી નેં બીજો ડાહાવી ॥
તૂરકી શેકારગાહા જાઈ આપ ખેલજ કીધા ।
તે શેકારગાહમાં શેઆવખશજીને બોલાવી લીધા ॥
શેઆવખસજી ઉભા શેકારગાહ મેદાંનમાં જાઇ ।
હોકંમ કીધો તમ હરણ ગોરખરને પકડેઆની કરો શજાઇ ॥
તંમ ઈરાંની શેકાર ખેલ તે અમ આંહાં જોઊં આજ ।
એ શેઆવખસજી એ મેદાંનમાં તમ મહલાજો કરોચ તે શાંનેકાજ ॥
તેહારે કએઆંની શાહે તૂરકીને જવાબ દીધો આંમ ।
એ તૂરકસ્તાંનને મેદાંનમાં અમને શેકાર કરી ખાવો હરાંમ ॥ ૧૨૯૦
આંહાં વાહાઘ વરૂને મારીએ જે ગોસપંદને કાંઇ નહી આવે આલ ।
તો એ મેદાંનમાં શેકાર કરી ખાઊં તો એ અમને હોએ હલાલ ॥
એ ધરમ ગનેઆંન શાંભલી તૂરકી શાહા રહેઓ મૂખજ ભાલી ।
શાહાની ચતૂરાઇ જોઇ તૂરકીએ મૂખમાં આંગલી ઘાહાલી ॥
એ તૂરકી શાહે જંગલ જાલમાં એમ ચાલજ કીધી ।
તાંહાં પેલા વાઘરીને તુરકી શાહે એમ અશારત દીધી ॥
તે બેહૂ વાહાઘ છાંનાં છાંનાં શેઆવખશજીની આગલ લાવી ।
તે છોડી મુકેઆ એક જમણી ને બીજો મૂકેઓ ડાહાવી ॥
તે દલેર અફરાશીઆએ છાંની નહી કીધી ઘાહાત ।
તે બેહૂ શેર દેખી કએઆંની ધણૂ થાએઆ રલીઆત ॥ ૧૨૯૫

જમણી બાંહે એક વાહાધે તલપ નાંખી એમ દાવજ શાંધી ।
તેપર ફાંહાંદ નાંખીને જીવતો શાહા નાંખેઓ બાંધી ॥
બીજો વાહાધ તલપે તલપીને આવેઓ ધાઇ ।
તે નોજોઆંએ ડાહાવે કરે તે બેહુ પંજા રહેઓ શાહાઈ ॥
જમણે કર કરી મૂખમાં થપેડ તે આપ મારી જોર ।
તે દરંદ શેર જોઆંએ ઘણો કીધો શોહોર ॥
વાલી આપ તેના બેહૂ પાવ ધરી એમ સમતોલજ કીધો ।
બહને પાવ ધરી વચેથી ચીરી નાંખીજ દીધો ॥
બીજાની ફાંહાંદ બંધ ખંજરે એમ નાંખી વાહાડી ।
તેહેને ફાંદમાંથી આપ મૂકેઓ કાહાડી ॥
તે કવી તંન બલવંત શેર ખરવાએઓ ફરી આવેઓ ધાઇ ।
તે શેરનો શેઆવખશજીએ લીધો એક હાતજ શાહી ॥
તેહેને ફેરવી ફેરવી નાંખેઓ ધૂર આસમાંન આકાશ ।
તે વાહાધ આવી ભૂમીપર પડતાં નહી રહેઓ દંમ દરજને શાહાસ ॥
અફરાશીઆબ તે દેખીને ઘણો હેરાંનજ થાએઓ ।
ફરીને શેકારગાહાનાં મેદાંનમાં આએઓ ॥
હરણ રોજ ગોરખર શેઆવખશજીએ સાહાઇને દીધાં ।
તાંહાં એક શેપાહે હલાલ તકબીરજ કીધાં ॥
એક શીતલ જાએ જોઈ બેઠા તાંહાં હુતૂ આબ ।
તાંહાં બેસીને આપ શેકારનાં કીધા કવાબ ॥
તાંહાં શાહાજાદો બેસીને કવાબજ ખાએ ।
રંગ બેરંગ એકને એક નાંમી શરાબજ પાએ ॥
પએ દર પએ પીર દાનાવે ઘણી પાઇ આપ થોડી પીધી ।
અજમાઇ પારખૂ જોવા આપ વાત ઘણીજ કીધી ॥
શાંભલો શેઆવખશજી તંમશે કાઊસે કીધો વીસ્વાશ ને ઘાહાત ।
જાદૂગરના વાહેઆથી તંમને મારવા દીધા બેહૂ જંમરા હાત ॥
બખતનો બૂલંદ પણ ગનેઆંનનો હીણો ખાએચ ઘાત ।
જે જાદૂગરે શાહાને ફરેબ કરીને એ બોહોથાંન કીધી વાત ॥
માહારૂ લખ દરલખ લશકરમાં તમ બહનેએ જાહાડો દીધો ।
આપ અગનેઆંનીએ તંમપર તૂશને સૂબેશાલારજ કીધો ॥
એ વેણ સેઆવખશજી શાંભલી બરહંમ થાઈ ને રહેઆ ।
તેહારે તૂરકી શાહાને આપ એમ પડઉતરજ કહેઆ ॥
શાંભલો તૂરકી શાહા અંમ તંમ મએ પીધે દેલ થાએઉં શાફ ।
અમ પેતાએ એ પેઆરો પૂત જાંણી કીધો અદલ એનશાફ ॥

તે નાદાંને છલ કરીને તે ગલેઊ એમ દેખાડેઊં બાલ ।
તે અદલ એનસાફીને બાલહંતેઆ દેખીને ચહડેઓ કાલ ॥
તે પરદેશણ ખૂનની આપેઆપ કરે ફરીઆદ ।
એ આદેલ પાદશાહે તરૂતની તરૂત તેહેની દીધી દાદ ॥
આપ પેઆરે પૂત બેહુ જમરા ભમરા હાત કાહાડીને દીધો । [૧૩૧૫
આપ પેઆરે પૂત જાંણી એક તલ પલનો શાંસો નહીજ કીધો ॥
એ તૂરકી શાહ અમ છેઊ રદાંન રાદાંન રાદ ।
અમ તરૂતની તરૂત નવખંડ પરથવીની દેઊ દાદ ॥
માજંદરાંન હમાવરાંન તૂરકસ્તાંન હીંદોસ્તાંન ।
દું જેરદસ્તાં તંમ બેદાદ દાદ ન દેઓ ઉજાડ કરો આબાદ વસ્તાં ॥
એ કએઆંની દાદગરે આપ પેઆરે પૂત જમરા હાત કાહાડીને દીધો ।
તાંહાં આપ કેરતારે હોમાં વજીરને મોકલી દીધો ॥
એ કએઆંનીએ મનશા શીધ અદલ ઈનશાફજ કીધો ।
તાંહા આપ કેરતારે વાહારજ કરીને અમને જાલવી લીધો ॥
શાંભલો તૂરકી શાહા અમ પારકી નારપર કજ નજર ન જોઊ ભાલી ।
તો નવખંડ પરથવીની સલાંમી અંમ ઘેર બેઠાં આવેચ ચાલી ॥ ૧૩૨૦
અંમ કએઆંની રાદ રાસ્ત ધરૂ એ મેહેરબાંની ।
એ જાંની કુલ હું ઇમાનદરૂસ્ત કએઆંની તંન નેકનીશાંની ॥
જો અંમ કએઆની મનશા સીધ મન રાખૂચ ઠાર ।
તો જૂધ વેલે લખ કરોડમાં બેવર હજારની આપ કરેચ વાહાર ॥
તાંહાં સીઆવખશજીએ એમ સરવ સહમજાવી કહી ।
તાંહાં અફરાસીઆબ શાંભલી સમજી રહેઆ સહી ॥
તૂરકી શાહે એ કએઆંની અજમાઇ લીધો જાંણી ।
એ વાત સાંભલી તાહાડો ટીપ થાઇ બરડે ઉતરેઆં પાંણી ॥
તૂરકીએ આપ અજમાવતાં ઓછ નહી મૂકી કાંઈ ।
ઘણી મેહેર મેહેરબાંની કરી આપ સીને લગાડેઓ શાંહી ॥ ૧૩૨૫
આપ બેહૂ તંન જોલે ઘોહોડે એમ થાએંઆ સ્વાર ।
શેકારગાહાથી બેહૂ બલવંત આવેઆ આપ આપણે દોઆર ॥
એ તૂરકી શાહા અંમ આંહાં આવેઆ કએઆંની ઉફરા થાઇ ।
તંમ એલચી હાત વાતછે તે તંમ મંન એ રોશનાઈ ॥
તંમ એ જૂદ દેઈ વદા દેઓ તો અંમ જાઊં જાબૂલ પાંમૂ થાગ ।
રૂસ્તંમ જાલને લેઇને કએઆંની કાઊંસને લાગૂ પાગ ॥

કરસેવજની બેટીએ સ્યાવખશ સાથે પરણવાને ચાહવું; અફ્રાસ્યાબે કરસેવજને સ્યાવખશ આગલ ફરંગીસનાં વસ્તારાં સારૂ મોકલવો, તેણે અફ્રાસ્યાબ તથા સ્યાવખશ વચે બેદલી કરવી; તથા સ્યાવખશનું પીરાંણની બેટી સાથે પરણવું.

કરશેવજ ઘરછે એક બેટી અત સૂદર શારી ।
માતા પેતા મંન તે બેટી હુતી ઘણીજ પેઆરી ॥
કરસેવજ તે બેટીપર ઘણોજ ધરતાતા પેઆર ।
તે બેટીએ રાહાડ લીધી જે શેઆવખશજી કરી દેઓ ભરતાર ॥ ૧૩૩૦
એ માએજી અંમ મન શેઆવખશજી ઘણોજ લાગે પેઆરો ।
તે દરસણ દીઠે ભૂખેઆંની ભૂખ ભાગે અંમ મંન ઘણો છેજ શારો ॥
અંમ પેતાને એકંત સહ્રજાવી કેહેજો તહ્રે ।
એહેને ભરતાર કરી ન દેઓતો નરધાર પરાંણ તજસૂ અહ્રે ॥
કરશેવજ નારને એ સરવ સહમજાવીને કહી ।
એ વાત કરશેવજને કહી તેથી આપ મનસૂ સહ્રજી રહેઆ શહી ॥
કરસેવજને હાત અખતીઆરછે અફ્રાસીઆબ તૂરકસ્તાંન શાહાંનશાહી ।
તેહેને સરવશરે પેઆરોછે એ કરસેવજ ભાઇ ॥
તે શાહાનો એખતીઆરછે એ સરવ કરસેવજને હાત ।
તે હરએક કાંમ કરે શાહાંનશાહ એહેને પૂછી વાત ॥ ૧૩૩૫
કરસેવજસુ શાહા સંનમૂખ બેસી ગોસટ કીધી વાત ।
શાહે હરબે ગોસટ કરતાં ખંભે મુકેઆ હાત ॥
શાંભલો કરશેવજ અંમ મંન શેઆવખશજી તે ઘણો પેઆરો ।
હરએક કાંમમાં અંમ અજમાઇ લીધો શારો ॥
તુરકી શાહા શેઆવખસ સુકીરત તે એમજ બોલે ।
આજ શેહશારમાં બૂધવંત બલવંત નથી કોએ એહેને તોલે ॥
ખૂબશુરત શીરત જાંણે ખૂર મેહેર ને માહા ।
ગએબીનો જાએઓ એ કએઆંની પૂત ઇરાંની શાહા ॥
એ કરશેવજ આંપણો ધણી ખોદા ઘણો મેહેરબાંનજ થાએઓ ।
જે શેઆવખશ દામાદ આપણ ઘેર આએઓ ॥ ૧૩૪૦
અમ ઘર શાહાજાદી ફરંગેજ બેટી ઘણૂ ખૂબસૂરત શાર ।
તે બેટીએ ઘણુ રાહાડ લીધીછે જે શેઆવખશજી તે કરી દેઓ ભરતાર ॥
એ મંન પેઆરાજી અંમ તંમને પૂછેઆ બગર એ ન કરૂ કાંમ ।
એ અહ્રમારી શરંમ તહમારે હાત રાખવી એણે ઠાંમ ॥
હરએક ઉપાએ કરી સીઆવખશજીસુ ફરંગેજનૂ તમ કરવું કાજ ।
"અરદગવેહેસ્ત" માસ ને અરદ રોજ અત ભલો છેજ આજ ॥

કરસેવજ તુરકી શાહની મજમુન આપ મંનસુ રહેઆ જાંણી ।
આપ મંન પેઆરી બેટી શાંભરી બરડે ઉતરેઆં પાંણી ॥
આપ શાહા આગલ મોહો મીઠી ચંતવણથી જૂઠી કીધી વાત ।
આપ ઉઠી શજદો સલાંમ કરીને સીસપર મુકેઆ હાત ॥ ૧૩૪૫
આપ મંદર જાઇ ગોસટ કીધી ઘર ચતૂર હુતી નાર ।
શાંભલો ચતૂર નાર અંમપર તૂરકી શાહા ઘણુ કરેચ પેઆર ॥
તેણે ફરંગેજ કાજ અંમને મોકલેઓચ દંનજ આજ ।
આંપણી પેઆરી બેટીના તે આંહાં સુ કરીએ એલાજ ॥
તે ચતૂર નારે પડઉતર તે એમ દીધો ધણી તંમ એમજ આંહાંણો ।
દૂનીઆંદારમાં આંપણને એક બેટી તંમ એહેને મુઇ કરીને જાંણો ॥
કરસેવજ મંન ચતૂર નાર વાત એ ધાહત એ શાંચ વશી ।
તે આકેલ નહી પણ ગાફેલ મનસૂ રહેઓ ખૂણશી ॥
જેણે આસરો દીધો તેશે ચીતવી વશવાસ ને ધાત ।
શેઆવખશજી આગલ જાઇ આપ બેટીની એમ કીધી વાત ॥ ૧૩૫૦
અંમ ઘર બેટીછે ચતૂર સૂઘડ સૂંદર છે અત અતી શારી ।
તેણે રાહાડ લીધીચ તે શેઆવખશજી વરને વરમાલ ઘાલૂ તો થાઉં પેઆરી ॥
અંમ મંન હરખ ધરી ઘણૂ તંમ આગલ વીનતી કરૂ આજ ।
તંમ અશારત કરોતો અમે નેકા બાંધવા મોબેદ બોલાવૂં આજ ॥
તેહારે કએઆંની શાહે ડોક લોડાવીને એમ સહમજાવી વાત ।
શાંભલો તંમ કશરેવજ અમારો અખતેઆર અફરાશીઆબને હાત ॥
પરથંમ એલચી હાત અંમને એમ અશારત દીધી ।
એ અશારતથી અંમ તૂરકસ્તાંન આએઆની મંનશા કીધી ॥
એ તૂરકી શાહાથી ઊંફરા થાઇને અંમ આંહાં કરૂ કાજ ।
તો કએઆંની કૂલને ખાંપણ લાગે લાજ ॥ ૧૩૫૫
તાંહાં કરશેવજે કએઆંની શાહાને પડઊંતર કહેઆ ।
તંમ એલચી મૂખ જૂબાંનીને શાહા ભરોશે રહેઆ ॥
ગરજ ગોએઆ ઘણુજ બોલેચ આપ સ્વારત કાજ ।
એ તૂરકી શાહા અફરાશીઆબ ન હોએ એ દનંજ આજ ॥
તંમ આંહાં આએઆને માશ થરે ચેઆરજ થાએઆ ।
તેણે તંમને અજમાઇ જોએઆ પણ તમ તેહેની મગજી નહીજપાએઆ ॥
તંમ જાંણોચ જે તૂરકી શાહાનો અખતીઆર તે છેઊંજ અહ્મે ।
તંમ એલચી વેણ મેલી દેઓ ભોલા ભૂલો માં તહ્મે ॥
શેઆવખશજી એ કરસેવજ વેણ શાંભલીને રહેઆ ।
આપ મંનનાં મંનસૂ જાંણી ઘણૂ દોહેલા થાએઆ ॥ ૧૩૬૦

કરસેવજ આપ એટલુ કહીને થાએઆ અસ્વાર ।
જાઈ અસપ ઉભો રાખેઓ અફરાસીઆબને દોઆર ॥
એ શાહજી તહમારી મૂખજબાંની એમ સહ્મજાવી કહી શારી ।
એ ઈરાંની તૂરકશતાની પર મંન કરેચ ભારી ॥
અંમ મૂખ વચંન શાંભલી કેહેવા લાગો જે અંમ જોઈ વીચારી ।
શાહાજી આજ તે દરબાર આવસે તેહેવારે તંમ મંન રાખજો ભારી ॥
શાહા તો કરસેવજ મંન કધી નહી કરતા ખાલી ।
સેઆવખશ દરબાર આએઆ તેહારે શાહે ન જોએઈ ભાલી ॥
સેઆવખસ આપ બે પરભા મંનસુ કાંઈ નહીજ બીધા ।
આપ મોહોલ અંદર જાઈ પીરાંન વજીરને બોલાવી લીધા ॥ ૧૩૬૫
તે પીરાંન આગલ સરવ વગત વાત તે એમ માંડીને કહી ।
તે પીર દાંનાવે સરવ શાંભલીને આપ મનસૂ લહી ॥
તે પીર દાંનાવે કસરેવજ ધર પૂરશીસજ કીધી ।
અફરાશીઆબ બેટી સમદી મગજી તે નહીજ દીધી ॥
પીરાંન દાનાવ કએઆંની શાહા ધરનો વજીરજ થાએઓ ।
આપમોહોલ અંદર આએઆ તેહારે ઘણૂ હરખઉલટ ઉપની આએઓ ॥
પીરાંન વજીર ધર બેટી બાલખ લાએક બાલ કૂઆર ।
તે આપ શબર કરી મંન તાકતીતી સેઆવખશજી ભરતાર ॥
તે પીર દાંનાવ ધર નારસે ગોસટ કીધી આપ મનસૂ જાંણી ।
સેઆવખશજીશૂ આંપણુ બેશી કરીએ મનસૂ હરખ આહાંણી ॥ ૧૩૭૦
તે પીર દાંનાવ આપ ચોઘડીઉ શાધીને લીધૂ ।
તાંહાં આપ જાઈ દૂખતર બેટીનૂ કાજજ કીધુ ॥
તેહેજ દંન રાત મોબેદાંન મોબેદને બોલાવી લીધા ।
તાંહાં પીરાંન વજીરની બેટીસૂ નેકાહા કીધા ॥
આપ મોહોલ અંદર આવી ખૂસબોએ અગરજ વાશ ।
રંગ બેરંગી મએ પીને રંગભોગ તે કીધો ખાશ ॥
સેઆવખસ બેપરભા મનસૂ ઘણુ રલીઆએત થાએઆ ।
વગનેઆંની જૂઠ ઠગનાં લાડૂ ખાઈને રહેઆ ॥
આખર શાચ જીહીતે ને જૂઠજ હારે ।
સાચ પાશ અહુરમજદ આપ આવેચ વાહારે ॥ ૧૩૭૫
તે સુંદર નાર સબર સંતોક તે એમ રાખતી ઠાર ।
તરત વરી બેઠાં સેઆવખસ મન માંનેઓ ભરતાર ॥
જે ધરમ ધીરજ મંનશા સીવે રાખે ઠાંમ ।
તેહેને આપ ધણી મન ચીતેઆં શીઘ કરી દીએ કાંમ ॥

પીરાંનની બેટી સાથે સ્યાવખશનાં પરણવાની અફ્રાસ્યાબને ખબર પડવી, કરસેવજનું તરકત જાહેર થવું, તથા સ્યાવખશનું ફ્રરંગીસ સાથે પરણવું.

એક ખજમતગારે તૂરકી શાહાને ખબરજ કીધી ।
જે પીરાંને આપ બેટી સેઆવખશજીને દીધી ॥
ખજમતગાર મૂખથી શાહા એમ શાંભલીને રહેઆ ।
ગૂસલખાંનેથી ઉઠીને આપ મોહોલ અંદર ગએઆ ॥
તાંહાં જઈ કૂરસી બેશી ધરનારને અશારત કીધી ।
તમ શાંભલો ઇરાંની શાહાજાદાને પીરાંને આપ બેટી દીધી ॥ ૧૩૮૦
તે અશીલ નાર શાંભલી રહેઆં તે તૂરકી મૂખજ વાંણી ।
આપ હીસલઈ ગએઆં ને બરડે ઉતરેઆં પાંણી ॥
તૂરકસ્તાંન હીનદોસ્તાંનમાં અફ્રવા જે તૂરકી શાહે બેટી દીધી ।
એ શીએબ દીઠી જે ઇરાણી શાહજાદાએ પસંદ નહીજ કીધી ॥
એ તૂરકસ્તાંનથી ઇરાણ વાત જાશે આજની આજ ।
એ શાહાજી આપણ કૂલને ખાંપણ લાગે લાજ ॥
અફ્રાશીઆબ શાંભલી શહંમજી મંનસૂ ઘણી ખાધી દાહાજ ।
કહો મંન પેઆરી નાર આપણ એહેનો સૂકરીએ અલાજ ॥
તે ચતૂર નારે એક દાંનાવ દાઈ આપ બોલાવી લીધી ।
તે દાઇને સરવ સહાજાવીને એમ વાતજ કીધી ॥ ૧૩૮૫
તંમ શેઆવખસજી મોહોલ જાઇ એકંત ઊભાં રેહજો ।
તંમ એખલાં એકંત તેહેને શરવ શહમજાવી કેહજો ॥
દાઇએ જાઇ એકંત શેઆવખશજીને બોલાવી લીધા ।
સજદો સલાંમ કરી બેહૂ કર આપ એમ કનોટીએ દીધા ॥
શેઆવખસજીએ દાઇ મૂખથી શરવ સહમજી પરછવી લીધી ।
પછે કરસેવજ વાત તાંહાં દાઇને સરવ સહાજાવી દીધી ॥
દાઇએ શાહાજાદા મૂખથી શાંભલી કૂરબાંન કૂરમાંનજ થાઇ ।
દાઇને તૂરકી શાહા બાનોએ એમ દીધી વધાઈ ॥
દાઇ કએઆંનીનાં મેહલથી રાએ દરબાર આવી । [૧૩૯૦
કએઆંની શાહજાદો રાજી થાએઓ તે સરવ વાત કહી સમંજાવી ॥
કસરેવજે કસરેવજી કીધી તે પણ કહી વાત ।
તે વાત શાંભલી તુરકી અફ્રાસીઆબ હસવા લાગો હાત ॥
દાઇનાં મુખથી વાત સાંભલી ખુશાલી હાંસેલ થાઇ ।
દાઇને તુરકી શાહ નર નારીએ એમ દીધી વધાઈ ॥

શાહે પીરાંન વજીર બોલાવી લીધો આપ આપણે પાશ ।
સરવ પૂરશીશ કરીને એ વાતનો આપ એમ લીધો તપાશ ॥
પીરાંને પણ કરશેવજ સહમદી સરવ વાત માંડીને કીધી ।
એ શાહાજી તે મૂખથી ના સાંભલી અંમ બેટી દીધી ॥
કૂલ તહમારો અખતીઆર તાંહાં એ કરસેવજને હાત ।
અંમ તૂરકસ્તાંનની દીવાનગરી ચલાવુંચ એહેને પૂછી વાત ॥ ૧૩૯૫
શાહે પીરાંન વજીરની વાત તે આપ મનને ખરી આંહાંણી ।
તે નાવીસ્વાસીનૂ આપ મનનુ મનમાં રહએઆ જાંણી ॥
જાઓ. અંમ ઘર બેટી ફરંગેજ વેવાહેનો તંમ કરવો શાજ ।
તહમારી બેટી તે રૂખશારે તંમઘર રાખો તે દંનથી તે આજની આજ ॥
પીરાંને તે શાહાને પડઉતર દીધો એમ તેહારનો તેહાર ।
અંમ બેટીને શેઆવખશજી ઘરભછે માશ તરણ ને ચેઆર ॥
શાહે એક ખાશ મોહોલમાં સેઆવખશજીને મોકાંમજ દીધો ।
આપેઆપ ફરંગેજ વેહેવાનો એમ સરવ સાંમાંનજ કીધો ॥
ઇરાંણી કએઆંની શાહજાદાએ સરવ સણગારજ કીધો ।
પાદશાહીવાર જરીઆંન આપ ઘહડાવીને દીધો ॥ ૧૪૦૦
તાંહાં મોબેદાંન મોબેદ શાહજાદાએ આપ બોલાવી લીધા ।
મોબેદાંન મોબેદ આવી નેકાહા આશીરવાદજ દીધા ॥
ફરંગેજ આસ મોરાદ અહુરમેજદે પૂરવી દીધી ।
ફરંગેજને ઇરાંની શાહજાદાએ ઘણૂ પેઆરી કીધી ॥
જાંન બાજાંન તંન બાતંન ઘણૂ હેત ઇઆરી ।
શેઆવખસજીએ આપ જાંનથી ફરંગેજને ઘણૂ કીધી પેઆરી ॥
ફરંગેજે આપ માતા પેતા બંધમ કટંબ સરવ વીશારીને દીધા ।
શેઆવખશજીને આપ જાંનથી ઘણૂ પેઆરા કીધા ॥
એ હેત દીઠે શાંભશે કરશેવજને કાંઇ ઊંગ રતી નહી થાઇ । [૧૪૦૫
પરણાવી બેઠા પરધાંન પીરાંન અફરાશીઆબ કરશેવજનાં બહને ભાઈ ॥
તે કપતી દરદમંદ મનને મેલ વશી ઘાત ।
એ શેઆવખશજી જીવત મરગ છે માહારે હાત ॥
શેઆવખશ નાજોવાં નેત નોરોજ નોરંગ રંગ રંગા રંગ ।
મોહોલ અંદર રંગા રંગ રંગ ભરી મરદંગ વાજે ચંગ ॥
ચૂહા ચંદંન અતર મજમર અગરજ ખૂસબો ખાશ ।
ગુલ ગોલાબ અગર કસ્તૂરી હમાં તૂરકસ્તાંનમાં ગએઓ વાશ ॥
નેત નો નો ખુશબો નેત નો નો રંગ ને રાગ ।
નેત નો નો મોહોલ ને નેત નો નો ગૂલ ગુલજારજ બાગ ॥

નેત નો નો જરજરી જ/માં હરદો પેહેરે જાત ।
નેત હરદો નોઓઆબથી ઉઠતાં જરજરી કરે એરાત ॥ ૧૪૧૦॥
સરવ તૂરકસ્તાંન નરનારી એ નોશાહાજીનો દરસણ જોવા જાએ ।
તેમ તેમ કરશેવજ શતરૂતે જરદરૂ થાએ ॥
તે કપટીએ મંન હરકત ચાલા કરવા માંડેઆ આંમ ।
કરશેવજે તે કરશેવજનાં કરવા માંડેઆં કાંમ ॥
તે કરસેવજે આપ ઘર નારસ એમ વાતજ કથી ।
માહારે અફરાસીઆબસૂ કાંઈ અંતર નથી ॥
એહેને થોડા દંનમાં હૂ આંહાં મરાવૂંચ ઠાંમ ।
બંદો કરસેવજ કરસેવજનાં તે કરશે કાંમ ॥
એ અત અતી નો નો રંગ રાગ તે કરેછેજ આજ ।
તંમ એમ જાંણો અત અતી રંગ રાગ તે મરવાને કાજ ॥ ૧૪૧૫
ફરંગેજને શાંભરી શંભરી ઘણી લાગશે દાહાજ ।
હમણાં રંગ રાગ કરી લેજે પાછલ પસ્તાશે શાંને કાજ ॥
ફરંગેજે આપ પેઆરાસૂ એમ ગોસટજ કીધી ।
પીરાન વજીરની બેટી આપ તાંહાં બોલાવી લીધી ॥
સર અવસરે તેહેને આપ પેઆરી સહેલી કીધી ।
તેહેને આપ પેહેરણ ઓહોડણ શીશમદારજ દીધી ॥

એક તુરકી જાસુસે ઈરાણી પેહલવાંનોની કાવુસ સાથની બેદેલી, તથા સ્યાવખશને તુરાંન લેવા આવવાનાં યેરાવની અફ્રાસ્યાબને ખબર કરવી તથા તેણે સ્યાવખશને અજમાવી જોવો.

એક. તૂરકી જાસૂશ ઇરાંન જાઇને ફરી આએઓ ।
તે ઇરાંણી પેહલવાંનોની એહવી ખબરજ લાએઓ ॥
જે સરવ ઇરાંનીઆંએ કએઆંની શાહાપરમંન કીધૂચ ભારી ।
સરવ સેઆવખશજીપર હેત મંન ઘણૂ ધરેચ સારી ॥ ૧૪૨૦
હમાં ઇરાંનીઆંએ એકરાર તે એમજ દીધો ।
શાહે સુ સહ્યજીને તૂસને સૂએશાલારજ કીધો ॥
સરવને ઘણી સરંમ પડીચ તે એટલા કાજ ।
આંહાં સેઆવખશજીને લેવા આવેઆનો કરેચ એલાજ ॥
ઈરાંન શેહેરનુ એહેન સરવ મલી આપ આપશે રાજ ।
એહેને તખત બેશાડીને જેહાં પેહેલવાંન ધરશે તાંજ ॥
એ જાસૂસ મૂખથી મજમૂન સરવ સહ્યજી લીધી ।
અએનાંમ સરપાવ દેઈ તેહેને વદાજ દીધી ॥

તૂરકી બોલેઆ એવડૂ ઈરાંની કરેચ તે શાંને કાજ ।
એ પીરાંન આપણ શેઆત્રખશજીને અજમાઈએ આજ ॥ ૧૪૨૫
તાંહાં ખાસ ખજમતગારને એમ હોકમજ કીધા ।
સેઆવખસજીને તાંહાં આપ બોલાવી લીધા ॥
આદરભાવ કરી ઈજત માંન તે દીધૂ ખાશ ।
ઊઠી કર ધરી બેશાડેઆ આપ પોતાને પાશ ॥
એ કએઆંની તંમ મુખ દીઠે અમ મંન સંતોક હોએ ઉહુલાસ ।
સરવ અતલગ કરતાં તંમ અંતલગ અમને લાગો ખાસ ॥
એ મંન પેઆરા ગનેઆંની અંમ કહું તે તંમ પરછી લેજો ।
આપ ગનેઆંન કરી તંમ સરવ સહ્લજી લેજો ॥
ઈરાંન સમધી સરવ મજમૂન સહંમજાવી કહી ।
કએઆંની શાહાજાદા એ સહ્લજી સાંભલી રહેઆ શહી ॥ ૧૪૩૦
તેહારે તૂરકી શાહા વજીરને એમ દીધો જવાબ ।
અંમ એ દેહે એ ન કરૂ કાંમ નાસવાબ ॥
એ તૂરકી શાહા અમ પેતાને એ નાપાક જાદૂગરે વાહએઆ ।
એ કએઆંની હોકંમ મરણ એખતેઆર કીધું પણ પેતા ઉકરા નહીજ
થાએઆ ॥
આપ પેતાએ હોકંમ કરી જમરા હાત મરવાને દીધા ।
તે હોકંમ અંમ નહી મીટેઓ મરણ જીવથી તે નહીજ બીધા ॥
આજ પેતા ઉકરા થાઈ ઈરાંન બેશી ચલાવું રાજ ।
પેતા ઊકરા થાઊંતો કએઆંની કૂલને ખાંપણ લાગે લાજ ॥
તેહારે તૂરકી શાહા વજીર એ પરછવીને રહેઆ ।
તેહારે પીરાંન વજીરે એમ સબદજ કહેઆ ॥ ૧૪૩૫
શાંભલો તૂરકી એ તંન તાવી આરપારજ થાએઓ ।
એહેને ફરસંગ ફરસંગ આતશ ગુલજાર બાગજ થાએઓ ॥
એ ચેહે વચે ઈઅજદ "અમેશાઓસપંદ" હેને સંનમુખજ આવી ।
એક ઉભો જમણી બાંહે બીજો ઉભો રહેઓ ડાહાવી ॥
ઘડી તરણ ચેઆર તેસે તાંહાં વાતજ કીધી ।
એહેને આપ કેરતારે માંન ઈજત ઘણી દીધી ॥
સાંભલો શાહા તૂસ એપર સૂમેશાલારજ થાએઓ ।
તાંહાં એ આપ પેતા વેણ ઊકરો તે નહીજ થાએઓ ॥
તેથી મૂખ ફેરવીને એ તૂરકસ્તાંનમાં આએઓ । [૧૪૪૦
શાબાશ ગએંની નારને જે સેઆવખસ જેહેવો પૂતર જાએઓ ॥
તેહારે તૂરકી શાહે કએઆંની તંનનો હાતજ શાહી ।
એ કએઆંની તંમ તૂરકસ્તાંનમાં કરો હવે પાદશાહી ॥

અંમ સરંવ કટંમ પરવાર તંમ દીઠે કૂરબાંનજ થાઉં ।
તંમ રોશંન મૂખ દીઠે અંમ ઘણૂ ઉહુલાશજ પાંઉં ॥
એ તૂરકી શાહા તંમ મૂખ પેતાએ અંમ ઘણૂ રાખોચ પેઆરા ।
અંમ આંહાં ચંદરોજ છેઉં મેહેમાંન તહમારા ॥
પરથંમ મેહેમાંન પેઆરો હેમ બીજે રૂપ થરે કથીરને ઠાર ।
ચથરે દંન ખાક લેખલે સરવ કટમ પરવાર ॥
એ તૂરકી શાહા તંમ તૂરકસ્તાંનમાં કરોચ પાદશાહી ।
અંમ કએઆંની ઈરાંન જમીનમાં કરશુ શાહાંનશાહી ॥ ૧૪૪૫
અંમ આંહાં તંમ તૂંદી તેથી ઘણી કરૂ સાજ ।
એ તૂરકી શાહા અંમ તેજ દેખી તૂંમ શતરૂ શીને ઘણી લાગેદાહાજ ॥
અંમ ધરમમાં બે દાવર દાવરી કરવા જાએ ।
બે તડાં થાઈ ધરમ નરૂત ફેરફારજ થાએ[1] ॥
એક દરેમેહેરમાં દસ્તૂર ઉંફરો થાઇ દસ્તૂરી પાલે ।
તે અનેઆનો ઘણી હેોકમ બજા નહી લાવે ॥
એ અણુસરજી અણુસાંભલી કેમજ થાએ ।
એક શેહેરમાં બે પાદશાહા તે કેમ સમાએ ॥
તંમ અણદીઠી ચંતવણથી મીઠી મીઠી કરોચ વાત ।
શાહા નોશાહાને દેખી એક દંન શેતાંન તે દીએ ઘાહાત ॥ ૧૪૫૦
કએઆંની શાહાજાદા મૂખથી તુરકી શાહે પરછવી લીધી ખાશ ।
કએઆંનીનો હાત શાહી આંખસુલાઈ બોશા દીધા સોહો ને પચાશ ॥
વલતી તે હાત લેઇને આપ સીનાંસુ લાએઓ ।
એ ગનેઆંની નર તૂ જેહેવો મે નથી દીઠો દાહેઓ ॥
રૂખશારે ફરંગેજ બેટી અમ ઘર છે ઘણીજ પેઆરી ।
એ તૂરકસ્તાંન ગેરદછે શેહેર ઘણીજ શારી ॥

---

1 એ નામું લખનાર કવિનાં આએ દાખલો આપવા ઉંપરથી એહવું લાગેચ કે એનાં વખતમાંબી, હાલની મુવાફક, ધર્મગુરૂઓમાં બે તડાં તથા બેદેલી હોવી જોઈએ. ધર્મગુરૂઓમાં, ચહડતા ઉતરતા દરજજાનો ઝઘડો ઘણાં આગલા વખતથી હોએ એહવું જણાએછે. દાદસ્તાનેદીની નાંમની કેતાબ જે આસરે યજદજરદી સને ૨૫૦ માં માનોશચેહર ગોસ્નેજમ નાંમનાં કાબેલ દસ્તુરે પેહલવી ભાષામાં લખેલી છે તેમાં લખવા મૂજેબ તે વખતનાં ધર્મગુરૂઓમાંબી ધર્મને લગતી ક્રિયાની મિજલેસોમાં ચહડતી જગાને સારૂ ઝઘડો ચાલતો હતો. પણ હાલનાં સુધરેલા જમાનાંમાં ધર્મગુરૂઓ વચે બેદેલી તથા એહવી રીતનો ઝઘડો એ ટોલાને નાઆસી લગાડનારોછે.

જે શેહેર શાહાખૂસ કરે તે અમ દેહેજમાં દેઊં આજ ।
તાંહાં રહી તેજી તૂંદી એ કએઆંની જાતે કરે નાજ ॥
એ કએઆંની તમ તાંહાં રહી રંગરાગ હકૂમત કરો તહે ।
તે સાંભલી સહમજી ખૂશહાલ થાઊં અહે ॥ ૧૪૫૫
શીઆવખસજીએ પાછો પડઉતર દીધો ।
તુરકી શાહે શાંભલી આપ મનમાં પરછવી લીધો ॥
એ તૂરકી શાહ તંમ દેઓ મલુક ને અમ રેંહેવા જાએ ।
અમ કએઆંની કૂલને ઘણુ નાંમોસી થાએ ॥
તમે આપો તાંહાં અમ જાઇ કરીએ રાજ ।
તો અમ કએઆંની કુલને લાગે લાજ ॥
આપ કેરતારે અમ તનપર તે કેરપા કીધી ।
નવખંડ પુરથવીની પાદશાહી અમ સીસજ દીધી ॥
સાત દીપની સલાંમી અમ ઇરાંન ઘરબેઠાં આવે ચાલી । [૧૪૬૦
એ શાહા વેણ શાંભલી તુરકી શાહ ગરદંન ડોક તે નીચે ઘાલી ॥
તુરકી શાહા કેહે કએઆંની હર સખૂને તમ અમને પાડેઆ એઠા ।
અમ બેહૂ પીર દાંનાવ તમ બાલિક આગલ હારી બેઠા ॥
તમ ગનેઆંન સખી જોઇ અમ બેહુ મન મોહોઇએ ।
એ અસો પાક આંહાંનો અલાજ તે તમને કીધો જોઇએ ॥

સ્યાવખશે અકુશસ્યાબથી એક ઊજડ જંગલ માંગી લેવું, તથા તે જંગલમાં વસનારા કાડીખાનારાં તથા ઘાતકી જાનવરોનો નાશ કરી તાંહાં સ્યાવખશગરદ એવે નાંમનું એક શેહેર વસાવવું.

કએ સીઆંવખશજી તુરકી શાહા આગલ એમ કહેવા લાગા ।
અમને એક કીરતાર ધનીએ દીધી સરવ અગમ આગાહ ॥
તંમ એમ એ વેણ શાંભલો એ તૂરકી શાહાંનશાંહ ।
અંમ એક દંન ગએઆતા જંગલજાલ શેકાર ગાહા ॥
તે જંગલ જાલ અમ જાઈ જોઇ ભાલી ભાલી ।
હરએક જાંનવર પંખેરૂ બગર તે તાંહાં જંગલ હૂતુ ખાલી ॥ ૧૪૬૫
તાંહાં દરીઆ કેનારે ઊંચા નીચા તે એમ હૂતા પાહાડ ।
તે જંગલ જાલ વેરાંન ઘણી હૂતીજ ઊજાડ ॥
અંમ તે જાએ જમીન ખૂશરંગ સબજ ખૂશબો દીઠી ।
તે ભૂમી મીઠી અંમ ચાખી તે ઘણુ લાગી મીઠી ॥
એ તૂરકસ્તાંન જંગલમાં એક શેહેર વસાવું તેણે ઠાંમ ।
શીઆવખશ ગીર તે શેહેરનૂ ધરાવું નાંમ ॥

પરદેશી પરલોક પરદીપનાંને દેશ઼ે વશાવુ વાશ ।
તે નથરાંને ઘેર બંધાવી દેશ઼ે વરા પૂરવુ આશ ॥
તાંહાં પોરીઓદકેશી ધરમ ચલાવ્યુ અંમ મન હોએ ઉહુલાંસ ।
તંમ તૂરકી લોકને નહી વસ્વા દેશ઼ે તે શેહેરને વાશ ॥ ૧૪૭૦
તે બેહુ તૂરકી શાંભલી આપ ડોક લાડાવીને રહેઆ ।
એ કએઆોની સૂજાંણુ અજાંણુ તે જંગલ શાંને ગએઆ ॥
તે જંગલ હર દેશનાં પાદશાહે ન કીધૂ નેશ નાબૂદ ।
તે જંગલ ગએથી કોએનૂ નથી આવેશ઼ે તાબુદ ॥
પરથમ તે જંગલમાં શાંપ વીછુ વશેચ કાલા નાગ ।
વાલી તે જંગલ વશેચ વરૂ ચીતા ખડીઆ મોટા વાહાઘ ॥
વાલી તાંહાં ડૂગર કઢંણુ એક અજદાહા મોટો વશેચ તાંહાં જૂનો પાપી ।
તેહેનુ રૂસ્તંમ જાલ શાંમ શીશ નથી શકેઆ કાપી ॥
તે અજદાહા ચારો ચરવા પગ ચાલતો ખાએચ વાઘ ।
તેહેનાં મૂખમાંથી હરં શાહાશે શાહાશ નીકલેચ આગ ॥ ૧૪૭૫
તાંહાં તે નાપાક અજદાહા એમ શાહાશજ ખાએ ।
કોશ કોશ દુર ઘાશ જાહાડ બલી ભશંમ કોએલા થાએ ॥
જેહારે તે ફરી શાહાશ આપ દૂમપર તે લીએ આહાંણી ।
તેહારે શાંપ વીછૂ વરૂ ચીતા વાહાઘને લીએચ તાંણી ॥
ગાવ ગોસપંદ મનીસને સોધી સોધીને ખાએ ।
વલતો તે આપ ડૂગર કઢણુનો કઢણુજ જાએ ॥
વાલી તેહેની જમણી બાંહે બપર બાજૂ સંઘ વસેચ તેણે ઠાંમ ।
ભલા બલવંત જોરમંનદ પેહેલવાંન નહી લેઇ સકતા તેનુ નાંમ ॥
જેહારે વરસાત ગરજી ગરજી વીજ ચમક ચમક થાએ ।
તે બલવંત બલીઓ આકાશ ઊડીને જૂઘ કરવા જાએ ॥ ૧૪૮૦
તે બલવંત બલીઓ આપમનસૂ ઘણૂ ગરબજ કરે ।
જે હૂથી બલીઓ એ કોણુ જે હૂપર ગાજી ગરજી શેહેરજ કરે ॥
સદ કોશપર નેત મસ્ત હસતીનો શેકાર કરવા જાએ ।
એક હસ્તી મૂખમાં બીજો આપ સૂહુડમાં તરીજો પૂછ વેહેડ કરીને શાહે ॥
થરે હસ્તી લેઇ બે પોહોરમાં તલપે આવે ને જાએ ।
આપ ઠેકાંણે લાવી હસ્તી સેકારજ ખાએ ॥
તે સૂરસંઘને કોઇએ નથી મારેઓ ને નહી મરાએઓ જાએ ।
એ કએઆાંની તંન તે જંગલમાં કેમ વશીઆંણુજ થાએ ॥
તાંહાં પરદેશી પરદીપનાં કેમ આવે ને કેમ જાએ ।
તે ઊજદ રાંન બએઆબાંનમાં કેમ રહેવાએ ॥ ૧૪૮૫

શાંભલો કએઆંની તંન તંમ તાંહાં દીઠા ડુગર ને પાહાડ ।
તે ડૂગર આગલ મોટાં મોટાં રૂખ છેજ જાહાડ ॥
વાલી તે ડુગર આગલ એક દેવ વશેચજ આંમ ।
તે પાપી દઈતનુ રૂપ શીહા અબલખ કાબરો છેજ નાંમ ॥
તે ઊચો કવી બાલાતંન નેવાણુ છેજ વામ[1] ।
.... ॥
તેહેની વીશ વાંમ છાતી કૂશાદ ગરદંન ઇઆંલ ।
તેહેને શીસ કેસછે જોડ જોડ જાંણે વંશ જાલ ॥
તેહેનાં સરીરપર બરૂ બરૂ જેવા ઉગેઆછે બાલ ।
તેહેનાં તંનપર કેસછે જાંણે મોટી જંગલની જાલ ॥ ૧૪૯૦
તે દેવને દરીઆ અધવંચછે તે કમર સુધાં પાંણી ।
તે મોટા મોટા મછ ખાએચ દરીઆમાંથી તાંણી ॥
તે નેત બએશેહે કોશ શેકાર રમવાને જાએ ।
તે મસ્ત હસતીઓને નેત મારી મારી ખાએ ॥
તે દેવ મોટો કવી જાંણે છેજ કાલો પાહાડ ।
તેણે ચોમેર હર મલુક તે કીધા છેજ ઉજાડ ॥
એ કએઆંની તંન એ જંગલ જાલમાં તે કેમ વસશે શેહેર ગાંમ ।
તે શેહેરનુ શેઆવખસ ગીર તે કેમ ધરવા માંગોચ નાંમ ॥
એ જંગલમાં દેવ આહારેમંની તે ઘણા વાશે વશે ।
તમ ગનેઆંની અગનેઆંની એ વાત શાંભલેથી હંશે ॥ ૧૪૯૫
તે કએઆંનીએ એ બેહુ તૂરકીને એમ સહ્મજાવીને કહી ।
એ ઇનશાલા તંમ તૂરકી શાહા અમ હંશેઆં ગાંમ વસાવૂ સહી ॥
એટલ કહી કએઆંની તંન શાહાસૂ વદા થાએઆ ।
તાંહાંથી તૂરકી ઊઠી આપ મંદર મોહોલમાં આએઆ ॥
કએઆંની શાહે આપ એમ અંદેસોજ કીધો ।..
એક તૂરકી ઈઆર જાંની દોસ્તને બોલાવી લીધો ॥
તેસૂ એકાંત બેશી સરવ વાત સહ્મજાવીને કહી ।
અંમને એ વાતની તે આંહાં ઘણી ચાંનકજ થાઈ ॥
તે તૂરકી ઇઆર કએઆંનીસૂ એમ કીધી વાત ।
તે જંગલ જાલનાં ભોમીઆંછે તાંહાં દંન ને રાત ॥ ૧૫૦૦
આંપણુ તે પારધીનાં દેલ તે લીજીએ હાથ ।
તે ભોંમીઆંથી આંપણુ તે જંગલમાં નહી ખાઇએ થાત ॥

---

1 એ બેતનો એક કાશીઓ મારા જોવામાં આવેલી કોઈબી નકલમાંથી મલતો નથી.

તે ઇઆરે દસ ભીમીઆં તાંહાં બોલાવી લીધા ।
પરથંમ તેને સોગંદ દેઇને એમ મને કીધા ॥
મંન માંનેજી તેહેને એમ આપીને દીધું ।
તે જંગલ જાવા તેહેનુ મંન આપ રાજી કીધુ ॥
દસ અતલગ ઈરાંનીની દાદ ચોકી કીધી ।
તે દસે સોઆરને એક એક બેચર જોરાવર દીધી ॥
કએઆંનીએ આપ તંન દેવાંનને સરવ વાત સહ્મજાવીને કહી ।
નેત નેત બેચર ભરી નવી નવાઈ તમ મોકલજો શહી ॥ ૧૫૦૫
કએઆંનીએ મસલહત કરી મોહોલ એવાંન બેઠા આવી ।
ફરંગેજ આવી બેઠાં જમણી રૂખશારે બેઠાં ડાહાવી ॥
તમ શાંભલો ફરંગેજ ઘણાં દંન થાએઆ આ જાએ બંદજ રહેઆ ।
આંહાં આએઆથી એકુ જાબૂલી સેકાર નથી ગએઆ ॥
જાબૂલી સેકાર એજે માસ બે માસ જંગલ જાઇએ જાગ ।
ઇઆર દોસ્તોસૂ ફરીએ તાંહાં કરીએ રંગને રાગ ॥
તેથી તનદરૂસ્તી થાએ આંખે રોશનાઈ ।
સરખે સરખા જાઇએ દશ દોસ્ત ઇઆરજ થાઈ ॥
દાગ ચોકીએ જે જોઇએ તે આંપણુ તાંહાં મંગાવી લીજીએ ।
તાંહાં જાઈ જોક સોક જશંન તે ઘણૂજ કીજીએ ॥ ૧૫૧૦
ફરંગેજ રૂખસારે તરત તાંહાં એમ દીધો જવાબ ।
નેત બરંજ નાંન ગરમ ગરંમ મોકલૂ કવાબ ॥
જનશા જનશી મેવા મીઠાઇ મોકલુ શાહાંનશાહી ।
રંગ બેરંગી મએ મોકલૂ શીશા ભરી સૂરાઈ ॥
તાંહાં જે જોઇએ તે તંમ તરૂત મંગાવી લેજો ।
તહ્મારૂં મન માંને તાંહાંવેર તંમ તાંહાંજ રેહેજો ॥
ફરંગેજ રૂખશારે મૂખથી શાંભલી મનસૂ પાએઓ નાજ ।
બાહાર જવાને તે કએઆંનીએ સરવ એમ કીધો સાજ ॥
દસ ઈઆર આગલથી આપ મોકલી દીધા ।
દશ ચોકીદારોએ તે જૂજવા મોકાંમજ કીધા ॥ ૧૫૧૫
આપ કએઆંની તંને તે શેકારગાહનો પેહેરેઓ સાજ ।
બબરેબેઆંન[1] પેહેરી તેહારે ઘણો પાએઓ નાજ ॥

---

[1] બબરેબેઆંન, એ બુરહાનેકાતે તથા બીજી કેતાબોમાં લખ્યા મૂજેબ લડાઇને વખતે પેહરવાનું જાલનાં બેરા રૂસ્તમનું બખ્તર હતુ. એની ખૂબી એ હતી કે તેનો પેહરનાર આતશમાં બરી શકે નહી, તથા પાની-માં ડૂબી શકે નહી અને લડાઈનાં કોઈબી હથીઆરોની તેનાં ઉપર

જડત જડાવનો ટોપ તે આપ સીસપર મૂકી લીધો ।
અલમાસ સમસેર બાંધી ગરૂજ ખાંધપર ઓલવી દીધો ॥
કએઆંનીએ તે કએઆંની કમાંણ તે આપ કરમાં ધરી ।
તીર ખતંગી આપ લીધા તરકસજ ભરી ॥
કએઆંનીએ જાબૂલી ખંજર ખોસી લીધુ કંમર ।
પીઠ પાછલ ખોશી લીધી એક તેજ તબર ॥
કએકબાદી સેપર તે આપ ઓલવી લીધી ખાંધ ।
કએઆંનીએ આપ કમર બાંધી લીધી ફાંહાંધ ॥ ૧૫૨૦
જાબુલી જાલ બીજલી નેજો તે આપ લીધો આપણે હાત ।
તેજ છૂરી સરવે સાજ તે રાખેઓ આપ પોતાને શાથ ॥
સબરંગબેહેજાદને એમ જીન પાખરનો હોકંમજ કીધો ।
તેહેને પાખર નાંખી જીન માંડી તંન તંગ તે એમ બાંધી લીધો ॥
ખતંગી તીર તરકસ ભરી અસપને બાંધી લીધૂ ।
આપ રલીઆએત થાઇ નાંમ અહોરમેજદનૂ લીધૂ ॥
સબરંગબેહેજાદપર આપ અસ્વારજ થાએઆ ।
સરવ તૂરકી તે ચકલે ચકલે જોવાને આએઆ ॥
થેલી બરદાર રાખેઆ એક જમણી ને બીજો રાખેઓ ડાહાવી ।
ખેરાતી ખેરાત લેવા ઊભા ચકલે ચકલે આવી ॥ ૧૫૨૫
તાંહાં કએઆંની દેખી તૂરકીએ એમ હસ્તા કીધા ગાલ ।
જાંણે સબરંગપર અસ્વાર થાએઓચ રૂસતમ ને જાલ ॥
તે દેખીને તૂરકી શાહે મનસૂ ઘણી સૂકર કીધી ।
ડાવી જમણી થેલી બરદારોએ ખેરાતજ દીધી ॥
સરવ તૂરકી ઇઆરોએ કએઆંનીને ઘણી આફરીંન આસીસજ દીધી ।
આપ કએઆંની તને સરવ તૂરકીઓને કર કરીને વદાજ દીધી ॥
તુરકસતાન શેહેરથી કએઆંની રવાનાં થાએઆ ।
કએઆંની શાહજાદા આપ અસપ બેશી જંગલ જાલ આએઆ ॥

અસર થઈ શકતી નહી. કેટલાએકોનો એ વિષે એહવો વિચાર છે કે તે અકવાંન દેવનાં ચાંમરાંનુ બનાવ્યું હતું ; કેટલાએકોનાં મત પ્રમાણે તે બબ્ર નાંમનાં એક ઘણાંજ જોરાવર તથા ભયંકાર જાનવરનું બનાવ્યું હતું. એહવું કેહેછે કે એ જાતનું એક જાનવર નોશેરવાંન આદેલનાં વખતમાં માલૂમ પડઉં હતું તેને મારવાને ૧૦૦૦ સ્વારો મોકલવામાં આવ્યા હતા. તેઓમાંનાં ઘણાઓને તે જાનવરે મારી નાંખ્યા, કેટલાએકોને જખમી કીધા હતા. શાંભલવા પ્રમાણે ફારસી ભાષામાં "બબરેએઆંન નામુ" જુદુ છે.

જંગલ જાલ જાઈ તાંહાં આપ મોકાંમજ કીધો ।
તાંહાં દોસ્ત ઇઆરોનો આપ એમ મેલો કીધો ॥ ૧૫૩૦॥
તાંહાં મોકાંમ જાએ બેસી શાદી મેહેમાંની કીધી ।
જંનસા જંનસી મેવા મીઠાઇ રંગ બેરંગ મએ પીધી ॥
દંન થરે ચથરે તાંહાં એમ રંગ રાગજ થાએઆ ।
પાંચમે દંન કએઆંની એખલા એક જંગલ જાલજ ગએઆ ॥
તાંહાં શાંપ વીછૂ મારેઆ આપ જંગલ શોધી શોધી ।
કાલા નાગ મારેઆ તેહેનાં દર ઓહોદી ઓહોદી ॥
વરૂ ચીતા મારેઆ જાલ અંદર જાઇ જાઈ ।
ખડીઆ મોટા વાહાઘ મારેઆ તેહેનાં કાંન શાહી શાહી ॥
તે આહારેમંની સેણ તે સરવ મારી લીધૂ ।
તે જંગલ પાક નકાસલ નકલંકજ કીધૂ ॥ ૧૫૩૫
તે આહારેમંની દફે કરતાં થાએઆ દંન છત્રીશ ને ચેઆર ।
નેત શાદી મેહેમાંની બેઠા તાંહાં દસે ઇઆર ॥
દંન પાંચ શાત તેહાં બેશી આપ એમ મેહેમાંની કીધી ।
કવાબ પોલાબ માહાઇ મએ આપ માંગીને પીધી ॥
વાલી સીઆવખશજીએ આપ મન વીચારેઉ આંમ ।
એ નાપેકાર અજદાહને મારૂ એ જંગલને ઠાંમ ॥
વાલી ભોમીઆં ઇઆર અજદાહ જાએ એમ દેખાડીને ગએઆ ।
તે આપ દશે ઈઆરે નાહાશીને એક કૂઆ અંદર જાઇને રહેઆ ॥
અજદાહા મૂખ આગલથી બીધા આપ મંનસૂ જાંણી ।
વાલી ફરી સાહાસ લેતાં કૂઆમાંથી નહી સકે તાંણી ॥ ૧૫૪૦
તે નોજોવાંએ ડૂંગર કઠણ અજદાહા જાએ ઓલી લીધો ।
તેહેની નજદીક જાઈ એક બૂલંદ આવાજ દીધો ॥
તાંહાં આપ બલ કરી બુલંદ આવાજજ તે દીધો જોર ।
તાંહાં તમાંમ મેદાંનમાં તે ઘણો ઉઠેઓ શોર ॥
તે નાપાક જૂનો પાપી તે આવાજથી તાંહાં નહીજ બીધો ।
તે આપ બાહેર નીકલીને તલપી એમ હોમલો કીધો ॥
તે કવીતંન નાપાક અજદાહા તે હૂતો દલેર ।
તેહેનાં પાવ દસ્ત પંજા હૂતા જાંણે માંનંદ શેર ॥
તે નાપાક તલપીને સબરંગમેહેજાદ પાશે આએઓ ।
તેવારે કએઆંની શાહાએ આપ એમ જોર અજમાએઓ ॥ ૧૫૪૫
કએઆંની તંનપર તે તાંહાં એમ આવેઓ ધાઈ ।
બબરેબએઆંનની બોએ લાગી તેહેનાં કર મૂખ પાએ રહેઆ બંધાઈ ॥

એ કએઆંની તંને તેહેને તાંહાં એમ અજમાઈ લીધો ।
ધણી એક નાંમ સાંભરી ઘણૂ સૂકરાંનો કીધો ॥
તે સબરંગએહેજાદ આગલ પાછેલ એમજ ફરે ।
તે સોઆર અસપસુ ગલવાનો એમ લગાવજ કરે ॥
તે નાપાકનાં મૂંખમાંથી નહી નીકલી સકે આગ ।
તેહેને તાંહાં ગલવાનો નહી પડી સકે લાગ ॥
તે અજદાહ અસ્વ આગલ પાછલ એમ હોમલો કરે ।
તેમ તેમ કએઆંની મલકાઈ મલકાઈ ઘણૂ સૂકરાંનો કરે ॥ ૧૫૫૦
તે નાપાક બદચેહેર દેખી કએઆંની તંનને ચહડેઉ સૂર ।
ગરૂજ મારી તે નાપાકનૂ શીસ કીધૂ કટકા ચૂર ॥
કમરથી એલમાશ શમશેર આપ લીધી કાહાડી ।
તે નાપાકનાં હાત પાવ નાંખેઆ એમ વાહાડી ॥
તે નાપાક અજદહાને મારી એમ કીધો ખલાસ ।
એ કએઆંની ગરૂજ સમેત નીકલી ગએઓ દૂમ ને શાહાસ ॥
તે નાપાકને મારીને કએઆંની થાએઆ ખલાસ ।
તેહેને નેશ નાબૂદ કરીને આએઆ આંપણે વાસ ॥
તે ઇઆર દોસ્ત આગલ આપ આવેચ ધાઈ ।
જે દોસ્ત આગલ જાઇને કહૂ વધાઇ ॥ ૧૫૫૫
વલતી મોકાંમ જાએ જોઇ દોસ્ત નહી દીઠા તે સઊ ગીઆ હશે નાહાસી ।
આપ જંગલ જાલ જોઇ જોઇ આએઆ તપાશી ॥
થરે ચથરે ફરસંગ ગેરદ નવાઈ જોઇને ઘણાં આજેજ થાએઆ ।
તે ભોમીઆં ઇઆર અહવડે કૂઆમાંથી નીકલી આએઆ ॥
તે દસે દોસ્ત દેખી કએઆંની તંન ઘણૂ રલીઆએત થાએઆ ।
મોકાંમ જાએ સાદી મેહેમાંની ખૂસહાલી કરવાને આએઆ ॥
દંન છ શાત ઘણો જોક સોક તે દસે ઇઆર તંનસુ કીધી ।
કવાબ પોલાબ મએ મદ મંગાવી મંગાવી પીધી ॥
નવમે દંન તે ભોમીઆં ઇઆર તે શાથે લીધા ।
તેણે તાંહાં આવી વેગલા રહી સૂરસંધ જાએ દેખાડી દીધા ॥ ૧૫૬૦
એ કએઆંની તંન તાંહાં એક પોહોરલગણ એમ ઉભા રહી ।
જાંણેઉ જે એ દસે સોઆર વેગલા દૂર જાઈ પોહેતા શહી ॥
તેહારે કએઆંનીએ સૂરશંધ જાએ ખોલીને લીધો ।
તે નાજોઆં તાંહાં એ જંગલ જાલમાં નહીજ ખીધો ॥
તે જંગલ જાલ ખોલતાં દશા ભૂલીને ગએઆ ।
ખૂરશેદ નૂર બંમ જોત તે આપ અસ્તજ થાએઆ ॥

તે બલવંત બૂધવંત ધીરજ રાખીને ધીરાજ થાએઆ ।
તાંહાં સાવધાંન થાઇ આપ હોશીઆરજ રહેઆ ॥
આપ સબરંગબેહેજાદપર અસ્વારજ રહેઆ ।
તાંહાં રાત મીઠી બાંમદાદ સપરભાતજ થાએઆ ॥ ૧૫૬૫
બાંમદાદ વખતથી તે ખૂરશેદ બાલા આએઆ ।
તેહારે નોજોઆં મંનમૂ હરખી નેઘણાં રલીઆતજ થાએઆ ॥
રલીઆત થાઇ આપ ઘણી એકનો સૂકરાંનો કીધો ।
મંન રલીઆએત કરી આપ કર તે મૂખપર લીધો ॥
ફરી નીશાંણી ભાલી સંધ જાએ એમ બોલીને કાહડી ।
તાંહાં તે સુરસંધ બગર જાએ હૂતો ખાલી તાંહાં નજર ફેરવી આડી ॥
વાલી મેદાંન જાઇ ચોમેર જોવા લાગા ભાલી ભાલી ।
દૂરથી સૂરસધ દીઠો શેકાર લેઇને આવેચ ચાલી ॥
એક હસ્તી દંતૂશલમાં કીધો બીજો આપ સૂહૂડમાં લીધો । [૧૫૭૦
તરીજો હસ્તી પુછ વેહેડે કીધો કૂદતો કૂદતો આવેચ રાહે દીઠો ॥
તેણે અસ્વાર દેખી તરણે હસ્તી નાંખેઆ કાહાડી ।
તે સૂરશંધ અસ્વાર આગલ આવી ઉભો જોર તેરાડી ॥
તે બબરે બાજુને એમ તરાડવા દીધો ।
તે નોજોઆં બેપરભા તે નાપાકથી નહીજ બીધો ॥
તે સૂરશંધ ઘણુ બલ કરી કૂદેઓ ધૂર આકાશ ।
એમ બાજી દેઈ નખાવી દીધૂ અસ્વારને પાશ ॥
તે નાપાકને બબરેબેઆંનની બોએ લાગી ।
તેહેના હાત પાગનુ જોર બલીગેં હતુ તે ગીઉ ભાગી ॥
તે નાતવાંન નબલો થાઇ ઘણૂ ઘાભરો પડવા લાગો ।
ગરદંન ઇઆલ કમરથીબી થાએઓ ભાગો ॥ ૧૫૭૫
તે નોજવાંએ આગલ જાઇને એમ જહબકાવી દીધો ।
તે બબર બાજૂને બબરેબેઆંનથી અજમાઇ લીધો ॥
વલી આપ સબરંગ બેહેજાદને વેગલો ચલાવીને રહેઓ ।
વાલી તે સૂરશંધ જોરમંન આપ જેહેવોનો તેહવો થાએઓ ॥
વાલી તે નાપાક ખરવાએઓ થાઇને કુદી આવેઓ ધાઇ ।
બબરેબેઆંન દેખી તેહેનાં મૂખ કર પાએ રહેઆ બંધાઇ ॥
તે નોજવાંએ તેહેની સૂંડ તે આપ હાતમાં શાહી ।
તે નાપાક બલવંત સૂહૂડ તોડી ગએઓ આકાશપર ધાઈ ॥
તાંહાંથી ફરી ઉડી તલપી આએઓ ખરવાએઓ થાઇ ।
એમ તલપે તલપી ઘણો ગોસો કરીને આવેઓ ધાઇ ॥ ૧૫૮૦

તક શાંધીને નાપાકે એમ ઘણૂ દેલ દગો કીધો ।
તે નાપાક નજીથી આવી સબરંગને દતૂસલમાં લીધો ॥
તે નાપાક જબૂન થાઇને એમ આપ ધણૂ તરાડી ।
ગરજ મારી તેહેનાં બેહૂ દાંત નાંખેઆ કાહાડી ॥
આપ કમરમાંથી ખંૂરેજ તે એમ લીધૂ કાહડી ।
તેહેનુ સીસ દસ્ત પાવ દંત તે નાખેઆ વાહાડી ॥
તાંહાં "અહનૂઅર અશેમ[1] જંદ અવસ્તા" ભણી ।
આંહાં એમ એમ શંભાલ કીધી તંમ શાહેબ ધણી ॥
એ નાપાક શંધને એ ધણી તંમ બલ કરીને મારેઓ ઠાંમ ।
તે જંગલ જાલથી એહેનૂ નેશ નાબૂદ તે કીધૂ નાંમ ॥ ૧૫૮૫
એ નાપાકને હાંમ મારીને જંગલ કીધ સરવ ખાલી ।
તાંહાં આપેઆપ ધણી આગલ એમ વીનતી કીધી વાલી ॥
એ ધણી તંમ બલ કરી એ જંગલ જાલને વાસ ।
એ માહા પાપી સૂરસંધને મારી કીધો નાશ ॥
એમ એક ધણી આગલ મીનત ઘણી કીધો વાલી ।
તાંહાંથી આપ દશેહ ઇઆર પાસે આવેઆ ચાલી ॥
પેલા દશે ઇઆર તે ઘણૂ દલગીર થાઇને ગએઆ ।
જે એકૂ દંન કએઆંની રાતનાં તે નહીજ રહેઆ ॥

---

[1] એ અવસ્તાનાં બધે ભાગ યથા તથા અષેમ ઘણાંજ પૂરાંણાંછે, તેમજ તેઓ સમજવામાં ઘણાં કઠણછે. ઘણાં આગલા વખતમાં, જયારે જે ભાષામાં અવસ્તા લખાયાચ તે ભાષા ચાલુ હતી તે વખતેબી એ ઉત્તમ બંદગીનાં ફકરાઓની સમજ તે વખતનાં લોકોને બરોબર નહી પડવાને લીધે તેજ વખતની ભાષામાં તેમની ટીકા કરવી પડીછે. યજશનેનો ૧૯ મો હા અહુનવરની ટીકા છે, તથા ૨૦ મો હા અષેમ ની ટીકાછે. મજકૂર હામાં જણાવ્યા મૂજેબ અહુનવર સઘલી સૃષ્ટિની આગમજ બનાવવામાં આવ્યોછે. વંદીદાદની ૧૯ મી પરગરદનાં બીજા ફકરામાં જણાવવા પ્રમાણે અહુનવર હજરત જરથુસ્તનાં હથીઆરોમાંનાં એક અજમતી હથીઆર તરીકે હતો. (જુવો શેઠ ખુ૦ રૂ૦ કામાંજીવાલું જરથોસ્ત નામું સફે ૨૦૧—૨૧૩). હમણાં સુધી એ ફકરાઓનાં ચોકસ ખાતરી ભરેલા અર્થ થયા નથી (જુવો શેઠ ખ૦ રૂ૦ કામાંજીવાલા "જરથોસ્તી અભ્યાસ" નો આંક ૧૦ મો સફે ૧૦૮—૧૧૯). વંદીદાદની બીજી પર્ગર્દની પેહલવી શરેહમાં, ૧૯ મી પર્ગર્દમાં, તથા હોરમજદ યશ્ટમાં જણાવ્યા મૂજેબ પારસીઓમાં ઘણાજ જુના વખતથી હરએક કાંમ કરતી વખતે તથા દરએક મુશકેલીઅતને વખતે આ અજમતી કલાંમો પઢવાનો રેવાજ હતો અને હાલ પણ છે.

તે દશે તંને નથી ખાધૂ નથી પીધૂ ઘણી દાહાજજ લાગી ।
એ કએઆંનીની ફેકર કરતાં રાતની તે નીદરા ભાગી ।।
વલી બીજો દંન થાએઓ તોએ ઈઆર નહીજ આએઓ ।
તે દશે તંન જૂરી જૂરી મંન અંદેસો પાએઓ ।।
એમ ઘણી ફેકર કરતાં સેઆવખસ હજૂર નહીજ આએઓ ।
તેહારે કેએઆંની તંન રાત પોહોર જાતે પરગટજ થાએઓ ।।
તે દશે તંને ઊઠી કએઆંની તંનને શાંઇ લાએઆ ।
એ કએઆંની તંન દેખી ઘણૂ રલીઆએત થાએઆ ।।
તે દશે તંને કએઆંની તનની ઘણી જતંનજ કીધી ।
કબાબ નાંન પોલાબ તાંહાં રંગ બેરંગી મએ પીધી ।।
નવ દસ દંન કએઆંનીજીએ આરાંમજ કીધો ।
અગીઆરમે દંન દેવ મારવાનો સરવ શાજજ કીધો ।।
બબરેબેઆંન પેહેરીને હથીઆર શંભાલી દસે તંન તે લીધા સાથ ।
સબરંગપર અસ્વાર થાઇ લગાંમ ચાબક તે ધરેઓ જમણે હાત ।।
ખરે મધેઆંને તાંહાંથી આપે આપ એમ કૂજજ કીધી ।
બાંમદાદ વખત થાતે દશે તંને તે નીશાંણી દીધી ।।
તે દલેર નોજોઆંએ નીશાંણી જાએ બોલીને લીધો ।
તે દેવ રેહેઠાંણ જાઇ બૂલંદ આવાજજ દીધો ।।
તાંહાં બૂલંદ આવાજ દીધો તેહેનાં મેદાંનમાં જાઈ ।
એ રૂં શીહા દેવ આજ કેહાં રહેઓચ સંતાઈ ।।
એ ડૂગર કોહો ગારમાં તૂ સંતાઇ રહેઓછે આંહાં ।
હવે અંમ આગલથી તૂ જીવતો નાહાશીને જાશે કાંહાં ।।
તે આવાજથી રૂ શીહા દેવ તે મંનસૂ ઘહણુજ બીધો ।
શેઆવખસજી આવાજથી આપ મનસૂ ઘણોજ અંદેસો કીધો ।।
એ આવાજ આએઓચ તે આંહાં માહારા જીવનો કાલ ।
સફેદ દેવને મારેઓચ તે આંહાં આએઓચ રૂસ્તંમ જાલ ।।
તે બગર હૂપર તે કોણ આવે ચાલી ।
તે બગર કૂદરત કોહોની જે આંહાં જૂએજ ભાલી ।।
સાવધાંન થાઇ આપ હથીઆર સંહંભાલી લીધાં ।
શાત આઠ ચકર ભારી ભારી ચેહારે હાતમાં લીધાં ।।
એક ભારી શાંકલ તે આપ સૂહૂડમાં લીધી તે મણ હોશે સોહો ને શાત ।
તે રૂં શીહા દેવનાં તે ચેહાર હૂતા તાંહાં જૂજવા હાત ।।
તે સરવ શાંમાંન કરીને ડૂગર ગારથી આપ નીકલી આએઓ ।
બાહેર નીકલી એક મોટો ગોલ પાંહાંણુ તે હાતમાં શાહેઓ ।।

વેગલો રહી એમ બોલી કરવા લાગો આપ મોહોતજ જાંણી ।
એ નોજોવાં તૂને તાહારૂ મોહોત આંહાં લાવેઊચ તાંણી ॥
હમણાં એ અસ્વ સમેત તૂહૂને હૂ મૂખમાં લેઊં તાંણી ।
વલતી ભર દરીએ જાઇને તાંહાં પીઊં મીઠૂ પાંણી ॥
એ નોજવાં તૂ આજ દને અમ આગલ ચાલી આએઓ ।
એ અસપ સમેત તૂ એક વેલનો માહારો ખોરાકજ થાએઓ ॥
એ અજાંણેઆં નર તૂ આંહાં સૂ આવી ઉભોચ વમાસી ।
ભલો હોએતો મહને જોઇને આંહાંથી જાજે નાહાસી ॥
તે કવી તંને રૂએ શીહા દેવને એમ જવાબજ દીધો ।
એ નાપાક દેવ તે તાહારો જંગલમાં અરમાંન પૂરો કીધો ॥
તૂ તાહારો મંનનો અરમાંન કાંએ રાખેચજ આજ ।
એ શાંકલ ચકર પથર તે લીધાંચ તે શાંને કાજ ॥
તે નાપાક દેવ ધસી આએઓ અસ્વ આગલ ધાઇ ।
શીહા ગોલ પાંહાંણુ નાંએઓ બહને હાતે શાહાઈ ॥
તે કવી તંનને શીહા પાહાંણુ આવી લાગો ડાહાવી કાખ ।
તે બબરેએઆંનસૂ લાગતાં ચૂનો ચૂનો થાએઓ રાખ ॥
તે નાપાકનૂ ભારી ચકરને તેજ વેહેતી હૂતી ધાંર ।
તે ચકર ધાર આગલ શે આસરે લાગે મગરેબી તલવાર ॥
તે નાપાકે ચકર ફેરવતાં ફેરવતાં તાંહાં જોએઊં હેટ ।
તે ઘાતીએ ઘાત કરીને ચકર મારેઊં કએઆંનીનૂ પેટ ॥
તે બબરેએઆંનપર ચકર લાગી ધાર વલીને ગેઈ ।
તે ભારી ચકર વલી ગએઊ નરંમ મોમજ થાઇ ॥
તે ચકર દેખી નાપાક દેવ એમ ડંડરીને રહેઓ ભાલી ।
હવે એ નરધાર નરધાર માહારૂ મોહોતજ આવેઊં ચાલી ॥
વલી બીજૂ ચકર ફેરવી ફેરવી મારેઊં ગરદંનપરજ ધાઈ ।
તેબી ચકર ધાર વલી ગેઈ રહી નરમ મીણજ થાઈ ॥
તે એમ દેખી નાપાક અજબ હેરાંનજ થએઓ ।
તે નાપાક દેવે ચેઆરે હાતે આપ માથૂ કૂટી કૂટીને રહેઓ ॥
ઘાત કરી સૂંડ સાંકલ મારતાં ઘણોં કીધો બોલ ।
તે સુડ શાંકલ બબરેએઆંનથી થાઇ ગેઈ નરંમ ગોલ ॥
તે નાપાક અદેઓ થાઇને ઘણી ખાધી બરાડ ।
ચેહારે હાત મૂખ લગાડી બૂમ પાડી કરવા લાગો તરાડ ॥
વાલી તરીજૂ ચકર તેણે મારેઊં પીઠ પાછલ લાહાશી ।
તેબી નરમ થાઇ પડેઊં દીઠૂ તેહારે નાપાક ગએઓ નાહાશી ॥

તે ડુંગર ચહડી તે નાપાક દેવે એમ જોએઊં જાંહાંખી ।
તે અસ્વારપર તાકી એક ભારી સંલેઆ તે ઊચલી નાંખી ।
તે સબરંગ બેહેજાદે તાપ મારી એમ અસારત કીધી ।
તેહારે તે કવી તંને તે ડુંગરપર આપ નજરજ કીધી ॥ ૧૬૨૫
તે આવતી સંલેઆ સેપર પર લીધી ઊંચી કીધી કાખ ।
તેબી સંલેઆ ચૂનો ચૂનો થાઇ ગેઈ રાખ દર રાખ ॥
તે નાપાકે હાએ અફસોસ મંનસુ ઘણોજ કીધો ।
હાત ઘહસી ઘહસી આપ મરગથી ઘહણૂજ ખીધો ॥
એ અંમ મોહોત આએઊં આંહાં આજનૂ આજ ।
એસુ ઘણૂબી કીધૂ પણ અંમ મોહોતનો નહી લાગો અલાજ ॥
તે ડુંગરપરથી ઉતરી આપ આગલજ આએઓ ।
તેહારે એ નોજોઆંસૂ આવી આપ સંનમૂખજ થાએઓ ॥
હૂ આંહાં આપ માહારૂ તંન તે મૂ કરીને સારૂં ।
એકવારકી હૂ એહેને બલ કરીને આંહાં મરડીને મારૂં ॥ ૧૬૩૦
તે નાપાક દેવ એ નોજોવાં તનપર ધસી આવેઓ ધાઇ ।
બબરેએઆંનની બેએ લાગી ચેહારે હાત પાગ રેહેઆ બંધાઈ ॥
તે નાપાક રૂહ સીહા દેવ નરાસ નમોહોએઓ થાઇને રહેઓ ।
આપ મોહોત એલાજ કરતાં મંનનેં અરમાંન નહી રહેઓ ॥
નોજોવાં મંનને હરખ લાવી રહેઆ મોહોઈ ।
આપ તંનની બબરેએઆંન તે એમ અજમાઈ જોઇ ॥
એ નાપાક તાહારા મંનનૂ જાંણેઊં તૂ કરી લેજે આજ ।
તાહારા મંનને અરમાંન મો રાખતો એ મોહોતનો નહી હોએ અલાજ ॥
એટલૂ કહી કએઆની તને નેજો લેઈ હાતમાં શાહાએઓ । [૧૬૩૫
તેહારે તે નાપાક રૂહ સીહા દેવ તરૂતનો તરૂત ગએબજ થાએઓ ॥
તે ડુંગર કઠણ પથર પડેઆ દીઠા હજદર હજાર ।
તે દેવ પથરમાં મેલો થાઈ રહેઓ આપ તેણે ઠાર ॥
નોજવાં ઘાભરા થાઇ જોવા લાગા ભાલી ભાલી ।
હવે એ નાહાશી ગએઓ ન હાત આવેતો ચોટ જાએ ખાલી ॥
તે દેવ પાહાંણ થાઈ પડેઓ તાંહાં તે શબરંગ બેહજાદે રાખેઓ ભાલી ।
તે સબરંગ બેહજાદ તે દેવ પાન આગલ ગીઓ ચાલી ॥
તે પથરને તાપ મારી અશવારને સાવધાનજ કીધો ।
તે કવી તંને સાવધાંન થાઇને કાંનજ દીધો ॥
તે નાપાક એમ વારે વાર શાહશજ ખાએ ।
તે નાંખ નકસોરાં ખરૂડ ખરૂડજ થાએ ॥ ૧૬૪૦

તે કએઆંની તંનને કાંને એમ અવાજજ આએઓ ।
તે દેવ સીહા પાંહાંણુ તે માલમ થાએઓ ॥
આપ નોજોવાંએ કમરથી તેજ તબર તે લીધી કાહડી ।
સખત જાહાડની જહાલે તે આપ લીધી વાહાડી ॥
તાંહાં તબર તબરે તેહેની મેખ ચહડીને તેઆરજ કીધી ।
તે નાપાક દેવને સરાંણે મેહેલીને દીધી ॥
તેહેને કએઆંની તને આપ ગરૂજે ગરૂજે ઠોકી ઠોકીને બેસાડી ।
તે નાપાક રૂહ સીહા દેવ ફરફહડીને એમ ઊઠેઓ તરાડી ॥
તે નાપાક રાંચી મારી તાંહાંથી આપ ગએઓ નાહાસી ।
વેગલા જાઈ જોવા લાગો આપ એમ વમાશી ॥ ૧૬૪૫
તાંહાં ઘણૂ બલ કરી એક રૂખ દડબ સમેત તે લીધુ ઊપાડી ।
તે દરોડી આવી એ કએઆંની તંનપર તે ધશી મારેઊ જાહાડી ॥
તે દડબ કએઆંની તંનપર થાઇ ગેઇ ખાક દર ખાક ।
તે જાહાડ બલી કોએલા થાઈ ગએઊ રાખ દર રાખ ॥
તેહારે સબરંગબેહેજાદ દરોડી ટેકરે ચહડીને ગએઓ ।
તેહારે તે નાપાક કઢણુ તલે નીચે ગારમાંજ રહએઓ ॥
ઘણી કૂદરત સબબ તે તાંહાં એમજ થાએઓ ।
તે રૂ શીહાદેવ સબરંગબેહેજાદ પાશે આએઓ ॥
તેહારે તે કએઆંની તને કમર મેઆંનથી ખૂરેજજ કાહડી ।
તે નાપાક રૂહ સીહા દેવને કમરમાંથી આપ નાખેઓ વાહાડી ॥ ૧૬૫૦
એ કએઆંની તંને તેહેને એક ચોટે મારી લીધો ।
ધસી ચોટ મારી મેઆંનેથી બે કટકા કીધો ॥
તેહારે એ કવીતંને બેહેરાંમ ઈજદ ઇઆદજ કીધો ।
તાંહાં આપ ઘણી નાંમનો ઘણો સૂકરાંનો કીધો ॥
તે દશેહે તંન વેગલેથી આપ જોતાતા ભાલી ભાલી ।
ફતેહ થાઇ દીઠી તેવારે દશે સોઆર આગલ આએઆ ચાલી ॥
તે દશે તંન આવી તાંહાં દેવનો ખજાંનો આપ તપાશી લીધો ।
તાંહાં રાતનાં રહીને આપ વેહેંચી વગજ કીધાં ॥
ચેહાર સેપાહી દરોડીને તૂરકસ્તાંનમાં ગએઆ ।
તૂરકી શાહાનાં તખત આગલ જાઇને ઉભા રહએઆ ॥ ૧૬૫૫
સરતા પાવ તાંઇ સરવે સહમજાવીને કહી ।
સરવ તૂરકી શાંભલી હેરાંન થાએઆ શહી ॥
કોઇએ હસ્તાં હસ્તાં તાંણી લીધા બહને ગાલ ।
એતા બીજો પરગટ થાએઓ આંહાં રૂસતંમ જાલ ॥

એક તંન તાંહાં જાઇ એહેવી દલેરી મરદી કીધી ।
આહારેમની બેખ મારી દૂર દફે કરીને દીધી ॥
આપેઆપ એક કીરતાર એ તંનનો મદતજ થાએઓ ।
એણે જાવેદાંન તાંઇ બૂલંદ મરતબજ પાએઓ ॥
તાંહાં તુરકી અફરાસીઆબે ઘણી વેહેચી વધાઈ ।
તાંહાં તે તમાસો જોવા જાવાની આપ કીધી સજાઇ ॥ ૧૬૬૦
પીરાંન વજીરને આપ કૂજ નગારૂ એમ હોકમજ કીધૂ ।
તુરકી શાહે તોશાખાંનૂ આગલથી આપ મોકલી દીધૂ ॥
તુરકી શાહા અસ્વાર થાઇને જંગલ જાલ આપ જાએ ચાલી ।
શાંપ વીછૂ નાગ ચીતા વાહાઘ વરૂ બગર જંગલ દીઠૂ ખાલી ॥
અજદાહા દસ્ત પાવ સરવ લસકર જોએચ ભાલી ભાલી ।
સરવ તૂરકી હેરાંન થાઈ મૂખમાં આંગલી ઘાલી ॥
તાંહાં એક ઘણી નાંમનો ઘણો સૂકરાંનો કીધો ।
સરવે સેઆવખશજીને ઘણો આશીશજ દીધો ॥
વાલી સૂરશંઘ તમાસો જોવા સરવ આગલજ ગએઆ ।
ઘણાં જોરમંદ શેપાહી તો તે દેખીને બેતાબ અચેતજ થાએઆ ॥ ૧૬૬૫
તાંહાં જોએચ તૂરકી શાહા અફરાસીઆબ દલેર ।
તે સૂરશંધ જોઈ મૂખ ફેરવી રહેઆ દરંદ શેર ॥
તે મૂઆ શંધને સરવ તૂરકી લોક જોવાને જાએ ।
તે સૂરસંધ દીઠે તાંહાંનાં તાંહાં અચેતજ થાએ ॥
ઘણાં તૂરકી તે જોવાને આંનાંકાંની કરીને રહેઆ ।
તૂરકી શાહ તાંહાં દેવ તમાંસો જોવાને ગએઆ ॥
તે દેવ તાબુદ સુડ દતુસલ શાહે સખી દીઠી ।
તે દેખી સરવ તુરકી મંન તે ઘણી હેબતજ બેઠી ॥
ચાહરે હાત મુખ કાલુ દેહ કાબરૂ અબલખ જોએઓ ભાલી । [૧૬૭૦
તે બદ રૂપ બદચેહરો બદમનનાં જોઇને મનને ઘણી હેબત ચાલી ॥
તાંહાં સરવ તૂરકી સીને ઘણી હેબત ડંડરી પડી ।
તે નાપાક દેવ દીઠે ઘણાં લોકને તાવ શીશજ ચહડી ॥
હવે તુરકી શાહા તાંહાં સેઆવખશજીની આગલજ આએઆ ।
આપ હંશી ધશીને સેઆવખશજીને શાંહી લાએઆ ॥
ઘણૂ હેત ધરીને મેહેરબાંની તે કીધી ખાશ ।
હાત ધરી આંખ સીનાસૂ લાઈ બોશા દીધા સોહો ને પંચાશ ॥
હોકંમ કરી ખીછાંણાં કરાવી લીધાં આપજ ખાશ ।
એક તખીએ હાત ધરી લેઇ બેઠા આપ પોતાને પાશ ॥

તમાંમ તૂરકીઓએ ગોફતગોએ તે એમ ઘણી કીધી ।
એ શેઆવખશજીએ આહારેમની બેખ તે આપ ઉપાડી દીધી ॥ ૧૬૭૫
તાંહાં તુરકી શાહે આપ એમ હોકમ કીધો ।
તાંહાં વજંતર વાજ ગાજ સરવ સાજ આપ મંગાવી લીધો ॥
એમ વાજતે ગાજતે કએઆંનીને તૂરકસ્તાંનમાં લાએઆ ।
શરવ તૂરકી તે દેવ સૂરશંધ અજદાહાસુ નચીતજ થાએઆ ॥
ફરંગેજ રૂખશારે શેઆવખસજી દીઠે ઘણુ રલીઆએત થાઇ ।
તે બહને જોરૂએ બેશી આપ ધણીતની વેહેચી વધાઈ ॥
તૂરકી શાહે કએઆંની તંનની આપ મેહેમાંની કીધી ।
તાંહાં તૂરકી શાહે ખેરાતીઓને ઘણી ખેરાતજ દીધી ॥
ફરંગેજ રોખશારેહ આગલ કએઆંનીએ જંગલજાલની સરવ કીધી વાત ।
આપ ભરથાર મુખથી વાત શાંભલી ઘણી થાઇ રલીઆત ॥ ૧૬૮૦
ફરંગેજ રૂખશારે શી હોરમજદનાં ઘણાં શુકરાંનાં કીધા ।
તમ મેહેરબાંની કરી અમ ભરતાર અમ પાશ મોકલી દીધા ॥
આપ મોહોલ મંદર કએઆંની બેઠા આવી ।
ફરંગેજ બેઠી જમની ને રૂખશારે આવી બેઠી ડાવી ॥
કએઆંની સીઆવખશજીએ શી હોરમજનું લીધુ નાંમ ।
અમ હરખ ધરી ગએઆ હતા તે પુરવી આશ કીધુ કાંમ ॥

સ્યાવખશે સ્યાવખશ ગેરદ બાંધવાનું શરૂ કરવું.

કએઆંની તંને હર જાએ જાએનાં રાજ શેલાટ આપ બોલાવી લીધા ।
ગજદર કારીગર મજૂર એ સરવને તે એકઠા કીધા ॥
તેહેના સરદારોને જોડ જોડ સરપાવજ દીધા ।
આપ અસ્વાર થાઇ સરવને તે આગલ કીધા ॥ ૧૬૮૫
તાંહાં કએઆંની શાહે આપ એમ હોકમજ કીધો ।
મોબેદ દાંનાવ ને આપ આગલ બોલાવી લીધો ॥
પરથંમ દાદાર હોરમેજદનું આપ લીધુ નાંમ ।
આપ દેહેરો દેવાનુ મુહૂરત પૂછેઊં આંમ ॥
શેવન થાલ સગબોર મોતીએ ભરી લીધી ।
મોબેદાંન મોબેદની પોથી આપ વધાવી લીધી ॥
ફરૂઅરદીન માશને ખુરદાદ રોજ એ નેકજ નાંમ ।
તાંહાં પરથ્વી નાભ તે ચોહોડેઓ શેવંન થાંમ ॥
શેલાટ આપ રજા લઈ તાંહાં એક કોહોશતાંન પર ગએઆ ।
પાંણી પરગટ કરવાનું તાંહાં મારફતેજ રહેઆ ॥ ૧૬૯૦

આપ કએઆંની તને તે ડુગરજ પાંણી જહરણુ તે જોએઆં ભાલી ।
જે એ કોહોએસ્તાંનનુ પાંણી દરીઆમાં જાએચજ ચાલી ॥
તાંહાં કએઆંની તને એમ ગનેઆંનજ કીધી ।
આપ સલાટ લોકને એક મારફત એમ દેખાડી દીધી ॥
પાંણી જહરપણુ તાંહાં એક દેવાલ તે કરીને એમ લીધી આડી ।
જહરપણુ જહરપણુ મેલવીને પાંણી લીધુ કાહાડી ॥
તાંહાં ઓડ બોલાવી લીધા હજદર હજાર ।
તે પાંણી સૂધ ઉગમણી દશાપર ચલાવેઆં શાર ॥
વલી વાલી મેહેલેઆં તે આપ દશા જાંમ ।
તાંહાંથી વાલી મેહેલેઇ ધૂર આથમણુદશાપર ઠાંમ ॥ ૧૬૯૫
તાંહાંથી તે નદી નીર ઓતર દશાપર વાલીને લીધી ।
વલતી સમંદરમાં તે નદી નીખ એમ મેલવી લીધી ॥
એમ ચેહારે કૂણે ચોકડી પાડીને નદી વેહેતી કીધી આડી ।
તે ડુગર જહરણુનાં પાંણી સમંદરમાં મેહેલેઆં કાહાડી ॥
તે મલુકનૂ તે શ્રીઆવખસ ગીરદ ધરેઇ નાંમ ।
આપ મોહોલ મુલુક વશાવેઆનાં તે માંડેઆં કાંમ ॥
તાંહાં ફલીઆ ઓલીબંદ ઘર બાંધેઆં હજદર હજાર ।
તાંહાં રસતે રશતા બાંધી લોક વશાવેઆ તેને ઠાર ॥
પરથંમ બેવર હજાર ઘર બાંધેઆં તે દશા જાંમ ।
તાંહાં જહરૂખા બનાવીને સરવ કીધાં કાંમ ॥ ૧૭૦૦
તે દશા જાંમ ફહલીઆ ઓલી એમ બાંધી લીધી ।
હરએક ઘરને ફરતી ગુલ ગુલજાર બાગજ કીધી ॥
બાગ બાગીચા કરાવી ચંહબોચાનાં તે કરાવેઆં કાંમ ।
એમ જાંમ દશા પર ઘેર બાંધી સરવ કીધાં તમાંમ ॥
તાંહાં ચૌતાં બાજાર કીધાં અત સુંદર સાર ।
તાંહાં રસતે રસતા બાંધી દીધા જાંને બાદશાહવાર ॥
તાંહાં ચઉતાં બાજાર તે સરવ કીધાં તમાંમ ।
તાંહાં રસતે રસતા હર હર વવેખનાં તે કીધાં કાંમ ॥
વાલી બેવર હજાર ઘર તે ઉંગમણુ દશાપર બાંધી લીધાં ।
તેનેભી બાગ બાગીચા જહરૂખા એમ બંધાવી દીધાં ॥ ૧૭૦૫
તે બેવર હજારને ફરતી ગુલ ગુલજાર બાગ કીધી ।
તેહને રસતે રસતામાં ઘણી ઘણી વવેખ કીધી ॥
ઉગમન દશાપર ચઉતાં બજાર રસતા તે બાંધી દીધા ।
તેહને હરએક હરએકં રશતે કરંજા કીધા ॥

વાલી બીજાં બેવર હજાર ઘર તે આથમણુ દશાપર લીધાં ।
તેનેભી એહેજ વવેખ કરીને ઘર શરવ બાંધી દીધાં ॥
તાંહાં ફરીઆ ઓલી રસતા કીધા વવેખજ કરી ।
તાંહાં ગુલજાર બાગ કરાવી ચહબુચા મુકાવેઆ ભરી ॥
તાંહાં ચઊતાં બાજાર કીધાં આપ મનને જાંણી ।
તાંહાં બાજાર રસતા સમરાવેઆ આપમન હરખજ આંણી ॥ ૧૭૧૦
વાલી બેવર હજાર ઘર બાંધેઆં તે ઓતર દશા જાણી ।
હર હર રસતે કારંજા કરાવેઆ તાંહાં મીઠાં પાંણી ॥
તેહેનેભી બાગ જાગ વાડી સરવ બાંધી દીધી ।
સરવ રસતે રસતે જનશા જનશી વવેખજ કીધી ॥
એમ ગેરદનવાઈ ફલીઆ ઓલીબંધ રસ્તા બાંધી દીધા ।
તે વંચે આપ મોહોલ જહરૂખા બંધાવી લીધા ॥
આપ મોહોલ સમરાવી સણગાર કીધો સુંદર શાર ।
હર હર જાએ જહરૂખા કીધા જાંણે પાહાદશાહાવાર ॥
હર હર જહરૂએ જડત જડાવનાં તે કીધાં કાંમ ।
તે જહરૂખા આગલ ચોહોબચા કરાવેઆ તેણે ઠાંમ ॥ ૧૭૧૫
હરએક ચોહોબચામાં આપ ગોલાબ ભરાવે ।
નેત ઉઠી દરબાર આગલ આપ છટકાવ કરાવે ॥
વાલી તે મોહોલ ગેરદનવાઇ ગૂલજાર બાગજ કીધી ।
તે ગૂલજાર બાગ વંચે એક બેઠકજ કરી લીધી ॥
તે ખાશ બેઠક સમરાવી આપ પાદશાહાવાર ।
તાંહાં આપ બેઠક કરાવી અતસૂંદર શાર ॥
એમ ગેરદનવાઇ ફલીઆ ઓલી આપ બાંધી દીધા ।
તે વંચે આપ મોહોલ જહરૂખા બંધાવી લીધા ॥
એમ ગેરદનવાઇ ઘર બાંધી શરવને વાસજ દીધા ।
તે ગેરદનવાઇ ચોકમાં આપ મોહોલ બાંધી લીધા ॥ ૧૭૨૦
પાટવલા કાહારંજા એમ કરી કરી ।
હરએક ફહલીઆ હરએક ચોકમાં મૂકાવેઆ ગોલાબે ભરી ભરી ॥
હરહર જાએ કસબા ખલી બાંધી કીધા ઠાંમ ।
પરાં બંધાવી ઓલાડ પેલાડ વશાવેઆં ગાંમ ॥
પરગણાં વસાવી પટેલ દેશાઇ તે ધરેઆં નાંમ ।
પરદેસી પરલોકને આપ બોલાવી લીધા તેને ઠાંમ ॥
પરદેશી પરલોકને તાંહાં આપ બોલાવી લીધા ।
તરાંબા વાસણ દેઇને વશ પૂરવી દીધા ॥

આપ ધરમી લોકને વસાવી ઘણૂ દીધુ સૂખ ।
પરલોકને પોરીઓદકેશી ધરમ કબૂલ કરાવીને તેહેની ભાંજી ભૂખ ॥
સરવ પવીતર લોક એ ધરમ પોરીઓદકેશી કબૂલજ કીધો ।
પરગટ મારગ સરવ સાહાસ્તરથી સહમજાવી લીધો ॥
મોબેદાન મોબેદ ઇરાંણથી કએઆંની શાહે બોલાવી લીધા । ''
સીઆવખશ ગેરદ જાઇ સરવને પરમોધજ કીધા ॥
પરથમ મોબેદાંન મોબેદાએ એમ કીધાં કાંમ ।
તાંહાં પરદેશી લોકને પોરીઓદકેશી ધરમ કબુલ કરાવીઓ તેને ઠાંમ ॥
તેણે પોરીઓદકેશી ધરમમાં તે એમ સંધેઆ વાંધી ।
પરથમ શીવીપર[1] તે આપ એમ કુસ્તી બાંધી ॥
તાંહાં સરવે કૂસ્તી બાંધીને તે ધરમ કબૂલજ કીધો ।
તાંહાં પોરીઓદકેસી ધરમ ચલાવી પંથક કરીજ લીધો ॥
તાંહાં એક દરેમેહેર બંધાવી એક પરઠેઓ ઠાંમ[2] ।
તાંહાં એક દસ્તૂર પરઠી લીધો તેહેને સરવ પુછીને કરે કાંમ ॥
તાંહાં એક દાવર પરઠી લીધો તાંહાં એમ દાવરી ચલાવે ।
પોરીઓદકેશી ધરમ મારગ એમ સૂધવટ ચલાવે ॥
પરથંમ દરેમેહર કરી તાંહાં એક ગુર તે કીધો થાપી ।
એમ પોરીઓદકેશી ધરમ તેહેને હાતજ આપી ॥
ગૂર થાપી તેહેને આપ ઘણુ દેતાજ માંન ।
તે દસતુર હોકંમ લેઇ સરવ કરતા ધરમનૂ કાંમ ॥
દરેમેહેરમાં દસ્તૂર બેસી વાંચે પૂસ્તક કાગલ ।
તાંહાં નાંહાંનાં મોટાં પંચ બેસે તે દસ્તુરજીની આગલ ॥

---

[1] શીવી, એ હાલમાં આપણુ જરથોસ્તીઓ જેને સદરો કહીએચ તે છે. પેહલવી ભાષામાં લખાએલી ધર્મને લગતી કેતાબોમાં એને શપીક, પેહરન, અથવા વોહુમનો–વસ્તર્ગ (ભલુ અથવા સ્વચ્છ મન રાખવાની યાદી આપનારૂ વસ્ત્ર) કરી કેહેછે. ઇરાનમાં વસનારા જરથોસ્તીઓ હાલ પણ એને શીવ કરી કેહેછે. હિંદુસ્તાનમાં વસનારા જરથુસ્તીઓ જેને સદરો કેહેછે તે વસ્ત્ર શબ્દનો અપભ્રંશ છે. "મોજેજાતે જરથોસ્તીમાં એ શબ્દને સુદરેહ વાંચીને તેનો અર્થ 'ફાયદા ભરેલો રસ્તો' કરી કીધોછે. (જુવો મજકૂર કેતાબ, સફો ૯–૧૧). પણ જુની ફારસી રવાયતોમાં 'સદરો' અથવા 'સુદરેહ' શબ્દ જોવામાં આવતો નથી તેથી એહવું જણાએચ કે હિંદુસ્તાનનાં જરથોસ્થીઓમાં એ કપરાંને 'વસ્ત્ર' કેહવાનો ચાલ હોએ અને તેપરથી સદરો રહેઓ હોએ. [2] "એક પરઠેઓ ઠાંમ", એની મતલબ આતશને તખ્ત-નશીન કીધો સહમજવી.

તાંહાં દસ્તૂર પુસ્તક વાંચી સરવને સહમજાવે વાત ।
તેમ તેમ ધરમ કથા શાંભલી પંચ હોએ રલીઆત ॥
ચાંદ સૂરજ આકાશ પરથ્વી ને પાંણી ।
ગર્ણી ગવરીને માંનજો તંમ મંન ચંતને આંહાંણી ॥
આતસ રોશંન કરી પવીતર રાખજો ઠાર ।
અમરદાદ ઓરૂઅરને તંમ માંનજો શાર ॥
એમ શાત તતવની સરવ સહમજાવી વાત ।
એમ પરમોધે પોરીઓદકેશી દીન ચલાવી સરવ સાત ॥
પરથમ સરનાંહાંણીની[1] એમ સહમજાવી વાત ।
તંમ એક જાએ કૂણે બેશી રહો નવદંનજ રાત ॥ ૧૭૪૦
કોએ નર નારી સંનમુખ બેશીને મો કરતાં વાત ।
તાંહાં આપ પુરશશુ વાતકીધે આહારેમંન દીએ ઘાત ॥
દસમે દંન હેમજલ[2] લેઈ નરમલ નીરે નહાએ ।
એમ સ્નાંન કીધે શીશ સરીર પવીતર થાએ ॥
પરભાતે ઉઠી સરવ નરનારી શ્રી એકનાં સૂકરાંનો કરી ।
સીવી ઉપર તમ કુસ્તી બાંધો તરણ વેહેડજ કરી ॥
શ્રી સૂરજ સનમૂખ રહીને તંમ કૂસ્તી બાંધો ।
શ્રી એક નાંમની તાંહાં તંમ સંધેઆ વાંચો ॥
વલતી દરેમહેર દરગાહા ગુર દરસણ કરવા જાએ ।
પરથમ ગૂર બેઠાને જાઇ તંમ લાગો પાએ ॥ ૧૭૪૫
તાંહાં ગર્ણી ગવરીને તમ નમસકાર કરી કરી ।
તેહેની નેત જાલવણ કરી તપાશ લેજો ફરી ફરી ॥
રાત દંન તમ ગાએ ગોસપંદનો લેજો તપાશ ।
એમ કીધે તેહેનાં આશીશથી તમ તન રવાંન હોએ ખલાસ ॥
રાત દંન તંમ ગાએ ગોસપંદની એમ દાહાજજ ખાઇ ।
હર દનપર તે તેહેનો તપાશ લેજો આગલ જાઈ ॥

---

[1] **સરનાંહાંણી,** હાલમાં મોબેદો "બરસ્નુમ" લેછે તે. એનું ખુલાસાવાર બેયાંન વંદીદાદની ૯ મી પર્ગર્દમાં આવેલુછે. તેપરથી એહવું માલૂમ પડેછે કે આગલા વખતમાં 'બરશનુમ' માત્રે નસા અથવા મુરદાંને અડકેલા શખસનેજ નહવાડવામાં આવતુ હતુ. પાછલથી યોજદાશ્રગર (ધર્મને લગતી પવિત્ર ક્રિયાકરનાર) નેબી, તેને ધર્મને લગતી પવિત્ર ક્રિયા કરવાને લાયક થવાને અર્થે, આપવાનો રેવાજ નીકલીઓ હોએ. [2] હેમજલ, ગૌમૂત્ર, હાલ જેને તરો અથવા નીરંગ કેહેછે તે. ફારસી રવાયતોમાં એને "આબેજર" (સુણાનાં રંગનું પાની) કરીને લખેછે.

તેહને હાત ફેરવી ફેરવી પસ્વાલી નમી માંન દેજો પાશ ।
તો તમ રવાંનને બહમન "અમેશાઓશપંદ" કરે ખલાશ ॥
વલેતી આતસજીનૂ દરસણ કરો તંમ તેણે ઠાંમ ।
"તઉંઅ આતરો અહુરહેમજદાઓ પુથર" એનું નાંમ ॥ ૧૭૫૦
એહેની હરએક જાએ જતન તમ કરજો શારી ।
તે નર નારીને અરદી બેહેસ્તસૂ હોએ ઇઆરી ॥
તાંહાં સાત ધાતનો ઘાંટ તે તમ આપ હાતમાં ધરી ।
તે સાત ધાતની આરસીમાં મૂખ જોજો ફરી ફરી ॥
આપ મૂખ દરસણ કરતાં ઘાંટજ વાજે ।
એ ધરમ કીધે આહારેમંન સતરૂ શીને ઘણૂ દાહાજે ॥
વાલી અસપંદારમદ પરથવી જોઈ જોઈને ચાલી ।
નસા રીમન હરએક બુરી બદઓથી રાખજો સહંભાલી ॥
જે કોઇ નર અજાંણે ઉઘાડે પાગે ભોમીપર ચાલીને જાએ ।
તેમ તેમ અસપંદાર ભોમી ઘણી આજારજ થાએ ॥ ૧૭૫૫
વાલી ખોરદાદ અમશાશપંદનુ નીરમલ પાંણી ।
તેહને હરજાએ તમ સહભાલી રાખજો મનને જાંની ॥
જે કોઇ નરનારી એ જલ જાલવની કરસે સારી ।
તે ધરમી લોકને ખોરદાદસું ઘણી હોએ ઇઆરી ॥
વાલી અમેરદાદ ઉરવર ખજુરી પરદખણાં રેહે ।
અમ પોરીઓદકેશી ધરમ વવેખજ કેહે ॥
ગહંબાર ચાશની જે કોઇ કરશે સુધે મન ।
તેહને દન દન ઘણુ વરધે પણુ ॥
માતા પેતા દરસણ નેત પરભાતે ઉઠી ભાલે ।
હરે જાએ સત વચન કોલ બોલ બંધી પાલે ॥ ૧૭૬૦
ભોબેદાંન ભોબેદે સરવ ધરમીને પરમોધી વાત ।
એટલુ કીધે શ્રી એક તંમપર ઘણૂ હોએ રલીઆત ॥
સરવેએ પવીતર પરગટ મારગ કબુલજ કીધો ।
આપ એક કેરતાર તરૂસટમાંનજ થાઇ એ ધરમ દીધો ॥
એમ પોરીઓદકેશી દીન સતરાચારજ થાઈ ।
વાલી દખમાં[1] બાધવાની કીધી સજાઇ ॥

---

[1] દખમ, એ શબ્દનો અર્થ તપાસી જોવાથી એહવું જણાએ કે કદીમ જમાંનાંનાં ઇરાંણીઓમાં મુરદાંઓને બાલવાનો રેવાજ હતો અને એજ પ્રમાંણે અસલી જમાનાંનાં બીજા લોકો જેઓ ઇરાંનીઓથી જુદે જુદે વખતે છુટા પડી બીજે દેશ ગયા હતા, તેઓબી મુરદાંઓને

તાંહાં એક જાએ પાહાડ જોઇ એમ મસલહત કીધી ।
તે નવરી જાએ પાહાડપર દખમાંની સજાઈ કીધી ॥
તે પાહાડપર દખમૂ એમ બાંધી લીધૂ ।
તે દખમૂ બાંધી સમાપૂરજ કીધૂ ॥
એ કએઆંની શાહા ધરમ કીધે ઘણૂ રલીઆએત થાએ ।
નેત સ્નાન કરીને દરેમેહર દરસણ કરવા જાએ ॥
ઈરાંનથી અધીક અધીક તાંહાં એમ ગૂલજારજ થાઇ ।
કએઆંની તને આપ મોહોલ બાગની તાંહાં એમ કીધી સજાઇ ॥
તાંહાં આપ મોહોલ બાગ અંદર ચહએચા કરી કરી ।
નેતં નેતં તે ચભોચા ગોલાબે ભરી છટકાવ કરાવે ફરી ફરી ॥
નેત નવો નવો ગોલાબ આપ ચહભોચે ભરાવે ।
નેત સકાપાશ પરભાતે આપ છટકાવ કરાવે ॥
ફરંગેજ રૂખશારે આપ મોહોલ બાગ દેખી ખૂસહાલજ થાએ ।
તે નેત મોહોલ બાગમાં આપ શેહેલ કરવાને જાએ ॥
એમ અફરાસીઆબ આગલ એ વાતજ થાએ ।
એ કએઆંની શાહાને નવખંડ પરથ્વીની સલાંમી જાએ ॥
આપ હરજાએ જાએથી સલાંમી લીએચ મંગાવી ।
તે કએઆંની શાહાને સલાંમી આપી જાએચ આવી ॥
આંપણ એ શાહાને હરસાલ સલાંમી દેઉ ।
આંપણ એ ખરાજાત જગાત ઉઘરાઇને લેઉ ॥

બાલતા હતા. પાછલથી, હિંદુઓ સિવાય, સઘલા લોકોમાં મુરદાંઓને દાટવાની રીતી નીકલી, જે હજુસુધી જરથોસ્તીઓ સિવાય સઘલા લોકોમાં જારીછે. હજરત જરથોસ્તની આગમજનાં ઈરાંણીઓએબી અસલી બાલવાનો રેવાજ છોડી દેઈ જમીનમાં ભોએરાં કરી તેમાં મુરદાંને મુકવા લાગા તે કાંમનેબી દખમુજ નાંમ આપ્યું. તે પછી હજરત જરથોસ્તે પોતાનાં વખતમાં દખમાઓને તથા કબરોને ખોદી નાખવાનું ફરમાંવ્યું અને મુરદાઓને બાલવાનું, દાટવાનું, દખમાંમાં મુકવાનું અથવા કોઇબી રીતે તેમને જાલવી રાખવાનું નાપસંદ કરી આબાદીથી દૂર આવેલા ઊંચા પાહાડો ઉપર જ્યાં માંસ ખાનારા સગો તથા પરંદાંઓ હોએ, ત્યાંહાં ચોકસ રીતે મુકવાનું ફરમાવ્યું. એ રીત પારસીઓની સલતનત ગયા પછીબી ઘણાં વખત સુધી ઈરાંણમાં ચાલુ હતી તે "દાદસ્તાને દીની" નાંમની પેહલવી કેતાબની ૧૭ મી પૂરસેશ ઉપરથી માલૂમ પડેચ. (એ વિષે વધારે ખુલાસાને માટે જુવો "જરથોસ્તી અભ્યાસ" દફતર ૧ લુ, સફે ૨૨–૩૦. ૮૩–૮૭. ૧૨૬–૧૪૨. ૨૬૦–૨૭૩). એ નામું રચનારે સ્યાવખશના વખતમાં દખમાં વિષે જે લખ્યું છે તે પોતાનાં વખતનાં રેવાજને અનુસરીને લખેલુ છે.

એ ખરાજાત જગાત બખશેશ બખશંદજ કરે ।
નેત નેત નવા ગોલાબ આપ ચહબોચે ભરે ॥
નેત નોનો ગોલાબનો આપ તાંહાં છટકાવજ કરે ।
એ નોશાહાનશાહા તમો પાદશાહાને છેજ સહરે ॥ ૧૭૭૫
એ શેઆવખશજીએ આપ વાંચેઆ કામજ કીધાં ।
એણે હંસેઆં ગાંમ વશાવીને દીધાં ॥

સ્યાવખશે સંધલા પાદશાહો પાશેથી સલામી લેવી, કરસેવજે કીના તથા અદેખીથી અફ્રાસ્યાબને ઊસકેરવો, અફ્રાસ્યાબે તેને સ્યાવખશને બોલાવવા મોકલવો, ત્યાંહાં તેનાં કારસ્તાંન.

તે સીઆવખશગેરદમાં કએઆંનીએ આપ અખતેઆરી કીધી ।
હર મલુકે મલુકની સલાંમી આપ મંગાવી લીધી ॥
હર શેહેર શેહરનાં શાહ લોક એ કએઆંનીને ભેટ મલન આવે ।
ઇરાંણી કએઆંની શાહની સલાંમી ઘેર બેઠાં લાવે ॥
એ કએઆંની સીઆવખશગેરદમાં આપ સલાંમી મંગાવી લીધી ।
હર હર શેહેરનાં શાહ લોકોએ સલામી અગાઉથી દીધી ॥
હર શેહેર શેહેર હીંદુસતાન દૂર રૂમને શામ ।
એ કએઆની શાહ આપ ઘર બેથાં સલામી મંગાવી સીઆવખશ ગેરદ ને ઠાંમ ॥ ૧૭૮૦
હર શેહેર શેહેરની સલાંમી આપ મંગાવી લીએ ।
આપ સીઆવખશગેરદમાં સરવને બેરાદ દીએ ॥
એહવો કએઆંની શાહ થાએઓ એ સીઆવખશજી બાંમી ।
તુકરસતાનમાં કએઆંનીએ રાખી ઘણી મોહટી નેકનાંમી ॥
ઇરાણ શાહ કાવુસને એ ખબર થાઈ ।
તેણે ઇરાણ શેહેરમાં ઘેરેઘેર ઘણી વેહચી વધાઈ ॥
જે અમ સપુત સીઆવખશજી તુરકસતાંન શેહરને વાસ ।
જંગલ આબાદ કરી શેહેર વસાવીઉ અતજ ખાસ ॥
તાંહાંના ખરફસતર બલા તાલી જંગલ જમીન કીધી પાક ।
અજદાહ સુરશંઘ રૂ સીહા દેવ મારી કીધા ખાક ॥ ૧૭૮૫
તે જંગલ પાક કરીને શેહેર વશાવીઉ ગાંમ ।
તે શેહરનું આપ સીઆવખશ ગેરદ તે ધરેઊ નાંમ ॥
હર મલુકે મલુકની સલાંમી પોતે મંગાવી લીએ જાંણી ।
હર નગર નગરીની સલામી આપેઆપ આપી જાએ આંણી ॥

એણે હંશેઆં ગાંમ તે વશાવેઆં સહી ।
એ તૂરકી શાહે આપ ભર સભામાં એમજ કહી ॥
એ તૂરકી મૂખથી શાંભલી કરશેવજને ઘણી લાગી દાહાજ ।
એ તૂરકી શાહા આંપણુ કૂલને ઘણી લાગે લાજ ॥ ૧૭૯૦
અફરાશીઆબને વાહાઇને એમ વસજ કીધો ।
આપ પેટથી ઉપાઇને ઘણુ બેરાહા દીધો ॥
એ આપ મનને ઘણુ મદ ગરબ ઘણેરૂ આવે ।
આંપણુ તૂરકી લોકને કસે આસરે નહી લાવે ॥
આંપણુ એહને લેહેતો મેલતાં દંનદંન પરવેઓ જાએ ।
કોએ દંન એ તુરકસતાંનનો પાદશાહા થાએ ॥
એ તૂરકી શાહા આંપણુ એહેને અજમાઈ જોઇએ આજ ।
નોરોજ રમવાનો આંપણુ કરીએ શાજ ॥
નોરોજપર તે તાંહાં તેડવાને જાઊં અહ્મે ।
તે આપ મદ દેમાગમાં અંમને નહી બદે જોજો તહ્મે ॥
માહારી શાથે તે બે અમીનને મોકલો તહમે ।
તે અમીન અતબારીને શાથ લેઇ જાઊં અહ્મે ॥ ૧૭૯૫
તેવારે તુરકી શાહે જવાબ એમ દીધો ।
તે કસરેવજ ભાઇએ પરછી લીધો ॥
તૂરકી શાહા આપ મનસૂ એમ રહેઆ હંસી ।
એ અતલગ માએ જણેઆંની વાત અમ મનમાં વસી ॥
તૂરકી શાહે બે અમીનને એમ શહમજાવી કહી ।
તમ કરશેવજ શાથ જાઇને શેઆવખશજીને લાવો શહી ॥
કરશેવજશે શાહા એકંત બેશીને કીધી વાત ।
આંપણુ મૂખ મીઠી કરીને એનુ મન તે લીજીએ હાત ॥ ૧૮૦૦
એસુ બોરી મોહોરી વાત આંપણુ કરીએચ જો આજ ।
એ બલવંત બુધવંત એક તંન સરવ તૂરકસ્તાંનને લગાડે લાજ ॥
કરશેવજ કેહે આંપણુ લશકર જોડી હમણાં આપ લીજીએ ધરી ।
ભાઇ કરશેવજની વાત તે તુરકી શાહે નહી માંની ખરી ॥
એ કરશેવજ આંપણુ મંન ધીરજ આંહાં રાખેઉ જોઇએ ।
રડીને ઘર રાખીએ પણ હંસીને ઘર નહી બોહાઇએ ॥
એક કવી તંને વાહાઘ વરૂ શંઘ અજદાહા દેવ તે કીધા દુર ।
એણે એક કવી તને દૂર કીધો બબરે બાજુ સંઘ સૂર ॥ [૧૮૦૫
એ ભાઈ આપણુ એસૂ છેડણી કરતો એ મરદ મેદાંન ઉભો રેહે જાઇ ।
એસૂ આંહાં સનમૂખ મોકાબલો કોણ લીએ એ કરસેવજ ભાઈ ॥

આંહાં ઉતાવલા ઊંછાછલાનુ તે નથીજ કાંમ ।
'ધીરે ધીરે વાત વીચારી જોઇએ એણેજ ઠાંમ ॥
આંપણુ એશૂ કાંઈ છેડણી કરીએચ તો લાગેચ લાજ ।
એ કવી તન સરવ તૂરકસતાંન કરે તારાજ તારાજ ॥
એ આપ મદમાં એકતંન આંહાં રીશાવીને આએઓ ।
એ રૂસ્તંમ જાલ કરતાં અધીક અધીકજ થાએઓ ॥
એ એક કવી તન આગલ સરવ તૂરકસ્તાંનનુ કાંઇ નહી ચાલે ભાઈ ।
ગેવ ગોદરેજ રૂસ્તમ ફરાંમરજ એહેની કૂમક આવે ધાઇ ॥
પીરાંન એશે મલતો એહેની ઘણી ખાએચ દાહાજ ।
હમણાંનેકાર એસૂ આંપણુ છર્ગી એમ નાએલાજ ॥ ૧૮૧૦
હમણાંનેકાર આંપણુ સહમજી રહીએ બહને ભાઈ ।
હલવે હલવે એહેનાં મોહોતની આપણુ કરીએ સજાઇ ॥
તૂરકી મુખ્ય મીઠી ચંતવણુઠી મોહોણુ હસ્તા કરે ગાલ ।
ભાંત ભાંતની કએઆંની કાજ મોકલે રશાલ ॥
હર હર જનસા જનશી આપ મોકલે મેવા મીઠાઈ ।
મૂખ્ય મીઠી ચંતવણુઠી કહી મોકલે આંપણુ તમમાં કાંઈ નથી જૂદાઇ ॥
તમ' શાંભલો એ કએઆંની અમ ગનેઆંન કરૂચ કથી કથી ।
આંહાં તમ અમમાં કાંઇ કસો અંતર નથી નથી ॥
ફરંગેજ બેઠીછે તે અમ બેટ્રાને ઠાંમ ।
તમ અમને એકૂ દંન તે આંહાં ઘણૂ લાગશે કાંમ ॥
તૂરકી શાહે કરશેવસને એમ હોકમજ કીધા ।
કરશેવજે તે બેહૂ અમીનસુ બાહેર દેહેરા દીધા ॥ ૧૮૧૫
કુચ દર કુચ તે બે મોકાંમજ થાઈ ।
લોહોડી ઈરાંન કરશેવજ તે પોહોચેઆ જાઇ ॥
એક તન આપ બેજમતગારસૂ એમ વાતજ કીધી ।
તે હાત શેઆવખશજીને એમ વધાઈ દીધી ॥
અમ તંમ પાશ આવૂ તેહારે તમ બેહૂમાગ થાઇને રેહજો ।
અમને આદર ભાવ કરી માંન ઇજત મો દેજો ॥
તમપર તૂરકી શાહા ઘણુ ગજબ થાએઆ એટલા કાજ ।
જે તમ નવો મલૂક વશાવેઓચ તેહેની ઘણી લાગેચ દાહાજ ॥ ૧૮૨૦
દગ દગો કરી આંહાં તમને તેડવા આવેઆચ અહમે ।
હમણાંનેકાર અમશે મલેઆ મો આવતા તહમે ॥
અંમ પીરાંનસૂ તૂરકીને સહમજાવી લેસૂ વાત ।
અંમ બેહૂ તેહેનુ મન ફેરવીને લેસુ હાત ॥

તે ખજમતગારે કએઆંની તનને સરવ એ સહમજાવી કહી ।
તંમ લોહોડી ઇરાંનમાં શાંચવી રેહેજો શહી ॥
કરશેવજે જાઇ કએઆંની શાહાને એમ સલામજ કીધી ।
એ કએઆંનીએ તેહેને ઇજત માંન તે નહીજ દીધી ॥
કરશેવજ કહે તૂરકી શાહે નોરોજ રમવાનો કીધોચ શાજ ।
તાંહાં શરવ શામાંન તેઆર કીધાચ તહ્મારે કાજ ॥
એ કએઆંની શાહા તમને તાંહાં આવણ જોઈએ ।
શાહા કેહેચ તંમ આવોતો અમ મીજલશ ઘણૂ શોહોઇએ ॥
કરશેવજનુ વેણ વચન તે ખાલી કીધૂ ।
કએઆંની શાહે શાંભલી અણશાંભલી મૂખ ફેરવી લીધૂ ॥
જેહારે કએઆંની મૂખ ફેરવીને રહેઆ ।
તેહારે તે બેહુ અમીન તે હેરાંનજ થાએઆ ॥
એ કએઆંની શાહે ફરી ઊતર નહીજ દીધો વાલી ।
તેહારે કરશેવજ બેહુ અમીનસૂ ઊઠીને ગએઆ ચાલી ॥
તૂરકી શાહાને બેહૂ અમીને સરવ શહમજાવી આપ ।
તેહારે તુરકી શાહાને જેગર કલેજે પડેઓ કાપ ॥
કરશેવજ એમ ધંધલા થાઈને ભારમાં રહેઆ ।
તૂરકી આગલ કાંઈ વચન તે નહીજ કહેઆ ॥
એ શાંભલી શહમજી આપ મનસુ રહેઆં વેચારી ।
તૂરકી શાહે કએઆંનીપર આપ મન કીધૂ ભારી ॥

સ્યાવખશે સ્વપ્નું જોવું તથા તે વિષે ફૂરંગેજને વાકેફ કરી તેણે તે શાહુજાદીને વસીઅત કરવી.

શીઆવખસજી રોજ નોનો રંગ નેત નવી નવી કરે વાત ।
શીઆવખસજી જમણી ફરંગેજ ડાહાવી બાજૂ મેલેઆ હાત ॥
શાંભલો ફરંગેજ અંમ તંમ ઇઆરી તંમ અંમ મંન ઘાગૂ પેઆરી ।
તૂ તન પવીતર નારી તંમને અંમ મંન ઘણૂ રાખીચ શારી ॥
તુ ફરેદુનનસલની શાહાજાદી ફરંગેજ તાહારૂં નાંમ ।
તંમ પેટ આજ ધરભ રહેઓચ તેહેનૂ કએખોસરો તે ધરજો નાંમ ॥
આજદંન રાત અંમ સપન દીઠો તમને સહ્મજાવું વાત ।
તંમ કશી મનને ચંતા મો આંહાંણો હોણી અણહોણી નથી આંપણે હાત ॥
શીઆવખશજી ફરંગેજ આગલ એમ આપ કેહેવા લાગા ।
શાંભલો ફરંગેજ અંમને ઘણીજન કરી ગએઆચ આઘા ॥
એક દંન અફરાસીઆબ કરશેવજ કૂડ ચીતવશે આંમ ।
અંમને સૂતા ચાંપી કેહેર કરીને મરાવશે ઠાંમ ॥

તંમ તાંહાં ધરમ ધીરજ રાખજો અમ મંનની પેઆરી ।
તંમ આંહાં તરત અંમ તાબૂદ પાશે આવી શાચવણુ કરજો માહારી ॥
તંમ ધરમ શાચવણુ કરજો મંન માએઆ મૂકી અંમને જાંણી ।
પરથમ ગૂશલ કરજો તમ હેમજલજ આંહાંણી ॥ ૧૮૪૦
પવીતર પાવ જલે શરવ શરીર ધોજો મનને જાંણી ।
મોબેદાંન મોબેદ બોલાવી તંમ ભણાવજો જંદ વાંણી ॥
શાંવધાંન થાઇ શાચવજો મન શબરજ આંહાંણી ।
તંમ સબરજ કરી ખમણે બેસજો એકજ ધણી જાંણી ॥
તંમ સોવન ઘેહાંન તાબૂદ ઘાલી પેહેરજ રેહેજો ।
જહવેર ધહવેર હેમ રૂપ વસ્તર તંમ દાંનજ દેજો ॥
એમ દાંન દેઈ તંમ વસ્તર દાંન તે દેજો શાર ।
એ મંન પેઆરી પાદશાહાવાર અમ રવાંનની કરજો વાહાર ॥
તંમ તાંહાં જારી શોગ શેવન મો કરતાં કાંમ ।
તમ શબર કરી મંન વાલી બેસજો એકજ ઠાંમ ॥ ૧૮૪૫
અંમ કીને ખાહા આંહાં આવશે રૂસ્તંમ ફરાંમરોજ ધાઈ ।
અંમ કીનાંપર તે મારશે તાહારા બહને ભાઇ ॥
આંહાં અફરાશીઆબ નૂ મોહોલ બાલી જાલી કરશે રાખ ।
એ અફરાસીઆબ કરશેવજ મોહોલ નહી રાખશે નીશાંનજ શાખ ॥
તમને અમ કીનાની ઘણી લાગશે દાહાજ ।
તંમ પેતા બંધમ માતાની આંહાં નહી કરશો લાજ ॥
તંમને શેહેર નીકાલો દેવડાવશે ભાગલ બાહાર ।
તાંહાં તહારો રખણી દહમ ઇજદ થાએ તેણે ઠાર ॥
નેત શોહો શોહો લાઠી તમ પેટપર તે દેવડાવશે માર ।
તાંહાં દહંમ ઇજદ આવી તંમ તંનની કરશે વાહાર ॥ ૧૮૫૦
હરએક લાઠી ચોટ તે આપ સફરપર લેશે જાહાલી ।
દહંમ ઇજદ તમારા પેટ બાલને એમ રાખશે સહમાલી ॥
અફરાશીઆબ તંમ પેટપર તે એમ લાવશે દાવો ।
જે એહેનુ પેટ બાલ અમ આગલ તમ ગેલવી લાવો ॥
તમ પેટ કૂઅર સકરમી સવધેઆંનજ શાઆરો ।
શ્રી હોરમેજદ પોતે તેહને ઘણો રાખશે પેઆરો ॥
અમ તમ નોજુવાંનને એ દૂખ શેહાં ફલ તે એજ દીધૂ ।
તંમ પેટ સપૂતને પરભોએ અમરપણૂ દીધૂ ॥
એ મન પેઆરી અંમથી તંમ દૂખ દેખસો તે એટલા કાજ ।
એ સપૂત કૂઅરથી તંમ ઇરાન જમીનનુ કરસો રાજ ॥ ૧૮૫૫

તમ પવીતર તંન પેટ કએખોસરોને જનમજ દીધો ।
એ દૂખ શહેથી એક ધણીએ કએખોશરોને અમર કીધો ॥
એ પડીઊં શહી એમા કરવું તમ આંહાં એટલા કાજ ।
એ તન દુખ સહેથી તમ નવખંડ પરથવીનુ પાંમસો રાજ ॥
ફરંગેજે પડઉતર દીધો તાંહાં આજનો આજ ।
એ ધણી તંમ સૂખરાજ આગલ સૂ કરીએ નવખંડ પરથવી પુતર રાજ ।
કએઆંની શાહે ફરંગેજને આપ ધણી દોહેલી દીઠી ।
આપ મનસૂ હંશી હંશી તેસુ વાત કીધી મીઠી મીઠી ॥
એ સપન વાત તે આંહાં તંમ આગલ કીધી અહમે ।
એ વાતની ફેકર ચંતા તે શાંને કરોચ તહમે ॥ ૧૮૬૦
સપનતરમાં નર નારીને બાજી થાએ એઆલ ।
બાજી દીધેથી કોઇ નાર નહી જાંણતી બાલ ॥
શાહે તે પવીતર નારને સહ્મજાવી કહી વાત ।
તે પવીતર નારને ધણૂ પરછવી કીધી રલીઆત ॥
એક જંગલ જાલમાં જાઈ તમ તાંહાં કરસો વાશ ।
કએખૂસરોને ગેવ લેવા આવશે તાંહાં તહ્મારે પાશ ॥
ગોદરજ કેસ્વાદનો બેટો ગેવ તેહેને દેજો ધણુ માંન ।
તે ગેવ દલેરની ઊભી ચસમ તેહેની એછે નીશાંન ॥
તે ગેવ ગોદરજ આંહાં આવશે તે જંગલને વાશ ।
તે કએખૂસરોની ખબર શાંભલી આવશે તહમારે પાશ ॥ ૧૮૬૫
એ ફરંગેજ તંમ અંમ મનછે ધણૂજ પેઆરી ।
અંમ તંનની એક બબરેબેઆંન છેજ શારી ॥
તંમ એ બબરેબેઆંનને આપ જીવ કરતાં સહંભાલી લેજો ।
કએખુશરોને ગેવ લેવા આવે તેને એ બબરેબેઆંન દેજો ॥
એ અમ તમને વસીઅત કીધીચ તે તંમ મનને એસ્ર રાખજો જાંણી ।
તંમ એ કોએ આગલ માં બોલતાં એ મૂખજ વાંણી ॥
એ બબરેબેઆંન ગૂણ અમ તંમને સહમજાવું કહી ।
તંમ એ ગૂણ ભેદ મનમાં શહમજી રેહેજો શહી ॥
એ બબરેબેઆંન પેહેરી રણ જૂજ જૂહૂજવાને જાએ ।
શાંમણાં વેરીનાં હથીઆરનાં લાગે ધાહાએ ॥ ૧૮૭૦
વેરી તરવાર એપર નરંમ મીણુજ થાએ ।
તે વેરી એ આગલ તે જૂધમાં મરાએઓ જાએ ॥
સાંહાંમનો વેરી એ તંનપર ગરૂજનો મારે ધાહાએ ।
તે ગરૂજ ધાહા એપર પોચા રૂઊની દડી થાએ ॥

વેરી નેજાનો એ તંનપર તાકી મારે ધાહાએ ।
તરત તે નેજાની અણી વાંકી વલીને જાએ ॥
કમાંણ કશીશ કરીને તીર તૂકા મારે ખાકી ।
તે તીર તૂકા ગરી ગરી પડે મારનાર રેહેજ થાકી ॥
એ બબરેએઆંનછે જરજરી જડાવજ શાર ।
એપર લોહોડૂ હથીઆર કાસટ ન કરી સકે કાર ॥ ૧૮૭૫
કોએ સતર પથર શંધની એપર દીએ માર ।
તે બબરેએઆંનથી ચૂનો ચૂનો થાઇ પડે તેણે ઠાર ॥
કદાચ ડૂંગરથી જૂધ કરતાં લબસીને જાએ પાગ ।
તાંહાંથી પડતાં અલવરાઈ નહી આવે જાંણે ઊંડી બેસેચ કાગ ॥
કદાજ ભર દરીઆવમાં હોડી ગોરાબ વાંહાંણ ભાગે ।
એ બબરેએઆંન તરવીને કીનારે થાગજ લાગે ॥
કદાજ દુશમન ઘરમાં ઘાલી આગ લગાડે જાંણી ।
એ બબરેએઆંન પેહેરથી તે આગ થાએ જાંણે સીતલ પાંણી ॥
તે દીઠે તરત આગ અંગાર વડી થાઇ બૂહજીને જાએ ।
એ દીઠે રાખશ દઇત દેવ જાદુ શંનમૂખથી નાહાશીને જાએ ॥ ૧૮૮૦
હસ્તી વર વાહાઘ્ર શંઘ તે નહી આવે એહેને પાશે ।
શાંપ વીછૂ અજદાહા કાલા નાગ એ દીઠે નાહાશે ॥
એ બબરેએઆંન ગુણ તંમ મંનનાં મંનસૂ રેહેજો જાંણી ।
જો કોએ અશારત જાંણશેતો અફરાસીઆબ લેસે આંહાંણી ॥
એ બબરેએઆંન અફરાસીઆબપર નહી કરે કાર ।
જે પોરીઓદકેશી ઘરમ ચલાવે તે તંન શોહોઇએ શાર ॥
એ બબરેએઆંનની[1] મજમૂન સરવ સહમજાવીને કહી ।
ફરંગેજ શાંભલી મનમાં શહમજીને રહેઆં શહી ॥

---

1 ૧૮૬૯–૧૮૮૪ સુધીની બેતોમાં બબ્રેએઆંનનાં ગુણ કહેઆછે તે ૧૦૫ મે સફેની નોટમાં જણાવ્યા મુજેબજ છે. પણ ત્યાંહાં જણાવ્યુંછે તેમ બબ્રેએઆંનનું બખ્તર તો જેહાંન પેહેલવાંન રૂસ્તમનુ હતું અને તે બબરેએઆંન નામનાં એક જાનવરનાં ચામડાંનું બનાવેલુ હતું એહવું ફારસી બેતોમાં બનાવેલાં બબ્રેએઆંન-નામાં ઉપરથીબી માલૂમ પડેછે. તેનો સાર નીચે મુજેબછે:—એહેવુ કેહેછે કે મીનોચેહેરનાં વખતમાં હિંદુસ્તાંન મધે મજકૂર નાંમનું જાનવર જાહેર થયું હતુ જેણે હજારો જાનોનો નાશ કર્યો હતો તથા આબાદ જમીનને વેરાંન કરી નાંખી હતી. જ્યારે હિંદુસ્તાંનનાં લોકો તે ભયંકાર જાંનવરથી ઘણાંજ આજેજ થયાં ત્યારે ત્યાંહાંનાં રાજાએ તેનાં નાશનો ઇલાજ કરવાને ઈરાંણનાં શાહા મીનોચેહેરથી મદદ ચાહી. મીનોચેહેરે, આ જાનવરની વાત શાં-

અફ્રાસ્યાબે સ્યાવખશ ઊપર મેહમાંનીને બાંહાંને નાંમુ લખવું અને સ્યાવખશનું તુર્કસ્તાંનમાં આવવું.

તુરકી શાહે એક નવીસંદાને આપ પોતાની પાશે બોલાવી લીધો ।
નવીસંદે રાજદરબાર આવી સેજદો સલાંમ કીધો ॥ ૧૮૮૫
તુરકી શાહે નવીસંદાને બોલાવેઓ પોતાની આગલ ।
કએઆંની ઉપર ફરમાંન લખવાને આપેઆં કાગલ ॥
નવીસંદાને તુરકી શાહે કહેઉં એ વાત પરછી લેજો તમે ।
હવે લખવાનુ શરૂ કરો ઊપમા લખાવું છેઉં અહમે ॥
અંમ મનની શહમજી લેહેજો તંમ સીઆવખશ બાંમી[1] ।
ચંદ શાલ થાએઆ તંમ અમ પાશથી નહી લેતા સલાંમી ॥
એ સેઆવખસજી તૂં નર અંમ ઘેહેર આએઓ ।
તહમારો અમને આંહાં ઘણો આશરો થાએઓ ॥

ભલી પોતાની દરબાર મધેથી સાંમનાં બેટા જાલેજરને તેનો નાશ કરવાનું કાંમ સોફ્યું. આ વખતે તેનો બેટો રૂસ્તમ દરબારમાં હાજેર હતો, અને એ વખતે એની ઊમર ૧૭ વર્ષની હતી, તેણે આ કાંમ માંથે લેવાને ચાહેઉં. એ વાત જાલને નાપસંદ આવવાથી તેણે તેને ધમકાવ્યો અને ગોદર્જે જે તેનો ઊસતાદ હતો તેને સોશીઓ કે તે જાલની ઊપરવારો થઇને આ ભયંકાર કાંમમાં પડે નહી. જાલે લશકર તયાર કરીને હિંદુસ્તાંન તરફ કુચ કીધી. બીજી તરફથી રૂસ્તમે, ગોદર્જેને પોતાનાં હાતમાં લેઇ તથા જંગનાં હથીઆરો તયારકરીને છુપા લેબાસોમાં, અલબુર્જ નામ ધારણ કરીને, જાલની પુઠ પકડી. રસ્તામાં તેણે જાલને ઘેરીને તે પાસેથી જગાત માંગ્યું જે તેણે નહી આપવાથી તેનાં લશકર શાથે જંગ કરીને તેને આજેજ કીધું; સેવટે જાલ જંગમાં ઉતર્યો તે પણ તેથી આજેજ થયો. ત્યારે એહવો થેરાવ કીધો કે તે બંધેજનાંઓએ બાબ્રેબેઆંનની લડાઇમાં જવું જે તેનો નાશ કરે તે જગાત લીયે. આ ઠેરાવ અલબુર્જ (રૂસ્તમ) ને ઘણોજ પસંદ પડેઓ. તે બંધે હિંદુસ્તાંન જાઇ પુગા. પેહેલાં જાલે બાબ્રેબેઆંનનો નાશકરવાનું કાંમ પોતાને માંથે લીધું પણ તે તેમાં નિશ્ફળ થયો. તે પછી રૂસ્તમે લોહોડાંની એક પેટી ચોકસ કલાથી ઘડાવી તેની આશપાશ તમાંમ જેહરી હથીઆરો જડાવ્યાં અને તેમાં બેશીને બાબ્રેબેઆંન સાથે લડાઈ કરી તેનો નાશ કર્યો. પછી તે જાંનવરનું ચામડુ ઊંખેરાવીને તેનું બખતર બનાવ્યુ જે મજકૂર નાંમે ઓરખાવા લાગ્યું. એ પછી જાલ તથા રૂસ્તમ વચે પીછાંન થઇ. એ વખતે રૂસ્તમ હિંદુસ્તાંનનાં રાએની બેટી સાથે પરણ્યો હતો, જેને પેટે, બાબ્રેબેઆંન નામામાં લખવા મૂજેબ, ફરાંમરજનો જન્મ થયો હતો.

[1] બામી, એ સ્યાવક્ષનો લકબ છે. એને આજાદેહ સ્યાવક્ષબી કેહેછે.

તંમપર આપ કેરતારે ધણી કેરપા કીધી ।
તંમ કર અમ. મલુક શેહેર આબાદ કરી દીધી ॥ ૧૮૯૮
તંમપર આપ પરભો તરૂસ્ટમાંનજ થાએઆ ।
એ પરગણાં તંમ શેહેર મલૂક ઊપાએઆ ॥
એ અફરાસીઆએ ઘણાં વેણ વચનજ કહેઆ ।
તંમ આંહાં કોએના ઉહૂના ઓશીઆલા નહીજ રહેઆ ॥
એ શેઆવખશજી તંમ અંમ મંન ધણુ લાગોચ મીઠા ।
તંમમાં એ ચેઆર ગૂણ તે અત મોટા દીઠા ॥
પરથંમ ગુણ એજે તમોને ગએબી અશોએ જાએઆ ।
બીજો મોટા ગૂણ એ જે કએઆંની તંન તંમ નીશાંનજ પાએઆ ॥
તરીજો મોટા ગુણ એજે ઈજદ અમેસાસપંદે તમારા કરજ શાહેઆ ।
ચોથો મોટા ગૂણ એ જે કએઆંની શાહા પેહેલવાંનજ થાએઆ ॥
તંમ બૂધ ગનેઆંનમાં આપેઆપ છેઓજ વજીર ।
એ શેઆવખસજી ગેબીના જાએઆ શેહેર વશાએ તંમ થાએઆ પીર ॥
એવડા ગૂણ અમ આજ કોએ નરમાં નથી દીઠા ।
પેહલા જમાંનાંમાં પએગંબર શાહા જમસેદ શાંભલેઆતા મીઠા ॥
એ રીતે સરવ મજમુન લખી ફરમાંન બીડી મોહર કીધી કાગલ ।
એ ફરમાન લેઇ એક એલચી મોકલેઓ કએઆંની આગલ ॥
એ કએઆંની તંને શાંભલી વાંચી મનને એમજ જાંણી ।
મૂખ મીઠી ચંતવણથી અત જૂઠાથી મનને ગેરજ આંણી ॥
તેહારે રૂખસારે એ કએઆંનીને એમ એશારત કીધી ।
એક દંન પીરાંન મૂખથી અંમ એમ પરછવીને લીધી ॥ ૧૯૦૦
તંમ તૂરકી શાહા કરશેવજની મો માંનતા એ શાચી વાત ।
તમસૂ શીલે સભાવ કરસે વીસ્વાસ ધાત ॥
એ કપટી લોકને આંહાં ધીરતા માં તહમે ।
એ નરવાર નરધાર શાચ કહુંચ અહમે ॥
શાંભલો રોખશારે આંપણે હરએક વાતનો તે કરીએ શાજ ।
પણ આંપણ મોહોતનો તે નહી કરી શકીએ એલાજ ॥
અમપર કેરતારે કુરપા કરતાં કાંઇ ઓછ નથી રાખી ।
અહોરમેજદ પુતરે[1] જાહેર દીધી સાખી ॥

---

[1] અહુરમજદ પુતર, આતશને અવસ્તામાં જાબજા અહુરમજદનો પુત્ર કહેલોછે. માંટે હિયાં અહુરમજદ પુત્રથી આતશ સહમજવો. સોદાબેહે સ્યાવક્ષ ઊપર તોહોમત મુકયું તે વખતે તે આતશની ચેહેમાંથી સલામત પસાર થયો હતો તેનો અત્રે ઈશારો કરેલોછે.

હરએક વાતનો અરમાંન નથી રહેઓ એણે ઠાર ।
તંમ ફરેદૂન નશલની બહને તંમ અમને લાધી નાર ॥ ૧૯૦૫
અફરાસીઆબે આપ મેહેમાંનીનો કીધો શાજ ।
ચેઆર ઇઆર મોકલેઆ શેઆવખશજીને લેવા કાજ ॥
તાંહાં કરશેવજે કહી મોકલેઉ આંમ ।
તંમ એ બરાબર મો આવતા વેલંમ કરજો એણે ઠાંમ ॥
એ શેઆવખશજી એહેના કહેથી તરત મો આવસો તહમે ।
તંમ વેલંમ કરસોતો તરત આવસૂ અહમે ॥
શેઆવખશજીએ તાંહાં એમ વેલંમ કીધો કાર ।
કરશેવજ આપ તાંહાં જાઇ ઉભો તેણે ઠાર ॥
શેઆવખશજીએ એ શરવ વશીઅત કીધી ।
સરવ સહમજાવી ફરંગેજ રૂખશારે આપ શાથે લીધી ॥ ૧૯૧૦
સીઆવખસગેરદથી કએઆંની અફરાસીઆબ આગલ આએઆ ।
ફરંગેજ રૂખશારેને[1] તે આપ બરાબરજ લાએઆ ॥
ફરંગેજ આપ પેતા મોહલ અંદર ગીઆં ધાઈ ।
તાંહાં મોહલ અંદર જાઇ ભેટ મલણ કીધું આપ આપણી માઇ ॥
તૂરકી શાહા શેઆવખશજી મુખ દેખી આપ મનસૂ સહંમજી રહેઆં ।
અફરાસીઆબ કરશેવજ તે એકજ થાએઆ ॥
એ કરશેવજ એ આંપણો બોલાવેઓ આવેઓ આંહાં ।
એ આવેઓચ તે આંહાંથી હવે જાશે કાંહાં ॥

અફ્રાસ્યાબે સ્યાવખશની મેહમાંની કરવી તથા તેને મારી નખાવવો.

તાંહાં તૂરકી શાહે તે મેહેમાંનીનો કીધો શાજ ।
તાંહાં મેહેમાંનીનો મેલો કીધો એ શેઆવખશજીને કાજ ॥ ૧૯૧૫
તાંહાં તૂરકીએ એક મોહોલમાં સરવ સામાંનજ કીધો ।
શેઆવખશજીને તાંહાં એમ મોકામજ દીધો ॥
તાંહાં શાદી મેહેમાંની આપ ખૂશીસૂ કીધી ।
તાંહાં રંગ બેરંગી મએ હેમ પેઆલેભરી ભરીને પીધી ॥
તાંહાં જનસા જનસી રંગ રાગસુ રંગો કીધા ।
તાંહાં કેઆંની તંને આપ શી એકનાં સૂકરાંનાં કીધા ॥

---

[1] ફરંગેજ તથા રૂક્ષારે એ સ્યાવક્ષની બઈરીઓનાં નાંમોછે. મને મલેલી ૩ નકલોમાં પીરાંનની બેટીનુ નાંમ રૂક્ષારે છે અને એકમાં જજીરેહ છે. છેલ્લુ નાંમ શારેસ્તાંને ચેહાર ચમનમાં મલેછે. શાહા-નામાંમાં તથા બુરહાને-કાતેમાં જરીરેહ છે.

તાંહાં તૂરકી શાહા આપ મેહેમાંનીથી વડા થાએઆ ।
તાંહાંથી અશારત કરી આપ મોહોલ અંદર ગએઆ ॥
તાંહાં કરશેવજે તે કરસેવજીનાં કીધાં કાંમ ।
તે નાપાકનુ જેહાંનમાં બોલી મૂકજો નાંમ ॥ ૧૯૨૦
તે નાપાક બદગોહરનું તે મો લેતા નાંમ ।
તે મહા પાપીનું બોલી મુકજો નાંમ ॥
નાપાક કરસેવજ થાએઓ માહા મોટો પાપી ।
તેણે નાહક નાહક કરી અશોને સંતાપી ॥
તે પાક અશોપર એણે નાહક સેતમ તે કીધો ઘણો ।
એ ધરમી લોક તમ એ શાંભલી "અવખશેપશેમાંન" જ ભણો ॥
જેહારે અફરાશીઆબ ગએઓ મોહોલમાં ધાઇ ।
તાંહાં નાપાક કરશેવજને તે એમ બારી પાઈ ॥
એ સેઆવખશજીને તે તાંહાં એમ ઘેરી લીધા ।
ગફલત રાખીને તે ઘણાંજણ મલીને બાંધી લીધા ॥ ૧૯૨૫
તાંહાં બહને હાત શાહાઇને એમ બાંધેઆ પછવાઇ ।
તાંહાં કરશેવજે જહરે વીધહરે બોલાવેઓ ધાઇ ॥
તાંહાં નાપાક કરસેવજે એમ એશારત કીધી ।
તાંહાં એક તસત તે એમ મંગાવી લીધી ॥
તાંહાં નાપાકે એક તેજ છૂરી તે એમ કાહાડીને લીધી ।
તે નાપાક જહરે વીધરેના હાતમાં દીધી ॥
તે નાપાક આપ મંનસુ કાંઇ નહીજ બીધો ।
એ નજીશે જાંણી જોઈ અશો કએઆંની પર જોરજ કીધો ॥
તે માહા પાપીએ આપ મંનને કરોધજ ધરી ।
કએઆંનીને આડા પાડી ગલે ઘાલી છૂરી ॥ ૧૯૩૦
એ શેઆવખશજીને તાંહાં આડા પાડી ।
તેજ છુરીએ કરી કએઆંનીનૂ શીશ નાંખેઉ વાહાડી ॥
એક પાપી તંન તે તસ્ત લેઇને આગલ ગીઓ ચાલી ।
શેઆવખશ લોહી તે આપ તસ્તમાં લીધૂ જાહાલી ॥
એ શેઆવખશ લોહી તેણે સરવ જાહાલી લીધૂ ।
તે શેઆવખશ લોહોઈ ભૂમી પડવા નહીજ દીધૂ ॥
તે લોહોઈમાંથી એક છાંટો ઉડી ભૂમીપર પડેઓ આંમ ।
તાંહાં "ખુને શેઆવખસી[1]" પરગટેઉ તેણે ઠાંમ ॥

---

[1] ખુને સ્યાવખશી, એને હકીમાંની કેતાબોમાં "ખુને સ્યાવશાન" અથવા "પરે સ્યાવશાન" કરી કેહેછે. અરબીમાં શઅ્‌ર-ઉલ્‌-જબ્બાલ અથવા શઅ્‌ર-ઉલ્‌-અર્દ કરી કેહેછે. મખ્‌જન્‌-ઉલ્‌-અદ્‌વીઆમાં જણાવ્યા મૂજેબ એ દવા ઘણાં મરજોનાં એલાજ તરીકે વાપડવામાં આવેછે.

તાંહાં ઘણી કૂદરત તે એમજ થાઈ ।
તે લોહોઈ છાંટથી તાંહાં ગૂલજાર ઊંપાઇ ॥ ૧૯૩૫
તે "ખુને શેઆવખસ" તેહનૂ ધરેઊં નાંમ ।
તે આજ દને ઓખદીમાં સરવને આવેચ કાંમ ॥
હકીમ કેતાબમાં એહેની મજમૂન છેજ શહી ।
અંમ દાંનાવ મૂખથી શાંભલી પરગટ કીધૂ શહી ॥

સ્યાવખશને કતલ કરવાની ફૂરંગેજ તથા તેના ખેદમતગારોને ખબર પડવી; તેઓનું તેની લાશ આગલ હાજર થવું તથા તેના તાબુદને સ્યાવખશગેરદમાં લઈ જવુ.

શેઆવખશ મારેઆની ફરંગેજને એ ખબરજ થાઇ ।
તે કએઆંની આગલ આપ દરોડી આવેઆં ધાઇ ॥
શાહાને શાચવેઆની આપ એમ કીધો સજાઇ ।
શાહાનાં ખજમતગાર પોરીઓદકેશી આવેઆ ધાઇ ॥
શાહાને પોરીઓદકેશી એમ શાચવણ કીધી જાઇ ।
શાહાને પરથમ "હેમ જલે" કરી ગોસલ કીધૂ જાઇ ॥ ૧૯૪૦
"આવે પાવ"[1] કરી તંન શીશ સરવ કીધૂ શાફ ।
શીવી તંન કૂસ્તી બાંધી તંન નાભજ નાફ ॥
રૂખશારે એમ કેહે દેઊં વસ્તર ગઊં દાંન ।
ફરંગેજે ખેરાત કીધી તાંહાં હેમ રૂપ વસ્તર દાંન ॥
તે ભૂખંડી ગરીબ લોકને વાંટી વેહેચી દીધાં દાંન ।
તાંહાં ઘણી ખેરાત કીધી હમાં તૂરકસ્તાંન ॥
શેવન ગેહાંન તાંહાં એ કએઆંની કાજ આહાંણી ।
તાંહાં મોબેદાં મોબેદ ભણેઆ "જંદજ" વાંણી ॥
તાંહાં તેહેને તરૂત અશોદીદ[2] તે કીધી ઘણી ।
તાંહાં મોબેદ મૂખ દાતાએ "જંદ" વાંણી ભણી ॥ ૧૯૪૫

---

[1] આવે પાવ, પવિત્ર પાણી; મોબેદો યજશને કરતી વખતે અથવા કોઈબી પવિત્ર ક્રિયા કરતી વખતે, ચોકસ ક્રિયાથી પવિતર પાણી કરેછે તે. [2] અશોદીદ, જો એ શબ્દ જેમ સઘલી નકલોમાંથી મલેછે તેમ રાખીએ તો એની મતલબ સગદીદ (પારસીઓ ગુજરેલાની લાશને સગ દેખાડેછેતે) સહમજવી; અને જો એ શબ્દને અશોદાદનો બગડેલો સહમજીએ તો ગરીબોને સખાવત કરવાની મતલબ સહમજવી. જ્યારે બધી નકલોમાં પેહેલોજ શબ્દ મલેછે ત્યારે સગદીદજ રાખવો વાજબી લાગેછે પણ સ્યાવક્ષનાં વખતમાં સગદીદ કરવાનો રે-

તાંહાં શાહાને શોવન ઘેહાંનપર શાંચવેઆ આંમ ।
તાંહાં અવલ મંજલ પોહોચેઆનુ કીધુ અતમાંમ ॥
તૂરકી શાહે પીરાંનને એમ રજા દીધી ।
પીરાંને અવલમંજલ શાજજ કીધી ॥
તૂરકસ્તાંન અવલમંજલ આગલજ થાએઆ ।
પોરીઓદકેશી તે શાહાની આગલ આશપાશજ રહેઆ ॥
ડૂગર દાંમે[1] શાહા તાબૂદ મૂકી શોવણુ ગેહાંન ।
તાંહાં કએઆંની શાહાનૂ તાબૂદ દુખમે દીધૂ આંમ ॥
તાંહાં પોરીઓદકેશી શેઆવખશગેરદજ રહેઆ ।
તૂરકી લોક તે શરવ તુરકસ્તાંનજ ગએઆ ॥ ૧૯૫૦

ફરંગેજે પોતાનાં પિતા અફ્રાસ્યાબની દરબારમાં જઈ જારી કરવી તથા તેની ઊપર ફીટકાર નાંખવો.

ફરંગેજ તે વકર રૂપે આવી અફરાસીઆબ આગલ ધાઈ ।
શોહોર બૂમ દીધી આપ પેતા તખત આગલ જાઇ ॥
આહાએ અફસોશ ખાઇ ખાઇ જારજ રડી ।
આપ રોતી પીટતી તખત આગલ આવી ઊભી ખડી ॥
આપ ઉભી રહી જગર કલેજેથી ઠંડી મારી આહાએ ।
આપ સેઆવખશજી તે શંભરી શંભરી નીશાશજ ખાએ ॥
તૂ નાવીસ્વાસી માહારા શાહાને તે વીસ્વાશઘાતજ કીધી ।
માહારા બલવંત બૂધવંતને ઘરમાં ઘાલીને બાજી દીધી ॥
એકંત ઘરમાં ઘાલી સૂતા ચાંપી કેહેરજ કીધો ।
એ મૂજી માહારા એક તંન દલેરથી તૂ એવડો બાધો ॥ ૧૯૫૫
એહેને મરદી દાવે તૂ વકારીને મારતે ઠાંમ ।
તો અફરાશીઆબ દલેર તાહારૂં રેહતે નાંમ ॥

વાજ હોએ એ શક ભરેલુ લાગેછે. એ કવિએ ઘણે ઠેકાંણે પોતાનાં વખતનાં રેવાજોને છેક જુનાં વખતમાં લઇ જઇને મુકયાછે તેમાંનો આએ પણ એક દાખલોછે.

[1] દાંમુ, જેને આપણુ દખમું કહીએચ તે અને મજકૂર શબ્દ એકજછે. પેહલવીનાં ઘણા ખરા અક્ષરોની એકજ શિકલ એકથી વધારે રીતે વાંચ્યા શકાએચ તેથી એ ભુલ થઈ છે. પેહલવી ખ, આ બી વાંચી શકાએચ તેથી દખમ ને દામ થયો ; દામુ શબ્દબી ઘણું વખતથી વાપરવેશમાં આવેલોછે અને હાલબી વપડાએછે. હાલનાં ઇરાણી જરથોસ્તીઓ પણ દખમાંને દેમ કેહેછે.

એ તૂરકી શાહા તાહારૂ દલેરપણૂ તે ગૂમજ થએઊં ।
દલેરપણૂ બોલી હીજ મૂજી નાંમ ઉપાએઊ ॥
એ તૂરકી શાહા તે આંહાં આપ પોતાનું બોલીઊં નાંમ ।
એ તમાંમ જેહાંનમાં ફીટ ફીટ એ જીવેઆનૂ મૂ છે કાંમ ॥
એ બદ જીદગાંની આંહાં મુરદેહ બેહે ।
એ માહારા અશોથી તે મહને પાડી છેહે ॥
ફીટ તૂરકી તે આપ પોતાને લગાડી લાજ ।
એથી તાહારૂ મરણ ભલુ એ જીવેઆનૂ સુ છે કાજ ॥
એ નાવીસ્વાસી ઘાતી એ પાક અશોએ તાહારો આશરો લીધો ।
એ નાપાક નજીસ એ પાક અશોપર તે કાંએ જૂલંમજ કીધો ॥
એ કએઆંની શાહે તૂસે શું કાંઇ કૂડ બોતુ કીધૂ ।
તાહારા ઉમરાવ બેહૂ બેટાને જીવત દાંન દીધુ ॥
કરોડ લખ દર હજાર સલાંમી આપ નહીજ લીધી ।
આંહાં આવી રેહેઆ પછે તૂરકસ્તાંન શલાંમી મને કીધી ॥
એ બેશરંમ બેહએઆ એવડી ખૂબી તૂશે એણે કીધી આજ ।
એ તૂરકી તે આદ પોતા ફરેદૂનને કાંએ લગાડી લાજ ॥
એ નાપાક નાવીસ્વાશી તે એ પાક અશોપર જોરજ કીધો ।
એ પાક પહરેજગાર શેઆવખશને તે મારી લીધો ॥
તેં માહારા પાક અશોપર જોરાવરી તે કીધી આંમ ।
નાહક ધરમા ધાલીને તે મરાવેઓ ઠાંમ ॥
હૂ જાંણુચ તૂ અફરાસીઆબ મંનનું જાંણેઊં કરી લેશે ।
એ પડેઉ દુખ તે અંમ તંન સહીને લેસે ॥
આપ મનનૂ જાંણેઊં કરતાં ઓછ માં મેલસો તહમે ।
એ પેટ તંનપર પડેઊં દુખ તે શહી લેસૂ અહમે ॥
હૂ અફરાશીઆબ બેટી બેટા ફરંગેજ માહારૂં નાંમ ।
અંમ એ ભરતાર કીને તાહારા વંશને સોધી સોધી મરાવસ ઠાંમ ॥
તાહારો મલુક સરવ કરાવુ તારાજ તારાજ ।
તાહારી પાદશાહી ખાક કરી નખાવું તખત ને તાજ ॥
તાહારા મોહોલ મંદર સરવ બાલી જાલી કરાવૂં ઉજાડ ।
તાહારા મલૂકમાં વાહાધ વરૂ વશાવી ઉગડાવું જાહાડ ॥
તાહારા વંસને સરવને મરાવુ ઠાંમ ।
તાહારા નસલનાં કોએનુ નહી રખાવુ નાંમ ॥
હમણાં આંહાં બોલાવી લેઊં જેહાં પેહેલવાંન રૂસ્તંમ જાલ ।
તૂને જીવતો ધરાવી તાહારા તંનની કહડાવૂં ખાલ ॥

તાહારૂ નાંમ નીશાંન નેશ નાબૂદ કરાવૂં આજ ।
તે માહારા શેઆવખશજીનાં કીનાંને કાજ ॥
તમાંમ તૂરકસ્તાંનમાં હુ વવડાવૂ કાંગ ।
તાહારો મોહોલ ઊજાડ કરાવી હુ વવડાવૂ ભાંગ ॥, ૧૯૭૫
તાહારા મોહોલ બાલી જાલીને કરાવુ રાખ ।
એક મોહોલ નાંમ નીશાંન નહી રખાવુ શાખ ॥
હવે તાહારૂ મોહોત મરણ નજદીક આવેઊચ આજ કાલ ।
હમણાં દરોડી આવશે આંહાં રૂસ્તંમ જાલ ॥
જેહાં પેહેલવાંન તે આપ દરોડીને આવશે આજ ।
એ પાક શેઆવખસજીનાં કીનાંને કાજ ॥
તે પાક પેહેલવાંન તૂરકસ્તાંન આવશે શહી ।
તાહારો મુલુક શરવ ઊજાડ કરાવુ હું આગલ રહી ॥
એ શરવ શાંભલી તૂરકી શાહાને ઘણો લાગો કાલ ।
ગુસો કરી મોહો છુટી છુટી ઘણી દીધી ગાલ ॥ ૧૯૮૦
મોહો ચહડી મકરજણુંપણુ શુ કરેચ કાંમ ।
હમણા શમશેર કાહાડી કરીને મરાવસ ઠાંમ ॥
એ તૂરકી શાહ તંમ એવડો ગુશો કરોચ તે શાંને કાજ ।
કાલ સમશેર મારતા હોએતો ખંજર મારજો આજ ॥
તંમ અગરેરસ[1] જેહેવો તે ભાઈ મારેઓ ઠાંમ ।
સરવ ખલકને મૂસકેલ આશાંન થાએચ તેહેનૂ શંભરેચ નાંમ ॥

---

[1] અગ્રેરસ, પશંગનો પુત્ર તથા અફ્રાસ્યાબનો ભાઈ. એ ઘણો સહમજુ હતો. શાહનામું તથા બીજી તવારીખોમાં લખવા પ્રમાણે મીનોચેહેરનાં ગુજરવા પછી તેના બેટા નોજરની બાદશાહીનાં વખતમાં પશંગે અફ્રાસ્યાબને તેની ઉપર ચઢાઈ કરવા મોકલ્યો હતો. એ વખતે નોજર તથા ઘણાંએક ઈરાંણી સરદારો તથા પેહલવાંનો અફ્રાસ્યાબને હાત પકડાઈ ગયા હતા. અફ્રાસ્યાબે તે સઘલાઓને કતલ કરવાનો ઠરાવ કીધો પણ મજકૂર ભલા મરદે વચે પડી તેમની સેફારશ કરી તેઓનાં જાંન બંચાવ્યા, ત્યારે અફ્રસ્યાબે તેમને અગ્રેરસનેજ સોપી તેઓને સારી નામનાં કીલ્લામાં કએદ કરાવ્યા. તે પછી ઈરાણીઓને હાતે અફ્રાસ્યાબનાં કેટલાએક સરદારો માર્યા જવાથી તેનો ગુસ્સો ઉસ્કેરાયો તેથી તેણે આજાદે નોજરને કતલ કીધો. એ ઉપરથી અગ્રેરસનાં સ્વાધીનમાંનાં ઇરાણીઓએ, પોતાનાં જાનની સલામતી વિષે બીહીને અગ્રરસને વિનન્તિ કીધી કે તે તેઓનો જાંન બંચાવે. અગ્રેરસ પોતાનાં ભાઇનાં મિજાજ વિષે વાકેફ હોવાથી, પોતાનાં જાનની દરકાર નહી કરતાં તે સઘલાઓને છોડી દેઈ તેણે તેઓનાં જાંન

હૂ વેરાગણ એસરંમ થાઈ મે મેહેલી લાજ ।
તે આજ તહ્મારી સંમસેર તલે મરવાને કાજ ॥
તંમ શાંભલો પેતા જો હૂ આજ તહમારે હાતે મરૂં ।
માહારા પાક અશો ભરતાર પાશ જાઈને આસાએશ કરૂં ॥
એ શાહાજી ઉતાવલ કરી તંમ કરો ખલાશ ।
મહને રમાડી જમાડી લાડ લડાવી એભી પૂરવી દેઓ આશ ॥
એ સાહાજી તંમ જેહેત કરો ન કરો આજ ને કાલ ।
હૂં તાબુદ બરાબર જાઉ આહાંણૂ કરી લેઈ જાએ રૂસ્તંમ જાલ ॥
એ શાહાજી તંમ જેહેત કરીને એ કરવું કાંમ ।
હૂં નવખંડ પરથવીમાં ઉગી રહુ ફરંગેજ માહારૂ નાંમ ॥
નવખંડ પરથવીમાં લોક હરખે એમ કરે વાત ।
એ શાબાશ અફરાશીઆબ બેટી જે ગેઈ તાબૂદ સાથ ॥
જે ફરંગેજ આપ ભરતાર તાબૂદ શાથે જાએ ।
એ જેહાંનમાં મહને ઘહણી શાબાસી થાએ ॥

બંચાવ્યા. આ ખબર અફ્રાસ્યાબને પડવાથી, ગુસ્સામાં આવી, તેણે પોતાનાં પરહેજગાર ભાઇને કતલ કીધો. સેવટે કએખુસરૂએ અફ્રાસ્યાબને તથા તેનાં ભાઈ કરસેવજને અગ્રરસ, નોજર તથા સ્યાવક્ષનાં કીનાંમાં કતલ કીધા. "નાસેખ-ઉલ-તવારીખ" માં એ અગ્રરસ વિષે લખેચ કે "કેટલાએકોનાં કેહવા મૂજેબ અગ્રરસ તુરાંણીઓનો પએગંબર હતો." એ વાતને બુન્દહેસને કેતાબથી કંઇક ટેકો મલેછે, તેમાં લખેચ કે "પશંગનો અગ્રરસ સોકપસ્તાંન અથવા સકીગસ્તાંનમાં (એ શેહેર તુર્કસ્તાંનથી ચીન જતાં ઉત્તર તરફ આવેલુછે). રદ (ધર્મને લગતો સરદાર) હતો, અને તેને ગોપતશાહુ (અથવા ગોપત મલકા) કરીનેબી કેહેછે". ગોપતશાહુ વિષે મીનોખેરદ તથા દાદસતાનેદીની ઇત્યાદિ કેતાબોમાં એહવું લખાંન મલેછે કે તે અમર્ગ છે. અવસ્તામાં અગ્રેરસને નરૂનાં ખાંનદાંનનો કહેલોછે. અને અફ્રાસ્યાબે તેને જુલમથી મારી નાખ્યો હતો તેની, તથા તેનાં અને સીઆવક્ષનાં કીનામાં કએખુસરૂએ તેને મારી નાંખ્યો તેની, ગવાહીબી અવસ્તામાંથી મલેછે. ફરવરદીન યશ્તમાં તથા આફરંગાંનોમાં અને જરથોસ્તી ધર્મને લગતી બીજી ક્રિયામાં, બીજા સઘલા નેક લોકોનાં નાંમની સાથે એનાં નાંમનીબી યાદ કરવામાં આવેછે. અને ઘણાં લોકો પોતા ઉપર આવી પડેલી કોઈબી મુશકેલીને વખતે એની માંનતા કરેછે કે જો તેઓ ઉપર આવી પડેલી મુશકેલી આસાન થાશે તો અગ્રરસને નાંમે અમુક ધર્મને લગતી ક્રિયા (જેહવી કે યજશને, દરૂન, આફરંગાન) તેઓ કરશે. એ રીતબી જુની હોવી જોઇએ કેમકે એ કવિએ પણ એ વાતનો એશારો કરેલો છે.

જો હૂં આપ ઘાત કરી મરૂચ તો દોંજખી થાઉં ।
જો બાજી ભરતારપર મારોતો ગરોથમાંની થાઉં ॥

તે વાસતે તંમ પેતા આંહાં મહને મારો ઠાંમ ।
તો અમ આપ ભરતાર બરાબર જાણીં આંમ ॥

તાંહાં આપ પેતા આગલ થાઇ નરાસ ।
તાંહાંથી ફરી ગેઇ મોહોલમાં આંપ માતાને પાશ ॥

ફરંગેજ આપ માતા પાશે આવેઆં ધાઇ ।
તેણે છાંછવીને આપ પેઆરી બેટીને શાંઇ લાઈ ॥

તંમ એવડૂ જહમુર તે શાંને કરો તંમ મંનપેઆરી આજ ।
તંમ આપ પેતા બંધમનીભી નહી કરતાં લાજ ॥ ૧૯૯૫

એ રાજ કાજ મેલાં એમ આદ જાએચ ચાલી ।
એવાં કોતક આંમ કઈ દીઠાંચ નજરે ભાલી ભાલી ॥

માજી એ તંન બલ તે તંમ પોપઇઆ દેઓચ શાંને કાજ ।
કોહોનો પેતા કોહોનો ભાઇ આંમ બેટી જાંણી નહી ખાધી દાહાજ ॥

તહમારે રાજ મેલાં હતાં તો મહને જોર શાંને દીધી ।
માજી એને મહને દેઈ વીસ્વાસઘાત તે શાંને કીધી ॥

કરશેવજ બેટી એ અશાએ કબૂલ નહીજ કીધી ।
તે ઘાતીએ આંમ ઘર ઘાલી વીસ્વાસઘાંત બાજી દીધી ॥

એમ પરછવી પરછવી ફરંગેજે માતાસૂ કીધી વાત ।
તંમ મંનપેઆરી મંદર શોહાગ ઊતારો આંપણે હાત ॥ ૨૦૦૦

માજી એવડી વધતી વધતી શાંને બોલો આંમ આગલ ।
પરથંમ તહમારી વોહૂનૂ અભરણ ઉતરાવી વલતી ઊતારૂં પાછલ ॥

માજી એ રાજ મેલા બોલ બોલોચ તે શાંને કાજ ।
તહમારૂં અભરણ ઉતારી દેશ તેહારે આંમ મંનની ભાગે દાહાજ ॥

અફ્રાસ્યાબે ફ્રંગેજને શેહર બાહેર કહડાવી મુકી તેનાં પેટ-પર કાઠીનો માર મરાવવો, રૂક્ષારેએ અફ્રાસ્યાબને થપકો આપવો તથા ફ્રંગેજ સાથે વનવાશી થવું.

તાંહાં અફ્રાસીઆબે હુકમ કીધો મો લગાડો વાર ।
ફરંગેજ ચોટી શાહાઈ કાહાડી મૂકો ભાગલ બાહાર ॥

તૂરકી શાહાને ચહઢેઓ તાંહાં ઘહણો કાલ ।
એ તુરકીઓ એહેનાં પેટથી તંમ ગેલવી લાવો બાલ ॥

એહેનાં પેટપર તંમ નેત લાઠીની માર દેઓ ।
એહેનાં પેટથી તંમ કએઆંની તોખમને ગેલવી લેઓ ॥ ૨૦૦૫

તાંહાં તુરકીઓએ શેહેર બાહાર જાઇ મારજ દીધી ।
તાંહાં ધણી જણુ આવી પેટ બાલની વાહારજ કીધી ॥
નેત શોહો સોહો લાઠીની તે પેટપર મારજ દીધી ।
ધણી જણુ આવી પેટ ચોટ શહંભાલી લીધી ॥
તેહેનાં પેટને કશી અલવાર આવવા નહીજ દીધી ।
તે રખાણી કેરતારે રાખી સહંભાલ કરીને લીધી ॥
જેહેની વાહાર કરે ઇઆજદાં પાક ।
તેથી નાપાક સતરે જરદરૂ થાએ તેનાં મુખપર પડે ખાક ॥
ફરંગેજ બાલની રૂખશારેને ધણી લાગી દાહાજ ।
બેપરદે થાઈ રોખશારે શાહા મૂખપર તે નહી કીધી લાજ ॥
તુરકી શાહાની સભામાં આપ જાઇ ઉભી રહી ।
તુરકી શાહા સભાને એમ સહમજાવી કહી ॥
એ તુરકી શાહા સભા તંમ ગનેઆંન કરીને પરછવી લેજો ।
વલતી તંમ તહમારી કેહેવાત કહી પેહેજો ॥
એ કએઆંની શાહા વણુઅપરાધ તંમ મરાવેઓ ઠાંમ ।
આહારેમંન શેતાનખી એહેવું નથી કરતો કાંમ ॥
આહારેમંન નાપાક આગલ જાઈ તમ કરી આવોચ વાત ।
તે નાપાક ઘાતીએ તંમને એહવી ભુડી શીખાવી ઘાત ॥
તંમ આપ અતલગ બેઠીસૂભી એહેવી કીધી ઘાત ।
તે પાક સેઆવખસજીને મરાવેઓ નાપાક કરશેવજને હાત ॥
એ અફરાશીઆબ મહા ઘાતી તેં એહવી ઘાત કીધી આજ ।
તે તાહારા પેતા પશંગને કાંએ લગાડી લાજ ॥
એ માહા પાપી તે છાંનૂ કપટ કરી વીસવાશ ઘાતજ કીધો ।
એ પાક શેઆવખશને તે નજીસ કસરેવજ હાતજ દીધો ॥
તે નાપાક માહા પાપીએ ઘાત દેઇ બાજી કરી મારેઓ ઠાંમ ।
તમ બેહૂ ભાઇનાં તે જપલંગ બૂડજો નાંમ ॥
એ શેઆવખસ મારીને તે અંમને ઘણૂ રંજ આણી ।
તાહારા તોખમમાં કોએ માં રેહેતૂ હાં કેહેવા કાંહાંણી ॥
એ કરશેવજે આહારેમનીનાં કીધાં કાંમ ।
"આશમોગ[1]" દેવ મલતો એહેનૂ થાએઉં નાંમ ॥

---

[1] આશમોઘ, એ શબ્દનો અસલ અર્થ પવિત્રાઈ અથવા સચ્ચાઈ નો નાશ કરનાર કરીછે. મોરાદી અર્થ, ધર્મદ્રોહી એટલે ધર્મની કોઇબી બાબદ, અથવા અર્થ ખરી રીતે જાણવા છતાં તેને ઉલટાવનાર અથવા

જે ફરેસ્તા ખસલતને તે આંહાં મરાવેઓ ઠાંમ ।
એ દેવ ખસલતનૂ તે કરશેવજ નાંમ ॥
એ તૂરકી શાહા એવડી ખુદી તેં કીધી તે શાંને કાજ ।
નવખંડ પરથ્વીમાં તેં તૂરકી પેતાને લગાડી લાજ ॥
સરવ શેહેરમાં એ વીસ્વાસ ઘાતની વાતજ થાઈ ।
તંમ કર કરીને આપ મૂખ તે લગાડી શેહાઈ ॥
એ કરશેવજ ઘાત તે તંમ મંનને ખરી આંહાંણી ।
જૂગાંન જૂગવેર ભવની તે રાખી કાંહાંણી ॥
એ કએઆંનીએ તંમશે ભલાઈ કરતાં આપ ઓછ નહી રાખી ।
એ તૂરકી દાંનાવ તંમ આંહાં એની દેજોજ શાખી ॥ ૨૦૨૫
તંમ ભલાઈનુ ફલ ભલપણુ એહેજ દીધૂ ।
ભલપણુ બદલે એહેનૂ શીસ તે તંમ કાપી લીધૂ ॥
તંમ નાપાક આહારેમન આગલ જાઈને તે શૂ કીધો સનેહે ।
તંમ ધક એ અવતાર બદજંદગાંની મુરદેહ એહે ॥
એ જીવતરથી તંમને મરણુ ભલૂ જોઈએ ।
એહેવું જીવતર જીવીને આદ વડાનૂ ભલપણુ ખોહોઈએ ॥
એ સેહેશારમાં બદ જીવતર જીવીએ તે શાંને કાજ ।
આ કપુત થાઈને આદ વડાને લગાડે લાજ ॥
એ તૂરકી તંન તંમ આપ શાહાંનશાહાઈ ।
તે તૂરકી શાહાનાં મૂખ હાત તે રહેઆ બંધાઈ ॥ ૨૦૩૦
એ તૂરકી શાહપર રૂખશારે ટકલાઈ બોલે ને ભાલે ।
ગરીબ અતીમ શાચપણુ આગલ જૂઠા શાહાનૂ નહી ચાલે ॥
તાંહાં પીરાંન બોલેઆ એ રૂખશારે વધતૂ બોલેચ તે શાંને કાજ ।
એ સહભામાં અંમ પેતાનીભી નહી કરતાં લાજ ॥
એ માતા પેતા તંમ પરછવી લેજો આપેઆપ ।
અંમ વેરાગણુ ને જગર કલેજે લાગોચ કાપ ॥
રૂખશારેને માતાએ એમ બોધ શીખાંમણુ દીધી ।
તે વેરાગણુ અભધૂતને એમ છાંછવી લીધી ॥
શાંભલો રૂખશારે એહેને જાદુગરે શંતાપજ કીધો ।
જમરા ભમરા હાતથી આપ ધનીએ એહેને ઉગારી લીધો ॥ ૨૦૩૫

જુઠું સહમજાવનાર; ધર્મ પ્રમાણે નહી ચાલનાર; બે માણસો વચ્ચે જુઠું સહમજાવી ઝગડો ઉભો કરનાર, કરીછે. આ ઠેકાંણે આશમોધ દેવ એ કવિએ કરસેવજને કહેલોછે.

ભર આતસમાં આપ કેરતારે એહેની સંહમાલજ કીધી ।
એહેનાં તંનને કોએ એક તલ અલવરાઈ આવવા નહીજ દીધી ॥
દર્‌હત શંધ અજદાહા મારતાં નહી લગાડી વાર ।
આપ કેરતારે એહેની એહેવી કીધી વાહાર ॥
એહેના મોહોતની નીશાંની આવી પોહોતી એ દંનજ આજ ।
એહેનાં મોહોતનો કોએ નહી કરી સકેઆ એલાજ ॥
એ મન પેઆરી તમ ગનેઆંન કરી સહમજી લેજો વાત ।
આંહાં એહેનુ મરણુ સરજેલ કરસેવજને હાત ॥
એ શેઆવખશગેરદથી આએઆ આપ મનને જાંણી । [૨૦૪૦
એ મનપેઆરી એ અશો તંનનુ મોહોત આંહાં લાવેલ તાંણી ॥
તંમ આપઘાત જહમુર કરોચ તે શાંને કાજ ।
એ મોહોત હોણી અણહોણી નહી હોએ અલાજ ॥
એ મંનપેઆરી હવે તંમ રદે રાખો શી હોરમેજદનુ નાંમ ।
હવે તંમ ચાલો જાઇએ આંપણુ ઘર મંદર ઠાંમ ॥
એક બોલ વેણુ તે શાંને બોલોચ તમ માહારી માએ ।
હૂ ફરંગેજને છેહે દેઈ આવું તો તન રૂહ શીહા થાએ ॥
હૂ વેરાગણુ થાઇ ફરંગેજસે જુલુ કરૂ વાશ ।
હૂ વનવાશ જાઇ બેસસ માહારી ફરંગેજને પાશ ॥
એ માએજી અમ મન પેઆરાનૂ દૂખ ઘણૂ લાગે ।
અમ બેહૂ શોખનાં ચૂડા તે શાથે ભાગે ॥ ૨૦૪૫
એટલૂ કહી રૂખશારે ગએઆં ફરંગેજને પાસ ।
તાંહાં જાઇ તે મહલેઆં આપ કીધો વનવાશ ॥

સ્યાવક્ષને કતલ કરવાની ખબર ઈરાંણ તથા જાબુલિસ્તાંન જવી; રૂસ્તમે ઈરાંણ આવી સોદાબેહને સંગસારી કરાવવી તથા લશકર લેઈ તેનુ તુર્કસ્તાંન જવું, અને અફ્રાસ્યાબનું નાહાશી જવું.

શેઆવખશ મારેઆની ખબર તે ઈરાંન પોહોતી જાઈ ।
શાહા કાવુશ મોહોલમાં તે ઘણી માતમજ થાઈ ॥
સરવ ઈરાંનમાં તે એમ ઘણી માતમજ પડી ।
તાંહાં શાહા કાઉંશ પછાડ ખાઇને પડેઆ રડી ॥
આહાએ અફસોસ કરી મનશે નીશાસજ ખાએ ।
તમાંમ રાજ તાજ મોહોલમાં માતમજ થાએ ॥
ઈરાંનથી ખબર જાઈ પોહોતી ધૂર જાબૂલસ્તાંન ।
તાંહાં પછાડ ખાઇ પડેઆ ફરાંમરોજ રૂસ્તમ જાલ દસ્તાંન ॥ ૨૦૫૦

જહવારે તોખારે મરજબાંન એ શાંભલી વાત ।
આહાએ નીશાશ ખાઇને ધસવા લાગા હાત ॥
કએકબાદજાદી શેઆવખસજીની તે અતલગ લાગે ફાઈ ।
તે આપ મોહલમાં રદન કરીને ઘહણુ રોઇ ॥
તાંહાં ફરાંમરજ રૂસ્તમ એ શાંભલીને ખાધી આહાએ ।
રખસ અસ્વપર તે અસ્વાર થાઇ દરોડેઆ જાંણે ઉડે વાએ ॥
ફરાંમરોજ એખીલા પોહોતા ધૂર તુરકસ્તાંન ।
અફરાશીઆબને મારી મલૂક કરૂ મેદાંન ॥
માહારા શેઆવખસજીનો તે કીનો લેઊં આજ ।
અફરાશીઆબને મારી તૂરકસતાંન કરૂ તારાજ તારાજ ॥ ૨૦૫૫
આપ કીનેખાહા દરોડેઆ ધૂર તૂરકસતાંન ।
જેહાં પેહેલવાંન આપ આએઆ ધુર ઇરાંન ॥
શોદાબેહેને મોહોલ અંદરથી બાંહેર કાહાડી લીધી ।
સરવ ઇરાંની ખલકનાં હાતમાં સોપીને દીધી ॥
તેહેને સરવ ખલક લોકે શંગશારજ કીધી ।
તેહેને ભર ચકલામાં રાખીને એમ મારજ દીધી ॥
ગોદરજ ગેવ બેજંન એ કેસ્વાદગાંન ।
ગહસ્તંમ ગૂરગીન વેહેરાંમ એ આજાદગાંન ॥
એ સરવ ઇરાંની ગએઆ તૂરકસ્તાંનપર ધાઇ ।
સરવથી અગાઊં પોહોતા રૂસ્તમ તૂરકસતાંન જાઇ ॥ ૨૦૬૦
ફરાંમ રોજ પોહોતા એકીલા તૂરકસતાન જાઇ ।
તૂરકીનાં બેહૂ બેટા આપ કએદ કીધા શાહાઇ ॥
આપ જેહાંન પેહેલવાંન ગએઆ અફરાશીઆબપર ધાઇ ।
તે નાહાશી ગએઓ નદીમાં મેડક માહાઇ થાઇ ॥

રૂસ્તમે કુરગેજની ખોલ કરવી તથા તે હાત નહી લાગવાથી અફ્રાસ્યાબનાં મોહલો બાલી તારાજ કરવા.

રૂસ્તંમ તૂરકસ્તાંનમાં એમ કરે રલી આંણુ ।
કોએ તૂરકી રઇઅતને મો કરતા હાંણુ ॥
એમ ઘણૂ જબત કરી ફરમાએસ જેહાં પેહેલવાં રૂસ્તમ જાલ ।
તંમ કોએ રઇઅતને આજાર દેશોતો માહારા સેઆવખશને દેશે ગાલ ॥
ફરંગેજ હાલની રૂસ્તમે એમ શાંભલી વાત ।
ઘણૂ દોહેલા થાઇ આપ ઘસ્વા લાગા હાત ॥ ૨૦૬૫
સરવ ઇરાંની શાંભલી ઘણૂ દોહેલા થાએઆ ।
રંડમશ થાઇ રૂસ્તંમ આગલજ આએઆ ॥

સરવ ઇરાંનીને ફરંગેજની તે ઘણી લાગી દાહાજ ।
કહે જેહાં પેહેલવાંન આપણુ એહેનો સો કરીએ એલાજ ॥
ઘણૂ આજેજ થાઇ એમ બોલેઆ રૂસ્તંમ જાલ ।
તમ જાઓ ચોદશ ગેરદનવાઇ બોલો જંગલ જાલ ॥
કોએ તૂરકી વતનીને આજાર મો દેતા આંમ ।
કોએને કાંઇ આજાર દેસોતો તરૂત મરાવસ ઠાંમ ॥
તમ જાઓ જાસૂસને ઘણાં દેલાશા કરીને લેજો ।
જે માંગે તે તંમ નગદા નગદી કાહાડી દેજો ॥
જે કોએ ફરંગેજને લાવે તેહેને ઘણી ઇજત દેઊં માંન ।
તેહેને બોલ સમેત બખશુ માહારી જાબૂલસતાંન ॥
હર જાએ જાએ ઇરાંની ગએઆ સોધ કરવા ધાઇ ।
તૂરકી શાહાનાં ખજમતગારને ગૂરગીન લાવેઆ શાહાઇ ॥
જેહાં પેહેલવાંન આગલ લાવી તેહેને ઉભો કીધો ।
તે ખેજમતગારે સેજદો સલાંમ કીધો ॥
તે ખાસ ખજમતગારને રૂસ્તમે ઘણો દેલાસો દીધો ।
તે ખેજમતગારે સરવે વાતનો ભેદ પરછી લીધો ॥
શાંભલ એ બોલ કોલ તમસૂ અમ બોલબંધી કીધી ।
આજ અંમ તમને કોલ સમેત જાંન બખસી દીધી ॥
ઇઆર જાંની કરી હૂ રાખૂ તમને માહારે પાશ ।
કોલ સમેત રાત દંન લેઊ હૂ તાહારો તપાશ ॥
ફરંગેજની સૂધી ખરી ખબર કહો તહમે ।
એ બોલ સમેત જે વેલાએત માંગો તે દેઉ અહમે ॥
તાંહાં તેણે સેજદો સલાંમ કરીને જોડેઆ હાત ।
ફરંગેજ સહમદી સરવ સહ્મજાવીને કહી વાત ॥
એ જેહાં પેહેલવાંન અંમ વાત કહુ તે તમો શચ માનજો શહી ।
આજ પાંચ દીન થએઆ તૂરકી શાહે પીરાંનને એમ વાતજ કહી ॥
એ પીરાંન તૂ અંમ ઘર વજીર પરધાંનછેજ શારો ।
હુ તમ બંધમને અમ જીવ કરતાં ઘણુ રાખૂચ પેઆરો ॥
એકંત વાત હું તંમ આગલ કહુચ અમ મનની વાતજ જાંણી ।
તંમ કોએ આગલ મો બોલતા એ રેહેશે જગમાં કાંહાંણી ॥
ફરંગેજ પેટ ધરભવાશ રહેઓચ તે ઇરાંની બાલ ।
આપણુ તૂરકી વંશનુ એ આંહાં ઉપણેઓ કીટનકાલ ॥
નેત સોહો સોહો લાઠી એહેનાં તંન પેટપર મારતાં ગેઇ ભાગી ।
પણ એહેનાં તન પેટ પરતે કાંઇ અલવરાઇ નહીજ લાગી ॥

એહેના જનમફ્રેજ ફરૂઅરદીન માશ ને ખોરદાદ રોજ નાંમ ।
એને પેટે ફરજંદ આવે તેનું કએખુસરો ધરાવશે નામ ॥
કએખુસરો આપ હીઆંથી ઇરાંણ જાશે ધાઈ ।
ઇરાંણ જમીનની તાંહાં કરશે શેહનશાહી ॥ ૨૦૮૫
તાંહાં ઇરાંણ જમીનનાં તખતપર બેશીને ધરાવશે તાજ ।
તાંહાંથી આપ પોતા સેઆવખશજી કીનાનો તે કરસે એલાજ ॥
એ શેઆવખસ્ત કીનો લેવા આવશે તૂરકસ્તાંનપર ધાઈ ।
તાંહાં સંનમૂખ થાઇ અંમ એસૂ લેસૂ લડાઈ ॥
વાલી એ કએખુસરો અમપર આંહાં આવશે ધાશી ।
તેહારે અમ હીઆંથી બાહેર જાસૂ નાહાસી ॥
તે અમ કેડે કેડ તે અંમપર આવશે ધાઈ ।
તેહારે અંમ સંમદરમાં નાહાસી જાસૂ મેડક માહી થાઈ ॥
તેહારે અમ નાહાસી દરીઆમાં જાઇ રેહેસૂ સંતાઇ ।
તેહારે એ નાવ બેશી આવી મહને ધરી લેશે સાહાઇ ॥ ૨૦૯૦
તેહારે દરીઆવ બાહેર કાહાડી માહારે ગલે ઘાલશે ફાંશી ।
બૂરે ખંજરેકરી માહારૂ ગલૂ નાંખશે રાંહાંશી ॥
અમશે આંહાં નહી ચાલેઊંતૂ એ રૂસતમ જાલ ।
એ અફરાસીઆબ વંસનો આવેઓ ફીટણ કાલ ॥
પીરાંન થોડેથી એ ઘણુ તંમ સરવ સહમજી લેજો ।
પણ એ વાત વગત તંમ કોએ આગલ મો કેહેજો ॥
જો એ ફરંગેજ જાએ કએઆંની ઇરાંની રૂસ્તમ હાત ।
તો કોએ તૂરકસ્તાંનમાં નહી સુખે રેહે દંન ને રાત ॥
તમ જાઓ પીરાંન સરવ ઇરાંની આંહાં આવશે ધાઇ ।
તમ આજ દનથી ફરંગેજને લેઈ જાઈ ગારમાં રેહો સંતાઇ ॥ ૨૦૯૫
તાંહાં તૂરકી શાહે પીરાંણને એમ વાત વમાશી ।
પીરાંન ફરંગેજને લેઈ ગએઆ નાહાસી ॥
પીરાણ ફરંગેજને લઇ ગએઆ તે અમને માલમ નથી વાટ ।
એમ તૂરકી બેજમતગારે એ શરવ કહી વાત ॥
એમ તૂરકી ખજમતગારે એ શરવ સહમજાવીને કહી ।
તાંહાં જેહાં પેહેલવાં ઘણુ દોહેલા થાએઆ સહી ॥
તાંહાં તે ખજમતગારે એ સરવ સહમજાવી વાતજ કીધી ।
જેહાં પેહેલવાંને તેહેને સરપાવ દેઈ વદાજ દીધો ॥
એક હફતામાં સરવ જંગલ જાલ બોલીને આએઆ ।
પણ ફરંગેજ નાંમ નીશાંન કોએ નહીજ લાએઆ ॥ ૨૧૦૦

તાંહાં સરવ ઇરાંનીએ ફરંગેજની ઘણી ખાધી દાહાજ ।
શરવ ઇરાંની બોલેઆ હવે આપણ એહેનો સો કરીએ એલાજ ॥
સરવ ઇરાંની તાંહાં એમ એકથા થાઈ ।
અફરાશીઆબ મોહોલ આગલ આવેઆ ધાઇ ॥
તાંહાં સરવ ઇરાંણીઆં એકદેલ થાઇ એમ કીધી વાત ।
તાંહાં આતશ મંગાવી મોહોલ લગાડી દીધા આપણે હાત ॥
તે મોહોલ શરવ બાલી જાલી કીધા રાખ દર રાખ ।
એક મોહોલ કોઠડી નહી રાખી નીશાંનજ શાખ ॥
તે મોહોલ બાલી જાલી મેદાંન કરી લીધૂ ।
પણ તુરકી રઈઅતને કાંઈ આજાર દુખ નહી દીધૂ ॥ ૨૧૦૫
તાંહાં જેહાં પેહેલવાંને આપ એમ હોકમ કીધો ।
તાંહાં નફીરીદારે નફેરી જોરનો આવાજજ દીધો ॥
તાંહાં સરવ ઇરાંનીએ જેહાં પેહેલવાં આગલ મેલા કીધો ।
તૂરકી શાહાનાં બેહૂ બેટાને મારવાનો હોકમજ દીધો ॥
તે બેહૂજણની ગરદંનમાં એક એક ધાહાલી લીધી ફાંશી ।
તે બેહૂને એક એકપર નાંખી ખુંડે ખંજરે નાંખેઆ રાંહશી ॥
એ બેહુ શાહજાદાને ફરાંમરજે એક એકપર જબેહ કીધો ।
અફરાશીઆમ ગીઓ નાહશી તેથી તેને મારી ભાઇનો કીનો લીધો ॥
તે બેહૂ તુરકી બેટા મારેઆ તે એટલા કાજ ।
આપ ભાઇ શેઆવખશજીનાં કીનાંને કાજ ॥ ૨૧૧૦

ઇરાંણીઓએ સ્યાવક્ષની લાશને ઇરાંણ લઈ જવી; કએકાવુસે તે જોઈ ઘણો ગમ ખાવો તથા ઇરાંણીઓએ તેને દેલાસો આપવો.

સરવ ઇરાંની તાંહાં એક જાએ એમ એખથા થાઈ ।
નદી કીનારે જાઇ સ્નાંન કરી વસ્તર ધોઇ પવીતર થાઇ ॥
તાંહાંથી સરવ ઇરાંણીઓ સેઆવખશગેરદ ગએઆ ।
કએઆની શાહનાં દખમાં આગલ સરવ જાઇને ઉભા રહેઆ ॥
ઇરાંણ તાબૂદ લેઈ જાવાની કીધી સજાઇ ।
સરવ પેહલવાંન ગોશલ ઉતારી પાક પવીતર થાઇ ॥
એક શેવણ ગેહાંન કએઆંની કાજે કીધી તઇઆર ।
સેઆવખશજી તાબૂદ દખમાંથી લાવેઆ બાહાર[1] ॥

---

1 એ શ્લોક ઉપરથી, તેમજ આગલા ઇરાંણીઓની શાહનામાં વગેરે કેતાબોમાં લખેલી તવારીખ ઉપરથી, એહેવું જણાએચ કે હજ-

પરથંમ બાંધ દીધી ફરાંમરજ ભાઇ ।
ગેવ ગહસ્તમ ગુરગીન પછવાઈ બાંધ દીધી ધાઇ ॥ ૨૧૧૫
સરવ ઈરાંનીએ અસપ લીધા બાગદોરજ જાહલી ।
અરધ ઇરાંનીઆં તાબુદ આગલ અદબથી ગએઆ ચાલી ॥

રત જરથોસ્તનાં વખતની આગમજ મોટા લોકોની લાશને તરેહવાર જાતની ખુશબોઈ લગાડી તથા તેને પેટીમાં બંધ કરી ચોકસ જાતની પોકલ બાંધણીમાં તખ્ત ઊપર મુકતા હતા અને ગરીબોની લાશને ગોરમાં દફનાવતા હતા. ઉપલી બેત ઉપરથી માલૂમ પડેચ કે સ્યાવક્ષનાં મરણ પછી કેટલે વખતે ઈરાણ ખબર પોહોચી, પછી ઈરાંણીઓએ તુરાણીઓ શાથે જંગ કરી તેનાં એક છોકરાને મારી નાંખી તુરાંનને તારાજ કરીને સ્યાવક્ષનાં લાશ શાથના તાબૂત (મુરદાંની પેટી) ને ઇરાંણ લાવી કએકોબાદનાં દખમાંમાં મુક્યું હતું. એપરથી જણાએચ કે જો તેની લાશને હાલની રીતે ઠેકાણે પાડી હતે અથવા કબરમાં દફનાવી હતે તો તે ખવાઈ જતે અથવા કબરમાં કેટલેક દરજ્જે તે ખરાબ થઇ જતે. એહવીજ રીતનાં દાખલા શાહાનાંમાંમાંથી તથા બીજી તવારીખોમાંથી મલેછે. શાહ ફરેદુનની લાશને મીનોચેહરે બાદશાહી રીત પ્રમાણે દખમાંમાં (ઉપર જણાવ્યા મૂજેબ ભોંયરાં જેહવી બાંધનીમાં) મુકી હતી. કએકોબાદની લાશને પેટીમાં બંધ કરવામાં આવી હતી. કએખુસરુએ અફરાસ્યાબ, તથા તેનાં નેક વજીર પીરાંન, તેના બેટા શેદેહ અને બીજા ભલા તુરાની સરદારોની લાશોને ખુશબોદાર ચીજો લગાડી, જુદાં જુદાં દખમાંઓમાં તખ્તો ઊપર મુકીઓ હતી. એજ પ્રમાણે તેણે કાવુસનાં બદનનેબી ખુશબોઈ લગાડી દખમાંમાં મુક્યું હતું. રૂસ્તમે પોતાનાં બેટા શોહરાબનાં તનને, કાચાં અગરનાં તાબૂતમાં બંધ કરી, ચોપગાં જાનવરોની ખડીઓનું દખમું કરી, તેમાં મુક્યું હતું. એટલુંજ નહી પણ હજરત જરથોસ્તની પછીનાં કેટલાએક બાદશાહોનાં એહવા દાખલા મલેછે. કએગુસ્તાસ્પને હાથીદાંતનાં દખમાંમાં તખ્ત ઉપર મુકી તેનું તાજ તેનાં માંથાપર મુક્યું હતું. જાલના બેટા રૂસ્તમ તથા જવારેહનાં બદનોને ખુશબોઇ લગાડી એકજ દખમાંમાં મુક્યાં હતાં. નોશેરવાન આદેલનાં બાપ કોબાદને, ઉપર પ્રમાણેજ ખુશબોઇ શાથે દખમાંમાં તખ્ત ઊપર મુકયો હતો. અને સેકંદરે દારાંની લાશને મજકૂર રીતેજ ખુશબોઇ શાથે દખમાંમાં મુકી હતી. આ રીત પારસીઓની સલતનત ગયા પછીબી થોરી ઘણી રહી હોએ એહવું દાદસ્તાને દીનીનાં લખાંન ઉપરથી લાગેછે, જેમાં તેનાં લખનારે મજકૂર રીતને તથા બારવાની અને ડાટવાની રીતને નાપસંદ કરી લાશ ખાનારાં જાનવરોને ખવાડી દેવાની ઉત્તમ રીતને પસંદ કરીછે. (જુવો સફા ૧૨૧ મો).

અરબ ઇરાંની પાછલ ચાલે નજરજ ભાલી ।
ઇરાંન તાબુદ લેઇ આવેઆ સહંભાલી ॥
રૂસ્તંમ જાલ પાછલથી આવે તાબુદ ભાલી ભાલી ।
હર ઘહડી પોહોર રૂસતમ શેઆવખસ મૂખ જોએ ભાલી ભાલી ॥
તાંહાં જેહાં પેહલવાં તે શેઆવખસ દાહાજ ખાહાધો ઘણી ।
તાંહાં શંતોક રાખી શંભરેઆ એક સાહેબ ધણી ॥
વેરાંન રાંનમા જાંહાં સુંદરીનો હતો ઠાંમ ।
સંચકાર ખાંહાંધ ઉતારી તાંહાં એમ કીધો મોકાંમ ॥ ૨૧૨૦
ઇરાંન શેહેરમાં સરવને એ ખબરજ થાઈ ।
જે તુરકસ્તાંનથી સેઆવખશ તાબુદ લાવેઆ જાઇ ॥
ઇરાંનમાં સરવ નર નારને ઘેર ઘેર ખબર થાઇ ।
સરવ નર નારી સીઆવખસજી તાબુદ જોવા આવેઆં ધાઇ ॥
તાંહાં કાઉશ કટંમ પરવારસૂ તાબુદ આગલ આએઆ ।
શેઆવખશ તાબુદ દેખી આપ ઘણો બેતાબજ થાએઆ ॥
કએકાઉશને શેઆવખશજીની સહમજાવી વાત ।
વેરી તૂરકીએ એમ વીસવાશ કરીને દીધી ઘાહાત ॥
વેરીએ હાત ધરીને ગલે ઘાલી લીધી ફાંશી ।
એક તસ્તપર રાખીને તનથી શીશ નાંખેઉ રાંશી ॥ ૨૧૨૫
એ કારણ વાત શાંભલીને કએઆંનીને લાગો દાધ ।
શેઆવખશ દરદ શાંભલી તંન જેગર કલેજે લાગી આગ ॥
કએઆંની એ વેરી વીસ્વાસની વાત શાંભલી જાઇ ।
આપ સપુત પુત વેપત શાંભલતાં ગએઓ મોરચાંગ ખાઇ ॥
કએઆંની શાહ તંનને તે એમ કંપરી ધાઇ ।
સપુત પુત દુખથી કાંણ આંખ તે એમ માજુર થાઇ ॥
તાંહાં ગેવ ગોદરજ એમ કેહે ગનેઆંનજ કથી ।
તંમ શાંભલો કએઆંની રાએ એ કાંઇ નવાઈ નથી ॥
શેલંમ તૂરકે એરચ ભાઇપર સમશેરજ કાહાડી ।
તે બેહૂ બધંમે એરચ ભાઇનૂ શીશ તે નાંખેઉં વાહાડી[1] ॥ ૨૧૩૦

---

[1] શાહ ફરેદુને પોતાનાં ત્રણ બેટા સેલમ, તુર અને એરજને પોતાનાં મુલુકનાં ભાગો કરી વેહેચી આપ્યાં; તેમા સેલમને રૂમ તથા ખાવરનો મુલુક, તુરને તુર્કસતાંન તથા ચીન અને એરજને ઇરાંણ આપ્યું. આ ઉપરથી સેલમ તથા તુર જેઓ એરજનાં વડા ભાઇઓ હતા તેમને તેની ઊપર અદેખી આવી; તેઓએ એરજને મારી નાંખી નુતે સર શાહ ફરેદુનની આગલ મોકલ્યું, તે જોઇ શાહ ફરેદુન આંખે

તે એરચ તાબૂદ શાહા ફરેદુન આગલજ લાએઆ ।
શાહા ફરેદુન તે તાબૂદ દેખી આંખે માજૂરજ થાએઆ ॥
મીનોચેહર શાહે સેલંમ તૂરકસૂ જૂધજ કીધુ ।
એરચ શાહાનુ આપેઆપ વેરજ લીધૂ ॥
તે મીનોચેહર શાહે તે શેલંમ તૂરકનૂ સીશજ વાહાડી ।
બેહૂ શીશ વાહાડી દીદા નાંખેઆં ઉરાડી ॥
શેલંમ તૂરકનાં દીદા તે ફરેદૂન આગલ લાએઆ ।
તે બેહૂ પુતનાં દીદા દીઠે શાહા ફરેદુન દેખતા થાએઆ ॥
તે બેહુ પૂતનાં દીદા જોઇને નાંખેઆ ઊરાડી ।
વલતી એરચ કીનો તે મનમાંથી નાંખેઓ કાહાડી ॥
તેમ અફરાશીઆબ કરશેવજ દીદા તે કાહાડી લાવૂ અહમે ।
તે દીદા જોઇ કરી આંહાં ઊંરાડી નાંખજો તહમે ॥
શાંભલો ગેવ ગોદરજ મહને વીસ્વાસ ધાતની લાગેચ દાહાજ ।
જો રંણમાં જૂહૂજી મરતંનતો હુ એવડો જુહુરતંન શાંનેકાજ ॥
શાંભલો ગેવ ગોદરજ તહમારા સરવ ઇરાંનીએ મેલો કીધો ।
અંમ આપ રોગે રાજમદાર એહેને શીશજ દીધો ॥
એણે માહારી આએના રાખીને નહી કબુલ કીધૂ તખત ને તાજ ।
અમ પેતા ઉઠાડી નહી બેશું ઇરાંન જમીનનુ રાજ ॥
એણે માહારી આએના નહી લોપી મહને ઘણી લાગેચ દાહાજ ।
શાંભલો ગેવ ગોદરજ એહેને આપ કેરતારે બુલંદ મરતબજ દીધો શાજ ॥

અપંગ થયો હતો. એ વખતે, શાહનામાં પ્રમાણે, એરજની બઇરીને હમેલ હતો તેણે એક છોકરીને જન્મ આપ્યો. આ છોકરીને ઊમરે પુગા પછી ફરેદુને પોતાના ભતરીજા પશંગ સાથે પરણાવી, તેઓથી મીનોચેહર પેદા થયો. એનાં જનમવાથી ફરેદુનનો ગમ કોતાહ થયો. મીનોચેહેરે એરજનાં કીનાંમાં સેલમ તથા તુરને મારીને તેનો કીનોલીધો. ઇરાંણીઓમાં 'કીનાંનો આતશ પેહલાં મજકૂર બાબદથી ઊસકેરાયો હતો. ફરવરદીન યષ્ટમાં, તથા બીજે ઠેકાંણે મીનોચેહરનું નાંમ એરજ શાથે, **મીનોચેહર એરજ** એ પ્રમાણે, લેવામાં આવેછે.—કેટલાએકો ફરેદુનનાં મજકૂર બેટાઓને **નોહાનાં** ત્રણ છોકરાઓ, **શેમ, હેમ અને જાફેત** શાથે મેલવેછે. પણ સફે ૬૭ મે નોટમાં જણાબ્યા મૂજેબ **નોહા** તેની તવારીખ ઉપરથી, અવસ્તામાં આવેલા **વીવંઘવતનાં** બેટા **યમ-ક્ષએત** (જમશેદ) તથા હિંદુઓનાં **મહાભારતનાં** મત્સ્યોપાખ્યાન નામનાં ભાગમાં આવેલા **વિવસ્વતનાં** બેટા **મનુની** સાથે બરાબર મલતો આવેછે. તેપરથી એહવું જણાએચ કે જેનેસીસમાં આવેલા **નોહા**, અવસ્તામાં આવેલા **જમશેદ** અને **મહાભારતમાં** આવેલા **મનુ** એ ત્રણડે એકજ છે.

આહારેમંની દરે કરી તાંહાં પોરીઓદકેશી ધરમજ કીધો ।
શ્રી હોરમેજદે આપ ઘણો પેઆરો કીધો ॥
બલવંત બુધવંત આપ મન અરમાન તે નહીજ રાખી ।
સરવશહેરે પીર થાએઓ અમ મનની તમ માંનજો શાખી ॥
એણે માહારી આએનાએ ન ધરાવેઉ તખત ને તાજ ।
એ તખત તાજનો હોંશ ભરેઓ ગએઓ તેહેની લાગે દાહાજ ॥
સરવ ઇરાંની કેહેચ જે માએ ગએથી નછેદજ કીધો ।
એણે વેરી ઘર જાઇને વાસજ કીધો ॥
એણે આપ પેતા મરજાદ નહી લોપી નહી લીધુ તખત ને તાજ ।
શાંભલો ગેવ ગોદરજ હુ એ મૂઆ મરજાદ લોપી કેમ ધરાવું તખત ને રાજ ॥
કએકાઊશ શેઆવખશને સંભરી ઘણુજ રડે ।
મૂઆ મરજાદ લોપી તાજ ઘરૂ તો ફીટ ફીટકારજ પડે ॥
હવે એ ઇરાંન નગરીનૂ રાજ તે અમથી નહીજ થાએ ।
હવે એ દોહેલાં મનથી રાજ નહીજ કમાએ ॥

ઇરાંણી બાનુઓએ સ્યાવક્ષને જોઈ દલગીર થવું, કએકબાદજાદીએ રૂદન કરવું તથા પોતાનાં ભાઈ કાવુસને થપકો આપવો.

શરવ ઇરાંની નાર એ તાબુદ દેખીને જાર જારજ રડે ।
સરવ નાંહાંનાં મોટાં સીને તે એમ દદડી પડે ॥
એ શેઆવખશ તાબુદ દેખીને આંહાં ગએભી તૂ પરગટ થાએ ।
તમ સરાંણે શેઆવખસ તંમ જાગો હવે ગએબી માએ ॥
એ સૂખ રાજમાં તંમ માતા બગર કોએ નહી લીધો તપાશ ।
આંહાંથી રૂશાવી ગએઆ વેરી ઘર જાઇ આપ એમ કીધો વાશ ॥
તંમ માતા હોતેતો તરત રૂઠો મનાવી લઇને આવે ।
તમ તાંહાં જાઈ વેરી બેટીસૂ પરણાવી પણ લાવે ॥
વેરી ઘર ગએથી એહેની ફોઇએ નહી લીધી દાશ ।
એ ફોએજી તમ ઉધારેઓ પણ વેરી ઘરનો નહી લીધો તપાશ ॥
અમ શેઆવખશજીની નહી અતલગ માએ નહી માશી ।
તે અતલગ બગર વેરી ઘરથી કોણ લાવે તપાશી ॥
તેહારે ફોઇએ રદંન કરી સીને લગાડેઆ હાત ।
તંમ સરવ નાર નરાપંખી તે સાંને કરો વાત ॥
એ સાત વરસનો લઇને ગોદ સીને લીધો ।
બગર પચીશી નોજોઆંન આપ કેરતારે કીધો ॥
માશ છ માશ આંહાં રાજ દોઆરજ આએઆ ।
અતલગ માએ બગર બાપનાં રાજમાં નહી સમાએઆ ॥

તંમ શાંભલો કાઉશ હુ શુ સંભરૂને શુ વીશરૂં ।
માહારે સીને શાલેચ ઘણૂ દુખજ તાહારૂ ॥
માહારા અશોપર તંમ જાંણી જોઇને કેહેરજ કીધો ।
જાદુગરનાં વાહેઆથી જમરા હાત કાહાડી દીધો ॥
એ શાહા તેં શીસ કપાવી દીદા મંગાવેઆ કાહાડી ।
તે દીદા જોઇને તંમ તરૂત નાંખેઆ ઉરાડી ॥
વાએ એહેની માએ આંહાં હોતેતો તાંહાં ખાકજ ફાડી ।
જો હૂ આંહાં હાજર હોતંન તો તુહને નાખતન જાહાડી ॥
મતરઈ અતરઇનૂ વેણ તંમ આંહાં કાંએ કીધૂ ।
એ શેઆવખસ દુખ અમને ભવનૂ શાલણ દીધુ ॥
દરેગા દરેગા દરેગા દરેગજ કરૂ ।
હેફ હેફ શાહા તાહારૂ સૂં દુખ સંભરૂ ને વીસરૂ ॥
હવે શાહા સૂપેશાલારી માહારા શેઆવખસજીને દીધી ।
તેણે લખદર લખ લશકરસૂ જૂધ કરીને ફતેહ કીધી ॥
તંમ તૂસને સૂ સહમજીને સુપેશાલારી દીધી આંમ ।
તેણે ઘણો દાઘ ખાઇને વેરી ઘર કીધો મુકાંમ ॥
તે વેરીએ વીસ્વાશ કરીને ગલે ઘાલી ફાંશી ।
હેફ હાએ હાએ માહારા નેકને કેમ નાંખેઓચ રાંશી ॥
એ ફરાંમરોજ રૂસ્તમ મૂખ નહી જોઉ અહમે ।
માહારા શેઆવખસજીનાં વેરીને કાંએ જીવતો મેલી આવેઆ તહમે ॥
એ ગેવ ગોદરજ કેશવાદગાં તમને એમ નહી જોઇએ ।
માહારા અશોનાં વેરીને જીવતો મેહેલઓ તે દુખને અમ ઘણૂ રોઈએ ॥
હેફ ફરંગેજ વીપત અમથી એમ પરછવી જાએ ।
તે અંમ પુત પેઆરીની વીપતથી શીને સલકજ થાએ ॥
એ ફરાંમરજ તમ તાંહાં જાઇને સૂ કરી આએઆ ।
તંમ મરદી કરીને ફરંગેજને આંહાં કાંએ નહી લાએઆ ॥
ફરાંમરજે આપ માતા[1] દીઠી ઘણી દોહેલી થાઇ ।
પેટ પૂહૂરમ કરીને આપ દલાશો દીધો જાઇ ॥

---

[1] રૂસ્તમનાં બેટા ફરામર્જની માએ વિષે જુદી જુદી કેતાબોમાં જુદાં જુદાં મતોછે—આએ નામું લખનાર મર્હૂમ એરવદ રૂસ્તમ પેશુતંનનાં લખવા પ્રમાણે તથા ફરામર્જ નામાં પ્રમાણે એ કએકોબાદની છોકરીને પેટે જન્મ્યો હતો. શાહનામાં મૂજેબ એ ગોદર્જની છોકરીથી જન્મ્યો હતો. પણ બાનુગોશસ્પ નામાં ઉપરથી એહવું જણાએચ કે જે દીવસે બાનુગોશસ્પ ગેવ શાથે પરણી તેજ દીવસે ગોદરજની એક

માએજી તંમ એવડાં દોહેલાં થાઓય તે શાંને કાજ ।
શેઆવખશ વેરીને મારી ફરંગેજને લાવુ આજ ॥
તેહારે કએકબાદજાદીએ જાઈ ભાઇને એમ દલાસો દીધો ।
તેહારે કએકાઊશે બેહેન આગલ રદનજ કીધો ॥
શાંભલો બેહેન તંમ અંમ કલેજે લાગો કાપ ।
ખંજર દેઓ તો હું પેટ ભોકી પાડી દેખાડુ આપ ॥
એ બેહેન તમ કશીશ કરીને તીર મારેઆ મહને તાકી ।
અમ જગરમાં તીર મારી લીધા ખાકી ॥
શાંભલો બેહેન તંમ કએકબાદ પુતની વાત ।
આજ અમ નવ પેહેડીનુ રાજ જાએય લોકને હાત ॥ ૨૧૭૫
અમને એકએકપર બે દુખ આવી પડેઆ લાગપર લાગ ।
હૂ દુખીઆને તંમ શાંને દીધા દાધપર દાધ ॥

સ્યાવક્ષનુ તાબુત કએકબાદનાં દખમામાં મુકવું.

તાંહાં કએકાઊશ ઘણુ દુખી દોહેલા થાએઆ ।
તાંહાં મોબેદાંન મોબેદ શાહા આગલ આએઆ ॥
તાંહાં શાહ આગલ મોબેદ ઊઠી ઊભા થાએઆ ।
કએઆંની કાઉશની આગલ ગએઆ ॥
તેણે નશાશાલારને એમ પરમાંનગી દીધી ।
તેણે તરત શોવંન ગેહાંન તે આપ બાંધે લીધી ॥
તે ગેહાન લેઈ શેઆવખશ તાબૂદ આગલ આએઆ ।
તાંહાં સરવ ઈરાંણી એ તાબૂદ જોઈ ઘણુ દલગીરજ થાએઆ ॥ ૨૧૮૦
તાંહાં સરવ ઇરાંનીએ એમ મેલો કીધો ।
શોવંન ગેહાંનપર શેઆવખશજીને લીધો ॥ ..

પૂરી બેટી હતી તે રૂસ્તમ સાથે પરણી હતી; એ વખતે ફરામર્ઝ પણ તાંહાં હાજેર હતો. એ ઉપરથી એહવું જણાએય કે ફરામર્ઝ ગોદરજની છોકરીનો છોકરો નહી હોએ. નાસેખ-ઉલ-તવારીખમાં લખવા પ્રમાણે એનો જન્મ શોહરાબની માએ તેહમીનાને પેટેજ થયો હતો. પણ શાહનામામાં લખવા પ્રમાણે શોહરાબનાં માર્યા જવા પછી એક વર્ષે તેનાં ગમમાં તેહમીના મરણ પાંમી હતી. બર્ઝોઆંન નામું, જે થોરૂજ થયું મારા જોવામાં આવ્યુય અને જેનો સાર ૧૨૯ માં સફાની નોટમાં જણાવેલો છે, તેમાં લખવા પ્રમાણે તે હિંદુસ્તાનનાં રાયની છોકરીથી જન્મ પાંમ્યો હતો.

તે નશાશાલાંરોએ શોવન ગેહાંન તે ખાંધે ઘાલી ।
કએકબાદ દખમે શેઆવખશજીને લેઈ ગએઆ ચાલી ॥
શરવ ઈરાંની તે તાબુદ બરાબર શાથે ગએઆ[1] ।
દખમાં આગલ જાઈ સરવ તાંહાં ઉભા રહેઆ ॥
તાંહાં નશાશાલારને તાબુદ લેઈને એમ આગલ કીધા ।
કએકબાદ દખમાંમાં શેઆવખશજીને દીધા ॥
તાંહાં શરવ અંજુમન પંચે સનાનજ કીધૂ[2] ।
જપ માલા ધરી નાંમ હોરમેજદનું લી ધૂ ॥ ૨૧૮૫
તાંહાં ગુલ ગોલાબ ફૂલ પાંન ખુશબો તમાંમી ।
તાંહાં મોબેદ ભણેઆ "અનોશહે રવાંની"[3] ॥
તાંહાં શાહાનશાહે ગઉ વસ્તર મંગાવી લીધાં ।
તાંહાં મોબેદાંન મોબેદને પૂન દાંનજ દીધાં ॥

---

[1] આગલા ઈરાંણીઓમાં ઘરધણીએ તથા મરણારનાં બેશીઓએ તથા દોસ્તોએ લાશની આગલ ચાલવાની રીત હતી. એહવુ શાહનામાંમાં આવેલા દાખલા ઉપરથી માલુમ પડેછે. દારાનાં તાબુતને દખમાંમાં લઇ જતી વખતે સેકંદર આગલ ચાલ્યો હતો. હાલબી ઈરાંણનાં જરથોસ્તીઓમાં મજકૂર રીત જારીછે. એ નામાંમાંબી એહેવી રીતનુ લખાંન આવેલુછે; જુવો સફે ૧૩૫, શ્લોક ૧૯૪૮ તથા સફે ૧૪૭, શ્લોક ૨૧૧૬.

[2] લાશ જ્યાંસુધી ઘરમાં હોય ત્યાંસુધી તેની આગલ આતશ રોશન રાખી તેની ઉપર ખુશબોઈ બારવી (વંદીદાદ પરગરદ ૮ મી) તથા તેને ઠેકાંણે પાડયા પછી ઘરને ધોઈ નાખવું તથા તે ઘરનાં રેહવાસીઓએબી નાહીને પોતાનાં બદનોને સાફ કરવાં તથા કપરાં ધોઇ નાંખવાં (વંદીદાદ પરગરદ ૧૨ મી),—એ જરથોસ્તી ધર્મનું, મોહડું ખુબી ભરેલું, તથા માણસજાતની તંદરોસ્તીને અત્યન્ત ફાયદાકારક અને હાલનાં સુધરેલા વખતમાં વખાનવા લાયક, ફરમાનછે. હાલમાં લાશ ઘરમાંથી લઈ જવા પછી, ઘરનાં રેહવાસીઓમાં નાહવાનો ચાલછે; પણ તે ઘરને, લાશ લઇ ગયા પછી તુરત, ધોઈ સાફ કરવાનો ચાલ નથી રહ્યો. હિંદુઓમાંબી ઘણાં જુનાં વખતથીજ, મુરદાને ઠેકાંણે પાડી સઘલાઓએ સ્નાન કરવાનો રેવાજછે, પણ તેઓની સ્નાન કરવાંનીરીત સારી નથી.

[3] "અનોશહેરવાંની,"—ગુજરેલાંનું રવાંન કે જે પોતાના સારાં નરસાં કામોનું જવાબદાર તથા અંતઃકરણની સલાહથી ઉલટાં કામો કરવાને લીધે દોજખની સજા ભોગવનાર, તથા તેની સલાહ મૂજેબ ચાલવાથી સદાનું સુખ ભોગવનાર છે તેને અમર્ગી ચાહવી. આ ઠેકાણે એ કવિની મતલબ આફરંગાનની લાગેછે.

કએકાવુસે સ્યાવક્ષનાં ગમથી ઈરાણનું તખત છોડી દેવું તથા તુસે તે ફ્રેબુર્જને આપવું.

શાહને એ શીઆવખસ દુખની ઘણી લાગે દાહાજ ।
હવે ઈરાંન જમીનનુ રાજ તે કોણ ચલાવે આજ ॥
તાંહાં સરવ ઈરાંની પેહેલવાંન તે એમ વમાસણ કરે ।
એહેવો કોણ ગનેઆંની જે તેહેને શીશ રાજમદારજ ધરે ॥
તાંહાં તૂશ નોદરે એ વાત એમ ઉંચલી લીધી ।
ફરેબરૂજો[1] શીશ રાજમદાર એમ વાતજ કીધી ॥ ૨૧૯૦
જે ફરેબરૂજ શીશ રાજમદારજ દીજે ।
તાજ તખત દેઈ સરવ સલાંમજ કીજે ॥
તાંહાં હમાં પેહેલવાંનોએ જવાબ તે દીધો આજનો આજ ।
એ ફરેબરૂજ શીસ નહી જોઇએ તખત ને તાજ ॥
તાંહાં તૂશ નોદરે આપ હંમતાંણી તખ્ત બેશાડી લીધો ।
તાંહાં આપે આપ ફરેબરૂજને સલાંમજ કીધો ॥
તાંહાં તૂશ નોદરે હમતાંણી એ કીધૂ કાંમ ।
શરવ ઈરાંણી પેહેલવાંનોએ નહી કીધો સજદો સલાંમ ॥
ઈરાણી પેહલવાંન કોઇ સજદો સલાંમે નહી આવે ।
ફરેબરૂજનું ફરમાંન હોકમ કોઇ બજા નહી લાવે ॥ ૨૧૯૫
આપણ સરવ ઈરાંણી સીઆવખસજી દુખને રોઇએ ।
આપણ એ ફરેબરૂજને સલાંમ નહી કીધી જોઈએ ॥

અફ્રાસ્યાબનું તુર્કસ્તાનમાં આવવું, તેણે પોતાની બેટી ફ્રંગેજને પીરાંણને સોફ્વી, પીરાંણનાં ઘરમાં કએખુશરૂનો જનમ થવો તથા અફ્રાસ્યાબે ફ્રંગેજને તેનાં બાલક શાથે એક જંગલમાં મોકલાવી દેવી.

તૂરકીએ તુરકસ્તાંન આવીને વાશજ કીધો ।
અફરાશીઆબે આપ મોહોલ સંનમૂખ દેહેરોજ દીધો ॥

---

[1] ફરેબુર્જ, કએકાવુસનો છોકરો. એ મીનોચેહેરનાં બેટા નોજરની છોકરીથી જન્મ પાંમ્યો હતો, એહવું એક ઇરાંણી મિત્રથી શાંભલવા પ્રમાંણે એક જુનાં લખેલાં શાહનામાં ઉપરથી માલૂમ પડેછે. તથા નોજરનો બેટા તુસ હરવખતે ફરેબુર્જની તરફદારી કરતો હતો તેપરથીબી ફ્રેબુર્જની નોજર શાથની મમાવા તરીકિની બેશી માલૂમ પડેછે.

આપે આપ રાજગજદર બોલાવી લીધા ।
આપ ફરી મોહોલ બાંધવાનાં એમ હોકમજ કીધા ॥
પીરાંણને બોલાવી હોકંમ કીધો આંમ ।
તંમ ફરંગેજને રાખજો અવંકે ઠાંમ ॥
ઇરાંની જાસુસ ફરેચ્ય હર શેહેરે શેહેર ગામ ।
ઇરાંની જાસુસ ફરંગેજનુ આંહાં શાંભલશે નાંમ ॥ ૨૨૦૦
તે જાસુસ રૂસ્તંમ જાલને ખબર કેહેશે જાઇ ।
ફરાંમરજ રૂસ્તંમ દરોડી આવીને લેઇ જાશે શાહાઇ ॥
પીરાંને મોહોલ અંદર રાખી આપ રોખશારેને પાશ ।
તાંહાં આપ બેઠી ભતીજીનો તે નેત લેતા તપાશ ॥
જેહારે ફરંગેજને નવ માશ સમાપૂરણ થાએઆ ।
તેહારે શેઆવખસજી પીરાંનનાં ઓઆબમાં આએઆ ॥
તે પાક શેઆવખસજી ઓઆબમાં આએઆ ધાઈ ।
એક હાતમાં ચેરાગ બીજે કર તે શમશેરજ શાહાઇ ॥
પરથંમ ચેરાગનુ તે તંમ સરવ સહમજજો આંમ ।
જે કએખુસરો અમરગ રેહેશે આંહાં એ પરથવીને ઠાંમ ॥ ૨૨૦૫
એ શેઆવખસજી કર ધરી લાએઆ તે રોશંન દીવો ।
એ કએખૂસરો અંમર તંમ જૂગ જૂગ જીવો ॥
ધૂર રસ્તાખેજ વેર એ અમરગ રેહેશે એણે ઠાંમ ।
એ ચેચસત વમરમાં ગોફો લેઇ તાંહાં કરશે મોકાંમ ॥
વાલી એ સમશેરનુ તે તંમ સહમજી લેજો ભાઈ ।
કએખુસરો આપ પેતા કીનો લેશે તૂરકસ્તાંનજ જાઇ ॥
તે અફરાશીઆબપર તે આપ જાશે આંમ ।
તૂરકી શાહાને કએદ કરીને મારશે ઠાંમ ॥
તે તરકીને મારી આપ પેતા કીનો લેશે શહી ।
એમ તે શમશેરની વાતજ કહી ॥ ૨૨૧૦
તાંહાં પાક સેઆવખસજી પીરાંન સપંનમાં આવી ।
તાંહાં પીરાંનને એમ કેહેવા લાગા શહમજાવી ॥
એ પીરાંન આજ તંમને ભર નીદરા તે નહીજ જોઈએ ।
આજ તંમ ઘર કએખૂસરો જનમ મનસૂ મોહોઈએ ॥
આજ ફરવરદીન માસ ઓરદાદરોજ નાંમ ।
તંમ ઘર આજ કએખૂસરો જંનમ થાશે એણે ઠાંમ ॥
આજની રાત માહારા કએખૂસરોનો આંહાં જનમ થાશે ।
તે કએઆંની સપુતનો જંનંમ થાશે તંમ ઘેરને વાશે ॥

આજ દંન રલીઆંમણો તંમ આંહાં જોજો ભાલી ભાલો ।
એ કએખૂસરો જનંમ આજ તંમ ઘર રેહેજો સહમાલી ॥ ૨૨૧૫
એટલૂ કહી પાક શેઆવખસ વદા થાએઆ ।
પીરાંન જાગી જહબકી ઉઠી ઉભા થાએઆં ॥
પીરાંનં જાગી જહબકીને ઉઠેઆ શહી ।
આપ ધરનાર આગલ એ સપંન વાતજ કહી ॥
એ વેણ શાંભલતાં વાર આપ ઉઠી ગઈ તરતજ કાલ ।
જોએચતો ફરંગેજ થાન વલગાવી ધવડાવેચ બાલ ॥
તે દંન ઓરદાદ રોજ ફરવરદીન માશજ થાએઆ ।
તે દંન રલીઆંમણો જે કએખૂસરો જાએઆ ॥
તે પીરાંન નારે ફરંગેજને દીઠી જે ધવડાવેચ બાળ ।
એ જોઇ શાંભલી પીરાંન ઘણાં થાએઆ ખુશહાલ ॥ ૨૨૨૦
તે પીરાંન તાંહાં હેરાંન થાએઓ મોહોલ મંદર ઠાંમ ।
તે દન ફરવરદીન માશ ઓરદાદ રોજ નેકજ નાંમ ॥
પીરાંને ઘણી એક નાંમનો તાંહાં એમ સૂકરાંનો કહી ।
નરધાર નરધાર શેઆવખસજી પીર થાએઆ શહી ॥
તૂરકી શાહા આગલ જાઈ પીરાંને એખબરજ કહી ।
તૂરકી શાહા એ શાંભલી હેબતી રહેઆ હેરાંનજ થાઇ ॥
પીરાંન જેમ તેમ કરી એ રાંડને બાહાર કાહાડી જોઇએ ।
એ તૂરકસ્તાંનનો મૂદઈ પેદા થાએઓ એહેને નાંમે રોઇએ ॥
એક દંન અંમ શેકારગાહામાં ગોઆલ જાએગાહ અવંકો દીઠો ।
તે ગોઆલને શેડેછે એક ડૂગર કઢણુજ હેઠો ॥ ૨૨૨૫
તે અવંકી જાએ લેઈ જાઇને તે રાખજો તહમે ।
જો કોઈ ઈરાંની લેઇ જાશે તો તંમને ઠાંમ મારસૂ અહમે ॥
પીરાંન ફરંગેજને લઇ ગએઆ તરત તેને ઠાર ।
એ દાંનાવ પીરસૂ સોપી દીધી અતલગ નાર ॥
તૂરકી શાહાજાદીએ તે જંગલ શેરડે વાશજ કીધો ।
કએઆની શાહા વોહૂને શેહેર નીકાલો દીધો ॥
તે રાત દંન રંગ રાગ કરતીતી અતઅતી ખાશ ।
એ આસમાંની ઓલ એજે ઓતને શેડે થાએઓ વાશ ॥
માતા પેતા તે તૂરકસ્તાંનમાં કરેછે રાજ ।
આપ પેતાનો પેતા ધરાંન ધરાવેચ તાજ ॥ ૨૨૩૦
એ સપૂત પુતે જંગલને શેડે કીધો વાશ ।
તહેનો તાંહાં આપ કેરતાર લીએ તપાશ ॥

એહેને ચંદર સરજ શનેશર રાહા અસટમી કેત ।
એ અશૂભ ગરહેથી વાશ કીધો તે શેડે એત ॥
એ અશૂભ ગરહે પારખૂ તે જોજો તહમે ।
શુભ ગરહેથી ઈરાંન રાજ દેખાડસૂ અહમે ॥
તે જંગલમાં રાત દન ફરંગેજ તકલે પૂણી કાંતે સૂત ।
તાંહાં પાંચ વરસનો ઉધારી કીધો કએઆંની પૂત ॥
અંમ દાનાવ મૂખથી તે એમ શાંભલેઊંચ આજ ।
માએના તાગમાં સમાએ પણ નહી સમાએ બાપને રાજ ॥ ૨૨૩૫
જેહારે ગેબી નારે શેઆવખસજી જાએઓ ।
તે સપૂરશ નર સાત વરસનો થાએઓ ॥
વલતી તે ગએબી માતા ગએબજ થાઈ ।
વલતી શેઆવખસજીને રૂસ્તંમ કર સોંફીઆ સહી ॥
તાંહાંથી ફરી લાવેઆ આપ પેતાને પાશ ।
જે કએઆંની કાઉશ માહારો લેશે તપાશ ॥
તે કાઉશ ઘર એક નાર અપલખણી આવી ।
તેણે પાક શેઆવખસજીપર એક મોહોથાંન ચહઢાવી ॥
તેણે જૂઠ તોહોમત કરી જૂઠો કીધો કાલ ।
જે એણે માહારે પેટથી ગેલવીઊં નાંહાંનૂ બાલ ॥ ૨૨૪૦
તાંહાં શાહા કાઉશે જૂઠ શાચ તજવીજ નહીજ કીધો ।
તે શેઆવખસજીને ગરદન મારવા મોકલી દીધો ॥
એહેની ગેબી માએ હોતેતો સરવ એહેને પેઆરો જાંણે ।
માએ બગરનૂ બાલ તેહેને શરવ કોએ કાએર જાંણે ॥
શેઆવખસજી આપ માએ શંભરી દૂખ મંનમાં લાએઓ ।
માએ મૂઆ પછી બાપનાં રાજમાં નહી સમાએઓ ॥
વાલી અફરાશીઆબ ઉપર મોહોમજ કીધી ।
તાંહાં લખ દરલખમાં શેઆવખસજીએ ફતેહ કીધી ॥
તાંહાં શાહ કાઉશે કાંઈ ગૂણ નહી જાંણી લીધો ।
તૂશને સૂબેશાલાર કરી તેપર મોકલી દીધો ॥ ૨૨૪૫
તાંહાં સેઆવખસજી તે ઘણૂ દોહેલા થએઆ ।
બાપથી રીશાવીને તૂરકસતાંનજ ગએઆ ॥
તાંહાં વેરી ઘર જાઈ આપ કીધો વાશ ।
તે વેરી ઘરનુ મા બગર કોએ નહી લીધો તપાશ ॥
જો માએ હોતેતો વેરી ઘરથી મનાવી ને લાવે ।
આપ પુતને વેરી બેટી પરણાવીને શાથે લાવે ॥

વગર માતાએ કોઇએ તપાશ નહીજ લીધો ।
સેઆવખ્સને બોલાવાનો અંદેસો કોએ નહીજ કીધો ॥
તાંહાં વેરીએ વીસ્વાસ કરીને દીધી ઘાહાત ।
સેઆવખ્સજીને મરાવેઓ કરશીવજને હાત ॥ ૨૨૫૦
એ માએ બગર કેથો નહીજ સમાએઓ ।
માતા બગર બાપનાં રાજમાં નહી સમાએઓ ॥
હવે ફરંગેજ કૂખે કએખૂસરો જાએઆ ।
પેતા રાજ તો નહી માએનાં તાગમાં સમાએઆ ॥
શ્રી હોરમજદ કએઆંની તનનાં નગહેબાંનજ રહેઆ ।
તાંહાં કએઆંની કએખુશરો શાત વરસના થાએઆ ॥
તાંહાં એક મોબેદ દાંનાવ આપ બોલાવી લીધો ।
કએખુસરોને તે પીર દાંનાવને હવાલે કીધો ॥
તે દાંનાવે સરવ ભણાવીને શાહા અદબ દેખાડી દીધા ।
હરએક હોનરમાં શાહાજાદાને પરમોધજ કીધા ॥ ૨૨૫૫
તે ચતુર સજાંણે ભેદ ભાવ સરવ સહમજી લીધો ।
તે સતવંતીએ કૂઅર સાત વરસનો કીધો ॥
સરવ ગનેઆની આકિલમાં તેને સમજાવી લીધો ।
પાદશાહી પેહેલવાંની ભેદ ભાવ મરમ સમજાવી દીધો ॥

અફ્રાસ્યાબે કએખુસરોને જોવા મંગાવવો તથા તેણે પોતાને દેવાનો જેવો બનાવવો.

તૂરકી શાહે કએઆંની પૂતને એમ કીધો ઇઆદ ।
તે કએઆંની પૂતને અંમ આગલ લાવો તંમ દાંનાવ રાદ ॥
તાંહાં પીરાંનસૂ એમ કરોધ કરીને વાતજ કીધી ।
જાઓ તેહેને માહારી આગલ લાવો તેને વદા દીધી ॥
પીરાંન તે કુઅરની દાહાજ ખાઇને ઘણુ દલગીર થાએઓ ।
અંનમનેઓ અંનમનેઓ તે ફરંગેજ આગલ આએઓ ॥ ૨૨૬૦
શાંભલો ફરંગેજ તૂરકી શાહે કએઆંનીને ઇઆદ કીધા તાંહાં ।
આજનો આજ અંમને તેડવા મોકલેઓચ આંહાં ॥
પીરાંન કેહેવા લાગા જે તેહેની ચેસટા અમ ભૂડી દીઠી ।
તેહેની દીદવાંની દીઠે અંમ મંનને ઘહણી હેબત પેઠી ॥
તે તૂરકી શાહા આપ મનનો છેજ મેલો ને છેજ ખોટો ।
તેહારે કએખુશરો બોલેઆ મારનારથી રાખનાર મોટો ॥
શાંભલો પીરાંન દાંનાવ તંમ કએઆંની તનનાં ઇઆર ।
તાંહાં આપ કેરતાર અહમારી એમ કરશે વાહાર ॥

જો અમ શીશ આપ કેરતાર ઇરાંણુ જમીનનૂ દેશે તાજ ।
તે ઉફરો થાઇ કોણુ મીટી શકે અમારૂં રાજ ॥ ૨૨૬૫
તે ઊફરા કોણુ થાઇ શકેઓ ને વાલી કોણુ ઊફરો થાએ ।
આંહાં તૂ કાંએ દોહેલી થાએચ અંમ ફરંગેજ માએ ॥
એ માએજી તમારી આપ કેરતારે વાહાર કીધી શારી ।
નેત સોહો સોહો લાઠી તમારા પેટપર પીરાંણે મારી ॥
તાંહાં ધની જને શફર પર ચોટ લીધી સહંભાલી ।
તાંહાં આપ કેરતારે મહને રાખેઓચ સહંભાલી ॥
એ માએજી તે વાત શાંભરી અમને ધણી લાગેચ દાહાજ ।
તેહારે રખણીએ રાખી લીધા આજ ભએ કરીએ તે શાંને કાજ ॥
એમ તૂરકી કએઆંની વંશને ધરે વીશારી જાએ ।
વાલી અશૂભ ગહરે નડેતો ગરીબ હઇઆપુટજ થાએ ॥ ૨૨૭૦
પીરાંણુ એ વેણુ શાંભલી ઘણો રલીઆએત થાએઓ ।
તે કએઆંની કએખુશરોનો તાંહાં હાતજ શાહાએઓ ॥
મન હરખ ધરીને રલીઆએત થાએઓ ખાશ ।
દસત પોહોચે આપ બોશા દીધા શોહો પંચાશ ॥
કએઆંની શાહ અમ બરાબર આવો તમે ।
તુરકી શાહનાં દરબારમાં તમને લઈ જાઉ અમે ॥
તે તુરકી અફરાસીઆબ તમને પુછશે આંમ ।
તંમ તેને પડઉતર શું દેશો તેને ઠાંમ ॥
તેવારે ફરી કએખુશરોએ જવાબ દીધો આંમ ।
જેવી તુરકી કાબુ દેખશ તેવો જવાબ દેશ તેને ઠાંમ ॥ ૨૨૭૫
તાંહાં પીરાંણુ એ વેણુ વચન શાંભલી ઘણો રલીઆત થાએઓ ।
ધન કુખ ફરંગેજ જે તેણે જણેઓ એવો પુતર જાએઓ ॥
તેહારે તે રાજ પુતે જીણીથરી ટોપી પેહેરી રંગે કાલી ।
શહલા દોગડી પેહેરી ખરશાંણી લાઠી હાતમાં ઝાલી ॥
આપ ગાએ ગોવાલનો વેશ લાએઓ ।
આપ સવારથ કારણ એમ ગેહલો થાએઓ ॥
પીરાંણુ તમ અસવાર થાઇને જાઓ આગલ ચાલી ।
તંમ પીઠ પાછલથી આવસૂ અંમ વાટ જોતા ભાલી ભાલી ॥
પીરાંન દાંનાવ કએઆંની મનની સહમજીને રહએઆ ।
આપ અસ્વ લગાંમ ખેચીને ઊભા રહએઆ ॥ ૨૨૮૦
આવો કએઆંની અમ તમ અસવપર અશવાર થાઇએ ।
એક અસપ પર બેશી તુરકી શાહને દરબારજ જાઇએ ॥

એ પીર દાંનાવ તંમ ગુનેઆન એ વાત કરોચ વેચારી ।
તૂરકી શાંભલશેતો તંમપર મન કરશે ભારી ॥
તંમ પાસથી અમને તે તાંહાં આંહાંણીને લેશે ।
તરૂત અમને કરશેવજને હવાલે કરી દેશે ॥
એ પીરાંણ શાંભલી ઘણૂ હેરાંન થાઇને રહએઆ ।
એ કએઆંની નરધાર નરધાર એક કેરતાર તાહારા રખણી થાએઆ ॥
પીરાંણે આપ અસ્વ ચલાવી લીધો આગલ ।
કએઆંની તંન તે આપ આવેઆ પાછલ પાછલ ॥ ૨૨૮૫
તુરકી શાહાનાં તખત આગલ કએઆંનીને બોલાવી લીધો ।
જશોલ તવાચીએ તાંહાં ઘણો અતમાંમજ કીધો ॥
તાંહાં કએઆંની તને તુરકી મજલેસ જોઈ ભાલી ।
અફરાસીઆબ મજલેસ જોઇ મનમાં રહેઆ શંભાલી ॥
તાંહાં પીરાંણે હાત ધરીને કીધો અતમાંમ ।
એ કએખુશરો તંમ પાહદશાહાજીને કરો સલાંમ ॥
તેહારે ખરશાંણીની લાઠી બહને હાતે તાકી ।
જાંણે આપ ગોવાલ વાલીને બકરાં ગીઓ હાંકી ॥
જાંણે આપ ગોવાલ ઊંઠ વાલવાને જાએ ।
લાઠી લેઈને પૂઠ પૂઠ લાગો ધાએ ॥ ૨૨૯૦
રાજ સભા સરવ એ ઘેહલો દેખી હંશી હંશી રહેઆ ।
એ પીરાણ એ ઘેહેલો તો તંમબી દેવાંનાં થાએઆ ॥
તાંહાં અફરાશીઆબે બોલાવી આપ શાલજ દીધી ।
તાંહાં કએખુશરોએ તે ડાહાવે હાતે એમ શાલજ લીધી ॥
તે શાલની તાંહાં એમ અવલી શવલી ઘહડીજ વાલી ।
આપ તખત સંનમૂખ બેથો શાલ ગાંડ હેઠ ઘાહાલી[1] ॥

---

[1] એ બએતોમાં કએખુસરોનું દેવાનાપણું બતાવેલુછે તેવુંજ શાહનામાંમાંથી આવેલુછે. શાહનામાંમાં લખવા પ્રમાણે અફ્રાસ્યાબે એને પાંચ સવાલો પુછ્યા જેઓનો જવાબ કએખુસરૂએ, પીરાંણે આગમજથી શિખવી મુકવા પ્રમાણે, ઘણા હસવા સરખા આપેલાછે. પણ કેટલાએકોનો એહવો વિચારછે કે અફ્રાસ્યાબે કીધેલા સવાલોનાં જવાબો કએખુસરૂએ ભરમમાં આપ્યાચ પણ અફ્રાસ્યાબ તેની મતલબ સમજયો નથી. એ સવાલો તેનાં જવાબો સાથે નીચે મુજેબછે અને ઘણાં રમુજી છે. ૧, અફ્રાસ્યાબે તેને પુછ્યું કે "અએ નોજવાંન ભરવાડ દીવસ તથા રાત વિષે તું શું જાંણેછે ? ગોસ્પંદોના ટોલાંમાં તું શું કરતો હતો ? તથા બકરાં મેંઢાં કેમ ગણતો હતો"? કએખુસરોએ જવાબ દી-

કએખુસરોને તપાસી પાછો ફરંગેજને સોફી તે બહનેને સ્યાવક્ષગેર્દમાં મોકલી તેઓની તપાસ પીરાંનને સોફ્વી. "

એ કએઆંની દેખી બાલેઆ તુરકી અફ્રાશીઆબ દલેર ।
એહેનૂ રૂખ મૂખ છે માહા મેહેર દસ્ત પંજા માંનંદ શેર ॥
તેહારે તૂરકીએ ઈરાંની હકીમપર તે જોએઉ ભાલી ।
તે હકીમ દરોડી આવેઓ તખ્ત આગલ ચાલી ॥ ૨૨૯૫
એહેની સખી સાએઓ બેહૂ પૂખે શાહાંનશાહા ઊપાએઓ ।
એ કએઆંની દેવાંનો તે શે શખશે થાએઓ ॥
હકીમે શરવ તંન જોઇને એમ પારખૂ કીધૂ ।
એ કએખુશરોનુ શીસ બહને હાતે તાંહાં શાહાઈ લીધૂ ॥
એ તૂરકી શાહા એહેનાં જનમ પેટમાં મારીચ લાઠી ।
તે ચોટથી એહેનૂ નીડાલ તાલવુ ગએઉચ ફાટી ॥

ધો કે "શેકાર કરવાને મારી પાશે તીર કમાન તથા બખ્તર નથી". ૨ જું, "તું ઈરાંણ, દલેર પેહલવાંનોનાં શાહની નજદીક, જવા ચાહેચ"? જવાબ દીધો કે "પરમ દાહડે જંગલ તથા પાહડ તરફથી એક અસ્વાર મારી આગલથી પસાર થઇ ગયો". ૩ જું, "તારાં માએ બાપ કોણ છે? ઈરાંણ ક્યાંછે? તારૂં શેહર તથા તારા આરામની અને ખાબની જંગો ક્યાંછે?" જવાબ આપ્યો કે "જે જગાએ વાઘ વસેચ તે તેજ સુંગાલનાં દલેરોનાં દેલને ફારી નાંખેચ". ૪ થું. "તારો ઉસ્તાદ કોણ છે અથવા તું કઇ હોનર શિખ્યોચ? અને જમાનાંની ગરદેશની નેકી બદી વિષે તું કઇ જાણેચ"? જવાબ દીધો કે "ફાડીખાનાર શેર લડાએક કુતરા ઉપર ફાવી શકતો નથી". ૫ મું, "તું એલમ શિખવા તથા દુશમનથી કીનો લેવા નથી ચાહતો"? જવાબ દીધો કે "દુધમાં રોગન નથી રહેઉ માટે હું મારાં ગોસ્પંદનાં ટોલાંને આએ જંગલમાંથી બીજે ઠેકાંણે લઇ જવા ચાહુચ." પેહલા સવાલનો જવાબ કએખુસરોએ એક ભરવાડ અથવા એક દેવાનાં તરીકે નથી આપ્યો પણ તે એક પેહલવાંન અથવા પાદશાહને છાજતો આપ્યોચ. બીજા જવાબની મતલબ એહવી નીકલી શકેચ કે તેને વિષેની ખબર ઈરાંણ પોહોચી અને તે થોરા વખતમાં ઈરાંણ જસે. ત્રીજાની મતલબ એ હોએ કે જ્યાં તે વસેચ ત્યાં તેને કોઇબી રીતનો ભય નથી. ચોથાનો ખુલાસો એ હોએ કે અગરચે અફ્રાસ્યાબ ગમે એવો બલવાંન છે તોપણ તે તેની ઉપર ફાવી શકવાનો નથી. પાંચમાંની મતલબ એ હોએ કે તે જગો હવે વધારે વાર કએખુશરને રેહવા લાએક નથી થોરાં વખતમાં તે પોતાની માતા શાથે ઈરાંણ જશે, અને ત્યાંહાં ગયા પછી કીનો લેવાની તયારી કરશે.

એહેનાં શીસમાં મગજ ભેજ તે નથી આએઓ ।
તેથી એ બેદેમાગ દેવાનો ને બાવરો થાએઓ ॥
એ તૂરકી શાહા જેહેવારે ભર જુઆંન મરદમાં થાશે ।
વરશ સતર અઢારમાં એ મરી જાશે ॥ ૨૩૦૦
તૂરકી બોલીઆ એ કરશેવજ એ હકીમ વેણુ તે તંમ શાંભલો આજ ।
જે અણુમારેઓ મરે તેહેની પરાછ હંતેઆ તે લેવું શાને કાજ ॥
તૂરકી શાહે કએખુસરોને બોલાવી લીધો આંપેઆપ ।
દોગડી છોડી કએઆંની તંનનો જમણી બાંહે જોએઓ છાપ ॥
કુંકુ કેશર હેમ જાંણે કએઆંની તંનને મોહોરજ થાઇ ।
તે પાપી તૂરકી શાહા મંનને ઘણી કંપરી ધાઇ ॥
તૂરકી મન એમ ઊપનેઉ આપણે ભએ કરીએ તે શાંને કાજ ।
એહેના પેતા તંન મોહોર હતી તેણે કાંએ નહી કીધૂ રાજ ॥
ભલુ ભવેસટ હોણી હશે તે અણુહોણી નહી હોએ ।
તે હોનારત પદારથ નહી રાખી શકે કોએ ॥ ૨૩૦૫
જાઓ પીરાંણુ એહેની માએને તંમ સોપી દેજો ।
એહેનુ દેવાંનપણુ શરવ સહમજાવીને કેહજો ॥
એ ઘેહેલો તાંહાં ઇરાંણુ જમીનનૂ તે શુ કરશે રાજ ।
તૂ એહેને ખાતર જંગલમાં આજાબ દેએચ તે શાંને કાજ ॥
એ ફરંગેજ તાહારી અમને ઘણી લાગેચ દાહાજ ।
શરવ ખલકમાં અમને ફીટકાર પડેચ લાજ ॥
તંમ કરોધ કરી ફીનો મૂકીને તંમ અમ ઘર ચાલી આવો આજ ।
અમ મોહોલ અંદર એક જાએ કરી દેઉં શાજ ॥
મંન મોહટુ કરીને રજામંદ થાઓ તહમે ।
તાંહાં તમ માતાને મોકલીને લેવા આવુ અહ્મે ॥ ૨૩૧૦
એથી અધીક અધીક તમ સરવ શહમજાવીને કેહજો ।
એહેના પડઊતર તે તમ અમને આવી દેજો ॥
પીરાંણુ અફરાસીઆબથી એમ વદા થાએઆ ।
કએખુશરોને લઇને ફરંગેજ આગલ આએઆ ॥
અફરાશીઆબની કહેલી વાત શરવ શહમજાવી ।
ફરંગેજ તૂરકી વાત ખાતર નહીજ લાવી ॥
એ પીરાંન અમ તૂરકી વાત તે નહીજ મનને આહાંણી ।
એ અફરાશીઆબે ભવની કેહેવાત રાખી કાહાંણી ॥
વીસ્વાશ ઘાતીએ નાવીસ્વાશજ કીધો ।
લોકની ફીટ ફીટકારથી એ નહીજ બીધો ॥ ૨૩૧૫

આજ સૂ મોહો લેઇને અમને બોલાવેચ ઘેર ।
માહારા પાક શેઆવખશજી મારેઆની તે કીધી પેર ॥ "
એ નાવીસ્વાસીએ ઘેર બોલાવી વીસ્વાશજ કીધો ।
એ માહારા પાક અશોને મારતાં તૂ મનમાં નહીજ બીધો ॥
હવે માહારા જનમ સૂધી હૂ તાહારૂ મુખ નહીજ જોઊ ।
એ જંગલને શેડે વાશ કરી તાહારે નાંમે રોઊં ॥
હવે હૂ આંહાં રાવ કોહોની આગલ કરૂ ફરીઆદ ।
પણ આપ ધણી બગર માહારી કોણ દીએ દાદ ॥
જાઓ પીરાંણ તંમ આપ આંપણે ઠાંમ ।
તમ માહારી આગલ એ પાપીનું મો લેતા નાંમ ॥ ૨૩૨૦
અમ એ વાશ કીધો એ બેત ને શેડે આંહાં ।
એમ નથી સરજીઊ જે હૂ આપ આવૂ તાંહાં ॥
એ માહા પાપી આગલ હ નહી આવૂ ચાલી ।
તાંહાં પીરાંણ એ શાંભલીને રહેઆ ભાલી ॥
પીરાંન એ મજમૂન લેઈ આપ ફરી ગએઆ ।
તૂરકી શાહા આગલ જાઇ ને આપ ઉભા રહેઆ ॥
તૂરકી શાહાને એ મજમૂન સરવ શહમજાવી કહી ।
ફેરેગેજ આંહાં આવવાપર નારજા નારાજી થાઇ ॥
તાંહાં તૂરકી શાહે પીરાંનને એમ હોકમ કીધો ।
એક લાખ બેવર હજાર અસવારનો શુમેશાલારજ કીધો ॥ ૨૩૨૫
તૂરકીએ તેહેને હોકમ કીધો આંમ ।
તમ લસકર લેઇ ચોકી રહો કએખુસરોને ઠાંમ ॥
કોએ ઇરાંની આવીને નહી લેઈ જાએ આંમ ।
કએખુશરોને કોએ લેઈ જાશે તો તમને મરાવશ ઠાંમ ॥
તંમ તાંહાં જાઇને ચોકી પોહોરો દેજો ।
કોએ ઇરાંની આવી લેઈ જાએતો તંમ મો જાવા દેજો ॥
એમં તૂરકી શાહે સરવ સહમજાવીને વદાજ દીધી ।
પીરાંણ લશકરસૂ કએઆંનીની ચોકી કીધી ॥

કએકાવુસ તથા ગોદર્જે ખોઆબ જોવો તથા ગેવને કએખુસરોની જોસ્તોજોઈએ મોકલવો.

કએઆંની કાઉશ એક દંન ખુઆબમાં આએઆ ।
તાંહાં સપનમાં સરોશ ઇજદ પરગટ થાએઆ ॥ ૨૩૩૦
ઉઠો કએઆંની કાઊંશ તંમ થાઓ રલીઆત ।
અંમ મૂખની તંમ શાચી માંનજો વાત ॥

તુરકસ્તાંનમાં સેઆવખસ પૂત કએઆંની પરગટ થાએઆ ।
તે કએખૂશરો નર ફરંગેજે જાએઆ ॥
તે શાત વરશનાં થાએઆચ જંગલ જાલને વાશ ।
શ્રી હોરમેજદે તે કૂઅર કએઆંનીનો લીધોચ તપાશ ॥
તાંહાં પાક પરવરે તેપર કીરપા ઘણી કીધી ।
તે કએખૂસરોને આતશ નેરીઓસંઘની રતી દીધી ॥
આતશનેરીઓસંઘે તાંહાં એમ આપીચ રતી ।
તે કએઆંની કૂઅર ઈરાન નગરી થાશે છતરપતી ॥
તે કએઆંની તાંહાં જંગલજાલમાં છેજ આજ ।
તે કએખુશરો ઇરાંન જમીનનૂ કરશે રાજ ॥
તંમ ગેવ ગોદરજને મોકલો તે જાએ તાંહાં ।
તે જાઇને કએખૂશરોને લેઈ આવે આંહાં ॥
તે ગેવ ગોદરજ લેઈ આવે ઈરાંનને વાસે ।
તે કએખુશરો ઇરાંનમાં શાહાંનશહા થાશે ॥
એટલુ કહી સરોસઈજદ તે વદા થાએઆ ।
જેમ મેહર ગરજે ને વીજ ચમકે એ રીતે નજરે આએઆ ॥
તેમ રોશન ઈજદ ગએઆ પછે આપણે મકામ ।
તાંહાં શાહા કાઊશ જાગી હોશીઆર થાએઆ તેણે ઠાંમ ॥
કએઆંની કાઊશે એ સપન ખુઆબજ દીઠો ।
જે કએખુસરો કએઆંની અમને લાગો મીઠો ॥
તાંહાં શ્રી હોરમેજદનાં ઘણું સૂકરાંનાં કીધા ।
જે માહારા શેઆવખસને ઠાંમ તંમ અંમને કએખુશરો દીધા ॥
માહારા શેઆવખશજીનુ તે આજ રોશંન થાએઊં નાંમ ।
પાક પરવરે ફૂલ મેહેરબાંની તે કીધી આંમ ॥
શ્રી આપ કેરતારે પાક શેઆવખશને જીવતા કીધા ।
જે કએખુશરોને અમર કરી આપ ઉપાઈ દીધા ॥
વાલી તેહેજ રાતે શરોશઇજદ પરગટ થાએઆ ।
ગોદરજ કેશવાદનાં સપનમાં આએઆ ॥
તાંહાં સરોશ ઈજદ એમ બોલીઆ શહી ।
કએખુશરોની મજમુન સરવ સહમજાવી કહી ॥
તે કએખુશરો શાત વરશનાં થાએઆ તે જંગલને શેડે વાશ ।
તંમ ગેવને મોકલો તે જાઈ લાવે તહમારે પાશ ॥
ગેવ દલેરને સહમજાવી તંમ મોકલો તાંહાં ।
તે જાઇને કએખુશરોને ઈરાંન લાવે આંહાં ॥

એટલૂ કહીને સરોશ ઇજદ તે વદા થાએઆ ।
ગોદરજ કેસ્વાદ તે જાગી તાંહાં હેરાંનજ રહેઆ ॥
તેહારે ગોદરજે તે ગેવની આગલ એ સરવ કહી વાત ।
ગેવ શાંભલી ઘણૂ થાએઆ રલીઆત ॥ ૨૩૫૦
કએકાઊશ હોમાં વજીરને તે બોલાવેઆ શહી ।
એ સપન ખુઆબ તેને સરવ સહમજાવીને કહી ॥
ગેવ ગોદરજ એ બહને દરબારજ ગએઆ ।
શાહા વજીરની આગલ જાઈ આપ ઉભા રહેઆ ॥
ગોદરજે શાહા પરધાન આગલ એ સપન વાતજ કહી ।
બેહુ નર શાંભલી રહેઆ હેરાંનજ થાઈ ॥
તાંહાં કએઆંની બોલેઆ ગોદરજ એ ખાઆબ તે દીઠો અહમે ।
અમ તમ એક રાત એ ખાઆબ તે દીઠો તહમે ॥
તેહારે કએઆંની બોલેઆ એ ગેવ દલેર તમ એ કરવું કાંમ ।
સરોશઇજદે બોલી કહી તાહારૂ રોશન લીધુ નાંમ ॥ ૨૩૫૫
તુહુને આપ ધણીએ બૂલંદ મરતબ દીધો ।
બેહુ જેહાંનમાં તુને રોશન પરગટ દીવો કીધો ॥
ગેવ ગોદરજે એ કએઆંની મૂખથી શાંભલી વાત ।
સરવ હથીઆર શંભાલી લીધાં આપ આંપણે હાત ॥
એ કએઆંની શાહમુખ વેણુ સરવ શાંભલી લીધુ ।
આપ તુરકસતાન જાવા દેલ રાજી કીધુ ॥
તાંહાં શાહ પરધાંન પેતાએ ઘણી આશીશ દીધી શારી ।
શ્રી હોરમજદ આશ મોરાદ પૂરવે તારી ॥
ગેવે સરવ હથીઆર તે આપ લીધાં ખાસ ।
તરેહવાર તીર તરકશ નેજો રાએઓ આપ પોતાને પાશ ॥ ૨૩૬૦
ચાચી કમાંન ખતંગી તીર તરકશ ભરી લીધો ।
આપ ગરૂજ તે જમની બાંહે ઓલવી લીધો ॥
હરએક ભાંત ભાંતનાં હથીઆર આપ લીધાં હાત ।
અસવપર અસવારી કરી ઘણું થએઆ રલીઆત ॥
શરવ હથીઆર બાંધી આપ લીધાં શહમાલી ।
આપ અસવપર અસવાર થાઈ ગએઆ ચાલી ॥
આપ મંન હરખ ધરીને ઘણું રલીઆત થએઆ ।
દલેરી કરીને આપ કોહસતાંનની વાટે ગએઆ ॥
જંગલ જંગલ કોહોસ્તાંનમાં છેજ ગાર ।
તાંહાં હરએક પાહાડે પાહાડ ચઢી ઉતરેઆ તેણે ઠાર ॥ ૨૩૬૫

આપ જંગલ જાલ તે તાંહાં એમ ચાલિઆ જાએ ।
અંન પાંણી વનાં તે ઘણો હલાકજ થાએ ॥
હર એક જંગલ જાલ શેકારજ રમે ।
તાંહાં આતશ કાંહાંથી લાવે પછે કાચૂ જમે ॥
હરએક જંગલમાં આપ રાહાજ માપે ।
ખાવા પીવા બગર ઘણી જફા કાપે ॥
ગેવ દલેર એચી તાંહાં એ જંગલની જફા ।
અંન પાણી વસતર વગર ઘણી એચી જફા ॥
આપ જંગલજાલ તે તાંહાં જાએચ ચાલી ।
જે તૂરકી દેખે તેહેને તાંહાં ઉભો રાખે હાત જાહાલી ॥
તેહેને તાંહાં ઉભોરાખી તેહેનૂ મંન તે લીએ હાત ।
તે તૂરકીને કએખુશરોની સરવ પૂછે વાત ॥
સરવ વાત તેહેને પૂછે આંમ ।
વલતી શમશેર કાહાડી તેહેને તુરત મારે ઠાંમ ॥
એ રવેશ આપ જંગલ જંગલ તે જાએચ ચાલી ।
ચોદશ જંગલ પાહાડ ચહડી જોએચ આપ ભાલી ભાલી ॥
તાંહાં ચોગેરદ નજર કરે જંગલ ને મેદાંન ।
તાંહાં કાંઇ વસ્તી નહી દીઠી નાંમ ॥
તાંહાં આપ એમ દલગીર થાઇ જોતા જોતા ચાલે ।
તાંહાં ચોદશ નજર તે જંગલ જાલપર ભાલે ॥
તે જંગલ જાલમાં એક મરદ દીઠો તાંહાં તૂરકસ્તાંની ।
ગેવ દલેર તેહેને ઊભો રાખી પુછેઊં નાંમ નીશાંની ॥
શાંભલો તૂરકી અંમ તંમને પૂછૂચજ આંમ ।
આંહાં કએખૂશરો ફરંગેજ છે તે જંગલ કીએ ઠાંમ ॥
તે જંગલ જાલમાં કાંહાં રેહેછે ઘાહાટ ।
ચાલ આગલથી તૂ મહને તાંહાંની દેખડાવ વાટ ॥
એ પેહેલવાંન તૂ જંગલ જાલને ઠાંમ ।
અંમને આંહાં તાહારૂ સહમજાવી કેહેવૂ નાંમ ॥
તાંહાં ઇરાંની ગેવ તેહેને જવાબ તે દીધો આંમ ।
ઇરાંની ગેવ દલેર તે માહારૂ નાંમ ॥
એ તૂરકી તંમને અંમ એક પૂછૂચજ વાત ।
એ તૂરકસ્તાંનમાં કોઇ છે અંમ ઇરાંનીની જાત ॥
તે તૂરકીએ સરવ સહમજાવી વાતજ કહી ।
શીઆવખસ તૂરકસ્તાંનમાં આવેઆતા સહી ॥

તાંહાં તૂરકી શાહે શેઆવખસજીને ઘણી ઉપમા દીધી ।
આપ ફરંગેજ બેટી એ કએઆંનીને પરણાવી દીધી ॥
તાંહાં બેટી આપીને વીસ્વાસની કીધી ઘાતજ આંમ ।
કરશેવજ હાત શેઆવખશજીને મરાવેઆ ઠાંમ ॥
તે ફરંગેજનેભી શેહેર નીકાલો દીધો ।
એ અફરાશીઆબ લોકની ફીટકારથી નહી બીધો ॥ ૨૩૮૫
તે ફરંગેજ પેટ ગરભ રહેઓતો ખાશ ।
પીરાંણે લેઇને આપ પોતાને ઘેર રાખી તપાશ ॥
તે પીરાંન ઘર ફરંગેજે તે પૂતર જાએઓ ।
ખબર પોહોતી તૂરકીને તે મૂદઈ થાએઓ ॥
તાંહાં તૂરકીએ ફરી ફરંગેજને શેહેરે નીકાલો દીધો ।
તે બેતને શેડે ડૂગર કઢણુ વાસજ કીધો ॥
તાંહાં ફરંગેજ કએખુશરો રેહેચ તેણે ઠાંમ ।
એ મજમૂન તેણે શરવ સહંમજાવી કહી આંમ ॥
તાંહાં ગેવ દલેર મનસૂ વેચાર કીધો આંમ ।
હવે તૂરકસ્તાંનમાં માહારૂ પરગટ થાસે નાંમ ॥ ૨૩૯૦
જે ગેવ દલેર કોહોસ્તાંન વાટે આએઓ ચાલી ।
કએખુશરો ફરંગેજને ઈરાંણ લેઈ ગએઓ સહંભાલી ॥
તુરકી શાહને ખબર એ કેહશે જાઇ ।
જે કએખુશરો ફરંગેજને ગેવ લઈ જાએચ ધાઈ ॥
તો અફરાસીઆબ પીરાંણને મોકલી દેશે ધાઈ ।
અમ તેસું સનમુખ કરવી પડશે લડાઇ ॥
એમ મંનસૂ વમાશી ઘણો અંદેસો કીધો ।
જહલકતી તલવારે તે તુરકીને મારી લીધો ॥
તાંહાં ગેવ દલેરે મરદ મરદી કીધીજ આંમ ।
એકજ ચોટે તે તૂરકીને મારેઓ ઠાંમ ॥ ૨૩૯૫

ગેવે, ઘણી રંજ ખેંચવા છતાં કએખુસરો હાત નહી લાગવાથી,
કંટાલીને પાછું ઈરાંણ જવાનો વિચાર કરવો, તથા તેણે
બોઆબ જોવો, અને કએખુસરોનો મેલાપ થવો.

એમ શાત વરશ વેર જફા બેચી જંગલ જાલજ જાઇ ।
તાંહાં અંન બગર રહેઆ શેકારજ ખાઇ ॥
વસ્તર વણાં શેકાર ચરમ પોશજ કીધો ।
આપ તાંહાં જફા બેચતાં મંનમાં નહીજ બાધો ॥

એમ ગેવ દલેરે જંગલમાં જફા ખેચો ઘણી ।
તાંહાં સંભાલ કરનાર એક પાકપરવર ધણી ॥
તાંહાં ગેવે આપ મંનમાં અંદેસો કીધો આંમ ।
શાત વરશ થાએઆં અંમ જફા ખેચ્ચ એણે ઠાંમ ॥
હજુર કાંઇ અંત પાર નહી આવતો અમ આગલ ।
જે એ જંગલ જાલમાં માહારો હાલ શૂ આવશે પાછલ ॥ ૨૪૦૦
અંમ એ જંગલજાલમાં જફા ખેચ્ચ તે શાંને કાજ ।
અંમ આંહાંથી શર ફેરવીને ઇરાંન જાઊં આજ ॥
તાંહાં એક વડ છતર છાંએઆં અત મોટો દીઠો ।
તાંહાં ગેવ જાઈ ઊભા તેવારે વા આએઓ મીઠો ॥
તાંહાં ગેવે અસ્વ છોડી એમ કીધો મોકાંમ ।
તાંહાં આપ બેશી જીવશૂ કીધો આરાંમ ॥
તે જંગલ જાલ વેરાંનમાં આપ નહીજ બીધો ।
તે તાંહાં ગેવ ગોદરજે સપંન ખોઆબજ કીધો ॥
તાંહાં ગેવ ગોદરજ ભર નીદરામાં આએઆ ।
તાંહાં પાક શરોશઈજદ તે પરગટ થાએઆ ॥ ૨૪૦૫
પાક સરોશ ઈજદ તે ગેવનાં ખોઆબ સપંનમાં આવી ।
ગેવ દલેરને એમ કહેઉ સહમજાવી ॥
ઉઠો ગેવ દલેર તંમ સાંભલો અહમારી વાત ।
તંમ હોશીઆર થાઇને મન કરો રલીઆત ॥
તંમ જાંમ દશાપર આગલ જાજો ચાલી ।
તાંહાં ચશમો તલાવછે તમ જોજો ભાલી ॥
તાંહાં જંગલને શેડે રેહેચ ફરંગેજ કએખુશરો નાંમ ।
તંમ આપ અસપ ચલાવી જાઈ ઉભા રેહેજો તેણે ઠાંમ ॥
એ ગેવ દલેર તંમ આંહાં દલેરી કરો ।
તંમ આંહાંથી ઇરાંણ જાવા દેલ મો કરો ॥ ૨૪૧૦
એટલુ કહીને સરોશઇજદ રવાંણે થાએઆ ।
તાંહાં ગેવ દલેર જાગી હેરાંન રહેઆ ॥
ગેવ પરભાતે ઉઠી ઉગમન દશા જોએઉ ભાલી ।
હરખ ધરી આપ જંગલને શેડે ગએઆ ચાલી ॥
દંન પોહોર ચહડતે તે મેદાંન પોહોતા ધાઈ ।
તાંહાં ચશમા તલાવપર આપ ઉભા જાઇ ॥
તાંહાં શરોવર પાલે આપ જોએઉ નેહાલી ।
ચોદશ નજર કરી કરી આપ જોએઊ ભાલી ॥

તાંહાં જાઇ આપ ઊભા રહી જાંમ દશાપર જોએઉ ભાલી ।
હરખ ધરીને જંગલને શેડે તે આપ ગએઆ ચાલી ॥ ૨૪૧૫
તાંહાં તે જંગલને શેડે આપ જોતાતા જાઇ ।
વેગલેથી કએઆંની દીઠા એક કર વાહાધજ શાહી ॥
તાંહાં દલેર ગેવ દલેરી કરીને આગલ ગએઆ ।
આપ દરોડી તાંહાં જાઈ ઉભા રહએઆ ॥
કએઆંનીએ વેગલેથી દીઠો કોઈ નોજોઆં નવતર આવેચ ધાઇ ।
વાહાધને મેહેલીને આપ કમાંણ તીર તે હાતમાં શાહાઇ ॥
તે કમાંણ કશીશ કરી તીર હાતમાં શાહેઓ ।
ગેવ દલેરપર આપ દરોડી ધસી આએઓ ॥
તાંહાં ગેવ દલેરે તેહેને પૂછેઉ આંમ ।
એ નોજોવાં મરદ આંહાં તમ કોણ તહમારૂ સૂ છે નાંમ ॥ ૨૪૨૦
કહો એ નોજોવાં એ જંગલને શેડે તહમારૂ સૂ છે કાંમ ।
એ જંગલ વાસમાં તંમ રહોચ તે કીએ ઠાંમ ॥
તાંહાં નોજોઆંએ ફરી જવાબ તે દીધો આંમ ।
આવ પેહેલવાંન ગેવ દલેર તે તાહારૂ નાંમ ॥
ઉભી ચસંમનો તૂ ગેવ દલેર છે સૂત ।
ગોદરજ કેસ્વાદગાંનો તૂ પેઆરો પૂત ॥
અંમને તાહારૂ નાંમ માલંમ છેજ શહી ।
એમ કએખૂશરોએ ગેવને સહમજાવી કહી ॥
તાંહાં નાંમદાર ગેવે ફરી પૂછેઉ આંમ ।
એ નોજોઆં મરદ તહમારૂ આંહાં સૂછે નાંમ ॥ ૨૪૨૫
તાંહાં કએઆંનીએ ફરી જવાબ તે દીધો આંમ ।
અમ શેઆવખસ પૂત કએખુશરો તે માહારૂ નાંમ ॥
જેહેવારે ગેવે કએખુશરોનૂ શાંભલેઉ નાંમ ।
આપ અસપ ઘોડેથી મેલી છાંડી લગામ ॥
અસપપરથી ઉતરીને સેજદો સલાંમ કીધો ।
કએખુશરોએ ફરંગેજ વાતથી ગેવને ઓલખી લીધો ॥
આવ ગેવ પેહેલવાંન ફરી ફરી આવાજજ દીધો ।
ગેવે આગલ જાઈ સલાંમ કરી ભૂમી ઓશો દીધો ॥
ગેવ હરખ ધરીને આગલ દરોડીને આએઓ ।
એ કએઆંની તંનને ઘેઈ આપ શાંહી લાએઓ ॥ ૨૪૩૦
આપ મંનસૂ તાંહાં એમ ઘણૂ રલીઆએત થાઇ ।
એ કએખુશરોને તે આપ એમ શીનાસૂ લાઈ ॥

તાંહાં ગેવ ગોદરજ આપ ખુશહાલ થાએઆ ।
એ કએઆંની સપુત કુવર ફરંગેજ જાએઆ ॥
તાંહાં આપ બેહૂ નર એમ વાત કરતે કરતે ચાલે ।
કએખુશરો ગેવપર ગેવ કએઆંની તંનપર ભાલે ॥
એ બેહૂ નર તાંહાં ઘણૂ રલીઆએત થાએઆ ।
તાંહાં એક એકનો કર ધરી ફરંગેજ આગલજ આએઆ ॥
કએખુશરો ગેવને હાત ધરી લેઈ ગએઆ પોંતાને વાસ ।
ફરંગેજ ગેવને દેખી મનમાં ઘણો હરખ ઉપનેઓ ઉહુલાશ ॥ ૨૪૩૫
ફરંગેજ આપ મનસુ ઘણૂ રલીઆએતજ થાઈ ।
ગેવ દલેરની કૂરબાંની લીધી આગલ જાઈ ॥
તાંહાં ફરંગેજે આદર ભાવ કરી ઇજત દીધી ઘણી ।
અંમ મંન મોરાદ પોહોચવી દીધી તંમ શાહેબ ધણી ॥
તાંહાં કએઆંની કએખુશરોએ ગેવ આગલજ આવી ।
જર જરી શરપાવ દીધા એ કએઆંનીએ લાવી ॥
તાંહાં ગેવે આપ મંનસૂ ઘણો પાએઓ નાજ ।
તાંહાં ગેવ નામદારે પડઊતર દીધો એમ આજનો આજ ॥
શાંભલો કએઆંની તંન તંમ આગલ અંમ એક વાતજ કહી । [૨૪૪૦
એ જંગલ જાલને શેડે આંહાં રહેઆની આંપણને વેલા નહી ॥
તાંહાં ગેવ દેખી કએખુસરોને ઘણો ઉપનેઓ નાજ ।
ઈરાંન જાવા કએઆંની તંને આપ એમ કીધો સાજ ॥
ફરંગેજે બબરેબેઆંન[1] આપ કાહાડી એ ગેવને દીધી ।
ગેવે બબરેબેઆંન પેહેરી શાહાજાદાને સલાંમજ કીધી ॥

ગેવને શબરંગ–બેહુજાદ ઘોડા વિષે વાકેફ કરવો તથા તેને જંગલમાંથી લાવવો.

તાંહાં કએઆંની શાહા આપ ઘણૂ થાએઆ રલીઆત ।
તાંહાં ગેવ દલેર આગલ એમ ચલાવી વાત ॥
જેહારે પાક શેઆવખશ આપ તુરકસ્તાંનમાં આએઆ ।
તે આપ અસ્વારીમાં શબરંગબેહેજાદને[2] લાએઆ ॥

---

[1] સફે ૧૨૯ માંની નોટમાં જણાવેલાં બબ્રેબેઆંનનાં જેવું સ્યાવક્ષનુંબી બખ્તર હતું જેને શાહનામાંમાં ફિરદોસીએ સ્યાવશ કરી લખેલુછે.

[2] શબરંગ-બેહુજાદ, એ સ્યાવશનાં ઘોડાનું નામછે. સ્યાવક્ષે પોતાનાં માર્યાજવાની આગમજ વસ્યત કીધા મૂજેબ એ ઘોડાને એક પાહાડ ઉપર છોડી મુકવામાં આવ્યો હતો તે પછી કએખુસરોએ ઇ-

શબરંગબેહેજાદ તે અસ્વ ઘોહોડાનૂ નાંમ ।
તે આપ લેઈ આએઆ તુરકસ્તાંનને ઠાંમ ॥ ૨૪૪૫

આપ તૂરકસતાંન આવીને વાશજ કીધો ।
અફરાસીઆબ પાપીએ તેહેને દગો દીધો ॥

તાંહા પાક શેઆવખ્ખસને એમ અગમ આગાહા થાઇ ।
જે એ શબરંગબેહેજાદને ડૂગર કોહોપર મૂકો જાઈ ॥

તે શબરંગબેહેજાદને ડૂગર કોહોપર મૂકીને આએઆ ।
તેહેનો લગાંમ દાંહાંનો તાંહાંથી આંહાંજ લાએઆ ॥

શેઆવખ્ખસજી હોકંમ એમ થાએઓઅજ ખાશ ।
ગેવ દલેર આવશે આંહાં તહમારે પાશ ॥

તે ગેવને તંમ શરવ સહમજાવીને કેહેજો ।
એ લગાંમ દાંહાનો તેહેને હાત તહમે કાહાડીને દેજો ॥ ૨૪૫૦

એ શેઆવખ્ખસજી સરવ નશીહત સહમજાવી વાત ।
તે લગાંમ દાંહાંનો કાહાડી દીધો ગેવ દલેરને હાત ॥

તંમ એ દાંહાનો લેઇ ડૂગર આગલ જાઓ ચાલી ।
તે શબરંગબેહેજાદને તંમ જાઇને લાવો જાહાલી ॥

તંમ એ લગાંમ દાંહાંનો તાંહાં વજાડજો જાઈ ।
તે શબરંગબેહેજાદ તંમ આગલ આવશે ધાઈ ॥

તંમ તેહેને મૂખ લગાંમ દાંહાંનો ઘાલો ।
તે શબરંગબેહેજાદને તંમ લાવો જાહાલી ॥

તે ગેવ દલેર તાંહાં જાઇ એ લગાંમનો આવાજજ દીધો ।
તે શબરંગબેહેજાદે આવાજ શાંભલી એમ હોમલો કીધો ॥ ૨૪૫૫

રાંણ જતી વખતે તેને પોતાનાં કાબુમાં લીધો હતો. એહવુ કેહેછે કે એ ઘોડાએ સ્યાવક્ષ તથા કએખુસરો સિવાય બીજા કોઇને પીઠ આપીતી નહી. શાહનામામાં લખ્યા પ્રમાણે એ ઘોડાને સમજવાની શક્તિ હતી. સ્યાવક્ષે જ્યારે તેને છુટો કીધો ત્યારે કએખુસરો સિવાય બીજા કોઇને પીઠ નહી આપવાને વસ્યત કીધી હતી તે તેણે શાંભલી હતી. કએખુ-સરોને જ્યારે તેણે જોયો ત્યારે તે રડયો હતો. આવાં યશ્ટમાં લખ્યા પ્રમાણે કએખુસરોએ ચએચસ્ત નામનાં વર (પાણીનાં ચશમાં અથવા નદી) આગલ ઉભા રહી અર્દ્વિસૂર નદીની વખાંન કરતાં એહવી મુ-રાદ ચાહી હતી કે "હુ સઘલા શેહરો, માણસો, દેવો, ... ઉપર શેહાનશાહ થાઉ અને સઘલા જોડેલા (ઘોડાઓ) મંધેનાં તે સઉથી સરસ (ઘોડા)ને જોડુ યાને મારી અસ્વારીમાં લાવુ........" મજકૂર ફકરામાં સઉથી સરસ (ઘોડા) નો ઇશારો શબરંગ-બેહુજાદ ને વિષે હોએ એહવું લાગેછે.

તે અસપ કાંણુ આવાજ તે પોહોચેઓ જાઈ ।
તે શબરંગબેહેજાદ દરોડીને આવેઓ ધાઈ ॥
તે ગેવ દલેરે તે અસપ મૂખ લગાંમજ ધાહાલી ।
તે શબરંગબેહેજાદને આપ લાવેઆ શહંભાલી ॥
તાંહાં કએઆંની કએખુશરોએ અસપ દીઠો પાશ ।
આપ આગલ જાઈ હાત ફેરવી લીધો તપાશ ॥
તાંહાં ગેવ ગોદરજ તે આપ બોલીઓ આંમ ।
એ કએઆંની તંન તંમ દેર નો કરો ઇરાંન જાઇએ ઠાંમ ॥

કએખુસરોએ રૂક્ષારે તથા ફ્રેદની ભેટ લઈ તેમને દેલાસો આપી ફ્રંગેસ તથા ગેવ શાથે ઈરાંણ જવું.

તાંહાં રોખશારે કએખુશરો દેખીને ઘહણુજ મોહોઇએ ।
એ મંનપેઆરા પૂત અહમારો અંદેસો તંમને કીધો જોઇએ ॥ ૨૪૬૦
તાંહાં રોખશારે દેખી કએખુશરો ઘણા ઘંઘલા થાએઆ ।
આપ હાત જોડીને બહને માતા આગલજ આએઆ ॥
તાંહાં રોખશારેને કએઆંની તંને એમ જવાબજ દીધો ।
એ માએજી પરથંમ તહમારો અંદેસો મે એમજ કીધો ॥
એ માએજી તંમને તમારા બેટાને કોટે બાંધી લેઇ જાઊં ઇરાંન ।
એ તૂરકી તરત મારીનાંખે તમ પેતા પીરાંન ॥
પીરાંણે આપ આંપણસૂ ઘણી કીધીચ શારી ।
આંપણુ તેહેના ગૂણને આંહાં કેમ મૂકીએ વીશારી ॥
એ માએજી જો આંહાં પીરાંન નહી હોતે ચોકીબાંન ।
તો તંમ માતા બધંમ ફરોદને લેઇ જાઊં ધૂર ઇરાંન ॥ ૨૪૬૫
માએજી હૂ તંમને લેઈ જાઊંતો પીરાંનને નાંખે વાહાડી ।
જે તેં આપ બેઠી નવાશાને રએઆએત કરી મૂકેઆં કાહાડી ॥
એ માએજી તંમ નરધાર નરધાર શાચ માંનજો વાત ।
આંપણુ પેતા પીરાંનને થાએ વીસવાસને ઘાહાત ॥
એ સપૂત કૂઅર તૂ અંમ મંન પેઆરો જાંની ।
તૂ ગનેઆંની સપૂત એ વાત અંમ શાચી માંની ॥
દહી ભાત માહી જમાડી એ કએઆંનીને ભલા સૂકંનજ કીધા ।
આપ રલીઆએત મંને મંનપેઆરાને વદાજ કીધા ॥
તાંહાં ફરોદ ભાઈ તે એ કએઆંનીની આગલ આવી ઉભા રહી ।
કએખુશરોને એક વાત આપ સહમજાવીને કહી ॥ ૨૪૭૦
એ કએઆંની કએખુશરો તંમ ઇરાંન નગરી સધારોચજ આજ ।
તાંહાં તમને પાક ઇઅજદાં બખશે તખત ને તાજ ॥

જેહારે તંમ શાહંનશાહા થાઇને ઇરાંન ફેરવો આંણુ ।
તેહારે હૂ બધંમને તંમ આંહાં ખબર કરવી જાંણુ ॥
તેહારે અંમ તંમ પાશ ઇરાંન નગરી આવૂ આજ ।
આંપણુ પેતા શેઆવખસજીનાં 'કીનાંનો કરીએ એલાજ ॥
અંમ તંમ પાશ આવૂ આંપણુ કમરબંધી કીજીએ ।
કએઆંની શેઆવખસજીનો આંપણુ કીનો લીજીએ ॥
એમ ફરોદે કએઆંની આગલ એ સહમજાવી કહી ।
તંમ ઇરાંન તખત બેશી અંમને ખબર કરજો શહી ॥ ૨૪૭૫
તાંહાં કએખુસરોએ ફરી જવાબ તે દીધો આંમ ।
અમ જાણી ઇરાંન નગરી તખત બેશૂ ઠાંમ ॥
તાંહાં તખત બેશી ઇરાંન નગરી ધરાવૂ તાજ ।
વલતી શેઆવખસ કીનાંનો આંપણુ કરીએ એલાજ ॥
તાંહાં ગેવે બખરેઆંન પેહેરીને આપ અસ્વારજ થાઈ ।
અસવને તંગ બાંધી નેજો નીસાંન તે હાતમાં શાહી ॥
તે નેજાએ આપ ગજ બાંધી ગેવે હાતમાં લીધી ।
તે નેજાની આપ અલંમ દોલત કીધી ॥
કએખુશરોએ આપ શબરંગબેહેજાદપર અસવારી કીધી ।
ફરંગેજ માતાને આપબરાબર શાથે લીધી ॥ ૨૪૮૦
પીરાંણુ ચોકી વાટ તે તાંહાં એમ આગલજ આવી ।
ગેવ કેહેવા લાગા જે ચોકી મેહેલીએ ડાહાવી ॥
કએખુશરો કેહે એ પેહેલવાંન તંમ જૂઓ વમાસી ।
આંપણ કએઆંની શાહા ચોર થાઇને જાઇએ નાહાશી ॥
એમ શરવ સહમજીને આપ ચોકી આગલજ આએઆ ।
કએઆંની શાહા પેહેલવાંન ઘણૂ રલીઆએત થાએઆ ॥
ગેવ ચોકી આગલ જાઇને એમ એક તબલ ડંકો દીધો ।
તાંહાં કએખુશરોએ પોકાર કરીને એક બૂલંદ આવાજજ દીધો ॥
એ ચોકીબાંનો તંમ હોશીઆર થાઈ ખબરદારજ રેહજો ।
હૂ કએખુશરો ઇરાંન જાઉચ તંમ તૂરકીને ખબરજ કેહજો ॥ ૨૪૮૫
વાલી બીજે નાકે જાઈ ગેવે ડંકો દીધો આંમ ।
તાંહાં કએઆંનીએ બૂલંદ આવાજ દીધો તેણે ઠાંમ ॥
એ તૂરકી સેપાહ લોક અમારી વાત તંમ શાંભલીને લેહેજો ।
અંમ કએઆંની ઇરાંન જાણીઅ તંમ પીરાંનને ખબર કેહેજો ॥
એટલુ કહી તે બેહૂ જોઆંન અસપ ચલાવી ગએઆ ।
તૂરકી સેપાહ દેખી શાંભલી અજબ હેરાંનજ રહેઆ ॥

પીરાંણને કએખુસરોનાં ઇરાંણ જવાની ખબર થવી, તેણે લશકર લઈ તેની પુઠે જવું તથા ગેવ સાથે લડાઈ કરવી, તેનું પકડાઈ જવું અને કએખુસરો તથા ફરંગેજનાં વચે પડવાથી તેનો છુટકારો થવો.

તાંહાં ચોકીબાંને નજરે જોઈ શાંભલી લીધી ।
તે ચોકીબાંને એ પીરાંનને ખબરજ કીધી ॥
એ કએખુશરો શાથ ગેવ દલેર વાલી ફરંગેજ માએ ।
તે ફરંગેજ કએખુશરો ગેવ એ તરણ ઇરાંનજ જાએ ॥
તેણે ચોકી આગલ આવી ગેવે એમ ડંકો કીધો ।
તાંહાં કએખુશરોએ એમ બુલંદ આવાજજ દીધો ॥
તેણે આવાજ કરી અમને કેહેઉ આંમ ।
હૂ કએઆંની ઇરાંન જાઊચ માહારૂ કએખુશરો નાંમ ॥
જેહારે પીરાંણે કએખુશરોનૂ શાંભલેઉ નાંમ ।
તેહારે તે હેબતે ઓશાંણુ નહી રહેઓ તેણે ઠાંમ ॥
તાંહાં પીરાંન ચોકી તલાએઆ હુતા તેણે ઠાર ।
તાંહાં એક લાખ બેવર હજાર હૂતા અસવાર ॥
તે પીરાંને આપ સેપાહાને હોકંમ કીધો આંમ ।
તંમ ઊતાવલ કરો દેર ન કરો એણે ઠાંમ ॥
હાલ હાલ હાલાં પીરાણે આપ એમ ફરમાઈ લીધી ।
આપ અસવ મંગાવીને અસ્વારી કીધી ॥
એક લાખ બેવર હજાર તાંહાં અસવાર હાજર થાએઆ ।
ગેવ દલેરપર સંનમૂખ તાંહાં જૂધ કરવાને આએઆ ॥
તાંહાં ગેવ દલેરે કએઆંની તંનને પૂછેઊં જાઈ ।
એ પીરાંણુ લસકર લેઇને આંપણપર આવેચજ ધાઈ ॥
એ પીરાણુ લશકર લેઇને ધશી આવેઓ આજ ।
કહો કએઆંની તંન આંપણુ એહેનો સો કરીએ એલાજ ॥
તાંહાં કએઆંની કએખુશરોએ ફરી જવાબ તે દીધો વાલી ।
એ તૂરકી લશકરમાં આંપણુ બેહૂજણુ લડીએ શહંભાલી ॥
એ લશકરમાં આપણુ ઇરાંની બે પેહેલવાંન ।
એ લશકરને માર દીજીએ ગેરદ ઊડે ધૂર આસમાંન ॥
તાંહાં ગેવ ગોદરજે ફરી જવાબ દેઇને તાંહાં લંબાવેઓ હાત ।
એ એક લાખ બેવર હજારમાં બે પેહેલવાંન તે કાંહાં શરજી વાત ॥

એ તૂરકી લશકરમાં ધરાંની એજ પેહેલવાંન ।
એ ખબર આંહાંથી જાશે ધૂર રૂંમને શાંમ ॥
જે એ તૂરકી લસકરમાં ગોદરજ પૂત ગેવજ ખીધો ।
જે એ કએખુશરોને આપ બરાબરેજ લીધો ॥
ઇરાંન હીંદુસ્તાંન રૂંમ શાંમ ખબર જાએ આજની આજ ।
તો આંમ પેતા ગોદરજ કેસ્વાદગાં કુલને ખાંપણુ લાગે લાજ ॥ ૨૫૦૫
એ તૂરકી લશકરમાં હૂ એખીલો જુઆંન ।
એ લશકરને મારીને જીવતો ધરી લેઉ પીરાંન ॥
એ તુરકી લશકરને માર દેઇને આજેજજ કરૂં ।
સરવ લશકર મારીને પીરાનને જીવતો ધરૂં ॥
એ તમાંમ લશકર મારીને જમીન લાલ લાલજ કરૂં ।
તો ગેવ દલેર આંહાં માહારૂ નાંમજ ખરૂં ॥
એટલૂ કહીને આપ સરવ સહમાલેઆં હથીઆર ।
આપ હથીઆર શાચવી ઊભાં હોશીઆર ॥
હોશીઆર થાઇને એમ આપ કાહડી તલવાર ।
તૂરકી લશકરને તાંહાં એમ દીધી માર ॥ ૨૫૧૦
ગેવે બબરેબેઆંન તે તાંહાં એમ અજમાઇ ।
આપ લડાઇ લીધી તૂરકી લશકરમાં જાઇ ॥
ગેવે બબરેબેઆંન પેહેરીતી અતજ શાર ।
તૂરકી હથીઆર બબરેબેઆંનપર ન કરે કાર ॥
ગેવ ધશી માર દીએ તાંહાં ગરૂજની ચોટ ।
કઇ તૂરકી સેપાહ તાંહાં એમ થાએઆ લોટ ॥
ગેવ નાંમદાર તાંહાં તલવારનો લેહેજો મારે ઘાહાએ ।
એક એક ચોટે કઇ સેપાહનાં શીશ ઉડી જાએ ॥
તાંહાં ગેવ દલેરે મરદ મરદી તે આપ કીધી આંમ ।
એક એક ચોટે તૂરકી શેપાહાને મારેઆ ઠાંમ ॥ ૨૫૧૫
ગેવ દલેરે કમાંણુ કશીને તીર મારેઆ તાકી તાકી ।
તૂરકી સેપાહે માર દેતાં કાંઈ નહી રાખી બાકી ॥
ગેવ દલેર આપ ધશી મારે શમશેર તલવાર નીશાંન ।
સેપાહા મારી તમાંમ મેદાંન કીધૂ લાલ લાલજ શાંન ॥
તૂરકી ગેવ દલેરને દીએ એમ તલવારની માર ।
બબરેબેઆંનપર તે ચોટ નહી કરે કાર ॥
તૂરકી તીર તુરકી સેપાહ મારે તાકી ।
તે બબરેબેઆંનપર તે ન કરે કાર મારનાર રેહે થાકી ॥

ગેવ દલેરે ઘણાં તૂરકી એમ માર મારી લીધા ।
પીરાંન લશકરમાં આપ ઘહણૂજ ખીધા ॥
કઈ તુરકી સેપાહ આવી ગેવ પાશ માંગેઉ જીવતદાંન ।
કઈ તુરકી નાહાશી ગએઆ થાએઉ ખાલી મેદાંન ॥
તાંહાં તુરકી પીરાંન ગેવ દલેર આગલજ આએઆ ।
ઈરાંની ગેવ દલેરે પીરાંનને જીવતા શાહેઆ ॥
તાંહાં ગેવ નાંમદારે એ પીરાંણને કહેઉ આંમ ।
તૂ નહી ઓલખતો ગેવ દલેર તે માહારૂ નાંમ ॥
હમણાં શમશેર કાહાડી તૂને મારૂ ઠાંમ ।
તૂરકસ્તાંનમાં કોએ નહી લીએ તાહારૂ નાંમ ॥
તૂ આજ કએઆંનીપર ધસી ચહડીને આએઓ ।
તૂ અંમ ઈરાંની કએઆંનીનો ભએ નહીજ લાએઓ ॥
ગેવે શમશેર કાહાડી પીરાનપર ધાએઆ ।
તેહારે કએખુશરો ગેવ દલેર આગલજ આએઆ ॥
શાંભલો પેહેલવાંન તંમ અહમારી વાત ।
એ પીરાંનસૂ તંમ કાંએ ચીતવોચજ ઘાત ॥
તેહારે ગેવ દલેર તે તાંહાં એમ બોલેઆ વાલી ।
અમ પેહેલવાંનની ચોટ તે આંહાં કેમ જાએ ખાલી ॥
એ અંમપર ચહડી આએઓ આપ મોહોત અંદેશો નહીજ કીધો ।
અમ ગોદરજ કેસવાદગાં પૂતથી તૂ નહીજ ખીધો ॥
તૂ આંહાં આજ દને અંમપર ચહડી આવેઓચ તે શાંને કાજ ।
આંહાં માહારી ચોટ ખાલી જાએતો અમ કુલને લાગે લાજ ॥
તાંહાં કએઆંની કએખુશરો તે બોલેઆ આંમ ।
તંમ એહેને ઠાર મહને આંહાં મારો ઠાંમ ॥
એણે માહારી જંગલ જાલને શેડે ખબરજ ઘણી લીધી ।
એણે હર વખત ઘહડી માહારી પરવરશજ કીધી ॥
તાંહાં ગેવ નાંમદાર ફરી બોલેઆ વાત ।
એ પીરાંનનો હૂ કાપૂ આંહાં જમણો હાત ॥
તેહારે કએઆંની શાહા એમ બોલેઆ વાલી ।
તાંહાં ગેવને આપ જવાબ દીધો શંભાલી ॥
શાંભલો ગેવ ગોદરજ તંમ માહારી વાત ।
પીરાંણ કર જાએ તંમ કાપો માહારો જમણો હાત ॥
તાંહાં ગેવ દલેર તે ફરી બોલેઓ આંમ ।
પીરાંનની આંગલી કાપૂ આજ એણે ઠાંમ ॥

તાંહાં કએઆંની કએખુશરો તે એમ બોલીઆ સહી ।
ગેવ દલેર આગલ આપ એમ એક વાતજ કહી ॥
માહારી ખાતર તંમ બખશો એહેને આપ ।
એહેની ખાતર તંમ માહારી આંગલી કાપ ॥
ગેવ આગલ આપ હાત આપેઓ કાહાડી ।
એ ગેવ તંમ એ પાંચે આંગલાં નાંખો વાહાડી ॥
હવે નાંમદાર ગેવ દલેર તમ સરવ સહમજી લેહેજો ।
એ પીરાંનને તમ હવે જીવંતદાંનજ દેજો ॥ ૨૫૪૦
તાંહાં ગેવ ગોદરજે એ શાંભલી વાત ।
આપ મનમાં ઘણુ થાએઆ રલીઆત ॥
રલીઆએત થાઈને આપ તેહેને દીધુ જીવતદાંન ।
તાંહાં ગેવે પીરાંનનો શાહેઓ જમણો કાન ॥
કાણ શાહીને તે પીરાંનનું આપ મૂખજ જોઈ ।
હોટપર ખડી પડી મૂખ જરદ થાએઉ મનમાં રહેઓ રોઈ ॥
ગેવ એ પીરાંનનાં બહને હાત શાહી લીધા ।
જરેદસ્ત કરી બહને કર એમ એક એકસુ બાંધી દીધા ॥
બહને હાત બાંધીને ફરમાએઉ આંમ ।
તૂ જા તાહારે ઘર મંદર ઠાંમ ॥ ૨૫૪૫
તાંહાં તાહારી ઘર નાર પાશે જાઇ કરી ।
તાહારા બહને હાત છોડાવજે ફરી ॥
હાત બાંધીને તેહેને એમ સોગંદજ દીધા ।
એ મોહટી શરમ લગાડી પીરાંનને વદા કીધા ॥
હાત બાંધીને તેહેને એમ વદાજ દીધી ।
આપ ઈરાંન શેહેર જાવાની વાટજ લીધી ॥

કએખુસરોનું ઈરાંન સરહદની એક નદી ઊપર આવી પોહોચવું તથા નાવખોદાએ હોડી નહી આપવાથી તેનું નદીઊપરથી પસાર થવું.

પીરાંનસુ આપ કએઆંની એમ વદાજ થાએઆ ।
કએઆંની તંન ગેવ દલેર ઈરાંન હદ નદીપર આએઆ ॥
નાવ ખોદાને ફરમાએઉ તૂ નાવ લાવ એણેજ ઠાંમ ।
તૂ જે માંગે તે અમ આંહાં તમને આપુ એનાંમ ॥ ૨૫૫૦
નાવ ખોદે કહએઉ તરણ વસતમાં એક આપો તહમે ।
એ નાવ તંમ આગલ લાવી ઉતારીને મૂકસુ અહમે ॥

તાંહાં કએઆંની કએખુશરોએ ફરી પુછેઊ આંમ ।
તંમ સૂ માંગોચ કહો તેહેનૂ સુછે નાંમ ॥
જોહર કંકર જર જેબાહા માંગો તહમે ।
તમ જે માંગો તે નગદ કાહાડીને આપુ અહમે ॥
તાંહાં નાવ ઓદે તે કએઆંની તંનપર જોએઊં ભાલી ।
એ કએઆંની કએખુશરોને પડઊતર એમ દીધો વાલી ॥
તમ તન કભા એ બબરેએઆંનજ શાદ ।
તમ અસપ ઘોહોડા એ શબરંગ બેહેજાદ ॥
તરીજી તમ બરાબર એ અસવપરછે નાર ।
એ તરણમાંથી એક અમને આપોતો અમ તમને ઉતારૂ પાર ॥
તે કએઆંની કએખુશરોએ સનમૂખ સખુન શાંભલી લીધો ।
ગેવ સનમૂખ જોઇને આપ ઘણો ગોશો કીધો ॥
આપ ગોશો કરીને તરકસમાંથી ખતંગી તીર તે કાહાડી ।
કમાંણ કશી તીર મારી તેહેનૂ મૂખ નાખેઊ ફાડી ॥
તાંહાં કએખુશરોએ નાવઓદે એમ છૂટી છૂટી દીધી ગાલ ।
કશીશ કરી તીર મારી ફાડી નાખેઆ બહને ગાલ ॥
એક તીર સમેત તેહેનાં બેહૂ વીધેઆ ગાલ ।
આરપાર કરી વીધી નાખેઆ તીર પેઠા સાલ ॥
તાંહાં કએઆંની આપ અસપ ચલાવીને ગએઆ ।
ગેવ બરાબર જાઇ નદી કીનારે ઊભા રહેઆ ॥
તે ભરપૂર નદીમાં નહી હુતોજ ઠાગ ।
તાંહાં કોએને નહી ઊતરવાનો હૂતો માગ ॥
તે નદીમાં નહી હૂતો ઠાગ નહી હૂતો પાર ।
તાંહાં એ બેહુ મોનાજાત કરવા લાગા એ પાક પરવરદેગાર ॥
તાંહા એ બેહુ નર અસપથી ઊતરી એમ રલીઆએત થાઇ ।
તાંહાં એ બેહુ નર નદી કીનારે ઊભા જાઈ ॥
તાંહાં જલ કેનારે જાઈ આપ કર મૂખ પાએ પંખાલી ।
સૂરજ સનમૂખ રહીને કૂસ્તી બાંધી વાલી ॥
વાચા મનસા ને કરમણા કરી ।
કૂસ્તી બાંધી તરણ વેહેડજ ફરી ॥
આપ મનશા શીધ ધરી ઉભા નદી કેનારે ઠાંમ ।
તાંહાં પાક પરવર આગલ તે મનાજાત કીધી આંમ ॥
એ પાક પરવર તંમ અંમપર મેહેરબાંની ધરો ।
એ ભરપૂર નદીમાં તંમ આંહાં મારગ કરો ॥

જો અંમ શીશ ઇરાંન જમીનનું સરજેઊ હોએ રાજ ।
તો અંમને એ ભરપૂર નદીમાં આપ ધણી મારગ કરી આપે આજ ॥
એ નદી કીનારે અંમ આંહાં ઉભા રહેઉચજ ધાહાટ । [૨૫૭૦
એ ધની તંમ હોકંમ કરો એ સંમદર નદી અંમને આપે વાટ ॥
તાંહાં શ્રી હોરમેજદે એમ કીધીજ વાહાર ।
તે ભરપૂર નદીમાં મારગ કરી દીધો શાર ॥
તાંહાં ધણી આપેઆપ વહારે આએઓ ।
તે ભરપૂર નદીમાં કુદરતી પુલ પાવલો થાએઓ ॥
તે પુલ પાવલો થાએઓ તે એ દાદ એલાહી ।
તેપર ચાલી ગએઆ કએખૂશરો શાહાંનશાહાઈ ॥
શાથે ગેવ દલેર ને ફરંગેજ માએ ।
તે પુલ પાવલે ચાલતાં ઘણૂ રલીઆએત થાએ ॥
તાંહાં એ તરણે જણ પુલપર ચાલીને ઉતરેઆં પેલે પાર ।
તાંહાં રખણી રાખનાર પાક પરવરદેગાર ॥ ૨૫૭૫

કએખુસરોનાં ઈરાંન જવાની અફ્રાસ્યાબને ખબર પડવી, તેનું તેની પુઠે જવું અને તે હાત નહી લાગવાથી તેનું પાછુ ફરવુ.

તુરકસતાંનમાં તૂરકી શાહાને એમ ખબરજ થાઇ ।
જે ગેવ આવીને કએખુશરોને લેઈ ગએઓ ધાઇ ॥
ગેવ કએખુશરોને ફરંગેજ એ તરણે શાથે થએઆં ।
પીરાંન ચોકી આગલ જાઇ તબલ ડંકો દેઇને ઇરાંનેજ ગએઆં ॥
તાંહાં પીરાંણે આપ લશકરની ફોજજ લીધી ।
ગેવ દલેરસૂ સંનમૂખ જાઇને એમ લડાઈ કીધી ॥
તે ખબર શાંભલતાં તૂરકીને કંપરી પડી ।
તે કએખુશરોપર તે એમ આપ આવેઓ ચહડી ॥
તાંહાં પીરાંન પાઊ પએઆદા દીઠા આવેચજ ચાલી ।
તાંહાં તમાંમ તૂરકી જોઇને હેરાંન થાઇને રહેઆ ભાલી ॥ ૨૫૮૦
તાંહાં તમાંમ તૂરકી પીરાંન આગલજ આએઆ ।
હાત બાંધેઆ દેખીને સરવ દલગીરજ થાએઆ ॥
તાંહાં તમાંમ તુરકી તે એમ પૂછવા લાગા વાત ।
આવો પીરાંન અમ તહમારા આંહાં શોડૂ હાત ॥
તાંહાં પીરાંન આપ એમ જવાબજ દીધો ।
ગેવ દલેર અમ કર બાંધીને જેર દસ્તજ કીધો ॥

જોર દસ્ત કરી અમ કર તેણે બાંધીને લીધા ।
ગેવ દલેરે અમને તાંહાં એમ શોગંદજ દીધા ।।
પીરાંણે એ શરવ સમ્જાવીને એમ કહી વાત ।
અમ આપ ઘર મંદર જાઈ ઘરનાર પાશ છોડાવસૂ હાત ।। ૨૫૮૫
એટલુ કહીને એ પીરાંન આપ મલૂકજ ગએઆ ।
તુરકી શાહ શાંભલી અજબ હેરાંણ રહેઆ ।।
તુરકી શાહા દરોડી એ કએઆંની તંનપર ધાએઓ ।
તેહેને ઉતરી ગએઆ જાંણી આપ બેતાબજ થાએઓ ।।
જેહારે કએઆંની શાહા એ નદી ઉતરીને ગએઆ આપ ।
તૂરકી શાહાને એ જગર કલેજે તે એમ લાગો કાપ ।।
અફરાશીઆબ એમ ડંડરીને રહેઓ ભાલી ।
એ તરણે ગએઆ જાંણીને આપ મૂખમાં આંગલી ઘાહાલી ।।
એ કએઆંની કએખુશરો જેવારે જાહેર પએદા થાએઓ ।
અમ વંશ તુરકસ્તાંનનો એ ફીટણકાલજ આએઓ ।। ૨૫૯૦
તે તૂરકી શાહા આપ નદી કેનારે આવી ।
નાવખોદને તાંહાં આપ એમ લીધો બોલાવી ।।
તે નાવખોદ દરોડીને શાહા આગલજ આએઓ ।
અફરાશીઆબ આગલ આવીને એમ રજૂ થાએઓ ।।
તે નાવ ખોદને એ તૂરકી શાહાએ એમ પુછી વાત ।
તેં આંહાં કેમ ઉતારી મુકેઆ કએઆંનીની જાત ।।
તાંહાં તુરકીએ તે નાવખોદપર આપ ગોસો ઘણો કીધો આંમ ।
એ બદબખ્ત તુહૂને આજ અમ આંહાં મરાવું ઠાંમ ।।
તે નાવખોદે તુરકી શાહને ફરી જવાબ તે દીધો આંમ ।
તે તરણે જણ આવી ઉભાં નદી કીનારે ઠાંમ ।। ૨૫૯૫
તેણે આવી અમ પાશ એ હોડી નાવજ માંગી ।
અમ હોડી નહીજ લેઈ ગએઆ તેહેને વારજ લાગી ।।
એ કએઆંનીએ અમને તાંહાં એમ દીધી ગાલ ।
તીર મારી કાડી નાએઆ માહારા બહને ગાલ ।।
તેહારે અસપ ચલાવીને એ નદી કેનારે ગએઆ ।
તે તરણેજણ તાહાં ઘણૂ રલીઆએતજ થએઆ ।।
રલીઆએત થાઇ આપ અસપ નદીમાં ચલાવી લીધા ।
તે ભરપુર નદીમાં તે પેશતાં આપ નહી બીધા ।।
તે નદીમાં આપ કૂદરતી પુલ પાવલો થાએઓ ।
તેહેને દેખીને હુ અજબ હેરાંનજ થાએઓ ।। ૨૬૦૦

તે પુલ પાવલાપર એ તરણે અસ્વારજ ચાલે ।
તે મન રલીઆએત કરી એ પુલ પાવલાપર ભાલે ॥ "
તે કએખુશરો ગેવ ફરંગેજ ઉતરી ગએઆં પેલે પાર ।
હુ એ અચરત જોઈ અજબ હેરાંન થાઈ રહેઓ એણે ઠાર ॥
આંહાં મારી જનમાર તે એવડી થાઈ ।
પણ એ નદીમાં પાર તે આમ ખબર નથીજ પાઇ ॥
એ ભરપૂર નદીમાં કેથો નથી ઠાગ ।
એ નદી જાંણે સમદર આંહાં કોએને નહી લાધે માગ ॥
પણ એ મરદછે તે કોએ એ દાદ અલાહાઈ ।
એ ફરેશતા બરાબર છે એ શાહાંનશાહાઈ ॥ ૨૬૦૫
શ્રી હોરમેજદે એપર ફૂલ મેહેરબાંની કીધી ।
એહેને શીશ ઇરાંન શેહેરની બાદશાહાઈ દીધી ॥
જેહારે નાવખોદે એ સરવ સહમજાવી વાત ।
તાંહાં તુરકી શાહા એમ ધશવા લાગો હાત ॥
હાત ધશી ધહશી એમ પશતાઇને કીધી શાંણ ।
એ કએઆંની પરગંદા કરશે માહારી તુરકસ્તાંન ॥
એ ઇરાંનથી કીનાંને કાજ ચહડીને આવશે આજ ।
હવે હું તુરકસ્તાંનનો શું કરૂ એલાજ ॥
એ તુરકસ્તાંન આવી સરવ કરશે ઊજાડ ।
અંમ શેહેર તૂરકસ્તાંનમાં એક નહી રાખશે જાહાડ ॥ ૨૬૧૦
એ તૂરકસ્તાંન મારીને આપ કરશે રાંન ।
સરવ મોહોલ બાલી જાલીને કરશે મેદાંન ॥
એ શાંભલી શહમજી આપ મંનને ઘણી લાગે દાહાજ ।
હવે એ માહારી તૂરકસ્તાંન કરસે તારાજ ॥
એવો વીચાર કરી અફરાસીઆબ ગીઆ તુરકસતાંન ।
હવે તાંહાંથી કએખુશરો આવેઆ ઇરાંન ॥

કએખુસરોનું ઈરાંન જઈ પોહોચવું, ઈરાંનીઓએ તેને ઈસ્તેકબાલ જવુ તથા તેની મુલાકાત લેવી.

તે કએઆંની કએખુશરો ઇરાંન સરહદ પોહોતા જાઇ ।
તાંહાં ઇરાંન જમીનમાં સરવને ઘેરેઘેર ખબરજ થાઈ ॥
જે ગેવ કએખુશરોને લઇને આવેઆ આજ ।
એ શાંભલી સરવ ઇરાંની લોક ઘહણૂ પાએઓ નાજ ॥ ૨૬૧૫

શરવ પેહેલવાંનને એ કએખુશરોની ખબરજ થાઈ ।
તેણે શાહા કાઉશ આગલ એ એમ દીધી વધાઈ ॥
જે ગેવ ગોદરજ કએઆંની કએખુશરોને લેઈ આવેઆ જાઈ ।
એ બેહૂનૂ નાંમ શાંભલતાં ખુશાલી ઘહણીજ પાઈ ॥
તે કએઆંની કાઊશ આપ ઘણુ રલીઆએત થાએઆ ।
આપ અસ્વ અસ્વારી કરી કએખુશરો શાંમને આએઆ ॥
તાંહાં બેજન ગેવ ગોદરજ કેશવાદગાં ।
વેહેરાંમ ગુરગીન ગહસ્તમ એ આજાદગાં ॥
તાંહાં જહવારે તોખારે મરજબાંન એ પેહેલવાંન ।
તાંહાં રહાંમ હજીર શરવે ઇરાંની જુવાંન ॥ ૨૬૨૦
તાંહાં તુશ નોદર એ સુપેશાલાર ।
તાંહાં હોમાં વજીર તે એમ થાએઆ અસવાર ॥
ફરેબરૂજ કએકાઉશ એ અસવારજ થાએઆ ।
હમાં ઇરાંની શરવે રાજ દરબારજ આએઆ ॥
ઇરાંનથી એ ખબર જાબુલસતાંન પોહોતી જાઈ ।
રૂસ્તમ જાલને એ ઘહણી ખુશહાલી પાઈ ॥
ફરાંમરજ રૂસ્તમે એ શાંભલી વાત ।
કએખુશરોનુ નાંમ શાંભલતાં ઘણૂ થાએઆ રલીઆત ॥
તાંહાં સરવ કટંમ પરવારનેબી એ ખબરજ થાઇ ।
ફરાંમરોજ રૂસ્તમ ઇરાંન દરોડીને આવેઆ ધાઇ ॥ ૨૬૨૫
ફરાંમરોજ રૂસ્તમ તે ઇરાંન આવે આજ ।
કએખુશરોનુ નાંમ શાંભલી મનને ઘણો પાએઓ નાજ ॥
તાંહાં શરવ ઇરાંણી તે કએખુશરોને શાંમણાં આએઆ ।
કએ કાઊંશ ગોદરજ મનમાં ઘણૂ રલીઆએત થાએઆ ॥
જાંને પાક શેઆવખસ ગએબીએ ફરી જાએઆ ।
એ ખબર શાંભલતાં રૂસતમ જાલ દરોડીને આએઆ ॥
તાંહાં કએકોબાદજાદીને હરખ ઘણૂ ઉપણીને આએઓ ।
પેતા ફોઇએ આવી કએખુશરોને શાંઈ લાએઓ ॥
અમ પેતા વંશ શ્રી હોરમજદે રોસંન કીધું આજ ।
એ ઇરાંન જમીનનુ કએખુશરોને શાહોઇએ તાજ ॥ ૨૬૩૦
ફરંગેજને ઘહશી હંશીને આપ શાંઇ લાઇ ।
તુ શેઆવખશજીની નાર અહમારી વહૂ થાઈ ॥
કએઆંની શાહાએ ફરંગેજને ઘણુ દીધૂ માંન ।
કએખુશરોને દેખી ઘણાં થાએઆ કૂરબાંન કૂરબાંન ॥

તે નોજુંવાંન દેખી આપ ઘણુ રલીઆએત થાએઆ ।
ધંન આજ દંન જે અમ ઘર શેઆવખશ હએઆત આએઆ ,॥
તે નોજુઆં દીઠે શેહેશ દુખ મીટી ગએઓ દાધ ।
શુકર હોરમજદ તમ કએઆંની ફુલની ભાંજી આગ ॥
શ્રી હોરમેજદ તમ અમપર તરૂશટમાનજ થાએઆ ।
જે વેરી ઘરથી કએખુશરો હએઆતજ આએઆ ॥ ૨૬૩૫
શેઆવખશ દુખ અમ તન શરીરપર શહી લીધૂ ।
શબર કીધે શહએઆં ફલ અમને એક ધણીએ દીધૂ ॥
એ શેઆવખશજીએ વેરી દૂખ આપ શેહી લીધૂ ।
તે દૂખ શહેથી આપ કેરતારે કએખુશરોને અમરજ દીધૂ ॥
એ નોશાહા મૂખ દીઠે શરવ શેહેશારજ શોહાઇએ ।
એ ઇરાંન શેહેરની શાહાંનશાહી કએખુશરોને જોઇએ ॥

કએખુશરો તરફથી સઘલા ઈરાંનીઓ અને ફૂરેબુર્જ તરફથી તુસ વચે રાજ સંબંધી બાબદમાં વાંધો ઊઠવો.

સરવ ઇરાંનીએ રાજ દરબાર એમ મેલો કીધો ।
જેહાં પેહેલવાંને કએખુશરો શીશ રાજમદારજ દીધો ॥
સરવ ઇરાંની હરખ ઉલટે ઘણુ રલીઆએત થાએઆ ।
નો શાહાને સજદો સલાંમ કરવા રાજદોઆરજ આએઆ ॥ ૨૬૪૦
સરવ અંજુમંન મેલો કરી નોશાહાને એમ કીધો સાજ ।
આજ દંન રલીઆંમણો તખત બેશાડીને ધરીએ તાજ ॥
તાંહાં કએઆંની તૂશ ઊઠીને પંચ આગલ એમ જોડેઆ હાત ।
તંમ પંચ અંજુમંન અંમ અરજ પરછવીને લેજો વાત ॥
ઇરાંન શેહેરમાં ફેરેબરૂજ તખત બેશી ધરાવે તાજ ।
પેતા બંધમ ઉઠાડી ભતીજા તે કેમ કરે રાજ ॥
આદ વડાઓથી કદીમ ચાલેઓ જાએચ એ દંન આજ ।
કદીમ મીટી નવું મૂલ ઉપનાવોચ તે શાંને કાજ ॥
મોબેદાંન મોબેદને તંમ બોલાવો આગલ ।
ધરંમ શાહાસ્તરનાં તંમ વંચાવો કાગલ ॥ ૨૬૪૫
તંમ પંચ અધકારી નેઆવ અંનશાફ આંહાં તપાશી કરો ।
રાજ કૂઆર મીટી ભતીજ રાજ તંમ વમાશી ધરો ॥
તેહારે કએખુશરો કએકાઊશ આગલથી ઉઠી ઉભા થાએઆ ।
તાંહાંથી સરવ પંચ અંજૂમંન આગલ ધશીને આએઆ ॥

તંમ શાંભલો અંજુમંન અંમ પેતા બંધમ ઉઠાડીને બેસૂ રાજ ।
તો નવખંડ પરથ્વીમાં કએઆંની કુલને ખાંપણ લાગે લાજ ॥
તંમ મેલો કરીને એ કારણ વાત તે શાંને કથી ।
આજદને અમને આંહાં રાજ બેઠાની વેલા નથી ॥
આંહાં અંમ તહમારૂ દીધુ નહી કરસૂ રાજ ।
તમ એ મીઠીઆ વાત કરોચ તે શાંને કાજ ॥
તેહારે સરવ પંચે એમ કએઆંનીને જવાબજ દીધો ।
એ ફરેબરૂજને અમ સજદો સલાંમ તે નથી કીધો ॥
અમ આજ દંન તાંઇ શેઆવખસ દુખને રોઇએ ।
ઇરાંની પાદશાહી ફરેબરૂજને નહીજ શોહોઇએ ॥
તેવારે ફરી કએખુસરોએ અંજુમનને જવાબ દીધો ।
હમાં અંજુમન સરવ ઈરાંનીઆંએ પરછી લીધો ॥
તંમ શાંભલો પંચ અંમપર પરભૂ તરૂશટમાંનજ થાએઆ ।
એક લાખ બેત્રર હજાર તૂરકીથી અંમ જીહીતી આએઆ ॥
તાંહાં આપ કેરતારે અંમને ઘણો પેઆરો કીધો ।
ભરપૂર નદીમાં અંમને પૂલ બાંધીં દીધો ॥
એ આપ પરભો તરૂસટમાંન થાઈ અમને દેશે રાજ ।
એ તૂશ જંગીસૂ તમ બોહોશ કરોચ તે શાંને કાજ ॥
શરવ હજીુણ શાંભલી ઘણુ રલીઆએત થાએઆ ।
સરવ ઈરાંની પોત પોતાને ઘેરે આએઆ ॥

કએકાવુસે ખોઆબ જોવો તથા જે બહુમંન-દેજ઼ તોરે તેને તખતનશીન કરવાનો ઠેરાવ કરવો.

જેવારે ચઉદ દંન બે હફતા વચે વલમજ ગએઆ ।
તાંહાં શ્રોશ ઈજદ કએઆંનીનાં સપનમાં આએઆ ॥
તાંહાં શ્રોશ ઇજદ કએઆંની કાઉશ આગલ આવી ।
કએઆંની શાહાને એક વાત કહી એમ સહમજાવી ॥
તાંહાં શ્રોશ ઈજદે કહએણ આંમ ।
એ વંમર દેહેરાછે તાંહાં આહારેમનીનો ઠાંમ ॥
તે વમર દેહેરા ભાંજીને એમ કરે તારાજ તારાજ ।
તે ઇરાંન શેહેરનુ તખત તાજ તે ધરાવે આજ ॥
જે વમર દેહેરે જાઇને તે આહારેમની ટાલે ।
તે સપરૂશં નરની ઇરાંનમાં પાદશાહાઈ ચાલે ॥

એ રીતે કહી સરોસ[1] ઇજદ તે ગએબજ થાએઆ ।
કએઆંની કએકાવુસ ચમકી ઉઠી ઉભા થાએઆ ॥
પરભાતે ઉઠી કએઆંનીએ હંજુણ મેલો કીધો સહી ।
શરવ પંચ આગલ એ સપન વાતજ કહી ॥
તાંહાં શાહા કાઉશ પંચ આગલ એમ કેહેવા લાગા ।
જે અંમને ધણીજણ આવી કરી ગએઆચજ આગાહા ॥ ૨૬૬૫
જે વમર દેહેરો[2] ભાંજીને કરે તારાજ તારાજ ।
તેહેને તંમ આપ ઇરાંન જમીનનૂ આપજો તખત ને તાજ ॥

---

[1] સરોષ, અસલ અર્થ શાંભલવું, શાંભલવા પ્રમાણે ચાલવું તથા ચલાવવું, ધર્મનું ફરમાંન શાંભલનાર તથા તે પ્રમાણે ચાલનાર તથા ચલાવનાર, કરીછે. એ એક ફરેસ્તાનુંબી નાંમછે. એનું બયાંન અવસ્તાનાં જુદા જુદા ભાગોમાંથી ઘણું મલી આવે છે. સરોષ યષ્ટ જે દર રાતે જરથોસ્તીઓનાં પઢવામાં આવેછે તેમાં સઘલું એ ફરેસ્તાનાં કામોનું વર્ણન તથા તેની સેતાએશ આવેલીછે. મજકૂર યષ્ટમાં જણાવ્યા પ્રમાંણે એનું કાંમ અહુરમજદી ફરમાનો, અહુરમજદથી શાંભલી અથવા શિખીને પએગાંમ્બરો તથા નેક વિચારનાં, નેક સખુન બોલનારા, નેક કરણીવાલા અને અશો મરદોને શિખવવાનું તથા બેશારતથી સહમજાવવાનું તથા આ દુન્યાંની, બસુસન રાતનાં, પાસબાંની કરવાનુંછે. એજ યષ્ટમાં લખવા મૂજેબ સઉથી પેહેલાં બર્સમની ક્રિયા સરોષે કીધી હતી, તથા હજરત જરથોસ્તનાં પાંચ ગાથા, સઉથી પેહેલાં એણેજ ગાયા હતા, એટલે કે એ બંધે ચીજો અહુરમજદથી પેહેલાં એણે સંહમજીને, બર્સમની ક્રિયા, હજરત જરથોસ્તનાં જમાનાની આગમજ, કોઇ પએગમ્બરને બેશારતથી સહમજાવી હતી જેણે તે આ દુન્યાનાં લોકોમાં ફેલાવી હતી, તથા ગાથા હજરત જરથોસ્તને શંભલાવ્યા હતા. સરોષે દીનદારોને જે દીન શિખવી હતી તે દીન અહુરમજદે તેને શિખવી હતી. એજ યષ્ટમાં જણાવ્યા પ્રમાણે જે મકાનના રેહવાસીઓ સરોષને ખુશ રાખેચ એટલે કે ધર્મનાં ફરમાનોને માંન આપીને તે પ્રમાણે ચાલેચ, અને અશો માણસોની આસના વાસના કરેચ, તે મકાંનમાંથી દુ:ખ, તથા આફતોનો નાશ થાયછે. અવસ્તાનાં બીજા ભાગોમાં તથા પાછલા વખતની પેહેલવી અને ફારસી કેતાબોમાં લખવા પ્રમાણે માણસનાં ગુજરવા પછી ત્રણ દીવસ સુધી તેનાં રવાંનની પાસબાની તથામદદ સરોષ કરેછે.

[2] વંમર દેહુરો, મીનોએરદમાંલખવા પ્રમાણે ચએચસ્ત વરની પડોસમાં, એ એક ઉજદેજાર (બુતખાંનુ, દેવોની પરસ્તેશ કરવાનું મકાન) હતું, અને તેમાં ઘણા દેવો તથા જાદુગરો વસ્તા હતા. અને એ ઉજદેજાર કએખુશરોએ તોડીઊં હતું. શાહનામુ તથા બીજી ત-

એ ઇરાંન જમીનનૂ રાજ કોએને નહીજ આપૂ અહ્મે ।
એ પંચ હજુણ તંમ નરધાર નરધાર માંનજો તહ્મે ॥
જો ફરેબરૂજ વમર દેહેરે જાઇ ભાંજી ફતેહ કરી આવે આજ ।
તો અમ એહેને શીશ ઇરાંન જમીનનૂ સોપુ તખ્ત ને તાજ ॥
જો કએખુશરો વમર દેહેરો તાંહાં ભાંજે જાઇ ।
તો અંમ એહેને નવખંડ પરથ્વીની આપુ શાહાનશાહાઈ ॥
જેહેને પાક ઇઅજદાં પીરોજી જીહીત આપેં તાંહાં ।
તે નર ઇરાંન જમીનનાં તખ્તપર આપ બેશે આંહાં ॥ ૨૬૭૦
શરવ ઇરાંની પેહેલવાંન તેહેની પહનાંમાંહાં રેહે ।
એમ કએકાઉશ શરવ પંચને સહમજાવી કેહે ॥
કએઆંની મૂખથી સરવ હજુણે એ શાંભલી વાત ।
શરવ હજુણ હરખ ઊલટે થાએઆ રલીઆત ॥

પ્રથમ ફરેબુર્જે વમર દેહરો તોરવા જવું તથા તેનું નિષ્ફલ થવું.

ફરેબરૂજ તૂશસૂ સરવ હજુણ આતફાકજ કીધો ।
વમર દેહેરો ભાંજવાનો શીશ મદારજ દીધો ॥
જાઓ ફરેબરૂજ તૂશ વમર દેહેરો ભાંજીને આવો તહમે ।
ઇરાંન રાજ બેશાડીને સજદો સલાંમ તે કરીએ અહમે ॥
ફરેબરૂજ તૂસશે આપ કોલ કરાર કીધો રાજી થાઇ ।
એ આહારેમની દેહેરો ભાંજુ અમ વમરમાં જાઈ ॥ ૨૬૭૫
તૂશ સૂબેશાલાર થાઇને એમ દેહેરા દીધા ।
ફરેબરૂજ શાહાને એમ આગલજ કીધા ॥
પહંચાશ હજાર શેહેપાની ગણુતી લીધી ।
નગારાં દેઇ ગાવીઆંનીઅલંમ દોલત તે આગલજ કીધી ॥
કૂજ દર કૂજ તે તાંહાં ચાલીને ગએઆ ।
વમર દેહેરા આગલ જાઇને તાંહાં એમ અટકીને રહએઆ ॥
સૂબેશાલારે તાંહાં એમ હોકમજ કીધો ।
એક બએવર હજારી ઉમરાવ તે વમર દેહરા આગલ કીધો ॥

વારીઓ પ્રમાણે એ આજરબાએજાંનની પાશે આવેલાં અર્દબીલ નાંમનાં શેહેર આગલ બહુમન દેજ઼ નાંમનો એક કીલ્લો હતો અને તેમાંનાં દેવો તથા જાદુગરોને કએખુશરો સિવાય બીજુ કોઇ નાશ કરી શકતું નહી. મજકૂર ચએચસ્ત વરખી આજરબાએજાંનમાંજ છે.

તે ઈરાંની દલેરે આપ મોહોતની અખતીઆરી કીધી ।
આપ શેપાહા લોકને એમ ધની ધીરવણુજ દીધી ॥ ,૨૬૮૦
તે ધંશી ગએઆ આપ વમર દેહેરાંને પાશે ।
તાંહાં જાઈ દેવ દરૂજ રાખશને ઘણુ તપાશે ॥
તે વમર દેહરાની આશપાશજ ફરે ।
સંનમૂખ નહીજ દેખે કોહોને તે જુધ તે કોણસે કરે ॥
એક દેવ ઊંચે આકાશ જાઈ અંધારી અતઘણી ઘણેરી કીધી ।
તે બેવર હજાર શેપાહાને ધૂઆંધાર અંધારી વરશાવીને દીધી ॥
બીજે દેવે તે દઈત તલેથી એમ પેસીને આવી ।
તે ધૂઆરીએ એમ તાંહાં ધૂઅર વરશાવી ॥
તે ધુઅરથી આપ બદબો ગંધ ગંધાઈ ।
તે અસપ શેહેપાહાનાં મૂખ શીનાં રહએઆં બંધાઈ ॥ ૨૬૮૫
તરીજે દેવે ધૂર આકાશ જાઇને એમ કીધો ઠાગ ।
હીમ ઠાર પાડી તાહાડી વરશાવી આગ ॥
અસપ શેપાહાનાં ગલી ગએઆ હાત ને પાગ ।
ઘણુ બલ કીધુ પણ શેપાહાનો નહી લાગે લાગ ॥
ચોથે દેવે આકાસ ચઢી એમ કીધો વકાર ।
મણ સો બસોની બરફ પથરની તાંહાં દીધી માર ॥
શોહો બહશે અસવાર તે તાંહાં જાએઆં થાએઆ ।
બાકી અસવાર તે તાંહાં અંધેરીમાં અટકીને રહએઆ ॥
તે ઈરાંની દલેર પહડી બાંધીને તાંહાંજ રહએઆ ।
તે બાહાદૂર દલેર તાંહાંથી નાહાશીને નહીજ ગએઆ ॥ ૨૬૯૦
તાંહા સૂબેશાલાર તુશને એમ બોલાવી લીધા ।
તંમ અણુશરજેઉ કરી ઇરાંની કાંએ જાએઆં કીધા ॥
એ શૂબેશાલાર સનમૂખ સતરૂ દેખાડી દેઓ તહમે ।
તે શતરૂ સંનમૂખ જુધ કરીને મારૂ અહ્મે ॥
અણુદીઠ અણુસરજી થાઈ ગએબની દીએચજ માર ।
મણ સોહો સોહોનાં પથર વરશાવી સરવનો કરે શંઘાર ॥
તાંહાં હોમાં વજીરે આવી મસલત તે કીધી આંમ ।
હક નાહક આહાં એ જાએઆં થાએઆનૂ નથી કાંમ ॥
હોમાં વજીર તે તાંહાં બેવર હજારીનો ધરેઓ હાત ।
આંહાંથી તંમ આંપણુ એખથા બેસીને કરીએ વાત ॥ ૨૬૯૫
તાંહાંથી એક થાંમ જાઇને એમ મસલત કીધી ।
સૂબેશાલાર તૂસને એમ સીખાંમણ દીધી ॥

શાંભલો તૂસ તમસૂ રૂસતમ આવીને ભાલી ભાલીને ગએઆ ।
પણ એક દેવ આંહાં જાહેર પરગટ તો નહીજ થાએઆ ॥
આંહાં એ વમર દેહેરો કાંએ નહી ભાગો તંમથી ।
તંમ એ દલેર લોકને જાંએઆં કરોચ તે શાંને થકી ॥
એ કએઆંની કૂલ તમ આપ એમ ગનેઆંનજ લાવો ।
તંમ પંચ ઉફરા થાઇ એક કેરતારસૂ આંહાં કીધો દાવો ॥
તંમ એ જાગ અખતીઆર કીધો શી મરદી જોઇ ।
એ શાહા ફરેબરૂજની તંમ અકલ તે શાંને ખોહોઇ ॥ ૨૭૦૦
ભરે ભાર તાંહાં સાચવી રેહેતન એહેની શરંમ ।
આંહાં આવી તંમ ખોએઆ પોતાનો ધરમ ને મરમ ॥
તૂસ બોલિઆ હમણાં હોમાં વજીર તે ડાહાએઆ થાએઆ ।
તંમ એહેવું જાંની અહમારી શાથ તે શાંને આએઆ ॥
હોમાં વજીર એમ તડકો કરીને એમ આપ આડુ ભાલે ।
એ નાદાંન તુશ જંગી તાહારી જેહેલ આગલ કોહોનૂ નહીજ ચાલે ॥
શરવ ઊંમરાવ બેશી એમ કરાર મદારજ કીધો ।
ફરી ઇરાંન જવાનો આપ એમ પરેડો કીધો ॥
તાંહાં નંદમાં ભાટ[1] તે બરમાઇ બોલી ઉડેઓ આંમ ।
જો આંહાંથી ફરી જાએતો ઇરાંનમાં ગૂમ હોએ નાંમ ॥ ૨૭૦૫
તે ભાટે એ તૂસને એમ બોલી તાંહાં તડકો દીધો ।
એ. કએઆંની સૂએશાલાર તૂ એ મરગથી કાંએ બીધો ॥
તંમ સૂ મૂખ લેઇ જાશો ઇરાંન સભામાં ધસી ।
તંમ આંહાં આવીને સરવ શતરૂની કાંએ કીધી હંશી ॥
માહારા કએઆંની શાહાને તે કીધો હલાક ।
જો શાહાજાદો ફરી જાએતો તેહેને પડે તલાક ॥
એ તૂશ તંમ પંચશે જેહેલ કીધી તે શાંને કાજ ।
નોશાહા આંહાંથી ફરી જાએતો કએઆંની કૂલને લાગે લાજ ॥
એ સૂએશાલાર તમને આંહાં જૂધ કરીને મૂઊં મરીઊં જોઇએ ।
તહમારૂ મૂખ તાબૂદ જોઇને મન હરખસૂ રોઇએ ॥ ૨૭૧૦
તાંહાં તૂશે તે ભાટને હડકી નાંખેઓ જાહાડી ।
એ નાદાંન વધેઆ બોલ બોલિય આંહાંથી મૂકો ઉઠાડી ॥

---

[1] નંદમા ભાટ, એ નામું લખનાર કવિએ, એ હિંદુઓને મલતું, નાંમ કોણુને આપ્યું છે તે જણાતુ નથી. કદાચ, લાફ્જની, સહરાગત તથા મશએરીમાં પ્રખ્યાત થએલા, મિલાદનાં ગુરગીનને એ કવિએ ભાટનુ નામ આપ્યું હોએ એહવું લાગેછે.

તાંહાં તે ભાટે આપ કમરથી પૂની પંજર લીધુ કાહાડી ।
આપ પંજર મારી પોતાનૂ પેટ તે નાખેઉ ફાડી ॥
એ તૂશ તંમ શંમશેર બાંધોને પંજર ખોશે ।
એ મરણથી તુ આંહાં બીહીતો હોશે ॥
અંમ મરણથી નહી બીહૂ એ ઓતંમ કૂલનાં ભાટ ।
અહ્માર મોહોત રહજલેચ હર વાટે વાટ ॥
ભાટ મૂખથી શાંભલીને કએઆંનીને લાગો દાધ ।
અંગોઠેથી તે શીશ તાંઇ લાગી આગ ॥ ૨૭૧૫
શાહા ફેરખરૂજે આપ ગનેઆંન કરીને એમ પરછ્રી લીધૂ ॥
આપ મનસૂ સહમજીને આપ મોહોત અખતીઆરજ કીધૂ ॥
એ બદજંદગાંની આંહાં મુરદેહ બેહ ।
એ અણશહમજેઓ કાંહાંનો કાંહાં કીધો સનેહ ॥
એ કએઆંની મોહોત અખતીઆરી કરી હરખે લાએઓ નાજ ।
એ કએઆંનીએ જંગ જૂધનો તે પેહેરેઓ સાજ ॥
અસ્વને પાખર તે એમ પાખરી લીધી ।
સરવ હથીઆર સંભાલી આપ અસ્વારી કીધી ॥
આપ તંન મંન એકસંપ થાઈ હરખજ કીધો । [૨૭૨૦
ઓતંમ કૂલનો કએઆંની શાહા આપ મોહોતથી નહીજ બીધો ॥
તે સૂર તંન મંનને એમ ઘણો હરખજ લાએઓ ।
સરવની અપરોગે આપ એક તંન અસવારજ થાએઓ ॥
તે કએઆંની તંને તે અસ્વને અશારત કીધી ।
અસ્વએ રાહા કાહાડી દમાંનક દીધી ॥
લશકરમાં સરવને તે એમ જાંણજ થાઇ ।
સૂબેશાલાર વજીર ઉમરાવ સરવ ગએઆ ધાઇ ॥
હોમાં વજીર તે ગએઆ અનૂઅર પાગે ચાલી ।
દરોડીને શાહાનાં અસવની આપ લગાંમજ જાહાલો ॥
સરવ ઊમરાવ ફોજદાર તે એમ આડા ફરી ।
ઉભા રહેઆ શાહા આગલ આપ સલામજ કરી ॥ ૨૭૨૫
હોમાં વજીરે તાંહાં સજદો કરીને જોડેઆ હાત ।
તંમ મોબેદાંન મોબેદ મૂખથી એમ પરછ્રી લેજો વાત ॥
તાંહાં મોબેદાંન મોબેદને તે બોલાવેઆ આગલ ।
તેણે ધરમ શાહાસ્તરના તે વાંચેઆ કાગલ ॥
જે નબલો નર જાંણીજોઇ વાહાધ જાલની પાશે જાએ ।
તે નાતવાંન નરને તે વાહાધ ફાડીને ખાએ ॥

તે જાંણી જોઈ જોરે જીવ કાહાડે તે નર દોજખી થાએ ।
તે નરને તાંહા સજા તુજારક તે ઘણીજ થાએ ॥
તંમ જાંણીજોઈ જોરે જીવ જાવા તાકોઅજ આંહાં ।
તંમ રવાંનને ઘણી મૂશકેલી તે થાશે તાંહાં ॥
આંહાં રૂસ્તમ જાલે આવી ઘણાં તલેસમજ કીધા ।
અણદીઠ શતરૂથી દોજખ જાવાને ઘણુજ બીધા ॥
" એ જેહાં પેહેલવાં રૂસતમે જાલ રા " ।
" ઓદાવંદ શંમશીરો ગોપાલ રા " ॥
તે ઘણીજણ પેહેલવાંન જીવતા ગએઆ તે પોતાને ભાગે ।
તે આગલ આપણ કોણશે આશરે લાગે ॥
એ શાહાજી તંમ આંહાં જોવુ એ ગનેઆંનજ કથી ।
આંહાં ગેવ ગોદરજનોભી કાંઇ લગાવજ નથી ॥
તાંહાં એ કએઆંનીએ ધરંમ ગનેઆંન પરછવીને લીધો ।
એ ધરમ આતમાં દોજખ જાવાને બીધો ॥
એ કએઆંની શાહાએ આપ ગનેઆંન કરી ફેકરજ કીધી ।
સરવ શેપાહાને તૂશસુ આપ એમ વદાજ દીધી ॥
આપ હોમાં વજીર તે રહએઆ તેણે ઠાંમ ।
તાહાં એક દેહેરામાં આપ બેહેઉએ કીધો મોકાંમ ॥
સરવ લશકર પોહોતૂ ધૂર ઇરાંન જાઈ ।
તાંહાં તૂશને ઘણી હંશી હશારત થાઈ ॥
જે કોએ ઓતંમ નરપર ઉફરા થાએ ।
તે અહમક નાદાંન આપ ખતાઇએ ખતા ખાએ ॥
તૂશે સરવ ખબર કીધી શાહા કાઉશ આગલ જાઈ ।
તાંહાં કએખુશરોને એ સરવ ખબરજ થાઈ ॥
કએકાઉશ ઘણાં દોહેલા થાએઆ એ દંનજ આજ ।
એ તૂશ તંમ એવડી કેહવાત કીધી તે શાંને કાજ ॥
માહારો ગરીબ પૂતને તે આંહાં લગાડી લાજ ।
તે ફરેબરૂજની કએખુશરોને ઘહણી લાગી દાહાજ ॥
આખર અતલંગ લોહોઇ તપેચ તંનજ જાઇ ।
ઊતમ ફૂલ નરને આગલ આવેઆ ધાઈ ॥

કએખુસરોએ વમરદેહરો તોરવા જવું અને તેને તોરીને તેમાં આતશ કદેહ બનાવવુ.

શરવ ઇરાંની તાંહાં એખઠા થાએઆ ।
રૂસ્તંમ જાલ તે કએકાઊશ આગલજ આએઆ ॥

તંમ કએખુશરોને હોકંમ કરો એ દંનજ આજ ।
તાંહાં જાઇને એ વમર દેહેરો કરે તારાજ તારાજ ॥ ૨૭૪૫
આપ પરભો તંમ વંશપર તરૂસ્ટમાંનજ થાએઆ ।
આહારેમની દેહેરો ભાંજવા કએખુશરોને અમર ઉપાએઆ ॥
એ કએઆંની તંન તંમને બુલંદ મરતબજ દીધો ।
જે કએશેઆવખસને કેરતારે પીરમરદજ કીધો ॥
કએશેઆવખસ પીઠથી એ કએખુશરો થાએઆ ।
ફરેદુન નસલની ફરંગેજે એ કએખુશરો જાએઆ ॥
કએઆંની તંમ કૂલને કેરતારે બુલંદ મરતબો દીધો ।
કએશેઆવખસથી કએખુશરોને પેઆરો કીધો ॥
કએકાઊશે કએખુશરોને એમ હોકમજ કીધો ।
તે કએઆંની નોજુવાંએ તાંહાં જાવાનો એમ શાંમાંનજ કીધો ॥ ૨૭૫૦
ફરાંમરોજ જહવારે એ બુલંદ પેહેલવાંન નોજુવાંન ।
ગેવ ગોદરજ બોલાવેઆ કેસવાદગાંન ॥
વેહેરાંમ ધહસ્તમ લીધા આજાદગાંન ।
શાત તંન થાએઆ આપ કએખુશરો કએઆંન ॥
એ હફત તન હથીઆર બાંધી થએઆ તઇઆર ।
અએરાકી મંગાવી તેપર થાએઆ અસવાર ॥
હરખે હરખ ધરી લીધુ શ્રી હોરમેજદનુ નાંમ ।
પાદર દેહેરા દીધા ઈરાંન નગરી મેદાંનને ઠાંમ ॥
તાંહાંથી કૂચ કરતાં નાંમ શ્રી અહોરમેજદનૂ લીધૂ ।
ગાવીઆંની[1] નીશાંન નપીરી નગારૂ તે આગલજ કીધૂ ॥ ૨૭૫૫

---

[1] **ગાવીઆંની નીશાંન,** જુલમી જુહાકનાં જમાનામાં કાવેહ નામનો એક લુહાર હતો તેણે જુહાકનાં જુલમથી ફરીઆદ ઉઠાવી પોતાની કમરે બાંધવાનાં ચામરાંનો વાવતો બનાવીને ફરેદુનને મલી તેની પાશે જુહાક ઉપર ચઢાઈ કરાવી અને તે તેની ઉપર ફતેહ પાંમ્યો. એ વખતથી તે પારસીઓની સલતનતનાં સેવટ સુધી એ વાવતાને ફરેદુને તથા તેની પછીનાં સઘલા પાદશાહોએ જવાહેરથી શિંગારી પોતાનાં સ્વાધીનપણામાં સાચવી રાખ્યો હતો અને તેને દરફશે કાવ્યાની અથવા અખ્તરે કાવ્યાનીને નામે ઓલખતા હતા. સેવટે એ વાવતો જહનુની અરબોનાં હાતમાં ગયો તેઓએ તેને ફારીને વેંહેંચી લીધો. ગોદરજીઆંન ટોલો એ કાવેહની ઓલાદનો હતો અને કાવેહ, એક લુહાર છતાં, ઘણો હીમ્મતવાન, બહાદુર તથા દેશાભીમાની પુરૂષ થઇ ગયોચ.

કૂજ દર કૂજ આપ જાઈ પોહોતા તેણે ઠાંમ ।
ફરેબરૂજ દેહેરામાં જાઈ કએઆંનીએ કીધો મોકાંમ ॥
તે છએ તને તાંહાં કએઆંનીનો હોકમજ લીધો ।
બીજા દેહેરામાં જાઈ તે છએ તને મોકાંમ કીધો ॥
તાંહાં કએઆંની કએખુશરોએ એમ કીધૂ કાંમ ।
તાંહાં આપ શ્રી હોરમજદનુ તે લીધુ નાંમ ॥
કએઆંનીએ મનશા સીધે કર મૂખ પાએ પખાલી ।
થરે કદમ શ્રી સુરજ સનમૂખ જાઈ આપ ઉભા ચાલી ॥
તંન જતંન શીવીપર તે આપ કૂસ્તી બાંધી ।
તાંહાં શ્રી એક નાંમની આપ શંધેઆ વાંધી ॥ ૨૭૬૦
પંચ "અહુનૂઅર" થરે "અશેમ" ભણેઆ ઓશ નેમ તે નાંમ ।
એ પરથ્વીપાલ સમરણ કીધુ શરવ થાએ કાંમ ॥
હફત "અહુનૂઅર" થરે "અશેમ" ભણેઆ મેહેરાંમ ઇજદ પીરોજગર ।
અહુરમજદાંમ અહુરમજદ નાંમનો તાંહાં એમ કીધો સૂકર ॥
શરવ હથીઆર બાંધી કએઆંની અસ્વાર થાએઆ ।
છએ તંન તાંહાં રાખી એ કએઆંની તાંહાં વંમર આગલ આએઆ ॥
વંમર ડુગર ઉપર તે એ કએઆંની ગએઆ ચાલી ।
ચોકૂડ ચોદશ જોવા લાગા આપ એમ ભાલી ભાલી ॥
સંનમુખ શતરૂ થાએઆ ડુગર દીઠો ખાલી । [૨૭૬૫
આહારેમની દેવ આકાશ ચહડેઓ તે કએઆંનીએ જોએઓ ભાલી ॥
તે બલવંત દેવ પોહોતો ધૂર આકાશજ જાઇ ।
સૂરજ અજવાલૂ તાંહાં ઢાંકી લીધૂ અંધારજ થાઈ ॥
તાંહાં બહમન અરદીબેહેસ્તે કએઆંનીની કીધી વાર ।
બહમને બલ અરદીબેહશતે તેજ તે દીધુ સાર ॥
એ કએઆંનીએ કમાંણુ ધરી આપ મન હરખજ લાએઆ ।
એ કએઆંની નજર તે જાંણે મધેઆંન બપોરજ થાએઆ ॥
તાંહાં આહારેમંની વંમર દેહેરો દીઠો દૂરજ તેણે ઠાંમ ।
તે દેખી કએઆંની "અશેમ વોહુ" ભણેઆ તમાંમ ॥
તે અંધારીઆ દેવે આકાસ જાઇને એમ કીધૂ અંધાર ।
બાર કોશી ઉપર જાઇ કીધુ ધૂકલ ધૂઆંધાર ॥ ૨૭૭૦
તાંહાં કએઆંની તંનની આંખે એમ ઘણી હૂઇ રોશનાઈ ।
તાંહાં કએઆંનીએ તે છહએ તંનને બોલાવેઆ ધાઇ ॥
સમરણ કીધુ તાંહાં પેતા નાંમ કે એ શેઆવખશ પીર ।
કશીશ કરીને આ આહારેમની દેવને આપ મારેઓ તીર ॥

બહમંન બલ દીધાની તે એહેજ નીશાંની ।
ધૂર આકાશ જાઇ તે તીર પોહોતો દેવની પેશાંની ॥
તે એક તીર લાગે ગલત ગલત પરથવીપર આએઓ ।
તે બલવંત દેવ પડતાં ધરથી કંપજ થાએઓ ॥
તેહારે ફરાંમરેજ બાહાદૂરે એમ શંમશેરજ કાહાડી ।
તે આહારેમંની દેવનૂ શીશ નાંખેશ વાહાડી ॥
છએ તંન મલી તેહેને તરૂત એમ મારજ દીધો ।
તે એહરેમની દેવનૂ તંન કાપીને રેજ રેજ કીધો ॥
વાલી ધૂરીઓ દેવ પોહોતો ધૂર આકાસજ જાઈ ।
ધૂઅર વરશાવી તાંહાં એમ અંધારજ થાઇ ॥
તે અંધાર ગપટમાં એમ બદઓ ગંધાએ ।
એ કએઆંની તંનને તાંહાં ખૂસ ખૂસઓએ થાએ ॥
કએઆંની તંન નજરે જાંણે ઊગેઓચ દીશ ।
તે આહારેમંની દેવ દેખીને કએઆંનીને ચહઢી રીશ ॥
કએઆંનીએ કમાંણ કશીશ કીધી જમણે કર ।
તાંહાં નાંમ લીધૂ બેહેરાંમ[1] ઈજદ પીરોજગર ॥
ડાહાવી જમણી જોઈ આપ ભાલી એમ નીશાંની ।
તાકીને તીર મારેઓ તે દેવની પેશાંની ॥
વણી કૂદરત તે તાંહાં એમજ થાઇ ।
તેહેને તીર વાગેઓ બાર કોશજ જાઈ ॥

---

[1] **બેહેરાંમ** (અવસ્તામાં વેરેઅધ્ન), એ એક ફરેસ્તો છે કે જેનું કાંમ તેના યાદ કરનારાઓને આફતને વખતે મદદ કરવાનું તથા ફતેહમંદી બખ્શવાનું છે. એનું ખુલાસાવાર બયાંન બેહેરામ યશ્ટમાં તથા એની વખાન અવસ્તાના જુદા જુદા ભાગોમાં આવેલીછે. મજકુર યશ્ટમાં લખ્યા પ્રમાણે બેહેરામ, તેનાથી મદદ ચાહનારાઓને,—પવન, ગાવ, ઘોડો, ઊંટ, ગુરાજ, જવાંન મરદ, વારંગ નામનુ મુર્ગ, મેંઢો, બકરો તથા બહાદુર પેહલવાંન, એહવાં રૂપોમાં આવીને—મદદ કરેછે. એજ યશ્ટમાં લખ્યા મૂજેબ હજરત જરથોસ્તે પોતાનાં કામમાં ફતેહ મેલવવાને બેહેરાંમથી તન તથા મંનનું બલ તથા આંખની તેજી ઇચ્છી હતી (જુવો શેઠ ખુ૦ રૂ૦ કાંમાજીવાલું જરથોસ્તનામુ સફો ૨૨૫ મો તથા સફે ૪૦૦ થી નોટ ૩૨૮, ૩૨૯, અને ૩૩૧ મી). એજ યશ્ટ પ્રમાણે લડાઇ કરનારાઓ લડાઇ કરવા આગમજ બેહેરામથી ફતેહ ચાહેચ અને તેમ કરતાં તેઓ તેની **નામ-આજબઈતી** (તેનાં નાંમનુ સ્મરણ), ઉપસ્તૂઈતી ? તથા નિસ્તૂઇતી ? કરેછે.

તે દેવ તાંહાંથી પડેઓ તે ભૂમીપર ।
તે પડતે પડધાહાથી ભૂમી કંપ થાઇ થર થર ॥
તાંહાં છએ તંન પેહેલવાંને એમ શમશેર કાહાડી ।
તે ધૂઆરીઓ દેવ મારી રેજ રેજ કરીને નાંખેઓ ઊરાડી ॥
તેહેને ગરજ ગરજે મારી કીધો કટકા ચૂર ।
તેહેને કાપી રેજ રેજ કરી એમ નાંખેઓ દૂર ॥ ૨૭૮૫
તરીજા દેવે જાઇ આકાશ કીધું થાગ ।
તે હીમ દેવે હીમ પાડી વરશાવી તાહાડી આગ ॥
તે કએઆંની અસપનાં નહી ગલેઆ હાત ને પાગ ।
તે દેવથી એ કએઆંનીને કાંઈ કસો નહી લાગ્યા લાગ ॥
તે કએઆંની દેખી આહારેમનને લાગો દાધ ।
તે માંખની નેહાદ[1] હાત માંથુ કુટીને ધશવા લાગો હાતને પાગ ॥
તે કએઆંનીએ કસીશ કરીને તીર મારેઓ આંમ ।
એક તીર સમેત તે દેવને મારેઓ ઠાંમ ॥
તાંહાં છએ પેહેલવાંને એમ તેજ તબરજ કાહાડી ।
તે નાપાકનુ તંન શીશ એમ નાખેઊ ફાડી ॥ ૨૭૯૦
ગરજ તબલે ફૂડી તેહેને કીધો કટકા ચૂર ।
છએ તન મલી રેજ રેજ કરી નાંખેઓ દૂર ॥
ચોથે દેવે આકાશ જાઇને એમ કીધો વકાર ।
મણ શોહો શોહો બએશેહેનાં પથરની એમ દીધી માર ॥
તે કએઆંની તનને કાંઇ અલવરાઇ તે નહીજ આવે ।
તે આહારેમનીસૂ લડતાં મનને ઘણુ હરખજ લાવે ॥
તે કએઆંનીએ કશીશ કરીને તીર મારેઓ આંમ ।
તેબી દેવને કએઆંનીએ એક તીર સમેત મારેઓ ઠાંમ ॥
તે છહએ તન પેહેલવાંને એમ શમશેર કાહાડી ।
રેજ રેજ કરી ટુકડા કરીને નાખેઓ ઉરાડી ॥ ૨૭૯૫
તે આહારેમની ખેખ સરવ નાપેદ તે કીધી આંમ ।
એ ચેહારે દેવને મારી નાપએદ કીધાં તેહેનાં નાંમ ॥
અવલ આખર તે શાચ પૂનથી હોએ પાક ।
આખર જુઠા પાપી તે એમ હોએ હલાક ॥

---

[1] માખની નેહાદ, માંખનું કાલબુદ ધરાવનાર, માંખનો આકાર પકડનાર. વંદીદાદની ૭ મી તથા ૮ મી પરગર્દમાં નસુશ દેવને મક્ષિ-કેહર્પ એટલે માંખનુ કાલબુદ ધરાવનાર કહેલોછે, તેમ આ ઠેકાણે એ કવિએ, દેવને માંખનું વજૂદ ધરાવનાર કહેલોછે.

શાચપણ શાંચવી એ કએઆંનીએ દેવ મારેઓ ઠાંમ ।
એ શાચપણ સાચવેથી સરવ સીધ હોએ કાંમ ॥
એ કએઆંની તંને આહારેમની ટાલીને એમ કીધાં નાશ ।
તાંહાંથી એ સાતે તન જાઈ ઉભા આપ દેહેરાને પાશ ॥
તે દેહરાનાં દરવાજા એમ તાંહાં દીઠા દીધા ।
તે સાતે તને તાંહાં એમ ઘણૂ જોર કરીને હોમલા કીધા ॥ ૨૮૦૦
તે દરવાજા નહી શશલે ને નહીજ હાલે ।
ફેકર કરવા લાગા જે આંહાં આપણુ સુ ચાલે ॥
તાંહાં પવીતર તને પાક "આવે આબ"[1] મંગાવી લીધુ ।
"બશનોથર અહુરમજદાઓ" કરીને નાંમ ધણીનુ લીધુ ॥
તાંહાં પવીતર તને એમ "પાજીઆબજ"[2] વાંધી ।
શ્રી સૂરજ સનમૂખ રહીને એમ આપ કુસતી બાંધી ॥
"પંચ અહુનુઅર થરે અશેમ" ભણેઆં તમાંમ ।
તે આરાધ કરતાં શરોશ આવી ઉભા તેણે ઠાંમ ॥
શરોશ ઇજદે તે કએઆંની તનને એમ નસીહત કીધી ।
વલતી તાવીજ હતી તે કએખુશરોને હવાલે દીધી ॥ ૨૮૦૫
ઘણી નશીહત કરી શરોશ ઇજદ તે વદા થાએઆ ।
તાંહાં કએઆંની ઇરાંની પેહેલવાંન અજબ હેરાંનજ રહેઆ ॥
તાંહાં કએખુશરોએ આપ એમ તે કીંવુજ કાંમ ।
તે તાવીજ લેઇ બાંધી એક તીરની પએગાંમ ॥
તે તીર તાવીજ સમેત એક કરમાં રહએઆં જાહાલી ।
તે તીર લેઇ આપ દેહેરા આગલ ગએઆ ચાલી ॥
તે સંનમૂખ દેહેરા આગલ આપ જાઇને ઉભા રહેઆ ।
તે તીર તાવીજ દેખસુ તાં દેહેરાનાં દરવાજા ઉઘડી ગએઆ ॥
ફરેબરૂજ હોમાં વજીર એ કએઆંનીએ બોલાવી લીધા ।
આપ સાત તનસુ તે નવ જણુજ કીધા ॥ ૨૮૧૦
તે નવે તંન બાહાદુર તે દેહેરાંમાં જાઈ ।
દેહેરા ભાંજવાની તે આપ એમ કીધી સજાઇ ॥
તે દેહરો હતો તે ભાંજી કીધો કટકા ચૂર ।
તે દેહેરાંનાં શંગ ડુગર કઢણુ એમ નાખેઆ દૂર ॥

---

[1] આવેઆબ, પવિત્ર પાણી. જુવો ૧૩૪ માં સફાની પેહેલી નોટ.

[2] પાજીઆબ અથવા પાદીઆવ, જરથોસ્તીઓ બંદગી કરતી વખતે અથવા બીજી કોઈબી જરૂરને વખતે કુસ્તી કરવા આગમજ હાત મોહડું ધોવાની ક્રિયા કરેછે તે.

તાંહાં કએઆંનીએ રાજ શોલાટ શરવ બોલાવી લીધા ।
તાંહાં દરેમેહેર[1] બાંધવાના આપ એમ હોકમજ કીધા ॥
એ રાજ ગજદર તમ દરેમેહેરનૂ તે આંહાં કરવુ કાંમ ।
નવ ચોક બનાવો નવ નવજ વાંમ ॥
હર હર ચોકે ચોક તમ કરાવજો નવજ ઠાંમ ।
એક હજાર મોહોલ બાંધો તંમ એ વમરપર ઠાંમ ॥ ૨૮૧૫
હેમ જહવેર ઈઆકુતનાં તે કરાવજો કાંમ ।
જડત જાડાવ કરી મોહોલ કરાવજો તમાંમ ॥
જેહેત કરી આપ તાકીદ તે કીધી ઘણી ।
દરેમેહેર સમારી તાંહાં સમરણ કીધૂ નાંમ સાહેબ ધણી ॥

કએખુસરોનું વમર દેહુરો ભાંજીને ઈરાંન જવું તથા કએકાવુસે તેને તખ્તનશીન કરવો.

શરવ ઈરાંની રૂસ્તંમ જાલ તે આવેઆ ધાઈ ।
કએકાઉસ તાંહાં આવી ઘણી વેહેચી વધાઈ ॥
રૂસ્તંમ જાલ તે શાહાંનશાહાઈ લાવેઆ શાજ ।
કએખુશરોને તખત બેશાડીને ધરેઉં તાજ ॥
ફરૂઅરદીન માશ ને ખોરદાદ રોજ તે દંનજ આજ ।
તે દંન ઈરાંન જમીનનુ કએખુશરોને દીધૂ રાજ ॥ ૨૮૨૦

---

[1] દરે મેહેર, મેહેરનું મકાંન, મેહેરની બંદગી કરવાનું મથક. આગલા વખતમાં ઈરાંનમાં મેહેરની ભગતી ઘણીજ ફેલાએલી હતી. એટલુજ નહી પણ તેની આશપાશના તથા તેથી ઘણા દુરના ભાગો જેહવાકે એસ્યામાઈનર, ગ્રીસ અને રોમમાંબી મેહેરની ઘણી ભગતી થતી હતી. તેઓ માણસના આકારનું મેહેરનું પુતલું બનાવતા હતા. અને હિંદુઓ જણોઈ પેહેરેછે તે રીતે તે પુતલાંની ગરદંનમાં સાંપનો આકાર નાંખી તેની પુછડી તેનાં (તે સાંપનાંજ) મોહોડામાં આપતા હતા, અને તેના આખા શરીર ઉપર સેતારા તથા ગ્રહોનાં આકાર પાડતા હતા. એહવી રીતે સાંપ તેની ગરદંનમાં નાંખવાની મતલબ એહવી સહમજાવ્યામા આવેચ કે સૂર્ય હમેશાં સુધી કુદરતે તેને ઠેડવી આપેલા કાયદા પ્રમાણે ચાલ્યા કરવાનો તથા આએ દુનીઆંનું ચકર હમેશાં એહવીજ રીતે ચાલ્યા કરવાનું છે. હવે આગલા મજકુર રીતનાં જે મકાનમાં બંદગી કરતા હતા તેને દરેમેહેર કેહતા હતા તેજ નાંમ પાછલથી આતશાખાંને, આતશકદેહ અથવા હિંદુસ્તાંનમાં આવ્યા પછી જેને અગીઆરી (અગ્નિ રાખવાની જગો) કરી કેહવા લાગા તેનેબી ઉપલુજ દરેમેહેરનું નાંમ આપ્યું કે જે હાલ સુધી ચાલુછે.

આપ કેરતારે એ કએઆંની તનને ઘણો મરતબજ દીધો ।
કએખુશરોએ ઘણી નાંમનો સૂકરાંનો કીધો ॥
નગારાં નપીરી સરણુઇ કરનાએ । ”
ઢોલ ધમકતાં કીધાં નંદમાં ભાટ તે એમ બહરમાએ ॥
એ ઓતમ કૂલનો કએઆંની શાહા કએખુશરો નાંમ ।
ધન ધન તુ સપુરશ નર તંમ એ સીધ કરી કીધાં કાંમ ॥
તાંહાં નંદમાં ભાટ તે ઊભો રહીને બહરમાએઓ આંમ ।
એ કએઆંની ગનેઆંની તે પેતા કૂલનૂ રોશણ રાખેઊઁ નાંમ ॥
એ કએઆંની શાહા કએખુશરો તંમ જૂગ જૂગ જીવો ।
એ કએઆંની કૂલમાં તૂ ઉપનેઓ આંહાં રોશંન દીવો ॥ ૨૮૨૫
તંમપર પાક પરવરે કૂલ મેહેરબાંની કીધી ।
જે તંમ શીશ ઇરાંન જમીનની પાદશાઇ દીધી ॥
શ્રી હોરમેજદે તંમ પર ઘણી મેહેરબાંની કીધી આજ ।
નવખંડ પરથવીનૂ તંમ શીશ દીધૂ રાજ ॥
તંમથી રોશન થાએઆય શાહા કાઉશ બેન કએકોબાદ ।
હજાર આફરીન કએખૂશરો તો જાઈ માંરા બાદ ॥
અસપ કોતલ ગાવીઆંની અલંમ દોલત તે આગલજ કીધી ।
માહાઈ મુહુરતી શાહાંનશાહાઈ તે પાછલજ લીધી ॥
શાહા વાજતે ગાજતે ઇરાંન શેહેરમાં આએઆ ।
સરવ ઇરાંની નર નારી તે ઘણૂ રલીઆએત થાએઆ ॥ ૨૮૩૦
કએકોબાદજાદીએ એમ ઘહણી કૂરબાંની લીધી ।
અમ પેતા ચેરાગ આપ કેરતારે રોશન કીધી ॥
તાંહાં કએખુશરોએ આપ તખત બેસીને એમ ધરેઆે તાજ ।
ફરૂઅરદીન માશ ને બોરદાદ રોજે ધરાવેઉ તાજ ॥
આપ શીશ તાજ ધરાવી તખતપર કીધો આરાંમ ।
એ હમાં પેહેલવાંન આજાદગાં ગરદંનકશાંએ કીધો સલાંમ ॥
વાલી જેહાં પેહેલવાંન રૂસ્તંમ જાલ દસ્તાંન શાંમ ।
કેશવાદી ગોદરજ ગેવ બેજન રેહાંમ ॥
વાલી જવારેહ તોખારે મરજબાંન એ બૂલંદ પેહેલવાંન ।
વાલી ફરાંમરજ બાહાદૂર દેલાવર જોઆંન ॥ ૨૮૩૫
હમાં પેહેલવાંન આપ મરતબ ઊભા આવી ।
સફ દર સફ ઉભા એમ જમણી ને ડાહાવી ॥
સફ દર સફ એમ ઉભા રહીને જોએઊં ભાલી ।
કએઆંની કએખુશરોને એમ સલાંમ કીધો સહંભાલી ॥

તાંહાં તમાંમ પેહેલવાંન તે એમ રલીઆએત થાએઆ. ।
કએખુશરો આપ માતા પાશે મોહોલ અંદર આએઆ ॥
કએકબાદજાદી ફરંગેજસ્ ગોસ્ટ કરે આંમ ।
તમ જંગલને શેડે કએખુશરોને ઉછારીને રાખેઊ નાંમ ॥
ચરખ આત પૂણી તંમ કાંતેઆં સૂત ।
તંમ ઉધારી એ નાજોવાં કીધો કએખુશરો પૂત ॥ ૨૮૪૦
પેતા શંમાશે વાલી ધૂર એ દંનજ આજ ।
રાંડ માએ ઉધારી ઇરાંનજમીનનૂ દીધૂ રાજ ॥
શાંભલો ફરંગેજ એ ઠાંમ તમ દૂખ ઘહણૂ દીઠૂ ।
આજ દંન એ તખત બેઠા તે તંમને લાગૂ મીઠૂ ॥
એ કએખુશરો શીશ તાજતે શોહોઇએ ખાસ ।
શ્રી હોરમેજદે એ તંમ મંનની પોહોચાવી દીધી આશ ॥
શાંભલો ફરંગેજ વેરી વીશવાશનો અમને ઘણો લાગેઅજ દાઘ ।
તે ખબર શાંભલતાં અંમને જેગર કલેજે લાગી આગ ॥
અંમ શાંભલી શાંભલી એ શેઆવખસજી દૂખને રોઇએ ।
એ ધણી તંમ એ કએઆંનીની વાહાર કીધી જોઇએ ॥ ૨૮૪૫
પાક પરવર આગલ એમ એ કીધી ફરીઆદ ।
તો શ્રી હોરમજદે અહમારી આંહાં દીધી દાદ ॥
દાદ દેઇ અમપર આંહાં તરસ્ટમાંનજ થએઆ ।
તંમ ફરેદૂન નશલની ફરંગેજે કએખુશરો જાએઆ ॥
તંમ એ કએઆંનીને ઊધારી સાત વરશનો કીધો ।
કએકાઉશે ગેવને તંમ પાશે મોકલી દીધો ॥
એ કએખુશરો ગેવ તંમ બરાબર આંહાં આએઆ ।
તો કએઆંની કાઊંશ ઘણાં રલીઆએત થાએઆ ॥
તાંહાં કએકોબાદજાદીએ એમ એજ વાતજ કહી ।
હવે નરધાર નરધાર કએખુશરો શાંહાંનશાહા થાએઆ સહી ॥ ૨૮૫૦

કએખુસરોએ સ્યાવખશનો કીનો લેવા અફ્રાસ્યાબની સાંમે લડાઈ ઊઠાવવાની તયારી કરી તુરકસ્તાંન જવું.

હવે કએખુશરોને આપ પેતા કીનાંની ઘહણી લાગી દાહાજ ।
અફરાશીઆબસૂ કીનો લીધાનો એમ કીધો એલાજ ॥
કએઆંની શાહે શરવ ઇરાંનીને તાંહાં એખઠા કીધા ।
રૂસ્તંમ જાલ ફરાંમરજને તાંહાં આપ બોલાવી લીધા ॥

શાંભલો ઇરાંની અંમ તંમ મેલા કીધાય તે એટલા કાજ ।
વીસવાશ ઘાહાત કરી અંમ પેતા મારેઓ તેહેની ઘહણી લાગેયજ દાહાજ ॥
તે દૂખ શાંભરી અંમ નેત રાત દંન ઘણૂજ રોઇએ ।
એ ઇરાંની પેહેલવાંન તંમને શેઆવખસ કીનો લીઘો જોઇએ ॥
શરવ ઇરાંનીએ કએઆંની તંનને એમ દીઘો જવાબ ।
જો અફરાશીઆબ જીવતો હાત આવેતો અંમ કરીએ કબાબ ॥ ૨૮૫૫
તે તૂરકી જંગ લડાઇમાં અંમ એમ રહેઈય વમાસી ।
તે દલેર અંમ હાત નહીજ આવતો તે જાએય નાહાશી ॥
તે ભર દરીએ જાઇ થાઇ રેહેય મેડક ને માહાઇ ।
એ કએખુશરોજી અંમ તેહેને કેમ કાહાડૂ શાહાઇ ॥
કએખુસરોએ સરવ પેહલવાંનોને પડઉતર દીઘો વાલી ।
અંમ હાત અફરાસીઆબ ઓતછે તે કેમ જાએ ખાલી ॥
એ ઇરાંનીઓ તે અફરાસીઆબ અંમ તાંહાંથી શોધીને કાહાડૂ ।
તે અફરાશીઆબની શીશ તંનથી મારે હાતે વાહડૂ ॥
પછે તે દીદા કાહાડી લેઇ અંમ માતા ફરંગેજને દેખાડી ।
અંમ અહમારે હાતે શગ આગલ નાંખૂ ઉરાડી ॥ ૨૮૬૦
શરવ ઇરાંનીને શાહે શાથે લીઘા ।
નગારૂ દેઇને દેહેરા ઇરાંણુ બાહાએરજ દીઘા ॥
તાંહાં કએઆંની શાહે સરવ ઇરાંનીને એમ કીઘી શાંન ।
તમાંમ ઇરાંની અસ્વારી કરો જાઇએ તૂરકસ્તાંન ॥
તાંહાં રૂસ્તંમ જાલ ફરાંમરજ આપ શાથે લીઘા ।
ગોદરેજ કેશવાદ હફતાદ પૂત[1] આપ બરાબરજ કીઘા ॥
તાંહાં આજાદગાં ગરદંનકશાં હમાં ઇરાંની અસવાર ।
જહવારે તોખારેહ મરજબાંન એ શરવ હૂતા તઇઆર ॥

---

[1] આગલા ઇરાણીઓમાં જેને ત્યાં ઘણાં ફરજંદો હોતાં તેની ઘણી તારીફ થતી તથા તે ઘણો માન પાંમતો એથી ઉલટું જેને ત્યાં ફરજંદ નહી તે ઘણોજ કમનસીબ ગણાતો. ગોદર્જને ત્યાં ૭૮ બહાદુર પુત્રો હતા, જેઓમાંનાં ૭૦ જવાનો, જંગેપશાનને વખતે એકજ રાતમાં માર્યા ગયા હતા. ઉપર જણાવ્યા પ્રમાણે ગોદર્જને ત્યાં ઘણાં ફરજંદો હતાં તેથી તે ઘણો ભાયગશાલી ગણાતો તથા તે પોતાને ઘણો મોહોટો સહમજતો હતો. જેઓને ત્યાં ફરજંદો નહી થતાં તેઓ પોતાને ઘણાં દલદર ગણી ફરજંદની ખાહેશથી ખોદાની બંદગી કરતાં—એ વિષે અવસ્તામાં તથા પેહલવી પુસ્તકોમાં ઘણા દાખલા મલેછે (જુવો શેઠ દા૦ ભરૂચાએ લખેલો આદરબાદ મારેસ્પંદનાં (પંદ-નામાનો) ઇનામનો રેશાલો સફો ૫૪ મો નોટ ૩ જી).

કએઆંની તૂસ નોદર એ શૂએશાલાર ।
એ જંગ જુધે સજાઇ શાંમાંન સરવ કીધો તઇઆર ॥ ૨૮૬૫
કએઆંની શાહે આપ અસપ અસ્વારી કીધી ।
તૂરકસ્તાંન જાવા આપ મંનસા કીધી ॥
શાહાંનશાહાઇ અલંમ દોલત તે આપ આગલજ કીધી ।
નગારચીએ નગારાં દેઇ નપેરીદારે નપેરી દીધી ॥
વજંનતર દમાંમાં તાંહાં એમ વાજે કરણાએ ।
કએઆંની શાહા કએખુશરો આપ તૂરકસ્તાંનજ જાએ ॥
તૂરકસ્તાંન જાઇ આપ "જંગે પશંધજ"[1] કીધો ।
રોખશારે મતરાઇ માએ ફરોદ ભાઇને બોલાવી લીધો ॥
તાંહાંથી માતા મતરાઇ રોખશારેને મોકલી ઈરાંન ।
ફરોદ[2] ભાઇને આપ શાથે રાખેઓ તૂરકસતાંન ॥ ૨૮૭૦
તાંહાં બહને બંધમ કએઆંની બેશી એમ મસલહત કીધી ।
જનસા જનસી મેવા રંગ બેરંગી મએ પીધી ॥
તાંહાં કએઆંની કએખુસરો બોલિઆ અંમ મારૂ અફરાસીઆબ ।
તાંહાં કંએઆંની ફરોદ બોલિઆ કરસેવજ અફરાસીઆબનાં કરૂ કવાબ ॥

---

[1] જંગે પશંવ, જંગે પશન, કએખુસરોને પાદશાહી મલવા પછી તેણે એક મોહટુ લશકર તૂસની સરદારી હેઠલ અફરાસ્યાબ ઉપર મોકલ્યું હતું. એ લશકર ઊપર પશન નામની જગોમાં તુરાંણીઓએ શબેહ ખુન કર્યું હતું તેમાં ઘણા ઈરાંણીઓ માર્યા ગયા હતા. અને એજ રાતે કેસ્વાદના ગોદરજના ૭૦ છોકરાઓ તુરકીઓને હાત માર્યા ગયા હતા. એ લડાઇને જંગેપશન તથા, ખુરહાનેકાતે પ્રમાણે એને, જંગેલાદનબી કેહછે. એ ઘણીજ મોહટી લડાઈ થાઇ હતી.

[2] ફરોદ, પીરાન વેસેની બેટીથી જનમેલો કએસ્યાવખશનો પુત્ર પીરાંને તેને તેની માએ જરીરેહ સાથે દેજે-કેલાતમાં રાખ્યો હતો જ્યાં તે હાકેમી ચલાવતો. કએખુસરોએ તૂસના સ્વાધીનપણામાં તુર્કસ્તાંન, તરફ જ્યારે લશકર મોકલ્યું તે વખતે તેણે તૂસને કેલાતદેજથી જુદે રસ્તે જવા કહ્યું હતું તે છતાં તૂસ તેજ રસ્તે ગયો. ફરોદને ઇરાણી લશકર આવવાની ખબર પોહચવાથી તે પોતાના કીલ્લા ઊપર આવી તમાશો જોવા ઉભો. તૂસની તુંદી તથા નાદાંનીથી ફરોદને હાત બે ઇરાંણી પેહેલવાનો તથા તૂસ અને ગેવના ઘોડા માર્યા ગયા. સેવટે તૂસે તેના કીલ્લામાં જાઈ તેની સાથે લડાઇ કીધી અને તેમાં તે નેક શાહાજાદો માર્યો ગયો. ઉપલી બેતમાં કવિએ ફરોદને કએખુશરો શાથે જંગમાં સામેલ કીધોચ તે, શાહનામાં પ્રમાણે, ભુલછે.

આપણુ પેતા સાઆવખશજીને વીશવાસઘાતજ કીધી ।
નાપાક કરસેવજે આપ આપણુ બજાઈ લીધો ॥
ફરોદ બંધમ આગલ કએખુસરોં બોલેઆ આંમ ।
એ નાપાક કરસેવજ અફરાસીઆબને મારૂ ઠાંમ ॥
રૂસતમ જાલ ફરાંમરજ તાંહાં બેઠા ફરોદ ભાઈ ।
જનસા જનસી મેવા મીઠાઇ મંગાવેઆ શેહેનશાહી ॥ ૨૮૭૫
કએઆંની કએખુશરોએ તાંહાં મનસુબો કીધો ।
હમાં ઈરાંનીઆં લડાઇનો સામાંન પેહરી લીધો ॥

અફ્રાસ્યાબને કએખુસરોનાં આવવાની ખબર થવી, તેણે લશકર તયાર કરી તેની સાંબે આવવુ તથા તેનું કએખુશરોને હાત ગેરફ્તાર થવું.

તુરકસતાનમાં તુરકી અફરાસીઆબને એમ ખબર થાઈ ।
કએઆંની કએખુશરો આપ પેતા કીનો લેવા આવેઆ ધાઈ ॥
તુરકી શાહે બંધમ કરસેવજને બોલાવી લીધો પોતાની પાશ ।
આપણુ ઈરાંણુ લશકરમાં જાઇ સરવને મારી કરીએ ખલાસ ॥
તુરકી શાહે લશકર એક લાખ બેવર હજાર તઈઆર કીધુ ।
નપેરીદારે નપેરી કીધી નગારચીએ નગારૂ કીધુ ॥
તુરકી શાહ તે કએઆંની તનપર આવેઓ ધાઈ ।
હમાં ઇરાંણીઆંએ તે તાંહાં એમ કીધી લડાઈ ॥ ૨૮૮૦
કએઆંની શાહે આપ "જંગે પશંગજ" કીધો ।
અફરાશીઆબ મારી જાજરો કરી લીધો ॥
તાંહાં તૂરકી મારેઆ અણગણત હજદર હજાર ।
એક ગોદરજનાં હફતાદ બેટા મરાએઆ ઠાર ॥
તે ગોદરજ કેસવાદનાં સીતેર બેટા મરાએઆ ગએઆ ।
કએખુશરો શાંભલી ઘણૂ દોહેલાજ થાએઆ ॥
એકશટ વરશ તાંઈ "જંગ પશંગજ" થએઓ ।
અફરાશીઆબ લડાઇ કરી કરીને એમ નાહાશી ગએઓ ॥
સરવ ઈરાંનીઓએ મેલો કરીને એમ કીધી વાત । [૨૮૮૫
એ કએઆંની શાહાજી એ જાદૂગર અહમારે નહી આવે હાત ॥
હજદર હજાર ઇરાંની જાંએઆં કરેચ શેતાંન દીએચજ ઘાહાત ।
એ શાહાજી તંમ ફરમાઓ તે અમે કરીએ વાત ॥
હમાં ઇરાંની મૂખથી શાહા એમ શહમજીને રહએઆ ।
કએખુશરો આપ શાંભલી ઘણાં દોહેલા થાએઆ ॥

તેહારે ગોશ ઇજદે[1] કએખુશરોને સહમજણ દીધી ।
એ કએઆંની શાહે આપ તંનપર અખતીઆરી કીધો ॥
તે જંગે પશંગમાં આપ સૂએશાલારજ થાએઓ ।
અફરાશીઆબ નાહાશી ગએઓ ને કરસેવજ જીવતો શાહેઓ ॥
એ કએઆંની શાહે આપ એમ તલેશમજ કીધો ।
કરશેવજને જાહાજ ધાહાલી.ભર દરીએ લીધો ॥
તાંહાં કરસેવજને શાહે એમ ટાંગી ચરમપોશની દીધા માર ।
અફરાશીઆબ પેઆંરા ભાઇની આપ આવેઓ વાહાર ॥
એં માહારા મન પેઆરાને કાંએ મારોચજ તહમે ।
હવે તંમ આગલ જાહેર પરગટ થાઉચજ અહમે ॥
એ માહારા ભાઇને તંમ મારોચ તે શાંને કાજ ।
એંમ તંમ આગલ હાત જોડી ઉભા એ દંનજ આજ ॥
અમને રૂસ્તમ જાલસૂ ઘણી વાર જૂંચજ થાઇ ।
ગેવ ગોદરજ ફરાંમરજ રૂસ્તંમ નહી શકેઆ શાહી ॥

---

[1] ગોશાઇજદ, એ એક ફરેસ્તાનું નામ છે. એનું બયાન ગોશ અથવા દ્રવાસ્પ યષ્ટમાં આવેલુ છે (જુવો એ૦ મ૦ શા૦ વાછાવાલી યષ્ટ બા માએની સફે ૪૯—૬૫). એ મજકૂર યષ્ટમાં તેમજ અશીસ્વંઘ યષ્ટમાં જણાવ્યા પ્રમાણે કએખુસરોએ ગોશ તથા અશીશ્વંઘની બંદગી કરી અંફરાસ્યાબને ચએચસ્ત વરની નજદીક મારવાને ચાહ્યું હતું, અને તે પોતાની મોરાદ પાંમ્યો હતો. પણ, મજકૂર બંઘે યષ્ટ તથા યજશનેનો ૧૧ મો હા અને શાહનામું તથા બીજી તવારીખોમાં લખવા પ્રમાણે, અફરાસ્યાબને પકડીને બાંધી આપનાર (શાહનામાં પ્રમાણે ફરેદુનની ઓલાદનો) હોમ નાંમનો શખસ હતો. પણ આ નામું લખનાર એ વિષે અંજાણો દીશેછે કેમકે એ નામાંમાં હોમનું બયાન તદન આવ્યું નથી અને એહવું લખેલુ છે કે કએખુસરોએ પોતેજ અફરાસ્યાબને પકડીને માર્યો. જુવો સફે ૨૦૩ મો, શ્લોક ૨૯૦૭. વલી હોમ નાંમનો એક શખસ હજરત જરથોસ્તની આગમજ પએગમ્બર તથા અશો જરથોશ્તનો ઉસ્તાદ થઇ ગયો હતો. એ વિષેના વધારે ખુલાસાને માટે જુવો શેઠ ખુ૦ રૂ૦ કાંમાંજી વાલાં જરથોસ્ત નામાંમાં સફે ૧૪૯—૧૫૬. ગોશ યજદે કએખુસરોને બીશારત કરવા વિષે એ કવિએ જે લખ્યું છે તે ગોશયજદની કએખુસરોએ બંદગી કરી હતી તેનો ઇશારો છે. અને એપરથી જણાએચ કે એ મોબેદ કવિના વખતમાં તથા તેની આગમજ ગોશ યષ્ટનો તરજુમો પેહલવી અથવા ફારસીમાં લખેલો હતો અને તે વિષેનું એ મહૂમ મોબેદને ગ્નાન હતું.

તંમ આગલ અંમ આપી ઉભાય એણે ડાર ।
હવે અમ મન પેઆરા ભાઇને તંમ મો દેતાજ માર ॥
એ કએખુશરો તૂ માગી ફરંગેજ પેટથી પેદા થાએઓ ।
તેહારે અંમ શીશ ટણુકેઉ જે તૂ તૂરકસતાંનનો શીરણુ કાલજ આએઓ ॥
આહારેમંન પાસ જાઈ ઘણી શાંખણુ શાંધી ।
તેં નાપાક આહારેમનેભી તૂ આગલ એમ હારી ખાધી ॥
તેં આહારેમની દેહેરો તે ભાંજી કીધા કટકા ચૂર ।
તેહેનાં દેવ સેતાંનને તેં તીર મારેઆ બાર દોશી દૂર ॥
એ કએઆંની તાહારી તે મેં તાંહાંથી શાંભલીચજ વાત ।
તે તાંહાં માંખની તેહાદ માંથૂ કૂટીને એમ ઘહશેચ્જ હાત ॥
તે તાંહાં ઉધે શીશ પડેઓ પડેઓ એમજ ભાલે ।
એ કએખુશરો તૂ આગલ તે આહારેમનનૂ કાંઇ નહીજ ચાલે ॥
શ્રી હોરમેજદે એ આહારેમંન જેરનો આંહાં એ કીધો એલાજ ।
આપ હોરમેજદે તૂને અમરગ કીધો તે એટલા કાજ ॥
એટલૂ કેહેતાં અફરાશીઆબ એમ ગએબજ થાએઓ ।
તે જાદૂગર એ કએખુશરોને હાત નહીજ આએઓ ॥
તાંહાં કએઆંની કએખુશરોએ ગનેઆંન કરી ।
નાપાક કરશેવજને બીજીવાર માર દેવાની મનસા ધરી ॥
તે દંન તાંહાં વચે એમ વલમજ થાએઓ ।
મનમૂ સમજેઆ જે આજે એહેનો અંમ ભેદભાવજ પાએઓ ॥
કરશેવજને ચરંમપોશ કરી બીજીવાર માર દીધી જોર ।
કરશેવજ શાધ શાંભલી અફરાશીઆબે કીધો શોર ॥
તેહેનો ઘણો હેતગર હતો તે અફરાશીઆબ ભાઇ ।
તે તાંહાં કરશેવજ બાહારે તરત દરોડી આવેઓ ધાઈ ॥
કએખુશરોએ કાંહાંધ નાંખી તૂરકી શાહાને લીધો શાહી ।
તૂરકી અફરાશીઆબ તાંહાં એમ અજબ હેરાણુ થાઈ ॥
તે દરીઆમાં તાંહાં હુતાં એમ ઊંડા પાંણી ।
તાંહાંથી તૂરકી શાહાને કએઆંનીએ લીધો તાંણી ॥
તાંહાંથી નાવ જાહાજ ચલાવી લીધૂ ઉભે આહાર આહારે ।
તે જાહાજ લાવી છીતાડેઊ દરીએ કીનારે ॥
તાંહાં કએઆંની કએખુશરો ઘણુ રલીઆએત થાએઆ ।
જે તૂરકી અફરાસીઆબને આપ જીવતા શાહાએઆ ॥
જીવતો જાહાલી જાહાજ ઘાહાલી જીવતો ખુશકીપર લાએઆ ।
સરવ ઈરાંની પેહેલવાંન જોઇ અજબ હેરાંનજ થાએઆ ॥
સરવ ઈરાંની તાંહાં તૂરકી શાહા જોવાને આએઆ ।
આફરીન કએઆંની તનને જે એ મુદઈને જીવતો શાહેઆ ॥

અફ્રાસ્યાબે કએખુસરો આગલ ઘણી આજેજી કરી જીવતદાંન ચાહવું પણ કએખુસરોએ તેને તથા તેના ભાઈ કર્શીવજને સ્યાવક્ષનાં કીનામાં કતલ કરવા.

તૂરકી શાહાનાં કએઆંની શાહે બાંધિઆ હાત ।
અફ્રાશીઆએ વીનંતી કરી હાત જોડી એમ તાંહાં કીધી વાત ॥
તાંહાં અફ્રાશીઆબ ઉભા રહી કએઆંનીને એમ કેહવા લાગા ।
એ કએઆંની શાહ તમને આપ કેરતારે દીધી અગંમ આગાહ ॥
એ કએઆંની હૂ તંમ આગલથી એમ નાહાશીને ગએઓ ।
હૂ દોજખમાં જાઈ આહેરમનની પાશે રહેઓ ॥
તે આગલ અંમ તાંહાં જાર જારજ રોઇએ ।
એ આહારેમન તંમ કરશેવજની વાહાર કીધી જોઇએ ॥
રાત દંન તુને આરાધ કરૂચ અંમ બહને ભાઈ ।
આજ દંન છૂટક કરો તંમ અમારી મદદજ થાઇ ॥
તાંહાં આહરેમને એમ જવાબ મને દીધો ।
અંમ હાત જોડી મંન પેઆર કરી તે પરછી લીધો ॥
એ અફ્રાશીઆબ તૂ અમ આગલ સાંને આએઓ ।
એ કએઆંની શાહાની મદદે આપ કેરતારજ થાએઓ ॥
તે કએઆંની તંનની મદદ બહમન મોહોર ગોશ રાંમ ।
એહેની મદદે અરદીબેહેશત આદર ઓશ બેહેરાંમ ॥
એ તંનને ઈજદ અમેશાઓસપંદ શંભાલી ચાલે ।
એ કએખુશરો તૂ આગલ આહારેમંનનૂ નહીજ ચાલે ॥
એ કએઆંનીસે તાહારૂ ચલણ નહીજ થાએ ।
એ હાત તહ્મારાં મોહોત સરજેઆં અંમથી નહીજ બંધ થાએ ॥
તાંહાં કએઆંની શાહે તુરકીને જવાબ દીધો વાલી ।
શાંભલ અફ્રાશીઆબ તંમ બંધમનુ મોત અમ આગલ આવેઊં ચાલી ॥
એ તૂરકી તંમ અંમ ઇરાંનીસૂ રાખી શાખી ।
પણ તમ ફરંગેજસૂ આંહાં કાંઇ ઓછ નહી રાખી ॥
અંમ પેતા સીઆવખશજી તંમ ઘેર આએઆ ।
આપ બેઠી દઇને દેલમાં ઘણો નાજ લાએઆ ॥
અંમ પેતાએ સીઆવખશગેરદ[1] વશાવેઊં ગામ ।
નવખંડ પરથવીમાં ચલાવેઊં પોતાનું નાંમ ॥

---

[1] સ્યાવખશગેરદ, એ સ્યાવક્ષે તુર્કસ્તાનમાં વસાવેલાં એક શેહરનું નાંમછે. એને અવસ્તા, પેહલવી તથા પાજંદમાં લખાએલી કેતા-

શેહેરે શેહેરથી સલાંમી આપ મંગાવી લીધી ।
અંમ પેતાએ તંમસુ કાંઇ ઓછ નહી કીધી ॥
અંમ કએઆંની કુલ કએકાવુશ બીન કએકોબાદ ।
અંમ પેતા સીઆવખશજીએ તે ગરીબ લોકની દીધી દાદ ॥
તે સરવ જોઇ તંમ દેલ કીનો કપટ આએઉ ।
કએઆંનીએ સીઆવખશગેરદ વશાવેઉ એ ઘણુ માંથુ થાએઉ ॥
પછે તમ આપ બોલાવેઆ કરશેવજ ભાઇ ।
આપણ સીઆવખશજીને મારવાની કરીએ સજાઈ ॥ ૨૯૩૦
અંમ માતા પેતા તમ ઘર આવેઆં ધાઈ ।
તારે નાપાક કરશેવજને ઘાતની બારી પાઇ ॥
તુંએ આપ બંધમ કરશેવજને અશારત કીધો ।
તે નાપાક જાદુગરે ઘરમાં ઘાલી વીશવાશઘાત કીધી ॥
અંમ પેતાને તમ જુધ કરતાં મારતે ઠાંમ ।
આજ અમ નહી લેતે તમ બંધમનુ નાંમ ॥
તુંએ કએઆંની ફરેદુન નસલને લગાડી લાજ ।
તેવાર પછી પણ અમ માતા પેટપર લાઠી મરાવી તે શાને કાજ ॥
તે લાઠીની માર નીત ઘણી જોરથી મારે । [૨૯૩૫
અમપર તરૂગતમાંન થાઈ દહમઈજદ[1] આએઆ અમારી વાહારે ॥
તે સરવ લાઠી આપ દહમઈજદે જીલી લીધી ।
અંમ માતા પેટને અલવાર આવવા નહી દીધી ॥
તેવાર પછે પીરાંણ ઘરમાં અમ પેદા થાએઆ ।
તેવારે સીઆવખશજી પીરાંણનાં ઓઆબમાં આએઆ ॥

બોમાં કુંઘદેજ લખેલાછે. માલકમે લખેલી ઇરાણની તવારીખમાં સ્યાવક્ષગેર્દનો અર્થ સ્યાવક્ષની ગોર (*Mausoleum of Syăvash*) કીધોછે. પણ ફારસીમાં લખાએલી તવારીખો તથા ફારસી ફરહાંગોમાં સ્યાવક્ષે વસાવેલું શેહર મલેછે. એનુ બયાન એ નામાનાં ૧૧૬–૧૨૩ માં સફામાં આવેલુછે.

[1] દહુમ ઈજદ, એ એક ફરેસ્તાનું નામછે, અને આએ કવિનાં લખવા પ્રમાંણે એનું કાંમ હમેલદાર ઓરતોનાં બચાંઓની નેગેહબાની રાખવાનુછે. અવસ્તામાંથી મજકૂર નામનો ફેરેસ્તો નથી મલી આવતો. પણ દામી-ઊપમન ઇજદ કરી એક ફરેસ્તો મલેછે જેને પેહલવી તથા ગુજરાતી તરજુમો કરનારાઓએ દહુમઈજદ કરી તરજુમો કર્યો છે. ફરવરદીન યશ્તમાં જણાવ્યા પ્રમાણે એ દામી ઊપમન ઈજદ મેહેર તથા રસ્ને ઇજદની સાથે અશો લોકોનાં ફરોહરોને, અશો લોકોને મદદ કરવામાં, મદદ કરેછે.

પીરાંણુ દાંનાવ વજીરને સરવ સમજાવી વાત ।
તમ ઘર ફરંગેજથી પેદા થાએઆ કએખુસરો એ દંન રાત ॥
તે આપ પેતાનો કીનો તુરકી શાહસુ લેશે ।
તે કએઆંની કએખુશરો તે આપ અમરગ રેહેશે ॥
શાંભળો અફરાશીઆબ તે દંન આએઓ આજ ।
હવે તંમ બંધમને મારવાનો તે કરીએ એલાજ ॥
તંમ આપ કરતુક જોઈ કરંવું ગનેઆંન ।
તંમ સૂ મૂખ લેઈને માંગોચ જીવતદાંન ॥
એ અવગનેઆંની બોલોચ તે શાંને કાજ ।
એમ તૂ પેતા થાઇ ફરંગેજની નહી ખાધી દાહાજ ॥
તંમ સૂ મૂખ લેઇને બોલોચ એ શાંને કાજ ।
નવખંડ પરથવીની શીર શીટનીબી નહી કરતા લાજ ॥
શાંભલ તૂરકી તૂ આદ નાએગાં માહારો ।
હૂ તંમ અતલગ બેટીનો પૂત નવાસો છેઉ તાહારો ॥
અંમ કએઆંની તન સરવપર મેહેરબાંની કીધી જોઇએ ।
માતા પેતા ઉફરા થાઊ તો સરવ વસતજ ખોહોઇએ ॥
અંમ તમને જીવતદાંન દેશું એ ધરાંન ।
તો ફરી મગરૂર થાઈ અમેસ કરે બદગુમાંન ॥
તૂ વેરી ગુમ થાઇ ફરી નહી આવે અમારે હાથ ।
જો હૂ તમને મુકૂતો ધરાંણુ હંશી થાએ વાત ॥
તુ અંમ આગલ મોહોત મીનત કરેચ તે શાંને કાજ ।
હુ તમને જાન બખશીશ કરતો ખલકમાં શીર પડે લાજ ॥
એ દલેર તૂરકી આજ તંમને આંહાં મરણ ભલુ શોહોઇએ ।
મીનત કરી જીવીને બહને શાંને કાજે બોઇએ ॥
"એ બદ જંદગાની મુરદેહ બેહ" તમને આંહાં શોહોઇએ ।
એ જેહેર વાવેઆનાં ફલ તંમને આંહાં ખાધાં જોઇએ ॥
તંમ હાતે કરીને આંહાં એ કીધાં માહા મોટાં પાપ ।
તંમ વણુઅપરાધ હાતે કરી વેર વશાએઆં આપ ॥
ધરમ શાહાસતર પરમાંણે વેરીમુ વેર લીધાનુ નથી પાપ ।
અમ પેતા સીઆવખશનો કીનો તે લેઉં અંમ પોતે આપ ॥
અફરાશીઆબે કએઆંની શાહને જવાબ દીધો ।
આપ ગનેઆંન કરી કએઆંનીએ પરછી લીધો ॥
શાંભલો કએઓંની એ કરશેવજને આહારેમને વાહેઓ ।
એ સીઆવખશજી અપરાધ તે અમથી થાએઓ ॥

એ કરશેવજને આહારેમને એમ દીધી વાત ।
આજ પશતાંઈ પશતાઇ અમ વહસુચજ હાત ॥ ૨૯૫૫
અમ દરબાર ડાહેઓ પીરાંણ વજીર ।
તમ પેતા સીઆવખશજી ગુજરેઆ પછે થાએઆ પીર ॥
પીરાંણ[1] અમસુ નસીહત ઘણી દીધી આંમ ।
આંહાં સીઆવખશજીને મારવાનુ નથી કાંમ ॥
સીઆવખશજી મારેઆથી ઘણુ વેર વધશે શેહેર ઈરાંણ ।
વેર બઇને ઇરાણીઓ પાએમાલ કરશે આંપણી તુરકસતાંન ॥
બાલી પીરાંણ વજીરે અમને કહેઊતૂ જાહાડી ।
એ તૂરકી તે તુરકસ્તાંન તાહારે હાતે ઉજાડી ॥
તે વજીર વેણ આજ અમને થાએઉ ખરૂ ।
તે વેણુ શાંભરી આજ અમ પરતાવો કરૂ ॥ ૨૯૬૦
જેમ હોમાં વજીરની કએઆંનીએ નહી માંની વાત ।
તો આપ હાતે કરી અશો પુતને એમ દીધી ઘાહાત ॥
એ પૂત વજીર ઉફરા થાઇ હાત ધસુચ તે અમે ।
એ કએઆંની શાહ હવે જીવતદાંન બખશો તમે ॥
એ કએઆંની તન આપ ફૂલ તંમ છે મેહેરબાંન ।
માહારી બેટી ફરંગેજ અમને દેવડાવે જીવતદાંન ॥
એ તૂરકી સૂ મૂખ લેઇ બોલેચ ગનેઆંનજ કથી ।
તંમ આપ બેટી ફરંગેજસુ કાંઈ ઓછ રાખી નથી ॥
તંમને પીરાંણે ફજીઅત કીધો કરશેવજ ભાઇ ।
ફરંગેજને શેહેર નીકાલો દીધો ચોટી શાહાઇ ॥ ૨૯૬૫
આપ ભરતાર દુખની એ તાંહાં એમ થાઈ દાહેલી ।
એ જૂલમી શાહા આપ બેટીને પણ તે કાહાડી મેહેલી ॥
અમ કએઆંની શાહાએ જાદૂ દાદ કાર નહીજ કીધો ।
આપ પેઆરો પુત જમરા ભમરા હાત કાહાડી દીધો ॥

---

[1] **પીરાન**, વેસેનો બેટો, અફરાસ્યાબનો વજીર તથા તેના લશકરનો સરદાર. એ ઘણો નેક, સહમજુ અને પોતાના પાદશાહ તરફ નીમખહલાલ, વજીર હતો. અને તે સઘલે વખતે અફરાસ્યાબને સારીજ સલાહ આપતો એની દાનાઈ તથા નેકી વિષે સઘલા તવારીખ નવીસો તારીફ લખી ગયા છે. એ સ્યાવક્ષનો ઘણો ખેરખાહ હતો, અને તે નેક શાહાજાદાનું ખુન એ ભલા વજીરની ગેરહાજરીમાં નીપજ્યું હતું. કએખુસરોને અફરાસ્યાબનાં બદ મીજાજથી એજ પીરાંને સંભાલમાં રાખ્યો હતો. ગેવનાં બેટા બેજનને ફાંસીથી એણેજ છોડાવ્યો હતો.

તે આપ પેઆરી બેટીને લાઠીની દેવડાવી માર ।
વાલી તે જાંણી જોઇ સતંમ મરાવેઓ એહેનો ભરતાર ॥
તે જાંણી જોઇ એ શેઆવખસજીને મરાવેઓ ઠાંમ ।
એ નાપાક જાદુ તાહારૂ જપલંગ બૂડજો નાંમ ॥
શાંભલ તૂરકી તે બેટીને દીધા હાથપર હાથ ।
એ શાંભલી અંગોઠેથી તે સીશ તાંઇ લાગી આગ ॥ ૨૯૭૦
તાહારા તુકડે તૂકડા કરીને ઊરાડી દેઉ કાગ ।
તેહારે અમ સીઆવખશજી કીનાંની ભાગે આગ ॥
તાંહાં કએઆંની શાહાએ હોકંમ કરીને એમ કીધો શાંન ।
એ ગેવ દલેર તમ મરદી કરીને જાઓ ઇરાંન ॥
તંમ દલેરી મરદી કરીને ઇરાંન જાઓ ધાઇ ।
તાંહાં જાઇને ફરંગેજને એ દેજો વધાઇ ॥
જે તંમ પેતા અંમ મૂદઇને આંહાં રાખેઓચજ જાહાલી ।
તેહેને કએદ કરી બંદમાં એમ રાખેઓચ સંભાલી ॥
કરશેવજનેભી કએદ કરીને અંમ રાખેઓચજ પાશ ।
અફરાસીઆબ કરશેવજનો અંમ રાખુચ તપાશ ॥ ૨૯૭૫
તેહેને ગરદંન મારવાનો મે એમ હોકંમજ દીધો ।
તેહારે એ અફરાસીઆબે અંમ આગલ એમ શોહોરજ કીધો ॥
તેણે અંમ આગલ શોહોર કરીને એમ કીધી શાંન ।
માહારી ફરંગેજ બેટી મહને દેવડાવે જીવતદાંન ॥
તેણે તંમ આગલ એમ કીધીચજ ફરીઆદ ।
જે ફરંગેજ બેટી માહારી ધીએ દાદ ॥
જે ફરંગેજ બેટી અંમને જીવતદાંન અપાવે ।
જે અંમને કરશેવજસૂ જીવતા મેલાવે ॥
તેણે તંમ પાશ એ રીતની કીધીચજ ફરીઆદ ।
તંમ એહેનાં બાબમાં સૂ ફરમાઓચ અને શી દેઓચ દાદ ॥ ૨૯૮૦
જાઓ ગેવ ફરંગેજને પૂછી આવો તહમે ।
તેહેના હોકંમથી ઉફરા નહી થાઉ અહમે ॥
ગેવ દલેરે આપ અસવપર અસવારી કીધી ।
તુરકસતાંન છોડી ઇરાંણ શેહેરની રાહ લીધી ॥
તાંહાંથી ગેવ જાઇ પોહોચેઆ ધૂર ઇરાંન ।
ફરંગેજને સરવ સહમજાવી વાતને કીધો શાંન ॥
તાંહાં ફરંગેજે ગેવને હોકમ કીધો આંમ ।
તંમ આંહાંથી દરોડી જાઓ તુરકસ્તાંનને ઠાંમ ॥

તંમ જાઓ કએખુશરોને સરવ સહમજાવીને કેહેજો ।
જે એ માહ પાપી અંમ પેતાને તંમ જીવતદાંન મો દેજો ॥
એ બેહૂ બધંમને ગલે તંમ ઘાલજો ફાંશી ।
અંમ ભરતાર કીનાપર એ બેહેઉને નાંખજો રાંહાંશી ॥
તમર તબરે એ બેહૂ પાપીનૂ શીશજ ફાડી ।
એ બેહૂના દીદા અંમ આગલ લાવજો કાહાડી ॥
તે બેહૂના દીદા અંમથી એમ મસલી મસલી જાએ ।
તાંહાં ન ઉધાડૂ હું માહારો જમણો પાએ ॥
તે બેહૂના દીદા અંમ પાગ તલે ચોલીને નાંખૂ ।
અંમ પેતા જાણી તેહેને નહીજ શાંખૂ ॥
એટલૂ કહીને ગેવ દલેરને એમ રજા આપી ।
તેણે આપ તૂરકસતાંનની રાહાજ માપી ॥
તાંહાં ગેવ દલેર તે આપ કએખુશરોની આગલજ ગએઆ ।
ફરંગેજ શબદ સરવ સહમજાવીને કહેઆ ॥
તાંહાં કએખુશરોએ હાલ હાલ હાલાં આપ ફરમાઇ દીધી ।
આપ ખજમતગારને એમ પરમાંનગી દીધી ॥
તે ખજમતગારે અફરાસીઆબને બંધથી બાહારજ કાહાડી ।
કએઆંની આગલ લાવીને તાંહાં આડો પાડી ॥
તાંહાં કએઆંની શાહા આપ મંનમાં ઘણૂ રલીઆએત થાએઓ ।
કએઆંની કએખુશરોએ બૂઠુ ખંજર તે આપ હાતમાં શાહેઓ ॥
તાંહાં એ બેહુ બધંમને આડા પાડીને એખઠા કીધા ।
બૂઠે ખંજરે કરી બેહૂને રાંશી જએ કરી લીધા ॥
તાંહાં કએઆંની કએખુશરોએ આપ પેતા કીનો તે લીધોજ આંમ ।
અફરાશીઆબ કરશેવજને તે મારેઆ ઠાંમ ॥
એ કએઆંનીએ અફરાસીઆબ બેખ શોધાં શોધીંને જોઇ ।
આપ મોહોશાલ નશલમાં નહી રાખેઓ કોઇ ॥
તાંહાં કએઆંનીએ આપ મંન માએઆ આંહાંણીને એમ સહમજી લીધૂ ।
એક માંમો નાંમ ચેહેનુ[1] તેહેને જીવત દાંનજ દીધૂ ॥
તૂરકી શાહાનો ભાગ તે હવે સમાપૂરણ થએઓ ।
સરવ ઇરાંની તંન મંનનો કીનો તે મીટીને ગએઓ ॥

---

[1] ચેહેનુ, શાહનામાંમાં લખવા પ્રમાંણે એ છોકરાનું નામ જહન છે. શાહ કએખુસરોએ એને જીવતદાન બક્ષી તુર્કસ્તાંનનું રાજ એને સ્વાધીન કીધું હતું.

તાંહાં કએઆંની શાહા મંનમાં ખૂશ રલીઆએત થાએઓ ।
આપ પેતા ફીનો લેઇને નચીતજ થાએઓ ॥ ૩૦૦૦
તાંહાં કએઆંની શાહાએ આપ મંનમાં ધરેઓ નાજ ।
આપ મેહેમાંનીનો તાંહાં એમ કીધો શાજ ॥
તાંહાં શાદી મેહેમાંની હમાં ઇરાંની પેહેલવાંનોએ કીધી ।
તાંહાં કવાબ નાંન પોલાબ ખાઇને મએ પઆલે ભરી ભરીને પીધી ॥
તમાંમ ઇરાંની હાત મએ પએઆલેભરી ધરી શ્રી એક નાંમનો કીધો શૂકર ।
તમાંમ દસ્ત મએ પેઆલાં ઇઆદ કીધી બેહેરાંમ ઇજદ પીરોજગર ॥
સરવે એ કએઆંની શાહાને દોઆ આશીશજ દીધી ।
શરવ પેહેલવાંન રલીઆએત થાઇને મએ પીધી ॥
તાંહાં શરવે ખાઇ પીને મંનમાં ધરેઓ નાજ ।
તાંહાં કએઆંની શાહે ઇરાંન જવાનો કીધો શાજ ॥ ૩૦૦૫
તાંહાં કએઆંની શાહાએ એમ અખતીઆરી કીધી ।
શરવ પેહેલવાંનને ઇરાંન જવાની રજા દીધી ॥
તાંહા શરવ ઇરાંનીએ આપ અસ્વપર તે અસવારી કીધી ।
શાહાંનશાહાઇ અલંમ દોલત તે આગલજ લીધી ॥
નગારાં દમાંમાં દેવડાવી વજડાવી કરણાએ ।
તેમ તેમ સરવ ઇરાંની ઘણૂ રલીઆએત થાએ ॥
તાંહાં કએઆંની શાહા આપ અસ્વાર થાએઆ ।
સરવ ઇરાંની રૂસ્તંમ જાલ તે આગલજ આએઆ ॥
કુજ દર કુજતે કએઆંની શાહા ઇરાંનજ આવે ।
કએખુશરો આપ મનમાં ઘણો હરખજ લાવે ॥ ૩૦૧૦
એ કએઆંની કએખુશરો આપ આવેઆ ઇરાંન ।
ઇરાંન નગરીમાં શરવ થાએઆ કૂરબાંન કૂરબાંન ॥

સ્યાવખશ તથા કએખુશરોના જન્મ પામવાનો સબબ.

હવ કવતા કેહેચ અંમ પૂસ્તક વાંચીને ભાલી ।
પેહેલવીથી પરાકરત અંમ જોએઆં શહંભાલી ॥
ગજસતે ગનાહા મીનોએ ગરભ મની તે કીધીજ આંમ ।
તેણે એક દેહેર બાંધેલ ચચેસ્તે[1] વંમર પર ઠાંમ ॥

---

[1] ચએચસત, એ આજરબાએજાનમાં, એક વર (સરોવર) છે. આવાં, ગોશ અને અષીસ્વંઘ યષ્ટમાં લખ્યા પ્રમાણે કએખુસરોએ અફ્રાસ્યાબને પકડીને અગ્રરસ તથા સ્યાવક્ષનાં ફીનામાં મારવાને, એ

તે દેહેર બાંધેથી આપ મંનને ઘણો હરખ ઉપાએ ।
જે જરાથૂસ્ત પએગંમબર પરગટ પએદા નહીજ થાએ ॥
હોશેદર હોશેદરમાહા બામી સોશીઓશ એ તરણે ભાઇ[1] ।
તે એ પરથવીમાં પરગટ નહી થાઇ શકે રોશનાઇ ॥
વાલી રસ્તાખેજ[2] તે આંહાં નહીજ થાએ ।
એમ આહારેમંન મંનને ઘણો હરખજ ઉપાએ ॥

સરોવર આગલ ઊભો રહીને બંદગી કીધી હતી. શાહનામામાં લખવા પ્રમાણે ખિન્જસ્ત દરીઆમાંથી અફરાસ્યાબને હોમે પકડી આણ્યો હતો. એ ખિન્જસ્ત, ચએચસ્ત શબ્દને ફારસી અક્ષરે, વગર નુકતે લખેલો હોએ અને તે ભુલથી ચએચસ્તને બદલે ખિન્જસ્ત વંચાયો હોએ એહવું મને લાગેછે. મીનોખેરદ તથા બુન્દહેશનેમાં લખવા મૂજેબ હિયાં એક મોટું ઉજદેજાર હતું અને ત્યાંહાં ઘણા બુરા લોકો વસ્તા હતા (જુઓ ૧૮૫ માં સફાની નોટ), તે ઉજદેજાર તથા ત્યાંના રેહનારાઓનો કએખુસરોએ નાશ કર્યો હતો. આગલા દસ્તુરો ચએચસ્તવરને ગોફો સમજ્યા છે તે ભુલછે (જુવો જરથોસ્તી અભ્યાસ, દફતર ૧ લું, સફે ૩૪૬ ની નોટ).

[1] હોશેદર, હોશેદરમાહ અને સોસ્યોશ, એ ત્રણડે હજરત જરથુસ્તનાં હવે પછી હસ્તીમાં આવનારા પુત્રોછે. એઓને ફર્વર્દીન યશ્ટમાં ઉક્ષ્યત-એરેત, ઉક્ષ્યત-નેમઙ્હ તથા અસ્તવત્-એરેત અથવા સોસ્યોસ્, અથવા તો ત્રણડેને સામતે નામે શ્રિમિશ્વંત્ કરી લખેલાછે. બુન્દહેશને કેતાબમાં લખવા પ્રમાણે જરથોસ્તનું તોખમ જમીન ઊપર પડેઊ હતુ. તેને નેર્યોસંઘ ઈજદે લઇને અનાહીત ઈજદને સ્વાધીન કીધું કે તે મજકૂર શખસોનાં જન્મ થવાના વખત ઉપર તે તોખમને તેઓની માએનાં પેટમાં ઊતારે એ પછી તે તોખમની સાચવનીને માટે ૯૯૯૯૯ ફરોહરોને મુકરર કીધાં. એ વાતને ફર્વર્દીન યશ્ટનાં ૨૦ માં કર્દાથી સાબેતી મલેછે. મીનોખેરદ કેતાબમાં લખવા પ્રમાણે, મજકૂર શખસોમાંનો દરએક, હજાર વર્ષને અંતરે પેદા થાશે, અને આએ દુન્યાને નવેસરથી સમારસે. બુન્દહેશનેનાં લખાન પ્રમાણે એ ત્રણ શખસો, કાંસવી નદીમાં નાહવા ગએલી બુદ, વેહબુદ તથા અર્દબુદ નામની સ્ત્રીઓથી જન્મ પામશે. એ ત્રણે ઓરતોનાં નાંમ ફર્વર્દીન યશ્ટનાં ૩૦ માં કર્દાની સેવટે સ્રુતત્-ફેધ્રી, વઙ્હુ-ફેધ્રી અને એરેદત્-ફેધ્રી કરી આવેલાંછે. એઓમાં છેલ્લીનો દરજ્જો મોટો છે કારણ કે તેનાથી સોસ્યોસ જનમશે અને તે તમામ દુન્યાને તાજનાર થશે.

[2] રેસ્તાખેજ, ગુજરેલાઓનુ પાછું ઉઠવું, દુનયાને નવેસરથી સમારવું. એ વિષેનું લખાંન પેહલવીમાં લખાએલી દાદસ્તાને દીનીની ૩૬ મી પુર્સેશમાં ખુલાસાવાર, તેમજ બુન્દહેશને તથા મીનોખેરદ અને બીજી

તે દેહેરા ઉપર ઉચે વમર વાશ ।
તેપર દેવ રખણી મૂકેઆ ધૂર ઊંચા આકાશ ॥
એક દેવ તે તાંહાં આહારેમંને અંધારીઓ કીધો ।
અંધાર પરગટ તે સરવ નાપાકને સરવ સોશી દીધો ॥
બીજો ધૂઆરીઓ દેવ તે તાંહાં આપ ધૂઅર વરશાવે ।
તેહેની બદબોએથી કોએ નજદીક નહીજ આવે ॥
તરીજો હીમદેવ તાંહાં રહીને એમ હીમજ પાડે ।
તે હીમ નજદીક કોએ નહી આવે આડે ॥
તે હીમ ટાહાડી આગ જાંહાં પડે તાંહાં બલીને ભસંમ થાએ આંમ ।
તે ટાહાડી આગમાં શરવ લીલૂં શુકુ બાલી નાંખે તેણે ઠાંમ ॥
ચોથો દેવ તે તાંહાં એમ બરફ વરશાવીને જાએ ।
તે બરફને નજદીક કોએથી નહીજ જવાએ ॥
તે ચેહારે દેવ તે ડુંગર વમંરપર રેહેછે વાસ ।
તે મોટા પાહાડ શીશ લાગતાં ધુર આકાશ ॥
ગજસતે ગુનાહામીનો[1] માજદીઅસ્નીથી બીધો ।
આપ સ્વારથ દેહેરો દેવ તંન રખણી એ વંમર કીધો ॥
જો એ માજદીઅસ્ની ધરમ પરથવી ઉપરે ચાલે ।
આહારેમંન દરૂઅંદ શીને ઘણૂજ શાલે ॥
જેહેવારે જરથૂસ્ત પએગંમબર ધરમ લેવા આકાશપર જાએ[2] ।
તેહારે રેસતાખેજે આહારેમંનતે દૂર દફે થાએ ॥

ફારસી કેતાબોમાં આવેલુછે. અવસ્તામાં ફર્વરદીન તથા જમ્યાદ યષ્ટમાં આવેલું છે. એનાં વધારે ખુલાસા વિષે જરથોસ્તી અભ્યાસના સફે ૨૮૮—૩૦૨.માં જુવો.

[1] ગજસ્તે ગનામીનો, કેટલાએકો ગજસ્તેનો અર્થ દુઃખ દેનાર તથા ગનામીનોનો અર્થ ગએબી ઘટનાર એટલે કે છુપી રીતે ઘટનાર કરી કરેછે તે ભુલછે. પણ ગજસ્તેનો અર્થ ખુજસ્તે (મુબારક, તારીફ કરવા લાયક) થી ઊલટો, ના મુબારક, વખાંન કરવાને નાલાયક, ધિક્કારવાજોગ કરીછે. ગનામીનોનો અર્થ ગએબી રીતે ઘટનાર નહી પણ સ્પેનામીનો (ગએબી રીતે વૃદ્ધિ કરનાર) નો ઊલટો ગએબી રીતે ઘટાડનાર, કરીછે. એ ગનામીનો તથા સ્પેનામીનોનાં ખુલાસાવાર બયાંનને માટે જુવો, શેઠ ખુ૦ રૂ૦ કામાજીવાલું જરથોસ્તનામું સફે ૧૦૭—૧૨૨.

[2] ઘણા જરથોસ્તીઓમાં એહવો વિચાર હતો અને હાલ પણ છે કે હજરત જરથુશત દીન લેવા સારૂ આકાશ ઉપર ગયો હતો. પણ એ વિચાર ભુલ ભરેલોછે. એ વિષેનુ ખુલાસાવાર બયાન શેઠ ખુ૦ રૂ૦ કાંમાંજી વાલાં જરથોશતનામાંમાં સફે ૧૨૫—૧૩૫ માં જુવો.

એટલા કાજ એ વંમર કરીને વાટ તે કીધી બંધ ।
જરથૂસ્તજી જાવાની રાહા તે કીધી બંધ ॥
શ્રી હોરમેજદને તે એમ અગંમઆધાહા થાઈ ।
એક પંલકમાં ગએબી સૂંદરી દરીઆઇ આપ ઉપાઈ ॥
તે ગએબીએ કએકાઉશ ઘર જાઇને કીધો વાશ ।
તે કૂખ શેઆવખસજી પૂત આપ ઉપાએઓ ખાશ ॥
તેહેને આપ કીધો શાહ પેહેલવાંન વજીર ।
વાલી બૂલંદ મરતબ દીધા એ શેઆવખસ પીર ॥
તેહેનાં ખૂનરેજનૂ કીધૂ શદરખતને શેઆવખસ ગૂલ ।
જેમ ચેનવદ પૂલ બેહેસ્ત રાહામાં અસપરંમ પૂલ[1] ॥
એ પરથવીપર એ કએઆંની પેહેલવાંન શેર નર કીધો ।
તેહેને આપ કેરતારે કએખુશરોને અંમર કરીને દીધો ॥
આપ કએખુશરોને અંમર કીધો તે એટલા કાજ ।
જે માજદીઅસની ધરમ પરગટ થાએ સાજ ॥
એ કએખુશરો પેતા તે શીઆવખસજી પીર ।
તે કએખુશરોનાં આહારેમંન દેવને તે લાગે તીર ॥
આહારેમંને માજદીઅશની તે કીધીતી ઘાત ।
તે દેવ દેહેરો દફે કરાવેઓ તે કએખુશરોને હાત ॥
એ તંમ ધરમી ધરમ ગનેઆંન તે પરછવીને લેહેજો ।
એ પીર દાંનાવ તંમ નાદાંનને સરવ સમજાવી કેહેજો ॥
આપ તંન માજદીઅસનીનો એ રાખે શાજ ।
હર ગેહે ગેહે તંમ કૂસ્તી બાંધી મંનને હરખ લાવે નાજ ॥
એ આંહાં આપ માજદીઅસનીનો પરડો કીધો ।
એ ધરંમ અખતેઆર જરથૂસ્તજી શીશજ દીધો ॥

---

[1] ચીનવદપુલ (અવસ્તામાં ચિન્વત્-પેરેતુ), માણસોએ આએ દુન્યામાં કીધેલી નેકી બદીનો બદલો એખથો થવાની જગો. એ ચેકાતે-દાઈતી નામનાં પાહાડ ઉપર આવેલા એક પુલનું નામછે. ગુજરેલાં-ઓનાં રવાનોનો શુમાર થવા પછી તે રવાનોને એ પુલ ઉપરથી પસાર થવું પડેછે. એઓમાંથી જેઓ સવાબકાર હોએચ તેઓનાં રવાંનોને માટે તેની ધાર પોહલી બનેછે અને તેઓ તે ધાર ઉપરથી સેહેલાઈથી પસાર થઇજાએછે. અને જેઓ ગુનાહાકાર હોએચ તેઓનાં રવાંનોને પસાર થતી વખતે તે પુલની ધાર ઘણીજ બારીક થઇ જાએછે અને તેથી તેઓ નીચે પડેછે. એનું બયાન દાદસ્તાંને દીની, બુન્દહેશને, મીનોખેરદ અને બીજી રેવાયતોમાં તથા અવસ્તામાં આવેલું છે.

કએખુસરોએ, ઈરાણનું રાજ તજી, ગોશેનશીન થવું તથા કએલોહરાસ્પને તખ્તનશીનકરવો.

કએખુશરો તખ્ત તાજ તજી બેથા ઇરાંન જમીનનૂ રાજ ।
આપ જેહેત ઉતાવલ કીધી માજદીઅસ્ની દીનને કાજ ॥
તાહાં આપ ગોશે નશીન બેઠા દરેમેહેરમાં જાઈ ।
તાંહાં એ કઓંનીએ આપ ઘણી સૂલેહે લાઈ ॥ ૩૦૪૦
તાંહાં તમાંમ ઇરાંની એખ્ઠા થાએઆ એ દંનજ આજ ।
એ કએઆંની તંમ કાંએ તજી બેઠા એ તખ્તને તાજ ॥
એ કએઆંની શાહા તંમ તખ્ત બેશીને શીશ ધરાવો તાજ ।
અંમ તંમ હજૂર ફરમાંબરદાર છઊં એ દંનજ આજ ॥
તાંહાં કએઆંની બોલેઆ તમ શાંભલો એ ઇરાંની ભાઈ ।
હવે તંમ લોહોરાસપને ઇરાંન જમીનની દેઓ શાહાંનશાહાઈ ॥
શ્રી હોરમેજદે એપર ફૂલ મેહેરબાંની કીધી ।
ઇરાંન જમીનની પાદશાહાઇ કએ લોહોરાસપને દીધી ॥
ઇરાંનથી ખબર ગેઇ ધુર જાબુલસતાંન ।
ફરાંમરોજ રૂસતંમ જાલ દસતાંન ॥ ૩૦૪૫
શાંમ નરીમાંન પૂતને જાલને એ ખબરજ થાઈ ।
તે કએઆંની આગલ જાલ પીર આવેઆ ધાઇ ॥
તાંહાં જાલપીરે એ કએઆંનીને એમ પૂછેઉ આજ ।
તમ તખ્ત તાજ તજી બેઠા તે શાંને કાજ ॥
તમ આવો તખ્ત બેશી શીશ ધરાવો તાજ ।
એ ઇરાંણ જમીનમાં તંમ સંચરાચાર ચલાવો રાજ ॥
તંમ શાંભલો જાલ અમને આપ ધનીએ અગંમ આગાહ દીધી ।
એ ઇરાંણ જમીનની પાદશાહી કએલોહરાસપને દીધી ॥
શ્રી હોરમેજદે એને શીશ દીધું ઇરાંણ જમીનનુ રાજ ।
આજ દન રલીઆમનો તંમ તખ્ત બેશાડીને ધરો તાજ ॥ ૩૦૫૦
કએ લોહરાસપને શીશ રાજમદાર તે દેજો તમે ।
હવે ચેઅસતે વંમરમાં ગફા લઇ ગોશેનશીન તે જાશૂ અમે ॥
જાલે પડઉતર દીધો તંમ શાંભલો એ કએઆંની પાક ।
એ લોહરાસપને સલામ કરૂ તો અંમ મૂખમાં પડે ખાક[1] ॥

---

[1] લોહરાસ્પ, એની વંશાવલી શાહનામાં, શારેસ્તાને ચેહાર ચમન દબેસ્તાન અને આફરંગાનનાં દીબાચામાં, લોહરાસ્પ બિન અર્વંદ બિન

એ એક નકશી ચાકરને નહી શોહીએ તખત ને તાજ ।
જો અમ એહેને સલાંમ કરૂ તો નવખંડ પરથ્વીમાં લાગે લાજ ॥
કએઆંની કહે એ ઈરાંણી આંહાં અંમ વેણુ સાચ માંનજો તહમે ।
એ સરજેઉ રાજ લોહરાસપને આજને સમે ॥
કએખુશરો સરવને એમ સહમજાવીને રહેઆ ।
સરવ ઇરાંણી મૂખ ફેરવીને ઘેરે ઘેરજ ગએઆ ॥ ૩૦૫૫
દંન દસ પંનર વચે એમ વેલમજ થાએઆ ।
તેહારે ઓશ અશો જાલેજરનાં ખાઆબમાં આએઆ ॥
તંમ શાંભલો જાલ એ લોહરાસપને પાદશાહી દીધી જોઇએ ।
આજ એ કએઆંની તનને ઈરાંન જમીનનું રાજ શોઇએ ॥
આપ ધણીએ હોકમ કીધો અમને જે તંમ કેહજો જાઈ ।
એ લોહરાસપ શીશ તમ દેજો શાહાનશાહી ॥
એ લોહરાસપ શરીરથી એક ફરજંદ પએદા થાશે ।
તે નરનું નાંમ તાંહાં કએ ગુસ્તાસપ શાહ કેહવાશે ॥
તે ગુસ્તાસપ શીશ તાજ ધરાવશે શાહાંનશાહી ।
તેનાં દોરમાં જરાથૂસ્ત પએગાંમબર આવશે ધાઈ ॥ ૩૦૬૦
તેનાં દોરમાં પએગાંમબર જરાથુસ્ત આવે ।
દીનમાજદીઅસની તે રોશંન ચલાવે ॥
એહેને શીશ તાજ દેઓ તંમ ઇરાંન જમીનનું રાજ ।
હોકમ હોરમજદનોછે એટલા કાજ ॥
એ પીર દાનાવ તંમ આપ ધણી હોકમ તે કબુલજ કરજો ।
સરવ ઇરાંણી પેહલવાનને તંમ સહમજાવીને કેહજો ॥
એટલુ કહી શ્રોશ ઇજદ તેવદાજ થએઆ ।
તેહારે જાલ પીર જાગી બેદારજ થાએઆ ॥

કએપસીન બિન કએકોબાદ કહેલીછે. પણ નાસેખ-ઉત્-તવારીખમાં લોહરાસ્પ બિન કએઆરજાન બિન કએમીશ બિન કએપસીન બિન કયાફુ બિન કએકોબાદ કહેલીછે. એ પ્રમાણે મજકૂર બેહુ તવારીખમાં ઘણાંજનાંઓની વંશાવલીમાં તફાવત છે. ઉપર કહેલા નાંમો મધેથી **કએઆરજાન** તથા **કએમીશ** એ બે નાંમો હાલમાં આપણી પાશે બાકી રહેલા અવસ્તા મધેથી-બી મલતાં નથી. પણ મજકૂર તવારીખ લખનાર મીરજાં તકી મુસ્તોફીને એ અને બીજાં નામો કયાંથી મલ્યાં તે જણાતું નથી. પણ તેનાં દીબાચાનાં લખાંન ઉપરથી માલૂમ પડેચ કે એ નામીચા કાબેલ લખનારે અથાગ મેહેનત કરીછે તો કદાચ એ અને બીજાં નવાં નામો એને મલ્યાં હોએ.

જાલ પરભાતે ઉઠી રૂસ્તંમ આગલજ ગએઆ ।
બોશ ઇજદ શબદ તે સરવ સહમજાવી કહેઆ ॥ ૩૦૬૫
રૂસ્તંમ શાંભલી અજબ હેરાંન થાઇનેજ રહેઆ ।
જાલ પીર રૂસ્તંમ એ ચાલી ચલાવીને ઇરાંન નગરીજ ગએઆ ॥
તાંહાં કએઆંની આગલ સરવ ઇરાંની એખથા કરી ।
એ બોશ વેણ સરવને સહમજાવેઆં ફરી ફરી ॥
એ શાંભલી રલીઆએત થાએઆ સરવ ઇરાંણી પાક ।
તેહારે દાનાવ પીર જાલે તે મૂખપર મેહેલી ખાક ॥
તેહારે રૂસ્તંમ જાલે શાહાનશાહી સામાનજ કીધો ।
કએ લોહરાસપને આપ તાંહાં બોલાવી લીધો ॥
તાંહાં લોહરાસપને તાજ દેઇને કએઆંની તખતપર બેશાડેઆ ઠાંમ ।
તેહારે સરવ ઇરાંણી રૂસ્તંમ જાલે એમ કીધો સલાંમ ॥ ૩૦૭૦
તે દન ફરવરદીન માશ ખોરદાદ રોજજ આજ ।
તે દન કએ લોહરાસપ એ શીશ ધરાવેઉ તાજ ॥
તાંહાં કએખુશરોએબી આપ એમ સલાંમજ કીધો ।
વલતી આપ ચએચસત વંમર જાઇને ગફા લીધો ॥
ભર દરીએ વમરમાં તે એમ ફરતાં હુતાં પાંણી ।
તે પાક કએઆંનીએ ચએચસતે વંમરની જાએ જાંણી ॥
તાંહાં કએઆંનીએ એક જાહાજ તે આપ એમ લીધું મંગાવી ।
તે જાહાજ લઇને દરીઆ કેનારે રાખેઊ લાવી ॥
તાંહાં કએઆંની શાહાએ વંમર જાવાનો કીધો શાજ ।
તાંહાં કઈ પેહલવાંને બરાબર જાવાનો ધરેઓ નાજ ॥ ૩૦૭૫
કએઆંની કએખુશરો અસ્વપર અસવારજ થાએઆ ।
હમાં ઇરાંણી પેહલવાંન તે આપ બરાબરજ ગએઆ ॥
દરીઆ કેનારે જાઇને આપ તાંહાં ઉભા રહી ।
કએઆંનીએ પાક ઇજદાં આગલ એમ શૂકરાંનો કહી ॥
શરવ ઇરાંણી શાથે કએઆંનીએ એમ વદા માંગી લીધી ।
કઇ પેહલવાંને બરાબર જાવાની વાતજ કીધી ॥
આપ ધણીનો હોકંમ હતો તે પેહલવાંન શાથે ગએઆ ।
બાકી સરવ પેહલવાંન તે દરીઆ કેનારે એમ અટકી રહેઆ ॥
એ કએઆંની શાહ જેહાજ ચલાવી વંમર આગલજ ગએઆ ।
તે વમર ફરતાં પાંણી જોઇને તાંહાં એમ અટકી રહેઆ ॥ ૩૦૮૦
એ કએઆંની શાહાએ ખીલોહોર બેદાંએમ કીધાંતાં શહી ।
હવે કએઆંની તે ચએચસત વમર ગએઆ તેહેની એ વાતજ કહી ॥

બેલોહોર બેદાં તે આપ તંન ઢાંકીને લીધાં ।
જેહાજ આંહાંણી બેદાં વમર મૂબે દીધાં ॥
એ કએઆંનીએ ચએચસ્ત વમર જાઇ તાંહાં એમ કીધો મોકાંમ[1] ।
પાક ઇરાંની તંન તે પોહોતા તેણે ઠાંમ ॥
આહારેમંની દેહેરે પોરીઓદકેશી દીનજ ચાલે ।
તેમ તેમ આહારેમંન શીને ઘહણુજ શાલે ॥
તાંહાં કએખુશરોએ વમર જાઈ તે દેવની વાટ તે બંધજ કીધી ।
આપ કેરતારે એ માજદીઅસ્ની દીન રોશણ કીધી ॥ ૩૦૮૫
એ પીર દાંનાવ તંમ ગનેઆંન કરીને પરછવી લેહેજો ।
કોએ નાદાંન હોએ તેહેને તંમ શહમજાવી કેહેજો ॥
શ્રી હોરમેજદે એમ ઘહણી મેહેરબાંની કીધી ।
ઇરાંન જમીનની પાદશાહાઈ કએલોહોરાસપને દીધી ॥
કએલોહોરાસપનું બૂલંદ થાએગ બખત ।
આપ જીહીતી બેઠો ઇરાંન જમીનનૂ તાજ ને તખત ॥
તખત બેસીને આપ રાજ દુહાઇ તે ફેરવી આંણ ।
નવખંડ પરથવીમાં શરવને થાઈ જાંણ ॥
શ્રી હોરમેજદની દીધી તંમ પાદશાહાઇ લીધી ।
આપ અદલ એનશાફ કરીને શચરાચર કીધી ॥ ૩૦૯૦

કએલોહરાસ્પથી ગુસ્તાસ્પનો જન્મ થવો; તેનું તખ્તે બેશવું તથા તેના વખતમાં પએગામ્બર જરથોસ્તે દીન જાહેર કરવી.

પાક પરવર તંમપર તરૂસ્ટમાંનજ થાએઆ ।
કએ લોહોરાસપથી કએગોસ્તાશપ ઉપાએઆ ॥

---

[1] એ કવિના કહેવા પ્રમાણે તથા રવાયતોમાં લખવા પ્રમાણે કએખુસરો ચએચસ્ત ગોફામાં ગુમ થયો હતો (જુવો મર્હૂમ દસ્તૂર એ૦ દા૦ સંજાંણાવાલી ખુરદેહ અવસ્તા બા માએની સફે ૮૩ ની, નોટ (બ), સફે ૪૨૬ મે). શાહનામામાં લખવા પ્રમાણે તે એક બિયાબાનમાં ગુમ થયો હતો. નાસેખ્-ઉત્-તવારીખમાં લખવા પ્રમાણે તે આએ ફાની દુન્યાથી ગુજરી ગયો ત્યાંસુધી નિહાવન નામના પાહાડ ઉપર ગોશેનશીન થઈ યજદાંની બંદગીમાં મશગુલ રહ્યો હતો. અવસ્તામાં આવેલા એક ફકરા ઉપરથી તથા બીજાં કેટલાંએક લખાંનો ઉપરથી આપરા લોકમાં એહવો વિચારછે કે કએખુસરો તેમજ બીજા કેટલાએક પુરૂષો હજુ સુધી હયાત છે અને એ ઉપરથીજ કએખુસરોનું નામ તંદરોસ્તી ભણતી વખતે યાદ કરવામાં આવેછે. (જૂવો જરથુસ્તી અભ્યાસ, દફતર ૧ લુ, સફો ૧૫—૧૮).

કએઆંની લોહરાસપે આપ દેલમાં વીચારજ કીધી ।
આપ દરેમેહેરમાં જાઈ પાદશાહી કએગુસતાસપને દીધી ॥
શ્રી હોરમેજદે આપ તેહેની એમ વાહારજ કીધી ।
તેહેને આતશ નેરીઓશંઘની રતી દીધી ॥
તાંહાં આપ ધણી એમ તરૂસ્ટમાંનજ થાઇ ।
ઇરાંન જમીનની તેહેને દીધી પાદશાઇ ॥
આપ શાહાંનશાહા થાઇને તખત બેશી ધરાવેજી તાજ ।
શાહા ગૂસ્તાશપ ઈરાંન જમીનમાં આપ બેઠા રાજ ॥
ઈરાંન નગરીમાં આપ શાહાંનશાહા થએઆ ।
તમાંમ ઇરાંની પેહેલવાંન નોશાહાને સલાંમ કરવા આએઆ ॥
તાંહાં રૂસ્તમ જાલ હમાં પેહેલવાંન તમાંમ ।
શાહા ગોસ્તાશપને તાંહાં કીધો સજદો સલાંમ ॥
તાંહાં છતરપતી થાએઆ એ શાહા ગોસ્તાસપ ।
તેહેનાં વજીર હૂઆ એ ફરજાંન જામાસપ ॥
તેહેનાં દોરમાં પએગાંમબર જરાથૂસ્ત ।
દીન માજદીઅસ્ની લાવેઆ દરૂસ્ત ॥
તે શ્રી હોરમેજદ દરગાહા જાઇને આવેઆ ।
દીન માજદીઅસની પરગટ રોશંન લાવેઆ ॥
તે ગૂરાંન ગૂર કએઆંની શાહાની આગલજ આવી ।
એ દીન માજદીઅસ્ની તે તેહેને સરવ સહમજાવી ॥
એ કએઆંની શાહે આપ શરવ સહમજી લીધી ।
એ દીન માજદીઅસની તેણે કબૂલજ કીધી ॥
એ દીન કબૂલ કીધે આપ બૂલંદ મરતબો પાએઓ ।
એ દીન માજદીઅસનીનો હંમેશરીકજ થાએઓ ॥
તાંહાં દાંનાવ જામાસપએબી એમ સરવ સહમજી લીધી ।
મનેશ ગવેશ કુનેશ કરી એ દીન કબૂલજ કીધી ॥
તાંહાં શરવ ઈરાંની મોબેદ દાંનાવ એમ હૂતા શાર ।
તે દાંનાવેબી એ દીન કબૂલ કીધી આપ તેણે ઠાર ॥
તાંહાં ગૂરંમ ગૂરાંએ સરવને એમ શહમજાવી દીધી ।
એ દીન માજદીઅસ્ની તે સરવે કબૂલજ કીધી ॥
તાંહાં જરથૂસ્તજીએ સરવને સહમજાવી દીધા ।
ધરમ કબૂલ કરાવી સરવને પરમોધજ કીધા ॥

ભલી માજદયસ્ની દીનની તારીફ.

સ્વામી માહાગનેઆંની તમ પરભો બહુ નાંમી ।
તંમ શકતા શાંઇ સવગનેઆંની અંતર જાંમી ॥

ધરમ આધારી સૂખ આચારી નરંજંન નરાકારી
પરભો તંમ ધરમ મારગ આપ ઉપાઇ સારી ॥
છતર તંન પતર સૂથર પેતાવ બોહોતેર તારી ।
એ દીનેઆ તંન મંન નરધારી નરંજંન નરાકારી ॥ ૩૧૧૦
દેઆ દાતા સત વચંન બોલ બંધી આપ નરધારી ।
એ દીનેઆ નાંમ માજદીઅસ્ની તંમ મંન ઘણૂજ પેઆરી ॥
એ દીનેઆ કીધે તંમ મંન હરખ હોએ ઉહૂલાશ ।
એક સત સબદ પરથ્વી અતરંગ રાખેઓ આકાશ ॥
જંદ વાંણી મૂખ વખાંની નેત હરખે ભણો તહમે ।
"અશેમવોહૂ જસમે અઉઅંધે મજદઇરનો અહે" ॥
માજદીઅસ્નીનો ગૂર જરથૂસ્તજીને કીધો પેઆરો ।
શરવસરે એ ગૂરજીને અધીકાર એમ દીધો શારો ॥
એ મંન પેઆરાને ગૂર ઉપમા પરમોધી કીધો ।
એ પરભો તંમ ધરમ કરોચ તે ધરમ અંમને દીધો ॥ ૩૧૧૫
એ પરભોજી તંમ ધરમ તે અંમ તંન શોહોઇએ ખાશ ।
અંમ તંન દીઠે તંમ મંન મોહોઇ હરખ હોએ ઉહુલાશ ॥
એ માહા ગનેઆની તંમ અત અતી એ કીરપા કીધી ।
ભવ અજરાંબર તે એ માજદીઅસ્ની તંમ અંમ તંનજ દીધી ॥
હેતંમ હેત ધરી તંમ ધરંમ જનંમ અંમને દીધો ।
પરભો પરેમ ધરી તંમ આપ ધરંમ મલતો અંમને કીધો ॥
સવામી માહા ગનેઆંની પરભો તંમ મીઠા શાંઈ ।
ધરંમ અંતર તંમ અંમશે કશૂ નહી કીધું કાંઈ ॥
એ હેતંમ હેતનો અંમ આંહાં નહી લાધો ઠાગ ।
ગૂર ગઉ આદર આવાંને નીત નમીને લાગૂ પાગ ॥ ૩૧૨૦
છતર તંન પતર હરખે ધરૂં બોહોતેર તાર ।
શાચ જંદ અવસ્તા ભણૂ ધરમ રખણી તાહારે આધાર ॥
મનસા વાચા કરંમનાએ તંન બોતેર તારી ધરી ।
અતી ઉતંમ માજદીઅસ્ની દીન અંમ મંન માની ખરી ॥
એ તંન પવીતર કરી સૂર શંનમૂખ બોતેર તારી ધરી ફરી ફરી ।
ધરમ ધેઆંન ધરી નમસકાર કરી મનશા ખરી ખરી ॥
પરભો તંમ પવીતર ધરંમ એ પરથવીપર ચાલે ।
એ બોતેર તારી દીઠે શતરૂ આહારેમંન સીને ઘહણૂજ શાલે ॥
એ હજારે પરનંદેઆ આંહાં ધરંમ તંમથી સચવાએ ।
તેમ તેમ શતરૂ આહારેમંન આંગ જેર જરદ રૂ થાએ ॥ ૩૧૨૫

શાચપણ શાચવી દએઆ શંપજ તંમ દેઓ દાંન ।
માતા પેતા ગૂર વંશને હરખે હશી દેજો માંન ॥
દએઆ દાંન ગૂર ગણીને માંન દેતાં તંમ હરખજ આહાંણો ।
માતા પેતા દરસણ કીધે તંમને પરભાએ દરશણ કીધૂ જાંણો ॥
સરવસરે ધરમી ધરંમ એમ સહંભાલે ।
સતવચંન કોલ બંધી ધરમી ધરમજ પાલે ॥
એ ધરમ તતવ શાચવી એ પૂન શંધરો તંમ આપણે હાત ।
આપ બોલબંધી સહંભાલે તેપરે પરભો હોએ આપ ઘણુ રલીઆત ॥
બોલબંધી સહમાલતાં ધરંમ ધીરજ જે કોએ રાખી જાંણે ।
ધંન મંદર જાંહાંણું આંહાં શેહેશારી તાંહાં ઇજદ અમેશાસ્પંદ ઘણૂજ વખાંણે ॥ ૩૧૩૦
તે તંન દેખી શ્રી હોરમેજદ મંન હરખ ઉહુલાશજ થાએ ।
તેણે હોરમેજદ શાચા કીધે શતરૂ મેહેર દરૂજ[1] જેર જરદ રૂ થાએ ॥
તેહેને પૂન પરતાપ દંન દંન અધીક અધીક હોએ ખાશ ।
તે પવીતર તંનની જમણી બાંહે મેહેર ઇજદ વશેછે વાશ ॥
એ શોભાગીને શરવ ઇજત હોરમત ઘણૂ દીએ માંન ।
તે દેખી હોરમજદ રલીઆત હોએ ગૂર જરાથૂસ્ત અસ્પંતમાંન ॥
આદ વડાની બોલબંધી એમ ચલાવેઆ જાએ ।
તેહેને પૂન પરતાપ દંન દંન અધીક અધીકજ થાએ ॥
તેહેનાં મૂકતાતમાં તે તંન દેખીને ઘણૂ હોએ ઉહુલાશ ।
તે ઘર આપે આપ આવી મીઅજદ ઓફરંગાંનનો લીએ વાશ ॥ ૩૧૩૫
તમ ધરમી ધરંમ ધેઆંન ગનેઆંન કરી એ જુવો ભાલી ।
સરવશહરે ધરમ તતવં જે આપ બોલબંધી પાલી ॥
સતરૂ આહારેમંન એમ બોલબંધી પાલેઆ જાએ ।
જો તે કોલ બોલથી ઓતલે તો તરૂત રેસ્તાખેજજ થાએ ॥
એહેવૂં જાંણી જોઇ તંમ ધરમી ધરંમ રાખો પેઆરો ।
કોલ મીઠીને છહીતેઉ ભૂડૂ કોલ શંભાલે ભલૂજ હારો ॥

---

[1] **મેહેર દરૂજ** (મિથ્રો-દરૂજ), જુઠું બોલનાર, કોલ તોડનાર, મિત્રદ્રોહી, દગારો, એહેરેમન. અવસ્તાના જુદા જુદા ભાગોમાં તથા આખી મેહેર યશ્ટમાં કોલ કરારની તથા કોલ તોડનારની બાબદ આવેલીછે. એ લખાંનોમાં કોલ તોડવાનો મોટા ગુનાહ કહેલોછે. મેહેર યશ્ટની શરૂઆતમાં મેહેર દરૂજને તમાંમ દેશનો નાશ કરનાર કહ્યોછે. તથા હમદીન સાથે તેમજ જુદદીન શખ્સ સાથે કીધેલા કોલ કરારોને એકસરખી રીતે પાર પાડવાનું ફરમાવેલું છે. (જુવો યષ્ટ બા માએની સફા ૬૩—૧૩૯).

શાચપણુ શાચવી બોલબંધી આપ ચલાવેઆ જાએ ।
વાછ કાછ શંભાલે તેહેને ગરોથમાંન બેહેસ્તજ થાએ ,॥
કોએ અકરમી અભાગીઓ આપ ધરંમ નહીજ શહમાલે ।
સત વચંન કોલ આદ વડાની બોલબંધી નહી પાલે ॥ ૩૧૪૦
એ બેઇમાંન પાપી કોલ કરીને ઓતલી જાએ ।
તે શ્રી એક જૂઠા કીધે તે અધરમી દોજખી થાએ ॥
તમ પંચ તે ધરમીને ધરમ વાહાર કીધી જોઇએ આંમ ।
એ ધરમ રખણી તંમ મોટાં પૂનનાં તે કરવાં કાંમ ॥
દીન દાવર પંચ ધરમી અધેકારી એકઠા થાઈ ।
એરવદ અધેઆરૂ બોલાવી એ ધરમની કરવી શજાઇ ॥
તે નાદાંનને બોલાવી પરમોધ કરવી વાત ।
તેહેને જંદ અવશતા અરથની વાંચી સહમલાવો રવાત ॥
તે રવાએત શાંભલેથી તેહેનૂ તંનમંન થાએ શાફ ।
તે નર બોલબંધો શહંભાલે તેહેને આપ કેરતાર કરે માફ ॥ ૩૧૪૫
તંમ ધરંમ આધારીને પૂન પરતાપ અધીક અધીકજ થાએ ।
શ્રી એકને શાચા કીધે સતરૂ મેહેર દરૂજ જરદ રૂ થાઇને જાએ ॥
તંમ પંચ ધરમી દેખી તાંહાં અહુરમેજદ હોએ રલીઆત ।
તંમ નેક નઇઅત એક મતી થાઇ ધરમની કરે વાત ॥
તાંહાં દીન દાવર પંચ અધિકારી તે દેખી શ્રીજી મંન હોએ ઊહુલાશ ।
તાંહાં ઓશ આવી ઉભા રેહે એરવદ અધેઆરૂને જમણે પાશ ॥
તંમ ઇજશનેનાં હા "વેશ અપાંમ[1]" માં જોજો ભાલી ।
એ ધરમી ધરમી વાહાર હર જાએ જાઇ કરજો સંભાલી ॥
"પંચ નાંમ અહમે પંચ નાંમ નોએદ અહમે"[2] ।
એમ ગનેઆંન કરી સરવ સહમજી લેજો તહ્મે ॥ ૩૧૫૦

---

[1] વેશ અપાંમ, એ યજશનેનાં ૧૦ માં હાનું નામછે. એ હામાં હોમની વખાંન આવેલી છે.

[2] પંચ નામ અહ્મે પંચ નામ નોઈદ અહ્મે, એ વાક્ય મજકૂર વેશ અપાંમ નામનાં યજશનેના ૧૦ માં હામાં આવેલોછે. એ વાક્યથી શરૂ થતા ફકરામાં યજશને કરનાર પોતે ઇકરાર કરેછે કે " હમણાથી તે સેવટ સુધી યાને રિસ્તાખીજનાં વખત સુધી હું પાંચ ગુણવાલો રેહવસ અને પાંચ ગુણ વાલો નહી રેહવસ (તે ગુણો નીચે પ્રમાણેછે):— (૧) હું નેક વિચારવાલો થઇ રેહવસ અને બુરા વિચારવાલો નહી થવસ, (૨) નેક સુખનવાલો રેહવસ અને બદ સુખનવાલો નહી થવસ, (૩) નેક કામ કરતો રેહવસ અને બદ કાંમ નહી કરસ, (૪) ભલી

તંમને પૂન પરતાપ દંન દંન અધીક અધીક હોએ ખાશ ।
તહમારો આંહાં ગ્રોશ રખણી દીએ ગરોથમાંનનો વાશ ॥
કોએ અકરમી અભાગીઓ ગૂર વેણ ઉફરો થાઇને જાએ ।
ધંન લોભી ધરંમ લોપી કોલથી ઓતલે તે ઓતલાએઓ જાએ ॥
તે વીસ્વાશ ધાહાતી માહા પાપી શ્રી એકને જૂઠા કરે ।
તે બેઇમાંનની ડાહાવી બાંહે મેહેર દરૂજ જુલો ફરે ॥
તે હોરમેજદનાં શતરૂની ડાહાવી બાંહાંએ મેહેર દરૂજ વસે વાસે ।
તંમ ધરમી આભડ છેટની મો જાજો પાશે ॥
કદાજ તહમારો છેહેડો તે કોલના ભાંજનારના છેહેડાસૂ લાગે ।
એ ધરમી તહમારો પાએજીઆબ કૂસ્તી શંધેઆ ભાગે ॥ ૩૧૫૫
ફરી પાએજીઆબ કૂસ્તી કરી તંમ ધરંમ સહમાલો ।
તે અહુરમજદના સતરૂનૂ મદીઠ કરીને મૂખજ બાલો ॥
તે ફહલીઆ શેરી મૂખ ફેરવીને તંમ જાજો ચાલી ।
શંનમૂખ "પહનાં ઇઅજદાં" તંમ "દેરજી" મો આપતા વાલી[1] ॥
જો તેહેનો એશ ઇઆર તે સતરૂસૂ જુલો જાએ ।
તે હોરમેજદના સતરૂનો પાપનો પંતીઆલો થાએ ॥
એરવદ અંધેઆરૂ તંમ તે ધરને મો જાજો પાશે ।
તે ધરમાં મેહેર દરૂજ જુલો વશેચજ વાશે ॥
જો તંમ જાંણી જોઇ તે ઘર અભડ છેટે જાઇ અભડાએ ।
તો તહમારૂ પહડેઁ ગુણેઁ પૂન બરબાદજ થાએ ॥ ૩૧૬૦
જરૂર નાચાર ફીરેઆ ગેહે શારવા જાજો[2] ।
પણ એ અધેઆરૂજી તંમ દીન દાવર ઉફરા મો થાજો ॥

દીનનો ફરમાંનબરદાર રેહવસ અને ભલી દીન તરફ નાફરમાંની નહી કરસ, (૫) અશો રેહવસ અને બુરો નહી થવસ".

1 આગલા જરથોસ્તીઓમાં એક બીજાને સલાંમ કરવાનો ચાલ યજદાં પનાહ બાદ (ખોદા તમારો નેગેહબાન થાએ), અને તેનાં જવાબમાં દેરજી ઓ શાદ બાદ (લાંબો વખત સુધી તમો જીવજો અને ખુશ રેહેજો), એહવા શબ્દોમાં કરવાનો હતો. એ શ્લોકમાં એ કવિની મતલબ એછે કે જે કોઇ મેહર દરૂજી કરનારો હોએ અથવા બુરો હોએ અને તે જો કોઇને યજદાં પનાહ બાદ કરીને સલામ કરે તો દેરજી ઓ શાદ બાદ કરી તેને જવાબ નહી આપવો. મતલબ એ કે તે બુરાની સાથે કોઇબી રીતનો વ્યવહાર નહી રાખવો.

2 આગલા વખતમાં ધર્મથી તથા જરથોસ્તીઓના ચાલુ રેવાજથી ઉલટા ચાલનારાઓને નેઆત બાહેર કાહડવાનો રવયો હતો તે હાલ પણ

એ દીન દાનાવ તંમ સરવ સહમજીને લેહેજો ।
શરવ લોકને તંમ સહમજાવીને કેહેજો ॥

સ્યાવક્ષ નામાનું સેવટ.

શ્રી એક નાંમ અહુરમેજદનૂ મે હરખે લીધૂ ।
એ શેઆવખસ નાંમૂ શમાપૂરણ કીધૂ ॥
અહુરમજદે અંમ તનપર મેહેરબાંની કીધી ।
આંબાં દીન અરદએ અંમ મૂખ સરસ્તી દીધી ॥
આબાં દીન અરદ અંમપર તરૂસ્ટમાંનજ થાઇ ।
એ કએઆંની શેઆવખશ કીરત અંમ સમપૂરણ ગાઇ ॥ ૩૧૬૫
એ ઇઅજદાં પાક પરવરદેગાર તંમ મંન મોરાદ પોહોચવી માહારી ।
અંમ મંન રલીઆએત કરી શેઆવખસ કીરત ગાઇ શારી ॥
એ શેઆવખશ નાંમૂ અંમ સમાપૂરણ ગાએજી ।
તો એ જેહાંનમાં જીવેઆનૂ અંમ એ ફલજ પાએજી ॥
હોશેદર દરશણનાં અંમ આંહાં છજી ઉમેદવાર ।
એ ઉમેદ આશ તંમ પૂરવી દેઓ એ પાક કેરદેગાર ॥
આખર હજારે અવધ હતી તે સમાપુરણજ થાઇ ।
ખુરશેદ મહલેઆ હોશેદર આવશે તેહેને જોમૂ ધાઈ ॥
અંમ ઊમેદ બર લાવો તંમ મેહેરબાંન દએઆ પાલ ।
અંમ હોશેદરને તે ખુરશેદ જુલા આંહાં દેખસૂ કાલ. ॥ ૩૧૭૦
હવે એરવદ કેહેચ એણે ઊમેદ ધરતાં જો પરાંણજ જાએ ।
તો તે શહી નરધાર નરધાર તે નર નારી ગરોથમાંની થાએ ॥
અવીશ અવીશ આજ હોશેદર આંહાં આવશે શહી ।
એરવદ રૂસ્તંમે એમ શ્રી એકનો શૂકરાંનો કહી ॥
એ પાંના ઓ પાક પરવરદેગાર તંમ મંનમોરાદ પોહોચવી માહારી ।
જે અંમ મૂખ શૂભ શવસરસ્તી અત આપી શારી ॥

મુમ્બાઇ સિવાય બીજે ઠેકાણે છે. એ રીતિ પારસીઓ હિંદુઓને જોઇને શિખ્યા હોએ એહવું નથી. કેમકે ઇરાણમાંથી એ રવચો હતો અને હાલ પણ છે. જો કોઇથી શખશ ધર્મ અથવા તેની રસમથી ઊલટો ચાલ્યો હોએ, અને જ્યાં સુધી તે પોતે કીધેલાં બુરાં કામની તોબેશ કરીને માફ નહી માંગે ત્યાં સુધી તેને ધરનુ ક્રિયાનુ કાંમ કરનાર મોબેદને અટકાવવાનો તથા બીજાઓને તેની સાથે વ્યવહાર રાખવાથી દુર રાખવાનો દસ્તૂરને હકછે. તેહેવીજ રીત આ મર્હૂમ કવિનાં વખતમાં હતી અને હાલ પણ ઘણે ખરે ઠેકાંણેછે.

તૂ ધણી શંભરી મે આંહાં શરવ દૂખ મુકેળે વીશારી ।
નેત ઊઠી સમરણ કરી આંહાં ખુરશેદ મેહેર ને જોહારી ॥
નેત ઉઠી સૂકર કરી એમ ઉમેદ રાખૂઅજ ધહણી ।
હવે ઉમેદ આશ પૂરવી દેઓ તંમ પાક પરવર ધણી ॥ ૩૧૭૫
હવે કવેતાએ એ પત વચંન પત સંમપૂરણ કીધાં શાર ।
એરવદ રૂસ્તંમ પશોતંન સૂત હોરમજદેઈઆર ॥
અંમ વંશ મોબેદ હરમજદીઆર એરવદ શમીઆર ।
એ પારશ ધરંમ રખણીછે પાક પરવરદેગાર ॥
અંમ મૂખ આબાં દીન અરદએ સરસ્તી દીધી ।
ફરસથી પરાકરૂત અમ પરગટ કીધી ॥
આબાં દીન અરદએ અંમ મૂખ પરાકરૂત ઉપાઈ ।
એ પાક શેઆવખશ કીરત શમાપૂરણજ ગાઈ ॥
સમાપૂરણ કીધૂ શ્રી સૂરતશેહર નગરીને વાસ ।
એ સીઆવખશ નાંમુ લખી તમાંમ કીવું ખલાસ ॥ ૩૧૮૦
શંવત ૧૭૩૬ વૃખે એ પૂસ્તક કીધૂ શોજ ।
મબારક માહા શેહેરેવર ને હોરમેજદ રોજ ॥
રોજ હોરમેજદ ને ગાહા હાઉઅંન લીધી ।
એણે દંન એ શેઆવખશ કીરત શમાપૂરજ કીધી ॥
હવે કવતાએ એ શૂભ સરસ્તી એમ બરહમાઈ ।
એ ધની તંમ કૂદરતથી એ નવી સૂભ કીરત ગાઈ ॥
શ્રી હોરમેજદે અંમ મંન હરખ ઉપનાવેઓ આંમ ।
એ શૂભ કીરત ગાઇ અંમ સૂરત નગરીને ઠાંમ ॥
એ સૂરત નગરીને અંમ આંહાં એ વાશે રહી ।
એ શૂભ કીરત એરવદ રૂસ્તંમ પશોતને કહી ॥ ૩૧૮૫

"સ્તીરેમ્ કેહ્રપેમ્ અનારૂવનેમ્ બવાહિ યથ કવ સ્યાવર્ષાનો."

અર્થ

સ્યાવક્ષના જેવા નેક કાલબુદના અને વગર દાધના (પાકદામન) થજો.

મહૂમ એરવદ રૂસ્તંમ પેશોતંનનું રચેલુ આએ નામું, તેનાં વાંચનારાઓને, હજરત જરથોસ્તે કએ ગુસ્તાસ્પને કેરેલી, મજકૂર દોઆ ચાહી, પાક યજદાનનો ઉપકાર માણવા સાથે, ખતમ કરૂછું.

આ નામું છપાવતાં વાપડેલાં પુસ્તકોનાં લખનારાઓનાં નામો તથા તેઓનાં સને.

——00——

દસ્તુર રૂસ્તમજી મરહુમ દસ્તુર જમશેદજી સુરતવાલાનાં કેતાબખાનાં મધેથી મલેલી કેતાબની નકલ કરનારનું નાંમ તથા તેનો સને.

એ કેતાબ શેઆવખશ નાંમાની તમાંમ શુદ. તંમત તમામ શુદ. લખતંગ દીન દોસ્ત દીનદાર કંમતરીન કમસખુની રહએ બાકંમ દીન પાકંમ એરવદ ફરામરજ બેન સરતાજ નૂર ચશમી એરવદ મીનોચેહેર રજી બેન ગરૂથમાંની પશંમ ખુઆંની નેકનાંમ એ૦ કેરશાસ્પ બેન એ૦ નરશંગ બેન એ૦ અસપાલ બેન ક૦ બહમંન અંમવંશ મોબેદ નેરીઓ શંગ ધવલ. ઈન દસખતે એ૦ ફરાંમરોજ એ૦ મીનોચેર અસ્ત. હર કસેકે ઇન ખાનદ મારા દોઆ રસાનદ અલબત એ૦ ફરાંમરજ મીનોચેર ઈન ગોફત.

મન કાતબે કમીનંમ. દર દુનીઆં પાક દીનંમ અજતો પહનાએ ગીરંમ રેહ એકુન ઓદાએઆ. મા બંદએ હકીરમ જરાથોસ્ત દસ્ત ગીરંમ. જુજ તો પનાહ કે ગીરંમ. લૂતફેહે નોમા ઓદાએઆ. એ પાક ઈઅજદાં તો મેહેરબાંનમ કમીને કાતેબ ફરાંમરજ. તંનદરૂસ્તી બાદ નેકી બાદ ખૂબબાદ એદૂન બાદ.

ઈન કેતાબ શેઆવખશ નાંમાંની ફરમાએશ કરદંન દીન દોસ્ત દીનદાર કાતેબ નોશારીના એ૦ મીનોચેહેર ગરોથમાની પશમ ખુઆંની નેક નાંમ એ૦ કેરશાસપ બેન એ૦ નરશંગ બેન એ૦ અશપાલ બેન ક૦ બહમમન ઇંન કેતાબ ફરમાએશકરી લખાવી તે પોતાને વાસતે પોતીકા ફરજંદાન ફરજંદને વાસ્તે લખાવીછે. એ કેતાબમાં કોઇ બીજાનો દર શાવો નહીં. તંનદરૂસ્તીબાદ નેકીબાદ ખૂબબાદ એદુનબાદ તંમતંમ તમાંમ શુદ. કારેમન અંજાંમ શુદ. શુભ ભવતુ.

શંવત ૧૭૮૧ વૃખે શાકે ૧૬૪૬ પ્રવતમાંને માગશેર માશે વદી પક્ષે ૧૦ વાસરે રવઊ શંવત ફારસી ઇઅક હજાર નોજુદહ ચેહાર* ૧૦૯૪

* "નવદો ચેહાર" લખતાં "નોજદેહ ચેહાર" ભુલથી લખાયલું લાગેછે.

રોજ શ્રી બેહેરામ મહા મબારક અરદીબેહેસત ગાહે હાઊન સંપૂરણ. એ કેતાબ રોજ શ્રી અરદીબેહેશત મહા મબારક શ્રી ફરૂઅરદીન એ દંન સરૂ કીધી તે રોજ શ્રી બેહેરાંમ માહા મબારક અરદીબેહેસત એ દંન એ કેતાબ પૂરી કીધી.

મોબેદ દારાબજી દસ્તુર રૂસ્તમજી સંણજાનાંથી મલેલી નકલનો સને તથા નકલનવીસનું નાંમ.

શવશતે શ્રી શંવત ૧૯૦૮.નાં વરખે શાકે ૧૭૭૪ પરીધારીનાંમ સંવતસરે વઈશાખ શુદ ૧૩ ને વાર રવેઉ તારીખ.........*શને ૧૮૫૨ અંગરેજી રોજ શ્રી મુબારક આદરઈજદ માહ શ્રી મુબારેક આવાં અરદ્ યશુર પારસી સને ૧૨૨૧ ઈઅજદજરદી એ દને એ કેતાબ શ્રી-જર થોશત નાંમુ તથા શીઆવખસ નામું સમપુરણ થાયઊછે. એ કેતાબનો લખનાર કમતરીન ખાકેસતર દીન બંદેહ મુબેદજાદેહ મુબેદ જમશેદ બેન મુબેદ ખુરશેદ બેન મુબેદ કાઉશ બેન મુબેદ જમશેદ બેન માણેક બેન બેહેરાંમ બેન દારાબ બેન સોહોરાબ બેન માણેક બેન પસોતન લકબે શનજાંણાં અજ નસલે મુબેદાંન મુબેદ નેરીઓશંગ દહવલનાએ પોતે પોતાને પઢવાને વાસ્તે લખીછે શહી.

મોબેદ દીનશાજી દોરાબજી રાંદેલીઆ પાશેથી મલેલી કેતાબનો સને તથા લખનારનું નાંમ.

સવશતી શ્રી સં૦ ૧૮૯૮ નાં વરખે જેઠ વદ ૧૪ વાર ગરેઉ શાકે શાલીવાંણ ૧૭૬૪ રોજ ૧૨ મો મોહોર ઈજદ માહ ૧૦ મો દે દાદાર હોરમજદ સને ૧૨૧૧ ઈજદજરદી તા૦ ૨૭ મી જમાદી ઉલ અવલ માહે મુસલમાની. સને ૧૨૫૮ હેજરી. એ દીને સીઆવખશ નાંમુ લખી સમપુરણ કીધુછે. બેહતર દીન માજદીઅસનાં બેહેદીન હોરમજજી બીન નોસેરવાનજી બીન કરેદુનજી બીન ફરાંમજી બીન ભીખાજી બીન રતનજી લકબે ગજદર રેહવાશી ગનદેવી કશબા વાલાએ પોતાને વાસતે તથા પોતાનાં ફરજંદાંન ફરજંદને વાસતે પોતે પોતાને હાતે લખીછે. એ ચોપડી જે કોઈ બેહદીન અથવા મોબેદ વાંચવા લીએ અને ઓલવે તેને મરગરજાન ગુનાહ લાગે.

---

* તારીખ લખવાની જગો રાખીછે પણ લખી નથી.

મરહુમ મોબેદ માણેકજી ઊકાજી ભરૂચાને હાતની લખેલી નકલનો સને.

સંવત ૧૮૮૯નાં વરખે પરથમ ભાદરવા વદી ૧૪ વાર બુધે રોજ ૧૬ મો મેહર દાવર માહ ૧૨ મો અસપંદાર મદ અમેશાસપંદ. ગાહ હાવન સાલ અવર એક હજાર દોસદો દો ઇઅજદ જરદ શહેરીઆર લખનાર મોબેદ માંણેકજી ગરોથમાંની મોબેદ ઉકાજી બીન રૂશતંમજી બીન મોબેદ શાપુર બીન એજદીઆરજી બીન મોબેદ કાવશજી લકબે જલાલ અજનસલે મોબેદ હોરમજદીઆર એરવદ રાંમીઆર.

એ પુસ્તકમાં આવેલી કેટલીએક બાબદોનાં રહી ગયલા ખુલાસાઓનો વધારો.

☞ એ ટીકામાં જે ચડ ઉતર આંકો મુકયાછે તેમાં ( ) મધેનાં **આંકો ટીકાની સંખ્યા અને છુટા આંકો સ્લોકોની સંખ્યા** સહમજવી.

(૧) ૧. **સરસ્તી = સરસ્વતી,** એનો મૂળ અર્થ મુખમાંથી ભાષા વેહેતી કરનાર શક્તિ કહ્યોનેછે. પછી સંસ્કૃતભાષાના વિદ્વાનોએ તથા કવિઓએ એને એક દેવીનું રૂપ આપી બ્રહ્માની પુત્રી ગણીછે. અને એ 'સર્વ પ્રકારની વાણી સરવ પ્રકારની વિદ્યા કલાની અધિષ્ઠાતા (મુખ્ત્યાર) દેવી છે. એણે સંસ્કૃત વાણી ઊત્પન્ન કરીછે. એને ચાર હાથ અને કપાળે ચંદ્રછે. એક હાથમાં વીણા, એકમાં કમલ, એકમાં પાત્ર ને એકમાં કાગલનું ઓલિયું છે; અથવા કોઇ મતે એકમાં વીણા, એકમાં કમલ, એકમાં પાશ ને એકમાં અંકુશછે. એ હંસ ઊપર ને કોઇવાર મોરપર સ્વારી કરેછે' (જુવો નર્મ કથા-કોષ સફો ૨૯૧). જેમ, પાછલા વખતથી, પારસીઓ પોતાનાં કોઇબી પુસ્તકનો આરંભ, **બનામેયઝદે બક્ષાયન્દે બક્ષાયશગરે મેહેરબાનથી,** તથા મહમદીઓ **બિસ્મલ્લા હિર્ રેહમાન હિર્ રહીમથી,** કરેછે તેમ સઘળા હિંદુ વિદ્વાનો તથા કવિઓ તેઓનાં દરેક પુસ્તકો, આ જગતના માતા પિતા, તેઓનાં મત પ્રમાણે, પા-

વૈતી, પરમેશ્વર, તથા શારદા, અથવા સરસ્વતી અને પ્રખ્યાત કવિ તથા ગુરૂઓને વન્દન અથવા નમસ્કાર કરી, આરંભેછે. તેમ આ મોબેદ કવિએ આ સ્યાવક્ષનામાનો આરંભ પનામે યજદાંન એહવા પાજંદ વાકયથી શરૂ કરી દાદાર અહુરમજદથી સરસ્વતી એટલે તેનાં મુખ્યમાંથી ભાષા વેહતી કરનારી શક્તિ ચાહીછે. પારસીઓનાં પુસ્તકોમાં અષાસ્વંઘને ભાષા ઉપર મુવક્કલ તથા ધર્મ ફેલાવનારાઓને બુદ્ધિ બખ્શનારી ગણવામાં આવીછે (જુવો એજ નામાનો શ્લોક ૬—૭) અને જેમ હિંદુઓએ સરસ્વતીને બ્રહ્માની પુત્રી ગણીછે તેમ અશીશ્વંઘને, અશીશ્વંઘ યશ્તનાં બીજા ફકરામાં, અહુરમજદની પુત્રી, અમેશાસ્પંદાની બેહેન અને પએગમ્બરોને આકાશી અકલ બખશનારી ગણી છે. એટલા માટે એ કવિએ, અરદ એટલે અશીશ્વંઘથી આ નામું લખવાને, સરસ્વતી ચાહીછે.

(૩) ૮. અરદવીસુરામ અનાહેતામ, એ એક નદીનું નાંમ છે. એનું ખુલાસાવાર બયાન આવાં યશ્તમાં આવેલું છે. એ હુકર નાંમના પાહાડમાંથી નીકલીને વોરૂકશ દર્યા (કૅસ્પિયન સી) માં વેહે છે. અને એ ઘણીજ મોટી તથા એનાં પાણી નિર્મળ અને નીરોગી કહેલાં છે. એ નદીને એક સ્ત્રીનું રૂપ આપવામાં આવ્યું છે. અને એ નામના ફરેસ્તાની વખાણ ઘણા દુરવેરનાં દેશોમાં મશહૂર થયલી હતી. યશ્તોમાં જેમ કેટલાએક ફરેસ્તાઓને ચોકશ રૂપો આપવામાં આવ્યાં છે તેમ મજકૂર અર્દ્વીસૂરનેબી સ્ત્રીનુ રૂપ આપવામાં આવ્યુ છે. એનુ મીટીનું બનાવેલું પુતલું ઇરાણમાં આવેલાં સુસા નાંમના શેહરમાંથી મળી આવ્યું છે જે આવાં યશ્તમાં આપેલા ચિતારને મળતું છે. એજ પ્રમાણે મિસ્રનુબી માંથાં વગરનું પુતલું મલી આવ્યું છે જે હાલ લંડનમાં છે (જુવો નોટ સફે ૧૯૬ મેં). એ ઉપરથી માલૂમ પડેછે કે યશ્તોમાં જે ફરેસ્તાઓને રૂપ આપેલાંછે તેઓની મૂરતી જરથોસ્તનાં વખત પછી, બનાવાનો રેવાજ થયો હોય. જેમ મેહરની ભક્તિ ઘણે ઠેકાંણે થતીહતી તેમજ અનાહિતા નામનાં ફરેસ્તા નીબી બેબીલોન, સુસા, એકબેતાના, દેમાસ્ક, સારદીસ, કોનકેબાર, આઇરોકેસેરીઆ, હાઇપેઇપા, ઝીલા અને એફીસસીની એ શેહેરોમાં, થતી હતી. તે દારાએસ હિસ્તાસ્પીસનાં વખતથી થઈ હોય એહવું લાગેછે. અને એ અનાહિતા જે અસલ અર્દ્વીસૂરનો વિશેષણ છે તેને, એ વખતમાં વિશેષ નામ તરીકે વાપરેલો લાગેછે. અને એ પ્રમાંણે અવસ્તામાં આવેલા વિષેષ નામોને બદલે,પાછલા વખ્તમાં, તેઓનાં વિશેષણો વપડાયલાંછે

તેનાં બીજા દાખલાઓ મલેછે જે અવસ્તા તથા પેહલવીનાં અભ્યાસોને જાણીતું છે. એ નદીનું બયાંન પાછલા વખતની પેહલવી તથા પાજંદ કેતાબોમાંથી આવેલું છે અને તે ઘણુંકરીને આવાં યશ્ટ ઉપરથી લખાયલું છે.

(૨) ૩. જંદ અવસ્તા, એ વિષે આગલા વખતથીજ આપણા લોકોમાં ભુલ થતી આવીછે. કેટલાએકો જંદને અને કેટલાએકો અવસ્તાને, જે ભાષામાં જરથોસ્તી ધર્મ લખાયોછે તે ભાષાનું નામ સમજ્યા છે. "જંદ" શબ્દનો અર્થ "સહમજણ", "માએની", "ટીકા" કરીછે, અને અવસ્તામાં એ "આજઇન્તિ" કરી મલેછે. અવસ્તા જે કોઈ ચોકસ વિષયનું નાંમછે, તે પાછલથી સાધારણ રીતે આખા પુસ્તકને લાગુ પાડવામાં આવ્યુંછે...પાછલા વખતમાં, જે વખતે ધર્મ પુસ્તકનાં ચોકસ ભાગોનો પેહલવી ભાષામાં તરજુમો થયો ત્યારે તે તરજુમાં સાથનાં પુસ્તકને અવસ્તા વ જંદ અથવા અવસ્તા ઓ જંદ (અવસ્તા અને તેનાં અર્થ) એહવું નામ આપ્યામાં આવ્યું, તેને, તે પછીનાં લખનારાઓએ ભુલથી જંદ અવસ્તા કરી લખ્યું. અવસ્તા, અથવા અફ્સ્તા એ શબ્દનાં અર્થ તથા એની વ્યુત્પત્તિ વિષે જુદા જુદા વિદ્વાનોના જુદાં જુદાં મતોછે. ડા૦ હાઉગે પેહલાં અવસ્તાનો અર્થ 'ગોથવેલું,' 'રચેલુ' કર્યો હતો તે પછી સેવટે હિંદુઓનાં વેદને મલતો આવિસ્ત લઇને તેનો અર્થ 'વિદ્યા,' 'ગ્યાન,' 'વાકેફી' કર્યો છે, દસ્તૂર પે૦ પે૦ સંજાણાએ 'અઇવિ-સ્તૂ' ઊપરથી, તથા એરવદ શે૦ દા૦ ભરૂચાએ 'ઊપ-સ્તૂ' ધાતુ ઉપરથી, એ બોલને સમજાવ્યોછે. છેલ્લી સમજણ વધારે દુરસ્ત લાગેછે કેમકે અવસ્તામાં ઊપસ્તુઈતિ શબ્દ હાલ આપણને મલી આવેછે. કેટલાએકો અફ્સ્તા લઇને "પ્રમાણ પ્રમાણે રચેલુ" અર્થ કરેછે. પણ એ અર્થ કવિતાના લખાંનને લાગુ પડતો છે, કે જેને ગાથા કહીએચ. પણ આટલુંતો ચોકસ છે કે એ, જરથોશતી ધર્મ જે કદીમ ઇરાણી ભાષા જેને યુરોપિયન વિદ્વાનો *Old Bactrian* (જુની બલખની ભાષા) કરી કેહછે તેમાં લખાયલા, એક વિષયનું નામછે. વધારે ખુલાસાને માટે જુવો જરથોસ્તી અભ્યાસ દફતર ૧ લું, સફો ૩૪૬—૩૪૯ તથા સફે ૪૬૧ મે ફકરો ૧૩ તથા ૧૪).

(૪) ૩૯. દમાવંદ, માજંદરાનમાં આવેલા એક પાહાડનું નાંમ છે. પાછલા વખતની રવાયતોમાં તથા શાહાનામાં વગેરે તવારીખોમાં લખવા મૂજેબ શાહ ફરેદુને જુલમી જુહાકને એ પાહડ ઉપર બાંધીને

કએદ રાખેલોછે અને તે હજુ સુધી જીવતો છે. પણ અવસ્તાનાં જુદા જુદા ભાગોમાં લખવા પ્રમાણે તથા નાસેખ-ઉત-તવારીખ પ્રમાંણે, ફરેદુને તેને મારી નાખ્યોછે, એ બએતમાં એ કાશીઆની મતલબ એછેકે બુરાઓને દમાંવંદ પાહડ ઉપર મોકલી ત્યાં તેઓને સજા કરવામાં આવતી હતી.

(૫) ૫૩. હમેસ્તગેહાન, પસમઅખુઆંન અને ગરોથમાન એ ત્રણડે બેહસ્તોનાં નામોછે. પેહલાંને અવસ્તામાં મિસ્વાન-ગાતુ તથા મોબેદ નેર્યોસંઘ ધવલે મીનોખેરદનાં સંસ્કૃત તરજુમાંમાં 'મધ્યભુવન' કરી લખેલુછે. એ જગો, વીરાફ નામામાં તથા મીનોખેરદમાં જણાવ્યા મૂજેબ, બેહશત અને દોજખની વચેછે. અને જે લોકોના સવાબ તથા ગુનાહ સરખા હોએછે તેઓનાં રવાનોને એ જગો મળેછે, અને હિયાં ગરમી તથા સરદી ખમવા સિવાય બીજી કસી સજા કરવામાં નથી આવતી. પસમ અખોઆંન=પાશૂમ અખ્વાન, એને અવસ્તામાં "વહિશ્ત અહુ" (ઘણીજ ખુશીવાલુ—ઉત્તમ-મકાન) તથા મહૂમ મોબેદ નેર્યોસંઘ ધવલે સંસ્કૃતમાં "સ્વર્ગ" "સ્વર્ગલોક" અને "સ્વર્ગભુવન" લખેલું છે. એ હમેસ્તગેહાંનથી ચહડતું તથા ગરોથમાનથી ઊતરતું છે. ગરોથમાન, એને અવસ્તામાં ગરોન્માન તથા ગરોદ્દેમાન (સઘલી જાતની ખુશીવાલું મકાન અથવા ગાયનનું મકાન) લખેલુંછે અને. પેહલાં બે કરતાં એનો દરજ્જો ચહડતો છે.

(૬) ૬૧. **પજમ**, એ જમશેદ પાદશાહનું નામછે. એનું નાંમ જંમ અથવા જમશેદછે, પણ આ કવિએ ઘણે ઠેકાણે એને **પજમ** લખ્યોછે તે ભુલથી થયું છે. આગલા વખતમાં અવસ્તાનાં તથા પેહલવી પુસ્તકોના અર્થોની વાકેફી નહી હોવાને લીધે એક કેતાબ ઉપરથી બીજી કેતાબ ઉપર નકલ કરનારાઓએ, વર્ણયોજનામાં તથા ફકરાઓને એક બીજા સાથે ભેલી નાખવામાં અને એક શબ્દને તોડીને આગલા પાછલા સાથે જોડી નાખવામાં, ઘણી ભુલો કરી છે. અને તે ભુલો હમણા સુધી, જોકે આજ ૨૦ વર્ષ થયાં ડા૦ વેસ્તર્ગાર્ડ વાલું તમાંમ અવસ્તાનું શુદ્ધ પુસ્તક બાહેર પડયું છે તે છતાં, ગુજરાતીમાં છપાતી અવસ્તાની ચોપડીઓમાં પણ રહી ગએલી જોવામાં આવેછે. હાલ સુધી ખુરદેહ-અવસ્તા વગેરેની કેતાબો છપાવવાનુ કામ, અવસ્તાથી નાવાકેફ શખસો માંથે લેછે તેમ હવે નહીં થવું જોઈએ. એ કાંમ અવસ્તાની માએની સહમજનારા દસ્તૂર સાહેબોનું તથા અવસ્તાનો ખરી રીતે અભ્યાસ

કરનાર અભ્યાસીઓનું છે. હવે મજકૂર ભુલ એમ થઇછે કે આપંરી પાસે હાલ પાઝંદ ભાષામાં લખાએલી હમકારાની આફરીન છે જેને દહમાનની આફરીન કરીનેબી કહેછે. એ આફરીનમાં નીચલા ફકરામાં ગયો મર્દ વગેરેનાં રવાનોને અમર્ગપણું ચાહ્યું છે. તે ફકરો:—અનોશહેરવાન બાદ રવાને ગયો મરદ ઓ હોશગ ઓ તેહ્મુરશ પ જમ ફરેદુન મનોચેહેર બામી હોઝુ બેન તહમાસપ. મજકૂર ફકરામાં તેહ્મુરસ **પ જમ** છે. તેમાંનો **પ** છુટો લખ્યોછે, તે અસલ તેહમુરસનાં નામનો છેલ્લોભાગછે. અવસ્તામાં તેહમુરસને **તખ્મ ઊરૂપ** લખેલોછે, તેનો પેહલવીમાં તખ્મુરપ અથવા તખ્મુરીત થયલોછે. હવે એ શબ્દ પાઝંદમાં તેહમુરપ, તેહમુરસ અથવા તેહસુરસ્પ થયોછે; તે મધેથી ઊપલા ફકરામાં અસલ લખનારે **તેહ્મુરપ જમ** અથવા તેહમુરસ્પ જમ કરી છુટા લખ્યા હોશે. પણ પાછલથી તેહમુરપ અથવા **તેહ્મુરસ્પમાંનાં** છેલ્લા **પ** ને છુટો પાડીને તેની પછી આવતાં નાંમની સાથે જોડી નાખેલો મને લાગેછે. અને એ ભુલ, ૨૦૦ વર્ષ ઊપર મર્હૂમ રૂસ્તમ પેશુતને આ નામુ લખ્યું તે વખતે જો **જમ** ને બદલે **પજમ** બોલ તેનાં જાંણવામાં આવેલો લાગેછે તો, ઘણી જુની હોવી જોયે. કેટલાએકો એ **પ** નો અર્થ **અને** કરવાને ધારેછે પણ પાઝંદમાં **અને** ને માટે ઊ, ઓ, અથવા વ, આવેછે. મર્હૂમ દસતૂર જમશેદજી બરજોરજી સુરતવાલાનાં હાતની યજદજરદી સને ૧૨૦૫ માં ફારસી અક્ષરે લખેલી આફરીનોની કેતાબમાં તેહ્મુરસ્પ **વ જમ** એહવું શુદ્ધ લખેલું મારા જોવામાં આવ્યું છે.

(૭) ૬૭, ૬૯, અને ૮૫૬. **મેહ્રગાન**, એ એક ચોકશ પાણીના ચશમાનુ નામ હતું અને એનાં પાણી ઘણાંજ સ્વચ્છ તથા થંડાં હતાં. શાંભલવા પ્રમાણે પાછલથી એ નામ સાધારણ રીતે કોઇબી સ્વચ્છ પાણીનાં ચશ્માને લાગુ પાડેલુ છે. એ મેહેરગાન અથવા મેહરજાન મેહેર મહીનો અને મેહર રોજનાં જશનનુંબી નાંમ છે. એ જશનની ખુશાલી મેહેર રોજથી તે રામ રોજ સુધી છ દિવસ કરવામાં આવતી હતી. અને એ દિવસો મધેના પેહલાને 'મેહરગાને આમ' અને છેલ્લાને 'મેહરગાને ખાસ્સ્' કરી કેહતા હતા. હાલ પણ એ જશન કરવાનો ચાલ ઈરાણી જરથોશતીઓમાં છે. એ દિવસે ઘણાં ખરા જરથોસ્તીઓ પોતાંના ઘરમાં એક ગોસ્પંદ કપાવેછે. તે કાપવાનો હક માત્ર મોબેદનેજ છે. પછી તેનુ પેટુ સાફ કરી, આખું તન્નુરમાં ભુજી કાહડી તેને દરૂન સાથે ધજેછે. તે પછી તેમાંથી ચોકશ ભાગ મોબેદાને

આપીને બાકીનામાંથી સગ્રલાઓને ચાશની કરવા વેહેચી આપેછે. તેઓ તેને ઘણા દીવસ સુધી સાંચવી રાખી દર રોજ તેમાંથી જરા જરા ખાયછે. એ ગોસ્પદ હલાલ કરી લાયક લોકોને, તેની ચાશની કરવાનો રેવાજ ઘણો જુનો હોય એવુ તીર યષ્ટ ઉપરથી જણાયછે. રવાયતોમાં લખવા મૂજેબ એ દિવસે કાવેહ આહંગરે ફરેદુનને મલી જુહાકને પકડી તેને દમાવંદ પાહડ ઉપર બાંધ્યો હતો તથા ફરેદુન એજ દિવસે તખ્તનશીન થયો હતો.

(૮) ૮૪. મીનોચેહરનાં સાત ભંડાર (ખજાનાં) કહેલાછે તે મને કેઠેથી મલ્યા નથી. શાહનામાંમાં ખુસરો પરવેજનાં ૮ ખજાનાંનુ બયાન આવ્યુછે પણ ઉપલા વિષે કઈ નથી લખ્યુ.

(૯) સફે ૯ મે ગોદર્જ તથા તૂસનાં શેકારે જવાનુ બયાન છે તેઠેકાણે શાહનામાંમાં ગેવ તથા તૂસ શેકારે ગયા હતા એહવું આવેલુછે.

(૧૦) ૧૧૭. એ શ્લોકથી જે સુંદ્રીનુ બયાન આવ્યુછે તે શાહનામાંથી જુદુછે. એ વિષે એહવું લાગેછેકે એ વિચાર કોઇ હિંદુ કથા ઊપરથી એ કવિએ લીધો હોએ.

(૧૧) ૧૪૯–૧૫૧. એ શ્લોકોમાં શૃંગારનું વર્ણન આવેલું છે તેમાનું કેટલુંએક હિંદુ રીતિ પ્રમાણેનું છે. ૧૪૯ ટિક=તિલો, કપાલે શૃંગાર અર્થે કંકુનો તિલક કરેછે અથવા ચાંહલો ચોહોડેછે તે; એ રીત અસલ હિંદુઓની છે ઇરાનીઓની નથી. પણ આ નામું લખનાર કવિએ, પોતે અસલ ઇરાણી છતાં, હિન્દુસ્તાંનમાં વસવાથી તથા હીંદુઓનાં સંબંધથી એ રીત પારસીઓમાં દાખલ થવાથી, એ અને એ સિવાય બીજા હિન્દુને લગતા વિચારો એ નામાંમાં દાખલ કરેલા જોવામાં આવેછે. ૧૫૦ નથ=નટ, નાંખમાં નટ પેહરવાનો ચાલ હાલ ઇરાંણી પારસી બાનુઓમાંછે.—૧૫૦ કૂંડલ કાણનુ ગ્રહણુ, ગોશવારે, કાંણમાં કૂંડલ અથવા ગોશવારે પેહરવાની ચાલ ઘણાં જુનાં વખ્તથી છે તે વંદીદાદની ૧૪ મી પર્ગરદ તથા આવાં અને અશિશ્વંઘ યષ્ટ ઉપરથી માલૂમ પડેછે. પણ હાલમાં ઈરાની ઓરતો કાંણ વાધાવીને ગોશવારે નથી પેહરતીઓ. એથી ઉલટું છોકરાઓ તથા જવાન મરદો ગોશવારે પેહેરેછે.—૧૫૦ કોટ અભરણ=કોટ-ભૂષણ, ગલામાં પેહેરવાની જનસ, હાર, માલા, એ જણસંની ઘણાં જુનાં વખ્તથી જણાએલી છે, તે આવાં તથા આશીશ્વંઘ યષ્ટ ઊપરથી જણાએછે. હાલમાં ઇરાણી પારસી અબલાઓમાં એક જાતનુ કોટ-ભૂષણ પેહરવાનો ચાલ છે જેને ઓઇને

અથવા વોઈને કેહેછે. તે એક નાહાની આરેસીની આશપાશ સોણું રૂપાનો તથા જવાહેરનો શૃંગાર કરી, રૂપાંની શાંકરીથી, બાંધીને ગરદનમાં લટકતી નાખેછે તે એહવી રીતે કે પેલો આરાએશ આપેલો આઇનો ઝુલતો નાભઊપર આવી રહે. ૧૫૧. કરચૂંડ પોહોચી=હાતે પેહરવાની જનસ; હાત ઊપર બાંગડી ઈત્યાદિ સુણાં રૂપાંની જનસો પેહેરવાનો ચાલ હાલ પણ ઇરાણી બાનુંઓમાં છે. પણ કાચનાં ચીતરો પેહરવાનો ચાલ હિન્દુઓથી અત્રેના પારસીઓમાં દાખલ થયોછે. ૧૫૧. પાએ પેંજન, નેવર=પગે પેહડવાની જનસ, એ ચાલ હિંદુ લોકોનો લાગેછે. હાલ ઇરાણીઓમાં કોઈબી તરેહનું ગ્રહણું પગે પેહરવાનો ચાલ નથી.

(૧૨) ૧૬૦. એ શ્લોકમાં, સૃષ્ટિ સ્રષ્ટાએ એક શબ્દે પૃથ્વી પેદા કીધીચ, એહવું લખાન છે. એ વિચાર મહમદી લોકોની કુરાન મધેથી મલેછે. પણ હાલ જે આપરી પાશે બાકી રહેલા અવસ્તાછે તે મધેથી એ વીષેનો ખુલ્લો વિચાર હમણાસુધી જોવામાં આવ્યો નથી. મુસાની કેતાબ જેને જેનેસીસ કેહેછે તેમાં જણાવ્યા મૂજેબ દુન્યા છ દીવસમાં પેદા કરીછે. જરથોસ્તીઓની ગહમ્બારની આફરીન પ્રમાણે દુન્યા એક વર્ષમાં પેદા કરીછે, પણ હાલનાં યુરોપિયન ભૂસ્તર વિદ્યા જાણનારાઓના મત પ્રમાણે દુન્યાને પેદા કરવાને ઘણી લાંબી મુદત લાગીછે. આગલા કેટલાએક પારસી લખનારાઓનો કુરાનને મલતો વિચાર છે તે તેઓએ કયાંથી લીધોછે તે જણાતું નથી. આ નામું લખનાર મર્હૂમ મોબેદ કવિએ મજકૂર શ્લોકમાં એહવો વીચાર જણાવ્યોછે. તેમજ તમામ ખુરદેહ અવસ્તાનાં દફતરોમાં પાછલા દસ્તૂરોની ફારસીમાં જોડેલી મોનાજાતો દાખલ કરવામાં આવીછે, તેઓમાંની એકમાં નીચે મૂજેબ પેહલીજ એક બએત છેઃ—

બનામે ખોદા યજ઼્દે રેહ્‌નમુન્, કે ગેતી બપા કર્દ્ અજ઼્ કાફો નૂન્.

એનો અર્થઃ—રસ્તો બતાવનાર યજદાંન કે જેણે આએ સૃષ્ટીને કાફ્ અને નૂનથી પેદા કરીછે તે સાહેબનાં નાંમની મદદથી (હું આએ મોનાજાત શરૂ કરૂ છું) એહવોછે. એમાં કાફ અને નૂનથી દુન્યા પેદા કીધી એહવું લખેલું છે તે કુન શબ્દ અરબી છે, જેનો અર્થ થા કરીછે. કુરાનમાં લખવા પ્રમાણે ખોદાએ હોકમ કીધો કે કુન=થા અને તેવુંજ થયું. મતલબ કે ખોદાએ ચાહ્યું કે દુન્યા પેદા થાએ અને તેહવીજ તે થાઈ.

(૧૩) ૨૩૮. એ શ્લોક ઉપરથી જણાએછે કે કએકાવુસની બે બેહનો હતીઓ. તેમાંની એક, એ નામુ લખનારનાં કેહેવા પ્રમાણે તથા

ફરામર્જ નામામાં લખવા પ્રમાણે, જાલના બેટા રૂસ્તમની બાઈરી હતી, અને બીજી વિષે કેથેથી કસુ મને જણાયું નથી (જુવો નોટ સફે ૧૫૧).

(૧૪) ૩૦૫. એ શ્લોકમાં તથા બીજે ઠેકાંણે કએકાવુસને **દોઆતશી** કહેલોછે. તેની મતલબ એહવી લાગે છે કે એક આતશ (ગરમી) જે સઘલાં માણસોમાં સાધારણછે તે અને એક આતશ નેર્યો-સંઘ જે પાદશાહોને બક્ષવામાં આવેછે તે (જુવો નોટ ૨૨ સફે ૨૩૭ મે).

(૧૫) ૩૨૦ એ સંસ્કૃત બે શ્લોકો સંસ્કૃત આશિર્વાદ જે પાજંદ આશીર્વાદનો તરજુમો છે તેમાં નીચે પ્રમાણેછે:—કહોશ એવ ગ્નાનવાન ભવ, સૂરજ એવ પરભાવાન્ ભવ. ચંદ્ર એવ વિભકતા ભવ, જરથોસ્ત્ર એવ સુકીર્તિવાન્ ભવ. પાછલો શ્લોક, એ નામામાં, નકલ કરનારાઓને હાથે, ખરાબ થયોછે. એ નામામાં જે ઠેકાંણે એ શ્લોક આવ્યો છે તે ઠેકાંણે કએકાવુસનીજ વખાન છે, માટે "કહોશ એવ ગ્નાનવાન્ ભવ" (કાવુસના જેહવો તું ગ્નાની થજે), એ વાક્ય આ જગોએ બરાબર નથી. કારણ કે કાવુસની તારીફ કરતાં કાવુસનેજ કેહેવું, કે તું કાવુસ જેહવો ગ્નાની થજે, એ ભુલ ભરેલું લાગેછે. જો એમ સહમજીએ કે કએકાવુ-સ ગ્નાની છે એહવી તેની તારીફ કરતાં, તેની સાબેતીમાં આશીર્વાદનાં મજકૂર ફકરાઓનો દાખલો આપ્યો હોએ તો તે બરોબરછે. એ નામા મધેના એ શ્લોકમાં "સૂરજ એવ પરભાવવાન"છે તેને બદલે પ્રભાવાન્ જોઈએ. એ કોઈ નકલ કરનારથી ભુલ થઇ હોએ એહવું લાગેછે. અને **"ચંદર એવ માહા બોખતાર"** ને બદલે "ચંદર એવ વીભકતા" જોઇએ, (જુવો એજ શ્લોક વિષે આપેલી નોટ સફે ૨૪ મે), કેમકે પાજંદના **બોખ્તાર**નો તરજુમો સંસ્કૃત આશીર્વાદમાં **વિભકતા** કરેલોછે.

(૧૬) ૩૨૪. એ ઠેકાંણે જંગલમાં મીઠાઇ તથા બુરા ખાંડ વી-ખરાવવાનું લખ્યું છે તે હિંદુઓ કીરીઓનાં દરોમાં આટો તથા શાકર નાખેચ તેને મલતુંછે. પણ એ રીત જરથોસ્તી તરીકાથી ઉલટીછે. વં-દીદાદની ૧૪ તથા ૧૮ મી પર્ગરદમાં કીરીઓનો તથા બીજા નાશકા-રક જાનવરોનો નાશ કરવાનું ફરમાવેલું છે.

(૧૭) ૩૪૫. **ખેતીઓદથમ,** એ શબ્દ અવસ્તાનો છે અને તે શુદ્ધ રીતે **ખએત્વદથ** કરીછે. એનો અસલ અર્થ મિત્રાચારી આપ-નાર, મોહબત ધરાવનાર, મમતા અથવા પિયાર ધરાવનાર, કરીછે. કે-ટલાએક આગલા લખનારાઓ એહવું લખી ગયા છે કે ઈરાણીઓ ઘ-ણીજ નજદીકની ખેશી ધરાવનાર ઓરતો શાથે પરણતા હતા. તે હિયાં

સુધી કે બાપ બેટી શાથે, ભાઈ બેહેન શાથે ઈત્યાદિ. અને હાલ પણ કેટલાએક એહવું માનેછે અને તેઓનો આધાર મજકૂર ખએત્વદથ શબ્દ ઉપરથી લાગેછે (જુવો જરથોસ્તી અભ્યાસ દફતર ૧ લુ સફો ૪૨ મો, ફકરો ૧૫ મો). પણ આજથી ૧૦૦૦ વર્ષ ઊપર પેહલવીમાં લખા એલી દાદસ્તાને દીનીમાં ખેતીઓદાત (ખએત્વદથ) ની વાત આવીછે. તે ઉપરથી તેનો અર્થ એહવો જણાએછે કે એક મરદ તથા ઓરતે પોતાના ધર્મના કાયદા પ્રમાણેના ગાંઠથી બંધાઈ પોતાની જીંદગીનાં સેવટ સુધી જોડું થઈને રેહવું. મીનોખેરદમાં પણ એ વિષેનું લખાન આવ્યું છે, તેમાં પણ ઉપર જણાવ્યા પ્રમાણેની મતલબછે તે છતાં તેનો અંગ્રેજી ભાષામાં તરજુમો કરનાર વેસ્ત બેશીમાં લગ્ન કરવાનો અર્થ કરી નોટમાં જુની તવારીખો તથા ઇરાણીઓના પડોશીઓનાં લખાનનો હવાલો આપીને એહવું જણાવેછે કે ઇરાણીઓ ઘણીજ નજદીકની સગાઇમાં, બાપ બેટી સાથે ભાઇ બેહેન શાથે પરણતા હતા. પણ એ સઘલી ભુલ મજકૂર શબ્દ ઉપરથી થએલીછે. આપરા દસ્તૂર સાહેબો એહવું સમજાવેછે કે " એક ભાઇની છોકરી અને બીજા ભાઇનો છોકરો એ મીસાલે એક એક સાથે શાદી કરે તથા પોતાનાં અતલગ સગાનાં છોકરાંઓ સાથેની શાદી કરે તેને ખએતવોદથ કેહેછે" (જુવો મર્હૂમ દસ્તૂર એ૦ દા૦ સણજાનાંવાલી ખુરદેહ અવસ્તા બા માએની, સફે ૭ મે લાઇન ૧૦ મીની નોટ (ગ), સફે ૪૨૦ મે).

(૧૮) ૩૪૨–૩૭૬. એ શ્લોકોમાં કએકાવુસ તથા સુન્દ્રીની શાદીનું બયાન છે તેમાં પેહેરાંમની ઓઢામની વગેરેની બાબદ હિંદુઓની રીત પ્રમાણેની છે.

(૧૯) ૩૬૬–૩૬૯. અથોરનાન, અરથેશ્તારાન, વાસ્તરીઓશાન અને હુતોખશાન, એ જમશેદે પોતાની રૈયતને ૪ વર્ગમાં વેહચી હતી તેઓનાં નાંમોછે. પેહલાને અવસ્તામાં આથ્રવન (આતશની સંભાળ રાખનાર, ધર્મગુરૂ, ધર્મ સહમજાવનાર), બીજાને રથએસ્તાર (રથમાં ઉભા રહીને જંગ કરનાર, પેહલવાન, પાદશાહ, રાજ સંબંધી કામ કરનાર) ત્રિજાને "વાસ્ત્ર્યોફશુયાંસ" (ખેતી વાડી કરનાર, બરજીગર) અને ચોથાને હુઈતિશ (કોઇંબી નેક ધંધાથી પોતાનુ ગુજરાન ચલાવનાર, વ્યાપારી, ધંધાદારી). એઓ મધેથી પેહલાનો દરજ્જો, જો તે પોતાનાં ઓધાને છાજતાં કામો કરે તો ઘણો મોટોછે અને જો તેથી ઉલટો ચાલે તો તેને માટે સઉથી મોટી સજા કહેલીછે. અથોરનાન કોણને કેહેવો

અને કોણને નહીં કેહેવો તેનું ખુલાસાવાર બયાન વંદીદાદની ૧૮ મી ફરગરદમાં આવેલું છે. ત્યાં અહુરમજદ પએગાંબર અશો જરથુશ્તને કેહેછે કે "જે શખ્સ આખી રાત સચ્ચાઇવાલી, તંગીથી છુટકારો કરનારી, સઘલી રીતનાં સુખની ફરાખી કરનારી, અને ચિન્વદ પુલનો માર્ગ આસાન કરે એહવી (યાને ગુજરવા પછી તેને બેહસ્તમાં જતાં અડચણ નહી પડે એહવી) અહુર (સાહેબ) તરફ પોહોચાડનારી, રાસ્તીના માર્ગ ઉપર પોહોચાડનારી, અને બેહસ્તનું સુખ પોહોચાડનારી વાકેફી મેલવવામાં મશગૂલ રેહે, તેજ શખ્સને અથોરનાન કેહવો. અને એથી ઊલટો જે કોઇ પોતાનો વખત સુસ્તીમાં ગુજારી ઉપર કેહવા પ્રમાણેની વાકેફી મેલવવામાં કોશેશ નહી કરે, અને પોતાના ઓધાનો તથા પોતાનાં ઓજારોનો ગેર ઉપયોગ કરે તેહવા શખ્સને અથોરનાન નહીં કેહયો પણ તેને ઠગારો કેહવો"! હાલના વખતમાં ઉપર જણાવ્યા પ્રમાણે પેહેલી કિસમનાં અથોરનાનો કેટલા મલી આવશે ? ઘણાજ થોડા. હમણાનાં અથોરનાનો પોતે પોતાનાં કાંમ તથા આગલો દરજ્જો ખોઈ બેઠા છે તે પાછો મેલવવો તેઓનાજ હાથમાંછે. અને તે પાછો મેલવવાનો ઉપાય એજછે કે તેઓએ એલમ શિખવો, અને જો તેઓ એમ કરશે તો તેઓ પોતાને, પોતાના જજમાનોને, અને તેથી વધારે સઉથી પેહલા અને સઉથી શ્રેષ્ઠ અથોરનાન હજરત જરથોસ્તનાં નામને જેબ આપનારા થઇ પડશે એમાં કસો શક નથી. હજરત જરથોસ્ત પણ એક અથોરનાન હતો. એ વિષે વધારે ખુલાસાને સારૂ જુવો શેઠ ખુ૦ રુ૦ કામાજી વાલું જરથોસ્તનામુ સફે ૨૫૭–૨૬૦. એ ચાર ટોલાને મલતી હિંદુઓમાં પણ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈસ્ય, અને શુદ્ર એહવી ચાર વર્ણછે. અને તેઓનુ કાંમ પણ ઉપર કેહવા મૂજેબનું છે પણ છેલ્લી વર્ણ શુદ્ર એ ચાકરો અથવા હલકાં માણસોની છે.

(૨૦) ૪૧૦. ઘહમબાર, એ શબ્દ પેહલવી ગાસાન્બાર ઉપરથી પાજંદ તથા ફારસી ભાષાઓમાં આવ્યોછે. એનો અર્થ ચોકસ વખતનો મેલાવડો અથવા ગાથા ગાવાનો વખત થઇ શકેછે. એમાંથી કેટલાએકો આગલો તથા કેટલાએકો પાછલો અર્થ પસંદ રાખેછે. પણ એટલું તો ચોકસ છે કે એ હાલમાં આપણા લોકોમાં ગણાતા છ ગહંબારોનું સાધારણ નામછે. આગલા વખતમાં એ ફસલો મધેની દરએક ફસલને વખતે સઘળા જરથોસ્તીઓ સાથે મલી ખોદાની સ્તુતિ કરી, એક એકની સાથે મિત્રાચારીથી મલીને, ગહમ્બારની ચાશની કરતા હતા તથા

ગરીબ અને નાવારેસોને બક્ષેશ આપતા હતા. અને હાલ પણ એ તરીકો હિંદુસ્થાન કરતાં ઇરાંનમાં વધારે સારા આકારમાં સચવાઇ રહ્યોછે. સઘલાઓ સાથે મલી બંદગી કરી રેહવા પછી દરએકને ચાશની કરાવેછે પછી ગરીબોને ખાનું પેહેરી આપેછે. અને એહવું કેહેછે કે ઘણા અશક્ત તથા ગરીબોનુ ગુજરાન આખા વર્ષના ગહમ્બારોથીજ થઇ શકેછે. એ ગહમ્બારો, વર્ષની રૂતુઓ, તે વખતે થતાં જશનો, તે કરવાની મતલબ અને કયો ગહમ્બાર ક્યારે પડેછે અને પડવો જોઇએ એ સઘલાં વિષેનું ખુલાસાવાર બયાન જરથોસ્તી અભ્યાસનાં પેહલાં દફતરમાં સફે ૪૦૩—૪૩૬ મે આવેલુંછે ત્યાં જોવું.

(૨૧) ૪૦૭-૪૬૦. એ ઠેકાણે સુંદ્રાને ગએબ થવાનું લખ્યું છે એબી કોઈ હિંદુ કથા ઊપરથી આ કવિનાં મનમાં કોઇ વિષેનો વિચાર હોએ અને તે અત્રે લાગુ પાડયો હોએ, એહવું લાગેછે.

(૨૨) ૪૭૭. **આતસ નઈર્યો સંઘ,** અવસ્તામાં, આતશ ન્યાયશ તથા વડા શીરોજા પ્રમાણે, એ આતશ પાદશાહોનાં નાભમાં બખશવામાં આવ્યોછે. અને તે ઓરેહ (કુદરતી શક્તિ) ની મદદથી તેઓ આએ દુન્યાને આબાદ કરવાનાં કામો ઘણાં સારી પેઠે બજાવી શકેછે. અને એ ઉપરથીજ પાદશાહોને બે **આતશી=**બે **આતશ** (ગરમી) ધરાવનાર કેહેલાછે (જુવો નોટ ૧૪ મી સફે ૨૩૪ મે). આગલા દસ્તુરોનાં કેહેવા પ્રમાણે એ આતશ અથવા ઓરેહ મોબેદો, દસ્તૂરો અને પરહેજગારોનેબી બખશવામાં આવ્યુછે, જુવો મર્હૂમ દસ્તૂર એ૦ દા૦ સણજાણાવાલી ખુરદેહ અવસ્તા બા માએની સફે ૮૩ મેની નોટ (ન), સફે ૪૨૬ મે. તથા એર્વદ અસ્પંદીઆરજી ફરામજીવાલી યજશને બા માએની સફે ૩૬૭ સતર ૨૪ મી. પણ પેહલવી તરજુમો કરનારાઓના મત પ્રમાણે અવસ્તામાં "અખરેત-ખરેનંહ્" (અખુટ ઓરેહ) આવેછે તે ધર્મ ગુરૂઓને બખશવામાં આવ્યું છે. અવસ્તામાં જણાવ્યા પ્રમાણે એ એક ફરેસ્તાનુંબી નાંમછે. અને તેનું કાંમ ફરેસ્તાઓને તથા અશો લોકોને અહુરમજદ તરફનાં પએગામો પોહોચાડવાનું છે.

(૨૩) ૮૮૩. એ શ્લોકમાં સ્યાવખશે પોતાના હમેલ તથા ઘોડાની પાખરનાં ફુલો સરવને તબરરૂક કરવા વિષે લખ્યું છે, એ રીત મહમદી લોકોની છે. તેઓમાં એક એહવી રીતછે કે કોઈ પરહેજગાર માણસ કઈ મોજેજો કરી બતાવે અથવા કોઇ મોટી આફતમાંથી કોઈ અજાએબ રીતથી બચી જાએ, અથવા કોઇ એહવો દાવો કરે કે તેની

સાથે ફલાના ફલાના પીરની મોલાકાત થાય, તો સઘલાંઓ તેની ઉપર તુટી પડી તેનાં અંગપર ફુલોનો હાર અથવા જેગી વસ્ત્ર હોએ તેને ફાડી તોડી તેની પાશેથી, તેને મુબારક અથવા ભાગ્યશાલીની નિશાણ તરીકે લઈ લીએછે. એ વખતે તે બીચારાની ઉપર, તબરરૂક (પ્રસાદ) મેલવવાને એટલા બધા લોકો તુટી પડેચ કે તેઓના ધશારા તથા ખેંચાખેંચીથી તે અધમુવો થઈ જાએછે.

(૨૪) ૧૪૦૬. એ શ્લોકમાં પીરાણ તથા અફરાસ્યાબને ભાઈ લખ્યાછે. પણ અફરાસ્યાબ તથા કરસેવજ પશંગના છોકરાછે અને પીરાણ પશંગના ભાઈ વેસેનો છોકરોછે.

(૨૫) ૧૭૫૦. એ શ્લોકમાં "**તઊઅ આતરો અહુરહેમઝદાઓ પુથર**" કરી જે વાક્ય છે તે અવસ્તામાંનોછે. એનો અર્થ "તું અહુરમજદનો પુત્ર આતશ" કરી છે. અવસ્તામાં જાબજા આતશને, અહુરમજદના પુત્રને નામેં મજકૂર રીતે લખવામાં આવ્યોછે.

(૨૬) ૧૭૫૨. એ શ્લોકમાં ધાતુનાં ઘાંટનું બયાન આવ્યું છે. હિંદુસ્તાનમાં વસનારા જરથોસ્તીઓ આતશબેહરામોમાં તથા દરેમેહરોમાં ઘાંટ રાખેછે અને પાંચે વખતની બંદગી કીધા પછી આતશ ન્યાયશ કરતી વખતે ચોકશ શબ્દો બોલતાં તેને વજાડેછે, એ પારસીઓને જાણીતું છે. પણ એ ઘાંટ રાખવાનો તથા વજાડવાનો ચાલ ઈરાણનાં જરથોસ્તીઓમાં હાલ તદન નથી, કદાચ આગમજ હોએ અને પાછલથી તે કોઈ કારણોથી નીકલી ગયો હોએ તો તે ખોદા જાંણે. અવસ્તામાં અથવા કોઈ પેહેલવી કેતાબોમાં જેમ હાવનીમ, હોમ, બરસમ ઈત્યાદિ ક્રિયાનું બયાન મલેછે તેમ એ વિષે કસું લખાંન મલતું નથી. તે સાથે હલમાં એ ઘાંટ વજાડવાનો હક માત્ર તે મકાનમાં આતશની શાચવની કરનાર તથા બોએ દેનાર મોબેદનેજ છે, પણ આ કવિએ લખેલા ઉપલા શ્લોક ઉપરથી એહવું જણાએ છે કે તે ઘાંટ વજાડવાનો હક દરેમેહરમાં આવનારા સઘળાઓને હોએ, કે જે રેવાજ હાલ હિંદુઓમાં જોવામાં આવેછે, કે દેવલમાં જનારા દરએકજણ તે ઘાંટ વજાડેછે. બીજું એજ શ્લોકમાં ઘાંટ વજાડતી વખતે સાત ધાતુની આરશીમાં મોહડું જોવા કહેલુંછે તે રેવાજ તદન પારસીઓનો નથી. પણ હિંદુઓનો લાગેછે. શાંભલવા પ્રમાણે, આતશ પરથવાની ક્રિયાનાં લખાનમાં એ ઘાંટ વાપડવાનું લખેલું છે.

(૨૭) ૧૭૫૪–૧૭૫૯. એ શ્લોકમાં જમીન, પાણી અને ઉરવર (ઝાડપાન) ને નસા યાને મુરદાર ચીજોથી અથવા કોઈબી તરેહની ગ-

લીચીથી સાફ રાખવાને લખ્યું છે. તે જરથોસ્તી ધર્મનું, માણસ જાતની તંદરોસ્તી સાચવવાને ઘણુ ખુબી ભરેલું, ફરમાણ છે. એ વિષે વંદીદાદમાં તથા બીજે ઠેકાંણે ઘણું લખાન આવેલું છે. અને તેમ કરવાથી જમીન પાણી તથા ઉરવર એ ત્રણે ઊપરના મુવકલ ફરેશતાઓ અસ્પંદારમદ, ખોરદાદ અને અમેરદાદ, એઓ તેઓના સ્વાધીનની વસ્તુઓની બરદાસ્ત લેનાર તથા તેમને ગલીચીથી સાફ રાખનાર ઊપર ઘણા ખુશ રેહેછે. બીજું ૧૭૫૮ મા શ્લોકમાં ખજુરીની પરદખણા કરવા કહી છે તે રેવાજ હિંદુઓનો છે. હિંદુઓ ચોકશ શબ્દો બોલતાં ચોકશ જાહાડની આશપાશ આંટા ફરેછે તેને પ્રદક્ષણા કેહેછે. ઇરાંણમાં જ્યાં જરથોસ્તી ધર્મ પૂર્વે ફેલાયો હતો તથા જ્યાં પારસીઓનાં અસલી વડવાઓ વસ્તા હતા ત્યાં ખજુરીનું ઝાડ થતુંજ નથી. પારસીઓ હિંદુસ્તાંનમાં આવી વસ્યા પછી બરસમની ક્રિયા કરતી વખતે ચોકસ ઝાડની છાળને બદલે ખજુરીનાં પાંદડાં વાપરેછે. પણ તેની પ્રદક્ષણા કરતા નથી.

(૨૮) ૨૧૮૭. એ શ્લોકમાં મોબેદોને ગઊ-વસ્ત્ર તથા પુનદાન આપવા વિષે લખ્યું છે. એ ગઉ આપવાની ચાલ ઘણી જુનીછે. આગલા વખતમાં, વંદીદાદમાં લખવા પ્રમાણે, હકીમને સારૂં કરવાના બદલામાં તથા અથોરનાંનને, નસાને અડકેલાને બરસનુમ નહવાડવાના તથા બીજી કોઇબી ક્રિયા કરવાના બદલામાં ઊંઠ, ઘોડો, ગાએ વગેરે આપવામાં આવતાં હતાં. કેમકે એ વખતે કોઇબી સીક્કાનો ચલન નહી હતો. પૂનદાન, જેકોઈ અશક્ત તથા મદદ આપવાને યોગ્ય હોય તેને જે મદદ કરવી તે, અને હાલ આપરા લોકો એને અશોદાદ કરી કેહછે. જેબી કોઈ કુદરતી સંજોગથી હાત પગ વગરનું, અથવા આંખે માજુર અથવા બીજી કોઇબી શરીરને લગતી દુર્બલતાથી કામ કરવાને અશક્ત હોએ, તેને જેકઈ આપવામાં આવે, અથવા કોઇબી દીન તથા દુન્યાને લગતો એલમ હાંસેલ કરવામાં મશગૂલ હોય, અથવા તેની ખાએશ રાખતો હોય, અને તે ગરીબ હોયતો તેને મદદ કરવી, અથવા કોઈ ધર્મ ગુરૂ, જે તેની પદ્ગીને લાયક હોય, અને સારી આબરૂ વાલો હોવાછતાં પોતાનું ગુજરાન ચલાવી નહી શકતો હોય તેને, જે મદદને માંટે આપવું, તે ખરી અશોદાદ છે.

(૨૯) ૨૨૦૭. એ શ્લોકમાં કએખુસરોને રિસ્તાખેજ વેર અમર્ગ કહેલોછે. એનાં ખુલાસા વિષે જુવો નોટ ૫૧ મી.

(૩૦) ૨૨૩૨. એ શ્લોક ઉપરથી જણાએચ કે એ કવિને જોશીપણાનું ગ્નાન હતું.

(૩૧) ૨૨૬૭. એ શ્લોકમાં પીરાંણે ફરંગેજને કાઠી મરાવા વિષે લખ્યુંછે તે ગલતછે. શાહનામા પ્રમાણે અફરાસ્યાબે ફરંગેજનાં પેટ ઉપર કાઠીનો માર મારી તેનો ગભપાત કરવાનું કામ તેણે તેના રોજબાનોને સોંફયું હતું, એટલામાં પીરાંણે આવી ફરંગેજને છોડવી કએખુસરોનો જન્મ થયો ત્યાં સુધી, પોતાનાં મકાંનમાં રાખી હતી.

(૩૨) ૨૫૪૯. એ શ્લોકમાં જે ઈશાંનહદની નદી કહીછે તે શાહનામામાં જણાવ્યા પ્રમાણે જીહૂન (ઑક્ષસ), નદીછે. બુરહાનેકાતે નાંમની ફારસી શબ્દકોષ પ્રમાણે એ જીહુન બલખની નજદીક ખોરાસાન અને માવર-ઉલ્-નહર્ની વચે છે.

(૩૩) ૨૫૬૬. 'કૂસ્તી બાંધી તરણ વેહેદજ કરી' એની મતલબ એછે કે હુમત, હૂખ્ત અને હ્વર્સ્ત એ ત્રણ મુખ્ય નીતિનાં ફરમાનો પ્રમાણે ચાલવાનું વમાસીને કૂસ્તીનાં ત્રણ આંટા બાંધ્યા.

(૩૪) ૨૭૬૧–૨૭૬૨. પંચ અહુનવર અને થરે અશેમ ભણીને પૃથ્વીપાલનું સ્મરણ કીધું. એની મતલબ સરોષની આરાધના કીધી સહમજવી. સરોષની આરાધના અથવા અફરંગાન કરતી વખતે તેની ખશનુમન ૫) અહુનવર અને ત્રણ અષેમથી ભણવામાં આવેછે. અને બીજા ઘણાખરા ફરેશતાઓનાં આફરંગાનમાં તેઓની ખશનુમન ભણતી વખતે ૭ અહુનવર અને ત્રણ અષેમ ભણવામાં આવેછે—એટલા વાસ્તે બેહેરામ યજદની આરાધના કરવામાં ૭ અહુનવર લખ્યાછે.

(૩૫) ૨૮૮૪. એ ઠેકાંણે એ કવિએ કએખુસરો તથા અફરાસ્યાબ વચેની, શરૂથી તે સેવટ સુધીની લડાઇને જંગેપશાન નામ આપ્યું છે અને એના વિચાર પ્રમાણે એ લડાઇ ૬૧ વર્ષ સુધી ચાલી હતી. પણ શાહાનામામાં લખવા પ્રમાણે પીરાંને ઇરાણી લશકર ઊપર એક રાતે શબેખુન કીધું હતું તેને જંગેપશન કેહછે (જુવો નોટ સફો ૨૦૦). શાહનામાંનાં લખાંનની ધોરણ ઉપરથી એહવું માલૂમ પડેચ કે એ લડાઈ ૪૦ વર્ષ લગી જારી રહી હતી. તે એમકે કએખુસરોએ બહમનદેઝ તોડવા પછી તેને કએકાવુસે પોતાની હયાતી છતાં પોતાનો જાનશીન કર્યો હતો. એ પછી લાંબી મુદત સુધી એ લડાઇ ચાલી અને તેમાં અફરાસ્યાબ કએખુશરોને હાતે માર્યો ગયો. તે પછી કએકાવુસ પોતાની છેલ્લી ઘડીએ પાક યજદાંનનો ઉપકાર માનતાં કેહેચ કે તેણે તે સાહેબની મદદ અને મેહરબાનીથી ૧૫૦ વર્ષ થયાં અને અફરાસ્યાબ ઊપર કીનો લેવાની તેની ઉમેદ હતી તે કએખુસરોને હાથે બરઆવી. પછી કએખુસરો ત-

ખ્તનશીન થયો અને ૬૦ વર્ષ પાદશાહી કરીને ગોશેનશીન થયો. હવે કેટલીએક કેતાબોમાં લખવા પ્રમાણે કએખુસરોએ ૧૦૦ વર્ષ રાજ્ય કર્યું હતું. તે વાતને શાહનામાં સાથે મેળવેચ તો ૪૦ વર્ષ કાઉસની હયાતીમાં કે જે અરસામાં અફરાસ્યાબ સાથે લડાઈ જારી હતી અને ૬૦ વર્ષ કાઉસની હયાતી પછીનાં હોય.

(૩૬) ૩૦૩૧. અસ્પરમ પૂલ,એ ભુલ થઈછે, એને **અસ્પરમ ફુલ** સેહમજવું. એ એક જાતનું ફુલછે. એને "અસ્પરમ," "શાહઅસ્પરમ," "અસ્પર્ગમ" અને "મૂર્દે અસ્પરમ" કરી કેહછે. બુર્હાનેકાતે નામની ફારસી શબ્દકોષમાં લખેચ કે એ ફુલની ઉત્પત્તિ શાહ નોશેરવાન આદેલના જમાનામાં થઈછે. એહવું કેહેછે કે એક દિવસે શાહ નોશેરવાન પોતાની દરબારમાં બેશી ઇનસાફ કરતો હતો. તેહવામાં એક મોટો સાંપ તેનાં તખ્તની નીચેથી નીકલી આવ્યો. તેને જોવાથી માણસો બીહીને તેને મારવા ગયા. પણ શાહે તેમ કરવાથી તેમને મને કીધા. એ પછી સાંપ ચાલી ગયો. તેની પુઠે શાહનાં ૪ માણસોને મોકલવામાં આવ્યાં, સાંપ એક કુવામાં જઇને પાછો બાહેર આવી ઊભો. માંણસોએ કુવામાં નજર કીધી તો તેઓએ જોયું કે એક સાંપની પીઠ ઉપર વીછું વલગેલોછે. તેને સાંપ સુધાં બાહેર કાહાડી શાહની હજૂર લાવ્યા.તે પછી એક વર્ષની મુદત ગુજરચા બાદ તેજ દિવસે તેજ સાંપ પાછો આવ્યો અને પોતાના મોહડામાંથી થોરાંએક બીજ નાખીને ચાલી ગયો. તે બીજને શાહે રોપાવ્યાં અને તેથી એ શાહઅસ્પરમ થયું. એ ફુલ વર્ષની સઘલી મોસમમાં ઉગેછે અને ઘણુજ સુગંધી તથા ખુશનુમાછે. આ ઠેકાણે એ કવિએ ચિન્વદ પૂલને એ અસ્પરમ ફુલની ઉપમા આપીછે કારણ કે તે દેખાવમાં ઘણુંજ સુંદર છે.

(૩૭) ૩૦૧૨–૩૦૩૫. એ શ્લોકોમાં જણાવ્યા પ્રમાણે સ્યાવક્ષ તથા કએખુસરોને ચોકસ કામોનેમાટે પેદા કરવામાં આવ્યા હતા. એ વાત મીનોખેરદ ઉપરથી લખેલી લાગેછે. મજકૂર કેતાબમાં ગયોમર્દથી તે કએ ગુસ્તાસ્પ સુધીના સઘલા પાદશાહોના જન્મથી થએલા ફાયદાઓનું બયાન કરતાં લખેચ કે "કએકાવુસથી એ ફાયદો થયો હતો કે તેનાથી કએ સ્યાવક્ષ જેવો પુત્ર જન્મ્યો અને એ વગેરે બીજાં ઘણાં ખુબીનાં કામો તેનાથી થયાં. કએ સ્યાવક્ષના જન્મથી એ ફાયદો થયો હતો કે કએ ખુસરો જેવો પુત્ર તેનાથી પએદા થયો અને કંઘદેજ જેવું શેહેર તેણે આબાદ કીધું. કએ ખુસરોનાં જન્મથી એ ફાયદો થયો હતો કે તુરાંની અફરાસ્યાબને તેણે માર્યો, ચએચસ્ત વર પાશે આવેલા ઉજદેજારને તેણે

તોસ્યું (જુવો નોટ બીજી, સર્ફ ૧૮૫ મે), કુંધદેજને આરાસ્તે કીધો અને રિસ્તાખેજને વખતે સોસ્યોસને તેનાં કામમા મદદ કરશે.

(૩૮) ૩૦૭૫. એ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે કએખુસરોની સાથે કેટલાએક શખસો ગોફામાં ગયલાછે. પણ શાહનામા પ્રમાણે, જાલ, રૂસ્તમ, ગોદર્જ, ગેવ, બેજન, ગસ્તહમ, ફરેબુર્જ, અને તૂસ એ શાહની સાથે ગયા હતા. એઓમાંથી પેહલા ત્રણ કએખુસરોના મને કરવાથી પાછા ફર્યા તેથી સલામત રહ્યા અને બાકીના જેઓ પાછા નહી ફર્યા તેઓ કએખુસરોના ગુમ થવા પછી એક સખત બર્ફ પડયો તેમાં મરણ પામ્યા.

ઇરાણમાં, તેહેરાનની હદમાં દશ્તે શાહે જન્દે નામનું, એક જંગલ છે જેને ત્યાંનાં રેહવાસી મહમદીઓ કએખુસરોને ગુમ થવાનું જંગલ સહમજે છે. અને ત્યાં, મારા શાંભલવા પ્રમાણે, એક ઇરાણી જરથોસ્તી નામેં મુલાં કએખુસરો કાવુસ ગયો હતો. તેણે ત્યાંની તવારીખ લખીછે. તેમાં તે લખેચ કે ત્યાં કેટલાએક ખાલી કુવા તેણે જોયા અને તેમાં કંઇક તખ્તીઓ લખેલી હતી જે તે વાંચી શકયો નહી. તેણે ત્યાંના લોકોથી એહવી કથા શાંભલી કે હિયાં એક શાહ તથા તેના કેટલાએક પેહલવાનો ગુમ થયાછે. વર્ષમાં એક ચોકસ દીવસે એ બિયાબાન મધેથી ગાયન તથા વજંત્રોના અને જમજમેના આવાજો આવેછે! ત્યાંના લોકો અગતને વખતે ઘણી તરેહના કસમ યાદ કરેછે. તેઓ હરવખત ખોદાના કસમ ખાયછે, પણ શાહેજન્દેનાં કસમ તેઓ કદીબી યાદ કરતા નથી. કારણકે તેમ કરવામાં તેઓ મોટો ગુનાહ સહમજેછે તથા બીહેછે!

(૩૯) ૩૦૮૧. એ શ્લોકમાં બીલોહોર બેદાં છે તે કંઈ સહમજાતું નથી.

(૪૦) ૩૧૩૩. જરથોસ્ત અસ્પંતમાન, હજરત જરથોસ્તના બાપનું નાંમ પોરૂષસ્પ છે. અને સ્પિતામાન અથવા અસ્પંતમાન એ જરથોસ્તનાં નવમી પેહેદીના વડેલનું નામછે. એ શખસ ઘણો પ્રખ્યાત તથા પરહેજગાર હોશે તેથી જરથોસ્તને અવસ્તા, પેહલવી, પાજંદ, અને ફારસી, જરથોસ્તી ધર્મને લગતી કેતાબોમાં મજકૂર સ્પિતામાનનાં ખાન્દાનનો કેહેલોછે. એ ખાન્દાન હુચતઅસ્પના ખાન્દાનથીબી ઓરખાએછે (જુવો શેઠ બું૦ ૨૦ કામાજી વાલું જરથોસ્તનામું સર્ફ ૨૯—૩૦). એનાં ખાન્દાનના વડવાઓનાં નામોમાં જુદી જુદી કેતાબોમાં ફેરફારછે. દસ્તુર પે૦ બે૦ સણજાણાએ જરથોસ્ત નામા મધે દીનકર્દ કેતાબ મધેથી એ નામો આપ્યાં છે તે નીચે મૂજેબ છે. "જરથુસ્ત, પોરૂશ

સ્પ, પેતેરેતસ્પ, ઓરોગદસ્પ, હુએચદસ્પ, ચખશનોશ, પએતેરપ, અરેજદરસને, હરદાર, સપેતામ, વએદેશત, નીઆજેમ, એરેચ, દારાસરૂખ, માનોશચેહેર (ઇરાનનો પાદશાહ), માનોશઓરવર, માનોશઓરવાહ, નેરીઓસંગ, વરજીદેદીન, વીજક, અએરીઆક, ઇથરીતક, ઇખીતક, ફરજીશક, જીસક, ફરસીજક, ઇજક, અએરચ, ફરેદુન (બુનેરસનો સાહેબ). બુન્દહેશને પ્રમાણે—પોરૂષસ્પ, પેતરસ્પ, ઉર્વદસ્પ, હએચદસ્પ, ચશનુશ, પઇતરસ્પ, હરશને (હરદરશન), હરદાર, સ્પેતામાન, વીદસ્ત, અયજેમ, રજની (રજશન) દોરાસરૂબ અને માનોશચેહેર. આફરંગાનના દીબાચા મધેનાં નામો ઉપર પ્રમાણેજ છે તે બુન્દહેશનેમાંથી લીધેલાં હોય એહવું લાગેછે. નાસેખ-ઉત્-તવારીખમાં હજરત જરથોસ્તની તવારીખ તથા તેના મોજેજાઓનું બયાન કરેલું છે. તેમાં એનું નસબનામું નીચે મૂજબ છે. જરથોસ્ત બિન પોરોશસ્પ બિન પેતેરસ્પ બિન અરતકદસ્પ બિન હજનદસ્પ બિન બજીસ બિન બાઇરદ અબ્બારખદશ બિન હજવાન બિન ઇસ્તેઆમ બિન વાન્દસ્પ બિન હાબુમ બિન અર્જ બિન દોશર બિન મનોચેહર બિન એરચ બિન ફરેદુન.

——00——

એ નામોમાં આવેલા પાદશાહ તથા પેહલવાનો વિષે ટુક ખુલાસો.*

(૪૧) જમશેદ, એને અવસ્તામાં યિમક્ષએત લખેલાછે. એની તવારીખ વંદીદાદની બીજી ફર્ગરદમાં આવેલીછે (જુઓ નોટ, સફે ૬૭ મેં). ત્યાં એ જમશેદની તવારીખને હિંદુઓનાં મહાભારતનાં મત્સ્યોપાખ્યાન ભાગમાં આવેલી, વિવસ્વતના પુત્ર મનુની કથા સાથે મળતી કહીછે, તેનો ટુક સાર નીચે મૂજબછે.† માર્કંડેય નામેં મુનિ કોન્તેયની

* અત્રે એ નામોનો ખુલાસો આપવાની મતલબ એછે કે એઓ મનેના કેટલાએકોનું થોડું ઘણું બયાન અવસ્તા તથા કેટલીએક આગલી જરથોસ્તી ધર્મને લગતી કેતાબોમાંથી મલેછે, તે જાણવામાં આવે, તથા કેટલાએકોની વંશાવલી વિષે જુદી જુદી તવારીખોમાં જુદાં જુદાં મતો છે, તે ઉપર, તવારીખના અભ્યાસીઓને તથા અવસ્તા અને પેહલવી ભાષાના વિદ્યાર્થીઓને, વિચાર કરવાને બની આવે.

† એ મત્સ્યોપાખ્યાનની બાબદને વંદીદાદની બીજી ફર્ગરદ સાથે,

આગળ કથા કેહેછેકે વિવસ્વતનો પ્રતાપવાન પુત્ર મનુ હતો. તે બળ, તેજ, લક્ષ્મી અને તપશ્ચાર્યામાં પોતાના પિતા અને મુહાપિતા કરતાં ચહડતો હતો. તે પ્રજાપતિએ બદરીમાં રહી દસ હજાર વર્ષો લગી એક ઘણુંજ કઠણ તપ કર્યું હતું. એક દિવસે વીરિણી નદીના કીનારા ઊપર એક મત્સ્યે આવીને તે તપકર્તાને કહ્યું કે "હે ભગવાન્, હું એક નાહાની માછલી છું અને મોટી માછલીઓથી મને ભયછે. માટે તું મારૂં રક્ષણ કર." આ માછલીનું વચન શાંભળીને મનુએં તેને ત્યાંથી લઈ જઇને એક માટલામાં મુકી. ઘણો કાલ જવા પછી તે માછલી ઘણી મોટી થાઈ અને માટલામાં સમાઈ નહી. બીજીવાર તે માછલીએ મનુને જણાવવાથી તેણે તેને એક મોટી વાવમાં મુકી. ઘણે વખતે તેમાં પણ તેનો સમાવ ન થવાથી તેણે મનુને સમુદ્રની રાણી ગંગા નદીમાં લઇ જવાને ઇચ્છા બતાવી. મનુએ તેમ કર્યું. કેટલોએક કાલ જવા પછી ગંગામાંબી તેનો સમાવ નહી થયો ત્યારે તેણે પોતાને સમુદ્રમાં લઈ જવાને તેને જણાવ્યું. તેના કેહવા પ્રમાણે મનુએ તેને સમુદ્રમાં લઇ જાઇને મુકી. જયારે મનુએ તેને સમુદ્રમાં મુકી ત્યારે તેણે તેને કહ્યું કે "થોરા કાલમાં આ પૃથ્વી ઉપરની સઘલી સ્થાવર જંગમ વસ્તુઓનો પ્રલય થસે. માટે હું તુંને બોધ આપુંછું તે શાંભળ. તું એક મોટું અને મજબુત વહાણ બનાવ અને સપ્તર્ષિયોની સાથે તું તેમાં જા અને પૂર્વે બ્રાહ્મણોએ કહેલાં સઘલી જાતનાં સારાં બીજો તારી સાથે લઇ જા. પછી તું તે નાવમાં બેશી મારે માટે થોભજે કે હું શિંગડાં વાલો થઇને આવસ. કારણ કે મારાવગર તે નાવ ચાલી શકવાનું નથી." મનુએ તે મત્સ્યની આજ્ઞા પ્રમાણે કરવાને કબુલાત આપી અને તેઓ છુટાં પડયાં. મનુ તેના બોધ પ્રમાણે નાવ તયાર કરી, તેણે કહેલી સઘલી વસ્તુઓ સાથે લઇને, તેમાં બેઠો. પછી પેલા મત્સ્યનો વિચાર કરતાંજ તે આવી લાગો અને તેનાં શિંગડા સાથે તે નાવનું દોરડું બાંધ્યું. તે મત્સ્યે તે વહાણને તોફાની દર્યામાંથી ખેંચી લઈ જઇને હિમાલય પાહડનાં એક શિખર સાથે બંધાવ્યું. પછી તે પોતે બ્રહ્મા છે અને આ ભયની તેને ચેતવની આપી તેમાંથી તેનું રક્ષણ કરવાને તેણે મત્સ્યનું રૂપ ધારણ કર્યું છે, એહવું કહી તથા બીજી કેટલીએક શિખામણ કરી તે એકદમ ગુમ થઇ ગયો.

પેહલાં એર્વદ શે૦ દા૦ ભરૂચાએ, જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલીમાં સરખાવી હતી.

ઊપર મૂજેબનું બયાન વિવસ્વતના મનુ વિષે આવ્યું છે. તે મુસાની કેતાબમાં આવેલા નુહ (જુવો જેનેસીસ બાબ ૬–૮) અને વંદીદાદની બીજી પર્ગરદમાં આવેલા જમશેદની કથા સાથે ઘણે દરજ્જે મલતું છે. ફેર એટલોજ કે પેહલાં બે પુસ્તકોમાં જણાવ્યા પ્રમાણે એ પ્રલય થઇ ગયો અને વંદીદાદમાં જમશેદને વર (કેટલાએકોનાં મત પ્રમાણે વહાન અને કેટલાએકોને મતે તથા પાછલી રવાયતો પ્રમાણે ગોફ઼ો) બાંધવાને જણાવવામાં આવ્યું, તે બાંધી લોકોને તથા સઘલી જાતનાં બીજોને તેમાં તે લઇ ગયો. પછી શું થયું તેનું બયાન આવ્યું નથી. પણ પાછલા વખતની રવાયતોમાં લખવા પ્રમાણે તે વર તથા તેમાનાં લોકો હજુ સુધી કાયમછે અને તે તોફ઼ાનબી હવે પછી થવાનું છે. ઉપલી એને મલતી બે બાબદો ઊપરથી તો લાગેચ કે એ બનાવ બની ગયો.

અવસ્તામાં તથા પેહલવી કેતાબોમાં જમશેદને "વીવઙ્હ્વત્" નો છોકરો કહેલોછે તે સહીછે. શાહનામામાં તથા નાસેખ્-ઉત્-તવારીખમાં અને દસાતીરમાં એને તેહમુરસ દેવ-બંદનો પુત્ર લખ્યોછે. કેટલાએકોના મતે એ તેહમુરસનો ભત્રીજોછે. બુન્દહેશને પ્રમાણે "વીવઙ્હ્વત્"નાં તેહમુરસ, જમશેદ, સ્પિત્યુર અને નારસ એહવે નામના ૪ છોકરા હતા. જમ્યાદ યષ્ટ તથા બુન્દહેશ્નેમાં લખવા પ્રમાણે જમશેદને સ્પિત્યુરે, જુહાક સાથે મલી જઇને, માર્યો હતો. દાદસ્તાને દીનીમાં લખવા પ્રમાણે તે નરસ્પે (મજકૂર નારસ ?) ને હાથે નાશ પામ્યો હતો. મજકૂર કેતાબમાં જણાવ્યા પ્રમાણેબી એણે ખોદાઇ દાવો કર્યો હતો તેથી એનું ખોરેહ જતું રહ્યું હતું, અને તેણે, એવી માઠી અવસ્થામાં આવ્યા પછી, પોતાની પછીનાઓને, તે સાહેબની તાબેદારી હમેશા યાદ રાખવાને માટે કુસ્તીનો કમરબંધ બાંધવાને, ફ઼રમાવ્યું હતું. આવાં, ગોશ, રામ અને અશીશ્વંઘ એ યષ્ટોમાં જણાવ્યા પ્રમાણે, એણે હુકર પાહડ ઉપર ઉભો રહીને, દેવોનો નાશ કરવાની અને દુન્યામાંથી સઘલાં દુઃખો ટાલી માણસ જાતની જીંદગી લાંબી રાખવાની મુરાદથી બંદગી કરી હતી. હિંદુઓના રિગ્વેદમાંબી એનું બયાંન આવેલું છે. ત્યાં એને વૈવસ્વત એટલે વિવસ્વત (વીવઙ્હ્વત્)નો પુત્ર કહેલોછે. નાસેખ્-ઉત્-તવારીખમાં દરએક પાદશાહની તવારીખની શરૂઆતમાં તેની સલતનતનો સને આપેલોછે. તેમાં જંમશેદને, બાવા આદમ પછી ૨૪૧૯ માં તખ્તનશીન થયલો લખેછે.

(૪૨) ફ઼ેરેદુન, (જુવો નોટ સફ઼ે ૧૮ મે તથા ૧૪૮ મે); એને અવસ્તામાં થ્રએતઓન તથા વેદમાં ત્રૈતન લખેલોછે. આવાં, ગોશ

રામ અને અશીશંગ યશ્ટો પ્રમાણે એણે બંદગી કરીને જુલમી અને દુન્યાનો નાશ કરવાની મુરાદ ચાહનાર જુહાકને* મારવાને ચાહ્યું હતુ અને તેમાં તે ફતેહ પામ્યો હતો. એણે જુહાકને જાનથી માર્યો હતો તેની સાબેતી યજશનેના ૯ મા હા, વંદીદાદની ૧ લી પર્ગરદ, બેહરાંમ તથા જમ્યાદ યશ્ટો, ઊપરથી મલેછે. રિગ્‌વેદમાં મજકૂર ત્રૈતન (ફરેદુન) નું બયાન આવ્યું છે. તેમાં લખવા પ્રમાણેબી તેણે એક જબરદસ્ત રાક્ષસનો નાશ કર્યો હતો. એ ઉપરથી સાબેત થાયચ કે જુહાક ફરેદુનને હાથ માર્યો ગયો. પણ પાંછલા વખતની પેહલવી કેતાબોમાં તથા શાહનામામાં અને બીજી તવારીખોમાં લખવા પ્રમાણે જુહાક હજુ જીવતોછે. અને તેને માઝંદરાનમાં આવેલા દમાવંદ પાહડ ઉપર ફરેદુને બાંધી મુક્યો છે, તેને, રીસ્તાખેજને વખતે, કેટલીએક રવાયતોમાં લખવા પ્રમાણે,સામ,દાદસ્તાનેદીની પ્રમાણે સામનો કેરેશાસ્પ ઊઠીને મારસે. પણ નાસેખ્‌-ઉત્‌-તવારીખ પ્રમાણે, જ્યાં સુધી તે મરી ગયો ત્યાં સુધી તેને મજકૂર પાહડ ઉપર ઘણા સખત બંદીખાનામાં, ફરેદુને કએદ રાખ્યો હતો.

અવસ્તા પ્રમાણે એ "આથ્વ્ય" નો છોકરો હતો. તેને વેદમાં આપ્ત્ય લખેલોછે. નાસેખ્‌-ઊત્‌-તવારીખમાં એને ફરેદુન બિન અથયાન બિન

---

* એ જુહાકને અવસ્તામાં અજીદહાક (દંખ દેનાર સર્પ) કરી લખેલોછે. એ, આવાં યશ્ટ પ્રમાણે, બવ્રિ (બાબુલ) નો રેહવાશી હતો. અને મજકૂર યશ્ટ તથા રામ યશ્ટ પ્રમાણે એણે આખે સઘલી દુન્યામાંથી માણસોનો નાશ કરવાને ચાહ્યું હતું. અને તે કામને માટે એહેરેમને તેને ઉસ્કેર્યો હતો. પણ તે પોતાની મુરાદમાં નીશ્ફળ થયો હતો. શાહનામામાં લખેચ કે એનાં બંધે ખભાં ઊપર, શેટાને ચુમી લેવાથી, બે સર્પો ઊત્પન્ન થયા હતા અને તેઓના ખોરાકને માટે દર રોજ બે માણસોનો નાશ કરી તેમનાં ભેજાં વાપરવામાં આવતાં હતાં. અવસ્તામાં લખેચ કે દુન્યાનો નાશ કરવા બુરા એહેરેમને એને ફરેબ દીધો હતો. અને એને ત્રણ મોહડાં, ત્રણ માથાં અને છ આંખો હતી. એ અલંકારિક લખાનની મતલબ એ છે કે એ ઘણોજ જુઠો, અથવા બોલીને ફરીજનારો, વિચાર શક્તિમાં અને જોવામાં ત્રણ માણસોનાં જેટલું બલ ધરાવનારો હતો. એ ઘણોજ જોરાવર હતો. શાહનામામાં એને મર્દાસ તાજીનો પુત્ર લખ્યોછે. પણ નાસેખ-ઉત-તવારીખમાં એને અલવાનનો છોકરો લખેલો છે. દાદસ્તાનેદીનીમાં એના બાપનું નામ ઊર્વેદસ્પ અને માએનું નામ વદગન કરી લખેલું છે. છેલ્લી કેતાબ પ્રમાણે એણે પોતાની માએ વદગનની સાથે, પોતાના બાપની હયાતીમાં બુરી રીતે સમાગમ કર્યો હતો. અને દુન્યામાં પેહલો છીનાલાનું કાંમ કરનાર એ હતો.

જમશેદ લખેલોછે. એના બે ભાઇઓ હતા જેઓનાં નામ મજકૂર તવારીખ પ્રમાણે કયાનુશ તથા શાદકામ કરી હતાં. એના ત્રણ છોકરા હતા. તેઓ મધેથી મજકૂર તવારીખ પ્રમાણે, એરચ એક શાહુમર્દ નામના શખ્સની બેટી ઇશ્નદોખ્તથી અને સેલમ તથા તૂઝ (તૂર) જુહાકની બેટીથી જનમ્યા હતા. પણ શાહનામા પ્રમાણે એરચ અર્નવાજથી અને સેલમ તથા તૂર શેહ્રનાજથી જનમ્યા હતા. મજકૂર બંધે બાનુઓને જમશેદની બેહેનો લખેલીછે. આવાંયઝ પ્રમાણે સવઙ્હવાચ (શેહર્નાજ) અને અરેનવાચ*(અર્નવાજ) જેઓ દુન્યામાં ઘણી ખુબસુરત હતીઓ તેઓનો, જુહાકનાં બંદીખાનામાંથી, ફરેદુને છુટકારો કર્યોહતો. પણ તેઓ કોણ હતીઓ તે વિષે મજકૂર યશ્ટમાં કસુ જણાવેલું નથી. પણ જ્યારે જમશેદ,વંદીદાદની ખીજીપર્ગરદ પ્રમાણે ૯૦૦ વર્ષ સુધી, તથા શાહનામા પ્રમાણે ૮૦૦ વર્ષ સુધી, જીવ્યો હતો ત્યારે તેની બેહેનોબી ઘણી ઉમરે પુગેલી હોવી જોયે. વલી જમશેદ પછી ૧૦૦૦ વર્ષવેર તેઓ જુહાકના હાથમાં હતાઓ. પછી ફરેદુને, જુહાકને મારી તેનું તખ્ત તથા મજકૂર બંધે બાનુઓને પોતાના સ્વાધીનમાં લીધી અને તેઓ સાથે પરણ્યો. ત્યારે એ બંધે સુંદર અબલાઓની જીંદગી કેટલી લાંબી હતી! અને વલી એટલી મોઠી ઉમરે તેઓથી ફરેદુનના છોકરાઓ જન્મ પામ્યા! એ માનવું ઘણું મુશ્કેલ છે.

ફરવરદીન યશ્ટનાં ૨૯ માં કરદામાં જણાવ્યા પ્રમાણે ફરેદુને કેટલાંએક દરદોના દરમાનો સોધી કાહડયા હતા. જમ્યાદ યશ્ટ પ્રમાણે એ સઘલા ફતેહમંદોમાં ઘણોજ ફતેહમંદ હતો પણ હજરત જરથોસ્તથી ઉતરતો હતો. અવસ્તા પ્રમાણે એ વરેન (ગેલાન) નો રેહવાશી હતો. પાછલી રવાયતો તથા દસાતીર પ્રમાણે એ પએગામ્બર હતો. નાસેખ્-ઉત્-તવારીખ પ્રમાણે એ બાવા આદમ પછી ૩૯૧૯ માં તખ્તનશીન થયો હતો.

(૪૩) તુર, સેલમ, અને એરચ, અવસ્તામાં એઓને તુર, સેઇરિમ, અને અઇર્યુ લખેલાછે. ફરેદુનના છોકરાઓ (જુવો ઊપલી તથા સફે ૧૪૮ મેની, નોટ).

(૪૪) મીનોચેહર, અવસ્તામાં એને મનુશ્ચિથ્ર લખેલોછે. ફર્વરદીન યશ્ટમાં એને અર્યુ (એરચ) નો છોકરો કહેલોછે. એ શાહનામા પ્રમાણે ફરેદુનના ભાઈ કયાનુશના બેટા પશંગનો, એરચની છોકરીથી જ-

---

* એ બંધે બાનુઓનાં નામો અવસ્તામાંથી પેહલવેહલાં એરવદ શે૦ દા૦ ભરૂચાએ જાહેર કીધાં હતાં.

જનમેલો, છોકરો હતો. નાસેખ્-ઉત્-તવારીખમાં એને એરચનો પોતાનો છોકરો ગણેલો છે. શાહનામા પ્રમાણે નોજર તથા જરરપ એ બે એના છોકરા હતા. શારેસ્તાન તથા બીજી કેતાબોમાં તેહમાસ્પને એનો છોકરો કહેલોછે. એ શાહ ઘણો આકેલ હતો. દાદસ્તાનેદીનીમાં એને ગેતી અને મીનોની અકલ ધરાવનાર લખેલોછે. ઉપલી તવારીખ પ્રમાણે એ બાવા આદમ પછી ૪૪૧૯ માં તખ્તપર બેઠો હતો.

(૪૫) નોજર, અવસ્તામાં એને નઓતર લખેલોછે. મીનોચેહરનો પુત્ર. એના તૂસ અને ગસ્તહમ નાંમે બે છોકરા હતા. એને વાસતે કેટલાએકો લખી ગયાચ કે એ ઘણો જુલમી તથા નાદાન હતો તેથી, અને કેટલાએકોને મતે એ ઘણો પરહેજગાર તથા ખોદાની એબાદતમાં મશગુલ રેહતો હતો તેથી, એનાં રાજનો જલદી અંત આવ્યો હતો. એ અફ્રાસ્યાબને હાથ માર્યો ગયો હતો. આવાં યષ્ટ પ્રમાણે કએગુસ્તાસ્પ એના વંશનો હતો. ઉપલીજ તવારીખ પ્રમાણે એ બાવા આદમ પછી ૪૫૩૯ માં તખ્તનશીન થયો હતો

(૪૬) ગસ્તહુમ અને તુસ, એઓને અવસ્તામાં "વિસ્તઊરૂશ્" અને "તૂસ" કરી લખેલાછે. આવાં યષ્ટમાં જણાવ્યા પ્રમાણે પેહલો ઘણોજ બલવાંન હતો. અને તેણે ઘણા દેવોને માર્યા હતા. તે પોતે બોલચ કે જેટલા તેના માંથા ઊપર કેશ છે તેટલા દેવયસ્નાનોને તેણે માર્યા હતા. અને એણે વિતઙ્હઇતિ નામનાં સુકાઈ ગયલાં, બોહલાં જંગલમાં પાણીની નેહેર બાંધી હતી. એહવું એનું બયાન માત્ર આંવાં યષ્ટમાંથીજ મલેછે. શાહનામામાંથી મજકૂર બયાન મલતું નથી. તૂસને, અવસ્તામાં, જેમ ગુસ્તહમને નોદરનો અથવા નોદરનાં ખાન્દાનનો લખેલો છે તેમ, નોદરનો તુસ કરીને લખ્યો નથી. પણ પાછલા વખતની પેહલવી કેતાબો તથા શાહનામું અને બીજી તવારીખોમાં લખવા પ્રમાણે એ બી નોજરનો છોકરો હતો. આવાં યષ્ટમાં એને તખ્મો તુસો રથએસ્તારો (જોરાવર રથમાં બેસી લડનાર અથવા પેહલવાન તુસ) કરી લખેલોછે. કદાચ એ મજકૂર જોરાવર તુસ પેહલવાન અને શાહનામા વાળો નોજરનો તુસ એ બે જુદા શખ્સો બી હોય. આવાં યષ્ટ પ્રમાણે એ તુસે કંગદેજમાં ક્ષઓસોક નામના કીલ્લા અથવા અએવાનનાં દરવાજા પાસે વેસેના છોકરાઓની સરદારી તલેનાં લશકરની સાથે મોટી જંગ કરી હતી. શાહનામામાં આવેલા એના અહવાલ પ્રમાણે એ ઘણો નાદાન તથા જાહેલ હતો. શારેસ્તાને ચેહાર ચમનમાં એને, જુહાક, તૂર, અફ્રાસ્યાબ

અને અરજાસ્પની ખસલતોને મલતો લખેલો છે. ગુસ્તહમનાં ફરોહર-ને ફર્વર્દીન યશ્ટમાં આરાધેલું છે. પણ તૂસનાં ફરોહરને આરાધેલું નથી, તે કદાચ એની નાદાની તથા, શારેસ્તાન પ્રમાણે, એની ખરાબ ખસલ-તોને લીધે હોય. પણ વલી દાદસ્તાનેદીની અને બુન્દહેસ્નેમાં લખવા પ્રમાણે નોદરનો તૂસ કયામતને વખતે, રીસ્તાખેજનું કામ કરનારાઓનો, મદદ-ગાર થનારછે.

(૪૭) હજૂ, જૂ, જાબ, એને અવસ્તામાં ઉજવ લખેલો છે. ફર્વર્દીન યશ્ટ જેમાં એનાં ફરોહરને આરાધેલું છે તેમાં, બુન્દહેસ્ને, શાહનામું અને શારેસ્તાન એ કેતાબોમાં એને તેહેમાસ્પનો છોકરો લખ્યોછે. નાસેખ્-ઉત્-તવારીખમાં એને કેરેશાસ્પનો ભાઈ તથા વીસ્તાસ્પનો છોકરો કહ્યોછે. પેશદાદિયાન તબકામાં એ વીસ્તાસ્પ કોણ હતો તે વિષે કસું કોઈ તવારીખમાંથી મલ્યું નથી. શાહનામામાં તથા શારેસ્તા-નમાં પેશદાદિયાન ટોલાના, જૂ પછીના તથા છેલ્લા પાદશાહ કેરેશાસ્પને જૂનો છોકરો ગણ્યો છે. અને એ જૂ મીનોચેહરના છોકરા (તૂમાસ્પ) નો છોકરો હતો.

(૪૮) કએકોબાદ, એને અવસ્તામાં કવ કવાત લખેલો છે. નાસેખ્-ઉત્-તવારીખમાં એની વંશાવલી નીચે પ્રમાણેછે. કએકોબાદ બિન દાદ બિન નવર્કાન બિન માનસૂ બિન નોજર બિન મીનોચેહર, અને શારેસ્તાનમાં કએકોબાદ બિન જાબ બિન નોજર, છે. શાહનામા-માંથી તથા અવસ્તામાંથી એના બાપનું નામ જણાતું નથી. મુજ-મિલ્-ઉત્-તવારીખ અને શાહનામાં પ્રમાણે, કાવુસ, કએપસીન, ક-યારેશ, અને કયાપુ નામના એના ચાર છોકરા હતા. શાહનામામાં છે-લ્લાનું નામ કએઆર્મીન છે. નાસેખ્-ઉત્-તવારીખમાં કાવુસ તથા કએપસીનને મજકૂર કયાપુના પુત્રો કહ્યાછે. ફર્વર્દીન યશ્ટમાં એનાં ફરો-હરને આરાધ્યું છે ત્યાં એને એના કવ (કયાની) લકબથી લખ્યોછે પણ એના બાપનું નામ આપ્યું નથી. નાસેખ-ઉત્-તવારીખ પ્રમાણે, એ બાવા આદમ પછી ૪૫૬૩ માં તખ્તનશીન થયો હતો.

(૪૯) કએપસીન, કએનસીન; એને અવસ્તામાં કવ પિસન અથવા પિસઙ્હુ લખેલાછે. નાસેખ્-ઉત્-તવારીખમાં એને કયાપુ (કવ અઈપિવઙ્હુ) નો, અને શાહનામું તથા શારેસ્તાનમાં કએકોબાદનો છો-કરો લખ્યોછે. એ કયાપુ કએકોબાદનો છોકરો અને કાવુસનો બાપ હતો તેને જમ્યાદ યશ્ટ ઉપરથી કઈ ટેકો મલેછે. ત્યાં કયાનીઓનાં નામોની ટીપ છે તેમાં પેહલું નામ કએકોબાદનું, અને તે પછી કયાપુ, કાવુસ, કયા-

રેશ, કએપસીન, કએબ્યારેશ,* કએસ્યાવક્ષ અને કએખુસરો એ નામો છે. અને મજકૂર યષ્ટ પ્રમાણે એ સઘલાઓને ક્યાની ખોરેહ મલ્યું હતું અને એઓ બહાદુર, જોરાવર, દર્દોનાં એલાજ કરનાર, કીર્ત્તિવાન, નેક કામોમાં કોશેશ કરનારા અને મજબુત બાજુવાલા ક્યાનીઓ હતા. કએપસીનના બાપ વિષે, ઉપર જણાવ્યા પ્રમાણે, જુદાં મતો હોવાછતાં એટલુંતો ચોકસ ઠરેચ કે તે કાવુસનો ભાઇ હતો. શારેસ્તાનનો લખનાર મર્હૂમ ફર્જાને બેહેરાંમ, આઇને આઈન નામની કેતાબને આધારે, લખેચ કે કએપસીન કએકોબાદની પાદશાહીના વખતમાં આ દુન્યા તર્ક કરીને ખોદાની બંદગીમાં મશગૂલ થયો હતો. અને એજ ગ્રંથકાર, ફ્રેહોદ નામાને આધારે, લખેચ કે તેણે એક પાહડના ગોફામાં રહીને ૧૦૦ વર્ષો સુધી રયાજત કીધી હતી તથા કાવુસ એનો શાગેર્દ હતો. એ ભક્તિમાન પુરૂષનાં નામ ઉપરથી એક નદીનું નામ પડેલુંછે. તે સિજસ્તાનની પૂર્વે તથા કહન્દારની દક્ષિણે આવેલીછે. તેપરથી એની જગો અથવા રેહઠાન મુકરર થઇ શકેચ.

(૫૦) કએકાવુસ, એને અવસ્તામાં કવઉસ અથવા કવઉસધન† કરી લખેલોછે. અવસ્તામાંથી એના બાપનું નામ બરોબર જણાતું નથી. ફર્વર્દીન યષ્ટમાં, ઘણુંકરીને, છોકરાનું નાંમ તેના બાપ સાથે લખવાની રીતછે (જુવો શેઠ ખું૦ રૂ૦ કામાજીવાલું જરથોશ્તનામું, ૨૪૭—૨૪૯). પણ કેટલાએકોનાં નામો બાપ વગર લખેલાં છે. તેમ સઘલા ક્યાની ખાન્દાનનાંઓનાં નામો તેઓના કવ લકબથીજ લખેલાંછે. તેમાં ક્યાનીઓનાં ફરોહરને આરાધતી વખતે કએકોબાદ પછી કાવુસનાં ફરોહરને આરાધેલું છે. અને તે પછી કવ અઈપિવન્હુ (કયાપુ) નું નામ આવેછે. હવે શાહનામું, શારેસ્તાન, અને આફરંગાનના દીબાચામાં એને કએકોબાદનો પુત્ર લખેલોછે. પણ નાસેખ્-ઊત્-તવારીખમાં મજકૂર કયાપુનો બેટો કહેલોછે, તેને એક જુની ઇરાનમાં લખાયલી બુન્દહેશ્ને ઉપરથી ટેકો મલેછે. તેમાં લખવા પ્રમાણે કએઅપીવંઘ કએકોબાદનો પુત્ર હતો અને તેથી કએકાવુસ પેદા થયો. એ પાદશાહને અવસ્તામાં મોટી કી-

* એ નામને, જરથોસ્તી અભ્યાસમાં, એર્વદ શે૦ દા૦ ભરૂચાએ, કાવુસના બેટા ફરેબુર્જનાં નામ સાથે સરખાવ્યું છે તે સહી લાગેછે.

† ઊસધન નામનો એક બીજોબી શખસ થઇગયોછે જે માજદયસ્ન નામના શખસનો, પોતાનો અથવા તેનાં ખાન્દાનનો, છોકરો હતો. એનાં ફરોહરને ફર્વદીન યષ્ટમાં આરાધેલું છે.

ર્ત્તિવાલો લખેલોછે. આવાં યષ્ટ પ્રમાણે એણે સઘલા દેશોનો, તમામ દેવો, માણસો, જાદુગરો, પરીઓ, સાસ્ર, કવિ અને કરપ લોકોનો, સઉથી મોટો પાદશાહ થવાને એરેજીકુય નામના પાહડ ઉપર બંદગી કરી હતી. શાહનામામાં એને વાસ્તે લખેચ કે એ આસમાનની પાદશાહી લેવા ગયો હતો. તેહવુંજ લખાન બુન્દહેશ્નેમાંબી છે. રિગ્વેદમાં એનું કંઇએક બયાન આવેલુછે. ત્યાં એને કવિ ઊષનસ્ લખેલોછે. ફરેબુર્ઝ (જુવો નોટ સફે ૧૫૪ મે) અને સ્યાવક્ષ એના છોકરાઓ હતા. છેહલાને અવસ્તામાં કવસ્યાવર્ષાન લખેલો છે. શાહનામાં પ્રમાણે એ કર્સેવજનાં ખાન્દાનની એક ઓરતને પેટે જન્મ પામ્યો હતો. શાહનામું, નાસેખ-ઉત્-તવારીખ, શારેસ્તાન અને બીજી તવારીખોમાં લખવા પ્રમાણે એ ઘણોજ ખુબસુરત, પરહેજગાર અને સખી હતો. એ વાતને અવસ્તાથી ટેકો મલેછે. હજરત જરથોસ્તે કએગુસ્તાસ્પ તથા તેના પુત્રને આશીર્વાદ દેતાં કહ્યુંચ કે "તુ સ્યાવક્ષના જેવો ખુબસુરત કાલબુદનો અને દાઘ વગરનો થજે." એ ઉપરથી સ્યાવક્ષનો નેક ગુણ માલમ પડેછે. જમ્યાદ યષ્ટ પ્રમાણે એનેબી કયાની ખુરેહ મલ્યું હતુ. શાહનામામાં એણે બંધાવેલા કંગદેજની ઘણીજ વખાન કરીછે, તેને પેહલવી કેતાબોથી સાબેતી મલેછે. અવસ્તામાં એ કંગદેજનાં એક અએવાનને ક્ષઓસઓક નામ આપેલું છે. દાદસ્તાન તથા મીનોખેરદમાં એનું વર્ણન આવેલુંછે. ત્યાં તે કંગદેજનો રદ (ધર્મગુરૂ) પેશુતનને કહેલો છે. એ સ્યાવક્ષનાં ફરોહરને ફર્વર્દીન યષ્ટમાં આરાધેલું છે. નાસેખ્-ઉત્-તવારીખ પ્રમાણે કાવુસ બાવા આદમ પછી ૪૬૬૩ માં તખ્તે બેઠો હતો.

(૫૧) કએખુસરો, અવસ્તામાં એને કવહુસ્રવઙ્હ તથા કવ હઓસ્રવઙ્હ લખેલોછે. શાહનામું, નાસેખ્-ઉત્-તવારીખ, બુન્દહેશ્ને, મીનોખેરદ અને બીજી તવારીખોમાં એને કએ સ્યાવક્ષનો છોકરો કહેલોછે. પણ ગોશ તથા અશીશ્વંઘ યષ્ટો મધે એક ફકરો આવેલોછે, તે ઉપરથી સ્પીગલ તથા યુસ્તી એ બંધે વિદ્વાનોએ એને સ્યાવક્ષની બેટીથી પએદા થએલો અઘ્રએરથ (અગ્રેરસ)નો પુત્ર ઠરાવ્યોછે. અને એજ ફકરાને આધારે વેસ્ત નામનાં વિદ્વાને મીનોખેરદનાં તરજુમામાં સ્યાવક્ષને, કએખુસરોનો મમાવો લખ્યોછે. ત્યારે એપરથી એવું ઠરેચ કે અગ્રેરસ, કાવુસના બેટા સ્યાવક્ષનો દામાદ હતો. યષ્ટ બા માએનીમાં, એર્વદ મ૦ શા૦ વાછાએ સ્યાવક્ષને કએખુસરોનો મમાવો તથા અગ્રેરસને તેનો બપાવો ઠેરવ્યોછે. એ પ્રમાણે મજકૂર યષ્ટોમાં આવેલા ફકરા વિષે જુદાં જુદાં મતોનો સબબ તે ફકરામાં આવેલા એકાદ શબ્દનો ગુચવાડોછે. પણ એ

ફકરો ઉપર કહેલાઓનાં મતને મલતો નથી લાગતો. એ ફકરાનો સાર એ છે કે કએખુસરોએ જુલમથી મરાયા ગયલા સ્યાવક્ષનાં, તથા નરૂનાં ખાન્દાનના અગ્રેરસના, કીનામાં તુરાણી અફ્રાસ્યાબને મારવાને બંદગી કીધી અને તેથી તેની મોરાદ બર આવી. એ વિચારને બીજી રીતેબી મજબુતી મલે છે. અફ્રાસ્યાબે નોજર શાહના વખત પછી પોતાના ભાઈ અગ્રેરસને, ઇરાણીઓને કએદખાનામાંથી ખલાસી આપી તેઓ-ના જાન બંચાવવાને લીધે, કતલ કીધો હતો. અગ્રેરસ તુરાની છતાં, ઇ-રાણીઓ સાથે કીધેલી નેકીના બદલામાં, તેનો કીનો લેવાની ફરજ ઇ-રાનીઓની હતી અને તે ફરજ કએખુસરોએ બજાવી. બીજું, અગ્રરસ તુરાની હતો અને તેને તેના ભાઇ અફ્રાસ્યાબે નોજર શાહના વખત પછી કતલ કીધો હતો એ વાતને શાહનામું, નાસેખ્-ઉત્-તવારીખ, બીજી ત-વારીખો અને બુન્દહેશ્ને ઉપરથી સાબેતી મલેછે. હવે જ્યારે તે નોજર પછી માર્યો ગયો હતો તો સ્યાવક્ષનો જમાઇ તે ઠરી શક્તો નથી. બીજું, કએખુસરોનો લકબ કવ (કયાની) છે તેપરથી જણાએછે કે તે નોજર અથવા કએકોબાદનાં ખાન્દાનનો હતો. અને અગ્રેરસ કયાની નહી હતો, ત્યારે તેનું અથવા તેની ઓલાદનું ફરજંદ કયાની કેમ થાએ ? અગ્રેરસને અવસ્તામાં નરૂનાં ખાન્દાનનો, તથા ફારસીમાં લખાયલી ત-વારીખોમાં અને બુન્દહેશ્નેમાં તુરનાં ખાન્દાનનો, પશંગનો બેટો, અ-ફ્રાસ્યાબનો ભાઇ તથા છેલ્લી કેતાબ પ્રમાણે સોકપસ્તાનનો રદ (જુવો નોટ સફે ૧૩૮ મે) કહેલોછે. અગર જો એ અવસ્તામાં આવેલો અગ્ર-રસ તૂરનાં ખાન્દાનનો અને પશંગનો બેટો નહી હોય તોબી તે કયાની તો નથીજ. ત્યારે કએખુસરો એનો પુત્ર અથવા પૌત્ર નહીજ ઠરતો. અને કએખુસરો સ્યાવક્ષનો છોકરો હતો તે વિચારને સઘલી ફારસીમાં લખાયલી તવારીખો, બુન્દહેશ્ને અને મીનોખેરદ ઉપરથી સાબેતી મલેછે. આવાં, ગોશ અને અશીસ્વંઘ એ યશ્ટો પ્રમાણે એ કએખુસરો ઇરાનના સઘલા દેશોને સાથે જોડી નાખનાર મોટો પાદશાહ હતો. રામયશ્ટ પ્રમાણે એણે, સ્પએતિત રજુર (દસ્તેબિયાજ) નામનાં જંગલમાં, પોતાના દુશમનો સાથે, મોટી લડાઈ કરી હતી. એ દુસ્મનો અફ્રાસ્યાબ તથા તેની કુમકે આવેલા બીજા પાદશાહો હોશે. એ લડાઇમાં અઊર્વેસાર નામના પા-દશાહે કએખુસરોના હાથથી બચી જવાને બંદગી કરી હતી; પણ કએ-ખુસરોએ ઇરાનીઓની લડાઇનાં મેદાનમાં તેને માર્યો હતો. એ અઊ-ર્વેસાર કોણ હતો તે વિષે કોઈ તવારીખમાંથી કસું જણાયું નથી. જમ્યાદ

યષ્ટ પ્રમાણે, સ્યાવક્ષ પછી, કયાની ખ્રુરેહ ક્એખ્રુસરોને મલ્યુ હતુ. અને તેની મારફતે તેણે, પોતાનાં દુશ્મનો ઉપર ફતેહ, અસરકારક, નુકસાનવગરની અને કોઇથી નહી જીતી શકાય એહેવી દાનાઇ, તન્દુરોસ્તી, બધી બાબદમાં સરસ તથા પ્રખ્યાત ફરજંદ, સર્વથી સરસ પાદશાહી, લાંબી જીંદગી અને સઘલી જાતના ફાયદાઓ મેલવ્યા હતા. અને તે ઓરેહની બરકતથીજ પોતાના પિતા સ્યાવક્ષ તથા નરૂના અઘ્રએરથના કીનામાં લડાઈ ઉભી કરી ઘાતકી અફ્રાસ્યાબને તથા તેના ભાઇ કર્સેવજને બાંધ્યા હતા. એજ યષ્ટમાં ક્એખ્રુસરોને અહુર (સાહેબ)નો લકબ આપેલોછે જે બીજા કોઇ પાદશાહને મલેલો જણાતો નથી. ફર્વદીન યષ્ટમાં એનાં ફરોહરને વખાનેલુંછે. ત્યાં એના ગુણોનું જે વર્ણન કરેલું છે તે જમ્યાદ યષ્ટના મજકૂર ફકરાને મલતુંજછે. વેદમાં એક સુશ્રવસ્ નામનો શખ્સ આવેલોછે તેને યુરોપ્યન વિદ્વાનો ક્એખ્રુસરો સાથે મેલવે છે. અને તેમાં લખવા પ્રમાણે એ પાદશાહ જ્યારે પોતાના દુશ્મન સાથે લડવા નીકલ્યો હતો ત્યારે તેની કુમકે નજદીક ૬૦ પાદશાહો આવ્યા હતા. એપરથી જણાયછ કે એ પાદશાહ મોટા દબદબાવાલો હતો. કેટલીએક તવારીખોમાં તથા પાછલા વખતની રવાયતોમાં એને અમર્ગ એટલે હજુ સુધી જીવતો લખેલોછે. એ વિચાર અવસ્તાના એક ફકરા ઉપરથી ફેલાયલો લાગેછે. આફ્રીને પએગામ્બર જરથોસ્તમાં "અયરેકેમ અમહર્કેમ્ બવાહિ યથ કવ હુસ્રવ" (તું ક્એખ્રુસરો જેવો બેઆજાર તથા અમર્ગ થજે) એહવો એક ફકરો આવ્યોછે. એની મતલબ એ છે કે ક્એખ્રુસરો પવિત્રાઇથી ચાલવાને લીધે રોગથી દુર તથા અમર્ગ રવાનનો હતો તેના જેવો તુંબી, બેગુનાહ રહીને, અમર્ગ રવાનનો અથવા અમર નામનો થજે. વીસ્તાસ્પ યષ્ટ (હાદોખ્ત નુસ્ક) માં અસ્પંદીઆરને દોઆ કરતાં હજરત જરથોસ્ત તેને કેહેછ કે "અષેમ્-મેરેંયો (બવાહિ) યથ કવ હુસ્રવ" (ક્એખ્રુસરોના જેવો અશોઇનો શુમાર કરનાર (પરહેજગાર).તું થજે). એપરથી જણાયછ કે ક્એખ્રુસરો પવિત્રાઇથીજ ચાલતો હતો. પાછલા વખતમાં મજકૂર ફકરા ઉપરથી ક્એખ્રુસરો જીવતો છે એવો વિચાર હોવાથી, જરથોસ્તીઓ, પોતાની હમેશાંની ફરજ તરીકેની બંદગી અદા કીધા પછી પોતાને તથા પોતાનાં લગતાં વલગતાંઓને, દોઆ ચાહવાને તન્દુરોસ્તી ભનેછે.તેમાં ક્એખ્રુસરોનું નામ તે જીવતો હોય તેમ લેવામાં આવેછે. પણ એ તન્દુરોસ્તી પાછલા વખતમાં પાજંદ ભાષામાં જોડેલીછે. અને તેથી તે વખતના વિચાર પ્રમાણે એનું તથા પે-

શુતનનું નામ જીવતા તરીકે દાખલ કીવુંછે. મજકૂર પેશુતનને માટેબી હાદોખ્ત નુસ્કમાં, કએખુસરોના ગુણને મલતોજ ફકરો આવેલોછે. તે ઉપરથી તેનેબી પાછલા વખતમાં જીવતો ધાર્યોછે. પણ દહમાન અથવા હમકારાની આફરીનમાં એક ફકરો આવેલોછે. તેમાં કેટલાએક ગુજરેલાઓનાં રવાનને અમર્ગી ચાહવામાં આવીછે. તેઓમાં કએખુસરોનુંબી નામછે. તે ફકરો:—"અનોશહે રવાન બાદ રવાને ગયોમર્દ ઉ હોશંગ ઉ તેહમુરસ્પ, જમ, ફરેદુન, મીનોચેહર બામી, હજુ બિન તહમાસ્પાન, કએકોબાદ, કએકાવુસ, કએસ્યાવક્ષ, કએખુસરો, કએલોહરાસ્પ કએ ગુસ્તાસ્પ બહમન અસ્પંદીઆરાન." એ આફરીન લખનારના મત પ્રમાણેબી કએખુસરો ગુજરી ગયલોછે. અને અવસ્તાના કોઈબી ભાગમાં, તે જીવતો છે, એવું લખેલું નથી. ફારસીમાં લખાયલી તવારીખમાં એને ગોફેનશીન થએલો લખેલોછે (જુવો નોટ સફે ૨૧૭ મે). શાહનામું અને બીજી તવારીઓ પ્રમાણે એ ઘણો પરહેજગાર હોવાથી એણે બઇરી કીધીતી નહી તેથી એને ફરજંદ નહીં થયું હતું; પણ ફર્વદીન યષ્ટના ૨૯ માં કર્દામાં હઓસ્રવઙ્હના આખુરની ફ્રવષીને વખાનેલીછે. એ આખુર કએખુંસરોનો પુત્ર, અથવા તેનાં ખાન્દાનનો કોઈ શખસછે. એ મજકૂર વધારે ભરોસો રાખવાજોગ દલીલથી સાબેત થાએચ કે કએખુસરોને ફરજંદ હતું. દાદસ્તાનેદીની, મીનોખેરદ અને બુન્દહેસ્નેમાં લખવા પ્રમાણે કયામતને વખતે કએખુસરો, બીજા કેટલાએકોની સાથે રીસ્તાખેજનું પવિત્ર કામ કરનારાઓનો મદદગાર થશે. નાસેખૂ-ઉત્-તવારીખ પ્રમાણે એ બાવા આદમ પછી ૪૮૧૩ માં તખ્તનશીન થયો હતો.

(૫૨) **કએલોહરાસ્પ**, એને અવસ્તામાં **અઉર્વત્અસ્પ** કરી લખેલોછે. એ નોજરનાં ખાન્દાનનો હતો. આવાં યષ્ટ તથા બીજીસઘલી તવારીખો પ્રમાણે એ ગુસ્તાસ્પનો બાપ હતો. એના બાપ વિષે જુદાં મતો છે (જુવો નોટ સફે ૨૧૪ મે). નાસેખૂ-ઉત્-તવારીખ પ્રમાણે એ બાવા આદમ પછી ૪૮૭૩ માં તખ્તે બેઠો હતો.

(૫૩) **કએગુસ્તાસ્પ**, એને અવસ્તામાં **કવ વિસ્તાસ્પ** લખેલોછે. મજકૂર લોહરાસ્પ (અઉર્વત્-અસ્પ) નો છોકરો. આવાં યષ્ટ પ્રમાણે એ નોદરનાં ખાન્દાનનો હતો. એજ યષ્ટ પ્રમાણે હજરત જરથોસ્તે એને પોતાની દીન કબુલ કરાવવાને મોરાદ ચાહી હતી અને તેમાં તે ફતેહ પામ્યો હતો. ગુસ્તાસ્પે દીન કબુલ કીધા પછી, સીસ્તાનમાં આવેલી ફ્રજ્દાનું નામની નદી આગલ બંદગી કરી, બુરી દીનના તાંઅર્વંતને, દેવ પરસ્ત પેષનને, અને બુરા અરેજત્-અસ્પને, લડાઈમાં મારવાનું ચાહ્યું હતુ અને સેવટે તેમાં ફતેહ પામ્યો હતો. એમાં, એજ યષ્ટ પ્રમાણે, એનો ભાઈ જ-

રેવર (જઈરી વઈરિશ)ની સામેલ હતો. ગોશ તથા અશીશ્વંઘ યશ્તો પ્રમાણે આઠ બહાદુર પણ બુરા તથા દેવપરસ્ત પાદશાહોની સાથે દીનને ખાતર, એને મોટી લડાઇ કરવી પડી હતી. જમ્યાદયશ્ત પ્રમાણે એને ક્યાની ખોરેહ મલ્યું હતું, અને તેની બરકતથી તે ભલી (જરથોસ્તી) દીનના વિચાર પ્રમાણે, તેના નેક સખુન પ્રમાણે અને તેનાં નેક કામો પ્રમાણે ચાલવાને તથા બીજાઓને ચલાવવાને સમર્થ થયો હતો તથા બુરાઓને ટાલી શક્યો હતો. અને પોતાના વખતની આગમજનાં દરુજો (જુઠાઓ અથવા બેદીનો) ને રાસ્તીનો રસ્તો જાહેર કીધો હતો. અને જરથોસ્તે જાહેર કરેલી એકજ ખોદાને માનવાની દીન ઉપર એતેકાદ લાવી તે દીનનો મદદગાર થઈ, તે દીનની સાંમે થએલા હુનુઓ(ચોકસ તુરાનીઓ)ને હરાવીને તેણે તેને બુલંદ દરજ્જે ચહડાવી હતી. અને તે ખોરેહની ખુબીથી તેણે તાંઅવત, પેષન, અર્જાસ્પ અને બીજા ખ્યઓન મુલુકના બુરાઓનો નાશ કર્યો હતો. ફર્વર્દીન યશ્તમાં એનાં ફરોહરને વખાણ્યું છે. ત્યાંથી એને વાસ્તે મજકૂર બયાન આવેલું છે. રામ યશ્ત પ્રમાણે ઘણા ભાઇઓ વાલી હુતઓસ એની રાણી હતી. યજશનેના ૪૬ માં હા પ્રમાણે ગુસ્તાસ્પ હજરત જરથોસ્તનો મદદગાર તથા દોસ્ત થયો હતો. ૫૧ માં હા પ્રમાણે જે દાનાઇ અહુરમજદે હજરત જરથોસ્તને શિખવી હતી તે કએગુસ્તાસ્પે કબુલ રાખી હતી તથા રાસ્તીથી તેનો શુમાર કરનાર થયો હતો. ૫૩ માં હા પ્રમાણે જે દીન અહુરમજદે સોશ્યોસો (પએગાંમબરો)ને શિખવી હતી તે દીનના કએગુશ્તાસ્પ, સ્પિતામ, અને ફ્રશોસ્તર જાણનાર થયા હતા. ના૦ ઉ૦ ત૦ પ્રમાણે એ બાવા આદમ પછી ૪૯૯૩ માં તખ્તનશીન થયો.

(૫૪) કેરેશાસ્પ ગેર્શાસ્પ, એને અવસ્તામાં કેરેસાસ્પ લખેલો છે. યજશનેના ૯ માં હા પ્રમાણે એ સામના ખાન્દાનના થ્રિતનો છોકરો તથા ઊર્વાક્ષનો ભાઇ હતો (જુવો સફે ૫૮ મે નોટ ૨ જી). મજકૂર હા પ્રમાણે, એણે સ્રવર નામના અજદહાને, આવાં યશ્ત પ્રમાણે, ગન્દરેહ દેવ જે વોરૂકશ દર્યા આગલ રેહતો હતો તેને, રામયશ્ત પ્રમાણે, પોતાના ભાઈ ઊર્વાક્ષના કીનામાં હિતાસ્પ દેવને, અને જમ્યાદ યશ્ત પ્રમાણે, બીજા કેટલાએક બુરાઓને (જુવો નોટ સફે ૫૮ મે) માર્યા હતા. મજકૂર ગન્દરેવ, હિંદુઓનાં બખાન પ્રમાણે, ઈન્દ્રનો ગવયો હતો અને તેણે કૃશાશ્વિનને માર્યો હતો. આવાં યશ્ત પ્રમાણે કેરેસાસ્પે ગન્દરેવને માર્યો હતો. મીનોખેરદ પ્રમાણે મજકૂર સ્રવર નામના અજદહાને, કપુત અથવા પહુન વરને, ગન્દર્વ દેવને, કમક નામનાં મોટાં તથા નુકસાનકારક પક્ષીને અને

એક જંગલી દેવને સામે માર્યાં હતાં; પણ અવસ્તામાંથી ખુલ્લું જણાય છે કે અજીસ્રવર તથા ગન્દરૈવનો કેરેસાસ્પે નાશ કર્યો હતો. ફર્વર્દીન યશ્તના ૨૯ માં કર્દા ઉપરથી, સામ નામનો કેરેસાસ્પનો છોકરો હોય, એવું જણાય છે. પણ બીજી તવારીખોમાં સામને નરીમાનનો, અને નરીમાનને કેરેસાસ્પનો છોકરો લખેલો છે, અવસ્તામાં કેટલીએક જગોએ કેરેસાસ્પને નરેમનાઓ કેરેસાસ્પો લખેલો છે. એ નરેમનાઓ (બહાદુર, દલેર) કેરેસાસ્પનું વિશેષણ છે તેને વિશેષ નામ ગણવાની પાછલા વખતમાં ભુલ થએલી લાગે છે. ફર્વર્દીન યશ્તમાં એ કેરેસાસ્પના સામનાં ફરોહરને વખાનતાં લખેચ કે એ સામ ઘણુંજ જોરાવર, મોટાં અને પુષ્કળ વાવટાવાળાં લશકરોને તોડનાર, ભય ઉપજાવનારાં માણસોને મારનાર અને નિર્દય ચોરોનો તથા તેઓથી ઉત્પન્ન થતાં દુ:ખોનો નાશ કરનાર હતો. એજ યશ્તના ૧૯ માં હા પ્રમાણે એ કેરેસાસ્પના સામનાં (સામહે કેરેસાસ્પહે) ફરોહરનું રક્ષણ કરવાને ૯૯૯૯૯ ફરોહરોને મુકરર કરેલાં છે. કારણ કે પાછલી, રવાયતોમાં લખવા પ્રમાણે, તે રીસ્તાખેજને વખતે પાછો ઊઠસે અને બુરાંઓનો નાશ કરસે. દાદસ્તાને દીની પ્રમાણે તથા કેટલીએક રવાયતો પ્રમાણે એ ફરોહરો ખુદ કેરેશાસ્પના કાલબુદની પાસબાની કરે છે. અનેએજ કેતાબ પ્રમાણે એ રીસ્તાખેજને વખતે જુહાકને મારસે તથા બીજાં કામોથી મોટી કીર્તી મેલવશે. જમ્યાદ યશ્ત પ્રમાણે, જમશેદથી જતાં રહેલાં ખોરેહમાથી કેરેસાસ્પનેબી મલ્યું હતું તેની બરકતથી તેણે ઘણા પાપીઓનો નાશ કર્યો હતો (નોટ ૨ જી સફે ૫૮ મે). આવાં યશ્ત પ્રમાણે એણે પિસનંઘ વર (નદી) આગલ,તથા રામયશ્ત પ્રમાણે, રંઘા નદી આગલ, બંદગી કરી હતી. એપરથી એની જગો સિજસ્તાન મુકરર થઇ શકે છે. કેમકે પિસનંઘવર સિસ્તાનની પુર્વે તથા કન્દહારની પશ્ચિમેં આવેલો છે અને તે પિસીનંઘ નામની ખીનમાંથી પસાર થાએ છે. શાહનામું તથા નાસેખ-ઉત્-તવારીખમાં એને કેર્સાસ્પ બિન ઊતરત બિન શમ બિન તુર્ક બિન શેદઅસ્પ બિન તુજ બિન જમશેદ લખેલો છે. છેલી તવારીખમાં એના ભાઇ ઊર્વાક્ષને ગઓરંગ લખેલો છે અને નરીમાનને એ ગઓરંગ (ઉર્વાક્ષ) નો છોકરો કહેલો છે. એક પુરાણી મિત્ર મોબેદ ખોદાબક્ષ ફરોદ જેણે ઘણી તવારીખો વાંચેલી છે તેણે મોહડેથી શાંભલવા પ્રમાણે એક તવારીખમાં લખેલું છે કે કેરશાસ્પ જ્યારે ૧૪ વર્ષની ઊમરનો હતો ત્યારે તે એક અજદહાને મારવા ગયો હતો. તે અજદહાનું જેહેર તેના દમમાં જવાથી તેનું મરદીનું તોખ્મ બલી ગયું હતું તેથી તેને કાંઇબી

ઓલાદ નહી થઇ હતી. એટલા માટે પોતાના ભાઈ ગઓરંગ,(ઉત્રાક્ષ) ના બેટા નરીમાનને ફરજંદ તરીકે કરી લીધો હતો. તેથી નરીમાનને કેરેશાસ્પનો પુત્ર કહેલો છે.

(૫૫) સામ, એને અવસ્તામાં સામ લખેલો છે. એ જમશેદના ખાન્દાનનો હતો (જુવો ઉપલી નોટ). બુન્દહેસ્નને પ્રમાણે એ અમર્ગ રેહવાનો હતો. પણ માજદયસની દીનનો ધીક્કાર કરવાથી એની ઉપર બુશાસ્પ દેવ ગાલેબ થયો તેથી, જ્યારે એ કાબુલમાં આવેલાં પેશ્યાનસી નામનાં મોટાં પહાડી જંગલમાં ગફલતથી ઊંઘાઇ ગયો હતો ત્યારે, ત્યાં નિયાજ નામના તુર્કીએ તેને એક તીર મારી મારી નાંખ્યો. એના કાલબુદની ઉપર ૯૯૯૯૯ ફ્રેશહરેની પાસબાની રાખવામાં આવીછે. અને રીસતાએજને વખતે તે ઊઠશે, અને જુલમી જુહાકને મારશે. એ બુન્દહેસ્નેનાં લખાનને, ફર્વર્દીન યષ્ટના ૧૯ માં કર્દા ઉપરથી, ટેકો મલેછે. પણ તે ઉઠીને જુહાકને મારસે—એહવું લખાન અવસ્તામાંથી મલતું નથી. પણ તે ફરેદુનને હાથે માર્યો ગયોછે એવું ખુલ્લું લખાન અવસ્તામાંથી મલેછે (જુવો નોટ ૪૨ મી).

(૫૬) જાલ, ફર્વર્દીન યષ્ટના ૨૬ મા કર્દામાં જઈરિ કરી એક શખ્સનું નામ આવેલું છે. તેને એર્વદ શે૦ દા૦ ભરૂચા, જરથોસ્તી અભ્યાસમાં જાલનાં નામ સાથે સરખાવેછે. પણ તે સહી લાગતું નથી. એનું અવસ્તામાંથી કસું બયાન મલતું નથી. એનો લકબ દસ્તાન છે. તે શાહનામા પ્રમાણે સીમુર્ગે* તેને આપેલો હતો.

(૫૭) રૂસ્તમ, જાલનો છોકરો. શાહનામુ તથા બીજી તવારીખોમાં એની બહાદુરીની વખાન ઘણી સહરાગતથી કીધેલી જોવામાં આવેછે. પણ અવસ્તામાંથી એનું નામ તથા બયાન કસું મલતું નથી તે અજાયબ જેવું છે. કેટલાએકો ધારેછે કે એણે જરથોસ્તી દીન કબુલ નહી કીધી તેથી, અને કેટલાએકો કેહછે કે એણે કએગુસ્તાસ્પના બેટા અસફંદીઆરને મારી નાંખ્યો તેથી, એનું નામ અવસ્તામાં યાદગારી તરીકે નહી રાખ્યું હોય. પણ એ વિચાર ખોટો લાગેછે. રૂસ્તમે

---

* સીમુર્ઘ, એ એક પક્ષીનું નામછે. એને અવસ્તામાં સએનમેરેઘ, અને મીનોખેરદમાં સીનમરૂ લખેલો છે. શાહનામા પ્રમાણે, સામે પોતાના બેટા જાલને એક પાહડ ઊપર મુકાવ્યો હતો, ત્યાં તેની પરવરશી એ સીમુર્ગે કરી હતી. કેટલાએકો એને કોઇ તબીબ ધારેછે.

જરથોશ્તી દીન કબુલ કરી હતી એહવું શાહનામા ઉપરથી જણાયછે. તથા એણે અસ્પંદીઆરને મારી નાંખ્યો તેમાંબી એની કસી તકસીર નથી લાગતી. કદાચ એનું અસલ નામ બીજું હોય અને તે નામથી અવસ્તામાં એને લખ્યો હોય. ફર્વર્દીન યષ્ટમાં ઘણાં નહી જણાયલાં નામોછે તેમાંથી એનું નામ, જો હોયતો, મલે. પેહલવી કેતાબોમાંબી એનું નામ તથા કસું બયાન, હાલ સુધી, જોવામાં આવ્યું નથી. પણ એક જુની બુન્દહેશ્નેમાં એને શેહદસ્તામ ઈ દસ્તાન (દસ્તાન=જાલનો રૂસ્તમ) કરી લખેલો છે. તેમાં લખેચ કે કએખુસરોએ દસ્તાનના શેહદસ્તામને દુશમનોને આજેજ કરવાને મોકલ્યો હતો.

(૫૮) **પશંગ**, અફ્રાસ્યાબનો બાપ. એનું નામ તથા બયાન અવસ્તામાંથી નથી મલતું. બુન્દહેશ્ને તથા બીજી ફારસી તવારીખો પ્રમાણે એના અગ્રેરસ, અફ્રાસ્યાબ અને કર્સેવજ એ ત્રણ છોકરા હતા. છેલ્લાને બુન્દહેશ્નેમાં **કએતાન**બી લખેલોછે.

(૫૯) **વેસે**, એને અવસ્તામાં **વએસ્ક** લખેલોછે. એ મજકૂર પશંગનો ભાઇ હતો. એના સઘલા છોકરાઓ અફ્રાસ્યાબનાં લશકરના સરદારો હતા. આબાં યષ્ટમાં લખવા પ્રમાણે નોજર શાહના બેટા તૂસે કંઘદેજમાં **ક્ષથ્રોસઓક** નામના કીલ્લા અથવા અખેવાનના દર્વાજાની આગલ ઉભો રહી પોતાનાં લશકરની ફતેહ ચાહતાં વેસેના છોકરાઓને તથા તેઓની સરદારીમાંનાં લશકરને મારવાને ચાહ્યું હતું. અને તેમાં તે ફતેહ પામ્યો હતો. એજ પ્રમાણે, એજ યષ્ઠ મૂજેબ, વેસેના બહાદુર છોકરાઓએ, મજકૂર જગોએજ તૂસને મારી ઇરાણી લશ્કરનો પરાજય કરવાને ચાહ્યું હતું. પણ તેમાં તેઓ નિષ્ફળ થયા હતા. એ જંગ સ્યાવક્ષના માર્યા જવા પછીની હોવી જોઇએ. શાહનામા પ્રમાણે પીરાન, હોમાન, બાર્માન, ગુલબાદ, નસ્તીહન, પીલસમ, લહાક અને ફર્શીદવર, એના છોકરાઓ હતા. એક જુની બુન્દહેશ્નેમાં લખવા પ્રમાણે **જહુન** નામનોબી એનો છોકરો હતો. શાહનામુ તથા એજ બુન્દહેશ્ને પ્રમાણે **જહુન** નામનો અફ્રાસ્યાબનોબી છોકરો હતો.

(૬૦) **અફ્રાસ્યાબ**, એને અવસ્તામાં "ફ્રઙ્હ્રેસ્યાન" લખેલો છે. નાસેખ્-ઉત્-તવારીખમાં એની નસબ નીચે મૂજેબ આપેલીછે. અફ્રાસ્યાબ બિન પશંગ બિન શાનપાશ બિન વર્શીબ બિન તુર્ક બિન જૂ બિન શર્વાન બિન તૂર બિન ફરેદુન. મજકૂર તવારીખમાં લખવા મૂજેબ કેટલાએકો પશંગનેજ **જાદશામ** કેહેછે, પણ પેહેલો છેલ્લાનો છોકરો છે. શાહ=

નામા પ્રમાણે અફ્રાસ્યાબ બિન પશંગ બિન જાદશમ બિન તૂર બિન ફરેદુન. બુન્દહેશ્નને પ્રમાણે અફ્રાસ્યાબ બિન પશંગ બિન જએશમ (જાદશમ) બિન તૂહર્ક બિન સ્પએન્યસ્પ બિન દોરશ્પ (દુર્વાસ્પ) બિન તૂજ બિન ફરેદુન. અવસ્તામાં સઘલી જગોએ એને "તૂર" તૂઇર્ય (તુરાની) અથવા તુરનાં ખાન્દાનનો લખેલો છે. આવાં તથા જસ્યાદ યશ્ટો પ્રમાણે એણે ઇરાણ દેશના સઘલા જનમેલા અને નહી જનમેલાઓનું ખોરેહ મેલવવાનો યત્ન કીધો હતો પણ તેમાં એ નિષ્ફળ થયો હતો. યજસનેના ૧૧ માં હા તથા ગોશ અને અશીશ્વંઘ યશ્ટો ઉપરથી એહવું જણાયચ કે અફ્રાસ્યાબને હોમ નામના શખસે બાંધીને કએખુસરોને સ્વાધીન કીધો હતો. અને મજકૂર બંધે યશ્ટો ઊપરથી જણાયચ કે કએખુસરોએ તેને અગ્રેરસ તથા સ્યાવક્ષના કીનામાં માર્યો હતો (જુવો સફે ૨૦૨ તથા ૨૧૦ મેની નોટ). બુન્દહેશનેમાં લખવા પ્રમાણે એનું મકાન જમીનની નીચે જાદુઇથી બનાવેલું હતું અને તેમાં રાતને વખતેબી દીવસના જેવી રોશની પડે એવી યુક્તિ કરેલી હતી. એ વાતને અવસ્તાથી ટેકો મલેછે. આવાં યશ્ટમાં લખવા પ્રમાણે એક હન્કન (ખાડા, ભોયરાં) માં ભરાઇને ઇરાણીઓનું રાજ છીનવી લેવાને એણે મુરાદ ચાહી હતી. શાહનામામાંબી એનાં મકાનને હંગે અફ્રાસ્યાબ કરી લખેલું છે. તે મજકૂર અવસ્તાનો "હન્કન"છે. બુન્દહેશ્નને પ્રમાણે એના સૂર્ખે, શેદે, જહુન અને બીજા છોકરાઓ હતા. શાહનામાપરથી જણાયચકે સૂર્ખેને, સ્યાવક્ષના કીનામાં રૂસ્તમે કતલ કરાવ્યા પછી, એના પાંચ છોકરાઓ હતા. અફ્રાસ્યાબે જ્યારે કએખુસરોની જંગમાં જવાનો ઇરાદો કીધો ત્યારે તેના છોકરા શેદેએ તેને મને કીધો કે તેના પાંચ છોકરાઓ હાજેર હોવા છતાં તે લડાઇમાં ઉતરે તે તેઓને શરમ ભરેલુંછે. એ ઉપરથી જણાયચ કે સૂર્ખે સાથે એના છ છોકરાઓ હોવા જોઇએ. એ છોકરાઓ મધેના એકનું નામ, શાહનામા પ્રમાણે, ગવ હતું.

(૬૧) અગ્રેરસ, (જુવો નોટ, સફે ૧૩૭ મે). અવસ્તામાં એને અઘ્રએરથ લખેલોછે. બુન્દહેશ્નને, શાહનામુ, અને બીજી તવારીખો પ્રમાણે એ પશંગનો બેટો તથા અફ્રાસ્યાબનો ભાઇ હતો. અવસ્તામાં એને નરૂનાં ખાન્દાનનો લખેલોછે. એ નરૂ કોણ હતો તે વિષેનો કસો ખુલાસો કેથેથી મલ્યો નથી. બુન્દહેશ્નેમાં એને ગોપતશાહ અથવા ગોપતમલકા બી લખેલોછે. વલી એજ કેતાબ પ્રમાણે ગોપતમલકા એના છોકરા

હતો. તેમાં લખેચ કે અફ્રાસ્યાબે, મીનોચેહરને* બીજા ઇરાણીઓ સાથે પતશખ્વારગર પાહડમાં કએદ કરી અગ્રેરસને તેઓની તપાસ ઉપર રાખ્યો હતો. ઇરાણીઓએ અગ્રેરસથી પોતાના જાનની સલામતી ચાહવાથી તેણે તેઓને છોડી મુક્યા. આ વાતની ખબર અફ્રાસ્યાબને પડવાથી તેણે અગ્રેરસને કતલ કીધો. અગ્રેરસે ઘણા ઇરાણીઓના જાન બંચાવ્યા તે નેકીના બદલામાં તેને ગોપતમલકા જેહવો પુત્ર જન્મ્યો. એ ગોપતશાહ વિષે મીનોખેરદમાં લખેચ કે તે ઇરાણ વેજનો રદ (ધર્મને લગતો સરદાર) છે. અને એનો આકાર પગથી તે કમર સુધી ગાયના જેવો, અને કમરથી તે માથા સુધી માણસના જેવો છે. તે હમેશાં યજશ્ને કરીને જોરનાં પવિત્ર પાણીને દર્યામાં રેડેચ જેથી સઘળાં ખ્રફસ્તરો (નાશકારક જાનવરો) નો નાશ થાયછે. જો તે તેમ નહી કરે તો આકાશ ઊપરથી, વર્ષાદને વખતે, સઘળાં મુજી જાનવરો વર્ષે અને તેથી જમીનની ઊત્પત્તીનો નાશ થાય. દાદસ્તાને દીનીમાં એ ગોપતશાહને અમર્ગ કહેલોછે: પણ મજકૂર બંધે કેતાબોમાં તે કોણનો છોકરો હતો તે વિષે કસું લખેલું નથી.

(૬૨) પીરાન, (જુવો નોટ સફે ૨ જે), પશંગના ભાઇ વેસેનો છોકરો. અવસ્તામાંથી પીરાંનનું કસું બયાન મલતું નથી. ફર્વર્દીન યષ્ટમાં પશંગના બેટા અગ્રેરસનાં ફરોહરને, તેણે ઇરાણીઓ સાથે કરેલી નેકીના બદલામાં, આરાધ્યું છે, તેમ પીરાનનાં ફરોહરને, આરાધેલું જણાતું નથી. એણેબી ઇરાણીઓ સાથે ઘણીવાર ભલાઇ કરેલીછે (જુવો સફે ૨૦૭ મેની નોટ). એ નામુ લખનાર કવિના વિચાર પ્રમાણે ફરંગેજના પેટપર પીરાંને કાઠીનો માર મરાવ્યો હતો (જુવો શ્લોક ૨૨૬૭ મો). પણ શાહનામા તથા બીજી તવારીખો પ્રમાણે જ્યારે સ્યાવક્ષને ગર્સીવજના ફરેબથી અફ્રાસ્યાબે કતલ કરાવ્યો તે વખતે પીરાન ત્યાં હાજેર નહી હતો અને આ ખબર તેને પડતાંજ તે આવ્યો તથા ફરંગેજને અફ્રાસ્યાબના ગુસ્સામાંથી છોડવી પોતાના ઘરમાં રાખી હતી. ઇરાણની તવારીખ લખનાર માલકમ પોતાની તવારીખમાં પીરાન વિષે નોટ આપી લખેચ કે:—

Peeran Vishe.–This chief may, with great propri-

---

* શાહનામા તથા બીજી તવારીખો પ્રમાણે મીનોચેહરનો છોકરો નોજર અફ્રાસ્યાબને હાથ કએદ પકડાયો હતો. મીનોચેહર કોઇબી વખતે અફ્રાસ્યાબને હાથ પકડાયો નથી.

ety, be termed the Nestor of the Tartars. His reputation for wisdom and goodness is such, that over all Asia, those that are sage in council, are, to this day, compared by flatterers to *Peeran Vishe.*

મજકૂર ફકરામાં માલકમ, પીરાન વેસેને ગ્રીક લોકોના નેસ્તરની સાથે સરખાવીને, લખેચ કે તેનું ડાહાપણ તથા નેકી એટલીતો ચહડતી હતી કે હાલના એસીઆના સઘલા પરધાનોની બુદ્ધિ તથા નેકીને તેમની ખુશામદ કરનારાઓ પીરાનની બુદ્ધિ તથા નેકીની સાથે સરખાવે છે.

(૬૩) કર્સેવજ, એને અવસ્તામાં કેરેસવજદ લખેલોછે. અફ્રાસ્યાબનો ભાઇ. એ ઘણો બુરો તથા અફ્રાસ્યાબને સદા બુરી સલાહ આપી તેની પાસે બુરાં કામો કરાવી તેમાં ગમત મેલવતો હતો. એપરથી હાલ કોઇ-બી કોઇને જૂઠ મૂઠ સહમજાવીને એક બીજામાં કજીઆ કરાવેચ તેને કર્સેવજ તથા તેનાં કામને કર્સેવજી, કર્સેવજપણું, અથવા કર્સેવજનાં કારેસ્તાન એહવું નામ આપવામાં આવેછે. જમ્યાદ યષ્ટ ઊપરથી જણાયચ કે કએખુસરોએ અફ્રાસ્યાબની સાથે કર્સેવજનેબી, અગ્રેરસ તથા સ્યાવક્ષના કીનામાં, બાંધ્યો હતો.

સંક્ષેપનિ નિશાનિયોનો ખુલાસો.

s. = સંસ્કૃત.	*z.* = જંદ.	*pehl.* = પેહલવી.
paz. = પાજંદ.	*p.* = ફારસી.	*t.* = તુર્કી.

શબ્દ કોષ.

—⊂oo⊃—

અ.

અખર, (*s.* अक्षर), હરફ; શબ્દ.

અગર, (*s.* अगुरु), અગર,ઉદ,ખુશબોદાર બારવાની વસ્તુ છે.

અંગોસ્તરી. *p.* વીંટી, અંગુઠી.

અંઘોળ, (*s.* अंग-क्षालन), નાહવું, સ્નાન. [વગરનું,

અચેત, (*s.* अचेतस्),બેહોશ, ભાન-

અજમત, *a.* મોટાઇ, બુજોરગી.

અજવાલવું, (*s.* ज्वल्), રોશન કરવું.

અણુસરજેઉ (अनु, सृज्), નાલાયક, કાયદાથી ઊલટું.

અણુસોહાત,(*s.* अ-सुहृद्), દુશમન, બુરૂ વિચારનાર.

અત, (*s.* अति),ઘણું, અતિ, પુષ્કળ.

અતફાક, (*a.* ઇત્તિફાક), ઠરાવ. એકમત થવું. [યારી.

અતમામ, (*a.* ઇત્મામ), પુર્ણતા; ત-

અતરઈ, અતરાપી, તરાહેત; છગેલ.

અતીમ, (*a.* યતીમ),અનાથ, વાલીવગરનું છોકરૂં, નાત્વારેસ.

અથંગ, (*s.* आतङ्क) અચરત, હેરાન, અજાયબ; બેચેન.

અથોરનાન, *paz.* ચાર ટોલા મધેનો પેહલો. (જુવો નોટ ૧૯ મી).

અદ, (*s.* अर्ध), અર્ધું, નીમ.

અધકારી, (*s.* अधिकारिन्), અધિકારી, ઉપરી, આગેવાન.

અધમ, (*s.* अधम), હલકુ, નીચ, તિરસ્કાર કરવા લાયક.

અંધારી, નહી ધારેલું, અસંભવિત.

અનજુમન, *p.* મંડલી, સભા.

અનદાન, (*s.* अन्नदान) અન્નપૂન, બક્ષેશ.

અનામત, (*a.* અમાનત) વિશ્વાસપર સોંપેલી વસ્તુ.

અનુખર. (?)

અપરોગ, (*s.* उपरोधः) કંતાલો.

અપલખની, (*s.* अप-लक्ष्) કુકર્મ કરનારી, ખરાબ ચાલની.

અબલખ, (*p.* અબ્લક્) ચિત્ર વિચિત્ર, સફેદ તથા કાલા રંગનું.

અબોધ, (*s.* अ-बोध) જ્ઞાન રહીત, અંજાણો, બુદ્ધિ હીન.

અભધૂત, વેરાગી, જોગત.

અભરણ, (*s.* आभरण), શૃંગાર, જ- [નસ ભાવ.

અમબર, *a.* અંબર.

અમરત, (*s.* अमृत) મીઠું, શીરીન; દેવતાઓને પીવાની વસ્તુ.

અમાસી, (*s.* अमावास्या,अमावासी), અમાસ. [સૂર્ય.

અમાસીસૂર, *s.* અમાસને દિવસનો

અમીન, *a.* નીમખહલાલ, વિશ્વાસુ; તપાસ રાખનાર.

અરજતૂલ, *a.* પોહોળાઈ લંબાઇ.

અરજાનીઆ, *p.* લાયક લોકો.

અરથેસ્તારાં,*paz.* ચાર ટોલા મધેના બીજા ટોલાનાં લોકો. જુવો નોટ ૧૯ મી.

અરમાન, *p.* ઇચ્છા, ખાહેશ.

અલમ, *a.* વાવટો, ધ્વજા, ઝુંડો.

અલમદોલત, *a.* બાદશાહી નિશાન.

અલમાસ, *p.* હીરો.

અલવરાઈ (उत्-लवण?) નુકસાન.
અલાહાઈ, (*a.* એલાહી), ખોદાઇ, કુદરતી. ઓ ખોદા ! [થએલું.
અલોપ, (*s.* आ-लोप), છુપું, ગુમ
અવંક, છુપુ, જ્યાં કોઇની આવજાવ નહી હોએ એહવી જગો.
અવતરવું, (*s.* अव-तरण), ઉતરવું.
અશરફી, *p.* સોણાનોસીક્કો, તુમાન, એની કીમ્મત ૪।। રૂપીઆછે.
અશ્વ, અસ્વ, (*s.* अश्व; *p.* અસ્પ), ઘોડો.
અશ્વ વેહેલ, ઘોડાની ગાડી.
અશો, *p.* નિર્દોષ, બેઆજાર; સાચો.
અષ્ટમી, (*s.* अष्टमी), આઠમો દિવસ, આઠમ.
અસ્તાર, (*p.* સિતારે) તારો.
અસ્તારેગાં. તારાઓ, સિતારાઓ.
અસ્તાવા, પાનીનું વાસન, જલપાત્ર.
અહમક, *a.* વધારે મુર્ખ, ઘણો બેવુકુફ.
અઍરાકી, *a.* ઇરાક શેહેરનો ઘોડો.

આ.

આખાડ (आषाढ) હિંદુઓનો ૪ થો મહીનો.
આગાશ, (*s.* अग्र-अंश), અગાસી.
આઘા, (*p.* અગાહ) વાકેફ,જાણીતો.
આજાદગાંન, *p.* અમીરો, શાહજાદાઓ.
આંજુ, (*s.* अश्रु) આંશુ.
આતમા, (*s.* आत्मन्) રૂહ, પ્રાણ.
આદ, (*s.* आदि) આગલા, પૂર્વજ, વડેલ.
આપખૂદી, પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવુંતે, સ્વૈચ્છ.
આપ-તન, પોતે.
આફરીન, *p.* દોઆ, આશીર્વાદ.
આલ, આડ, આડીચાલ; તોહમત.
આસણ (*s.* आसन) બેઠક, બીછાંનુ,
આહાણુ, (*s.* आनय), તેડ, આણુ.
આહાર, (*s.* हार) હાર, પંગત.
આહારેમન, *p.* શેતાન, બુરી શક્તિ ધરાવનાર.
આહારેમની, *p.* ક્રુર, દુઃખ દેનાર.
આએના, અંદાજો, મર્યાદા, મરજાદ.

ઈ.

ઈજદ, *p.* પ્રાર્થના કરવાને યોગ્ય, ઇજવા લાયક, ફરેસ્તો.
ઇંતર, ફુલનજી, બડાઇ મારનાર, પતરાજીખોર.
ઇનશાલા, (*a.* ઈન્-શા-અલ્લા), જો ચાહવુ ખોદાએનુંછે તો, જો ખોદાની ખાહેશછે તો.
ઈરાંણીઆં, *p.* ઈરાણીઓ.
ઈલાહી, *a.* ખોદાઇ, એલાહી.
ઈઅકતાર, *p.* એક તારનું, એક દોરાનું.
ઇઅજદી, *p.* ઈજદને લગતુ, ફરેસ્તાઇ.
ઇઆગીર, (*a.* યાકી,યાઘી) સરકશ, બલવાખોર, નાફરમાન.

ઊ.

ઉગારી લેવું, બચાવવું.
ઉછાછલું, તોફાની, ઉપદ્રવી.
ઉતાપી થવું, (*s.* उत्-तप्), તપીજવું, ગુસ્સે થવું.
ઉપનવું, (*s.* उत्-पन्न), પ્રગટ થવું.
ઉપમા, (*s.* उपमा), મુકાબેલો, સરખામની, તુલના.

ઉફરા થવું, કોઈનું કહેલું નહી મા-
નવું.
ઉમરાવ, (*a.* ઉમરા), અમીરો, શ્રેષ્ટ-
લોકો. [વગર ભણેલો.
ઉમી, (*a.* ઉમ્મી) અજ્ઞાન, નાદાન,
ઉહુલાસ, (*s.* उल्लास), હર્ષ, સંતોષ,
ખુશાલી, ઉલ્લાસ.
ઉહુના, (*s.* ऊन), હાજતમંદ, ગર-
જવાલું, ઓશીઆલું.
ઉપાવું, (*s.* उत्-पद्), ઉત્પન્ન થવું.
ઉંલીજન, બેચેની, પરેશાની, વ્યા-
કુલતા.

એ.

એકસટ-શરણુ, એકસેટ વાની, ૬૧
જાતનું પકવાન.
એકાજૂ, એકાદુ, એકાદ, કોઇએક.
એરચ, ફરેદુનનો છોકરો. જુવો
નોટ સફે ૧૪૮ મે.
એવ, (एव), જેમ, પ્રમાણે, મીસાલે.
એહેદી, *a.* રાજદૂત, એલચી.
ઓખદી, (औषध), ઓષધ, દવા.
ઓચરવું, (*s.* उत्-चर्), બોલવું,
કેહવું.
ઓછ, કમી, કોતાહી, ન્યૂનતા.
ઓડ, *a.* કારીગર, અજમાએસ
ધરાવનાર.
ઓલાડ-પેલાડ, એનીગમ પેલીગમ.
ઓલીબંદ, (आवली), હારબંદ, એક
હારમાં. [સુચકતા.
ઓશાંણુ, બુદ્ધિ, શુદ્ધિ, ભાન, સમય
ઓશાવવું, જોશ આપવો, ચોખા
ઊકાલવા. [દર્ગ.
ઓઆ, (*s.* आयुस्), આઇશ, જીં-

ક.

કંકર, (*s.* कंकण), આભૂષણુ, બાંગ-
ડી, પોહોચી.
કછ, (*s.* कच्छप), કાચબો.
કજ નજર, *a.* બુરી નજર-મતલબ.
કઠાર, પેરે, જાત, કજગો.
કથી-કથી, વિચાર કરીને.
કથીર, એક જાતની ધાતુછે.
કનીજક, *p.* બાંદી, કિંકરી, ચાકરડી.
કનેઆ, (*s.* कन्या), કુમારી, કુમા-
રીકા.
કંપરી, (*s.* कम्पन), ધ્રુજરી.
કબા, (*a.* કબા), બખ્તર; ઊપરનુ
પેહરન.
કમખા, (કિમખાબ), કસબ, કસબી
કપડું, કીનખાબ. [તયારી.
કમરબંધી,(*p.* કમરબન્દી), લડાઇની
કર, (*s.* कर), હાથ, હસ્ત.
કરંજો, (*p.* કારીજ) ફુવારો.
કરનાએ, (*p.* કરેનાએ, કર્ના) બ્યુ-
ગલ, એક જાતનું વાજીંત્ર.
કર-પોહોચ, હાથની પોહોચી.
કરમાન, (*s.* कर्मन्), કામ.
કરસેવજી, કરસેવજનું કાંમ, લુછાઇ,
ઠગાઇ, મારામારી કરાવવી તે,
ફીતુર. [ચમત્કારો.
કરામાત, *a.* કરામતો, મોજેજાઓ,
કરાર, *a.* ઠરાવ. [હોનર.
કલ, (*s.* कला), યુક્તિ, જુક્તિ,
કલંક, (*s.* कलंक), કાળો દાઘ, તો-
હમત, બદનામી.
કલગી, *t.* ઘોડાનાં માથાનો શૃં-
ગાર.

કલબૂધ, *s.* કળા તથા બુદ્ધિ.
કલૂફ, (*a.* કુફ્લ) તાળું.
કવતા, ૧) કવિતા. ૨) કદાચ.
કશીસ કરવું, ખેંચવું, તાણવું.
કસબા, (*a.* કસ્બે) નાહાનું શેહેર, કસ્બો. [૨૫૦—૨૫૧.
કહોશ, કએકાવુસ. જુવો નોટ સફે
કએઆની, *p.* શક્તિવાન, જોરાવર; ઇરાણી પાદશાહોના પાંચ તબકા-માંના બીજા તબકાનું નાંમ.
કાંગ, (*s.* कंगु), એક પાળાનું તથા તેનાં બીજનું નામ છે.
કાછ, કાછો, કચ્છો, ચોલ્લું.
કાજ, (*s.* कार्य), ૧) અદરાવવાનું કામ. ૨) કામ, કાર્ય.
કાજલ, (*s.* कज्जल), આંખમાં આં-જવાનું આંજન, મેસ. [લાલી.
કનોઠી, (*s.* कर्णलतिका), કાણની-
કાલ, (*s.* काल), કાલો દાધ, કલંક, બદનામી, ૨) ગુસ્સો.
કાલી, એક જાતનું જહવેર.
કાંહાંણી, (*s.* कथानक), કેહવત, વાર્તા.
કાએર, (*s.* कातर), બીહીકન, હી-ચકારો, બાયલો.
કીકી, (*p.* કીક્), આંખની પુતલી.
કીનેકશ, *p.* કીનો લેનાર, વેર લેનાર.
કીનેખાહ, *p.* વેર લેનાર.
કુંકુ, કંકુ.
કુટ, (*s.* कुट), દગો.
કુડ, (*s.* कुट), બુરૂં, ખરાબ.
કુડ કામણ, (कुट-कर्मन्), બુરૂં કાંમ.
કુનેશ, *p.* કરણી, ચાલ ચલન, વ-ર્તણુક.
કુમેદ, (*a.* કુમઇત), રાતો ઘોડો.

કુશાદે, *p.* કુશાદ, પોહલું, ફરાખ.
કૂખ, (*s.* कुक्षि), પેટ, ઉદર, જઠર.
કૂજ, (*p.* કૂચ), ગમન, જવુ, મનજલ-
કૂણ, (*s.* कोण), ખુણું. [કાપવી.
કૂંડલ, (*s.* कुण्डल), એરીંગ, કાણમાં પેહરવાની જનસ.
કુરબાન થવું, ફેદા થવું, ઓવારીનાં લેવાં, અલયાં બલયાં લેવાં.
કુસતી, પારસીઓ કમરે બાંધેછે તે, જનોઇ. [કુંવર.
કુઅર, (*s.* कुमार), પુત્ર, છોકરો,
કેત, (*s.* केतु), ધૂમકેતુ.
કેવડ, (*s.* केतक), કેવડો.
કેસ્વાદ, ગોદર્જનો બાપ.
કેસ્વાદગાં, કેસ્વાદનાં ખાન્દાનનાં.
કેઆશ, *a.* વિચાર, ખિઆલ. [જાણ.
કેઆશીલે, વિચારી લે, સહમજી લે,
કોટ અભરણ, ગલામાં પેહેરવાની જનસ. [ખેળ.
કોતક, (*s.* कौतुक), વિચિત્રતા,
કોતલ, *p.* કવાયત પામેલો બાદસાહી ઘોડો, જનીબત.
કોહ, *p.* પાહડ.
કોહોતા, (*p*, કોતાહ્), કમી, ઓછું.
કોહોશતાન, (*p.* કોહિસ્તાન), પા-હડી જગો.

ખ.

ખજરાન, કોતરણી.
ખડક, (खड्ग), તલવાર, શમશીર.
ખડી, સફેદ મટોડી.
ખતંગી, (*p.* ખદંગી), ખદંગ ઝાડનાં બનાવેલા તીર—બાન.
ખમણ, એકાન્ત જગો, ખુણું.
ખરવાએઓ, છેડાયલો, ચીરડાયલો.

ખરશાંણી, એક ઝાડનુ નામ છે.
ખરૂડખરૂડ થવું, નસકોરામાંથી નીકલતો-થાકેલા માણસને દમ લેતી વખતનો-આવાજ, ઉંઘમાં ઘોરવાનો સાધ.
ખલી,(s. खल्या), વખાર.
ખવાસ, (a. ખવ્વાસ), ચાકરો, ગુલામો.
ખશટમી z. છઠ્ઠો દિવસ.
ખસીઆનો, (s. क्लिश्), દેલમાં દુઃખી થતો. શર્માઇ ગયલો.
ખાકી, p.૧) મીટીનું બનેલું, હલકું. ૨) એક જાતનો તીર.
ખાકી તીર p. હલકાં અને નાહનાં માથાંવાલા તીર.
ખાજાં, (s. खाद्या), ખાજું, એક જાતની મીઠાઇ.
ખાંપણ, દોષ, બદનામી, ખરાબ આદત.
ખાલ, (s. खल्ल), ચામડું, પુસ્ત.
ખુઆન p. ખુમચો, થાળી, સ્થાલી.
ખુણશી, ખસ્યાનો પડીને, ઓશકાઇને.
ખુદ, p. પોતે.
ખુદી, p. મગરૂરી, ગર્વ.
ખુર, p. ખૂર, સુર્ય, ખુરશેદ.
ખુરેજ, p. ખંજર, કટાર.
ખુબશીરત, } p. સારી ખસલતનો,
ખુબસીરત, } સારા સ્વભાવનો.
ખેચર,(s. खेचर) ૧) પક્ષી; ૨ ખચ્ચર.
ખેત,(s. क्षेत्र). ખેતર. ખેડાતી જમીન.
ખેતીઓદથમ, જુવો નોટ ૧૭ મી. સફે ૨૩૪ મે).
ખેમા,(s. क्षमा), ખમીજવું, ખમવું, શોશવું.
ખોરદાદ, પારસી મહીનાનો ૬ ઠો રોજ; ત્રીજો મહીનો; પાણી ઊપરનો મુવક્કલ ફરેસ્તો.

ખુરશેદ સફેદ ચાદ બીછાવી, સુર્ય પ્રકાસ્યો.

ગ.

ગજદર, p. કરિયો.
ગનીમ, p. દુસ્મન, શત્રુ.
ગરગડી, આવાજ નીકલવો; હોહા થવી.
ગરદંનકશાં, p. પેહલવાનો, બહાદુરો, શૂરા લોકો.
ગરબ, (s. गर्व), ગરૂરી, અહંકાર.
ગરાડ, સખ્ત, મજબુત.
ગરેહે (s. ग्रह)નક્ષત્ર. [૨૩૦ મે).
ગરોથમાંન, જુવો નોટ ૫ મી, સફે
ગરોથમાની, ગરોથમાન બેહસ્તમાં વાસો કરનાર.
ગલીચો, (p. ગાલીચેહ, a. કાલીચેહ), બુટ્ટાદાર બેસવાનું બીછાનુ, કપડું.
ગલવુ, કલવું, થંડીથી અકડી જવું.
ગલેઆં, મધુર, સુરસ, મીઠું.
ગવેશ, p. વાણી, સાચું બોલવું.
ગાજ,(s. गर्ज), ૧) આકાશ ઉપર થતો ગગડાટ, મેઘ ગર્જના, ૨) ગાજવાજનો અવાજ, વજંત્રોનો સાથેં મેલાયલો આવાજ.
ગાલગલોથો, ગાલ અને ગલું, ગાલથી ગલા સુધીનો ભાગ.
ગાલ ગલાથો શાહવો, અચરત થવું.
ગાવ, p. ગાએ.
ગુખ,(s. गवाक्ष), હવા આવવાનો માર્ગ, ગોલ બારી; ઝરૂખો; માંડવો
ગુરૂબજન, (p. ગુર્બેજન્) ખીલાડી.
ગુલજાર, p. ગૂલજાર, બાગ, વાડી.
ગુઆદ ઇજદ, પવન ઉપરનો ફરેસ્તો.
ગૂરગીન, મીલાદનો પુત્ર.

ગૂરબજંદ, જુવો ગુરબજન.
ગૂરબાં, (*a.* ગુરબા), પારકાઓ, અંજાણ્યા લોકો, ગરીબ લોકો.
ગૂરેજ, *p.* નાહાશ ભાગ.
ગૂલ, (*p.* ગુલ), ફુલ.
ગૂલજાર, *p.* વાડી. [હમામ ખાનું.
ગુસલખાનું, *a.p.* નાહવાની જગો,
ગેંડા,(*s.* गेंडुक), દડો.
ગેડી, (*s.* गेंडु), દડી, દડો.
ગેબત, (*a.* ગીબત), ચાડી, નિંદા.
ગેરદ, *p.* ૧) ગોલ, ૨) આશપાશ.
ગેરદનવાઈ, ચોતરફ, ચેહારેગમ.
ગેરદ આશમાન, *p.* ગોલ-ફરતો આસમાન. [અદેખી.
ગેરીઅત, *a.* જુદાઈ, બેગાનાપણું;
ગેવ, ગોદર્જનો પુત્ર.
ગેહાંન, *pehl.* પારસીઓનાં ગુજરેલાંઓને દખ્મે લઇ જવાની કરકઠી; તાબુત, જનાજો.
ગોદ, (*s.* क्रोड), ઓલો, કોઠી.
ગોદરજ, *p.* } કેસ્વાદનો છોકરો,
ગોદરેજ, *p.* } ગેવનો બાપ.
ગોપાલ, *p.* લોહડાંનો ગુર્જ-ગદા.
ગોફતેગોએ, *p.* વાતચીત, વાત.
ગોરખર, *p.* ગધેડાંની શેકલનું એક જાનવરકે, જેનો શેકાર કરવામાં આવેચ. [બઇરી, બ્રાહ્મણી.
ગોરાંણી, (*s.* गुरु ઉપરથી), ગુરની
ગોરાબ, *a.* એક જાતનું વહાણ.
ગોશપેચ, *p.* પાગડી ઉપર લપેટવાનો પટકો.
ગોષ્ટ, (*s.* गोष्ठ), વાતચીત.
ગોસપંદ, *p.* બકરાં, ઘેટાં, નિર્દોશ
ગોહર, *p.* મોતી. [પ્રાણી.
ગોહરબફત, *p.* મોતીથી ગુઠી લીધેલું, મોતી સાથે વણેલું.
ગોહાઈ, *p.* ગવાહી, સાક્ષી.
ગોએઆ, *p.* કેહન, કથન, કેહવું.

ઘ.

ઘણેર, ઘણુજ, પુષ્કલ.
ગરેહ, (*s.* ग्रह), નક્ષત્ર. [મી).
ઘહમબાર, ગહમ્બાર.(જુવો નોટ ૨૦
ઘહવેર, *p.* ગોહર, મોતી, જહવાએર.
ઘહસ્તમ, *p.* નોજરનો છોકરો.
ઘાઘરો, (*s.* घर्घरा), ચણીઓ, તુમાન, લેંઘો.
ઘાહાટ, ૧)(*s.* घाट), આકાર, રૂપ. ૨,(*s.* घात), નુકસાન, હાની ભય. ૩,(*s.*घट्ट),ઓવારો, ડંકો, કીનારો.
ઘુંઘટ, (गुण्ठ ઉપરથી ?), બુરખો, પડદો,-નેત્રવસ્ત્ર.

ચ.

ચક, (*t.* ચિક), અંતરપટ, પડદો.
ચંગ, *p.* સિતાર, મોરચંગ, વીણા.
ચટક, (*s.* चेटक), ચેટક; હલકું, ઠગારૂં, મશ્કરબાજ.
ચંતવણ, (*s.* चिन्तावत्), વિચારવાલો, ગંભીર; દોલ, દેખાવ.
ચતુરસજાં, (*s.* चतुर-सज्जन), ચંચલ અને નેક માણસ.
ચથરે, (*s.* ચત્વરે), ચેહાર.
ચથરેદન, ચોથે દિવસે. [તાબ.
ચંદ, ચંદર, (*s.* चन्द्र), ચાંદ, માહચંદન, (*s.* चन्दन), સુખડ, સુખડનું ઝાડ.
ચંદરોજ, કેટલાએક દાહડા.

ચંદાલી, (s. चंदाली), હલકી જાતની; છુરી, લુચ્છી.
ચંપા, (s. चंपक), એકજાતનું ફુલ તથા તેનું ઝાડ.
ચભૂચા, (p. ચેહ-આબ-ચેહ), પાણીનો નાહાનો ખાડો, ચશ્મો, ઝરો, પાણીની કુંડી.
ચરખ, (p. ચર્ખ), રેહતીઓ,ચર્ખો.
ચરમ, (p. ચર્મ), ચાંમડું.
ચરમપોશ, (p. ચર્મ-પુસ્ત) ચામડું; ચામડાનો ચાબુક.
ચરમાઇન, (p. ચર્મીન), ચામડાના અસબાબ–સાજ સાથનું.
ચરવાદાર, અશ્વપાળ, ચારક.
ચલમચી, (h. ચિલમ્ચી), હાત ધોવાનું વાસન, તશ્ત.
ચાખ-ચાખ, (p. ચાક ચાક), ફાડી ચીડી નાંખેએહવા.૨,(t.ચાક) ફરમેહ, માતેલો. [વેલી કમાન.
ચાચી, p. ચાચ શેહેરમાં બનાચાત, તર્કુ, ચાતર્ડી, જેપર સુત્ર લપેટાએચ તે. [ગૃહ.
ચાદર, p. t. તંબુ, ખરગાહ, વસ્ત્ર-
ચીર, (s. चीर), કપરૂ, લેબાસ.
ચુંગાલ, p. પંજો.
ચૂ,ચુન, p.કેમ,કેહવી રીતે. [આંગડી.
ચૂડ, (s. चूडामणि), ચુડો, ચીતર,
ચૂના, p. કેમ, કેહવી રીતે.
ચે, p. શું, કોઈ ચીજ.
ચેચસ્ત, p. એક નદીનું નામ છે. જુવો નોટ સફે ૨૧૦ મે.
ચેલો. (p. ચિહ્લે), જ્યા, કમાનની દોરી. [વ, યોજના.
ચેસ્ટા,(s. चेष्टा), હીલચાલ, દેખા-
ચેહે, p. ૧) કુવો; ૨) ચિતા.
ચોક, h. ચોરસ-કુસાદે-ફરાખ-જગો.
ચોકૂડ, ચેહાર ખુણે, ચેહારે તરફ.
ચોગાંન p. દડાબાજી, દડો ફેકવાની લાકડી, બેત. [પાસ.
ચોગેરદ, s. p. ચેહારે તરફ, આસ-
ચોદશ, s. ચેહારે દિશા.
ચોરો, ચબુતરો.
ચેરાગ, p. દીવો. [ગરનું ઘર.
ચેરાગ વર વન ઘર, સારા ચેરાગ વ-

છ.

છતરપતી, (s. छत्रपति), પાદશાહ, શેહાનશાહ.
છલ, (s. छल), ઠગાઈ, મક્કર.
છાંછવવું, પતાવવું, ફોસલાવવું.
છાંડવું, } છોડી દેવું, તર્ક
છાંડીમેલવું, } કરવું.
છાલી,(s. शृगाल), કોહલું.
છેહે, સેહ, દગો, થગાઇ.

જ

જગર, (p. જીગર,s. यकृत्), મર્મસ્થાન. કલેજું.
જંગ સાજ, p. લડાઇનો અસબાબ; જંગની તયારી.
જંગી, p. લડાયક, પેહલવાન.
જંદ, જુવો નોટ ૨ જી સફે ૨૨૯ મે.
જન, p. ઓરત, બઇરી.
જનશા જનશી, } (p. જીન્સજીન્સ)
જનસા જનસી, } તરેહવાર, ભાત ભાતનું.
જનાની, p. ઓરતને લગતું.
જનેતાર, (जनित्री,जनयित्री), માતા, માએ. [હમેશાં, સદા.
જપલંગ, (यावत् અથવા यव-लम्बा)
જબુન, p. બુરો, બદબખ્ત; શેતાન.

જરજરી, *p.* સોનેરી, સોનાથી વણેલું, જર્બફત.
જરતાર, *p.* સોનેરી તાર--દોરાથી વણેલું, જર્બફત.
જરદ, *p.* પીળું, પીળા રંગનું.
જરદરૂ, *p.* રૂસ્વા થયલો, ફજેત થયલો, ફીકા ચેહરાનો.
જરબફતી, *p.* કાચોબી ભરતનું, ભરત ભરેલું, બુટ્ટાદાર.
જરી, *p.* સુણેરી, સુણાનું બનાવેલું.
જરૈદસ્ત, (*p.* જેરદસ્ત), આજેજ.
જલ જાએ, *s. p.* પાણીની જંગો, નદી, તલાવ
જવલ, કોઇ એકજ.
જવારે, *p.* જાલનો પુત્ર.
જવાલ, *a.* ખરાબી, નુકસાન.
જશન, *p.* તેહવારનો મોટો દીવસ, ઇદ, મેજબાની.
જશાલ, (*a.* યસાવલ), પાદશાહનો ચોકીદાર, દરબાન.
જહત, (*s.* झटिति), ઝડપથી, શેતાબ.
જહમુર, અકલાટ, ધભરાટ, ઉત્પાત.
જહ્લકાર, તેજ, ચલકાત.
જહરણ, (*s.* झर), ઝરો, પાણી વહવાનુ મૂલ. [તલ કરનાર.
જહરે, (*p.* ગરીએ), સ્યાવક્ષને ક-
જહવારે, *p.* જાલનો પુત્ર.
જહાલ, ઝાડની દાલ-શાખા.
જાણપણું, *s.* ગ્નાન, બુદ્ધિ ડાહપણ.
જાદવી, (*s.* यातु ઉપરથી), જાદુગરની, મક્કરબાજ ઓરત.
જાદુદાદકાર, *p.* જાદુનાં તરીકાનુ કાંમ, જાદુઇ; ફરેબ.
જાન બાજાંન-તન બા તન, જાન સાથે જાન અને તન સાથે તન, ધણીજ દોસ્તી, મોહબત, ચાહ.

જાંમ, (*s.* याम्य), જમણું, દક્ષિણુ;
p. જામ, પ્યાલુ.
જામ દશા, દક્ષિણ દિશા.
જાર, *p.* દેલગીરી, શોક, અફસોસ.
જારજાર, મોટો શોક, ઘણી દલગીરી.
જાંહાંખવું, ચીમાઇને જોવું, છુપી રીતે [જોવું.
જાહાલ, કર્ણ ભૂષણ.
જાઈ, (*s.* जाती), જાઇ-યાસમનું ફુ- [લ.
જાએ, *p.* જગો.
જાએગાહા, *p.* જગો.
જાએ જાએ, દરએક જગોમાં.
જાએઆં, *a.* ખરાબ, નાશ.
જાએઆં થવું, ખરાબ થવું, નાશ પામવું.
જીન-શાજ *p.* જીન ઉપર નાખવાનો અસબાબ, સાજ.
જીનહાર, *p.* ૧) ખબરદાર! હોસ્યાર રેહજે! ૨) કબુ નહીં.
જીણીથરી, *h.* ખબરાએલી, કઠણ બાલની બનાવેલી.
જુગાન જુગ, (*s.* यूग ઉપરથી), હમેશાં, સદા.
જુજવું, (*s.* यूद्ध), લડવું.
જુધ, (*s.* यूद्ध), લડાઈ, જંગ.
જુલા, *h.* સાથે.
જુલા ભાઈ, સાથે જનમેલા ભાઈ, સગા ભાઇ.
જૂગ જૂગ, (*s.* यूग ઉપરથી), હમેશાં, સદા.
જૂજ, (*s.* यूद्ध), લડાઇ, જંગ.
જૂઠ મૂઠ, જુઠું સાચું, જુઠું.
જૂદ, (*p.* જુદ), જલદીથી, શેતાબ, ઝડપત.
જૂલા, *h.* સાથે મલીને, એકઠા.
જૂજવું, જૂજવા, જુદું.

જાુહજવું, યુદ્ધ કરવો, લડવું.
જાુહુમન, જાુહુમન્નુ, જીનના આગલા ભાગપર પકડવાનું હોયચ તે.
જાુઇ, (*s.* यूथि), જાઇ-યાસ્મનનું [ફુલ.
જોરદસ્ત, *p.* આજોજ.
જેરદસ્તાંન, *p.* હાત નીચેનાઓ; દુર્બલ લોકો, ગરીબ લોકો.
જેહાંપેહેલવાંન, *p.* દુન્યાનો પેહલવાન, પેહલવાનોમાં ઘણોજ ચડતો; રૂસ્તમનો લકબ છે.
જેહેત, (*s.* झटिति), જહત, ઝડફ.
જોત, (*s.* ज्योतिस्), પ્રકાશ, ઝલકાત, તેજ. [જબરદસ્તીથી.
જોર, *p.* કુવત. યત્ન કોશિશ. ૨)
જોહોલી, (*s.* दोलन), હીચકો.

ટ.

ટકલવું, ૧) હોમલો-ધસારો કરવો. ૨) બદ દોઆ દેવી.
ટીક, (*s.* तिलक), ટીલો; ચાંલ્લો.
ટીકી, ટીલી.
ટીપ, જડ, ઠુંઠું, શિતલ.
ટોપ, લડાઇને વખતે પેહરવાની લોહડાંની ટોપી.

ઠ.

ઠાંશવું, ધુંધલાવવું, ગલુ દાબવું.

ડ.

ડંકો, (*s.* ढक्क), ઢોલ, નગારૂ.
ડમાંમું, (*s.* डमरु), નાહનું ઢોલ.

ત.

તકબીર, *a.* કર્બની કામ કરતી વખતે "ખોદા બુઝોર્ગ છે" એવું બોલવું; ખોદાનું નામ લેવું.
તકલ, (*s.* तर्कु), ચાતરી, ચાત.
તખ્ત-રવાં, *p.* હાથી અથવા ઘોડા ઉપર બાંધી શકાય એહવુ તખ્ત, [અમારી.
તજારક. સજા.
તડકો. તુંદી; ગુસ્સો.
તન, *p.* બદન, અંગ. [કમર.
તન નાભ, બદનનો વચલો ભાગ,
તને-તન, દરેકજન, સઘલા લોકો.
તફરગાહા, (*a.* તફરિકેહ) વેરી વીખરી-નાખવું, નાશ કરવો.
તબર, *p.* કોવાડી.
તબરૂક, (*a.* તબરરૂક) મોટા માણસને અર્પણ કીધેલી વસ્તુમાંથી બાકી રહેલુ તે; પવિત્ર પ્રસાદ.
તબલ, તબર. જુવો તબર.
તબલ, (*a.* તબ્લેહ) ઢોલ, નકારૂ.
તબાક, *a.* મોટો ખુંચો; કઠરોટ.
તરકસ, (*p.* તર્કશ) તીરનો ભાથરો.
તરભોઇઆ, (*s.* तरु-भांड), ઝાડનાં કુદાં, ઝાડનાં વાસન.
તરભોઇઆ વાસ, ઝાડનાં કુદાં મુકવાની જગો.
તરાડ, બાંગ, પોકાર.
તરૂષ્ટમાંન, (*s.* तुष्टवत् નો બગડેલો રૂપ છે), ખુશી, સંતુષ્ટ.
તરૂસ, (*p.* તુર્શ), ખાતુ, દેલગીર.
તરોડવું, (*s.* त्रुट्), તોડવું ભાંજવુ
તલાક, *a.* છુટા છેડા કરવા, છુટુ પડવુ.
તલાએઆ, (*a.* તિલાયેહ), રાતે લશકરની આશપાશ ચોકી કરનાર.
તલે, (*s.* तले), નીચે.
તલેશમ, (*a.* તિલિસ્મ) ચમત્કાર.

તલેશમગાર, ચમત્કારબતાવનાર, જાદુગર. [સૂત્ર.

તાગ, (*p.* તાર, તા), દોરો, ધાગો,

તાજબખ્શ, *p.* તાજ બખ્શનાર, રૂસ્તમનો લકબછે.

તાબુદ ⎱ (*a.* તાબૂત), ૧) કાલબુદ,
તાબૂદ, ⎰ મુર્દુ; ૨) મુર્દાની પેટી.

તાંઇ, ત્યાં, તાંહાં. [વો ખદંગ.

તીરે ખતંગ, (*p.* તીરે ખદંગ), જુ-

તીરે ખાકી, *p.* જુવો ખાકી તીર.

તુજારક, સજા.

તૂમન, જુવો તુમાન.

તૂરી, *p.* તુરાંની, તુર્કસ્તાનનો રેહવાસી.

તૂશબાંનુ, તૂસની બઇરી. [વાસી.

તેજી, *p.* ૧ ઝડફ. ૨ ઘોડો.

તેહેડી, આંખનાં ભવાં; કપાલ.

તો, *p.* તું. [બચ્ચુ.

તોખમ, *p.* ૧) બીજ. ૨) ઓલાદ.

તો જાઇ મારાબાદ, *p.* એ વાક્ય બગડેલોછે "તુને હમારી તરફથી દોઆ હોજો".

તોશાખાનુ, (*p.* તોશેખાને), ભાથુ, મુસાફરીનો અસ્બાબ.

થ.

થરે, (*z.* ત્રિ) ત્રણ.

થરે-દંન, ત્રણ દિવસ.

થઇ-થઇ, રંગ રાગનો આવાજ, ખુશીનો પોકાર. [બેઠક.

થાંણે, (*s.* स्थान), મકાન; ચોકી;

થાલ, (*s.* स्थाल), થાળી; ખુમચો.

થુરમાં (*p.* તિર્મેહ), ઘણીજ ઊંચી શાલ, કેશમીરી શાલ.

દ.

દડપ, (*s.* विटप), શાખા, ડાલી.

દંતૂશલ, (*s.* दंतुल-शूल), "મોટા દાંત; હાથીના આગલ નીકલી આવેલા દાંત.

દદડી, ગરબર, હોહાનો પોકાર.

દદમાંહાં, (*p.* દર્મિયાનનો અપભ્રંશ છે) વચે, અન્દર.

દંદા, *p.* દાત.

દબીર, *p.* નવીસન્દો, મુનશી, મેહતો. [ચોકસ માપ.

દમાનક. *p.* એક જાતની બંદુક છે;

દમામૂ, (*p.* દમામા, દમામે) ઢોલ. નગારૂ.

દમાવંદ, એક પાહાડનુ નામછે. જુવો નોટ ૪ થી, સફે ૨૨૯ મે.

દરદડી, દોડાદોડી, આવજાવની ભીર.

દરંદશેર, (*p.* દરન્દેશીર), ફાડી ખાનાર વાઘ.

દરંદેહ, *p.* ફાડી ખાનાર.

દરીદ, *p.* ફાડી નાખ્યું.

દરેગા, *p.* અફસોસ ! હાય, વાય.

દરેમેહેર, અગીયારી. જુવો નોટ,

દરોગ, *p.* જૂઠું. [૧૯૬ મે સફે.

દરોડવું, (*s.* द्रु), દોરવું.

દશમી, *p.* દશમે દિવસે.

દસ્ત, ⎱ *p.* ⎱ હાથ.
દસ્ત, ⎰ ⎰

દસ્તક, *p.* બારનાનું કરૂ; દરવાજો ઠોકવો.

દસ્તપંજા, હાથનો પંજો.

[જાલનો લકબ છે.

દસ્તાન, (*p.* દસ્તાન), મક્કર, ફરેબ;

દસ્તાર, *p.* પાગડી, માથે લપેટવાનો

દહ, *p.* દશ. [પટકો, શાલ.

દહદવાજદહ, *p.* દશ કે બાર.

દહ દવાજ દહ-હજાર, *p.* દશ બાર હજાર.

દહુંન, *p.* મોહડું.
દહમઈજદ, એક ફરેસ્તાનું નામછે.
દહાંન, *p.* મોહડું.
દઈત, (*s.* दैत्य), રાક્ષસ.
દએઆદાન, (*s.* दयादान), દયાનું દાન; મેહરબાની
દએઆપાલ, દયાથી રક્ષણ કરનાર.
દાદ, *p.* બક્ષેશ; ઇનસાફ.
દાદેઈલાહી, *p.* ખોદાઇ બક્ષેસ, કુદરતથી મલેલી વસ્તુ.
દાન, (*s.* दान), બક્ષેસ, સખાવત.
દામન, *p.* કોઇબી વસ્ત્રનો ઝુલતો આગલો ભાગ.
દામાદ, *p.* જમાઇ.
દારદ, *p.* રાખે.
દાવર, *p.* ઈનસાફ કરનાર, ન્યાયધીશ.
દાવરી, *p.* ઈનસાફ.
દાવો, દાહવો; શેતાનદાહવો કરવો, શેતાનને દાહમા હાત ઉપર નાખવો, મનમાથી બદ વિચાર કાહડી નાખવો.
દાશાંનદાશ, સેવકોનો સેવક, કમતરીન બંદો.
દાસ, (*s.* दास), સેવક.
દાહાનો, (*p.* દહાનેહ), લગામની જીભી, હોંઠી.
દીગર, *p.* બીજું, દ્વીતીય.
દીદ, *p.* જોયું; આંખ
દીદવાની, *p.* ચેહરો; કપાલ.
દીદાંની, પેશાની, કપાલ.
દીન, પારસી માસનો ૨૪ મો રોજ; ધર્મ ઉપરનો મુવક્કલ ફરેસ્તો.
દીનર, (*s.* दिनकर), સૂર્ય, ખુરશેદ.
દીવાનગરી, *p.* વજીરાઇ, પ્રધાનપણુ
દીડી, *p.* તે આપ્યું.
દુખતર, *p* પુત્રી, બેટી.
દુજુખતે, *z.* બુરૂ બોલવુ, બદસુખન
દુજુઅરેસત (*z.* દુજ-વર્સ્તે), બુરૂ કામ કરવું.
દુસમતે. (*z.* દુશ્મત), બુરૂ વિચારવું
દૂહા, (द्वौ-हाहा), રૂદન, વાએવેલાનો આવાજ.
દેજ (*s.* देय), પહ્લુ, સ્રી તરફથી ભતારને મલેલું નાણુ.—રીત.
દેલગેરાં, *p.* ભારી મનનાં, મન ઉચાત, દેલગીર.
દેલજદા, *p.* તુટેલા દેલના, નાઉમેદ.
દેવર, (देवर), દેર, ધનીનો નાંહનો ભાઈ.
દેવાંન, *p.* વજીર, પ્રધાન.
દેશ, (*s.* आदेश), હોકમ, ફરમાન.
દેહેજ, જુવો દેજ.
દેહેરો, (देवगृह), દેહરૂ. ૨ તંબુ, વસ્ત્રગૃહ.
દોગડી, (*s.* दूकुल), ઉપરનું વસ્ત્ર, દગલી.
દોરબાગ, ઘોડાની ગરદનમાં બાંધવાનુ દોરડુ.
દોશાલા, (द्वौ-शाल), દોશાલો, ખાંધ ઉપર નાખવાની પીછોડી.
દોહેલા, દોયલા, દેલગીર.
દોઆતશી, બે આતશ ધરાવનાર. જુવો નોટ ૨૨ મી, સફે ૨૩૭ મે.
દોઆર, (*s.* द्वार) બારણું દરવાજો.

ધ.

ધક, (*s.* धिक्), છીત. ધિક્કાર હોજો તારા ઉપર.
ધરમ આતમા, (धर्मात्मन्), પવિત્ર, નેક, ઇનસાફી, વાજબી રીતે ચાલનાર.
ધરાશ, ભય.

ધાવવું, (*s.* धाव्), દોરવું, દરોડી આવવું. [હી, કાલાસ.
ધૂકલ, (*s.* धू-कर), અંધારૂ, સિયા-
ધૂર, (*s.* धुरी), પાશે, આગલ,
ધૂઆર, (*s.* धू-कर), ધૂમસ.
ધૂઆરી, *s.* ધુમસ વર્ષાવનાર દેવ.

ન.

નકલંકી, (*s.* न-कलंक), દાધ વગરનો, પાક, પવિત્ર.
ન કલંગ, ન કલંક, દાધ વગરનો.
નકશોરૂ, નસ્કોરૂ (*s.* नासिका रंध्र), નાખનું છિદ્ર.
નકાશલ, ખાલેશ, પવિત્ર, સ્વચ્છ.
નખશ, (*a.* નક્શ), ચિતાર; બુજોર્ગી.
નખેતર, (*s.* नक्षत्र), નક્ષત્ર.
નંગરી, (*p.* લંગ), લંગ્રી, મોટું છાલકું વાસન. [કારૂ વજાડનાર.
નગારચી, *p.* નકારચી, ઢોલી, ન-
ન છેદ, માયા ઉતારી નાખેલો, અભાવ કીધેલો.
નફીરીદાર, *p.* લશકર એકઠું કરવાને રણશિંગડું વજાડનાર.
નફીરી, નપેરી, } (*p.* નફીર), રણ શિંગડું.
નભાઈ લેવું, નિભાવી લેવું, સાચવવું, જાલવવું, તપાસ રાખવી.
ન મોહોએઓ, દેલગીર, અનમનેઓ.
નરમલ, (*s.* निर्मल), સ્વચ્છ, સાફ.
નરાપંખી, (*s.* निर्-अपेक्ष्), વગર સંબંધની.
નરાપંખીવાત, વગર સંબંધની વાત.
નરાસ, (*s.* निराष). નાઉમેદ.

નવમી, (*s.* नवमी), નવમ, " નવમો દિવસ.
નવરત. (*s.* निभृत), નવરી જગો.
નવરોધી, (*s.* न-विरोधी). અવિરોધી, કીના વગરનો, ખાલેસ મનનો. [છોકરો, દોહિત્ર.
નવાશો, (*p.* નવાસેહ), છોકરીનો
નવીસંદો, *p.* લખનાર, મુનશી.
નશાશાલાર, મુર્દું લઈ જનાર, ગુજરેલાનાં કાલબુદને ઠેકાણે પોહોચાડનાર.
નસલ. *a.* ઓલાદ, ખાન્દાન.
નસવારત, (*s.* न-स्वार्थ), અસ્વાર્થ. વગર મતલબનું, ફોકટનું.
નઇના, (*s.* नयन), આંખ.
નાન, *p.* રોટી, રોટલી.
નાપદીદ, *p.* ગુમ થયલું.
નાપેદ, *p.* ગુમ, નીસ્ત, નાબુદ.
નાફ, *p.* નાભ, ડુંટી.
નાબૂદ, *p.* નીસ્ત, નાશ પામેલું.
નાભ, (*s.* नाभ), ડુંટી, મધ્યભાગ.
નામઇજદ, *p.* સલામ, ખોદાનું નામ લેઇને કોઇનેખી દોઆ ચાહવી, સલામ કરવી.
નાલ, (*s.* नाडी), ધાર, રેલો.
નાવ ખોદા, (*s.* नौ. અને *p.* ખોદા) કસ્તી બાન.
નાશકા, (*s.* नासिका), નાંખ.
નાસવાબ, *p.* *a.* બુરૂ. ખરાબ.
નીખ, નીક, નાલું.
નીડાળ, નીદાલ, } (*s.* निटल), કપાલ.
નીર, (*s.* निर), પાણી. [નાખવો.
નીરવું, નાખવું, ગાય ઢોરને ચારો

નૂર, *a.* રોશની, ચલકાટ.
નેત, (*s.* नित्य), સદા, હમેશાં.
નેન, (*s.* नयन), આંખ.
નેરીઓશંગ, એક આતશનું નામછે જુવો નોટ, સફે ૨૩૭ મે. [મંદ.
નેવ, (*p.* નીવ), જોરાવર. કુવત-
નેવર. (*s.* नूपुर), પગની ઘુંટી અથવા અંગોઠા ઉપર વીંટીના આકારની જનસ પેહેરેછે તે.
નેશ, *p.* (નીસ્ત); નાબૂદ.
નેહેજ, ખચીત, જરૂર.
નેહાદ, *p.* બદન, વજૂદ. [જોવું.
નેહાલવું,(*s.* निहारण), નિહાલવું,
નેઆવ, (*s.* न्याय), ઇનસાફ; સ-
નો, *p.* નવું; તાજું.[ચ્યાઇ, નીતિ.
નોતર, (*s.* निमंत्रण),ઇજન, તેડૂ, આણું.
નો નો, *p.* નવું નવું, તરેહવાર.
નોબત, *a.* રાજદ્વારપર ચોકસ વખતે વજાડવાનાં ઢોલ, સદાંનાં.
નોબીકર, *p.* *a.* જવાનીમાં આવેલી ઓરત, કન્યા.
નોરાજમોહોલ, રાજાનો નવો મોહલ—અએવાન. [સફે ૫૫ મે.
નોશ-મએ, નોશ દારૂ. જુવો નોટ,
નોશેર, *p.* નવો ઊછરેલો વાઘ.
નો હજાર, નવહજાર.

પ.

પંખાલવુ, (*s.* प्रक्षालन),ધોવું, સા-
પંચ, (*s.* पंचन्), પાંચ. [ફ કરવું.
પંચમી, પાંચમ, પાંચમો દિવસ.
પંચરથી, પાંચ રથનો ?
પચીશી, પચીશ વર્ષનું. [બાંધવું.
પછવાઇ, પાછલો ભાગ; પાછલથી
પજ, શર્બત.
પટકો,(*s.* पट्टक), પટ્ટી, પાઘડીનું
પટુલી, ઉણનું કપડું. [કપડું.
પટુલાં, ઉણનાં કપરાં.
પડઘાહા, (*s.* प्रतिघात), પ્રતિશબ્દ.
પડ ઉતર,(*s.* प्रत्युत्तर), જવાબ.
પતેત, *p.* પ્રાયશ્ચિત, ગુનાહથી પાછુ ફરવાની કબુલાત, તોબાહ કરવી.
પતેત પશેમાંની, જુવો નોટ, સફે
પદીદ, *p* જાહેર, આશકારા.[૭૦ મે.
પનામે, *p.* [પ-નામ), નામથી, નામની મદદથી, નામ લેવા સાથે.
પરછવીનેલેવું, પરછવુ, (*s.* पर-ईक्ष्) પરીક્ષા કરવી, પારખવું. તપાસવું; વિચારવું.
પરઠવું, સ્થાપવું, મુકરર કરવું.
પરઠણ, સ્થાપના.
પરડો કરવો, ડેડાવ કરવો. [રોશની.
પરતાપ, (*s.* प्रताप), તાપ, ગરમી,
પરદખણા(*s.* प्रदक्षिण), પવિત્ર વસ્તુની આશપાશ તેની જમની તરફથી આંટા ફરવા.
પરભાવવા = નપ્રભાવાન,(*s.*प्रभावत्) પ્રકાશિત, તેજવાલું.
પરભો,(*s.* प्रभू), ઇશ્વર, સાહેબ.
પરમાનગી, (*p.* પરવાનગી), હોકમ આગ્ના.
પરમોધ, કુશલ, નિપુણ, ચાલાક.
પરવર, *p.* પાલનાર, રક્ષણ કરનાર, ઓદા. [લનાર.
પરવરદેગાર, પરવરેશ કરનાર; પા-
પરવાલી, (*s.* प्रवाल), એક જાતનુ જોહર છે. પરવાલું, મંરજાન, રત્નવૃક્ષ.

પરસાધ (s. प्रसाद), ખોરાક, ખા-
[નું, ભોજન.
પરહેજ, p. દુરી.
પલાં, શાલ અથવા છીંટનું કપડું; કપડાની કોર.
પલાંણ, (p. પાલાન), ભારબરદારી જાનવર ઉપર નાખવાની ઓગી-ર—જીન.
પલાંની, (p. પાલાન=ભારબરદારી જાનવર ઉપર નાખવાનો સામાન—જીન), જેની ઉપર પાલાન નાખવામાં આવેચ તે, ઘોડો, બેલ, ખચર, ઊંઠ ઈત્યાદિ.
પલેવ, (s. पलान्न) પલાવ, પોલાબ.
પલો, દામન, ચાર, પેહરનનો ઝુલતો ભાગ.
પશગેબત, (p. પસગએબત), પીઠપાછલની બદગોઇ, નાલેશી, નિન્દા.
પશેમાની, *paz.* પ્રાયશ્ચિતને લગતું.
પસંગ—અખુઆન, (*pehl.* પાષૂમ અખ્વાન) ઘણુંજ ઊત્તમ મકાન, બેહેસ્ત.
પસ્તાં, (p. પિસ્તાન) સ્ત્રીની છાતી.
પસમ, (s. पश्चिम), આઠમનદિશા.
પસંમ, (p. પશ્મ), ઊણ.
પહડી, પેહડી, નીસરણી, દાદર.
પહરેરી મુકવું (s. प्र-ईर्), તજી દેવું, હાંકી કાહડવું.
પહલીઆલો, (s. पेलन અથવા प्र-हृ), હોમલો, ધસારો; ગુસાથી બોલવું.
પએગામ, p. ખબર, સંદેશો.
પએગામ, (p. પએકાન), તેજા અથવા તીરની અણી.
પએદરપએ, p. એક પછી એક, વારાફરતી.
[ક અને ગુણી.
પાકગુણી, નેક ગુણ ધરાવનાર; પા-
પાખર, હાથી અથવા ઘોડા ઉપર નાખવાનું લોહોડાનું બખ્તર.
પાખરવું, ઘોડા અથવા હાથી ઊપર બખ્તર નાખવું.
પાટ, (s. पट्ट), તખ્ત, બેઠક.
પાદફરાહ, *paz.* બુરાં કાંમનો બદલો, સજા.
પાદર, ગાંમની હદ્દ—સીમા.
પાદશાહાવાર, p. પાદશાહને લાયકનું.
પારખૂ, (पर-ईक्ष्), પારખ, તપાસ, અનુભવ.
પાવ, *paz.* પવિત્ર, સ્વચ્છ.
પાવલો, પૂલ.
પાશોખ, p. જવાબ, ઉત્તર.
પાહાણ, (s. पाषाण), પત્થર.
પાએ, p. પગ.
પીતાંબર, (s. पीताम्बर અથવા पट्टाम्बर), પીળા રંગનું રેશમી કપડું અથવા કોઈબી રેશમી કપડું.
પીર, p. ઉમરે પુગેલો, ડાહયો, વૃદ્ધ.
પીરોજ, (p. ફીરૂજેહ, પીરૂજેહ, s. पैरोज), વૈદુર્ય, આસમાની રંગનું એક જવાહેર છે.
પીરોજગર, p. ફતેહમંદ.
પુરબ, પરબ, (s. पूर्व), પેહલાં; ઊગમન દિશા.
પુરસેસ, (p. પુર્સેશ), પ્રશ્ન, સવાલ.
પુસ નખેતર, (पुष्यनक्षत्र), આઠમું નક્ષત્ર.
પૂખ, (s. पक्ष), બાજુ, તરફ.
પૂરબી, (s. पूर्व), પેહેલાં, આગમજ
પૂરશીસ, જુવો પુરસેસ.
પેજણુ, પગે પેહરવાની જનમ.

પેતા, (s. पिता), બાપ. [લાડ.
પેલાડ, પેલીગમ. જુવો ઓલાડ પે-
પેશ, p. પાશે, આગલ.
પેશરો, p. } અગ્રગામી, લશકરનો
પેસરો, } સરદાર.
પોપઇઆ, દામ, દાધ, ફુલ્લા.
પોરીઓદકેશ, (z. પએ.ઇર્યોકએષ) આગલો મહજબ, હજરત જર-થોસ્તની આગમજનો ધર્મ.
પોલાબ, જુવો. પલેવ.
પોહોંચી, ચુડી, બાંગડી.

ફ.

ફરસંગ, p. ત્રણ માઇલ.
ફરસ, p, ફારસી ભાષા.
ફરઅરદીન, p. પારસીઓનો પેહલો માસ; ૧૯ મો રોજ.
ફીટ, ધિક્કાર; શાપ, બદ દોઆ, ફી-
ફીટકાર, લઆનત. [ટકાર.
ફીટફીટ, લઆનત. [ઝરો,
ફૂઆદો, ફુવારો, પાણીનો ચસ્મો,
ફોક, કચરો, નકામી ચીજ, પોકલ ચીજ.
ફોફલ, (s. फोफल), શોપારી.
ફોઇ, ફુઇ, બાપની બેહેન.

બ.

બખ્તરી, p. બખ્તર પેહેરેલો, સિપાહી, લશકરી.
બગર, વિના, સિવાય, વગર. [પાડ.
બજાઆર, p. બજાવી લાવ, પાર
બદ, બદ્દ, નઠર, સંગીન, ૨ બુર, ખરાબ. [ભાવનો, બદજાત.
બદગોહર, p. બદખો, ખરાબ સ્વ-
બદમનસા, ખરાબ મનનાં, કચવાયલા મનનાં.
બંધમ, (s. बन्धु), ભાઇ; સગો.
બંન, (a. બન્, બિન્) છોકરો.
બબર, (p. બબ્ર) એક જાનવરનું નામ છે.
બબરેબેઆંન, p. બબર જાનવરનાં ચાંમડાંનું બનાવેલું બખ્તર. જુવો નોટ, સફે ૧૦૫ મે.
બંમ, (p. બામ) રોશન, પ્રકાશિત.
બર, p. ઉપર. [ચાવલ.
બરંજ. (બિરંજ). ચોખા, શાલિ,
બરહમ થવુ, p. ગુસ્સે થવું.
બરાડ, (s. विराध), ચીઢ, ઝાંઝ; સંતાપ. [હલો.
બરૂજ, (p.બુર્જ) ઊંચી જગો, કિ-
બહરમાવું, ગુસ્સે થવું, લાંમ તાંમ
બાક p. ભય, બીહીક. [બોલવું.
બાગ, (s. वागा.), લગામ.
બાગદોર, ઘોડાની ગરદનમાં દોરડું બાંધિય તે. [રત.
બાજારણ, લુચ્ચી, બુરી-ખરાબ-ઓ-
બાદ, p. ૧, હોજો, થજો. ૨, પવન.
બાદશાહવાર, p. પાદશાહને લાયકનું.
બાધું, બાંધ્યું.
બામદાદગાહા, p. સહવારનું પોહોડ.
બાલાતંન, p. ઊંચા કદનો.
બાંહે, બાંહાં, (s. बाहु), બાજુ.
બાંહે દેવી, મદદ કરવી.
બીન, (a. બન) છોકરો, પુત્ર.
બુખ્તાર, pehl. બખ્શનાર, વેહેંચી આપનાર.
બૂડી, h. અની, નેજાનો છેહલોભાગ.
બુધ, (s. बुध), બુધ નામનો ગ્રહ, સૌમ્ય, તીર.
બૂરજીગર, (p. બરજીગર), ફેરેસ્તા.

બુરીદેહ. કાપ્યું; કરડયું.
બેગોએદ, *p*. કેહે, બોલે. [સંતાપી.
બેદમાગ, (*p*. બીદમાંઘ), ચોઢયો,
બેબાહા, *p*. ઘણુંજ ઉચું, કીમતી.
બેવર, (*z*. બએવરે) દશ હજાર.
બેવર-લાખ (બેવર-અને *s*. लक्ष),
બેવર-હજાર, એક ક્રોડ. [૧ અબજ.
બેશોએદ, *p*. ધોઈ નાંખે, ધોએ.
બેહે, *p*. ભલુ, સારૂ.
બેહેરાંમ, *p*. પારસીઓનાં દરએક માસનો ૨૦ મો રોજ. ૨, એક ફરેસ્તાનું નામછે.જુવો નોટ,સફે
બોહોતેર-તારી, કુસ્તી. [૧૯૩ મે.

ભ.

ભતીજ, (*s*. भ्रातृज), ભત્રીજો.
ભમરા, જુવો જમરો.
ભવ (*s* भव), તું થજે.
ભવેસટ, (*s*. भविष्यत्), જે થવાનું છે તે; ભાવ, ભવ્ય.
ભાટ, રાજા અથવા મોટા લોકોનાં વંશની સ્તુતિ ગાનાર કવિ, માગધ, વંદી. [તા, ગરીબ.
ભૂખંડી, (*s* बुभुक्षित), ભુખે મર-
ભેજ, ભેજું, મગજ.
ભોમીઓ,(*s*. भौम्य), રસ્તા દેખાડનાર, માર્ગ દર્શક.

મ.

મકનો (*a*. મિકનઅ), બારીક ઊચા કપડાંનો પરદો જે ઓરતોનાં માથાંથી તે પગ સુધી નાખવામાં આવેચ, બુરઓ; હાથી ઉપર નાખવાની પાખર.
મકરજનો, *p*. ફરેબદાર ઓરત, મક્રરઓર, હીલાબાજ. [ધારણા.
મગજી, *p*. ૧ કોર, ઝાલર. ૨, નેમ,
મગરેબ, *a*. આઠમન દિશા.
મગરેબી, આઠમન દિશાનુ; પશ્ચિમ તરફનાં દેશમાં બનેલુ.
મચકોડવું, મોહડું ચઢાવવું.
મજમર, *a*. આફરગાન્યું, ધુપદાન, ધૂપ પાત્ર.
મજમૂન, *a*. મતલબ, સાર, તાત્પર્ય.
મજાલશ, *a*. મંડલિયો, સભાઓ.
મદ, (*s*. मद्य), શરાબ, દારૂ.
મંદર, (*s*. मंदिर), અએવાન, મહોલ. મકાન. [મ્મો.
મદાર, *a*. મધ્ય બિંદુ; જોખમ,જુ-
મદીઠ, (મ = નહીં; દીઠ = દૃષ્ટિ),નહી જોવું, ધિક્કાર બતાવવો.
મધેઆન, (*s*. मध्यान्हे), બપોર, દિવસનો મધ્યભાગ; અર્ધી રાત્ર.
મન, *p*. હું.
મનશા, (*s*. मनस्), મન, હૃદય.
મનીશ,(*s*. मनुष्य), માણસ, આદમ જાત.
મનેશ, *p*. વિચાર, દેલ, હૃદય.
મબાહ, પુષ્કળ, ઘણું.
મરકલીઓ કરવું, હસવું.
મરગ, (*p*. મર્ગ), મોત, મરણ.
મરજાદ, (*s*. मर्यादा), હદ; પદ્ધી, દરજ્જો; ખરે માર્ગે ચાલવું.
મરદંગ, (*s*. मृदंग),એક જાતનુ લાંબું ઢોલ. [વાત.
મરમ, (*s*. मर्म), છુપી વાત, ગુઢ
મરગ, (*s*. मृग), હરણ.
મલણ, (*s*. मेलन), મેલાપ,

મલપતા, સાથે, સાથે મલીને.
મશક, (*a.* મશ્ક), પખાલ.
મશહુર, *a.* પ્રખ્યાત, વખનાયલુ.
મસ્ત, *p.* મસ્તીપર આવેલો, મસ્તાનો.
[રેશમી કપડું.
મસરૂ, (*a.* મશરૂઅ) એક જાતનું
મએ, *p* શરાબ, દારૂ.
માજુર, } અંધો, નાબીના, આંધળો.
માજૂર, }
માડી, માળ, માર્યો.
માદર, *p.* માએ, માતા. [પણુ.
માંનંદ, *p.* જેવું; મિસાલ, સરખા
માંમલો, (*a.* મુઆમલહે), કામ; વહીવટ, ચાલચલન, વ્યવહાર.
મારફત, (*a.* મારેફત), હેકમત, કલા; સાધન.
માશ, (*s.* मास,मास्), ગોસ્ત.
માહ, *p.* } ચંદ્ર, મહીનો, માસ.
માહા, *p.* }
માહાજંન, (महत्—जन), મોટા
[માણસો.
માહાઇ, જુવો માહી.
માહાઈ મુહુરતી, મછીના દેખાવનું.
માહી, *p.* મત્સ્ય, માછલી.
માહી દાંત, મચ્છીનાં દાંત; દર્યાઇ ઘોડાના દાંત. [કામું.
મીડીઆ, (*s.* मिथ्या),ફોકટનું, ન-
મીન, (*p.* મીના), મીનો, દેવાલ ઉપર શોભીતાં ચિત્ર પાડવાને સારૂ બનાવેલો કાચના જેહવો ઘણો તેજ મારતો પદાર્થ.
મીઅજદ, (*p.* મુજદેહ), મુબારકબાદી, ખુશ ખબર.
મુશક, *p.* કસ્તુરી.
મુહૂરત, (*s.* मुहूर्त), ૧૨ ક્ષણ અથવા ૪૮ મીનીટ; ૨ સકુન.
મુહુરતી,(*s.* मूर्त्ति), પુતલું, શકલ, બુત, દેખાવ.
મુકતાતમાં, (*s.* मुक्तात्मा), મુક્તિ પામેલા આત્માવાલુ, ધર્મી.
મૂકરીને, મુવુ કરીને, મુવેલુ કરીને.
મૂનશફદાર, (*a.* મુન્સિફ-દાર), ઈન્સાફ કરનાર, ન્યાયાધીશ; પ્રમાણીકપણે ચાલનાર.
મૂનશફ, (*a.* મુન્સિફ), વાજબી ઇનસાફ કરનાર.
મૂરગ, (*p.* મુર્ગ) મરઘો, કુકડો.
મૂરદે, *p.* મુવેલું.
મેડક, (*s.* मण्डुक), દેડકો.
મેર, માર [બાદનો છોકરો.
મેલાદ, ગુરગીનનો બાપ અને કો-
મેલો થાઇ રેહેવું, મલી જવું, શામેલ થઇ રેહવું.
મેહે, (*s.* मेघ), વાદલાં.
મેહર, (*s.* मेघकर), વાદલું.
મેહેર, *p.* ૧, ખુરશેદ; ૨, પારસીઓના મહીનાનો ૧૬ મો રોજ અને સાતમો મહીનો; ૩, એક ફરેસ્તાનું નામ છે.
મેહેરગાન, *p.* પાણીના ચરમાનું નામ છે. જુવો નોટ, ૭ મી, સફે
મોઘર, મોઘરાનું ફુલ. [૨૩૧ મે.
મોત, (*s.* मुक्ता,मौक्तिकं), મોતી.
મોબેદ, *p.* ધર્મગુરૂ, ફિલસુફ, પ્રધાન, વજીર.
મોબેદાન મોબેદ, *p.* વડો ધર્મગુરૂ.
મોરચાંગ, (*s.* मूर्छा), ચક્કર, બેહોશી, બેશુદ્ધિ.
મોહોણુ, પ્યારો.
મોહોર, (*z.* માઓહ-ગઓચિત્ર) માહતાબ, ચંદ્ર.
મોહોર, છાપ, પાદશાહી નિશાણ.

ર.

રખણી (*s.* रक्ष्), રક્ષણ કરનાર.
રખશ, *p.* ઘોડો. અથવા, રૂસ્તમના ઘોડાનું નામ. [ખાંનુ.
રખોતો, (*s.* रक्ष् ઊપરથી), કઅેદ
રંગબેરંગ, તરેહવાર, જાત જાતનું.
રંગરંગ, *p.* ઘણી તરેહનું, જાત જા-
રડચો, દચકાં. [તનું, વિચિત્ર.
રણ જીહીત, જંગ ફતેહ કરનાર.
રતી, (*s.* रति), ૧, મોજ મજાહ, પ્યાર, નસીબ, ભાગ્ય.
રદાંન, *p.* દેલાવરો, પેહલવાનો, વિદ્વાનો; વડો ધર્મગુરૂ.
રદે, (*s.* हृदय) દેલ, હૃદય.
રમલ, *a.* પાશા નાખી ભવિષ્ય જોવાની વિદ્યા.
રલીઆંણ, રૂદન ? [ખુશ કરનાર.
રલીઆત, રમ્ય, રલિયાત, મનોરમ,
રસને, પારસી માસનો ૧૮ મો રોજ; એક ફરેસ્તાનું નામ છે.
રસ્તાખેજ, મુવેલાંઓને પાછ્ઠુ ઉઠવાનો વખત.
રસાલ, (*a.* રિસાલ) ઘોડેશ્વારો, રીસાલો, પરિવાર. [બાની, દયા.
રએઆએત, (*a* રિયાયત) મેહેર-
રાખસ, (*s.* रक्षस्), બદ રૂહ ધરાવનાર, અસૂર, ભૂત.
રાગ. (*s.* राग), ગાયન.
રાંચી મારવી, ઘોડાને કાટો મારવો.
રાજ, *p.* કરીઓ.
રાજ, (*s.* राजन्), રાજા, પાદશાહ.
રાજગજદર. *p.* કરીઆ તથા મજૂર.
રાણાં, (*s.* राजन्), રાજા,પાદશાહ.
રાદ, *p.* સખી, ઉદાર મનનો,બહાદુર, દાના, વિદ્વાન.
રાદાંન, બહાદુર મનનાં લોકો; વિદ્વાનો. [નાર.
રામેશગર, *p* ખુશી કરનાર, ગા-
રાહા, (*s.* राहुः), રાહુ, એક દૈત્યનુ નાંમછે. [ગમ્મત.
રાહાડ, હઠીલાઈ, બહોસ, જીત,
રાંહાંસી નાખવું, કાપી નાખવું.
રાએ, (रै=દોલત), મુખ્ય, મોટો માણસ, શાહાજાદો. [નશાહ.
રાએરાએઆં, મોટો રાજા, શાહા-
રીહીજ, (*s.* रंजन), પ્યાર, મોહબત, પ્રેમ, ઇચ્છા. [ર, ચેહેરો.
રૂખ, *p.* ૧, તરફ, બોરદુ, બાજુ.
રૂખ, (*s.* वृक्ष), જાહડ.
રૂઠો, (*s.* रुष्ट), ગુસ્સે થયલો, રૂસાએલો, નાખુશ થયલો.
રૂપ, (*s.* रूप्य,रौप्य), રૂપું.
રૂબરૂહ, *p.* મોહડાંપર, સાંમે.
રોક, (*s.* रोक), હાજેર, તયાર,મઓજૂદ. [હરણ.
રોજ,(*s.* ऋष्य), કાબરચીત્રુ મૃગ--
રોનક, *a.* શોભા, શૃંગાર.

લ.

લછણ, (*s.* लक्षण), નિશાન, લાછન; દાધ, એબ.
લહવુ, (*s.* लभ् ઉપરથી), મેલવવું.
લાજવરદી, *p.* આસમાની રંગનું.
લાફજની, ફુકરાઈ, બડાઈ.
લાફ, *p.* બડાઇ, ફુકરાઈ.
લાલજશાન, (*p.* લાલાસાન), લાલા ફૂલના જેહવ, સરખ, રાતુ.

લાહાશી, જોરથી? [મોકલવુ.
લાહવુ (s. लभ् ઉપરથી), લગાડવુ;
લાઈ, લગાડી.
લુછવુ, નુછવુ, સાફ કરવુ.
લેઆનત, (a. લઅ્નત્), શાપ, બુરૂ ઇછવું, બદ દોઆ.
લેહેતો, વીખરાયલો, પોતાની મરજી મુજેબ ચાલતો.
લોડાવવુ, હીલવવું.
લોપવુ, સંતાડવુ, નાશ કરવો; ના- ફરમાંન થવુ.
લોહોડી, રાજદૂત, એલચી.

વ.

વકરરૂપ, (s. वक्ररूप), ગુસ્સા ભ- રેલો ચેહરો.
વકારવુ, પોકારવું, બુમ મારવી.
વકાશવુ, (s. विकाश्), ખુલ્લું ક- રવું, ઊઘાડવું.
વખ, (s. विष), વિખ, જેહેર.
વગત, (s. विगत), ગુજરેલી વા- ત, બયાન. [દાન, મૂર્ખ.
વગનેઆની, (s. अ-विज्ञानिन्),ના-
વર, (s. वर), સારૂ.
વરમાલ,(s. वरमाल), વર રાજાને ફુલનો હાર પેહેરાવવામાં આ-
વરવુ, પસંદ કરવુ; પરણવું. [વિચ તે.
વરેહે, (s. विरह), કામ, હવસ.
વરાડ, ભાગ, હીસ્સો, પ્રમાણ.
વરેહસપત, (s. वृहस्पती), ગ્રહએ, ગુરૂ, વાક–પતી.
વધેઆ, નકામુ, મીથ્યા.
વમર, વમલ, પાણીનુ જોરથી ફરવું.
વમરદેહેરો, જોરથી ફરતાં પાણીમો બનાવેલુ દેહરૂં.
વલતું, ફરીથી, બીજીવાર, તે પછી.
વવેખ, (s. विवेक), ભાત, તરેહ તરેહનું.
વંશ, (s. वंश), વાંશ, બામ્બુ.
વશીઆણુ. રેહઠાણુ.
વસત, (s. वस्तु), ચીજ.
વસીકણુ, (s. वशीकरण), મોટું કામ, પરાક્રમ.
વહ, (p. બેહ), સારૂ, નેક, ભલું.
વડુઅર, (s वधू-वर), જોરૂ, મા-
વા, (s. वायु), પવન. [ટી બયર.
વાંધરી, શીકારી.
વાચા, વાછ, (s. वाचा; वाच्),વા ચા, બોલી, સખુન.
વાછકાછસમરત, વાચા તથા કચ્છા- માં સમર્થ, સાચું બોલનાર તથા નેક નજરનો. [જ, વજંતર.
વાજ, (s. वाद्य), વજાડવાનો સા-
વાજવુ, ૧, વાગવુ, સરોદનો આ- વાજ નીકલવો. ૨, લાગવુ, અ- સર થવી.
વાણુ, ઓછ, કસર, કોતાહી.
વાણુતાન, કસર, ન્યૂનતા.
વાલી, વલી.
વાશ, (s. वास,), રેહઠાણુ, મકાન.
વાસ્તરીઓશાન, *pehl.* એડુતો જુ- વો નોટ ૧૯ મી, સફે ૨૩૫ મે.
વાહાર, સંભાલ, પાસબાની.
વીધહરે, (p. ગુરૂએજરેહ), સ્યાત- શને કટલ કરનાર. [વીનવીને.
વીનતી વીનતી, કુસલાવી પતાપીને,
વેચારવુ, (s. वि-चर्),બોલવુ, હા- ક મારવો; વાત કરવી.
વેણુ, વાણી, કેહવત, ગોફતાર.

વેલ, (*s.* वेला), વેલા, વખ્ત.
વેવખ, (*s.* विवेक), તફાવત; જુદી જુદી જાતોને છુટી પાડવી.
વેહેડ, વેઢ, આંગલાનો અથવા જાનવરોની પુછડીનો-સાંધો.
વેહેલ, રથ, ગાડી.

શ.

શગજ, (*p.* સગજ), સિંધુ નદી આગલ એક પાહડછે. હિયાં રુસ્તમનો જન્મ થયો હતો.
શગજી, (*p.* સગજી) સગજ પાહાડનો રેહેવાશી, સીસ્તાનનો રેહવાશી. [હવાસી.
શગજીઆં, *p.* સગજ પાહડનો રે-
શગખોર, સગખોર, (*p.* સગખોર), એક જોહરછે. [માર.
શંગસાર, (*p.* સંગસાર), પથ્થરનો
શચરાચર, (*s.* सचराचर), સ્થાવર જંગમાન વસ્તુ, ચલઅચલ પદાર્થ.
શંજોગ, (*s.* संयोग), સામગ્રી, ઘટતી વસ્તુ, સાધન. [ખુરી.
શંતોક, (*s.* संतोष), સંતોષ, સ-
શંધેઆ, (*s.* संध्या), સહવાર, બપોર તથા સાંજના જે ક્રિયા કરવામાં આવેચ તે; સાંજની બંદગી.
શનેહે, (*s.* स्नेह), પ્યાર, મોહબત.
શપરભાત, સપરભાત, (*s.* सुप्रभात), બામદાદ, સારી સહવાર.
શંભરવું, યાદ આવવું, જોવું. [મુદ્ર.
શમંદર, સમંદર, (*s.* समुद्र), દર્યો, સ-
શમાવ, જગો; શમાવ કરવો, ખમી-
શર, (*p.* સર) માથું. [જવું.
શરતાપાવ, (*p.* સરતાપા) માથાથી તે પગ સુધી.

શરવ શેહેશારક, (*s.* सर्व संसारक), સઘલો સંસાર-બ્યવહાર ચલાવનાર. [લત્તો, હદ.
શરહદ, (*p.* સર *a.* હદ) સિમા,
શવાગા, લેબાસ, પોશાગ. [માહતાબ.
શસીઅર, (*s.* शशधर), ચંદ્રમાહ,
શહલે, (*a.* સલાહ), હથ્યાર, શસ્ત્ર.
શહલે બખ્તરી, *a. p.* હથ્યાર તથા બખ્તર પેહેરેલો સિપાહી, લશકરી.
શહલેખાને, (સલાહખાને) શસ્ત્રાગાર, અસ્ત્રસ્થાન.
શહીઆં, (*s.* सखी), સહી, સખી.
શાખ, સાક્ષી, ગવાહી.
શાખવું, ખમવું, બરદાસ્ત કરવું.
શાખી, (*s.* साक्षिन्), સાક્ષી, ગવાહી.
શાજ, સાજ, (*p.* સાજ) હાથી ઘોડા વગરેની ઉપર નાંખવાનો અસબાબ-સામાન; સામગ્રી; કપરાં.
શાજન, (*s.* सज्जन), સારામાણસ.
શાતે દીપ, (*s.* सप्तद्वीप), સાત
શાદ, *p.* ખુશ, ખુશાલ. [ખંડ.
શાર, સાર, (*s.* सार), સારૂં, સુદર.
શારણ, વાની, તરેહ.
શાલ, (*s.* शालि), ચાવલ, ચોખા.
શાલણ, દુઃખ. [દુઃખ થવું.
શાલવું, (*s.* शूल), શૂલ મારવી,
શાંસો, દમ; શાંસ. [ગોધો.
શાહાંડ, (*s.* षण्ड), સાંડ, ગાવ,
શાહાબાગ, *p.* પાદશાહી બાગ.
શાંઈ, (*s.* स्वामिन्), સાહેબ.
શાઇઆં લેવાં, કોટી કરવી, મલીલેવું.
શીતલ, (*s.* शीतल), થંડું.
શીના, (*p.* સીને) છાતી.

શીરત, (*a.* સીરત) ખસુલત, સ્વભાવ. [નરમ સ્વભાવ.
શીલ સભાવ, (*s.* शील-स्वभाव),
શીશચોટી, અંબોરો. [જરી.
શીસકજ=શીસકંપજ, માથાંની ધ્રુ-
શુકર, (शूक्र), શુક્ર તારો; એક જાતનું જહવેર.
શૂકન, સૂકન, (*s.* शकुन), સગન.
શૂપેશાલાર, (*p.* સિપેહસાલાર), લશકરનો સરદાર.
શેકારકાર, *p.* શેકાર રમવાનો હુનર.
શેકારગાહા, *p.* શેકાર રમવાની જગો.
શેકારચરમ, *p.* શેકારનું ચામડું.
શેજ, સેજ, (*s.* शय्या), બીછાંનું, બિસ્તરો. [ગતી.
શેડ, શેરડો, રસ્તો, પગરસ્તો, પ-
શેરવાન, શીરબાન, *p.* વાઘનો શેકારી.
શેવન, *p.* રૂદન, વિલાપ, પોકાર.
શહેશ, શેહેશ, } (*s.* सहस्र), હજાર.
શેહેશાર, (*s.* संसार), સંસાર.
શેહેશારક, સંસાર ચલાવનાર.
શેથરી, *h.* સુજની.
શેલાટ. ધોંડફોડો, સલાટ.
શેલે સણગાર, સઘલી જાતનો શૃંગાર.
શોવન, સોવણ, (*s.* सुवर्ण), સોનું,
શોહવું (*s.* शुभ्), શોભવું.[સુણેરી.
શોહાગ, (*s.* सौभाग्य), ધણીનો પ્યાર, ખાવંદ ઉપરનો ચાહ.
શ્વામી, (*s.* स्वामिन्), સાહેબ, ધની, મુરબ્બી. [સ્નેહ.
શ્રી (श्री) મુબારક, ફતેહમંદ, ખુજ-
શ્રીફલ, (*s.* श्रीफल), નાળિયેર.

સ.

સકા, (*a.* સક્કા), પખાલી.
સંઘ, (*s.* सिंह), સિંહ.
સંઘાર, (*s.* संहार), મારી નાંખવું,
સંચકાર, મુરદું, પ્રેત. [જાન લેવો.
સજાન, (*s.* सुजान), સુજાન, ચતુર, ચંચલ.
સજાઇ, *p.* તયારી.
સતરાચાર, (*s.* सुतराचार), સારીપડે જારી રેહવું-થવું; સદાચાર.
સદકોસી, સો કોશનું.
સદાના, (*p.* શાદયાને) સગન અથવા ખુશાલીનાં નકારાં.
સંધ (*s.* संघ), સાંધો.
સફેદચાદ, ધોલી ચાદર; સૂર્યની રોશની, તરકો.
સબચેરાગ, (*p.* શબચેરાગ), સર્પ મણી, એક ગોહરનું નામકે કે જે રાતનાં ચેરાગના જેવી રોશની આપેછ, દુરરે શબગુન.
સબતંગા, (*p.* સિપ્તાક) એક જાતનો સફેદ રંગકે; સફેદ રંગનુકપડું.
સબી, (*a.* શબી) ચેહરો, દેખાવ.
સમદી, (*s.* सम्बंधी), વિષે, સંબંધી
સમધણ, (*s.* सम्बान्धिनी), સાસુ, વેહવન. [વેહવાઈ.
સમધી, (*s.* सम्बान्धिन्), સસરો,
સમરત, (*s.* समर्थ), શક્તિવાન; (*s.* सामर्थ्य), શક્તિ.
સમાશ, સમાસ, } (*s.* समास) મલી જવું, જોડાઇ જવું.
સરનાઇ, (*p.* સુર્ના, સુર્નાઇ) ખુશીને વખતે વજાડવાનુ વજંત્ર.

સરપાવ, (સરોપા) માનને અર્થે આપેલો પોશાગ, ખલઅત.
સરમીસરમી, શરમાઇ શરમાઇને.
સરવસહરે, } સરઅવસર, સારો
સરવસર, } મોંડો વખત.
સરસ્તી, (*s.* सरस्वती); શારદા, ભાષા તથા શબ્દ ચાતુર્યની દેવી. જુવો નોટ. ૧લી, સફે ૨૭ મે.
સરાણુ, (*p.* સરાને), માથું મુકવાની જગો, તકયો.
સરાબ, (*a.* શરાબ), દારૂ.
સલ, (*s.* शिला). પથ્થર, શલ્યા.
સલક, દુખ, દર્દ, ધોકો.
સલેઆ, (*s.* शिला), પથ્થર.
સવ, (*s.* सु), સારૂં.
સ્વધ્યાન, જુવો સાવધાન.
સ્વસ્તી, (*s.* स्वस्ति), કોઇને દોઆ તથા સુખાકારી ચાહતી વખતે એ બોલ વાપરેછે. કલ્યાન, કુશલ,
સ્વારથ, (*s.* स्वार्थ), પોતાની મતલબ, નેમ. [ધારે.
સવાઈ, (*s*, सपाद), પા ભાગ વ-
સહમદી, જુવો સમદી.
સહલા, } (*a.* સલાહ્) હથ્યાર, અ-
સહલે, } સ્ત્ર.
સહલેદાર, (સલાહદાર) હથ્યાર રાખનાર, સિપાહી.
સાજન, (*s.* सज्जन), સારો ભલો-માણસ, દોસ્ત.
સારવુ, ગણવું, ધારવું.
સાલ, છેદ્ર, આંધરૂં. [સાવચેત.
સાવધાન, (*s.* सावधान), હોસ્યાર

સાહૂદ, (*s.* साधु), ભલો માણસ. ડાહ્યો, શહમજી; સારૂ, નેક.
સીધ, (*s.* शिद्ध), સાચું.
સીલ, (*s.* शील), સારો સ્વભાવ.
સીશ, (*s.* शीस), માથું.
સુકર, (*a.* શુક્ર) ઉપકાર, શુકરાનાં, આભાર. [તારીફ.
સુકીરત, (*s.* सुकीर्ति), વખાન,
સુકીરતવાન, સારી કીર્તિવાલો.
સુખાણુ, સૂખાણુ, (*s.* सुख), સુખ.
સુખવું, } સુખ ભોગવવું.
સુખાવું, }
સુબેહશાલારી, (*p.* सिपेह्सालारी), સરદારી. [નો, ચોખ્ખો.
સુરખરૂ. *p.* (સુર્ખ-રૂ), દાધ વગર-
સૂખ તખત, સુખપાલ,એક જાતની પાલખી. [તની પાલખી.
સૂખપાલ, (*s.* सुखपाल), એક જા-
સૂત, (*s.* सूत), પુત્ર, છોકરો.
સૂથરી, સુજની, ઓઢણુ.
સૂથાકી = સુથકી,સા માટે,સા વાસ્તે.
સૂધી, (*s.* शुद्ध), બરોબર, ખરૂ.
સૂનીદ, (*p.* શનીદ) સાંભલ્યું.
સૂભ, (*s.* शुभ), સારૂં.
સૂર(*s*, सूर्य), ખુરશેદ, આફતાબ.
સૂરસંધ, (*s.* शूरसिंह), બહાદુર સિંહ.
સૂરાઇ, (*a.* સુરાહી), દારૂની બાટલી. [આંકડી, ચુંકો.
સૂલ, (*s.* शूल), પેટમાં થતું દર્દ,
સેકાર, (*p.* શીકાર),શેકારની રમત, શેકાર કરેલું જાનવર, શેકારગાહ.

સેણ; (*s.* सेना), ફોજ, સેના.
સેપર, *p.* ધાલ.
સોજ, (सज्ज), પુરૂ, તમામ.
સોહાત, (*s.* सुहृद्), મિત્ર, દોસ્ત.
સોહોજ, (*s.* सहज), સ્વભાવ,
સોઆર, *p.* (સ્વાર) અસ્વાર; ૨, (सुहृद्), દોસ્ત.

હ.

હજદર હજાર, હજારો, લાખો.
હજુણ, ટોલું, મેલા, મંડલી.
હઠકી નાખવું, ઝંઝેરી નાંખવું, પાણી ઉતારકરવું.
હતુખશાન, ચાર ટોલા મધેનો છેલો; નેક ધંધો કરીને ગુજરાન કરનાર. જુવો નોટ, સફે ૨૩૫ મે.
હફ્તકેશવર, *phel.* સાત ખંડ.
હફતખાન, એક ઘણીજ બીહીકત જગોનું નાંમ છે. [કાલ.
હમાગુાંનકાર, હાલને વખત; આજ
હ્માં, (*p.* હમેહ) તમામ, સઘલા.
હમેલ, *a.* હાર, ગજરો. તાવીજ.
હમેલબાજૂ, તાવીજ, બાજુબંદ.
હરચે, *p.* જેની કંઈ, કંઇબી.
હરી, (*s.* हरित्), તાજુ, લીલું.
હલાલ કરવુ, મહમદીઓની રીત પ્રમાણે ગોસ્પંદને હલાલ કરવુ.
હશબલ હોકમ, (હસ્બ્-ઉલ્-હોક્મ); હોકમ પ્રમાણે.
હંશમૂખ, હસ્તુ મોહડું. [ઇને.
હંશી, (*s.* हस्), હસીને, ખુશી થ-
હસ્તી, (*s.* हस्तिन्), હાથી.
હ્મેસ્તગેહાન, *pehl.* બેહશ્તનું નામ છે. જુવો નોટ. સફે ૨૩૦ મે.
હાંણ, (*s.* हानि), નુકસાન, દુઃખ.
હાલહાલહાલાં, હમનાજ, જલદીથી.
હીંજ, હીજરો.
હીમ, (*s.* हिम), થંડી.
હીસલાઇ જવું, ચક્-ડોં થઈ જવું; આકુલવ્યાકુલ થવું.
હેજમ, *p.* કાઠી, લાકડું.
હેફ, *a.* અફસોસ.
હેમ, (*s.* हेम, हेमन्), સુણું.
હેમનાલ, (*s.* हेम *a.* નઅ્લ), સુણેરી નાલ. [કિમ.
હોકમી, *a.* હોકમ ચલાવનાર, હા-
હોણી, હોણારત, જે થવાનું તે.
હોસી, હોશે, હર્ષે, ખુશીથી.

——

☞ શબ્દ કોષમાં *a.* અને *h.* છે તે અરબી તથા હિન્દુસ્તાનીના સંક્ષેપ અક્ષરો સહમજવા.

——